ॐ

**શ્રી સદ્‌ગુરવે નમોનમઃ**

# પ્રજ્ઞાવબોધ

## (મોક્ષમાળા પુસ્તક ચોથું)

## પ્રથમ પુષ્પ

### ૧

### હિત-પ્રેરણા

(શિખરિણી)

★

જય પ્રજ્ઞા-પૂર્ણ પ્રભુ, પરમ હિતસ્વી જગને,
દયાદૃષ્ટિ યાચું, અરજ મુજ આ આપ ચરણે;
મહા મુક્તિમાર્ગ પ્રગટ કરતા **રાજ**ગુરુને
નમીને, ઇચ્છું છું અનુસરણ આ આપ ચરણે. ૧

પ્રભુ, પ્રેરો સૌને સુખદ નિજ વસ્તુ સમજવા,
જવા જૂના માર્ગો દુખદ ફળ દેનાર અથવા,
થવાને નિર્મોહી, સ્વહિતરત, નિઃસ્વાર્થી બનવા,
નવા આનંદોથી સ્વ-પર-શિવ સાધી સુખી થવા. ૨

ત્રિવિધિના તાપે અશરણ બધો લોક બળતો,
ભૂલી અજ્ઞાને હા! સ્વરૂપ નિજ, દુઃખે ઊકળતો;
તમારી વાણી ને શરણ વિણ ના તાપ ટળતો,
તથાપિ ના શોધે શરણ તુજ, એ ખેદ રળતો. ૩

અસાતા સંસારે ભરપૂર ભરી, ત્યાંય સુખી જો,
કદી કોઈ પ્રાણી, અનુભવી શકે પુણ્ય-સખી જો;
તમે બોધેલું તે અનુસરી કમાણી શુભતણી,
કરીને પામ્યો છે સુખ, પણ ભૂલે છે મૂળ ઘણી. ૪

કરી સત્કાર્યોને પરભવ વિષે નૃપતિ થયો,
છતાં ભૂલ્યો હેતુ સફળ ભવ મોહે નહિ થયો;
વળી બુદ્ધિશાળી સચિવ સમ ભૂલે સ્વહિત તે,
ન આરાધે ધર્મ પ્રગટ સુખહેતુ પ્રબળ જે. ૫

ધનાદિના લોભે, વિષય-વિષ-ભોગે જન ભૂલે,
જીતી બાજી હારે, નરભવ-મણિ ખોઈ રઝળે;
પરાયી પંચાતે નિજહિત ગુમાવે, ન પલળે
સુણી વાણી પ્રાણી, પરમ પુરુષે બોધી સુકળે. ૬

અરે! એરંડાની બળી ઉભય છેડેથી લકડી,
કીડો તેમાં પામી પરમ દુખ, મૂઓ તરફડી;
સ્થિતિ તેવી સૌની જનમ-મરણોથી સળગતી
બધાંની કાયામાં જીવ તરફડે દુઃખથી અતિ. ૭

સુખી સાચા સંતો જીવિત-ધન-આશા તજી તરે,
સહે કષ્ટો ભારે શરીરથી, ઉરે બોધ નીતરે;
સ્મૃતિથી સંતોની સકળ દુખનાં કારણ ગળે,
સદા સેવા ચાહું સમીપ વસવા સંત-પગલે. ૮

ઘણા શિષ્યો ટોળે કરી ભજન ગાતો ભગતમાં,
બની સાધુ સૂરી જગગુરુ ગણાયો જગતમાં;
ઘણાં શાસ્ત્રો શીખ્યો, પરભવ વિષે, જ્ઞાન ન થયું,
ગણી 'હું ને મારું' ભ્રમણ ભવમાં પુષ્કળ થયું. ૯

નહીં સાચે સાચા કદીં મળી ગયા સંત સુગુરુ,
નહીં સાચા ભાવે શ્રવણ પણ પામ્યો વળી પૂરું;
નહીં શ્રદ્ધા સાચી કરી લીધી કદી કોઈ ભવમાં,
નહીં તેથી ભ્રાંતિ ટળી હજી, ભમું આમ ભવમાં. ૧૦

હવે તો હે સ્વામી! તવ ચરણની ભેટ થઈ તો,
સુણાવો સદ્‌બોધો, ભવતરણ શ્રદ્ધા પ્રગટજો;
'છૂટું, છૂટું ક્યારે?' સ્વગત ભણકારા જગવજો,
વિસારું શા સારુ? સમરણ તમારું સતત હો! ૧૧

કરું શ્રદ્ધા સાચી, અચળ, મરણાંતે ટકી રહે,
વળી વાણી-કાર્યે ઉપશમ-અમીનો રસ વહે;
લહું અંતે શાંતિ પરમ સુખધામે પ્રગટ જે,
અનંતી આત્માની અખૂટ વિભૂતિ એકરૂપ તે. ૧૨

વરો શાંતિ સર્વે અનુપમ સદા સિદ્ધપદની,
લહી ભક્તિ તારી સ્વરૂપ સમજી તન્મય બની;
પ્રીતિ તોડી બીજી, વિમલ હૃદયે મોક્ષ-રુચિની
અભિલાષા રાખી, ગુરુચરણ સેવો, પ્રભુ ગણી. ૧૩

ભલે થોડું તોયે પરમ સુખનું કારણ બનો,
સુણી વાણી તારી, હિત-અહિત જાણી પરિણમો;
કરુણાળુ સ્વામી, સહજ પરમાર્થી ભવિજનો,
કળિકાળે તારું શરણ પકડી નિર્ભય બનો. ૧૪

પ્રારંભદિન : શ્રાવણ સુદ ૧૩, ૧૯૯૪, મંગળ તા. ૯-૮-૧૯૩૮

☆
☆☆

# ૨
# જિનદેવ-સ્તવન

(રાગ : 'જય જય ગરવી ગુજરાત'ના જેવો)

★

જય દેવ જિનેન્દ્ર મહાન,
જય અહો! જિનેન્દ્ર મહાન.

લાખો સુર-નર-પશુપંખીને ઉપકારી ભગવાન,
ક્ષુદ્ર સાધન-સામગ્રી મુજ, શું કરી શકું તુજ ગાન?
જય અહો! જિનેન્દ્ર મહાન,
જય દેવ જિનેન્દ્ર મહાન. ૧

કોટિ ભવ ભમતાં ના મળિયું આત્મભાવનું ભાન,
પશુ પણ પામી શકે તુજ સમીપે, તેવું ઉત્તમ દાન.
જય અહો! જિનેન્દ્ર મહાન,
જય દેવ જિનેન્દ્ર મહાન. ૨

કતલ કરવા પાછળ પડિયો શત્રુ કોઈ મહાન,
તુજ સમીપતા પામી બન્ને બને સુમિત્ર સમાન.
જય અહો! જિનેન્દ્ર મહાન,
જય દેવ જિનેન્દ્ર મહાન. ૩

અંતરંગ અરિ કામ-ક્રોધ સૌ તજતા નિજ તોફાન,
તુજ સમીપ તે શાંત બનીને, ભૂલે નિજ ગુમાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન,
જય દેવ જિનેન્દ્ર મહાન. ૪

કર્મ-સંગ આ અમને અનાદિ, કર્મ-કૃપાએ જ્ઞાન,
શ્વાસોચ્છ્વાસ વડે વળી જીવીએ—એવું અમ અજ્ઞાન.
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન,
જય દેવ જિનેન્દ્ર મહાન. ૫

અહિતમાં હિત માની બેઠો, હિતતણું નહિ ભાન,
શાશ્વત્ નિજ સત્તા ના જાણું, અનિત્યનું અભિમાન.
જય દેવ જિનેન્દ્ર મહાન.
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન. ૬

અજકુળમાંના સિંહ-શિશુ સમ દુઃખ ખમું વિણ ભાન,
સ્વરૂપ તમારું નીરખી સ્વામી, વાણી આવી જ્યાં કાન.
જય દેવ જિનેન્દ્ર મહાન.
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન. ૭

દેહ છતાંય વિદેહ દશા તુજ સમજી આવે સાન,
અહો ! સર્વજ્ઞ દશા, વીતરાગી ! તુજ મુજ શક્તિ સમાન.
જય દેવ જિનેન્દ્ર મહાન.
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન. ૮

નિર્દોષી, પરહિત-ઉપદેશી, આપ્ત જ મોક્ષ-નિદાન,
તુમ સમ ઉત્તમ નિમિત્ત નહિ કો મુજ હિત કાજ પ્રમાણ.
જય દેવ જિનેન્દ્ર મહાન.
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન. ૯

સરસ શાંતિ-સુધારસ-સાગર, ગુણરત્નોની ખાણ,
ભવ્ય જીવ-કમળો વિકસાવો બોધ-કિરણ સહ ભાણ.
જય દેવ જિનેન્દ્ર મહાન.
અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન. ૧૦

શુદ્ધ સનાતન સ્વરૂપ તમારું પ્રગટ કરે જે ધ્યાન,
રહો નિરંતર મુજ હૃદયે એ, મુજ સ્વરૂપ-નિદાન.
જય દેવ જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૧૧

અતિશયવંતી વાણી અદ્ભુત દે તલ્લીનતા-તાન,
દેહાદિ સંસાર ભુલાવી કરે શાંત સૌ પ્રાણ.
જય દેવ જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૧૨

નરદેહ સફળ તવ દર્શન પામ્યે, આપ પરમ હિતધામ,
નહીં ગમે દેવ અન્ય કો કાળે, આપ જ મન વિશ્રામ.
જય દેવ જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૧૩

પ્રશમરસ-ભરપૂર નયન તુજ, મુખ પણ કમળ સમાન,
સ્ત્રીના સંગરહિત તુજ શોભા, શસ્ત્ર વિના બળવાન.
જય દેવ જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૧૪

મદન ત્રિલોકજિત તેં જીત્યો ધરી વૈરાગ્ય-કમાન,
અડગ ધ્યાનશ્રેણી-રથ બેઠા, શમ-દમ-શ્રદ્ધા બાણ.
જય દેવ જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૧૫

સર્વ શત્રુ જીતી નિર્ભય થઈ લહો નિજ સુખ અમાન,
નિર્વિકારી નીરાગી પ્રભુ, તુજ અનંત દર્શન-જ્ઞાન.
જય દેવ જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૧૬

મોક્ષમાર્ગ-નાયક, ભેદ્યા તેં કર્મપહાડ પ્રધાન,
વિશ્વતત્ત્વના જ્ઞાતા, વંદું બનવા ગુણ-મણિ-ખાણ.
જય અહો! જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૧૭

મંગલમય મંગલકારક તુજ વીતરાગ, વિજ્ઞાન,
અરિહંતાદિક પદનું કારણ, નમું ધરી બહુમાન.
જય અહો! જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૧૮

કરી અભાવ ભવભાવ બધાનો, સહજ ભાવ સુખધામ,
જય અપુનર્ભવભાવ સ્વરૂપી, મુજ ઉરના વિશ્રામ.
જય અહો! જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૧૯

દ્રવ્ય-ગુણ-પર્યાયથી જે જન કરે તુજ ઓળખાણ,
મોહ-ક્ષય કરી મહાપુરુષ તે પામે પદ નિર્વાણ.
જય અહો! જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૨૦

તુજ દર્શન-પ્રીતિ પ્રગટી ઉર તે જ પુણ્ય-તરુ-પાન,
તુજ સન્મુખ થવા અભિલાષા પુણ્ય-પુષ્પ-વિધાન.
જય અહો! જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૨૧

તુજ દર્શનની પ્રાપ્તિ મુજને પુણ્યતરુ-ફળ-દાન,
સકળ કર્મ-મૂળ કાપીને દે મોક્ષ સ્વરૂપ-નિધાન.
જય અહો! જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૨૨

મુજ મોક્ષકાર્યના કારણ ઉત્તમ, તારણતરણ વહાણ,
ચરણ-શરણ, સેવા દઈ સ્વામી, તારો પાપી પહાણ.
જય અહો! જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૨૩

અલૌકિક પદ પ્રગટાવ્યું તો આશ કરે નાદાન,
કેવળ કરુણામૂર્તિ, દેજો તમને ઘટતું દાન.
જય અહો! જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૨૪

તુજ સમ્મતિમાં મતિ હો મારી, ગળે દેહ-અભિમાન,
હૈયાનો ઉજ્જડ હું તેમાં વસજો **રાજ** પ્રધાન.*
જય અહો! જિનેન્દ્ર મહાન.
અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૨૫

☆
☆☆

* યુગપ્રધાન પુરુષ

## ૩

# નિર્ગ્રંથ ગુરુ ગીત

(હરિગીત છંદ)

★

જયવંત સંગ કૃપાળુ ગુરુનો પુણ્યના પુંજે થયો,
દુર્લક્ષ જે સ્વ-સ્વરૂપનો ગુરુ-દર્શને સહજે ગયો.
'રે ! મુક્તિમાર્ગ પિછાનવો, સુખ તે વિના જગમાં નથી,
સ્વચ્છંદ ને પ્રતિબંધથી જીવ રઝળતાં થાક્યો નથી.' ૧

કલ્યાણકારી વચન એવાં પ્રબળ જાગૃતિ આપતાં
નથી સાંભળ્યાં, નથી આદર્યાં, નથી લીનતા કરી ભાવમાં;
તેથી અનાદિકાળથી હું મોહભાવની નીંદમાં
ઘોરું, હવે ગુરુ-ચરણ ગ્રહીને રહીશ આપ સમીપમાં. ૨

ગુરુના વિના નિજકલ્પના ને આગ્રહો કદી ના ટળે,
અતિ ઊછળતા હંફાવતા કામાદિ પાછા ના વળે;
સદ્‌ગુરુનું ગ્રહતાં શરણ અરિ-બળ ટળી શાંતિ મળે,
ગુરુ-સાક્ષીએ યમનિયમ લેતાં અલ્પ યત્ને તે પળે. ૩

નિર્ગ્રંથ પથ સગ્રંથને પણ સુગમ સદ્‌ગુરુ શ્રી કરે,
કળિકાળમાં વળી બાળજીવને યોગ્ય બોધ મુખે ધરે;
નરનારીને અવિકારી ઔષધ પુષ્ટિદાયક ગુણ કરે,
નિજ માતના ધાવણ સમી હિતકારી ગુરુકરુણા ઝરે. ૪

ગુરુ-ગુણ અમાપ અનંત, નહિ સર્વજ્ઞ સર્વ કહી શકે,
આ રંકનું ગજું કેટલું? અપમાન કોઈ કહે, રખે!
બહુમાન હૃદયે જો રહ્યું અપમાન સમજું ના ગણે,
ટુંકારી બોલે બાળ તોતડી વાણી પણ મીઠી માતને. ૫

પરમાત્મપદ અરિહંતનું સમજાય સદ્ગુરુ-સંગથી,
દૂરબીનથી જેવી રીતે દેખાય હિમગિરિ ગંગથી.
શાસ્ત્રો કહે વાતો બધી નકશા સમી ચિતારથી,
ગુરુગમ વિના બીના ન હૃદયંગમ બને વિચારથી. ૬

શાસ્ત્રો ઘણાં વળી વાંચતાં વિચારતાં ફળ આ મળે,
આજ્ઞા ઉપાસ્યે સત્પુરુષની દુઃખ આત્યંતિક ટળે;
સહજાત્મરૂપ સત્પુરુષ વિના જાય જીવ જાણ્યો નહીં,
એવી અચળ શ્રદ્ધા થવી તે વાત ગુરુયોગે રહી. ૭

હું દ્રમક સમ હીનપુણ્ય પણ તુજ દ્વાર પર આવી ચઢ્યો,
સુસ્થિત શ્રીમદ્ **રાજચંદ્ર** તણી કૃપાનજરે પડ્યો;
ત્યાં સંત શ્રી **લઘુરાજ** સ્વામી પ્રેમસહ સામે મળ્યા,
મુજ દૃષ્ટિરોગ મટાડવા જાતે પરિશ્રમમાં ભળ્યા. ૮

દર્શન અલૌકિક આપનું સ્થિર હે પ્રભુ! મુજ ઉર વસો,
વીતરાગતારૂપ વદન તુજ મુજ નજરથી દૂર ના ખસો;
એ આત્મદૃષ્ટિ આપની મુજ મન વિષે ચોટી રહો,
શ્રુત-ભાનરૂપી કાનનું નહિ ભાન ભુલાશો, અહો! ૯

ગુરુગમ-પકડની ટેકરૂપ તુજ નાક કદી વીસરાય ના,
સત્સંગ શ્વાસોચ્છ્વાસ તે સ્મૃતિપટ થકી ભૂંસાય ના;
જગ-જીવને ઉપકારકારક કર નિરંતર શિર રહો!
સ્વરૂપાચરણરૂપ ચરણ ઉર અંકિત ટંકોત્કીર્ણ હો! ૧૦

ગુરુ **રાજ**ના વિશ્વાસરૂપ આસન અડોલ રહો ઉરે,
સ્વ-સ્વરૂપ-તન્મયતારૂપી અવગાહના નિજ ગુણ ધરે;
ને ત્યાગ જગ-વિસ્મૃતિરૂપ વળી ધ્યાન સંત સ્વરૂપનું,
અતિ નિર્વિકલ્પ થવા વિકલ્પો જન્મતા મરવા ગણું. ૧૧

આશ્ચર્યકર આચાર્ય પદવીને દીપાવી **ગૌ**તમે,
પોતે ન કેવળજ્ઞાની પણ શિષ્યો વરે કેવળ ક્રમે;
ગુરુભક્તિ તો ખરી તેમની જેનું હૃદય **વીર**માં રમે,
શ્રુતકેવળી પણ શિર પરે ગુરુ-આણ ધારે ઉદ્યમે. ૧૨

કળિકાળમાં પણ સત્ય તેવી ભક્તિ ગુરુની સંભવે,
એવો અનુભવ આપતા **લઘુ**રાજ મેં દીઠા હવે—
નિઃશંક માર્ગ બતાવતા, જે માર્ગ અનુભવથી જુવે,
શિર ધર્મ-જોખમ ધારીને સદ્ગુરુ-કૃપાબળ ફોરવે. ૧૩

પરિષહ સહી ભારે વર્યા શ્રદ્ધા અચળ આત્મા તણી,
ગંભીર સાગર સમ, ધરા જેવી ક્ષમા ઉરે ઘણી,
રવિથી વિશેષ પ્રતાપ પામ્યા, શાંતિ શશીથી પણ ઘણી;
સૌ આત્મહિતના સાધકો સેવે ચરણરજ આપની. ૧૪

વળી તજી સુખી સંસાર જે ત્યાગી મહાભાગી થયા,
ને મુખ્ય સાધુવર્ગમાં ઝટ નામના પામી ગયા;
નિજ રાસ જોડાયા, ગવાયા, જીવન તપમાં ગાળતા,
જ્ઞાની ગુરુનો યોગ મળતાં મોહનો મળ ટાળતા. ૧૫

નહિ સાધુ સંસારી ગણે, ગ્રહી એક ટેક સુમુક્તિની,
બહુ પુણ્ય કેરા પુંજથી મળી યુક્તિ સદ્ગુરુ-ભક્તિની,
વિસ્મૃતિ કરી સંસારની ગુરુપદ લહ્યું ગુરુ-ભક્તિથી,
દીવે દીવો પ્રગટાવી, પદવી ગોપવી અતિ યુક્તિથી. ૧૬

રે! નીરસ આહારે નિભાવે દેહ મમતા મૂકીને,
વિલાસની તજી લાલસા સૌ; સ્વપર મતને જાણીને
ઉપદેશની અમીધાર વર્ષે સર્વનું હિત તાકીને,
સુધર્મ-તીર્થ દીપાવતા તે પરમ કરુણા આણીને. ૧૭

આચાર પંચ ધરી ઉરે, દાતાર તેના અન્યને,
શ્રુતધર્મનો આધાર ધરી ઉદ્ધારનાર અનન્ય એ,
શિષ્યોની પણ સેવા કરે સહી કષ્ટ જાતે, ધન્ય તે,
ગુરુ મર્મસ્પર્શી મધુર વચને શરણ દે, સૌજન્ય એ! ૧૮

વ્યવહાર-કુશળ વર્તતા ગુરુગમ સહિત ધીરજ ધરી,
છોડી પ્રમાદ સુકાર્ય યોજી સંઘ-સેવા આદરી;
દર્શાવતા શરણાગતોને મોક્ષમાર્ગ દયા કરી,
ગુરુનો પ્રગટ ગુણ તે પ્રકર્તા નામનો ગાયો, સ્મરી. ૧૯

રત્નત્રયીના નાશકારક આત્મઘાતી દોષનો
ઉપાય સદ્ગુરુ દાખવે, દેખાડી મારગ મોક્ષનો;
કંપે હૃદય ઉપદેશવેગે, નીર પણ નયને ઝરે,
સંસારથી ઉદ્ધારનારી શુદ્ધતા હૃદયે ધરે. ૨૦

શું શિશુ સમ સમજાવતા સ્નેહે ગુરુ અપરાધીને!
નિજ દોષ દર્શાવી, સુખે સાધે સુશિષ્યો શુદ્ધિને;
માયાથી કોઈ છુપાવતો નિજદોષ જો ગુરુ આગળે,
તો સિંહ સમ ગુરુ ગર્જતા કે દોષ ઓકે તે પળે. ૨૧

ધમકી ગણે ના કોઈ તો ગુરુ આમ ધડૂકીને કહે :
"દેખાડતો નહિ મુખ તારું મલિન, માયા જો ગ્રહે;
વ્રત, નિયમ, સંયમ સર્વને માયા છૂપી રીતે દહે;
જે આત્મ-ઉજ્જ્વળતા ચહે તે જીવ જ ગુરુ-શરણું ગ્રહે." ૨૨

ગુણગાન ગુણનિધિ સદ્‌ગુરુનાં સાંભળી શ્રદ્ધા કરે,
નજરે ન દીઠા હોય તોયે પ્રીતિ સુશિષ્યો ધરે.
વળી શિષ્યજનના દોષ હરવા ઉર ગુરુ નિષ્ઠુર કરે,
માતા દયાળુ બળ કરી કડવી દવા શિશુમુખ ધરે. ૨૩

વિશ્વાસ ધરી શિષ્યે કહેલા દોષ ગુરુ નહિ ઉચ્ચરે,
જાણે, ન જાણે કાન બીજો તેમ ગુપ્તિ તે ધરે;
દૃષ્ટિ મીઠી પલટાય ના કદી, દોષ જાય બધા ગળી,
પૂરી પ્રતીતિ સંઘને : 'નહિ દોષ શકશે નીકળી.' ૨૪

વળી કુશળ નાવિક સમ ગુરુ સંસાર પાર ઉતારતા,
સદ્ધર્મરૂપ નવી નાવમાં નિશ્ચલપણે બેસારતા.
અંતે સમાધિમરણ સાધે શિષ્ય તેવો બોધ દે,
નિશ્ચય અને આશ્રય કરી, સ્વ-સ્વરૂપ ભાથું બાંધી લે. ૨૫

ભયભીતને નિર્ભય કરે, નિસ્તેજને જાગ્રત કરે,
વળી ખેદછાયા દેખતાં નિઃખેદ કરી નિજબળ ભરે;
ગુરુ મોહમમતાવંતને નિર્મોહી સમપદમાં ધરે.
એવા ચમત્કારી ગુરુથી સુગુરુ-મહિમા વિસ્તરે. ૨૬

નાસે નિરાશા દૂર દૂર, વળી દીનતા દેખાય ના,
કાયરપણું ક્યાંથી ટકે? પામરપણું પેખાય ના.
તે ધિંગધણીનું શરણ ધરતાં ધીરજ દૃઢ હૃદયે રહે,
મરણાંત સંકટ વિકટ તોયે વીર્ય સમભાવે વહે. ૨૭

અરિહંત-સિદ્ધ-સ્વરૂપ-ભોગી સદ્‌ગુરુ હૃદયે રમે,
જેના વચનબળથી જીવો ભ્રાંતિ અનાદિની વમે;
યુક્તિ પ્રયુક્તિ, પ્રેમ ને દૃષ્ટાન્ત ચેષ્ટા સહજ જ્યાં,
વ્યસની ભૂલે વ્યસનો બધાં, પ્રભુપ્રેમરસ રેલાય ત્યાં. ૨૮

☆
☆☆

# ૪
# દયાની પરમ ધર્મતા

(દોહરા)

★

દીનદયાળ દયા કરો, પરમ ધર્મ-આધાર;
તુમ સમ સમર્થ કોઈ નહિ, આત્મબોધ-દાતાર. ૧

દ્રવ્ય-ભાવ રૂપ ભેદથી કહો કરી વિસ્તાર;
મધુરી વાણી ગુરુતણી ભાવ જગાવે સાર. ૨

જગમાં જન્મી, સ્વાર્થમય કરતો કાર્ય અનેક;
પરદુખ રજ દેખું નહીં, ધરતો નહીં વિવેક. ૩

અબુધ અવિવેકી છતાં શરણે રાખો, નાથ,
ઇચ્છું ઉત્સંગે રમું સસલા સમ શશી સાથ. ૪

ચંદ્રપ્રભા સમ તુજ ગુણે સ્વરૂપ મુજ જણાય;
માગું તુજ ગુણ રમણતા, દયા કરો ગુરુ **રાય**. ૫

'માર' ભાવને મારવા તુજ ઉપદેશ અપાર;
અણુ પણ જીવહિંસા નહીં તુજ ઉરમાંહીં, ઉદાર. ૬

કેવળ કરુણામૂર્તિ તું સૌ જીવને હિતકાર;
દયા કરી દર્શાવ તું દયા-ધર્મ સુખકાર. ૭

★

દયા-પ્રતાપે દીપતું જગમાં સુંદર સર્વ;
દયાવેલ વિસ્તારવા યોજાયાં સૌ પર્વ. ૮

દયાપાળથી થંભિયો દરિયો જળભંડાર,
જગત ડુબાડી દે નહીં; એ અચરજ ઉર ધાર. ૯

જીવદયા મહા યજ્ઞરૂપ વૃષ્ટિ વશ કરનાર;
હિંસા જગમાં જ્યાં વધી, દુકાળ પણ પડનાર. ૧૦

દયામંત્રથી વશ કરો, સ્વાર્થપિશાચ મહાન
'ખાઉં ખાઉં' વદી બધું જગ કરશે વેરાન. ૧૧

ધરે દયા માતાસમી વત્સલતા સુવિશાળ,
શરણાગતને દે શરણ, લે સૌની સંભાળ. ૧૨

સ્વજનસમા સૌ જગજીવો, વિશ્વ મહાન કુટુંબ;
દયા વિશાળ ધરો ઉરે, ટળે અનાદિ દંભ. ૧૩

દયા જીવન જેનું બની તેની સન્મુખ સર્વ
સિંહ-હાથી, અહિ-નોળિયા વેર ભૂલે તજી ગર્વ. ૧૪

સુરપતિ, નરપતિ સેવવા ચરણ ચહે દિનરાત,
વાણી ગુણખાણી બને, સુણતાં ધર્મ-પ્રભાત. ૧૫

વેદમંત્રના ઘોષથી કરે યજ્ઞ, દે દાન,
પણ હિંસાસહ ધર્મ તે વિષ-મિશ્રિત પકવાન. ૧૬

આપઘાત કરનારને કમોત બહુ ભવ થાય;
પણ પરઘાતે બાંધિયું વૈર ઘણું લંબાય. ૧૭

આપણને જો 'મર' કહે, તોયે બહુ દુઃખ થાય;
તો પર જીવને મારતાં કેમ નહીં અચકાય? ૧૮

અનંત ભૂત ભવે થયાં કોણ ન નિજ મા-બાપ?
તો પરને હણતાં ગણો સ્વજન હણ્યાનું પાપ. ૧૯

સ્વજન-વિયોગ ન ઘડીૅ ગમે તો જીૅવ હણો ન કોય;
વિયોગ સદાનો મરણથી, દીર્ઘ દૃષ્ટિથી જોય. ૨૦

કહે, ''તને મારી પછી ઇન્દ્ર બનાવું'' તોય,
કંઠે પ્રાણ છતાં ચહે જીૅવવાને સૌ કોય. ૨૧

તેથી ત્રિભુવન-રાજ્યથી જીવન જીૅવને પ્રિય,
અભયદાન ઉત્તમ ગણી, કરો નહીં અપ્રિય. ૨૨

દેહનાશ સમ વચન-ઘા મન બાળે, બહુ ક્લેશ,
'પાંખ આંખ તું તોડ ફોડ' એ હિંસક આદેશ. ૨૩

હિંસક જીૅવને મારવા ક્હેતો કોઈ અજાણ;
ક્હેનારો તે કોટિનો હિંસા-શિક્ષક જાણ. ૨૪

'દયા, રિબાતાને હણ્યે', એમ કહે મતિમૂઢ;
કર્મ ન છોડે કોઈને; હણો કર્મ ગતિ-ગૂઢ. ૨૫

સૂર્યકિરણથી શીૅત વધે, જળ મથતાં ઘી થાય,
શશીકિરણથી દાઝીૅએ તો હિંસા સુખદાય. ૨૬

સર્પ-મુખે અમૃત મળે, તુષ ખાંડ્યે કણ થાય,
સુત વંધ્યાનો જો જડે, તો હિંસા સુખદાય. ૨૭

તેલ ઝરે રેતી પીૅલ્યે, ઝેર વડે જ જિવાય,
સૂરજ ઊગે રાત્રિએ, તો હિંસા સુખદાય. ૨૮

જડ જાણે જો જીવને, જીવ કદી જડ થાય,
દેહધારીૅ કો ના મરે, તો હિંસા સુખદાય. ૨૯

દુખ દીધે દુખ પામિયે, સુખ દીધે સુખ થાય,
સમ્યગ્દૃષ્ટિ આવતાં, દેહ-દૃષ્ટિ દૂૅર જાય. ૩૦

લાંબું આયુષ, યશ મળે, નીરોગ સૌ સુખ હોય,
સત્સંગતિ, સુંદર શરીર—ફળ કરુણાનાં જોય. ૩૧

ઉત્તમ પદ, નિર્ભય, સબળ, શોકરહિત મન હોય,
કળાકુશળ, સુખી જીવનભર—ફળ કરુણાનાં જોય. ૩૨

દયાપાત્ર ને દયાળુ – એ બન્નેને સુખરૂપ;
દયાપ્રવાહે જગ જીવે, સમજો દયાસ્વરૂપ. ૩૩

'પ્રથમ જ્ઞાન ને પછી દયા' કહે **વીર** ભગવંત;
મોહદયા સમકિત વિના નહિ આણે ભવ અંત. ૩૪

કષ્ટ હરે, કર્મો હણે, ભવતરણી, જીવ-માય,
સમતા, સ્નેહ ઉરે ભરે, મોક્ષ દયાથી થાય. ૩૫

★

યત્નાપૂર્વક વર્તવું જીવરક્ષાને કાજ,
'દ્રવ્યદયા' તે જાણવી, એમ કહે જિનરાજ. ૩૬

દુર્ગતિને જીવ સાધતો જાણી દે ઉપદેશ,
નિષ્કારણ કરુણા વડે 'ભાવદયા'થી જિનેશ. ૩૭

ભાવદયાને કારણે 'દ્રવ્યદયા'ને ધાર,
ભાવદયા પરિણામનો દ્રવ્યદયા વ્યવહાર. ૩૮

'અનાદિનો મિથ્યાત્વથી ભમું ચાર ગતિમાંય,
તત્ત્વ ન સમજ્યો વળી નહીં પાળી જિનાજ્ઞા કાંય.' ૩૯

એમ ચિંતવી ધર્મનું આરાધન ઉર ધાર,
'સ્વ-દયા' તો ત્યારે પળે, જ્યાં જાગે સુવિચાર. ૪૦

સદ્‌ગુરુના ઉપદેશથી સૂક્ષ્મ વિવેકી થાય,
સ્વરૂપ-વિચારે પ્રગટતી 'સ્વરૂપ-દયા' સુખદાય. ૪૧

શિષ્યદોષ કાંટા સમા, ઉખાડવા ગુરુરાજ
કઠિન વચન ભોંકે કદી ઊંડી સોય સમ આજ; ૪૨

તોય અયોગ્ય ગણાય ના, દયામૂલ પરિણામ,
તે 'અનુબંધ દયા' કહી, શિષ્યહિતનું કામ. ૪૩

શુદ્ધ સાધ્ય ઉપયોગમાં રહે એકતાભાવ,
અભેદ ઉપયોગે ગણો 'નિશ્ચય દયા' પ્રભાવ. ૪૪

★

ચિત્તભૂમિમાં રોપજો દયાવેલ સુખમૂલ,
વિનયવારિથી સિંચતાં ગુરુભક્તિરૂપ ફૂલ. ૪૫

અભેદ ભાવે ભક્તિનું ફળ આવે નિર્વાણ,
તેથી સુખ અનંતનું મૂળ છે દયા, પ્રમાણ. ૪૬

ગણો સૌ પ્રાણી આત્મવત્, મૈત્રીભાવના ભાવ;
યથાશક્તિ ઉપકાર કર, દયા દિલમાં લાવ. ૪૭

અપકારી-અપરાધીનું બૂરું ન ચિંતવ કાંય;
ભલું ભૂંડું કરનારનું ચિંતવ તું મનમાંય. ૪૮

દ્વેષ ન કર, દાખવ નહીં વર્તન બેપરવાઈ,
કર્મ-રોગ તેને પીડે, સેવાલાયક, ભાઈ. ૪૯

સુદયા ધર્મ પરમ કહ્યો, ગહન ધર્મનો મર્મ,
સમજીને જે સેવશે તે લેશે શિવ-શર્મ. ૫૦

કોટિ ગ્રંથે જે કહ્યું, 'મહાભારતે' સાર–
'પરપીડા ત્યાં પાપ છે, પુણ્ય જ પરોપકાર.' ૫૧

પાપપુણ્યથી પર રહી શુદ્ધ ભાવની વાત,
ગુરુ-ગમથી તે જાણતાં નિજ-પર-હિત સાક્ષાત્. ૫૨

☆
☆☆

# ૫

# સાચું બ્રાહ્મણપણું

(અનુષ્ટુપ)

★

બ્રાહ્મણો, શ્રમણો, ભિક્ષુ, નિર્ગ્રંથો નામ ચાર એ,
બ્રહ્મજ્ઞાની સુસાધુનાં, સાચા બ્રાહ્મણ ધાર તે. ૧

લક્ષણો શાસ્ત્રનાં સાચાં, સાચા બ્રાહ્મણનાં સુણો,
[૧]બીજા અંગે **વીરે** ભાખ્યા સાચા બ્રાહ્મણના ગુણો :- ૨

પાપકર્મો બધાં ત્યાગે, રાગ ને દ્વેષથી હઠે,
ઝઘડા જે મચાવે ના, અછતા દોષ ના કથે. ૩

છિદ્રો શોધે ગુણો દેખી, તેવું પૈશુન્ય ના ઉરે,
હંસ શા ગુણગ્રાહી તે, કોઈના દોષ ના વદે. ૪

પારકી ના કરે નિન્દા, રતિ-અરતિ ના વહે,
જૂઠું બોલે ન માયાથી, અસત્ય મત ના ગ્રહે. ૫

'આત્મા છે' એમ જે જાણે, 'નિત્ય છે' એમ માનતો,
'કર્તા છે' કર્મનો પોતે, 'ભોક્તા છે' નિજ કર્મનો. ૬

'મોક્ષ છે' એમ તે માને, 'મોક્ષ-ઉપાય' સાધતો,
સ્થાનકો છ વિચારી આ, શ્રદ્ધા દુર્લભ ધારતો. ૭

દર્શનો સર્વ (ષટ્) સંક્ષેપે આ ષટ્ સ્થાનકથી ગ્રહે,
સાચો બ્રાહ્મણ તે જાણો, શ્રદ્ધા સર્વોપરી લહે. ૮

યત્નાથી વર્તવું તે ને સમિતિ-ગુપ્તિ તે ધરે,
જ્ઞાન, દર્શન, ચારિત્ર, આત્માર્થે વળી આદરે. ૯

---

૧. સૂત્રકૃતાંગસૂત્રમાં

સદા સંયમમાં યત્ન કરે, ટાળી કષાયને,
દુષ્ટ પ્રત્યે ય ક્રોધી ના, માની ના તપથી બને. ૧૦

માયા, લોભ કરે દૂર, નિર્જરા સત્ય સાધતો,
તે બ્રાહ્મણ, ભણે જ્ઞાની, પોતે તરે ય તારતો. ૧૧

પાળે નવે વિધિથી જે, બ્રહ્મચર્ય મહાવ્રત,
તે જ દ્વિજ ખરો જાણો, આત્મામાં જે રહે રત. ૧૨

★

*ઉત્તરાધ્યયને જોજો, સાચા બ્રાહ્મણની કથા,
ભાખી યજ્ઞીય અધ્યાયે, જાણવા યોગ્ય છે તથા. ૧૩

વારાણસી પુરી વિષે પૂર્વે બ્રાહ્મણ ભાઈ બે,
**વિ**જય ને **જ**યઘોષ ચારે વેદ ભણેલ તે. ૧૪

જયઘોષે દીઠી લીલા મૃત્યુની નદીને તીરે,
દેડકો સાપના મુખે વેદના-રવ જ્યાં કરે; ૧૫

નોળિયો એક ત્યાં આવી સાપને પકડે, અરે!
તે દેખીને જયઘોષ વૈરાગ્ય ઉરમાં ભરે. ૧૬

અરે! મૃત્યુ પૂંઠે લાગ્યું, કોઈને નહિ મૂકશે;
માયામાં જે ભમે ભૂલી, આત્મહિત જ ચૂકશે. ૧૭

જન્મ, મૃત્યુ, જરા દુઃખો દીઠાં સંસારમાં મહા,
કોઈ સંપૂર્ણ સુખી ના, તો શું ત્યાં રાચવું, અહા! ૧૮

ગુરુ સાચા કને દીક્ષા જયઘોષે લીધી ભલી;
મહાવ્રતોરૂપી યજ્ઞો કરે સત્શાસ્ત્ર સાંભળી. ૧૯

ઇન્દ્રિયોને વિષયોથી વારી સંયમસજ્જ તે
મોક્ષમાર્ગે પ્રવર્તે છે, તીર્થ જંગમ રૂપ તે. ૨૦

---

* એક જૈન સૂત્ર

વારાણસી પુરીમાં તે વિહાર કરતાં ગયા,
ગામ બહાર ઉદ્યાને યાચીને સ્થળ ઊતર્યા. ૨૧

એક માસ અનાહારી તપના શુભ પારણે,
ભિક્ષાર્થે ચાલતા આવ્યા **વિ**જયઘોષ-બારણે. ૨૨

મલિન કૃશ ભાઈને યતિવેષે ન ઓળખે,
**વિ**જયઘોષ બોલ્યો કે "ભિક્ષુ, યજ્ઞ ન પારખે? ૨૩

તને ભિક્ષા નહીં આપું, કોઈ બીજે સ્થળે જજે;
અહીંની આ રસોઈ તો શ્રેષ્ઠ બ્રાહ્મણ કાજ છે. ૨૪

વેદ-પારગ યજ્ઞાર્થી, જ્યોતિષાંગ ભણેલ જે,
ધર્મજ્ઞ, સ્વ-પર-ત્રાતા યજ્ઞયોગ્ય ગણેલ છે." ૨૫

તજી આહારની ઇચ્છા, કાંઈ ઓછું ન આણતાં,
સાચું દ્વિજત્વ દર્શાવા પૂછે શાસ્ત્ર-પ્રમાણ ત્યાં: ૨૬

"હે બ્રાહ્મણ! કહો શું છે વેદનું મુખ, યજ્ઞનું?
નક્ષત્રોનું કહો મુખ, ધર્મોનું વળી મુખ શું? ૨૭

કરે ઉદ્ધાર પોતાનો, અન્યને વળી તારવા,
સમર્થ કોણ છે એવા? ઇચ્છું છું હુંય જાણવા." ૨૮

વિજયઘોષ બોલાવે આવેલા વિપ્ર પંડિતો,
કહી પ્રશ્નો બધાને તે પ્રેરે : 'પ્રશ્નોત્તરો વદો.' ૨૯

કોઈ સમર્થ ના જોતાં વીનવે તે જ મુનિને
હાથ જોડી બધા વિપ્રો, 'દ્યો જો ઉત્તર સુણીએ." ૩૦

સાધુ બોલ્યા : 'સુણો, મુખ વેદોનું અગ્નિહોત્ર છે,
યજ્ઞાર્થી મુખ યજ્ઞોનું, નક્ષત્રમુખ ચંદ્ર છે. ૩૧

**ઋ**ષભદેવ છે મુખ ધર્મોનું; દેવ-દેવ તે
તારે, તરે; ન વિપ્રો કો યજ્ઞવાદી ગણાય જે. ૩૨

રાખથી અગ્નિ ભારેલા જેવા વેદાદિ ગોખતા,
તપસ્વી તોય અજ્ઞાની મોક્ષમાર્ગ ન દેખતા. ૩૩

સાચા બ્રાહ્મણના ગુણો કહ્યા કુશળ જ્ઞાનીએ,
તે કહું સાંભળો સર્વે જાણીને ઉર ધારીએઃ—૩૪

'આવેલામાં ન આસક્તિ, જતામાં શોક ના કરે,
રમે જે આર્ય-વાણીમાં, હેમ-નિર્મળતા ધરે. ૩૫

રાગ-દ્વેષ-ભયાતીત, તપસ્વી, કૃશકાય જે,
વ્રતી, માંસાદિના ત્યાગી, ધીર ઇન્દ્રિય-નિગ્રહે. ૩૬

જાણે જીવો વિષે ઝાઝું, હિંસા ત્રિવિધ ના કરે,
હાસ્યથી કે ભયે લોભે અસત્ય તે ન ઉચ્ચરે. ૩૭

આપ્યા વિના ન લે કાંઈ સજીવ નિર્જીવ કદી,
દેવો-પશુ-મનુષ્યોશું મૈથુન સેવતો નથી. ૩૮

પાણીમાં પંકજો જેવો અલિપ્ત કામ-ભોગથી,
ના ગૃહી, ના રસે લુબ્ધ, ભિક્ષા-જીવી સુયોગથી. ૩૯

અકિંચન, ન સંસર્ગ ગૃહસ્થોનો કર્યા કરે,
સંબંધો પૂર્વના છોડી આસક્તિ ફરી ના ધરે. ૪૦

પશુઓ મારી હોમ્યાનું યજ્ઞમાં પાપકર્મ જે,
બચાવે પાપીને ક્યાંથી ? છે ના શરમ કર્મને. ૪૧

સાધુ ના માત્ર મૂંડાવ્યે, બ્રાહ્મણ પ્રણવે નહીં;
માત્ર વલ્કલવેશે ના તાપસો, વનમાં રહી—૪૨

મુનિ ના બાહ્ય ચિહ્નોથી; પરંતુ પૂજ્ય છે ગુણો;
સાધુ તો સમતા સાધ્યે, બ્રહ્મચર્યે જ બ્રાહ્મણો. ૪૩

આત્મજ્ઞાને મુનિ માનો, તાપસો તપ આદર્યે,
કર્મથી બ્રાહ્મણાદિ છે, દ્વિજ સંસ્કાર સંઘર્યે. ૪૪

જ્ઞાનીઓએ કહેલા આ સ્પષ્ટ ગુણે જ સ્નાતક,
સાચો બ્રાહ્મણ, માહણ, કર્મથી મુક્ત સાધક. ૪૫

દ્વિજોત્તમ કહ્યો તે જે સમર્થ તરી, તારવા;
જન્મથી બ્રાહ્મણો માનો આત્મહિત વિસારવા.' ''૪૬

જયઘોષમુનિ-વાણી સુણીને ઓળખે હવે,
**વિ**જયઘોષ ભક્તિથી મુનિને આમ વીનવે : ૪૭

''સાચી બ્રાહ્મણતા બોધી, સાચા યજ્ઞાર્થી આપ છો,
વેદવેત્તા તમે સાચા, જ્યોતિષાંગ પ્રવીણ છો. ૪૮

ધર્મનો પાર પામ્યા છો, તમે ઉદ્ધારનાર છો,
ભિક્ષુશ્રેષ્ઠ, ગ્રહો ભિક્ષા, કૃપાના કરનાર, હો !'' ૪૯

જયઘોષ કહે, ''વિપ્ર, મારે ભિક્ષા ન જોઈએ,
પરંતુ તું ગ્રહી દીક્ષા, સંસારપંક ધોઈ લે. ૫૦

જન્મ-મૃત્યુ-ભયે પૂર્ણ સંસારે ભમ, ભાઈ, ના;
ભોગેચ્છા બંધનો તોડી, અભોગી, મુક્ત થા સદા. ૫૧

ભીની માટી તણો ગોળો ભીંતે ચોટે, ન જો સૂકો;
વૈરાગી તેમ ચોટે ના સંસારે, વાસના મૂકો.'' ૫૨

વિજયઘોષ દીક્ષા લે સાંભળી મુનિબોધ આ;
તપસ્યા-સંયમે બન્ને મોક્ષે કર્મ-ક્ષયે ગયા. ૫૩

★

મોક્ષમાર્ગ ધરે ઉરે, જનોઈધારી તે ખરા,
નવ ગુણો વિના ધારે ધર્મલોપક વાનરા. ૫૪

[૧]ક્ષમા, [૨]વિજ્ઞાન, [૩]સંતોષ, [૪]અદત્તત્યાગ, [૫]સત્ક્રિયા,
*[૬]અષ્ટમૂળગુણો, ×[૭]ત્યાગ, [૮]સમિતિ, [૯]શીલ લેખિયા. ૫૫

* મધ, માંસ, મદિરા, વડના ટેટા, પીંપરાના ટેટા, પીંપળાના ટેટા, ઉમરડાં અને અંજીર એ આઠેનો ત્યાગ તે શ્રાવકના આઠ મૂળ ગુણો છે.

×ત્યાગ=દાન

યજ્ઞોપવીત માટે આ નવે ગુણો જરૂરના,
દુર્ગતિહેતુ નિન્દા ને હાંસીને પાત્ર તે વિના. ૫૬

સાપ પાળે વિના મંત્ર, જડીબુટ્ટી ન જાણતો,
મે'માન મૃત્યુનો થાશે; ગુણો એ જડી-મંત્ર જો. ૫૭

**મ**હાપુરાણમાં ભાખ્યો વિસ્તારે અધિકાર આ;
પાંચમા વેદમાં **વ્યાસે** સાતમા પર્વમાં કહ્યા– ૫૮

ગુણો બ્રાહ્મણના જોજો : "શીલ તો શણગાર છે.
સ્વાત્મતુલ્ય ગણે સૌને દયાના ધરનાર તે; ૫૯

વેશ વૈરાગ્યને પોષે; નહીં મોહ ઉરે ધરે;
બેફિકર બનીને ના દુષ્ટ આચાર આચરે. ૬૦

કામી ને વિષયી પેઠે વિષયોમાં ન લીન તે;
લંપટી-કામીને મુખે સ્ત્રીવાર્તા સુણી ના રીઝે. ૬૧

પોતે સ્ત્રીનાં રૂપાદિની નહીં કામકથા કહે;
પરંતુ બોધ દે તેથી કામ-ક્રોધાદિ સૌ દહે. ૬૨

શરીર શણગારે ના, વાહનો વાપરે ન તે,
દયાના કારણે ચાલે, ચાલતાં ભૂમિ નીરખે. ૬૩

કરે ના દાતણો લીલાં, સત્ક્રિયા સઘળી કરે,
સાચવે બ્રહ્મચર્યાદિ : બ્રહ્મપદવી તે ધરે. ૬૪

સેવવાયોગ્ય સર્વેને આ ક્રિયાઓ સહિત જો;
તે વિના ન ક્રિયા-બ્રહ્મ, કુશીલવંત જાણજો. ૬૫

ક્રોધી, લોભી, અહંકારી, મમત્વી બ્રાહ્મણો કદી
શીલવાન જનોને તો સેવવાયોગ્ય તે નથી. ૬૬

કુલ-બ્રાહ્મણ તે જાણો આ ક્રિયાઓ રહિત જે."
**વે**દવ્યાસ મુનિ સાચું મહાભારતમાં વદે. ૬૭

★

''મનુષ્યજાતિ તો 'જાતિ-નામકર્મ'થી એક છે;
વૃત્તિભેદે થયા ભેદો, ચતુર્વર્ણાદિ ટેક જે. ૬૮

તપ શ્રુત અને જાતિ કારણે બ્રાહ્મણો ગણો;
તપ શ્રુત વિનાનો તે જાતિ-બ્રાહ્મણ નિર્ગુણો. ૬૯

બ્રાહ્મણ વ્રત-સંસ્કારે, ક્ષત્રિય શસ્ત્ર-ધારવે,
ન્યાય વ્યાપારથી વૈશ્ય, શૂદ્રની નીચ વૃત્તિ છે.'' ૭૦

**જિનસેનસૂરી** ભાખે એવું **મ**હાપુરાણમાં;
સાચી બ્રાહ્મણતા સાધો, માત્ર જન્મ વખાણ મા. ૭૧

★

ગુણો છે યોગ્ય પૂજાને, વેશ કે વય કોઈ ના;
આત્મગુણો વિના જાણ્યે દુર્ગુણો ગુણને ગણ્યા. ૭૨

સુજ્ઞ તો સાનમાં ચેતી આત્મભાવ સુધારતા,
ઝવેરી રત્નને જાણે પરીક્ષાબુદ્ધિ ધારતા. ૭૩

કાયાની શુદ્ધિ પાણીથી, જળ-જીવો હણાય જ્યાં;
બ્રહ્મચર્ય-સુતીર્થે જા, ધર્મસ્નાન ગણાય ત્યાં. ૭૪

અગ્નિથી જીવહિંસા છે, યજ્ઞ તો નામમાત્ર તે;
તપ-અગ્નિ ખરો યજ્ઞ, કરે આત્મા પવિત્ર જે. ૭૫

☆
☆☆

# ૬

# મૈત્રી આદિ ચાર ભાવના

(રાગ—ચામર—નારાચ ને સમાની-પ્રમાણીને મળતો, કૂચ ગીતની ઢબ)

★

## (૧)

## મૈત્રી ભાવના

મૈત્રીભાવ ભાવનાર માનવી મહાન છે,
વૈરભાવ ધારનાર મૈત્રીનો અજાણ છે.
—મૈત્રીભાવ ભાવનાર માનવી મહાન છે. ૧

સ્વ-સુખની સ્પૃહા ધરી, અનેક યત્ન આદરી,
દુઃખ દૂર થાય તેમ આચરે સુજાણ જે. મૈત્રી૦ ૨

સગાઈ સર્વ જીવથી ધરી અનેક રીતથી
ભવો અનેક ધારી, જો વિચારી સૌ સમાન છે. મૈત્રી૦ ૩

માત તાત કો થયા, સુપુત્ર મિત્ર કો કહ્યા,
પ્યારી નારી મૃત્યુ પામી પશુ બને પ્રમાણ એ. મૈત્રી૦ ૪

ક્રૂર ભાવ કેમ થાય? પ્રેમ સર્વશું ધરાય,
કુટુંબ તુલ્ય વિશ્વ થાય આત્મદૃષ્ટિવાનને. મૈત્રી૦ ૫

ત્રિવિધ તાપમાં મુઝાય જીવ સૌ સઁસારમાંય,
સંત કલ્પદ્રુમછાંય શરણ શીતલ માન એ. મૈત્રી૦ ૬

## (૨)

## પ્રમોદ ભાવના

પ્રમોદ પ્રેમી-ઉરમાં ગુણાનુરાગરૂપમાં
સદૈવ દીપ દીપતો, જ્યાં દ્વેષનું ન નામ છે. મૈત્રી૦ ૭

પુણ્ય-અમી ઊભરાય મન-વચન-કાયમાંય,
ત્રિભુવન સૌખ્યકારી સંત શશી સમાન છે. મૈત્રી૦ ૮

અન્યના ગુણાંશ આ ગિરિ સમા પ્રશંસતા,
પ્રફુલ્લ તરુ કદંબ શા સુસંત વિરલ જાણ એ. મૈત્રી૦ ૯

ગાય ખાય ઘાસ તોય દૂધ તો અમૃત જોય,
જલધિમૂલ જલદનું ફલ ઇક્ષુરસ સમાન છે. મૈત્રી૦ ૧૦

ગુણગ્રાહી દત્તાત્રય અનેક-ગુરુ-ગુણાલય,
ગુણધામ લોકત્રય ગુણાનુરાગવાનને. મૈત્રી૦ ૧૧

વૈરાગ્યદાયી વાદળી, સુજ્ઞાન દે રવિ વળી;
આંજે ગુરુ અંજન-શળી તો વિશ્વગ્રંથ-ખાણ છે. મૈત્રી૦ ૧૨

(૩)

**કરુણા ભાવના**

દુઃખ દેખી પારકું કરુણ ઉર કંપતું,
દયા કરી સહાય દે અનુકંપાવાન એ. મૈત્રી૦ ૧૩

રુધિર વ્હે, પરુ ઝરે દુર્ગંધ મૂત્ર-મળ કરે,
તોય ગ્લાનિ ના ધરે શુશ્રૂષા-સુજાણ એ. મૈત્રી૦ ૧૪

તણાય વીંછી પાણીમાંય કાઢતાં દે ડંખ તોય
ખમી અનેક ડંખને ઉગારનાર પ્રાણ તે. મૈત્રી૦ ૧૫

દયા સદા દિલે વસે, દ્વેષ ના ઉરે ડસે,
દિલ દુખાય આર્ત દેખ, પરોપકારવાન એ. મૈત્રી૦ ૧૬

જીવનતણા સટોસટે અન્ય દુઃખ જો મટે,
પ્રેમપંથ-પાવકે કો ઝંપલાય જાણ તે. મૈત્રી૦ ૧૭

દુઃખસુખ ના ગણે, સ્વદેહ મિટ્ટી શો ભણે,
સર્વ સુખી થાય તેમ કરે કૃપાવાન જે. મૈત્રી૦ ૧૮

## (૪)

## *ઉપેક્ષા ભાવના

શી રીતે સુખી થવાય? દુઃખ દૂર કેમ થાય?
એ વિકલ્પ જો શમાય તો ઉપેક્ષાવાન એ. મૈત્રી૦ ૧૯

સહનશીલતા સધાય, નિર્વિકાર ચિત્ત થાય,
પ્રિય કે અપ્રિય કાંઈ નથી ક્ષમાવાનને. મૈત્રી૦ ૨૦

કોઈ કરે સ્તુતિ અતિ વા વગોવે મૂઢમતિ,
તોય ચિત્ત ના ચલે સુદૃષ્ટિ શમવાન તે. મૈત્રી૦ ૨૧

હર્ષ-શોક કેમ થાય? કામ-ક્રોધ બળી જાય,
મટે માન, લોભ, માય સમભાવવાનને. મૈત્રી૦ ૨૨

દુર્ગંધ ગંદકી ભલે, સુગન્ધ સ્વાદ વા મલે,
કુરૂપ રૂપવંત સર્વ સમ સમજવાનને. મૈત્રી૦ ૨૩

સંસારી જીવ સર્વ દીન, કર્મયંત્રને અધીન,
ભવ-નાટકે પ્રવીણ સાક્ષી ભાનવાન છે. મૈત્રી૦ ૨૪

### ☆ ઉપસંહાર ☆

સર્વ પ્રાણી થાવ જ્ઞાની તજો પાપ-પંકખાણી,
આત્યંતિક દુઃખ-હાણિ ભાવે મૈત્રીમાન એ. મૈત્રી૦ ૨૫

ગુણો મહાન સંતના વિરલ લોકમાં ઘણા,
પામતાં ન કો મણા, પ્રમોદ ગુણ પ્રમાણ એ. મૈત્રી૦ ૨૬

દૈન્ય, દુઃખ દૂર થાઓ, નિત્ય શાંતિમાં સમાઓ,
કોઈ જીવ ના દુભાઓ, ભાવે દયાવાન એ. મૈત્રી૦ ૨૭

કોઈ દેવ-ગુરુ નિંદે, વેરથી પીડી આનંદે,
સમર્થ તોય ખમી ખૂંદે એ ઉપેક્ષાવાન છે. મૈત્રી૦ ૨૮

---

* માધ્યસ્થ ભાવના

દેહભાવ ટળી જતાં, આત્મમાં નિમજ્જતાં,
સંસાર સૌ વિસારતાં બને ભગવાન એ. મૈત્રી૰ ૨૯

સુયોગથી શ્રવણ થાય, દુરાગ્રહો દૂરે પલાય,
વિવેકદીપ પ્રગટાય સ્વભાવથી સુજાણ એ. મૈત્રી૰ ૩૦

સુભાવના સુકાર્ય-હેતુ દુર્દશાનો ધૂમકેતુ,
ભવોદધિમાંહીં સેતુ પામે ભાગ્યવાન જે. મૈત્રી૰ ૩૧

અહો ! પરમકૃપાળુ નાથ, સાચો મને મળ્યો સાથ,
ગ્રહો હવે પ્રભુજી હાથ, લાગો એકતાન એ. મૈત્રી૰ ૩૨

☆
☆☆

# ૭

# સત્શાસ્ત્રનો ઉપકાર

★

અહોહો ! પરમ શ્રુત-ઉપકાર !*
ભવિને શ્રુત પરમ આધાર.—ધ્રુવ.

પરમ શાંતિ પામ્યા તે નરને, નમું નિત્ય ઉલ્લાસે;
પરમ શાંતિરસ પ્રેમે પાયે, વર્તું તે વિશ્વાસે.
—અહોહો ! પરમ શ્રુત-ઉપકાર. ૧

સત્શ્રુત શાંત રસે છલકાતું શાંત સરોવર જાણે,
શાંત રસ-હેતુએ સર્વે રસ ગર્ભિત પ્રમાણે—અહોહો૦ ૨

ત્રિવિધ તાપથી બળતા જગને સત્શ્રુત શાંતિ આપે,
શાંત હૃદયના ઉદ્‌ગારો તે કળિમળ સર્વે કાપે—અહોહો૦ ૩

સંસાર વાસના ઉરમાં જેને તે શું સત્ય જણાવે ?
અસંસારગત વાણી સુણી જે તે સંસાર હણાવે—અહોહો૦ ૪

મહામોહથી મીઠા લાગે જગજીવોને ભોગો,
કલ્પિત કથા મોહી જન જોડે; અપથ્ય વધારે રોગો—અહોહો૦ ૫

રત્નદ્વીપ જઈ લાવેલો નર રત્નો જનને આપે;
તેમ જ્ઞાનીજન શબ્દરત્ન દઈ દુઃખ-દારિદ્રયો કાપે—અહોહો૦ ૬

જગમાં જે જે શુભ આચારો, સુવિચારો, ઉપકારો,
તે સત્શ્રુત થકી સમજી લો અનેક પુણ્યપ્રકારો—અહોહો૦ ૭

---

* સરખાવો : અહોહો ! ઝનનન દિવ્ય સિતાર.

સત્શાસ્ત્રો સાધુનાં નેત્રો મોક્ષ-માર્ગ જોવાને;
'શાસ્ત્રયોગ' સત્શ્રદ્ધાળુને પ્રમાદમળ ટળવાને—અહોહો૦ ૮

ગુરુગમ વિણ સૌ શાસ્ત્રો શસ્ત્રો, અપાત્રને દુઃખદાયી,
સુપાત્રને આધાર પરમ છે ગુરુ-વિરહે સુખદાયી—અહોહો૦ ૯

સજ્જન સાધે અતિ નિર્જરા સત્શ્રુતના સ્વાધ્યાયે,
ધર્મધ્યાનનું કારણ સત્શ્રુત ચઢતા અધ્યવસાયે—અહોહો૦ ૧૦

શુક્લ ધ્યાનમાં પણ આલંબન કેવળજ્ઞાન સુધી તે
સત્શાસ્ત્રોને કેમ વિસારે હિત-ઇચ્છક સુ-ધી જે?—અહોહો૦ ૧૧

શ્રવણ કરી જ્ઞાનીનાં વચનો જીવ ઉલ્લાસ ધરંતો,
ભિન્ન સ્વરૂપે જડ-ચેતનની સત્ય પ્રતીતિ કરંતો—અહોહો૦ ૧૨

યથાસ્થિત અનુભવ આસ્વાદી સ્વરૂપસ્થિતિ જીવ વરતો;
સત્શાસ્ત્રો સદ્ગુરુથી શીખી શું શું જીવ ન કરતો?—અહોહો૦ ૧૩

સ્વરૂપ-સ્થિતિ પર લઈ આવે છે શબ્દ બ્રહ્મ, શ્રુતદેવી,
દર્પણ સમ નિજ રૂપ બતાવી, અલોપ થઈ જાય એવી—અહોહો૦ ૧૪

★

'શાસ્ત્ર' શબ્દની વ્યુત્પત્તિ તો 'રક્ષણ, શિક્ષણ' જાણો;
ભવભીત જીવને કર્મ-ત્રાસથી ત્રાતા શાસ્ત્ર પ્રમાણો—અહોહો૦ ૧૫

મોક્ષ-માર્ગ ઉપદેશે શાસ્ત્રો, જીવન્મુક્તની વાણી,
શ્રવણ થયું તો મહાભાગ્ય આરાધો ઊલટ આણી—અહોહો૦ ૧૬

આ ભવ પર ભવ બન્ને સુધરે તેવો ધર્મ બતાવે,
તેવા વક્તા, શ્રોતા મળતા પૂર્વે સહજ સ્વભાવે—અહોહો૦ ૧૭

તો પણ તેવા યુગમાં દુર્લભ અંગીકાર કરનારા,
વર્તમાનમાં વર્તન તો શું? ક્યાં વક્તા, સુણનારા?—અહોહો૦ ૧૮

ગફલતનીંદ કરી દૂર જનની વિવેકનેત્ર ઉઘાડે,
હિત વિષે વર્તાવી સર્વે કષાય શાંત પમાડે—અહોહો૦ ૧૯

સમ્યક્ તત્ત્વરૂપી આત્માનો નિર્ણય જેહ કરાવે,
એવી સંત પુરુષની વાણી ક્યાંથી શ્રવણે આવે?—અહોહો૦ ૨૦

સત્શાસ્ત્રો સદ્ગુરુ-કૃપાર્થે યોગ્ય થવા ભણવાનાં,
સત્શ્રદ્ધા ને સદાચરણની દૃઢતા પછી દેવાનાં—અહોહો૦ ૨૧

વિધિ-નિષેધો, બંધ-મોક્ષની સમજણ શાસ્ત્ર કરાવે;
અમુક કાળ સુધી તેથી તે સૌ સાધકને ભાવે—અહોહો૦ ૨૨

★

**પદ્મનંદી** મુનિ ભાવે ભાવના : ''કદી ક્લેશ નહિ ધારું,
ગુરુવચન જો ઉરે જાગતું નિત્ય સૌખ્ય દેનારું—અહોહો૦ ૨૩

ભિક્ષા ભલે ગૃહી ના આપે, મુનિજન સ્નેહ ન રાખે,
નિર્ધનતામાં ભલે રિબાઉં, રોગ શરીરે આખે—અહોહો૦ ૨૪

નગ્ન દેખી મુજને જન નિંદે, હાંસી કરે, ધિક્કારે,
મુક્તિદાયક ગુરુ-વચનોથી શાંતિ સર્વ પ્રકારે.''—અહોહો૦ ૨૫

'જે કોઈ સાચા અંતઃકરણે સત્પુરુષોની વાણી
ગ્રહશે તે તો સત્ય પામશે,' કહે **રાજ**-ગુરુ જ્ઞાની—અહોહો૦ ૨૬

રાગદ્વેષનાં પ્રબળ નિમિત્તો પ્રગટ્યે ક્ષોભ ન વ્યાપે,
તે જ્ઞાનીના આત્મજ્ઞાનનો વિચાર નિર્જરા આપે—અહોહો૦ ૨૭

કેળ-થડે પડ અંદર પડ જે ચમત્કૃતિરૂપ ભાસે,
સત્શ્રુતના અર્થો પણ તેવા, નિર્મળ જ્ઞાન પ્રકાશે—અહોહો૦ ૨૮

સત્પુરુષનાં વાક્યે વાક્યે અનંત આગમ વ્યાપે,
માત્ર મંત્રરૂપ શબ્દ ઘણાનાં ભવદુઃખ સર્વે કાપે—અહોહો૦ ૨૯

વિષય-કષાયે જે દિન વીત્યા તે તો સર્વે ભૂંડા,
સત્શાસ્ત્રોના અભ્યાસે જે વીતે તે દિન રૂડા—અહોહો૦ ૩૦

સત્શાસ્ત્રોના સ્વાધ્યાયે શુભ ધ્યાન વિષે મન રાખો,
પ્રમાદ, પાતક તો ઝટ છૂટે, ઉપશમ-અમીરસ ચાખો—અહોહો૦ ૩૧

સત્શાસ્ત્રોના સેવન વિણ તો ભવ, તન, ભોગાદિમાં
વૃત્તિ ફરતી કદી ન અટકે, ક્યાંથી વિરાગ વધે ત્યાં ?—અહોહો૦ ૩૨

આગમના અભ્યાસે ઉજ્જ્વલ સૌ વ્યવહાર સધાતો,
પોષાયે પરમાર્થ-વિચારો, ઉજ્જ્વલ યશ ફેલાતો—અહોહો૦ ૩૩

સમ્યગ્જ્ઞાન જ ઉત્તમ ધન છે, સુહૃદ શ્રેષ્ઠ વિચારો,
સ્વાધીન આપદ-સંપદમાં ઉર-કંઠે શોભન ધારો—અહોહો૦ ૩૪

જ્ઞાન-દાન પોતાને દેજો વળી સંતાનાદિને,
કોટિ ધનથી પણ તે અધિકું, હણશે મદ આદિને—અહોહો૦ ૩૫

શ્લોક, કડી, લીટી કે પદ પણ નિત્ય ભણે જે ભાવે,
તે પારગ શાસ્ત્રોનો બનશે પ્રવચન-ભક્તિ-પ્રભાવે—અહોહો૦ ૩૬

★

સમ્યગ્જ્ઞાન ગુરુ જે આપે તે જ પરમ ઉપકારી,
ત્રણે લોકમાં તેના સમ નહિ, હૃદયે રાખો ધારી—અહોહો૦ ૩૭

'અખંડ નિશ્ચય આ છોડું તો મેં આત્માર્થ જ ત્યાગ્યો,
ખરા ઉપકારીના ઉપકારો ઓળવનારો પાક્યો'—અહોહો૦ ૩૮

એમ વિચારી કદી કૃતઘ્ની બનો ન ગુરુ-ગુણ લોપો,
આજ્ઞાંકિત વિનયી બનો ગુરુના, બોધ-બીજ ઉર રોપો—અહોહો૦ ૩૯

★

પરમ શાંતરસ-પ્રતિપાદક જે વીતરાગની વાણી
તે સત્શ્રુત, ઔષધ ઉત્તમ, દે ચિત્ત-સ્થિરતા આણી—અહોહો૦ ૪૦

ઇન્દ્રિય-નિગ્રહ સહ આરાધો સત્શ્રુત અમૃતવેલી,
શંકા તજો, સત્શ્રદ્ધા પામી, કરજો અસંગ-કેલી—અહોહો૦ ૪૧

ઉપશમ સ્વરૂપ જિનાગમનું, ઉપદેશક ઉપશમવંતા,
ઉપશમ અર્થે ઉપદેશ્યાં, ઉપશમ આત્માર્થ ગણંતા—અહોહો૦ ૪૨

આત્માર્થે જો ના આરાધ્યાં વાચન-શ્રવણ નકામું,
આજીવિકા, કીર્તિ, મદ માટે સાધ્યે બંધન સામું—અહોહો૦ ૪૩

★

ચાર વેદ સમ જિન-આગમ પણ ચાર ભેદરૂપ જાણો,
ચરણ, કરણ ને દ્રવ્ય, *પ્રથમ-એ અનુયોગો ઉર આણો—અહોહો૦ ૪૪

કષાય ટળે પ્રથમાનુયોગે, પ્રમાદ ચરણે ટાળો,
જડ જેવું મન જગાડવા, કરણાનુયોગે વાળો—અહોહો૦ ૪૫

આત્માદિ તત્ત્વોનો નિર્ણય હો દ્રવ્યાનુયોગે
ચિત્ત નિઃશંક હશે તો ફળશે યત્નો મોક્ષ-પ્રયોગે—અહોહો૦ ૪૬

જિન-આગમ છે કલ્પતરુ સમ, જ્યાં જીવાદિ પદાર્થો
ફળ-ફૂલ સમ શ્રુત-સ્કંધ નમાવે અન્-એકાંતિક અર્થો—અહોહો૦ ૪૭

વચનપર્ણથી પૂર્ણ છવાયું અનેક નયશાખાઓ,
સમ્યક્‌મતિરૂપ મૂળ પ્રબળ, મન-મર્કટ ત્યાં જ રમાવો—અહોહો૦ ૪૮

સત્શાસ્ત્રોને વિચારવાનો સુયોગ નિશદિન સાધે
તેનું ચિત્ત ન ચાહે ચપળા, ભાવ-મોક્ષ આરાધે—અહોહો૦ ૪૯

જ્ઞાન-સમુદ્રે નિર્ભય વિચરો, સત્શાસ્ત્રો છે વહાણો;
યુક્તિ શુક્તિ સમજી સંગ્રહી લ્યો, વિરતિ મૌક્તિક આણો—અહોહો૦ ૫૦

અલોક-લોકને કેવળ જ્ઞાને જાણી કહી જે વાણી,
સત્શાસ્ત્રોમાં તે ગૂંથાણી, અનંત નયની ખાણી—અહોહો૦ ૫૧

જિનવાણી સૌને ઉપકારી મોહશત્રુને મારે,
મોક્ષમાર્ગમાં નિશદિન પ્રેરે, ભવથી પાર ઉતારે—અહોહો૦ ૫૨

☆
☆☆

---

* પ્રથમાનુયોગ—ધર્મકથાનુયોગ

# ૮
# પ્રમાદના સ્વરૂપનો વિશેષ વિચાર

(ઇન્દ્રવજ્રા)

★

જે તીવ્રતા જ્ઞાનની અપ્રમાદે
સાધી, પ્રકાશી ગુરુ **રાજચંદ્રે**,
તે સર્વ રીતે અવિરોધ જાણી
સેવું, નમી નિત્ય અગાધ વાણી. ૧

આત્મજ્ઞ તો આત્મસમાધિ સાધી
જાગૃતિ સેવે, કદી ના પ્રમાદી,
તેથી સદા નિર્ભય હોય મુનિ,
નિત્યે પ્રમાદે ભયમાં અમુનિ. ૨

આત્મા મળેલું સ્વરૂપે ય ભૂલે
ડૂબી પ્રમાદે, ભવમાં રૂલે છે;
તેથી મહાશત્રુ ગણી તજો તે,
શિક્ષા ઉરે કોતરી રાખજો એ. ૩

આયુષ્યદોરી તૂટી તે તૂટી જો,
તે સાંધવાની ન જગે બૂટી કો,
તેથી મળેલી તક ના જવા દે,
શાણા ગુમાવે પળ ના પ્રમાદે. ૪

કાળે ખરે પાન પીળાં બનીને
જીવિત તેવું જનનું ગણી લે;
તેથી મળેલી તક ના જવા દે,
શાણા ગુમાવે પળ ના પ્રમાદે. ૫

ટીપું ટકે કેટલો વાર ઘાસે?
વાથી ખરી જાય, સુકાઈ જાશે;
તેવું જ વિઘ્નોથી જીવિત તૂટે,
માટે મુમુક્ષુ ખૂબ લાભ લૂંટે. ૬

ક્યાંથી મળે માનવજન્મ આવો?
માટે મળેલી પળ ના ગુમાવો.
જુવાની ચાલી જતી આ જણાય,
ઉતાવળે આવી રહી જરાય; ૭

વ્યાધિ, પીડા, ફિકર ને ઉપાધિ
ઘેરી રહી, ક્યાંથી મળે સમાધિ?
તાકી રહેલો વળી કાળ ભાળો,
તેથી પ્રમાદે નહિ કાળ ગાળો. ૮

ઉત્પત્તિ, મૃત્યુ વળી શોક, દુઃખ
ટાળી પમાડે પરમાત્મ-સુખ,
એવા સુધર્મે મન જોડી દેવું,
શાને પ્રમાદે નર-આયુ ખોવું? ૯

નિર્મૂળ સૌ દુઃખ થવા બતાવે
સન્માર્ગ જે **વીર** મહા પ્રભાવેઃ
સંક્ષેપમાં તે સમજાય તેવું
આ કાવ્યમાંથી હિત ધારી લેવું. ૧૦

★

સંપૂર્ણ જે જ્ઞાનવિકાસ સાધે,
અજ્ઞાન ને મોહ અશેષ ઘાતે;
જે રાગ ને દ્વેષ સમૂળ છેદે,
તે મોક્ષ-એકાંતિક-સુખ વેદે. ૧૧

તેનો કહું માર્ગ સુણો સુચિત્તેઃ
સદ્‌ગુરુ, મોટા નર સેવવા તે,
અજ્ઞાનીના સંગથી દૂર નાસો,
સ્વાધ્યાય સત્શાસ્ત્રતણો ઉપાસો—૧૨

ને સ્વસ્થતાથી પરમાર્થ ખોજો,
એકાન્તમાં ધર્મરહસ્ય જોજો.
સાધુ, તપસ્વી સુસમાધિ પોષે
પામી મિતાહાર રહિત-દોષે, ૧૩

એકાન્ત શોધે સ્થળ નિરુપાધિ;
નિપુણ તત્ત્વજ્ઞ સુસાથી સાધી,
વિશેષ ગુણી ન સુસાથી હોય,
તો શોધવાનો સમગુણી કોય. ૧૪

જો જોગ તેવો ય મળે ન સારો
એકાકી વિહાર-વિધિ વિચારો,
નિષ્પાપ વર્તો તજી ભોગ-ઇચ્છા,
વૈરાગ્યવૃદ્ધિ સહ શાંતિ-વાંછા. ૧૫

ઈંડાથી પક્ષી, વળી તેથી ઈંડું,
તૃષ્ણા અને મોહ સમાન જોડું;
તૃષ્ણાથી જો મોહ થતો જણાય,
ને મોહ તૃષ્ણા-બીજ એ જ ન્યાય. ૧૬

છે રાગ ને દ્વેષ વડે જ કર્મ,
કર્મો થતાં મોહથી, તે અધર્મ;
કર્મે ફરે જીવ ભવે અનાદિ,
જન્માદિ દુઃખો અતિ ઘોર સાદિ. ૧૭

નિર્મોહીનું દુઃખ ગયું ભળાય,
તૃષ્ણા નથી તો નથી મોહ-લાય;
તૃષ્ણા ગઈ જો નહિ લોભ પીડે,
નિર્લોભીને કર્મ કદી ન ભીડે. ૧૮

ઉપાય રાગાદિ નિવારવાને,
બોધેલ **વીરે** સુણ સાવધાનેઃ—
દૂધાદિ દીપ્તિકર સૌ રસોને,
સેવો નહીં નિત્ય યથેચ્છ, જોને. ૧૯

ઝાડે ફળો સુંદર મિષ્ટ દેખી,
ટોળે મળી ત્યાં ધસતાં જ પંખી;
તેવી રીતે કામની વાસનાઓ
ઊઠી ધસે દીપ્ત દિલે બલાઓ. ૨૦

જો બ્રહ્મચારી જમશે યથેચ્છ,
તો વિષયાગ્નિ શમશે ન, વત્સ!
દાવાગ્નિ ગાઢા વનનો શમે ના,
જ્યાં વાયુનો વેગ વધી ધમે, હા! ૨૧

વ્યાધિ સમો રાગ રિપુ ગણાય,
ઇન્દ્રિય જીત્યે ઝટ તે હણાય;
આહાર ઓછો કરજો દવા તે,
એકાન્તમાં વાસ ખરી હવા છે. ૨૨

બિલાડીનો ત્રાસ સમીપ-વાસે,
માની ભલા ઉંદર દૂર નાસે;
માને મુનિ સ્ત્રી-સહવાસ તેવો,
સ્ત્રીના મુકામે નહિ વાસ લેવો. ૨૩

ના બ્રહ્મચારી સ્ત્રી-સુરૂપ ચિંતે,
વિલાસ-હાસ્યે મન કેમ રૂંધે?
મંજુલ વાણી વળી અંગ-ચેષ્ટા
ભાવે ન જુએ કદી આત્મદ્રષ્ટા. ૨૪

સ્ત્રી-કીર્તને કેમ ધરે પ્રીતિ તે?
સ્ત્રી-સુખ ના સ્વપ્ન વિષે ય ચિંતે;
જો ધ્યાન ને બ્રહ્મયમે વિચારો
તો આચરો આ હિતના પ્રકારો. ૨૫

મુનિ ભલે ઉત્તમ દેવી જોયે
ના મોહ પામે, ધરી ગુપ્તિ તોયે
એકાંત, નારીથી રહિત વાસ
તેને ય જાણો હિતકારી ખાસ. ૨૬

સાધુ, મુમુક્ષુ ભવભીરુ કોય,
જે મોક્ષમાર્ગે સ્થિર હાલ હોય,
તેને નહીં દુસ્તર કોઈ એવું,
યુવાન નારી રૂપવંત જેવું. ૨૭

સ્ત્રી-કામના જે મૂળથી ઉખેડે,
તે કામના સર્વ સદાય છોડે;
મોટા સમુદ્રો તરનાર કોય
ગંગાનદીનો ન હિસાબ જોય. ૨૮

ત્રિલોકના દુઃખતણું જ મૂળ
છે કામના ભોગ તણી જ શૂળ;
તે ભોગનો રાગ તજી દીધાથી
ત્રિતાપ છૂટે, ટકતી સમાધિ. ૨૯

તત્કાળ ભોગો રસવર્ણવંત
કિંપાક જેવા પણ દુષ્ટ અંત;
સાધુ સમાધિ, તપ ઇચ્છતા જે
પંચેન્દ્રિયાર્થે ન જરાય રાચે. ૩૦

ઇન્દ્રિય સર્વે વિષયે પ્રવર્તે,
ને વિષયો ઇન્દ્રિય યોગ્ય વર્તે,
વ્યાપાર એવો સહજે બને જ્યાં
અપ્રિય કે પ્રિય જીવો ગણે ત્યાં. ૩૧

તે રાગ કે દ્વેષથી દુઃખી થાય
દૃષ્ટાંત તેનાં જગમાં ઘણાંયઃ—
રૂપે પતંગો દીપમાં બળે છે,
સંગીતથી વ્યાધ મૃગો છળે છે, ૩૨

કો નાગ ઝાલે જડી-બુટ્ટી-ગંધે,
જો મત્સ્ય-તાલુ રસશૂળ વીંધે,
સ્પર્શે મરે છે ઝૂંડ-મુખ પાડો,
હાથી ન જોતો મનદોષ-ખાડો. ૩૩

નીરાગીને વિષયદુઃખ શાનાં?
લેપાય ના પંકજ પંકમાંનાં.
બીજાં મહાપાપ વિષે તણાય,
જે વિષયાસક્તિ વડે હણાય. ૩૪

સુખી થવા અન્ય જીવો હણે તે
દુઃખી કરે, વાણી જૂઠી ભણે છે,
માયા રચે, ચોરી કરી ન લાજે,
પરિગ્રહે તત્પર સાધુ, ગાજે. ૩૫

દુર્દમ્ય દોષે જીવ દુઃખી થાય,
ના વાંક તેમાં પરનો જરાય;
ક્યાંથી વિચારે ગુરુયોગ વિના
કે વિષયાર્થી કદી કો સુખી ના? ૩૬

પ્રાપ્તિ અને રક્ષણકાજ દુઃખી,
ને ભોગકાળે વ્યયથી ન સુખી,
વિયોગનું દુઃખ સદાય સાલે;
તૃપ્તિ થવાની નહિ કોઈ કાલે. ૩૭

સદ્‌બોધ વિના નહિ મોહ જાય,
સંસારનાં સુખ નહીં તજાય;
શ્રદ્ધા વિના ના દુખ દૂર થાય,
આત્મિક આનંદ નહીં ચખાય. ૩૮

સદ્‌ગુરુનો યોગ સદા વિચારો,
મોક્ષાભિલાષા ઉરમાં વધારો,
આજ્ઞા સુગુરુની ઉઠાવશો જો
ટાળી પ્રમાદો, સુખ પામશો તો. ૩૯

[૧]અજ્ઞાન ને [૨]સંશય ટાળવાથી,
[૩]ધર્મે સદા આદર ધારવાથી,
ના [૪]રાગ કે [૫]દ્વેષ વશે વસ્યાથી,
[૬]સ્મૃતિ-ભુલાવાથી દૂરે ખસ્યાથી, ૪૦

ને [૭]સાવધાની ત્રણ યોગ કેરી
[૮]વિનાશ વિપર્યયનો કર્યાથી—
એ આઠ રીતે તજતાં પ્રમાદ
જ્ઞાની ગણે જાગૃતિ અપ્રમાદ. ૪૧

ઇન્દ્રિયના વિષય પાંચ ધાર,
ને ક્રોધ, માયા, મદ, લોભ ચાર,
સ્ત્રી-રાજ-આહાર-ભૂમિ કથાઓ,
નિદ્રા, પ્રીતિ—પંદર એ પ્રમાદો. ૪૨

'**ગોમ્મટસારે**' બહુ ભેદ ભાખ્યા,
વિસ્તાર-રુચિ જીવ કાજ દાખ્યા;
ટાળે મુનિ સૂક્ષ્મ વિચારી દોષ,
તો શુદ્ધ આત્મા કરી જાય મોક્ષ. ૪૩

સંસારમાં વૃત્તિ રહે લગાર,
મુમુક્ષુતા તીવ્ર લહો ન સાર;
માટે મૂકીને પરભાવ સર્વ
ધારો સ્વભાવે મન, મૂકી ગર્વ. ૪૪

ઉન્માદ ને આળસ છોડી, જોડો
આજ્ઞા વિષે ચંચળ ચિત્ત-ઘોડો;
જો વ્યર્થ કાર્યે પળ એક ખોશો
હારી જશો, હા! ભવ સર્વ, રોશો. ૪૫

દ્યો લક્ષ ઓછો કરવા પ્રમાદ
તો માર્ગ-વિચાર ટકે સુસાધ્ય,
વિચારથી માર્ગ વિષે સ્થિતિ છે,
એવા પ્રયત્ને સ્મૃતિ ના ચૂકીજે. ૪૬

મૃત્યુ પ્રમાદે જીવને સતાવે
કે મોહ અજ્ઞાન વડે મુઝાવે;
વિયોગ સૌ પ્રિયજનો તણો કે
લક્ષ્મીતણાં સુખતણો ય લોકે, ૪૭

કે દુર્ગતિનો ડર જો ડરાવે
તેથી અશાંતિ ઊભરાઈ આવે.
માટે ભજી લ્યો ભગવંત ભાવે,
તે આશ્રયે જ્ઞાનથી શાંતિ આવે. ૪૮

તીર્થંકરો કર્મ કહે પ્રમાદ,
આત્મા અકર્મે ગણ અપ્રમાદ;
સંસાર કાર્યે અવકાશ છે જ્યાં,
માનો પ્રમાદે નિજ વર્તના ત્યાં. ૪૯

ના કોઈ ભાવો અવકાશ પામે
આત્મા વિના, કેવળ અપ્રમાદે,
સ્વપ્ને ય સંસાર ચહે ન તેવા
જ્ઞાની, સદા ઉદય વેદી લેવા ૫૦

સંભાળી સંભાળી દશા ટકાવે-
વ્યામોહનો સંભવ છે પ્રમાદે.
મુમુક્ષુએ એ સ્મૃતિ રાખવાની
વૈરાગ્ય અત્યંત વધારવાની. ૫૧

કાર્યે પ્રસંગે શીખ આ ન ભૂલે,
તો તે ટકે જાગૃતિ-મોક્ષમૂલે.
સંસારમાં નિર્ભયતા ન ધારો
પ્રારબ્ધ કાળે સમતા વધારો. ૫૨

☆
☆☆

૯

# *મહાવીર દેવ

## ભાગ ૧

(હરિગીત)

★

જય દેવ! અગણિત ગુણ સ્વામી, **વી**ર, **મ**હાવીર સ્વામી જે,
સુરવર પૂજે જેને છતાં પોતે સદા નિષ્કામી છે.
વળી મળી મહાવીરથી શકે સુખ મોક્ષનું માટે **ન**મું
**અ**તિવીર, **મ**હાવીર, **સ**ન્મતિ પ્રભુ-ગુણમાં ભાવે રમું. ૧

બળવાન બીજો પાપ હણનારો **મ**હાવીરથી **ન**થી,
જુગ જુગ જૂની લાંબી કથા સંક્ષેપથી કહીં આ મથી.
સંસાર ત્રાસ ભરેલ તેથી છૂટવા જન ઇચ્છશે,
વળી મોક્ષમાર્ગ પમાય શાથી, એમ પોતે પૂછશે. ૨

જે ક્ષેત્રમાં મુનિગણ અનંત વિદેહ મુક્ત થયા હતા,
ભાવિ વિષે પણ મુક્ત થાશે, હાલ પણ મોક્ષે જતા,
તેવા **વિ**દેહ વિષે મનોહર **મ**ધુક વન વિલસી રહ્યું
યાત્રા જતાં **સા**ગરમુનિને કર્મયોગે શું થયું? ૩

તે વન વિષે **પુ**રૂરવા ભીલરાજ સાથી સહ વસે,
મૃગ માની મુનિવરને અરે! તે ભીલ હણવાને ધસે;
કલ્યાણકારી **કા**લિકા રાણી મના કરતી કહે :—
"હે નાથ, હણવા ના જતા, વનદેવ એ, સૌને દહે. ૪

---

* આસો વદ ૧૨ ગુરુ, સં. ૧૯૯૪, તા. ૨૦-૧૦-૧૯૩૮

તેને નમી પૂજા કરો, ભલું ભીલ સર્વેનું થશે,''
સુણી વાણી રાણીની ભલી, ભીલ ભાવસહ ભક્તિ-વશે
મુનિને નમી પૂજા કરે, ત્યાં મુનિ દયાળુ ઉચ્ચરે :
''રે! ધર્મથી ત્રણ લોકની લક્ષ્મી મળે જો આચરે. ૫

મદિરા, મધુ ને માંસ, અંજીર, ઉમરડાં, ટેટા તજો,
સાચા જિનેશ્વર માની હિંસાદિ તજી અણુ-યમ ભજો;
વ્રત બાર પાળો શ્રાવકોનાં, તે સદા સુખદાયી છે,
જો ટેક રાખીને નિભાવે સ્વર્ગસુખ અનુયાયી લે.'' ૬

મુનિવાત માની મોક્ષમાર્ગે ચાલતાં ભીલભવ ગયો,
અંતે સમાધિ સહિત મરી તે દેવ ધર્મ-બળે થયો;
વળી અવધિબળથી જાણી સુર તે જ્ઞાનીની ભક્તિ કરે,
ભવ દેવનો પૂરો કરીને ભરતસુત થઈ અવતરે. ૭

દાદા ઋષભ સાધુ થયા ત્યારે મરીચિ મુનિ બને,
તજી ચક્રવર્તી તાતને દાદા સહિત વસતા વને;
દાદા ઊભા ધ્યાને વને સ્થિર માસ ષટ્ મેરુસમા
અકળાય ભૂખે મરીચિ આદિ રાખી તેની ના તમા. ૮

થોડા દિનો ખમી દુઃખ થાક્યો, ભેખથી ભૂખ ના ટળે,
ઘર સાંભર્યું પણ ચિત્તમાં ભય ભરતનો તે અટકળે;
ખાવાં ફળો, પીવું સરોવર-જળ અને વસવું વને,
એવા વિચારે વર્તતાં તે નિંદ્ય-આચારી બને. ૯

તે વેષ મૂકી વર્તવા વનદેવ ધમકાવી કહે,
તેથી તપસ્વી-વેશ ધારી વન વિષે ફરતો રહે;
શાસ્ત્રો રચે વિપરીત મતનાં શિષ્યને શીખવે વળી,
ગ્રહતો નહીં, નિન્દે—કહે જે ધર્મ ઋષભ કેવળી. ૧૦

જે ધર્મના આધારથી ભીલ સુરસુખો પામ્યો અતિ,
તે, ચક્રવર્તી કુમારપદ પામી, તજ્યે શું થઈ ગતિ?*
અજ્ઞાનતપથી દેવ[૧] થઈ બ્રાહ્મણ [૨]જટિલ નામે થયો,
ઊછરી અયોધ્યામાં હવે તે વેદશાસ્ત્રો ભણી ગયો. ૧૧

સંન્યાસી થઈ તપ તપી ફરી તે દેવ[૩] થઈ બ્રાહ્મણ થયો,
તે [૪]**પુષ્પમિત્ર** સુનામથી વળી તે જ નગરે ઊછર્યો;
સંસાર ત્યાગી સાંખ્યમત વિસ્તારતો તે વિચર્યો
મરી દેવ[૫] ગતિમાં ઊપજ્યો વળી વિપ્રરૂપે અવતર્યો. ૧૨

તે [૬]**અગ્નિસહ**ના નામથી વળી ત્યાગી પરિવ્રાજક બન્યો,
પછી દેવ[૭] થઈ વળી વિપ્ર[૮] **મંદિરપુર**માં શાસ્ત્રો ભણ્યો;
સંસ્કાર જૂના જાગતાં સંન્યાસ લઈ તપ આદર્યું,
મરી દેવ[૯] થઈ, મંદિરનગરે વિપ્ર કર્મ કર્યા કર્યું. ૧૩

ધરી નામ [૧૦]**ભાર**દ્વાજ તે ત્રિદંડી થઈ સ્વર્ગે ગયો,
ત્યાંથી મરી કુકર્મના ઉદયે અધોગતિમાં રહ્યો;
એકેન્દ્રિયાદિ ભવ કર્યા સંખ્યારહિત વર્ષો સુધી.
મિથ્યાત્વનાં ફળ દુઃખદાયી ચેતજો શાણા સુ-ધી. ૧૪

બળવું ભલું અગ્નિ વિષે કે ઝેર પી મરવું ભલું,
કે ડૂબવું દરિયે ભલું વા સિંહસંગે એકલું
વસવું વને તે તો ભલું; પણ સેવવો કુસંગ ના.
સંકટ નડે સૌ એક ભવ, મિથ્યાત્વ નડતું ભવ ઘણા. ૧૫

હિંસાદિ પાંચે પાપ ને મિથ્યાત્વ તોળો તાજવે
તો પાપ મિથ્યાત્વે થતું મેરુ ગિરિ સમ સરસવે;
જ્ઞાની કહે તેથી તજો મિથ્યાત્વ ભયકારી મહા,
મુમુક્ષુ તો તે ટાળવા સમ સેવતા નહિ કો ઇહા. ૧૬

* મરીચિ પછીના મહાવીર પ્રભુના ૨૭ પૂર્વ ભવ આંકડાથી દર્શાવ્યા છે.

બહુ નીચ યોનિમાં ભમી, તે જીવ મરીચિનો હવે
થઈ **રા**જગૃહીમાં વિપ્ર [11]**સ્થા**વર ધર્મ કુળનો સાચવે,
મિથ્યાત્વના સંસ્કારથી ભણી વેદ ત્રિદંડી થયો,
તપ કાય-ક્લેશાદિ તપી તે પાંચમે સ્વર્ગે ગયો. ૧૭

પછી **રા**જગૃહીમાં [12]**વિ**શ્વનંદી પાટવી કુંવર થતાં,
તેના પિતાએ એક દિન નભ-અભ્ર નષ્ટ થતાં દીઠાં;
વૈરાગ્યવેગે રાજ્ય સોંપી ભાઈને, દીક્ષા લીધી,
યુવરાજપદ પર વિશ્વનંદીએ સ્વ-બળ-વૃદ્ધિ કીધી. ૧૮

**વિ**શાખભૂતિ નામ નૃપનું, પુત્ર સ્વચ્છંદી અતિ,
યુવરાજ-બાગ-વિલાસ દેખી કરી પિતાને વિનતિ;
કે મોહવશ નૃપ મોકલે યુવરાજને અરિ જીતવા,
પાછળ સમાચારો મળ્યા એ બાગ-વંચક અવનવા. ૧૯

યુવરાજ ક્રોધભર્યો ફર્યો પાછો, ગયો નિજ બાગમાં,
નૃપસુત સંતાતો ફરે તેને લીધો ત્યાં લાગમાં;
જ્યાં સ્તંભ પથ્થરનો હતો, તેની પૂંઠે સંતાયલો
જાણી, મૂઠીથી સ્તંભ તોડ્યો, દેખી અરિ ગભરાયલો- ૨૦

ધિક્કાર વિષયો પર છૂટ્યો યુવરાજને વૈરાગ્યથી,
તેથી તજીને રાજસુખ, દીક્ષા ગ્રહે એ ભગવતી;
વિશાખભૂતિ પણ હવે પસ્તાય પાપી કામથી,
ઝટ જૈન દીક્ષા તે ગ્રહે સંસારતાપ વિરામતી. ૨૧

નૃપપુત્ર વ્યસની નીકળ્યો, રે! જાય વેશ્યામંદિરે,
નિજ રાજ્ય સર્વ ગુમાવીને નીચ નોકરી નૃપની કરે;
તે એક દિન બેઠો હતો **મ**થુરા વિષે વેશ્યાઘરે,
ત્યાં ઓળખ્યા મુનિ વિશ્વનંદી, ઘોર તપ જે આદરે. ૨૨

સૂકું શરીર મડદા સમું શક્તિ વિનાનું લઈ ફરે,
ગોવત્સના ધક્કા વડે પડતા દીઠા રસ્તા પરે;
તે દુષ્ટ હાંસીમાં કહે : ''બળ સ્તંભ-તોડ, બતાવ રે!
એ ક્યાં ગયું બળ આકરું? દુર્બળ દીસે તન સાવ રે!'' ૨૩

મુનિ માનવશ ક્રોધે ભરાયા લાલ નેત્રે ઉચ્ચરે :
''હાંસીતણું ફળ ચાખશે મુજ તપબળે તું આખરે.''
'સર્વસ્વ તારું હું હરું' એવું નિદાન કરી મરે.
નિદાન સંતો નિંદતા, દે દુર્ગતિ, તપ સૌ હરે. ૨૪

તે દેહ તજીને દેવલોકે[૧૩] દેવરૂપે વિલસે;
વિશાખભૂતિ પણ તે જ સ્વર્ગે શુદ્ધ તપબળથી વસે.
વિશાખભૂતિનો જીવ **પો**દનપુરમાં પછી અવતરે
નરપતિ-ઘરે, બળરામપદ સહ **વિ**જય નામે ઊછરે. ૨૫

જીવ વિશ્વનંદીનો થયો લઘુ ભાઈ વિજયનો હવે,
ત્યાં પ્રથમ હરિરૂપે સુખો [૧૪]**ત્રિ**પૃષ્ટ નામે ભોગવે;
કરનાર મુનિની મશ્કરી તે દુષ્ટ દુઃખે બહુ ભમી,
અતિ પુણ્યયોગ વડે થયો વિદ્યાધરેશ પરાક્રમી. ૨૬

એ **અ**શ્વગ્રીવ ત્રણ ખંડ જીતી અર્ધચક્રી-પદ ધરે,
**અ**લકાપુરીમાં ચક્રરત્ન સહિત સુખ માણ્યા કરે.
ત્રિપૃષ્ટ વિદ્યાધર-સુતા પરણ્યો, સુણી ક્રોધે ભર્યો
આ અશ્વગ્રીવ જે અર્ધ-ચક્રી, યુદ્ધ કરવા સંચર્યો. ૨૭

હારી ગયો ત્રિપૃષ્ટથી ત્યાં ચક્ર હણવા ફેંકિયું,
ત્રિપૃષ્ટની જમણી ભુજા પર શાંત થઈ વિરાજિયું.
એ અશ્વગ્રીવ તે ચક્રથી મરી સાતમી નરકે પડે,
ક્યાં અર્ધચક્રીસુખ ને ક્યાં કષ્ટસાગરમાં રડે! ૨૮

તે ચક્રરત્ને જીતિયા ત્રણ ખંડ ત્રિપૃષ્ટે પછી,
લે સર્વની તે શ્રેષ્ઠ વસ્તુ ભોગવે એ નૃપતિ.
છે રાણી સોળ હજાર, તેવી સર્વ સામગ્રી અતિ,
પણ ભોગમમતા પાપનાં મૂળ આપતાં ખોટી ગતિ. ૨૯

સદ્‌ધર્મને ભૂલી પરિગ્રહ-પાપમાં મરતાં લગી,
ત્રિપૃષ્ટ વાસુદેવ વસિયો તજી દયાને મૂલગી;
મરી [૧૫]સાતમી નરકે ગયો, ત્રાસી અરે! પસ્તાય ત્યાં :
"માર્યા ઘણા જીવો, અરે! નરભવ ગયો અન્યાયમાં. ૩૦

દુર્બુદ્ધિવશ પાપો કરી રે! ધનતણા ઢગલા કર્યા,
ખાધા અખાદ્ય પદાર્થ મેં, આચાર ભૂંડા આચર્યા.
રે! પરમ ધર્મ ધર્યો નહીં, વ્રતનિયમો વિસારિયા,
શીલ, દાન, તપ ભાવો ક્ષમાદિ નરભવે ના ધારિયા. ૩૧

હા! હા! પડ્યો દુખસાગરે, કોનું શરણ શોધું હવે?
હું ક્યાં જઉં? કોને પૂછું? રે! કોણ મુજને સાચવે?"
ત્યાં તો પકડતા નારકી બીજા ભયંકર ક્રોધી જે,
અંગો ચીરે ને નેત્ર કાઢે, છેદી છેદી રાંધી દે. ૩૨

પાછું શરીર આખું થતાં તે વન વિષે દોડી ગયો,
ત્યાં સિંહરૂપી નારકીના નખ-મુખે દુઃખી થયો;
રે! નરકભૂમિની વેદના વધુ વીંછી ડંખ હજારથી,
ખાવાપીવાનું ના મળે, દુખી તરસ ભૂખ અપારથી. ૩૩

વાણી-અગોચર દુઃખ ભારે; ટાઢ કેમ ખમાય ત્યાં
લોખંડનો મેરુ મૂક્યે શતખંડ શીતથી થાય જ્યાં?
મન-વચન-તનથી, પર થકી ને ક્ષેત્રથી દુખ થાય જ્યાં
દિનરાત દુઃખો ભોગવે, નહિ આંખ પણ મીંચાય ત્યાં! ૩૪

ત્રિપૃષ્ટના વિયોગથી બળભદ્ર વૈરાગી બને,
મુનિપદ ધરી તપ-ધ્યાનથી તે સર્વ કર્મોને હણે;
તે મોક્ષપદવી પામિયા, જ્યાં જ્ઞાન-વીર્ય-અનંતતા
બાધારહિત ત્રિકાળ ત્યાં છે આત્મ-પરમાનંદતા. ૩૫

બે ભાઈમાં ગતિભેદ પાડે કર્મશત્રુ જો, ખરે!
અગણિત વર્ષો નરક-દુઃખે જાય, રીબી, આખરે
**વ**નિસિંહ ગિરિ ઉપરે તે [૧૬]સિંહ રૂપે અવતરે,
હિંસાદિ પાપે સિંહ મરી, ફરી નરકખાડે[૧૭] ઊતરે. ૩૬

ત્યાંથી છૂટી આ ભરતના **હિ**મવાન પર્વત ઉપરે,
તે [૧૮]સિંહ બની વિકરાળ રૂપે ક્રૂરતા કરતો ફરે.
મૃગ મારીને ખાતો હતો, ચારણ મુનિ ત્યાં આવિયા,
આકાશથી ઊતરી મુનિ પથ્થર ઉપર બિરાજિયા. ૩૭

શ્રી તીર્થપતિ **શ્રી**ધર કને વિદેહમાં મુનિએ સુણી
હતી વાત કે હિમવાન પર વસનાર સિંહ મહાગુણી;
તે તે જ ભરતે તીર્થપતિ ચોવીસમા, દશમે ભવે,
નામે મહાવીર અવતરી બહુ તારશે જીવો હવે. ૩૮

તેથી સ્મૃતિ ભવ પૂર્વની કૈં આપવા મુનિ બોલતા :
"હે ભવ્ય મૃગપતિ! શબ્દ સુણ, તુજ હિતપડદા ખોલતા,
ત્રિપૃષ્ટ નારાયણ થઈ ઇન્દ્રિય સુખ તેં આદર્યાં,
ત્રણ ખંડનો સ્વામી છતાં ના ધર્મકાર્યો તેં કર્યાં. ૩૯

વિષયાંધ રહી, પાપો કરી, મરી સાતમી નરકે ગયો,
ત્યાં નારકી જીવો વડે અતિ ઘોર પીડા પામિયો.
ત્યાં તું શરણ બહુ શોધતો પણ કોઈ રક્ષક ના જડ્યો,
ત્યાંથી મરીને સિંહ બની હિંસાથી ફરી નરકે પડ્યો. ૪૦

તે ત્રાસદાયક સ્થાનથી છૂટી સિંહ ભવ આ પામિયો,
તોયે અરે! ક્રૂરતા તજે ના, નરક દુઃખો ભૂલી ગયો?
જો શીઘ્ર ક્રૂરતા તું તજી સલ્લેખના વ્રત આદરે,
તો પાપ-કારણ-વારણે શુભ દેવગતિ હજીયે વરે.'' ૪૧

મુનિ-વચનથી જાતિ-સ્મરણ સુજ્ઞાન પામી જાગિયો,
સંસારનાં દુઃખો વિચારી સર્વ અંગે કંપિયો;
રે! આંખથી આંસુ વહે પસ્તાય અતિશય પાપથી,
'હું સિંહભવમાં શું કરું?' એવું વિચારે આપથી. ૪૨

પ્રેમે મુનિ પાસે પધાર્યા શાંત વૃત્તિ ઓળખી,
ભવ પૂર્વના સૌ યાદ દે માંડી પુરૂરવ ભીલથી.
'દશમે ભવે તું તીર્થપતિ બનનાર છે' એ સાંભળી
ચેતાવવા હું આવિયો, તુજ પુણ્ય આવ્યાં ઊછળી. ૪૩

સાધુ **અજિતંજય** હવે ઉપદેશ દે કરુણાકરુ:
''ભવ-હેતુ આ ચિરકાળનું મિથ્યાત્વ વમ તું આકરું.
તું આત્મશુદ્ધિ-હેતુ આ સમ્યક્ત્વ ધારણ જો કરે,
તો તીર્થપતિપદ પામીને ત્રૈલોક્યની વિભૂતિ વરે. ૪૪

સાધક નહીં સૌ હિતનો સમ્યક્ત્વ સમ સદ્ધર્મ કો;
મિથ્યાત્વ સમ નહિ પાપ બીજું, કોષ સર્વ અનર્થનો.''
સમ્યક્ત્વ સહ વ્રત બાર ને *સંન્યાસ પણ તે આદરે,
માંસાદિ હિંસાહેતુ તજતાં મરણનો ડર ના ધરે. ૪૫

મુનિમુખ થકી સદ્ધર્મરૂપ અમૃતરસ ઝરતો પીને,
વિશુદ્ધ મનથી સિંહ મુનિને પરિક્રમા ત્રણ આપીને,
મસ્તક નમાવી વ્રત વિચારી સંયમી ભાવે રહ્યો;
ચિત્રેલ સિંહ સમાન દીસે, બોધમાં તન્મય થયો. ૪૬

---

* સંથારો, સલ્લેખના, અનશન

સુસમાધિ સહ તે સિંહ મરીને **સિં**હકેતુ સુર[૧૯] થયો,
ને તીર્થપતિ આદિ તણા ઉપદેશ સુણવા પણ ગયો;
યાત્રા પૂજાદિ ભક્તિ સહ સુખ સ્વર્ગનાં પૂરાં કરી
તે ધાતકી ખંડે વિદેહે રાજપુત્ર થયો મરી. ૪૭

ધરી નામ [૨૦]**ક**નકોજ્જ્વલ સુશાસ્ત્રો ભણી સુમેરુ ગિરિ ગયો;
ત્યાં મુનિ અવધિજ્ઞાનીનો તેને સમાગમ શુભ થયો.
તે ધર્મની પ્રાપ્તિ થવા વંદન કરીને પૂછતોઃ—
''મુનિરાજ, ધર્મસ્વરૂપ શું, જીવ જેથી મોક્ષે પ્હોંચતો?'' ૪૮

હિતકારી વાણી જ્ઞાની મુનિ કરુણા કરીને ઉચ્ચરે :
''સુણ બુદ્ધિમાન, સુધર્મ તે જે ભવ-જળેથી ઉદ્ધરે,
છે તૃણ સમા જે રંક તે ત્રિલોકપતિ તેથી બને,
આ લોકમાં પણ સંપદા પામી પ્રસારે કીર્તિને. ૪૯

ઉત્તમ પદો જગનાં બધાં સુધર્મ પાળ્યાનાં ફળો,
તે ધર્મ કેવળીએ અહિંસામય કહ્યો છે નિર્મળો;
યતિધર્મ મોક્ષ-ઉપાયરૂપ સર્વાંગ યૌવનમાં ધરો,
ને ક્રોધ-કામાદિ અરિ નિર્મૂળ તપ-શસ્ત્રે કરો.'' ૫૦

સુણી વાણી એ ગુણખાણી વિદ્યાધર વિચારે છે : ''અરે!
મૃત્યુ ફરે માથા પરે, બહુ બાળને પણ તે હરે!
જે ધર્મ ભૂલે તે બધા કરી પાપ મૃત્યુમુખ પૂરે.''
તજી સંગ સૌ, દીક્ષા ધરી; ઉલ્લાસ બહુ તેના ઉરે. ૫૧

અંતે તજીને દેહ-મમતા, વરી સમાધિ, તે મરી
સુખ ભોગવે [૨૧]સુરલોકનાં પણ ધર્મ જાય ન વીસરી,
શુભ ભાવના બહુ ચિંતવે, સમકિત-બળ ચિત્તે ધરે,
ત્યાંથી ચ્યવી [૨૨]**હ**રિષેણ નૃપરૂપે અયોધ્યા અવતરે. ૫૨

જ્ઞાનપંચમી, શુક્ર, સં. ૧૯૯૫

☆
☆☆

# ૧૦
# મહાવીર દેવ
## ભાગ-૨

(હરિગીત)

★

યૌવન વયે હરિષેણ રાજા રાજ્ય-પદ-સુખ વિલસે,
સમ્યક્ત્વ સહ યમ બાર ધરી, મુનિભાવમાં મન ઉલ્લસે;
તે એક દિન વિચારતા વિવેકપૂર્વક શાંતિમાં :
"હું કોણ છું? આ શરીર શું? ક્યાં સુધી ભમવું ભ્રાંતિમાં? ૧

અવિનાશી સુખ શાથી મળે? તૃષ્ણા શમે શાથી હવે?
કર્તવ્ય શું સંસારમાં? વળી અહિત શું શું સંભવે?
આ મોહ ને વિષયો સમું નથી અહિતકર્તા કોઈએ,
છે વિષયસુખ તો વિષ સમું, તપ આત્મહિતે જોઈએ. ૨

હું શરીર-મમતાને તજી, ભજી તે જ તપ, મુક્તિ વરું;
આ રાજ્ય તજી હું જ્ઞાન વૈરાગ્યે મુનિપદ આચરું."
એવું વિચારી, લીધી દીક્ષા **શ્રુ**તસાગર મુનિ-કરે,
ભણી, સિંહ સમ એકાકી વિચરી આકરાં તપ આચરે. ૩

આરાધનાઓ સેવી ચાર સમાધિમૃત્યુથી મરે,
પછી દેવ [૨૩]દશમા સ્વર્ગમાં થઈ આત્મહિત ના વીસરે;
ત્યાંથી ચ્યવી **પું**ડરીકિણી પુરીમાં જનમ નૃપઘર ધરે,
[૨૪]**પ્રિય**મિત્ર નામ યથાર્થ ધારે; પૂર્વ પુણ્ય સુખી કરે. ૪

તે રાજ્ય કરતાં રત્ન ચૌદે પામિયા, ચક્રી બની
ષટ્ ખંડ જીતી, ઇન્દ્ર સમ દેવાદિ-સેવા લે ઘણી.
દિન એક દર્શન તે કરે જિનેશ **ક્ષે**મંકર તણાં,
પૂજી પ્રભુને ભાવથી વચનો સુણે હિતનાં ઘણાં. ૫

ભગવાન બારે ભાવનાનો બોધ દઈ અંતે કહે:
''સુખી સુખવૃદ્ધિ સાધવા, દુખી દુઃખ દળવા જો ચહે,
તો ધર્મસેવન જરૂરનું ગણી તે જ કાર્ય કર્યા કરે;
આયુષ્ય ને સંસાર સૌ ક્ષણ ક્ષણ વિનાશિક છે, અરે! ૬

ઘર સાપના દર રૂપ જાણી બુદ્ધિમાને ત્યાગવું,
તૃષ્ણા તજી સદ્ધર્મ-સેવનમાં અહોનિશ જાગવું.''
પછી ચક્રવર્તી ચિંતવે આ દિવ્ય ધ્વનિના મર્મને:
''નહિ તૃપ્તિ મન માને કદી અવલંબતાં આ કર્મને. ૭

રે! મૂર્ખ કોઈ લાગતામાં તેલ રેડી ઓલવે,
તેવું કર્યું મેં શાંતિ સારુ વિષય ભોગો ભોગવ્યે.
જે શરીરથી ભોગો મળે તે મૂત્ર-મળની ખાણ છે,
આ પાપકારણ રાજ્યને ધિક્કાર! ધૂળ સમાન એ. ૮

છન્નું હજારે રાણીઓ રે! પાપની સૌ ખાણીઓ,
કુટુંબના બંધુજનો બંધન સમાન પ્રમાણી લ્યો;
વળી વિત્ત વેશ્યાસમ ગણો, નહિ એકને સેવે કદી,
રે! વિષય-સુખ સૌ ઝેર જાણો, ક્ષણિક સામગ્રી બધી. ૯

હું જ્ઞાન-તલવારે હવે આ મોહબંધન કાપીને,
જગપૂજ્ય દીક્ષા આદરું છું, પ્રભુ-પદે શિર થાપીને.
સંયમ વિના દિન આટલા ખોયા અરે! મેં પાપીએ,
તે દિન પાછા કોઈ દે તો રાજ્ય સઘળું આપીએ. ૧૦*

* જ્ઞાનપંચમી

અર્હંત-દીક્ષા દુર્લભા સૌ દેવ, તિર્યંચાદિને,
રે! ચક્રવર્તી મુક્તિ માટે પાળતા દુખ વેઠીને.''
સદ્‌ધર્મની દઈ દેશના કરતા સદાય પ્રભાવના,
સંન્યાસ સહ સાધી સમાધિ-મરણથી આરાધના. ૧૧

તે સુર [૨૫]**સ**હસ્રારે થયા, છે **સૂ**ર્યપ્રભુનું નામ જ્યાં,
અવધિ વડે જાણી લીધું કે ધર્મફળ સુખરૂપ ત્યાં.
વળી ધર્મ-ચર્ચા, દેવપૂજા, ભક્તિ, કલ્યાણક સમે
તત્પર રહે ઉલ્લાસથી, સુખપૂર્ણ જીવન નિર્ગમે. ૧૨

તે નગર **છ**ત્રાકારમાં ત્યાંથી ચ્યવીને અવતરે
ને [૨૬]**નં**દકુંવર નામ ધારે **નં**દિવર્ધન નૃપ-ઘરે.
સમ્યક્ત્વ સહ નિર્મળ ધરે વ્રત બાર સમજુ ઉમ્મરે,
પછી રાજ્ય મળતાં ધર્મવૃદ્ધિ-કાર્ય ઉલ્લાસે કરે. ૧૩

**પ્રો**ષ્ઠિલ મુનિના દર્શનાર્થે એક દિન રાજા ગયા,
સુણી બોધ દશ યતિધર્મનો, તે મોહનીંદથી જાગિયા.
નિર્મળ મને વિચારતા : ''સંસાર દુખદરિયો, ખરે!
આ ક્રોધ-કામાગ્નિ ભભૂકે દેહઝૂંપડીમાં અરે! ૧૪

ઇન્દ્રિયચોરો ધર્મધનને ચોરતા ધોળે દિને;
જ્યાં ચક્રવર્તી દુઃખિયા ત્યાં સુખ શું રંકાદિને?
ઇન્દ્રિયસુખ વિચારતાં નહિ ભોગયોગ્ય જણાય તે.''
એવું વિચારી મુનિ બની, શ્રુતપારગામી થાય તે. ૧૫

તપ બાર ભેદે આચરે, ધ્યાને રહે અતિ મગ્ન એ,
મૈત્રીપ્રમુખ સૌ ભાવનાઓ ભાવતા મુનિ સુજ્ઞ તે,
દર્શનવિશુદ્ધિ આદિ સોળે હેતુ તીર્થંકરપદે
દૃઢ ભાવથી ભાવી ઉપાર્જ્યું જિન-બીજ જે મોક્ષ દે. ૧૬

આરાધના ધારી સમાધિ-મરણ કરી મુનિ પામિયા
શુભ ઇંદ્રપદ **અચ્યુત**[૨૭] સ્વર્ગે સુખની ત્યાં ખામી ના.
સૌ સાહ્યબી પુણ્યે મળી તે ધર્મનું ફળ જાણીને
ઉત્તમ રીતે આરાધનાની યોગ્યતા નથી, માનીને- ૧૭

યાત્રા, પૂજા, ભક્તિ, શ્રવણ, ચર્ચાદિમાં ભવ ગાળતા;
પ્રારબ્ધ પૂર્વિક ભોગવે, સમ્યક્ત્વથી મન વાળતા.
આ ભરતમાં વિદેહ સમ વિદેહ દેશે નગર આ
**કુંડલપુરી** નામે વિરાજે બીજું અયોધ્યા સમું મહા. ૧૮

ત્યાં શોભતાં શાં મંદિરો! શું ધ્વજા-કરથી તેડતાં?
શું સ્વર્ગવાસી ઇન્દ્ર-મનમાં મુક્તિસુખ-રસ રેડતાં!
**સિદ્ધાર્થ** રાજા, **ત્રિશલા** પટરાણી: દેવી દેવ બે;
સૌધર્મ ઇન્દ્ર છ માસ પ્હેલાં ભક્તિથી આદેશ દે– ૧૯

કુબેરને કે રત્નવૃષ્ટિ નિત્ય વર્ષાવો ભલી,
પ્રભુ ગર્ભમાં આવ્યા પ્રથમ આશ્ચર્ય સૌ કરતા વળી
સુગન્ધી જળવૃષ્ટિ, કુસુમ વર્ષાવતા નૃપ-મંદિરે.
મહિમા અહોહો! જગતગુરુનો નિત્ય નયનાનંદી રે! ૨૦

રે! એક દિન તે ત્રિશલા માતા સુખે રાતે જુએ
આનંદદાયી સોળ સ્વપ્નો, ઉર અતિ ઊભરાતું એ.
અચ્યુતથી ચ્યવી ઇન્દ્ર ત્રિશલા માતના ગર્ભે રહ્યા
એ વાત પતિમુખથી સુણીને દંપતી રાજી થયાં. ૨૧

શ્રી **વીર** જિનના ગર્ભ-કલ્યાણક મહોત્સવ કાજ આ
એકત્ર થઈને દેવ ચારે જાતિના ત્યાં આવિયા;
માતા પિતાને ભક્તિથી અભિષેક કરીને પૂજિયાં,
સ્મરી ગર્ભમાં પ્રભુને પ્રદક્ષિણા દઈને વંદિયાં. ૨૨

શોભે મહા-મા રત્નગર્ભા ભૂમિ સમ, જિન ધારીને;
પછી માસ નવમો પૂર્ણ થાતાં ચૈત્ર સુદ તેરસ દિને

જન્મ્યા મહાવીર, અવધિ આદિ જ્ઞાન ગુણથી શોભતા,
શું પૂર્વ-પુણ્ય-રવિ ઊગ્યો? ત્રિલોકમાં થઈ જ્ઞાતતા. ૨૩

વળી કલ્પતરુનાં પુષ્પની વૃષ્ટિ, સુગંધી વાયુ, જો
બહુ દેવ દોડી આવિયા, ભરી નગરની સૌ બાજુઓ;
ત્યાં આંગણામાં ઇન્દ્ર-ઇન્દ્રાણી ઘણાં શોભી રહ્યાં,
ઇન્દ્રાણી તો પ્રસૂતિગૃહે દર્શન પ્રભુનાં પામિયાં. ૨૪

જિનમાત ને જિનને નમી સ્તુતિ શચી ત્યાં ઉચ્ચરે:
''જિનદેવ-સુતને પ્રસવનારી મહાદેવી ધન્ય હે!
ત્રિલોકપતિને જન્મ આપ્યો તેથી જગમાતા તમે,
તુમ સમ નહીં સ્ત્રી અન્ય કોઈ, તેથી સૌ નમીએ અમે.'' ૨૫

પછી દેવમાયા-નીંદ આપી માતને ઇન્દ્રાણીએ
માયામયી બાળક મૂકીને ઇન્દ્રને પ્રભુ આણી દે.
પ્રભુ તેડતાં આનંદિયાં તે ઇન્દ્ર-ઇન્દ્રાણી અતિ;
સૌ દેવ જિનમુખ દેખી અનુપમ ભાવથી કરતા સ્તુતિ. ૨૬

ઐરાવતે ચઢી ઇન્દ્ર વીરને ગોદમાં લઈ ચાલિયા,
મેરુ ઉપર કરીને મહોત્સવ આવી માને આલિયા;
નિદ્રા કરી દૂર માતની લઈ પિતૃ-અંકે પ્રભુ ધરે,
બહુ લોક પુરના આવિયા અભિષેકની વાતો કરે. ૨૭

તે સર્વને સંતોષવાને ઇન્દ્ર નાટક આદરે,
સિદ્ધાર્થ વીરને ગોદમાં લઈ સર્વ દર્શાવ્યા કરે.
મેરુ ઉપર અભિષેક કીધો તે બધું નાટક કરી,
વળી પૂર્વ ભવ વીરના બતાવ્યા, ઇન્દ્ર-શક્તિ વાપરી. ૨૮

તે ઇન્દ્રજાલ સમાન નાટક દેખી સૌ રાજી થયાં,
બહુ દેવદેવી પામી સમ્યક્દૃષ્ટિ સૌ સ્વર્ગે ગયાં.
પછી આઠમે વર્ષે પ્રભુ વ્રત બાર ધરી જનમન હરે,
બહુ રાજપુત્રો સહ સુખે વનમાં જઈ ક્રીડા કરે. ૨૯

દિન એક ઇન્દ્રે સુરસભામાં વીર-વીર્ય વખાણિયું,
પણ **સં**ગમે નિજબળમદે સાચું ન તેને માનિયું.
તેથી પરીક્ષા કાજ આવ્યો વીર જે વૃક્ષે હતા,
વિકરાળ નાગ બની ચઢે વીંટાય [૧]ગાળા પર જતાં. ૩૦

સૌ રાજપુત્રો ડાળ પરથી પડી પડી નાઠા ડરી,
પણ વીર જિન નિઃશંક ઊભા સર્પ-શિર પર પગ ધરી;
ઉપસર્ગ નાનાવિધ દુખદ અતિ આકરા દેવે કર્યા,
રે! પ્રાણ છૂટે અન્યના તેવા છતાં વીર ના ડર્યા. ૩૧

આશ્ચર્ય પામી પ્રગટ થઈ તે દેવ વીરગુણને સ્તવે–
"ધીર, વીર આપ અહો! નમું છું જગમહાવીર ગણી હવે.
હે વર્ધમાન! સુદેવ નક્કી સિદ્ધિ-વધૂ વરશો તમે,
હે દેવ સાચા! આપના સ્મરણે ધીરજ વરીએ અમે." ૩૨

સ્વર્ગે ગયો તે, **વીર** જિન પણ પુણ્યફળને ભોગવે,
કોમળ કમળ સમ શરીર પણ નહિ વજ્રઘાને લેખવે.
બલ અતુલ તોયે દુઃખ દે ના નિરપરાધી જીવને,
ત્રીસ વર્ષ સુખમાં ક્ષણ સમાં વીત્યાં, હવે ભરયૌવને– ૩૩

વિચાર જાગ્યો વીરને ચારિત્રમોહ ઘટી જતાં:
"જન્મો કરોડો રે! કર્યા, નહિ પાર પામ્યો તે છતાં.
ક્યી ભૂલ ભવ-ભવમાં રહી કે ભવ હજી કરવો પડ્યો?
ફરી ફરી વિચારી ટાળી દેવી," એ વિચાર ઉરે ઘડ્યો. ૩૪

સદ્બોધના વધતા બળે એકાગ્રતા અતિ આદરી,
મૂળ ભૂલ ભગવાને દીઠી જે ટાળવી અતિ આકરી.
વૈરાગ્યવૃદ્ધિ ત્યાં થઈ, પુરુષાર્થબળ જાગ્યું અતિ,
નિશ્ચય કર્યો કે "અલ્પ વયમાં ટાળવી ચારે ગતિ. ૩૫

૧. થડમાંથી જે સ્થળે ડાળ જુદાં પડે છે તે ગાળો.

આ મોહ હણવાને હવે ધરી રત્નત્રય તપ આદરું;
ત્રણ જ્ઞાન છે પણ જ્ઞાનફળ વિરતિ વિના ઘરમાં ફરું?
તે ધન્ય! નેમિનાથ આદિ જીવન ટૂંકું જાણીને,
કુમારકાળે મોક્ષ માટે તન પીલે તપ-ઘાણીએ. ૩૬

અજ્ઞાનતામાં પાપ કીધાં તે ટળે જ્ઞાને, ખરે!
જે જ્ઞાન પામી પાપ કરતો તે છૂટે શાથી, અરે?
રે! બાલ્યકાળ તથા જુવાનીમાં રહી ઘરમાં ઘણાં,
જીવ પાપ સેવે, તેથી તજવાં પાપ ગૃહ-બંધન તણાં. ૩૭

યૌવનવયે જે કામ જીતે સર્વને જીતનાર એ,
ને આત્મજ્ઞાને કર્મ હણીને મોક્ષસુખ વરનાર તે.''
તે રાજ્યભોગાદિ થકી નિઃસ્પૃહ વીર બ્રહ્મચારી છે
ગૃહ કેદ સમ સમજી ચહે બનવા અસંગ-વિહારી તે. ૩૮

વૈરાગ્યભાવે ભાવના ભાવે વિવિધ વિચારથી :–
''[૧]મૃત્યુ ફરે માથા પરે, યૌવન જરારથ-સારથિ,
સામ્રાજ્ય, લક્ષ્મી, ભોગ સૌ વિનાશી વાદળ સમ અહા!
ક્ષણમાં જતો લૂંટાઈ નરભવ દેવને દુર્લભ મહા. ૩૯

ક્ષણ ક્ષણ વિનાશી વસ્તુ જગની સર્વ વિચારી કરું
ઉદ્યમ મહા, ઝટ મોક્ષનાં સુખ કાજ તત્પરતા ધરું.
[૨]વળી મરણકાળે શરણરૂપ નથી કોઈ સંસારી જનો;
સદ્ધર્મ, ધર્માત્મા સમા ના પ્રબળ કો અવલંબનો. ૪૦

શું શરણ અજ્ઞાની જનોનું કે કુદેવ, ધનાદિનું?
દુઃખદાયી આખર નીવડે, તે મૂળ છે મોહાદિનું.
નિર્મોહી નરને આશ્રયે સ્વ-સ્વરૂપ-સ્થિતિ સંભવે;
તેથી ન બુદ્ધિમાન એવું શરણ લે જે ભૂલવે. ૪૧

---

૧. અનિત્યભાવના. ૨. અશરણભાવના.

[3]સંસાર-વનની તનગુફામાં સિંહરૂપ દુખવાસ છે;
ઇન્દ્રિય લૂંટારા રહે ત્યાં કર્મ-અરિનો ત્રાસ છે.
ભવ, ભાવ, દ્રવ્ય, ક્ષેત્ર સાથે કાળ રૂપ સંસાર તો
પાંચે પ્રકારે રે! ભમ્યો જીવ, મોક્ષ એક જ સાર જો. ૪૨

[4]સંસારમાં જીવ એકલો જન્મે, મરે દુખ-પાંગળો,
વળી કર્મ બાંધે એકલો ને છોડશે પણ એકલો;
સુખદુઃખ કર્માધીન સૌને, કો ન લે-આપે જરી,
આત્મા અસંગ વિચારી કેવળ જ્ઞાન પામી રહું ઠરી. ૪૩

[5]માતા, પિતા, પરિજન જુદાં; નથી કોઈ જગમાં જીવનું-
સાથે રહે આ શરીર નિત્યે તો ય તત્ત્વ અજીવનું.
મન, વચન, કાયા સર્વ જુદાં, કર્મકૃત સૌ અન્ય છે,
માટે ગ્રહું હું રત્નત્રયમય શુદ્ધ રૂપ અનન્ય જે. ૪૪

[6]જ્યાં કુંડ ચામડિયા તણો મળ, માંસ, ચર્મ, રુધિર ને
બહુ હાડ, આંતરડાં, નસો, કફ, લાળથી ભરપૂર જે;
જોવા કહે કોઈ જરી તો નાક મરડે દેખતાં,
ત્યાં થૂંકવા પણ જાય ના; તેવું જ સૌના દેહમાં. ૪૫

સૌ શરીર નરનારીતણાં છે ચામડે કપડે રૂડાં,
બન્ને કરી દ્યો દૂર તો દેખાય કુંડ થકી કૂડાં.
રે! રે! અવિચારે રૂપાળી દેહ માની જીવ ભમે,
દુર્ગંધી, ગંદી કેદમાં મુમુક્ષુ જીવો ના રમે. ૪૬

બહુ પુષ્ટ હો કે શુષ્ક હો, પણ દેહ ચેહ વિષે જશે;
આ ભોગ રોગ વધારતા; તપ જ્ઞાન કેવળ આપશે.
બસ, શરીર-સુખ-ઇચ્છા તજી, અપવિત્ર તનથી તપ કરું;
રત્નત્રયી-જળ-સ્નાનથી વર મોક્ષ-હેતુ આદરું. ૪૭

---

૩. સંસારભાવના, ૪.એકત્વભાવના, ૫.અન્યત્વભાવના, ૬.અશુચિભાવના.

[૭]આ રાગ-રોષાદિ ઘણાં છિદ્રો વડે જીવનાવમાં,
પાણી સમો છે કર્મ-આસ્રવ, જો ન જીવ-સ્વભાવમાં;
જ્ઞાનાદિથી તે છિદ્ર જે રૂંધે ન, તે ભવમાં ભમે.
બહુ આકરાં તપ છો તપે પણ શિવ-સુખમાં ના રમે. ૪૮

[૮]વ્રત, ગુપ્તિથી જો વર્તતા મુનિ જ્ઞાન-ધ્યાન ઉપાયમાં
તો કર્મ-આસ્રવ-દ્વાર રૂંધ્યે, સ્વરૂપ-સંવર થાય ત્યાં;
પણ તપ વડે જે પાપ રોકે શુભ મને આસ્રવ કરે,
તે મોક્ષ પામે ના કદી; મનશુદ્ધિથી સિદ્ધિ વરે. ૪૯

[૯]પ્રત્યેક જીવને કર્મ ફળ આપી છૂટે તે નિર્જરા,
પણ તે જ કાળે નવીન કર્મો બાંધતાં જન નિર્બળા-
સવિપાક નામે નિર્જરા તે મોક્ષનો હેતુ નથી;
અવિપાક નામે નિર્જરા સંવર વડે તપથી થતી. ૫૦

[૧૦]નીચે નરક છે સાત લોકે, મધ્ય લોકે આપણે,
છે ઊર્ધ્વ લોકે દેવ ગણ ને સિદ્ધ લોકાંતે ભણે.
ચારે ગતિમાં ભટકતાં બહુ લોકયાત્રા તો કરી;
[૧૧]પણ બોધિરૂપ ત્રણ રત્નની પ્રાપ્તિ થવી બહુ આકરી. ૫૧

વળી બોધિલાભ થયા છતાં તપ ના પ્રમાદે જે કરે
તો તે રખે! બોધિ-જહાજ તજી પડે રત્નાકરે.
[૧૨]દુર્લભ અતિ યતિધર્મ દશ, મુમુક્ષુને તે મોક્ષ દે;
સર્વોપરી પુરુષાર્થ સાધું—ધર્મ-મર્મ અલક્ષ છે.'' ૫૨

પ્રભુ-ભાવ જ્ઞાને જાણી લૌકાંતિક દેવો આવિયા,
તે પ્રાર્થના પ્રભુની કરે : ''તપકાળ તક શુભ આવી આ.
તરી તારશો બહુ જન તમે; વળી કોઈ તમ સમ પણ થશે,
તપ આદરી સમકિત સહ મોક્ષે મહાભાગ્યે જશે.'' ૫૩

☆

૭. આસ્રવભાવના. ૮. સંવરભાવના. ૯. નિર્જરાભાવના. ૧૦. લોકભાવના. ૧૧. બોધિદુર્લભભાવના. ૧૨. ધર્મદુર્લભભાવના.

# ૧૧

# મહાવીર દેવ

## ભાગ-૩

(હરિગીત)

★

દેવર્ષિ લૌકાંતિક દેવો દેવલોકે જ્યાં ગયા,
ત્યાં ઇન્દ્ર આદિ અન્ય સુરગણ ભક્તિથી ભેગા થયા.
તૈયારી તપ-કલ્યાણ-ઉત્સવ કાજ સર્વ કરે હવે,
અભિષેક ક્ષીરોદધિ-જળે પ્રભુને કરી દેવો સ્તવે. ૧

માતાપિતાને શ્રી મહાવીર મધુર વચને બોધતા,
વૈરાગ્યભરી વાણી વડે બહુ બહુ કરી સમજાવતા.
આજ્ઞા મળી દીક્ષા તણી કે તુર્ત ચાલી નીકળ્યા,
ઇન્દ્રે રચેલી પાલખીમાં બેસી વન ભણી સંચર્યા. ૨

ખંડા મહાવનમાં શિલા પર ઊતરી સમભાવથી
વસ્ત્રાદિ તજી નિઃસ્પૃહ તન પ્રતિ, સિદ્ધ વંદે ભાવથી;
પછી મોહના ફાંસા સમા શિરકેશ ઉખાડી દીધા
જો, પંચમુષ્ટિથી વીરે; વ્રત ઉચ્ચરી પાંચે લીધાં. ૩

કાર્તિકી વદની દશમ-સાંજે એકલા વીર મુનિ થયા
ત્યાં જ્ઞાન મનપર્યાય ઊપન્યું, સ્તુતિ કરી દેવો ગયા.
પછી પારણું વીરનું પ્રથમ ખીરનું થયું નૃપમંદિરે—
કુલરાય ભક્તિમાન દાતા, પાત્ર ઉત્તમ જ્ઞાની એ. ૪

ત્યાં પંચ આશ્ચર્યો થયાં, અનુમોદના લોકે કરી,
મન-વચન-કાયે પુણ્ય બાંધે પાત્ર-દાતાને સ્મરી;
આળસરહિત યતિધર્મ પાળે સ્વામી ઉપયોગી અતિ,
સ્વપ્નેય દોષ ન દેખતા, દૃઢ પરમ ચારિત્રે મતિ. ૫

રે! સખત ઠંડીમાં પ્રભુ નિર્વસ્ત્ર વનમાં વિચરે,
નહિ ટાઢને લીધે કદી કર બગલમાં ઘાલી ફરે;
ઠંડી અસહ્ય પડ્યે પ્રભુ ઉપયોગસહ ઘડી ચાલતા,
નિદ્રા પ્રમાદ વધારનારી જાણી જાગ્રત થઈ જતા. ૬

તડકે રહીને ગ્રીષ્મમાં સુવિચાર-યોગ વધારતા;
વર્ષાઋતુમાં વૃક્ષ નીચે ધૈર્યછત્રી ધારતા.
ઓછું જમે શક્તિ છતાંયે, મૌન ધરીને વિચરે,
નહિ આંખ ચોળે, કે વલૂરે ગાત્ર, અરતિ ના ધરે. ૭

વળી લાઢ દેશ વિષે પીડે જન, કૂતરાં કરડે, નડે,
સમભાવથી જન-માર સહતા, દૂર-વિહારે આથડે;
સ્ત્રીઓની સામે નજર ના દે, ધ્યાનમાં નિમગ્ન એ,
‘આ કોણ છે ?’ એવું પૂછે, તો ‘ભિખ્ખુ’ શબ્દ સદા વદે. ૮

પ્રભુ ઉજ્જયિની નગરીના *પિતૃવને વળી આવિયા,
કાયાતણી મમતા તજી ઊભા મહાવીર યોગી આ;
ધારી પ્રતિમાયોગ નિશ્ચલ ગિરિસમા ઊભા રહે,
ત્યાં **સ્થાણુ** નામે રુદ્ર અંતિમ વીર-બળ જોવા ચહે. ૯

તે આખ ફાડી, રૌદ્ર રીતે, દાંત કાઢીને હસે—
પિશાચરૂપે બહુ ડરાવે, તોય પ્રભુ તો ના ખસે;
હથિયાર સહ બૂમ પાડી ધસતાં ઉપસર્ગો બહુ કરે,
વીર-ઉર નિશ્ચલ દેખી, હજી તે સિંહ-સર્પ-રૂપો ધરે. ૧૦

* સ્મશાનમાં

વળી પવન, અગ્નિ આદિથી, દુર્વચનથી દે ત્રાસ તે;
તો યે મહાવીર ના ચળે, બળવાન આત્મ-વિકાસ છે.
નિશ્ચલ રહ્યા વીર જાણીને તે રુદ્ર લજ્જા પામિયો,
સ્તુતિ કરે, "હે દેવ! જગગુરુ આપ વીરવર-સ્વામી છો. ૧૧

નિઃખેદ પૃથ્વી સમ મહાવીર નામ શબ્દ યથાર્થથી,
જગમાં ગવાશો **સન્મતિ**, **અ**તિવીર રૂપ પરમાર્થથી."
તે **પા**ર્વતી સહ નાચ કરી આનંદ ધરી ચાલ્યો ગયો;
શું યોગબળ સાચા પુરુષનું! શત્રુ પણ રાજી થયો. ૧૨

★

છે **ચં**દના નૃપકુંવરી **ચે**ટકતણી અતિ રૂપવતી,
વિદ્યાધરે કુદૃષ્ટિથી ઉપાડી લીધી તે સતી;
વિદ્યાધરી પાછળ દીઠી તેથી તજી મહાવન વિષે,
સતી તો પ્રભુનું નામ લેતી ધર્મભાવ વિષે દીસે. ૧૩

તે ભીલપતિ-હાથે ચઢી, ધનલોભથી વેચી દીધી,
રાખી **વૃ**ષભ શેઠે છતાં શેઠાણીએ દુઃખી કીધી;
રૂપસંપદાથી શોક્ય બનશે એમ શંકા આણીને,
ખોરાકમાં દે કોદરી ને બાંધી દે પગ તાણીને. ૧૪

પ્રભુ તે જ કૌશાંબી પુરીમાં પારણાર્થે નીકળ્યા,
દર્શન થતાં બંધન તૂટ્યાં, એ પૂર્વ-પુણ્ય-તરુ ફળ્યાં.
તે ચંદનાએ ભાવનાએ પ્રાર્થના પ્રભુને કરી,
કે તાવડી બની કનકની સુભાત બની ગઈ કોદરી. ૧૫

ત્યાં પારણું પ્રભુને કરાવ્યું ચંદનાએ ભક્તિથી,
આશ્ચર્ય પાંચે ઊપજ્યાં અદ્‌ભુત વીરની શક્તિથી.
તે પુણ્યયોગે ચંદનાનાં સ્વજન પણ આવી મળ્યાં,
સુદાન ઉત્તમ ઉચ્ચ ભાવે આદર્યે દુઃખો ટળ્યાં. ૧૬

તા. ૮-૧૧-૩૮

વળી વર્ષ સાડાબારથી વધુ કાળ વીર-છદ્મસ્થતા,
આવે ઋજુકૂલા-કિનારે ગ્રામ છે જ્યાં જૃંભિકા.
તે ગામના સુંદર વને સુંદર શિલા પર શોભતા,
શુભ શાલ તરુ નીચે પ્રતિમાયોગ ધરી છઠ ધારતા. ૧૭

ધરી શીલ બખ્તર પર મહાવ્રત-ભાવનારૂપ વસ્ત્ર જો,
સંવેગ-હાથી પર ચઢી, લે રત્નત્રયરૂપ શસ્ત્ર, હો!
ચારિત્ર-રણમાં ઝૂઝતા ઝટ દુષ્ટ કર્મ-અરિ હણે—
યોદ્ધો મહાવીર જોઈ લ્યો, સમભાવને તે બળ ગણે. ૧૮

તે કર્મ હણતાં સિદ્ધ-ગણના આઠ ગુણને ચિંતવેઃ—
સંપૂર્ણ સમ્યક્ જ્ઞાન-દર્શન-વીર્ય-સુખ અનંત ને
સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુ-લઘુ ગુણમાં એકત્વથી,
ઘનઘાતી કર્મો ક્ષય કરી, વીર થાય કેવળી તત્ત્વથી. ૧૯

વૈશાખની સુદિ દશમ-સાંજે લબ્ધિ કેવળ પામિયા,
દેવો વિજય-આનંદથી જયકાર કરતા આવિયા.
કુબેર દેવ રચે હવે સમવસરણ અતિ શોભતું,
જે એક યોજન ગોળ ને નભમાં ઘણું ઊંચું હતું. ૨૦

ત્રણ પીઠિકા તે મંડપે વચ્ચે સુશોભિત રત્નની,
કરી ગંધકુટી તે ઉપર સિંહાસન રચે સુયત્નથી.
દ્વાદશ પરિષદ ઘેરી રહી, વીર-વચન સુણવા તે મળી,
ઇન્દ્રાદિને પણ સેવવા જેવા પ્રભુ સેવે વળી. ૨૧

ત્યાં વાદળાં સમ દેવ સહુ વર્ષાવતા પુષ્પો બહુ,
મુદ્રા મનોહર દેખી વીરની ધન્ય નેત્ર ગણે સહુ.
ઇન્દ્રે સ્તુતિ પ્રભુની કરી બહુવિધ બુદ્ધિ વાપરી,
સ્વ-સ્થાનમાં બેસી રહ્યા સૌ; દિવ્ય વાણી ના ખરી. ૨૨

ઇન્દ્ર અવધિજ્ઞાનથી લહે ખામી ગણધરદેવની,
નહિ મુનિવરોમાં યોગ્યતા દીઠી અતુલ્ય પ્રભાવની;
વળી એક વાર સુણી પ્રભુની દિવ્ય વાણી જે રચે
સૌ શાસ્ત્ર, તેવા પ્રબળ દીઠા એક **ગૌ**તમ વિપ્રને. ૨૩

જઈ બ્રહ્મપુરમાં, લાવવા ગૂઢાર્થ કાવ્યે દોરીને
નિર્ણય કરે કે જરૂર લાવું વિદ્વતાધર-ધોરીને;
પછી વેશ લઈને વિપ્રવરનો ઇન્દ્ર ગૌતમને મળે,
સવિનય કહે : ''હે આર્યવર, સંદેહ મુજ તુમથી ટળે. ૨૪

ઉપકાર માનીશ આપનો, યશવૃદ્ધિ તમને પ્રાપ્ત હો!
મુજ ગુરુ મહાવીર બોલતા નથી, કાવ્ય-અર્થ મને કહો.''
અભિમાની ગૌતમ ઉચ્ચરે : ''રે દ્વિજ! કહું ઝટ અર્થ હું,
તો દઈ શકે શું?'' વચન બોલ્યા, શરત કરવા, મર્મનું. ૨૫

તે વિપ્ર વદતો : ''જો મને સંતોષ અર્થથી થાય તો
હું શિષ્ય બની સેવા કરું; તમને ન જો સમજાય તો?''
ગૌતમ કહે : ''તો ભાઈ ને શિષ્યો લઈ તુજ ગુરુ કને
દીક્ષા લઉં, એ વચન આપું; આણ શંકા નહિ મને.'' ૨૬

ઇન્દ્રે કરાવી સુપ્રતિજ્ઞા, કાવ્ય ગૂઢ કહે હવે :
''ત્રિકાળમાં ષટ્ દ્રવ્ય, ગતિ સૌ, નવ પદાર્થો સંભવે;
વ્રત, સમિતિ, ગુપ્તિ, *સપ્ત તત્ત્વો અસ્તિકાયો પંચ છે
×સુધર્મ, સિદ્ધિમાર્ગ સમ્યગ્, જીવ છકાય અનંત જે. ૨૭

વળી વિશ્વ, લેશ્યા, વિધિ-જનિત ફળ; જ્ઞાન આનું જે ધરે,
તે મુક્તિગામી ભવ્ય આત્મા આત્મદર્શન પણ કરે.''
ગૌતમ ઘણા ગભરાય, ''નહિ આ વાત વેદ વિષે દીસે,
નથી સાંભળી કદી કે વિચારી, કેમ કરવું તે વિષે? ૨૮

---

* પાઠા૦ રત્નત્રય ને    × પાઠા૦ દશ ધર્મ

અતિ ગૂઢ અર્થ ભરેલ કાવ્યે વિપ્ર મુજને મૂંઝવે,
સર્વજ્ઞ કે શ્રુતકેવળી વિણ કોણ ઉત્તર સૂચવે?
સામાન્ય વિપ્ર સમક્ષ શું આ માનભંગ ખમાય કે?
તેના ગુરુ પાસે વિવાદે હારતાં શું જાય છે?'' ૨૯

એવું વિચારીને વદે: ''હે વિપ્ર, તુજ ગુરુની કને
આનું વિવેચન કરીં, વિવાદે જીતવાનું મન મને.''
તે પાંચસો શિષ્યો લઈ, સૌ ભાઈ સાથે ઊપડ્યો;
વાટે વિચારે: ''વિપ્રને ઉત્તર નથી દેવા જડ્યો; ૩૦

કેવા ય તેના ગુરુ હશે, તો જીતવાની આશ શી?
તો પણ સમાગમ સત્પુરુષનો થાય પુણ્ય-વિકાસથી,
નહિ હાનિ તેમાં કોઈ રીતે; યોગ્ય આ સૌ થાય છે.''
શુભ માનસ્તંભો દેખતાં મદ વિપ્રનો ગળી જાય છે. ૩૧

પછી નમ્ર ભાવે દિવ્ય વિભૂતિ દેખી મંડપમાં ગયા,
ત્યાં દિવ્યમૂર્તિ શ્રી મહાવીર દેખી આનંદિત થયા;
અતિ ભક્તિથી પ્રભુને પ્રદક્ષિણા દઈ ચરણે નમે,
સ્તુતિ કરે બહુ ભાવથી, પ્રભુનામ મનને બહુ ગમે: ૩૨

''હે [૧]ધર્મરાજા, [૨]ધર્મચક્રી, [૩]ધર્મી, [૪]ધર્માત્મા-ગુરુ
સુધર્મનેતા,[૫] [૬]ધર્મધોરી, [૭]ધર્મકર્તા, [૮]જગગુરુ;
હે [૯]ધર્મબાંધવ, [૧૦]ધર્મ-ધી, [૧૧]ધર્મજ્ઞ, [૧૨]તીર્થંકર,[૧૩]વિભુ,
હે [૧૪]વિશ્વનાયક, [૧૫]વિશ્વજ્ઞાયક, [૧૬]વિશ્વનાથ, નમું પ્રભુ. ૩૩

દ્રષ્ટા, [૧૯]મહાજ્ઞાની, [૨૦]મહાત્રાતા, [૨૧]મહાદાતા, [૨૨]વ્રતી,
જગમાન્ય, જગના નાથ, જગમાં જ્યેષ્ઠ, સૌ જગના પતિ,
સાચા [૨૭]મહાયોગી, [૨૮]મહાવીર દેવ, હે [૨૯]વિશ્વાગ્રણી,
જગસેવ્ય, [૩૧]ત્રિજગપૂજ્ય, [૩૨]ત્રિજગબંધુ, [૩૩]ત્રિજગના ધણી. ૩૪

[૩૪]સર્વજ્ઞ, [૩૫]સર્વાધાર, [૩૬]સર્વોપરી, દયા કરતા મહા,
તુજ શુદ્ધ મનથી નામ એક જ આપ સમ કરી દે, અહા!''
મિથ્યા મતિ ટળી, જ્ઞાન સમકિત પામિયા ગૌતમ ગણી,
દીક્ષિત બની ચારિત્ર ધારી થાય મુનિમાં અગ્રણી. ૩૫

ગૌતમ પૂછે પ્રશ્નો સભામાં સર્વ-જન-હિત સાધવા,
દે ઉત્તરો તેના મહાવીર પૂર્વ કર્મ ખપાવવા :
''[૧]જીવ તત્ત્વ વિષે હે પ્રભુ, કહો : વાણી મધુરી આપની.
[૨]ચારે ગતિ શાથી થતી? કહો વાત [૩]પાપ-[૪]અપાપની.'' ૩૬

''જે[૧] પ્રાણથી જીવતો હતો, જીવે અને હજી જીવશે
તે 'જીવ', સાર્થક નામ, ગૌતમ, ભવ્ય જન મન ભાવશે.
મન, વચન, તન, ઇંદ્રિય પાંચે, આયુ શ્વાસોશ્વાસ એ
દશ પ્રાણ ભાખે બુદ્ધિમાનો, રાખવો વિશ્વાસ તે. ૩૭

પૃથ્વી, ઉદક, વાયુ, વનસ્પતિ, અગ્નિરૂપ કાયા ધરે
તે જીવ એકેન્દ્રિય પાંચે, ત્રસ સહિત ષટ્ કાય એ.
જો[૨] શ્વેત સૂતર રંગભેદે ભિન્ન ભાત રચે છતાં
જે શ્વેતતા મૂળમાં રહી તે પ્રગટશે રંગો જતાં. ૩૮

તેવી રીતે જીવ કર્મના સંયોગથી ભવમાં ભમે,
ચારે ગતિની ભાત ટળતાં, નિત્ય, શુદ્ધ બની રમે.
જુગાર,[૩] મદિરા, માંસ, ચોરી, પરવધૂ-આસક્તતા,
શિકાર ને વેશ્યાગમન આ વ્યસન પાપે રક્તતા. ૩૯

બહુ પાપના ધંધા અને બહુ ધન વિષે મસ્તાનતા,
ને જૂઠ, હિંસા, ચોરી, જારી લૂંટમાં ગુલતાનતા;
કુકર્મમાં બહુ મોહ ને નિંદા અરે! ધર્મી તણી,
વળી પાપની જે પ્રેરણા, નરકે પીડા આપે ઘણી. ૪૦

કરીને કપટ પરધન હરે, દિનરાત વળી ખાયા કરે,
મતિમૂઢ, મિથ્યાશાસ્ત્ર-પંડિત, પીંપળે ફેરા ફરે,

બહુ વાર દિનમાં નાહ્ય ને શુદ્ધિ ગણે કુતીર્થથી,
રે ! શીલ, વ્રત સેવ્યા વિના મરી જાય પશુ-કુકર્મથી. ૪૧

જે[૪] તીર્થપતિ વા જ્ઞાની ગુરુની ભક્તિ ભાવ વડે કરે,
વળી તેમની આજ્ઞા ઉઠાવે, વ્રતતપાદિ આદરે,
સમ્યક્ત્વ-હાર ધરે ઉરે, ચારિત્રમૌલિ મસ્તકે,
સુજ્ઞાન-કુંડલ કાનમાં, શુભ ભાવથી સ્વર્ગે ટકે. ૪૨

કોમળ, સરળ, સંતોષી, વિનયી, સત્યવક્તા, શાંત જે,
સુદેવ-સુગુરુ-ધર્મ-રાગી, દાન-શીલધર, દાન્ત જે,
અતિ પુણ્યથી તે આર્ય ખંડે શ્રેષ્ઠ કુળમાં નર બને,
સમ્યક્ત્વસહ ચારિત્ર પાળી, મોક્ષને આણે કને.'' ૪૩

સંક્ષેપમાં પ્રભુએ કહેલું, સ્વલ્પ મતિમાં લ્યો ધરી.
ગૌતમમુનિ પ્રભુને પૂછે : ''કહો મોક્ષમાર્ગ કૃપા કરી.''
''સંપૂર્ણ ગુણનિધિ આત્મ-ભગવદ્-રૂપની શ્રદ્ધા બની
નિશ્ચય કહી સમકિત દશા તે સ્વાનુભવરૂપ પણ ગણી. ૪૪

જો પરમ પદ આત્માતણું જીવ સ્વાનુભવથી ઓળખે,
તો જ્ઞાન સમ્યક્ નિશ્ચયે તેને અનુભવીઓ લખે.
સૌ બાહ્ય-અંતરના વિકલ્પો છૂટતાં જે સ્થિરતા
થતી આત્મમાં, તે નિશ્ચયે ચારિત્ર સમ્યક્ વીરતા. ૪૫

રત્નત્રયી આ નિશ્ચયે સાક્ષાત મુક્તિ આપશે,
જે જે મુમુક્ષુ સેવશે તે મોહ-ફાંસો કાપશે.
ત્રિકાળમાં મોક્ષે ગયા, ને જાય છે કે જે જશે
તે સર્વનો આ માર્ગ એક જ રત્નત્રયરૂપી હશે.'' ૪૬

પ્રશ્નોત્તરો બહુવિધ થયા તે મૂળ દ્વાદશ અંગનું,
આધાર છે તે તીર્થનો, ફળ એ પરમ સત્સંગનું;
ગૌતમ વિચારે : ''ધન્ય હું, પુણ્યે પ્રભુ આજે મળ્યા,
વળી મોક્ષમાર્ગ બતાવતા પ્રભુ ભાવથી મેં સાંભળ્યા.'' ૪૭

સૌ ભાઈઓ, શિષ્યો અને બહુ અન્ય જન સાધુ થયા,
બહુ રાજકન્યાઓ વળી સ્ત્રીઓ બીજી સાધ્વી થયાં;
ગૃહધર્મીનાં વ્રત ઉચ્ચરે નરનારી મુમુક્ષુ ભલાં,
વળી સિંહ આદિ પશુ ગૃહીનાં વ્રત લઈ તેમાં ભળ્યાં. ૪૮

મોક્ષાર્થી જીવો વ્રત વિનાના દાન, પૂજાદિ ચહે,
શક્તિ પ્રમાણે ભક્તિ, ઉત્સવ, ભાવથી કર્મો દહે.
પછી ઇન્દ્ર વીરને વીનવે વિહાર દેશાંતર થવા,
ત્યાં મોહનિદ્રામાં સૂતેલા ભવ્ય જીવને બોધવા. ૪૯

પ્રારબ્ધ જાણી વીર જિન પણ **રાજ**ગૃહ નગરે ગયા;
**વિ**પુલાચલે પધરામણી સુણી રાય **શ્રે**ણિક આવિયા.
પૂજા, સ્તુતિ કરી, બોધ સુણી, નિજ પૂર્વ ભવ પૂછે વળી,
ગૌતમ કહે : ''ભીલના ભવે સદ્ધર્મ વાત ભલી મળી. ૫૦

રે! કાગડાનું માંસ મુનિના વચનથી તજી ટેકથી
કરી દેવ ભવ શ્રેણિક નૃપતિ થાય જો તું વિવેકથી.
સાચા પુરુષની સાક્ષીએ દે અલ્પ વ્રત બળ કેટલું?
ભીલભવ મટાડીને મહાવીર સમ બનાવે તેટલું. ૫૧

દર્શનવિશુદ્ધિ આદિ કારણ ભાવના ભાવી ભલી,
ચરણે મહાવીરને વવાશે તીર્થપતિપદ બીજ વળી.
રે! નરકગતિ બાંધી દીધી છે, તેથી મરી નરકે જશો;
પણ આવતી ચોવીશીમાં તો પ્રથમ તીર્થંકર થશો.'' ૫૨

વિહાર બહુ દેશે કરી બહુ જીવને જાગ્રત કર્યા,
***ચં**પાપુરીના બાગમાં અંતે પ્રભુજી ઊતર્યા.
એ વર્ષ ત્રીસમું તીર્થનું; ત્યાં યોગ રોધી સ્થિર થયા,
દિવાળીએ સૌ કર્મ બાળી વીર પ્રભુ મોક્ષે ગયા. ૫૩

* જુઓ સકલકીર્તિ કૃત 'મહાવીર પુરાણ'; પાઠા૦ પાવાપુરી.

અગિયાર ગણધર આપના ને સાતસો વળી કેવળી,
ચૌદે હજાર બધા મુનિવરને નમું ભાવે વળી;
છત્રીસ હજાર સુસાધવી, ત્રણ લાખ શ્રાવિકા ભલી,
વ્રતવંત શ્રાવક લાખ પૂજે પ્રભુ-ચરણકમલાવલી. ૫૪

વળી દેવદેવી છે અસંખ્યાતા, પશુ સંખ્યાત છે,
માને પ્રભુ મહાવીરને સૌ આત્મશ્રદ્ધાવંત એ;
નિર્વાણ-કલ્યાણક તણો ઉત્સવ કરે ઇન્દ્રાદિ જ્યાં,
ગૌતમગણીને જ્ઞાન કેવળ તે દિને પ્રગટેલ ત્યાં. ૫૫

## ઉપસંહાર

સંયમ હજારો વર્ષનો મોટા મુનિજન સંઘરે,
તેથી વધુ વૈરાગ્ય વીર જિન ગૃહવાસ વિષે ધરે.
જે વીરને મતિ, શ્રુત, અવધિ જ્ઞાન જન્મ થકી હતાં
તે પુરુષનાં ગુણગાન કરતાં કર્મ કોટી છૂટતાં. ૫૬

વર્ષો પચીસસો તો થવા આવ્યાં છતાં તેની દયા,
સંસારની ક્રૂર વાસનાને દૂર કરી દે યાદ આ.
આ એકવીશ હજાર વર્ષો વીર-શાસન ચાલશે,
ત્યાં સુધી જીવને શરણ આપી મુક્તિ-માર્ગે વાળશે. ૫૭

બહુ મતમતાંતર પછી થયા તે માર્ગમાં કળિકાળથી;
મધ્યસ્થ જન નહિ આગ્રહી, લે સત્યની ખરી કાળજી,
વિવેક-વિચારે ધરે મૂળ તત્ત્વ પર પ્રીતિ અતિ,
શીલવાન મુનિ પર ભાવ ધરીને, મન દમે સ્વ-વિચારથી. ૫૮

Revised આષાઢ સુદ ૧૨, ૧૯૯૭ માગશર સુદ ૧, મંગળ, ૧૯૯૫

☆
☆☆

# ૧૨
# ત્રણ મનોરથ

(*ઇંદવ છંદ)

(રાગ—બેઠત રામ હિ, ઊઠત રામ હિ, બોલત રામ હિ, રામ રહ્યા હૈ.)

★

૧

જે ગુરુ **રાજ** સમાધિરસે પરિપૂર્ણ સુખી પરમાતમ પોતે,
સર્વ વિકલ્પ રહિત થયા, નહિ કોઈ મનોરથ આતમ-જ્યોતે;
તે પદમાં પ્રણમી મનથી, તજીઁ સર્વ મનોરથ લૌકિક જે જે,
સર્વ વિકલ્પ જવા ત્રણ સેવીશ શુભ મનોરથ સાધક તે તે.

૨

કાળ અનંત ગયો મમતાવશ, ધારીઁ પરિગ્રહભાર, અરેરે!
મોહવશે નહિ દેખીઁ શકે દુઃખ, જન્મ-જરા-મરણે જ ફરે રે!
હિંસક વૃત્તિ નહીં છૂટતી હજી, નિર્દયતા સુખકાજ ધરે રે!
ટાળ હવે મન, ઇન્દ્રિયસુખની ચાહ ગણી વિષ-દાહ ખરે રે!

૩

સત્ય વિષે સુખ-શાંતિ વસે, નહિ એવી પ્રતીતિ ઉરે દૃઢ ધારી,
સત્ય-કસોટી તકે ટકતો નર તે હરિશ્ચંદ્ર સમો વ્રતધારી;
સત્યવ્રતી-ઉરમાં વસશે નિજ સત્ય સ્વરૂપ સદા સુખકારી,
સમ્યગ્દૃષ્ટિ જ સત્યવ્રતી પરમારથને નીરખે હિતકારી.

૪

ચોરીઁ તજે નહિ ચોરટીઁ વૃત્તિ, અતિ ધન વૈભવ હોય ભલે જો,
પારકીઁ થાળીઁ વિષે રસ કલ્પતીઁ જીભ, રસોઈ અનન્ય મળે તો;

* (૧) મોહિની ભાવ વિચાર અધીન થઈ ના નીરખું નયને પરનારી.
(૨) કવિરાજ, ગઈ તમ સાંજ પડી, તમ કેશ વિષે પડિયાં પળિયાં.

જે નિજ આત્મસુખે નહિ તૃપ્ત, ચહે પરચીજ અનેક પ્રકારે,
ગાય હરાયી સમાન ભમી પર ક્ષેત્ર વિષે બહુ દુઃખ વધારે.

૫

કામ-વિકાર વશે જીવ ઝૂરી સહે અતિ દુઃખ ભવોભવ ભારી;
સ્પર્શ-વિયોગ નહીં કદી, તેથી અનાદિ વધી નીચ વિષય જારી.
મૂળ મહાન પરિગ્રહનું રતિ-વૃત્તિ હણે સત્-સંગતિ સાચી,
આ કળિકાળ વિષે અતિ દુર્લભ સજ્જન-યોગ કરે જ અયાચી.

૬

ધર્મ ભૂલે ધનમાં જનનાં મન, લાભ થતાં બહુ લોભ વધે છે;
લોક ગણે ધન ઉત્તમ શાથી ? મળે સુખ ને યશ, લોક વદે છે.
એ સુખ ને યશ કાયમ કો નર આજ સુધી ધનથી નથી પામ્યો,
તોય ગમાર વિચાર કરે નહિ, આંધળી દોડ થકી ન વિરામ્યો.

૭

માતપિતા, પ્રિય સ્ત્રી, તનુજો સહુ સ્વાર્થ-વિઘાત થતાં અરિ જાણો,
પ્રીતિ ધરો અતિ તે જ પદાર્થ કરે બહુ બંધન, સજ્જન માનો;
તે દિન ધન્ય હશે મમ જે દિન બંધન છોડી વસું વનવાસે,
ધ્યાન વિષે નિશદિન રહું, નહિ વૃત્તિ ફરે શરીરે જગવાસે.

૮

પંચ મહાવ્રત શુદ્ધ સ્વભાવથી જીવન-અંત સુધી નિરવાહું,
વર્તન જિનની આણ પ્રમાણથી રંચ ચહું ન અતિક્રમવા હું;
કેવળજ્ઞાન થતાં સુધી આણ શિરે ધરી સમ્યક્ ભાવ વધારું,
વ્યાધિ-જરા-મરણે નહિ દેહ વિષે મમતા મનમાં પણ ધારું.

૯

પાપ-ઉપાધિ[૧] તજું, [૨]મુનિભાવ-વ્રતે દૃઢતા, [૩]મરણાંત સુધારું,
એ ત્રણ મુજ મનોરથ આ ભવમાંહીં સદાય ધરું, ન વિસારું;
આત્મસ્વભાવ સુરક્ષિત હો મુજ, દેહતણી દરકાર ન રાખું,
મૌન મહાવ્રત અંતરમાં ધરી, સત્ય સદા વચને શુભ ભાખું.

**૧૦**

ઓળખ હે જીવ! શુદ્ધ ગુરુપદ, તે વિણ દેહ ધરી ભટકે તું,
દેહતણી નહિ ઓળખ સાચી, ન દેહ-સગાઈ જરી હિત-હેતુ.
ભાન વિના ભટકે ભૂત-પ્રેત સમાન, કહે મૂળ મૂકી જ બીજું,
ખાય, પીએ, દિન સર્વ, ફરે, નહિ બંધન-ત્રાસ પશુસમ કીધું,

**૧૧**

ભાવ ફરે સત્સંગ થયે; પણ ત્યાંય ન બોધની સોટી ય લાગે,
તે જીવ કેમ હવે સુધરે? નહિ હિત-અહિત-વિચારથી જાગે,
કર્મ મહા બળવાન છતાં પુરુષાર્થ સદાય વસે જીવ પાસે;
એ જ ઉપાય ઉપાસી રહો, શુભ સાધનનું ફળ શુભ જ થાશે.

**૧૨**

માત્ર મનોરથ તારી શકે નહિ, બિન-મનોરથ સાધન ક્યાંથી?
સાધન સત્ય, યથારથ શોધી, સુભક્તિ કરે શરૂઆત જ ત્યાંથી.
ભક્તિ કરી ભગવાન પિછાની અહોનિશ તલ્લીનતા સુખ આપે,
દૃષ્ટિ સમાન ગણી બધી સૃષ્ટિ, કરો સવળી પછી પાપ ન વ્યાપે.

**૧૩**

મોહવિકાર વડે જગ દુઃખી, ટળે સુવિચાર થકી જ વિકારો,
સમ્યગ્દૃષ્ટિ સદાય સુખી ગણ, હોય ભલે નરકે બહુ મારો;
ચક્રીતણાં સુખ પૃથ્વી વિષે બહુ, તોય ન તૃપ્તિ અનુભવનારો;
ત્યાગ-વિરાગ સુદૃષ્ટિ સહિત અનંત સુખી જીવને કરનારો.

**૧૪**

સમ્યગ્જ્ઞાન દીવો સમજો, ધરી દીપક હાથ કૂવે પડશે તે
જે નહિ વિરતિભાવ ધરે, નહિ અંત સમાધિ સુખે કરશે જે;
મોહ તજી, લઘુભાવ સજી, ખમી સર્વ, ખમાવી મરે જીવતાં જે
તે જ સુજાગ્ય મહાજન ના ફરી જન્મ ધરે, બની મુક્ત ભવાંતે.

તા. ૨૨-૧૧-૧૯૩૮

☆
☆☆

# ૧૩

# ચાર સુખશય્યા

(દોહરા)

★

અનંત સુખશય્યા વિષે સ્થિર થયા ગુરુ **રાજ**;
અયાચક પદ ઉર ધરી, સુખશય્યા કહું આજ. ૧

મોક્ષસુખ સરખાવવા કહે સુષુપ્તિરૂપ,
પણ ક્યાં મોહાતીત દશા! ક્યાં નિદ્રા અઘકૂપ! ૨

માત્ર વિકલ્પ-રહિતતા દર્શાવે દૃષ્ટાંત,
ભાન નહીં દુઃખનું ભલે, પણ ક્યાં સુખ એકાંત! ૩

શેષનાગ-શય્યા પરે પોઢે પ્રભુ સાક્ષાત્
પૌરાણિક કથા વિષે ગૂઢ કહી કંઈ વાત. ૪

ક્ષીરસાગર સમ્યક્ત્વ જો, શેષનાગ પ્રારબ્ધ,
સેવે જાગૃતિ-લક્ષ્મી પદ, આત્મા-હરિ અબદ્ધ. ૫

વળી સિદ્ધાંતિક વાત પણ કહે સુખશય્યા ચાર :
[૧]સ્વાનુભવ, [૨]સંતોષ ને [૩]સંયમ [૪]ધીરજ ધાર. ૬

## (૧)

દુખમાં જીવ ઊંઘી રહ્યો, પર વસ્તુમાં મગ્ન,
દેહસુખો દુખગેહ જો, સુખ અંતર્-દુઃખ-લગ્ન. ૭

બંધનકારી બાંધવો, અલંકાર જડ ભાર,
કપડાં કપટ વધારતાં, નારી અરિ વિચાર. ૮

વિષ-શર નરનો સ્નેહ ગણ, પુત્રપ્રેમ અહિવિષ;
જ્યાં જ્યાં મન મહિમા ધરે, તે જ કપાવે શીશ. ૯

રાગ-રોષ મળ ટાળવા ધરવો ઉર વિવેક;
સદ્‌ગુરુ-બોધ વિચારતાં ઝટ ટળશે અવિવેક. ૧૦

સદ્‌ગુરુબોધ વિચારવા ઉરમાં કર અવકાશ,
ઇંદ્રિય-વિષય-વાસના, કષાય કચરો ખાસ. ૧૧

ઉપશમ-ત્યાગ-વિરાગથી સન્મુખ વૃત્તિ થાય,
ગુરુકૃપાથી જીવને સ્વાનુભવ સમજાય. ૧૨

વસ્તુ-ચિંતન-ધ્યાનથી મન જ્યારે સ્થિર થાય,
ઇંદ્રિયાતીત નિજસુખે રહીં, અનુભવ વેદાય. ૧૩

સ્થિરતા બે ઘડી ત્યાં થતાં પ્રગટે કેવળ જ્ઞાન;
કર્મતણા ધક્કા થકી ટકે ન તેવું ધ્યાન. ૧૪

અનુભવી જન મંડ્યા રહે અભ્યાસે ધરી ખંત,
કરે નિર્જરા કર્મની કરી આત્મા બળવંત. ૧૫

## (૨)

બાહ્ય વૃત્તિ બહુ દોડતી, કરવા પર વ્યવહાર;
લોભ સર્વનું મૂળ છે, લાભે લોભ અપાર. ૧૬

કીર્તિ-કનક-કાન્તા વિષે લોભતણો નિવાસ;
મોહ ઘટે જો તેહનો તો સંતોષ-વિકાસ. ૧૭

વારંવાર વિચારથી લોભ-લૂંટ સમજાય;
તુચ્છ લોભના યોગથી આત્મા પામર થાય. ૧૮

વા-વંટોળે તૃણ ઊડે, તેમ જ જીવ તણાય;
લોભ-થોભ જેણે કર્યો તે સૌ સુખી જણાય. ૧૯

નિર્લોભી સદ્ગુરુતણા સેવો પ્રેમે પાય;
તો સંતોષ ઉરે વસે એ જ અચૂક ઉપાય. ૨૦

**(૩)**

વિષય વિષે વૃત્તિ ફરે એ જ અસંયમ જાણ,
બાહ્ય ત્યાગ પણ નટ-દશા, શું સાધે કલ્યાણ? ૨૧

ભવ, તન, ભોગ વિચારતાં ઊપજે જે વૈરાગ્ય,
ઉદાસીનતા સેવતાં અર્પે અંતર્-ત્યાગ. ૨૨

દેહદૃષ્ટિ દૂર થાય તો ભોગ રોગ સમજાય;
સંયમસુખ ચાખ્યે ખરું, ભોગી ભૂંડ ભળાય. ૨૩

કાદવમાં ક્રીડા કરે ભૂંડ-ભૂંડણી જેમ,
મોહવશે નર, દેવ પણ, ફરે ફુલાયા તેમ. ૨૪

દેહ-સ્નેહની નાથથી પશુ સમ નર દોરાય;
અધોગતિ જ અસંયમે, સુખ નહિ સત્ય જરાય. ૨૫

સમકિત પશુતા ટાળશે, દેશે શિવ-સુર-સુખ;
કટુ દવા સમ સંયમે ટળશે ભવનાં દુઃખ. ૨૬

સત્ય સંયમે સુખ વસે આત્મસ્થિરતારૂપ;
નથી સર્વાર્થસિદ્ધિમાં એવું સુખ અનૂપ. ૨૭

જડ, ચલ જગની એંઠથી કંટાળે મતિમાન;
સુંદર આત્મ-સ્વરૂપનું ભોગ ભુલાવે ભાન. ૨૮

ભોગ અનુકૂળ વિઘ્ન છે ભલાભલા ભૂલી જાય,
માટે દૂરથી તે તજો; જુઓ જીવન વહી જાય. ૨૯

નદીજળ મીઠાં વહી વહી દરિયે ખારાં થાય,
જીવન ભોગ વિષે વૃથા જાય, પાપ બંધાય. ૩૦

દુઃખ ભોગવવું ના ગમે, દેહ દુઃખની ખાણ;
પરમાનંદ સ્વરૂપનું કરી લે ઓળખાણ. ૩૧

**(૪)**

ભાન નહીં નિજરૂપનું તેથી જીવ મૂંઝાય,
ધીરજ દુઃખમાં ના ધરે, આકુળ-વ્યાકુળ થાય. ૩૨

અકળાયે દુખ ના ટળે, કર્મ દયા નહિ ખાય;
તો કાયર શાને થવું? ત્યાં જ સમજ પરખાય. ૩૩

વીર બનીને જો સહે સર્વ પ્રકારે દુઃખ,
કાળે કરી દુઃખ સૌ ટળે; સમતા અંતર્સુખ. ૩૪

ભૂખ-રોગ-દુખ બહુ સહે નહિ શત્રુ દેખાય,
દુખ દેનારા જો દીસે તો નહિ દુઃખ ખમાય. ૩૫

બાહ્ય નિમિત્ત જ માનતાં કર્મ તરફ નહિ લક્ષ;
લડે બાહ્ય નિમિત્ત સહ, દુખ વેદે પ્રત્યક્ષ. ૩૬

વિરલા સહન કરે વચન, ઊંડું ઊતરી જાય;
ઘા રુઝાયે શસ્ત્રનો વચન-ઘા ન રુઝાય. ૩૭

મન, મોતી ને કાચ એ તૂટ્યાં નહિ સંધાય;
સંત-સમજ સવળું કરે, અરિ પણ મિત્ર મનાય. ૩૮

અંતર લાખો ગાઉનું નભ-યાને ય કપાય,
ગાન વિલાયતમાં થતાં અહીં બેઠાં ય સુણાય. ૩૯

યુદ્ધ-કલા-વિજ્ઞાનમાં જનમનવિજય જણાય,
પણ મનને જે વશ કરે તે જ મહાન ગણાય. ૪૦

બાહ્ય નિમિત્તો નહિ છતાં મન ઘડતું બહુ ઘાટ,
પીંપળપાન સમાન મન ઉપજાવે ઉચાટ. ૪૧

પરમ પ્રેમ પ્રભુ પર વધ્યે મનબળ ભાંગી જાય,
આત્મ-રમણતા રૂપ એ સત્ય ધીરજ સમજાય. ૪૨

જો, જીવ, ઇચ્છે પરમ પદ, તો ધીરજ ગુણ ધાર,
શત્રુ-મિત્ર, મણિ-તૃણ ભણી સમદૃષ્ટિ ધર સાર. ૪૩

★

[૧]પર પોતાનું માનવું, [૨]પરલાભે અભિલાષ,
[૩]ભોગેચ્છા, [૪]આકુળતા—દુખશય્યા ગણ ખાસ. ૪૪

ચારે દુખશય્યા તજે તો સુખશય્યા આપ;
પણ ના સાલે દુઃખ તો ટળે શી રીતે તાપ? ૪૫

નિજ દોષો દેખી હણે તે જ મુમુક્ષુ જીવ,
મૂળ દોષ મિથ્યાત્વને હણી, વરે સુખ શિવ. ૪૬

આત્મા સૌખ્યસ્વરૂપ છે, નિજ ગુણ શય્યા ધાર,
અનંત ચતુષ્ટયી વર્યા તે પ્રભુ મુજ આધાર. ૪૭

જે સમ્યગ્દૃષ્ટિપણે શ્રદ્ધે શુદ્ધ સ્વરૂપ,
ગુરુકૃપાથી તે તરે ભવસાગર દુઃખરૂપ. ૪૮

☆
☆☆

# ૧૪

# વ્યાવહારિક જીવોના ભેદ

(અનુષ્ટુપ)

★

કેવળ જ્ઞાન-ભાનુના પ્રકાશે જગ જાણીએ;
ઉપકારી પ્રભુ **શ્રી**મદ્-કૃપાથી સુખ માણીએ. ૧

જાણે જીવ પદાર્થોને લોકોના અભિપ્રાયથી;
પદાર્થ-બોધ પામ્યો ના જ્ઞાનીના અભિપ્રાયથી. ૨

જે જ્ઞાનીના અભિપ્રાયે બોધ પામે વિચક્ષણો,
સમ્યગ્દૃષ્ટિ થશે તેઓ; આમાં સંશય ના ગણો. ૩

જીવ-અજીવ ભેદોને એકાગ્ર મનથી સુણી,
મુમુક્ષુ સંયમે વર્તે સમ્યક્ પ્રકારથી ગુણી. ૪

★

ચૈતન્યલક્ષણે સર્વે જીવો એક પ્રકારથી;
સિદ્ધ, સંસારી એવા બે ભેદો છે વ્યવહારથી. ૫

સિદ્ધોમાં ભેદ ના જાણો, ભેદો સંસારીના બહુ;
સિદ્ધો પૂર્ણ ગુણે શોભે, કર્મોવાળા બીજા સહુ. ૬

ત્રસ, સ્થાવર—સંસારી જીવો બે મુખ્ય ભેદથી :
ભયથી ત્રાસ પામીને ચાલે તે ત્રસ ખેદથી; ૭

સ્થળાંતરે ન શક્તિમાન્ સ્થાવરો દુઃસ્થિતિ-જડા.
સ્ત્રી-નૃ-નપુંસકો વેદે જીવો ત્રિવિધ સર્વદા. ૮

એકેન્દ્રી વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય બીજા ત્રણે.
વિકલેન્દ્રિયને ઇન્દ્રી ચાર, બે કે ત્રણ ગણે. ૯

દેવો, નારક, તિર્યંચો, મનુષ્યો ભેદ ચાર એ
ગતિભેદે સુખી - દુઃખી - પશુતા - મોક્ષ-કારણે. ૧૦

માત્ર સ્પર્શેન્દ્રિયે યુક્ત તે એકેન્દ્રિય જીવ છે;
દ્વિ-ત્રિ-ચૌ-પંચ-ઇન્દ્રિય અક્કેકી અધિકી ક્રમે- ૧૧

જિહ્વા, ઘ્રાણ, નયનો ને કર્ણ ઇન્દ્રિય પામતા,
એવા પાંચ પ્રકારે જો સંસારી જીવ સામટા. ૧૨

પૃથ્વી, પાણી અને અગ્નિ, વાયુ, વનસ્પતિ-વપુ
ધારે એકેન્દ્રિયો પાંચ; છઠ્ઠા ત્રસ તનુધરુ. ૧૩

છકાય જીવની રક્ષા ભગવંતે ભણી ઘણી;
સર્વ જીવો સુખી થાય, વાણી એવી પ્રભુતણી. ૧૪

એકેન્દ્રી પાંચ જીવો ને પંચેન્દ્રી, વિકલેન્દ્રિય,
સાત ભેદે બધા જીવો, જાણે જ્ઞાન અતીન્દ્રિય. ૧૫

[૫]એકેંદ્રી, [૧]વિકલેંદ્રિય, [૧]સંજ્ઞી, [૧]અસંજ્ઞી, આઠ એ
બે પંચેન્દ્રી તણા ભેદે, સંસારી જીવ પાઠ તે : ૧૬

પાંચ એકેન્દ્રી ને ચારે ત્રસના ભેદ એ નવ,
જિનાગમે કહેલા તે; રોકવા પાપ-આસ્રવ. ૧૭

વનસ્પતિતણા ભેદો : સાધારણ, પ્રત્યેક બે;
દશ થાયે ગણ્યે જુદા. ભેદો એવા અનેક છે. ૧૮

બાદર, સૂક્ષ્મ ભેદે સૌ સ્થાવરના દશ ભેદ જો,
એકાદશ ત્રસ સાથે ભેદો જાણે જ સુજ્ઞ તો. ૧૯

દશ સ્થાવર, પંચેન્દ્રી, વિકલેન્દ્રિય બાર એ;
સંજ્ઞી, અસંજ્ઞી પંચેન્દ્રી જુદા જોતાં જ તેર તે. ૨૦

સંજ્ઞી, અસંજ્ઞી પંચેન્દ્રી, વિકલેન્દ્રી ત્રણે વળી,
સૂક્ષ્મ, બાદર એકેન્દ્રી : ભેદો સાત બધા મળી. ૨૧

સૌ પર્યાપ્ત, અપર્યાપ્ત ચૌદે જીવ-સમાસ એ;
ચોરાશી લાખ જાતિના સંસારી જીવ-વાસ છેઃ—૨૨

પૃથ્વીકાય, જળકાય, અગ્નિ ને વાયુકાયની,
નિત્ય, ઇતર નિગોદે, સાધારણ હરિતની- ૨૩

જાતિ દરેકની સાત લાખ, આગમમાં ગણી;
ને દશ લાખ પ્રત્યેક [૧]વનસ્પતિ-તને ભણી. ૨૪

બે-ઇન્દ્રી, ત્રીન્દ્રોં, ચૌરેન્દ્રી બબ્બે લાખ દરેક જો;
દેવતા, નારકી, તિર્યક્-પંચેન્દ્રી લાખ ચાર સૌ. ૨૫

ચૌદ લાખ મનુષ્યોની : યોનિ ચોરાશી લાખ એ.
દયાળુ જીવ, જાણી આ, સ્વ-દયા દિલ રાખજે. ૨૬

જાતિભેદે ગણો કુલ, સંખ્યા તેની ગણાય છેઃ—
અનુક્રમે ભૂમિકાય, અપ્કાય, અગ્નિકાય ને- ૨૭

વાયુકાય તણાં કુલ બાવીસ લાખ ક્રોડ જો,
સાત લાખ, ત્રણ લાખ, સાત લાખ કરોડ સૌ. ૨૮

બેન્દ્રી, ત્રીન્દ્રી, ચતુરિન્દ્રી હરિત કાયનાં દીસે
ક્રોડ લાખ બધે, સાત, આઠ, નવ, અઠાવીશે. ૨૯

જળચરો, નભગામી, પશુ, ઘો-સર્પનાં ક્રમે
સાડાબાર તથા બાર, દશ, નવ યથાગમે. ૩૦

નર, નારકી, દેવોનાં ચૌદ, પચ્ચીસ, છવ્વીસ
કરોડ લાખ કુળો છે ક્રમે; કુલ ગણાવીશ. ૩૧

એક ક્રોડ અને સાડી નવ્વાણુ લાખને ગુણ્યે
એક ક્રોડે થતાં કુળો સર્વ આગમ દાખવે. ૩૨

---

૧. વનસ્પતિ કાયમાં.

કાયા, કષાય, ઇન્દ્રિય, ગતિ, યોગાદિ કારણે,
* 'મૂળાચાર' વિષે ભેદો અનેક વિધિએ ગણે. ૩૩

જાણીને વિરતિ સાધે, અસંસારી થવા મથે,
તેને સુજ્ઞ, સુપંડિત સર્વ જ્ઞાનીજનો કથે. ૩૪

સત્સંગે સદ્‌વિચારે જે આજ્ઞા સદ્‌ગુરુની વહે,
સુખે સુખે સદા આત્મા ઉન્નતિપથને લહે. ૩૫

વાંચી સત્શાસ્ત્ર અભ્યાસે વૈરાગ્ય, ત્યાગ કેળવે,
દેહ-મોહ મટાડે તે મોક્ષનાં સુખ મેળવે. ૩૬

★

આત્મલક્ષ-અપેક્ષાએ ભેદ છે ત્રણ જીવના :
[૧]આત્મહિતતણું કાંઈ એકને કશું ભાન ના. ૩૭

મન વિના શું વિચારે ? મનવાળા ય મોહમાં
તણાતા કર્મના પૂરે, તલ્લીન દેહ-મોહમાં. ૩૮

[૨]બીજા કોઈ વિચારીને સંસાર તરવા ચહે,
ઉન્માર્ગે વર્તતાં માને મોક્ષનો માર્ગ, જે ગ્રહે. ૩૯

અસદ્‌ગુરુ મનાવે તે માનીને ભવ ગાળતાં,
આગ્રહો ગ્રહી ચૂકે તે, સત્યયોગ મળે છતાં. ૪૦

[૩]ત્રીજા જ્ઞાની સુવૈરાગી, સાક્ષી, બોધસ્વરૂપ જે,
ઉદાસીનપણે કર્તા દેખાતા, આત્મતા ભજે. ૪૧

ગાળી સ્વચ્છંદભાવો તે ઉદયાધીન વર્તતા,
સંયોગે ન તદાકાર, મોક્ષ માટે જ જીવતા. ૪૨

☆
☆☆

---

* એક જૈન શાસ્ત્ર

# ૧૫

# ત્રણ આત્મા

(અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?—એ રાગ)

★

જય શ્રી સદ્‌ગુરુ **રાજચંદ્ર** દયોદધિ,
આ પામર પર અતિ કર્યો ઉપકાર જો;
કોટિ ઉપાયે પણ બદલો દેવાય નહિ,
પરમ પદ દર્શાવી દ્યો સહકાર જો. જય૦ ૧

ભવ ભવ ભમતાં જે પદ જીવ ન પામિયો,
ગુરુ-કૃપા વિણ કેમ કરી સમજાય જો;
તેથી શ્રીમદ્ રાજચંદ્ર-ચરણે રહ્યો,
સ્તવન નમન કરી યાચું મોક્ષ-ઉપાય જો. જય૦ ૨

શુદ્ધ સ્વરૂપે નિજ અખંડિત આતમા,
સમજી અનુભવવાનો સહજ પ્રકાર જો;
અપૂર્વ કરુણા કરી આવા કળિકાળમાં
દર્શાવ્યો છે, કરવા અમ ઉદ્ધાર જો. જય૦ ૩

તે જ સમજવા ત્રણ ભેદો વિચારીએ :
બાહ્ય દશા, અંતર્, પરમાતમરૂપ જો,
ટાળી બાહ્ય દશા અંતર્થી સાધીએ
પરમાતમ-પદ નિર્મળ નિજ ચિદ્રૂપ જો. જય૦ ૪

**(૧)**

બહિરાત્મા તો મિથ્યાદૃષ્ટિ જાણિયે,
મૂળ દ્રવ્યનું જેને નહિ ઓળખાણ જો;

બાહ્યદશામાં સંયોગે તલ્લીન તે
દેહદૃષ્ટિને કિંચિત્ નહિ નિજ ભાન જો. જય૦ ૫

કર્મભાવમાં તન્મય તેની વૃત્તિ છે,
માને કે 'હું સુંદર', 'શ્યામસ્વરૂપ' જો,
'હું જાડો', 'હું કૃશ', 'નીરોગી' 'રોગી' કે
'બ્રાહ્મણ' 'ભંગી' 'નર' 'નારી' તદ્રૂપ જો. જય૦ ૬

'દિગંબર', 'શ્વેતાંબર', 'સાધુ', 'સાધવી',
'વેદાન્તી', 'વૈષ્ણવ', વા 'બુદ્ધ', 'ફકીર' જો;
માત, પિતા, પતિ, પત્ની, ધન સંબંધની
'દેખત-ભૂલી'માં બહુ મૂંઝાય બહિર જો. જય૦ ૭

દેહ, દેશ, જ્ઞાતિ ખ્યાતિ મારાં ગણી,
અપયશ, દુખ શત્રુવટ ના ભૂંસાય જો;
અંતર્ગ્રંથિ ગાઢ કલ્પનાની વણી
બહિરાત્મા હા! સંસારે રે'સાય જો. જય૦ ૮

(૨)

સદ્ભાગ્યે જો સદ્ગુરુયોગે જીવને
કેવળીકથિત સુધર્મ સ્વરૂપ સમજાય જો,
તો વિષયાદિક દેહસુખો દુઃખો ગણે,
આત્માના સુખ કાજે ઉદ્યમી થાય જો. જય૦ ૯

સમ્યગ્દૃષ્ટિ અંતર્ આત્મા તે થયો,
જ્ઞાન અને વૈરાગ્ય સહિત વર્તાય જો;
અહંમમત્વ દોષ અનાદિનો ગયો,
વિશ્વ-વિલોકન, વિભ્રમ ટાળી, થાય જો. જય૦ ૧૦

આત્મા ગોરો, કાળો, રાતો ના ગણે,
નહિ તે બ્રાહ્મણ, ભંગી કે નર, નાર જો.

દેવ, મનુજ કે નારક, પશુ તે ના બને,
ગુરુ-શિષ્ય નહિ, નહીં વેષ-વ્યવહાર જો. જય૦ ૧૧

જુદો દેહથી પોતાને જે જાણશે,
દેહ અચેતન માને મ્યાન સમાન જો;
તે પરનો પણ દેહ અચેતન માનશે,
સ્વ-પર વિષેની ભૂલ તજે વિદ્વાન જો. જય૦ ૧૨

જાડે કપડે દેહ ન જાડો જાણિયે,
જૂને કપડે દેહ ન ઘરડો હોય જો;
રાતે કપડે દેહ ન રાતો માનિયે,
વસ્ત્ર-વિનાશે દેહ-વિનાશ ન જોય જો. જય૦ ૧૩

તેમજ જાડા દેહે જાડો જીવ નહીં,
જીર્ણ દેહમાં જીવ ન જીર્ણ ગણાય જો;
રક્ત દેહમાં જીવ ન રક્ત બને જરી,
દેહ-વિનાશે જીવવિનાશ ન થાય જો. જય૦ ૧૪

પરમાણુ બહુ દેહ વિષે પેસે, ખરે,
પણ આકૃતિ એની એ જ જણાય જો;
એક જ ક્ષેત્રે જીવ-તન ક્ષીર-નીરની પરે,
પણ વિલક્ષણ લક્ષણથી ઓળખાય જો. જય૦ ૧૫

અંતર્ આત્મા તત્ત્વસ્વરૂપને ઓળખે;
તેથી ક્યાંથી રાગાદિક કરાય જો?
જગજીવોને શત્રુ-મિત્ર ન તે લખે;
જ્ઞાનીને જાણે તે તેવો થાય જો. જય૦ ૧૬

બુદ્ધિમાં ના આતમજ્ઞાન વિના બીજું
જ્ઞાની ધારે અધિક સમય કૈં કામ જો;
વાણી, કાયાથી વર્તે જો જરૂરનું
કામ પડ્યે, પણ મન રાખે નિષ્કામ જો. જય૦ ૧૭

અંતર્ આત્મા આત્મવિચારે જાગતો,
વ્યવહારે વર્તે સુષુપ્ત સમાન જો;
જગત-કુશળ ના આત્મરસી પ્રાયે થતો,
વિષય-કષાયે ઝૂકે ભૂલી ભાન જો. જય૦ ૧૮

જે દેખાતું રૂપસહિત જગમાં બધું,
તે ના જાણે કાંઈ, વૃથા વ્યવહાર જો;
જાણે તેનું રૂપ ન નજરે આવતું,
કોની સાથે વદવું? કર વિચાર જો. જય૦ ૧૯

‘કોઈ મને સમજાવે’, ‘પરને બોધ દઉં’,
ગાંડાની ચેષ્ટા સમ સર્વ ગણાય જો;
‘વચનાતીત, સ્વરૂપે નિર્વિકલ્પ હું’,–
એમ વિચાર્યે વાણી પણ રોકાય જો. જય૦ ૨૦

બાહ્ય અને અંતર્વાચાને રોકતાં,
યોગી પ્રગટાવે પરમાત્મ-પ્રદીપ જો;
સર્વે ઇન્દ્રિયના સંયમને સાધતાં
કર મન સ્થિર, પરમાત્મા તુજ સમીપ જો. જય૦ ૨૧

તજી બહિરાત્મપણું અંતર્માં સ્થિર થા;
સર્વે સંકલ્પોથી ભિન્ન સ્વરૂપ જો
પરમાત્માનું, ભાવે અંતર્ આતમા;
દૃઢ અભ્યાસે થાયે સ્થિર તદ્રૂપ જો. જય૦ ૨૨

**(૩)**

નિત્ય, નિરંજન, પરમાનંદ સ્વરૂપ જે,
જ્ઞાન અનંતનું પરમાત્મા તો ધામ જો;
શુદ્ધ, બુદ્ધ ને શાંત, શિવ અનૂપ તે,
દેહરહિત ને દેહસહિત બે નામ જો. જય૦ ૨૩

વર્ણ, ગંધ કે સ્પર્શ, શબ્દ, રસ જ્યાં નહીં,
જન્મ-મરણ વિણ જેહ નિરંજન નામ જો;
ક્રોધ, માન, મદ, માયા, મોહ રહ્યાં નથી,
સ્થાન-ધ્યાન વિણ તે જ નિરંજન રામ જો. જય૦ ૨૪

વેદ, શાસ્ત્ર, ઇન્દ્રિયે જાણ્યો જાય નહિ,
નિર્મળ ધ્યાને ગમ્ય, સદા દુર્લક્ષ્ય જો;
અનંત ચતુષ્ટય, કેવળ લબ્ધિ જ્યાં રહી,
સંત નિરંતર ધરે અલક્ષ્યે લક્ષ્ય જો. જય૦ ૨૫

દેહ-દેવળે વસતા જે વ્યવહારથી,
કેવળજ્ઞાનરૂપી તનુધારી દેવ જો,
તેની ભક્તિ થાય વિરાગ-વિચારથી;
તો ભવ-વેલી બળી જશે સ્વયમેવ જો. જય૦ ૨૬

તારો એક અનંત ગગન વિષે દીસે
કેવળજ્ઞાને તેમ જ વિશ્વ-વિલાસ જો;
તેવા કેવળી પણ આ વિશ્વ વિષે વસે,
પણ જગરૂપ નહીં, પરમાત્મ-પ્રકાશ જો. જય૦ ૨૭

મંડપ લગી વેલી વળી વળી પથરાય છે,
તેમજ જ્ઞેય પદાર્થો સુધી જ્ઞાન જો;
સર્વ જાણવાની શક્તિ ઊભરાય છે,
પણ નહિ જ્ઞેય મળે તો અટકે જ્ઞાન જો. જય૦ ૨૮

જ્ઞાનસ્વરૂપ જે મુનિગણના મનમાં વસે,
દેહધારીના દેહે દેહાતીત જો,
દિવ્ય દેહરૂપ ત્રિભુવનગુરુ જો ઉલ્લસે
નિજ મનમાં, ગણ મુક્તિ તણી એ રીત જો. જય૦ ૨૯

વિષયસુખમાં અંધ બનેલા જીવને
દિવ્ય યોગ મુક્તિદાયક દુષ્પ્રાપ્ય જો;

શિવ સ્વરૂપે કેવળ શાંત મુનિ બને,
જય પામો તે શિવસુખ જેને પ્રાપ્ય જો. જય૦ ૩૦

પરમ પુરુષ તો મુક્તિ મૂર્તિમાન છે,
બોધરૂૅપી હાથે કરતા ઉદ્ધાર જો;
ભવ-સમુદ્રે ભવ્ય ડૂૅબે બેભાન જે,
તેને તારે યોજી હિત-ઉપચાર જો. જય૦ ૩૧

પરમાત્માની વચનવિલાસે અતિ સ્તુતિ
કરનારા વિદ્વાનો થોકે થોક જો;
બ્રહ્માનંદ-સુધા સાગરના સ્નાનથી
ભવ-સંતાપ તજે, હા! વિરલા કોક જો. જય૦ ૩૨

☆
☆☆

# ૧૬

# સમ્યગ્દર્શન*

(ઇંદવ છંદ)

(આજ મને ઉછરંગ અનુપમ, જન્મ કૃતારથ જોગ જણાયો.)

★

જે ભવકારણ જ્ઞાન અનાદિથી ભાન ભુલાવી કુમાર્ગ બતાવે,
તે ક્ષણમાં ભવ-નિવૃત્તિ કારણ સમ્યગ્દર્શન-સૂર્ય બનાવે;
સમ્યગ્દર્શનનું પણ કારણ સદ્‌ગુરુદેવ કૃપાળુની વાણી,
સર્વ અપૂર્વ સુહેતુ નમું ગુરુ **રાજ**પદે ઉર ઊલટ આણી.

સમ્યગ્દર્શન-દાયકનો ઉપકાર વળે નહિ કોઈ પ્રકારે;
ટાળી પશુગતિ ને નરકાદિક, મોક્ષતરુ-બીજ વાવી વધારે;
સિદ્ધ થયા ભૂતકાળ વિષે, વળી ભાવિ વિષે નર સિદ્ધ થશે જે,
હાલ વરે નર સિદ્ધગતિ, સહુ સમ્યગ્દર્શનવંત હશે તે.

કેવળીથી નહિ કોઈ અધિક સુદેવ મનાય મનોહર ભાવે,
ગ્રંથરહિત ગુરુથી નહીં અધિકો જગમાં ગુરુ ઉરથી લાવે;
કેવળી-ભાષિત ધર્મ દયામૂળ અંકુર ઉર વિષે પ્રગટે જે,
તે વ્યવહારથી સમ્યગ્દર્શન, નિશ્ચય આત્મ-અનુભવ દે તે.

સમ્યગ્દર્શનની ઝૂરણા સહ સમ્યગ્દર્શન ચિંતવતા જે,
તે જીવ ત્યાગ-વિરાગ વધારી, ગુરુગમ ધારી સુદૃષ્ટિ થતા તે;
સ્વપ્ન વિષે પણ સમ્યગ્દર્શન દૂષિત જે ન કરે સુવિચારી,
તે જીવ સમ્યક્‌ભાવ વિષે રમી, કર્મ ખપાવી વરે શિવનારી.

સમ્યગ્દર્શન શુદ્ધ ધરે નર તે વર કારણ મોક્ષતણું લે,
તેથી ગણાય જ જીવન્મુક્ત, મહાગુણવંત, સુજાણ ગણું તે;

* બાવન ટૂંકનું પુષ્પ

તે વીર, ધન્ય, કૃતાર્થ, મનુષ્ય, સુપંડિત, આર્ય, મુમુક્ષુ, સુદૃષ્ટિ,
જે જડ, ચેતન ભાવ વિચારી, ગણે નિજ જીવન આતમપુષ્ટિ.

લાભ ત્રિલોકતણો ન અધિક ગણો યદિ સમ્યગ્દર્શન આવે,
રાજ્ય ત્રિલોકતણું છૂટી જાય, જરૂર સુદર્શન મોક્ષ અપાવે;
સૈન્ય પરીષહનું બહુ હોય છતાં નહિ સમ્યગ્દૃષ્ટિ ડરે જે,
મૃત્યુ-પળે પણ સમ્યગ્દર્શન જ ન ભૂલે, સુસમાધિ વરે તે.

સમ્યગ્દર્શન, સંયમ, જ્ઞાન અને તપ જ્ઞાનીની ભક્તિથી આવે,
જેમ વિધિથી અનાજની વાવણી વૃષ્ટિ વડે બહુ પાક પકાવે;
સમ્યગ્દર્શન-વાહન-આરૂઢ, સંવર-બખ્તર સંયમી ધારે,
જ્ઞાનધનુષ્ય સજી તપ-બાણ ચલાવી અરિરૂપ કર્મ વિદારે.

સંયમયુદ્ધ વિષે જીતી તે વીર શાશ્વત રાજ્ય અનુપમ પામે,
ક્ષાયિક સમ્યગ્દર્શન આદિ અનંત ચતુષ્ટયવંત સુનામે;
દેહ તજી, નહિ દેહ ધરે ફરી, દેહરહિત રહે નિજભાવે,
એવી અલૌકિક ઉત્તમ લક્ષ્મીય શાશ્વત્ સમ્યગ્દર્શન લાવે.

ઇન્દ્રિય-વિષય-ઇચ્છક, આત્મિક સુખ ચહે નહિ તે નિજ વેરી,
જેમ તજી અમી, નંદન બાગ વિષે, વિષપાન કરે જન ઝેરી.
દુર્લભ ચંદન બાવળ માફક મૂરખ રાખ કરી રડવાનો,
તેમજ વિષયલોભ વિષે ભવ દુર્લભ હે જીવ! વ્યર્થ જવાનો.

રત્ન ન લે જન રત્નભૂમિ જઈ, સંગ્રહ કાષ્ઠ તણો કરી લાવે,
ધર્મ તજી, ભવ ભોગ-પરિગ્રહ-સંગ્રહમાં નર તેમ ગુમાવે;
પથ્થર-ભાર સમાન ગણો શમ, સંયમ, બોધ, તપાદિ ગુણો યે
સમ્યગ્દર્શન યુક્ત બધા ગુણ રત્ન સમાન અમૂલ્ય ગણો એ.

છે જીવ કર્મ-મલિન અનાદિથી, બંધન આઠ રીતે કરતો એ;
આસ્રવ, બંધતણું બીજ, તે પણ ક્રોધ, મદાદિ થકી ધરતો તે;
તે પણ અવ્રતથી ઊપજે, બીજ એક કુદર્શન સર્વ તણું છે.
ઉત્તમ યોગથી એક સુદર્શન જીવ લહે, બીજ મોક્ષતણું તે.

સમ્યગ્દર્શન-કારણ-યોગ જ સમ્યગ્જ્ઞાન પ્રમાણ બનાવે,
સર્વ પદાર્થ-પ્રકાશક જ્ઞાન જ હિત-અહિત યથાર્થ જણાવે,
હિત-અહિત-વિચારક કુશીલ છોડી, સુશીલ ધરે પુરુષાર્થી,
શીલ મહોદય દે, પછી ઉત્તમ મોક્ષતણાં સુખ લે પરમાર્થી.

તે ત્રણ લોક વિષે ય પ્રધાન ગણાય સુપંડિત પામી સુદૃષ્ટિ,
શાશ્વત સુખ-નિધાન જ કેવળજ્ઞાન લહે શિવ-સાધન-પુષ્ટિ;
ઇન્દ્રિય વિષયમાં મન જેમ ધરે રતિ, તેમ રમે નિજ ભાવે,
તો નહિ મોક્ષ અતિ દૂર; એમ મહાપુરુષો જીવને સમજાવે.

નિર્મળતા, સ્થિરતાદિ ગુણો ગણી સમ્યગ્દર્શન જો ત્રણ ભેદે,
આત્મપ્રતીતિ બધાય વિષે ગણ, ક્ષાયિક ભેદ બહુ બળને દે;
અંશથી સિદ્ધપણું પ્રગટાવતી એ જ રુચિ કહી મોક્ષની સામે;
તેથી મલિનપણે પ્રતીતિ ક્ષય-ઉપશમે વળી વેદક નામે;

કાળ ઘણો રહી ક્ષાયિક રુચિ બને; કદી કર્મ-કુસંગથી ભૂલે,
તો ભટકે ભવમાં પણ આખર ક્ષાયિક રુચિથી કૈવલ્ય તે લે;
ઔપશમિક સમ્યક્ત્વ ટકે નહિ બે ઘડીયે, પણ નિર્મળ સારું,
થાય ક્ષયોપશમિક કદાચિત્; ભ્રાંતિ વિષે પણ તે પડનારું.

સમ્યગ્દર્શન નિશ્ચયથી ક્ષણ એક કદી જીવ પામી જશે જે,
પુદ્ગલ અર્ધ પરાવર્તને પણ નિયમથી ગણ સિદ્ધ થશે તે;
એ જ અલૌકિક ભાવ સુધર્મતણો દૃઢ રંગ કદી નહિ છૂટે,
નામ કહો બીજ ભક્તતણું, ન અનંત જુગો ભમતાં ય વછૂટે.

સમ્યગ્દૃષ્ટિ જ સાહસ આ કરતા : ડરતા નહિ જો જગ ડોલે,
તેમ પડે નભથી કદી વજ ચઢે જનનાં મન તો ચગડોળે.
નિર્ભય સમ્યગ્દૃષ્ટિ સદા, ભય મૃત્યુ તણો ઉરમાં નહિ ધારે;
જ્ઞાનશરીર અવધ્ય સદા ગણી નિજ અનુભવને ન વિસારે.

પ્રાણ છૂટ્યાથી કહે જન મૃત્યુ, છતાં જીવ ચેતન-પ્રાણથી જીવે;
જ્ઞાન જ ચેતનરૂપ સદા, નહિ જ્ઞાનપ્રકાશ હણાય કદીયે.

આમ મરે નહિ જીવ કદી, ભય જ્ઞાની સમીપ કદી નહિ આવે,
જ્ઞાન જ નિત્ય [૧]નિઃશંકપણે સહજે સમજુ જન તો મન લાવે.

દેહ કપાય, ભલે છૂટી જાય, સડે, બગડે ય, ભલે બળી જાતો;
જેમ થનાર થશે, નહિ એ મુજ-જ્ઞાની ન સાત ભયે ગભરાતો.
કર્મ-વિપાક અનેક રીતે જિન વર્ણવતા, નહિ તે મુજ ભાવો,
આત્મસ્વભાવ સુદૃષ્ટિ ગણે નિજ; એક જ જ્ઞાન વિષે મન લાવો.

ભોગવી ચીજ ભૂલે સમજુ જન, ભાવિ તણી નહિ લાલચ રાખે,
હાલ મળેલ પદાર્થ ચહે નહિ, હેય ગણે રતિભાવ ન ચાખે;
રોગ સમાન ગણે સહુ ભોગ સુદૃષ્ટિ ત્રિકાળ [૨]અનિચ્છક માનો,
જે પરલોક તથા પરભાવ ચહે નર સમ્યગ્દૃષ્ટિ જ શાનો?

નિર્વિચિકિત્સક[૩] ગુણ ધરે વળી સમ્યગ્દૃષ્ટિ સદા સુખકારી,
ભેદવિજ્ઞાનથી ઓળખતા ચીજ, પુદ્ગલ કેમ ગણે દુઃખકારી?
દુઃખ ન દે નિજ ભાવ વિના કદી કોઈ, વિચારી સદા શમ વેદે,
કોઈ સમે ન રુચે પર ચીજ છતાં બળ વાપરી દ્વેષ તજે તે.

શુભઅશુભ બહિર પદાર્થ સમાન ગણી, નહિ મૂઢ બને જે,
સમ્યગ્દૃષ્ટિ [૪]અમૂઢ ગણાય, ન મોહવશે પર નિજ ગણે તે;
સિદ્ધ ભજી; [૫]ઉપબૃંહણ કે ઉપગૂહન ગુણ સુદૃષ્ટિ ધરે જે,
પુષ્ટ કરે નિજ આતમશક્તિ, દબાવી વિભાવ, સ્વભાવ વરે છે.

સ્થિર કરે નિજ ભાવ, કુમાર્ગ ભણી ઢળતા અટકાવી સુદૃષ્ટિ,
તે [૬]સ્થિતિકારી સુગુણ ધરે શિવ-માર્ગ વિષે સ્થિતિસ્થાપક દૃષ્ટિ;
રત્નત્રયી શિવમાર્ગ-સુસાધક ઉપર વત્સલ ભાવ ધરે જે,
વાત્સલ્ય[૭] ગુણ સહિત સુદૃષ્ટિ સ્વરૂપ પ્રતિ અનુરાગ કરે છે.

જ્ઞાનની વૃદ્ધિરૂપી રથ-આરૂઢ સમ્યગ્દૃષ્ટિ મનોરથપંથે,
આત્મપ્રભાવ વધારી ફરે, ગુણ તે જ [૮]પ્રભાવન અષ્ટમ અંગે;
નિશ્ચય સમ્યગ્દર્શનનાં ધર આઠ સુઅંગ અરે જીવ! નિત્ય,
તો શિવમાર્ગ સધાય, છૂટે સહુ કર્મ થકી બનીને કૃતકૃત્ય.

સમ્યક્વંત મહંત સદા સમ ભાવ ધરે દુઃખ-સંકટ આવ્યે,
બંધ નવીન પડે નહિ, પૂરવ બંધ છૂટે નિજ આતમ ભાવ્યે;
પૂરણ અંગ સુદર્શનરૂપ, ધરો શ્રુતજ્ઞાન અનુભવ વાધે,
એમ સધે શિવમાર્ગ નિરંતર, મોક્ષ વિષે સુખ શાશ્વત લાધે.

જીવ-અજીવ વિચાર કરી, પ્રભુ, આસ્રવ-બંધ-નિરોધ ઉપાસું,
સંવર-નિર્જર ભાવ વિષે રહી, મુક્તિ વિના નહિ અન્ય વિમાસું;
દેહપ્રમુખથી ભિન્ન ગણી નિજ શુદ્ધ સ્વરૂપ-અનુભવ ચાખું,
શુદ્ધ કરી મન, ધર્મ-વિચાર, સમાધિ વિષે ઉપયોગ જ રાખું.

## સમકિતના ૬૭ બોલ : ૪ સદ્દહણા

જીવ અજીવ પદાર્થ-વિચાર ગુરુગમથી સમજ્યે સત્ [૧]શ્રદ્ધા,
બીજી મુનિ સમકિતી તણી કરવી ગુણરત્ન વિચારી [૨]શુશ્રૂષા;
દર્શનભ્રષ્ટની સંગતિ ત્યાગવી[૩] એ મનમાં ગણ ત્રીજી સુશ્રદ્ધા,
[૪]અન્ય-મતાગ્રહી-સંગતિ ત્યાગવી ચોથી સુરક્ષક શુદ્ધ પ્રસિદ્ધા.

## ત્રણ લિંગ

શ્રુતરુચિ ગણ લિંગ સુદૃષ્ટિતણું વળી ધર્મરુચિ પણ બીજું;
આળસ છોડી કરે ગુરુદેવની સેવ ગણો શુભ લિંગ જ ત્રીજું.

## દશ પ્રકારે વિનય

વિનયના દશ ભેદ સુણો : [૧]અરિહંત, [૨]વિદેહીની [૩]જિનપ્રતિમા,
[૪]આગમ, [૫]ધર્મ, [૬]મુનિ, [૭]સૂરિ, [૮]વાચક,
[૯]સંઘ અને [૧૦]સમકિત મહિમા.

## ત્રણ શુદ્ધિ

દેવ-ગુરુ-વચને મનશુદ્ધિ,[૧] કરે ગુણકીર્તન [૨]વાણી-વિશુદ્ધિ;
વંદન, સેવન [૩]દેહ વડે નહિ અન્યતણું ધરી ધર્મની બુદ્ધિ.

## પંચ દૂષણ

એ ત્રણ દર્શનશુદ્ધિ કહી, વળી દૂષણ પંચ તજ્યે જીતડંકા,
નિર્ભયતા નહિ પામી શકે મન જો ધરશે સતમાંહી [૧]કુશંકા.

કુમત-બાવળ ઇષ્ટ ગણે તજી સુરતરુ સમ સુગુરુ, [૨]કાંક્ષા;
સંશય ધર્મતણા ફળમાં મનમાં ઊગતાં, ગણવી [૩]વિચિકિત્સા,
કુમત-ધારીતણી સ્તવના[૪] વળી સંગતિ[૫] અંતિમ દોષ ગણો બે.
આઠ પ્રભાવક દર્શનના જિનશાસન-દીપક સુજ્ઞ સુણો તે :—

**આઠ પ્રભાવક**

જે શ્રુતનો પરમાર્થ અપાર છતાં ગુણધામ [૧]મુનિ-ઉર સ્ફુરે,
ધર્મકથા[૨] કરનાર સચોટ પ્રભાવ વડે જનસંશય ચૂરે,
વાદી[૩] પ્રભાવક તર્ક બળે પરવાદી જીતી જિન-શાસન ઓપે,
જોષી[૪] પ્રભાવક ભાખી ભવિષ્ય સુધર્મ વિષે જનનાં મન રોપે.

અંતર્ બાહ્ય [૫]તપે મુનિ ધર્મ-અતિશય લોક વિષે પ્રસરાવે,
દેવ સહાયથી, [૬]મંત્રબળે વળી કોઈ પ્રભાવક સંઘ બચાવે;
અંજનયોગથી[૭] કોઈ પ્રભાવક ધાર્મિક કાર્યથી ધર્મ ગજાવે,
કાવ્ય[૮] વડે પ્રતિબોધ કરે નૃપ આદિ મહાજનને મુનિ-ભાવે.

**પંચ ભૂષણ**

ભૂષણ પંચ સુદર્શનનાં : [૧]વિધિ-કુશળતા, વળી [૨]તીરથ-સેવા,
દેવ-ગુરુ પ્રતિ [૩]પૂજનભક્તિ, સુદર્શન-ભાવ[૪] ચળે નહિ તેવા;
પંચમ ભૂષણ ધર્મ-પ્રભાવ[૫] અનેક પ્રકારથી લોક વખાણે;
તેમ સુવર્તન, દાન, દયા, તપ, જ્ઞાન ધરે નિજ શક્તિ પ્રમાણે.

**પાંચ લક્ષણ**

લક્ષણ પાંચ સુદર્શનનાં : [૧]શમ, [૨]મોક્ષરુચિ, [૩]ભવખેદ, [૪]દયા ને
નિઃસ્પૃહી સંતની વાણી વિષે મન-તલ્લીનતા ગણ[૫]આસ્તિકતા એ.

**છ જયણા**

છે જયણા ષટ્ ભેદ સુદર્શન-દીપક તે વ્યવહાર દીપાવે,
કુગુરુ-દેવ પ્રતિ [૧]કર જોડી ન શિર[૨] નમાવી ભજે[૩] ગુરુભાવે.
દાન[૪] ન દે બહુ વાર ભલા ગણી, [૫]વાત કરે ન પરિચિત[૬] દાખે,
લાભ-અલાભ-વિચાર કરી વરતે, જયણા વ્યવહારથી રાખે.

**છ આગાર**

છૂટ છ ભેદથી શાસ્ત્ર વિષે કહી આપદ્-ધર્મ સમાન, ન ભાવે;
[૧]રાજબળે, [૨]સમુદાયવશે, વળી [૩]ફોજ વિષે, [૪]સુરત્રાસ સતાવે,
તેમ [૫]વડીલ-દબાણ થતાં; વન, ઘોર દુકાળ વિષે [૬]જીવિકાર્થે
જો વિપરીત સુદૃષ્ટિતણું પણ વર્તન હોય, ન દોષ પરાર્થે.

**છ ભાવના**

સમ્યગ્દર્શનની ઉપમા ષટ્ ચિંતવવી ઉપયોગી ગણી છે :–
[૧]મોક્ષતરુમૂલ, [૨]દ્વાર સુધર્મતણું, [૩]શિવમંદિર-પીઠ* ભણી તે.
[૪]ગુણ-નિધાન તિજોરી સમાન, ભૂમિ[૫] સમ સર્વ સહે સમકિતી,
[૬]ભાજન છે સત્, શીલતણું, નહિ પાત્ર વિના ટકતો રસ, નીતિ.

**છ સ્થાનક**

સ્થાનક સમ્યગ્દર્શનનાં ષટ્ સુજ્ઞ વિચાર કરી સમજી લે,
હંસ સમાન વિવેક-સુચંચુ અનુભવ-અમૃતનો રસ પી લે :–

છે[૧] જીવ ચેતન-લક્ષણવંત, અજીવ શરીર સદા શબ જેવું;
જીવ વિના ન જણાય કશું ય, નહીં નિજ ભાન, ગણાય જ કેવું ?
છે જીવ[૨]નિત્ય, વિચાર કરો, શિશુને સ્તન-પાન ન કોઈ શિખાવે,
પૂર્વ ભવે પુરુષાર્થ કરેલ અનુભવમાં વળી કોઈક લાવે.

છે [૩]કરતા જીવ જ્ઞાનતણો, સમભાવ-વિભાવ રૂપે બનનારો,
કર્મ વિભાવ વડે વળગે બહુ, શુભ અશુભ અનાદિ વિચારો;
ભોગવતો[૪] જીવ કર્મ-ફળો, ફરી ચાર ગતિ દુખદાયી, અરે રે !
પુણ્યથી સુખ મળે પરનું, વળી પાપથી દુઃખ, ન તેથી તરે રે !

મોક્ષ[૫] મહા સુખદાયી નિરંતર, કર્મ ઘટાડી, મટાડી વરે જે,
તે જીવ ધન્ય, ધરે નહિ જન્મ ફરી ભવમાં, જગને શિખરે તે;
મોક્ષ-ઉપાય[૬] સુધર્મ ધરો તપ, જ્ઞાન, સુદર્શન, ભક્તિ, વિરાગે,
કર્મ છૂટે સમભાવ, ક્ષમાદિથી; મુક્તિ વરે સહુ કર્મ જ ત્યાગ્યે.

(ઇતિ સમકિતના ૬૭ બોલ સંપૂર્ણ)

---

* પીઠ=પાયો,

જે મન સમ્યગ્દર્શનમાં અતિ નિશ્ચલ, તે પદ ઉત્તમ લેશે,
જ્ઞાન તપાદિ સુદૃષ્ટિ વિના નહિ કોઈ રીતે શિવસાધન દેશે;
સંયમ, જ્ઞાન તણું બીજ સમ્યગ્દર્શન, તે શમ-જીવન જાણો,
શ્રુત તપાદિ તણું અધિષ્ઠાન, કહે મુનિપુંગવ તે જ પ્રમાણો.

જેમ કૃપાળુ કહે શિવમાર્ગ અચૂક જણાય, છુટાય જ તેથી,
તે વીતરાગ સુલક્ષણવંતની થાય પ્રતીતિ, સુદર્શન એથી;
જે વીતરાગ, કહે જ યથાર્થ, ખરો શિવમારગ તે જ સ્વીકારું,
એ સુવિચાર ગણાય સુજ્ઞાનજ, જીવ-અજીવનું કારણ સારું.

એવી પ્રતીતિ, રુચિ, ગુરુ-આશ્રય, નિશ્ચય *આણ અનુસરવાનો
દે સ્ફુટ, વિસ્તૃત જ્ઞાન જીવાજીવનું ક્રમથી સમકિતી થવાનો;
એમ સુગુરુની આણ ઉપાસી, કરી ક્ષય રાગ થશે વીતરાગી.
સુગુરુ-જોગ વિના સમકિત થવું જ કઠિન ગણો, સદ્‌ભાગી.

કો અવિરાધક થાય સુદૃષ્ટિ સુશાસ્ત્રથી, તીવ્ર મુમુક્ષુ દશાથી,
તે પણ સદ્‌ગુરુ-માર્ગ તણો ન ઉપેક્ષિત, ગર્વ ધરે નહિ આથી;
પ્રત્યક્ષ કોઈ સૂરી ગુરુ-વાણીથી કોઈકને સમકિત જગાવે,
દુષમ કાળ વિષે શિવ-માર્ગ ન તદ્દન લોપ, સુદર્શન-ભાવે.

★

સદ્‌ગુરુ દે ઉપદેશ : ''અહો બુધ ! મોહરૂપી મદિરા ન પીવાની,
સમ્યગ્દર્શન-ભાન ભુલાવતી; આત્મ-અનુભવ ચાખ, સુજ્ઞાની.
ભોગતણી અભિલાષ, દશા વિપરીત, ટળે નિજ શુદ્ધ વિચારે;
સમ્યગ્દર્શન ચંદન જેવી ઉરે શમતા-સુખશાંતિ વધારે.

જ્ઞાનસમુદ્ર સમા ભગવાન સ્વ-આત્મ-પ્રતાપ વડે ઊછળે છે,
શાંત રસે જગ સર્વ ડુબાડી હરે ભ્રમ-ચાદર એક પળે એ.
નિશ્ચય એક, વિશુદ્ધ, અમોહી સુદર્શન-જ્ઞાન વડે જીવ પૂર્ણ;
તન્મય ત્યાં રહી આત્મસમાધિ-બળે કર કર્મતણું, બુધ, ચૂર્ણ.

હું મુનિ, શ્રાવક, સેવક, સ્વામી રૂપે મમકાર, અહંમતિ માને;
તે વ્યવહાર વિષે ડૂબી, ના પરમાર્થ સ્વરૂપ યથાર્થ પિછાને.

---

* આજ્ઞા

તે તુષ-જ્ઞાન વિષે મૂઢ ચાવલબુદ્ધિ ધરી કુશકા જ કૂટે છે;
દેહ-ગૃહાદિથી જાણી જુદો જીવ, સમ્યગ્દૃષ્ટિ અચૂક છૂટે છે.

દૂર બધો કકળાટ કરી ષટ્ માસ ભલો થઈ આતમ શોધે,
તો તુજ ઉર વિષે વસશે નિજરૂપ અલૌકિક સદ્ગુરુ બોધે;
પુદ્ગલથી પર ચેતન જ્યોતિ નિરંતર નિજ દશા સમજે જે,
લિપ્ત બને નહિ મોહવશે કદી, લક્ષ રહે દૃઢ જો નિજ તેજે.

★

**વીર**સેન અને **સૂર**સેન હતા બે સુત ઉદાયન ભૂપ તણા,
જન્મથી અંધ હતો વીરસેન શીખે ગીતશાસ્ત્ર, વખાણ દીસે ના,
સૂરકુમાર ધનુષ્ય કળા ભણી, લોક વિષે વખણાય સદાય,
તેથી પિતાની રજા વીરસેન લઈ, બની નમ્ર ગુરુકુલ જાય.

તે વિનયાન્વિત અંધ કુમાર કરી પુરુષાર્થ થયો સ્વરવેધી;
આશ ધરે યશની બહુ ચિત્ત, ગણે નહિ અંધપણું પણ તેથી.
એક દિને દળ દુશ્મનનું જીતવા વીરસેન કહે બહુ ભાવે,
આગ્રહ જાણી ભૂપાળ રજા દઈ સૈન્ય સહિત વિદાય અપાવે.

શબ્દ સુણી, શર છોડી, હરાવી, નસાડી દીધું દળ વીરકુમારે;
સુણી પરાક્રમી અંધકુમાર રિપુ પકડે બિન શબ્દ લગારે.
ત્યાં સૂરસેન ચઢે મદદે રિપુ-સૈન્ય જીતી નિજ બાંધવ લાવે;
તેમ ન સમ્યગ્દર્શન તો, ફળશે નહિ જ્ઞાન, ક્રિયા; રઝળાવે.

'દર્શન-જ્ઞાન-ચારિત્ર'ની આગળ 'સમ્યક્' શબ્દ લખે મુનિ માત્ર,
તે નીરખી, મુનિ શોધી, સુશિષ્ય કરે વિનતિ રચવા *શિવ-શાસ્ત્ર;
માનવ જન્મ લહી જીવ દુર્લભ, સત્શ્રુતિ, સમ્યગ્દર્શન પામે,
તે પુરુષાર્થ કરી વિરતિ ધરી શાશ્વત સુખ લહે શિવ-ધામે.

☆
☆☆

---

* મોક્ષશાસ્ત્ર=તત્ત્વાર્થસૂત્ર

# ૧૭

# પાર્શ્વનાથ પરમાત્મા

## ભાગ ૧

(દોહરા)

★

વંદન ગુરુ-ચરણે થતાં પ્રભુ **પાર્શ્વ** વંદાય;
અભેદ ધ્યાને પરિણમ્યા તે રૂપ શ્રી ગુરુ **રાય**. ૧

પ્રણમી પ્રગટ સ્વરૂપને સર્વ સિદ્ધ, જિનરાય,
સહજ સ્વરૂપે સ્થિરતા યાચું, કરો સહાય. ૨

પાર્શ્વચરિત મંગલ મહા, સુણતાં મંગલ થાય;
સત્શ્રદ્ધા મંગલ-કરણ, મંગલ મોક્ષ મનાય. ૩

★

**પો**દનપુર સુંદર નગર દક્ષિણ ભરતે સાર,
ઇન્દ્રસમો **અરવિંદ** નૃપ દયા-ધર્મ-ભંડાર. ૪

**વિશ્વ**ભૂતિ મંત્રી રૂડો તેને બે સંતાન;
મોટો **કમઠ** કુપુત્ર ને સરળ (૧)**મરુ**ભૂતિ માન. ૫

માથે પળિયું પેખીને મંત્રી કરે વિચાર:
મરણ-દૂત ચેતાવતો શરણ શોધવું સાર. ૬

સદ્‌ગુરુ-શરણ ગ્રહી, તજે અસારરૂપ સંસાર,
નૃપકરમાં સોંપી ગયો બન્ને નિજ કુમાર. ૭

મરુભૂતિની નીતિથી રાજા રાજી થાય,
કમઠ મંત્રી-કુમારરૂપ, રાજ્ય વિષે પોષાય. ૮

(૧) થી (૧૦) આંક પાર્શ્વ પ્રભુના દશ ભવ દર્શાવે છે.

એક સમય અરવિંદ નૃપ રિપુને જીતવા જાય;
મરુભૂતિ સાથે ગયો, કમઠ નગરપતિ થાય. ૯

દેખી સ્ત્રી મરુભૂતિની કમઠ કામવશ થાય;
નારી નાના ભાઈની પુત્રી તુલ્ય ગણાય— ૧૦

છતાં કમઠ કામાંધ થઈ, કરે નારી-શીલ-ભંગ;
હાહાકાર બધે થયો, ધિક્ક! વિકાર અનંગ. ૧૧

નૃપ નગરમાં આવતાં જાણે આ ઉત્પાત;
એકાન્તે મરુભૂતિને વાત કહી સાક્ષાત. ૧૨

મત મંત્રીનો નૃપ પૂછે : "કહો, શી શિક્ષા થાય?"
"પ્રથમ ગુન્હે માફી ઘટે, વળી મુજ ભાઈ ગણાય." ૧૩

સુણી એ ઉત્તર મંત્રીનો, નૃપ કહે : "કરવો ન્યાય;
રાજનીતિથી વર્તીશું, શોક ન કરીશ જરાય." ૧૪

વિદાય કરીને મંત્રીને, તેડ્યો કમઠકુમાર,
ધમકાવ્યો જન દેખતાં; ધ્રૂજે કમઠ અપાર. ૧૫

શ્યામ મુખ શરમે બન્યું, ઉપર લગાવી મેશ,
મસ્તક મૂંડાવી, ચૂને ધોળાવે જ નરેશ. ૧૬

વાનર-મુખા પશુરૂપે કર્યો ગધેડે સ્વાર,
શેરી શેરીએ ફેરવી કાઢ્યો રાજ્ય બહાર. ૧૭

ભૂતાચલ ગિરિ પર વસે તાપસ લોક અનેક,
તેમાં ભળી તપ તે કરે સર્પ સમો ધરી ટેક. ૧૮

બે કર ઊંચા કરી ધરે શિલા શિર પર તેહ,
જાણે ફણીધર ફેણ એ વેર-વિષે ભરી દેહ. ૧૯

સમાચાર સુણી ભાઈના, ગયો મંત્રી નૃપ પાસ,
વીનવે : "આજ્ઞા હોય તો, તાપસ-દર્શન-આશ." ૨૦

રાજા કહે, ''કરવો નહીં દુરાચારીનો સંગ;
દુષ્ટ તજે નહિ દુષ્ટતા, વેશ માત્ર બહિરંગ.'' ૨૧

ભ્રાત-મોહવશ ના ખળ્યો, વીનવે વારંવાર;
સજ્જન સરળ સ્વભાવથી કરે સ્નેહ, ઉપકાર. ૨૨

ચંદન છેદ ખમે છતાં કરે સુવાસિત ધાર,
વળી દર્પણ ઉજ્જ્વળ બને રાખ ઘસ્યે નિર્ધાર. ૨૩

હઠ કરી મંત્રી એકલો ગયો સહોદર પાસ;
કહે : ''ક્ષમા કરજો, મુનિ, અપરાધી હું દાસ. ૨૪

રાયે મુજ માન્યું નહીં, તમને દીધો ત્રાસ;
થનાર તે સૌ થઈ ગયું, તુમ વિણ રહું ઉદાસ.'' ૨૫

એમ કહી ચરણે નમે; દુષ્ટ લહી એ લાગ,
શિર પર શિલા ફેંકતો; થાય પ્રાણનો ત્યાગ. ૨૬

તાપસ મળી કાઢી મૂકે, થયો ચોર ભીલ-સંગ,
પકડાતાં પૂરો થયો, માર ખમી અત્યંત. ૨૭

અવધિજ્ઞાની મુનિ મળ્યે, વંદી પૂછે રાય :
''મંત્રી મુજ આવ્યો નહીં, કારણ નહીં કળાય.'' ૨૮

સુણી મરુભૂતિનું મરણ નૃપ થયો દિલગીર,
વાર્યો પણ વેગે ગયો, દરિયે ગંગા-નીર. ૨૯

સુખદાયક સંગતિ ભૂલી કરે દુષ્ટનો સંગ,
અધોગતિ તે નોતરે, કરો ન કોઈ કુસંગ. ૩૦

આર્તધ્યાન અંતે થતાં મંત્રી [૨]હાથી થાય,
સલ્લકી વનમાં વિચરે, ગિરિ સમ સુંદર કાય. ૩૧

★

એક દિન અરવિંદ નૃપ દેખે વાદળ રૂપ;
જિન-મંદિર બનાવવું, આવું એક અનૂપ—૩૨

એમ વિચારી ચીતરે ત્યાં વાદળ વીંખરાય,
ઉર અંકુર વૈરાગ્યનો પ્રગટી વધતો જાય : ૩૩

"આમ શરીર છૂટી જશે, અસ્થિર સર્વ જણાય.
મોહ નહીં દે સૂઝવા, આત્મહિત રહી જાય. ૩૪

ખાતાં મેણા કોદરા ભાન રહે નહિ જેમ,
ભાન વિના ભવ-દુઃખ હું સહું મોહવશ તેમ." ૩૫

એમ વિચારી અંતરે સદ્‌ગુરુ-શરણે જાય,
ઉત્તમ દીક્ષા આદરે, અવધિજ્ઞાની થાય. ૩૬

સાર્થવાહ સંગે મુનિ યાત્રા અર્થે જાય,
સલ્લકી વનમાં આવતાં કોપ્યો તે ગજરાય. ૩૭

છિન્નભિન્ન કરી સંઘને માર્યાં પ્રાણી અનેક,
મુનિ ભણી દોડ્યો *કરી મદઝરતો અવિવેક. ૩૮

આત્મદર્શીનાં દર્શને પૂર્વિક પાપ પળાય,
પુણ્યતરુફળ ચાખતાં, શાંતિ ઉર ભળાય. ૩૯

મુનિ-ઉર પર શ્રીવત્સનું દેખી લક્ષણ સાર,
ગજ જાણે **અ**રવિંદ આ, પૂર્વસ્મૃતિ-અનુસાર. ૪૦

મુનિચરણે માથું મૂકી કરતો પશ્ચાત્તાપ,
કૃપા કરી મુનિ બોધ દે હરવા ગજસંતાપ : ૪૧

"મંત્રી મરી હાથી થયો, આર્તધ્યાનનો દોષ;
પાપ કર્યાં તેં બહુ અરે! પશુયોનિ દુખકોષ. ૪૨

ધર્મધ્યાન ધર હે *કરી, સમ્યગ્દર્શન ધાર,
પ્રાણ ટકે ત્યાં લગી હવે પાળ અણુવ્રત બાર." ૪૩

કોમળહૃદયી હાથી એ મન નિંદે નિજ પાપ;
સત્ય ધર્મ-વિધિ મુનિએ ઉપદેશી નિષ્પાપ. ૪૪

* કરી=હાથી

સમ્યગ્દર્શન સહ ધરે ગજ વ્રત ગુરુની સાખ,
મુનિ સંઘ સહ ચાલિયા, વન સુધી હાથી સાથ. ૪૫

વ્રતી ગજપતિ વનમાં વસે, વધારતો વૈરાગ્ય,
સદ્‌ગુરુ-વચન ન વીસરે ભાવમુનિ મહાભાગ્ય. ૪૬

હણે નહીં ત્રસ જીવને, સાવધાન ગજરાજ,
મૈત્રી, ક્ષમા, સમતા ઉરે, જીવે સંયમ કાજ. ૪૭

ઉપવાસ-સાહસ કરે, ખાય સૂકાં તૃણ પાન,
વપરાતે રસ્તે ફરે, ડોળા જળનું પાન. ૪૮

દેખ્યા વિણ ડગ ના ભરે, નહિ જળ-પંકે ન્હાય,
શીલ-ભંગ કદી ના કરે, હાથણી ભણી ન જાય. ૪૯

આત્મવિચાર વિષે રહે, દેવ, ગુરુ પર પ્રેમ;
તપથી નિર્બળ, ક્ષીણ તન થયું હાથીનું એમ. ૫૦

એક દિને તૃષાપીડિત પેઠો નદીપટ માંય,
કાદવ-ખાણ વિષે કળ્યો, મરણ વિચારે ત્યાંય. ૫૧

જ્ઞાનીનું શરણું ગ્રહી, બની નિર્ભય, તૈયાર,
ઊભો કર્મ ખપાવવા; સહનશીલતા સાર. ૫૨

કમઠ કલંકી મરી થયો, ઊડણ સાપ નદી-તીર,
ગજ ઉપર પડી તે ડસે, મરણ કરે ગજવીર. ૫૩

નિર્મળ ભાવે મરી કરી [(૩)]સ્વર્ગ બારમે જાય,
ધર્મપ્રભાવ મહાન છે; ગુરુ-શરણે સુખ થાય. ૫૪

લોકોત્તમ સૌ સંપદા, અનુપમ ઇન્દ્રિય-ભોગ,
સુફળ ફળ્યું તપ-કલ્પતરુ, મળ્યો સકળ સુખ જોગ. ૫૫

જયવંતો વર્તો સદા, જૈન ધર્મ જગમાંય,
પશુ સરખાં તે સેવતાં દુખદરિયો તરી જાય. ૫૬

સુખમાં તે ખળૉ ના રહ્યો ધર્મ ધરે ઉરમાંય,
યાત્રા, કલ્યાણક પૂજા, ધર્મ-શ્રવણ પ્રિય ત્યાંય. ૫૭

★

વિદેહમાં વિજયાર્ધનો **વિ**દ્યુતગતિ ભૂપાળ,
**અ**ગ્નિવેગ[૪] કુમાર રૂપ થયો દેવ ચવી બાળ. ૫૮

ઉમ્મર સહ ભક્તિ અને ભલાઈ વધતી જાય;
જ્ઞાની સાધુ-સંગથી જ્ઞાન-વિરાગી થાય. ૫૯

ધરી મહાવ્રત મુનિ થયા, શાસ્ત્ર-નિપુણ પણ તેહ;
**હિ**મગિરિની ગુફા વિષે ધરે ધ્યાન વિદેહ. ૬૦

કમઠ જીવ નરકે જઈ દુઃખ સહી ચિર-કાળ,
અજગર હિમગિરિમાં થયો, દેહ અતિ વિકરાળ. ૬૧

પ્રેરિત કુસંસ્કારથી ગયો ગુફામાં ક્રૂર,
ગળે મુનિના દેહને; મુનિ સમભાવે શૂર. ૬૨

સ્વર્ગ સોળમે ઊપજ્યો મુનિજીવ [(૫)]દેવ મહાન,
અવધિજ્ઞાને જાણિયું : સુખ નહિ ધર્મ સમાન. ૬૩

ભીડ ભોગની ઘણી છતાં દેવ ન વીસરે ધર્મ;
સમ્યગ્દર્શન નિશદિન દર્શાવે શિવ-શર્મ.*૬૪

**અ**શ્વપુરે વિદેહમાં **વ**જ્રવીર્ય નૃપનામ;
**વિ**જયા પટરાણી-કૂખે દેવ-જન્મ અભિરામ. ૬૫

**વ**જ્રનાભિ[૬] સુલક્ષણો જનમન-રંજનહાર;
વિદ્યા ભણી યશ પામિયો, રાજ્ય કરે સુખકાર. ૬૬

ચક્રરત્ન પુણ્યોદયે આયુધ-શાળામાંય
પ્રગટ્યા પછી ષટ્ ખંડને જીતી વસે સુખમાંય. ૬૭

ચૌદ રત્ન, નવ નિધિ સૌ સુખ-સામગ્રી હોય,
પૂર્વ પુણ્યની વેલનાં અનુપમ ફળ એ જોય. ૬૮

---

* શર્મ=સુખ

ખેડૂત દાણા ખાય પણ, બીજ સાચવતા જેમ;
ચક્રવર્તી સુખ ભોગવે ધર્મ સાચવી તેમ. ૬૯

**ક્ષે**મંકરમુનિ-આગમન સુણી હરખ્યો નૃપરાય,
સદ્‌ગુરુભક્તિ-વેગથી વંદન કાજે જાય. ૭૦

પ્રદક્ષિણા ત્રણ દઈ નમે ગુરુ-ચરણે ધરી ભાવ,
વિનય સહિત બેસે સમીપ, ગણી સફળતા-દાવ. ૭૧

ગુરુ-ઉપદેશ સુણી વધ્યો વજનાભિ-વૈરાગ્ય;
રમણી, રાજ્ય બધાં નીરસ માને ભૂપ સુભાગ્ય. ૭૨

ભવ-તન-ભોગ-સ્વરૂપનો નરવર કરે વિચાર :
“ભવાટવીમાં બહુ ભમ્યો, તોય ન પામ્યો પાર. ૭૩

‘ત્રાહિ ત્રાહિ’ પોકારતો નરક વિષે બહુ વાર;
પશુ પરાધીન મૂઢ થઈ પામ્યો દુઃખ અપાર. ૭૪

પરસંપત્તિ પેખીને ઝૂર્યો સુરગતિમાંય,
નરગતિનાં દુખ તો પ્રગટ : ભવમાં સુખ નહિ ક્યાંય. ૭૫

પુણ્યાદ્રિ તીર્થંકરો તજતા સુખસંયોગ,
ભવવાસે સુખ હોત તો સાધત નહિ શિવ-યોગ. ૭૬

તન અસ્થિર ઘૃણાજનક, તેમાં સાર ન કોય;
સાગરભર જળથી ધુઓ તોય પવિત્ર ન હોય. ૭૭

સપ્ત ધાતુમય મળ-ભરી ચર્મ કોથળી કાય;
ઉલટાવી જરી જો જુઓ અતિ અપવિત્ર જણાય. ૭૮

નિશદિન નવ દ્વારો મલિન, ત્રિવિધ તાપનું મૂલ;
તેમાં સુખ શું શોધવું? હે જીવ! હવે ન ભૂલ. ૭૯

પોષાતાં દુખ-દોષ દે, શોષાતાં સુખકાર;
દુર્જન-દેહ-સ્વભાવ સમ, ઉપકારે અપકાર. ૮૦

નરતન પામી તપ કરું, એ નહિ મમતા કાજ;
આત્મયોગ ઉપજાવીને કરું સફળ શિવ-સાજ. ૮૧

અરે! અરિ જગ જીવના ભોગ જ દે ભવ-રોગ;
ભોગવતાં લાગે ભલા, પછી પડાવે પોક. ૮૨

વિષધર-વિષથી પણ વધુ દુખદાયી બહુ કાળ;
ધર્મ રત્ન હરી જાય વળી, પોષે લાલચ-લાળ. ૮૩

જેમ જેમ મળતા રહે ભોગ-યોગ જે ચ્હાય,
તેમ તેમ તૃષ્ણા વધે, અહિ-વિષ-લહરી ન્યાય. ૮૪

ધંતૂરો પીનારને કંચન સર્વ જણાય,
તેમ મોહવશ જીવને ભોગ ભલા સમજાય. ૮૫

ચક્રવર્તી-પદ પામીને ભોગ વિષે ગરકાવ,
રહ્યો, તોય મન ના ધરે જરાય તૃપ્તિભાવ. ૮૬

રાજ-સાજ બીજ પાપનું, પાય વેરરૂપ ઝેર,
વેશ્યા સમ લક્ષ્મી ચપળ, મોહરિપુનો કેર. ૮૭

કેદ સમો ગૃહવાસ ગણ, પગ-બેડી નિજ નાર,
સ્વજન સિપાઈ સાચવે, સંકટરૂપ આહાર. ૮૮

સમ્યગ્દર્શન-જ્ઞાન-વૃત્ત, તપ આદિ છે સાર,
આ ભવ, પરભવ સુખ દે; બાકી સર્વ અસાર.'' ૮૯

એમ વિચારી ત્યાગી દે ચક્રવર્તી-પદ-ભાર,
સોંપી સુતને રાજ્ય તે બને મહા અણગાર. ૯૦

ધન્ય! સમજ દેનારને, ધન્ય! સમજ ધરનાર,
ધન્ય વીર્ય ને ધૈર્યને, મોક્ષમાર્ગ-સરદાર. ૯૧

શ્રુત-સાગરમાંહી રમે, વહે મોક્ષને પંથ,
નિજ સ્વભાવે સ્થિર થતા વજનાભિ નિર્ગ્રંથ. ૯૨

એક દિને વનમાં ઊભા મુનિવર ધરીને ધ્યાન,
સ્તંભ સમાન અડોલ છે; પૂર્વ કર્મ બળવાન. ૯૩

કમઠ જીવ અજગર મટી છઠ્ઠી નરકે જાય,
બાવીસ સાગર દુખ ખમી ભીલ ભીષણ તે થાય. ૯૪

શિકાર ભીલ કરતો ફરે, આવ્યો જ્યાં ભગવાન,
યોગારૂઢ રહ્યા, ગણે કાદવ કંકુ સમાન. ૯૫

કંચન કાચ સમાન છે, તેમ મહેલ મસાણ,
દુષ્ટ, દાસ; જીવન, મરણ; નહીં દેહનું ભાન. ૯૬

નિર્મમ, નિર્ભય, નગ્નરૂપ દેખી કોપે ભીલ;
બાણે મુનિતન વીંધતો તે નિર્દય, કુશીલ. ૯૭

ધીરજ મુનિવર ના તજે, ધર્મધ્યાનમાં લીન;
દેહ તજી (૭)ગ્રૈવેયકે ઊપજે મુનિ પ્રવીણ. ૯૮

અવધિજ્ઞાને જાણી લે : ધર્મતરુ સુખદાય,
ભાવે, પોષે ત્યાં રહ્યા વંદી સૌ જિનરાય. ૯૯

અહમિંદ્ર-સુર એકઠા મળતા સહજ સ્વભાવ;
ધર્મકથા, મુનિગણ-કથન કરે વધારે ભાવ. ૧૦૦

કામ-દાહ નહિ તેમને, સ્ત્રી-સુખ ચહે ન ચિત્ત;
સમાન અહમિંદ્રો વિષે રૂપ, કળા કે વિત્ત. ૧૦૧

રૌદ્ર-ધ્યાનથી ભીલ મરી મુનિ-હત્યાથી જાય
નરક સાતમી ભયભરી, ત્યાં તે બહુ પસ્તાય. ૧૦૨

ત્યાંનાં દુખ ના કહી શકે સર્વ પ્રકારે કોય,
જાણે શ્રી ભગવાન કે જે ભોગવતા હોય. ૧૦૩

દુઃખ ખમ્યું નવ જાય પણ નહિ કો શરણ સહાય,
ક્ષણ ક્ષણ ઇચ્છે મરણ પણ મરણ અકાલ ન થાય. ૧૦૪

દુઃખ નિરંતર ભોગવે, નહિ નિદ્રા, નિરાંત;
તેનો લવ સ્વ-વશ સહે તો જીવ લહે ભવાંત. ૧૦૫

☆
☆☆

# ૧૮
# પાર્શ્વનાથ પરમાત્મા
## ભાગ-૨

(દોહરા)

★

**અ**યોધ્યા ઉત્તમ નગર ભરત ખંડમાં જાણ;
**વ**જબાહુ નરપતિ મહા ઇક્ષ્વાકુ-કુલ-ભાણ. ૧

**પ્ર**ભાકરી રાણી-કૂંખે કુંવર યશનો કંદ,
ગ્રૈવેયક-સુર અવતરે, નામ ધરે (૮)**આ**નંદ. ૨

યૌવનવય-સંપદ્ વધી, મળ્યો સકળ સુખજોગ;
મહા-મંડળીક પદ ધરે, પૂર્વ પુણ્ય-સંયોગ. ૩

નૃપ આનંદ-પદે નમે રાજા આઠ હજાર,
નક્ષત્રો સમ નરપતિ, શશી આનંદ વિચાર. ૪

**વિ**પુલમતિ મુનિને પૂંછે વંદી આનંદરાય :
"સંશય મુજ મનમાં થયો, આપ-કૃપાથી જાય. ૫

પ્રતિમા પથ્થર આદિની, પ્રગટ અચેતન આપ;
પૂજક-નિંદકને મળે કેમ પુણ્ય કે પાપ?" ૬

જ્ઞાની મુનિવર બોલિયા : "સમાધાન સુણ, રાય;
શુભ-અશુભ ભાવો વડે પુણ્ય, પાપ બંધાય. ૭

પુષ્પ-રંગના યોગથી સ્ફટિક-કાંતિ બદલાય,
તેમ નિમિત્તાધીન નિજ ભાવો પણ પલટાય. ૮

દ્વિવિધ નિમિત્તો જાણિયે : અંતરંગ, બહિરંગ;
સત્ય વસે તેને ઉરે, જે સમજે સર્વાંગ. ૯

અંતરંગ-અર્થે ગણો બાહ્ય હેતુ-સમુદાય;
જેવા અંતરભાવ નિજ, તેવો બંધ સદાય. ૧૦

વીતરાગ મુદ્રા નીરખ, સાંભરશે ભગવાન;
તે જ ભાવ કારણ સમજ મહા પુણ્યકર જાણ. ૧૧

દર્પણવત્ ભગવાન છે, સુખ-દુખ-દાતા નાંહિ,
રાગદ્વેષ નહિ તેમને; સમજો એ ઉર માંહિ. ૧૨

તેનું ચિંતન, ધ્યાન, જપ, સ્તુતિ, પૂજાદિ વિધાન;
સુફળ ફળે નિજ ભાવથી દે મુક્તિ-સુખ-દાન. ૧૩

જેવા ગુણ પ્રભુના કહ્યા, તેવી જ જિનમુદ્રા ય
સ્થિર સ્વરૂપ, રાગાદિ વિણ, ધ્યાનમૂર્તિ દેખાય. ૧૪

કૃત્રિમ, કારીગર-રચિત, જિનવરબિંબ ગણાય;
તો પણ તેના દર્શને પ્રભુ-ભાવે ઉર જાય. ૧૫

એ ઉપર દૃષ્ટાંત છે; સુણ, ભૂપતિ ગુણવાન,
વેશ્યા-શબ સ્મશાનમાં, ત્યાં મુનિ, વ્યસની, શ્વાન. ૧૬

શબ ખાવા કૂતરો ચહે, વ્યસનીમન લોભાય—
જીવતી ગણિકા હોય તો વાંછિત ભોગ પમાય. ૧૭

મુનિ મડદું દેખી કહે : ‘નરભવ દુર્લભ તોય,
ગણિકાએ તપ ના કર્યું; ભૂલશો હવે ન કોય.’ ૧૮

આમ અચેતન અંગથી ત્રિવિધ ભાવ-ફળ થાય,
વ્યસની નર નરકે ગયો, ભૂખ-દુખ શ્વાન કમાય. ૧૯

સાધુ સ્વર્ગ વિષે ગયા, લહી ભાવ-ફળ જેમ;
તેમ અચેતન બિંબ પણ ફળ દે, ભાવે તેમ. ૨૦

જેમ રત્નચિંતામણિ મનવાંછિત-દાતાર;
તેમ અચેતન બિંબ દે વણ માગ્યે ફળ સાર. ૨૧

ધરી અભાવ પ્રતિમા પ્રતિ, નિંદા કરે અજાણ;
ત્રિલોકે ત્રિકાળમાં અધમાધમ તે જાણ.'' ૨૨

ઇત્યાદિક ઉપદેશથી આવી ઉર પ્રતીતિ;
જિનપ્રતિમા-પૂજન વિષે રાય ધરે દૃઢ પ્રીતિ. ૨૩

★

એક દિન આનંદ નૃપ દેખે પળિયું એક,
ભોગ-ઉદાસીન ભાવ સહ કરે વિચાર-વિવેક :– ૨૪

''બાળકાય કુંપળ સમી, યૌવન પાન સમાન,
પાકું પાન જરા-સમય, મરણ વાયરો માન. ૨૫

કોઈ ગર્ભ વિષે મરે, મરે જન્મતાં કોઈ,
બાળપણામાં પણ મરે, જુવાન મરતા જોઈ– ૨૬

નિયમ નહીં વર્ષો તણો, મરણ અચાનક થાય,
એક નિયમ નક્કી ખરો–જન્મે તે મરી જાય. ૨૭

ગિરિ નીચે નદી ઊતરે, તેમ જીવન વહી જાય;
ભોગમગ્ન જીવ ઊંઘતો મરણ સમય પસ્તાય. ૨૮

પાણી પહેલી પાળ જે બાંધે તે જ સુજાણ;
આત્મહિતમાં ઢીલ કરે, તે નર નહિ વિદ્વાન. ૨૯

જીવન-જળ ઉલેચતી રાતદિવસ-ઘટમાળ,
સૂર્ય-ચંદ્ર બે બળદ જો, કાળરેંટ નિહાળ. ૩૦

[૧]ભૂપતિ, ધનપતિ, સુરપતિ, સુંદરી રૂપ-અવતાર;
હાથી હોદ્દા છોડીને, સેનાપતિ મરનાર. ૩૧

---

૧ થી ૧૨, અનિત્યાદિ બાર ભાવના.

[૨]દળ-બળ, દેવી-દેવતા, માતપિતા પરિવાર,
કોઈ બચાવી ના શકે મરણ-સમય, વિચાર. ૩૨

[૩]નિર્ધન ધન વિના દુખી, તૃષ્ણાવશ ધનવાન;
ક્યાંય ન સુખ સંસારમાં, વિચારી જો, વિદ્વાન. ૩૩

[૪]જીવ એકલો અવતરે, મરે એકલો એ જ;
સ્વપ્ન સમાં સાથી-સગાં, જરી દુખ કોઈ ન લે જ. ૩૪

[૫]કાયા પણ પર વસ્તુ તો, જગમાં નિજ શું હોય?
'સ્વજન' શબ્દ યથાર્થ નહિ, અન્ય ધનાદિક જોય. ૩૫

[૬]ત્વચા ચાદરે દીપતો, અસ્થિ-પિંજર દેહ;
અંદર નજર કરી જુઓ, દુર્ગંધી-ઘર એહ. ૩૬

[૭]ઝોકાં ખાતા જગજનો, મોહ-નીંદનું જોર;
લૂંટતા સર્વસ્વ જ બધે અરે! કર્મરૂપ ચોર. ૩૭

[૮]સદ્ગુરુના ઉપદેશથી મોહ-નીંદ ઊડી જાય;
તો ઉપાયો આદર્યે, કર્મચોર રોકાય. ૩૮

[૯]જ્ઞાન દીપ તપ-તેલ ભરી, ઘર શોધું ભ્રમ ખોઈ;
પૂર્વ ચોર કાઢું બધા, છૂપો રહે ન કોઈ. ૩૯

પંચ મહાવ્રત પાળતાં, સમિતિ પંચ પ્રકાર,
પ્રબળ પંચ ઇન્દ્રિય જીત્યે, થાય નિર્જરા સાર. ૪૦

[૧૦]ચૌદરજ્જુ ભર લોકનું પુરુષ સમ સંસ્થાન;
તેમાં જીવ અનાદિથી ભમે ભૂલી નિજભાન. ૪૧

[૧૧]માગ્યું સુરતરુ સુખ દે, ચિંતામણિ પણ તેમ;
વિણ માગ્યે, વિણ ચિંતવ્યે, સુખ દે સુધર્મ-પ્રેમ. ૪૨

[૧૨]કનક, કીર્તિ, સુર-રાજસુખ, સર્વ સુલભ જીવ,જાણ;
દુર્લભ છે સંસારમાં સમ્યક્ દર્શન-જ્ઞાન.'' ૪૩

★

હિત-ઉદ્યમ મનમાં ધરી, **સા**ગરદત્ત મુનિ પાસ;
સર્વ તજી સંયમ લીંધો; એક મોક્ષની આશ. ૪૪

તીર્થંકરપદ સ્થાનકો સમ્યક્ દર્શન સાથ,
ભાવ્યાથી આનંદમુનિ થનાર **પા**રસનાથ. ૪૫

કૃશ કરી કાય કષાય મુનિ તપ તપતા અતિ ઘોર,
પ્રગટી બહુવિધ લબ્ધિઓ જણાય આતમ-જોર. ૪૬

મુનિ જે વનમાં વિચરે ત્યાં જળ, ફળ ભરપૂર;
સિંહ-મૃગ, અહિ-મોર પણ કરે વેર-ભય દૂર. ૪૭

દેહભાવ ભૂલી આત્મમાં મગ્ન ઊભા મુનિરાય—
એક દિને **ક્ષી**રવન વિષે; સુણો, હવે શું થાય. ૪૮

કમઠ જીવ મરી નરકથી ક્ષીરવને સિંહ થાય;
પૂર્વ-ભવાંતર વેરથી મુનિને ફાડી ખાય. ૪૯

પશુકૃત ઉપસર્ગો સહે ક્ષમાશૂર મુનિરાય,
મરણ સુધી ધરી ભાવ શુભ, (૯)**આ**નત-સુરેન્દ્ર થાય. ૫૦

અવધિજ્ઞાને જાણિયું: "કર્યું હતું તપ ઘોર,
અશુભ કર્મ દંડ્યાં હતાં ધર્મ-ધનિકના ચોર; ૫૧

કષાય તજી પાળ્યું હતું સુચારિત્ર નિર્દોષ,
સમ્યગ્દર્શન સહ કર્યો જિન-આજ્ઞાનો પોષ. ૫૨

એમ અનેક પ્રકારથી, સેવ્યો ધર્મ મહાન,
દુર્ગતિ-પાત નિવારી તે દે સુરવૈભવ-દાન. ૫૩

સમ્યગ્દર્શન નિર્મળું, માત્ર એક આધાર;
વ્રત-તપ-યોગ્ય ન દેહ આ, જિનવર-ભક્તિ સાર." ૫૪

પાંચે કલ્યાણક વિષે ભક્તિભાવથી જાય;
જઈ સમવસરણમાં સુણે દિવ્ય વાણી સુખદાય. ૫૫

મિથ્યાદૃષ્ટિ દેવને દઈ ધર્મ-ઉપદેશ,
સમ્યગ્દર્શન-દાન દે, કરુણામૂર્તિ સુરેશ. ૫૬

★

કાશી દેશ આ ભરતમાં નગર **બ**નારસ સાર,
તીર્થરાજ જન સહુ કહે; **અશ્વસેન** નૃપ ધાર. ૫૭

અવધિજ્ઞાન સહિત તે સકળ સાર ગુણધામ;
પ્રભુરૂપ રવિનાં ઉદયગિરિ **વા**મારાણી નામ. ૫૮

મહાપુરુષ-મોતી તણી વામાદેવી છીપ;
આનત-ઇન્દ્ર ચવી રહે વામા-ઉદર સમીપ. ૫૯

સ્વપ્ન સોળ શુભ દેખીને માતા મન હરખાય,
પતિ-સન્મુખ વિદિત કરી પૂછે 'સુફળ શું થાય?' ૬૦

અવધિજ્ઞાને જાણીને રાય કહે ફળ સાર :—
''ગજેન્દ્ર[૧]-દર્શન-કારણે જગપતિ પુત્ર વિચાર. ૬૧

[૨]વૃષભ-સ્વપ્નથી શ્રેષ્ઠ તે, [૩]સિંહ-સુફળ બળવાન;
[૪]લક્ષ્મી-સ્નાન-ફળ સ્નાત્ર છે, સુરગિરિ પર સન્માન. ૬૨

[૫]બે માળા-ફળ સુણ સખી, દ્વિવિધ ધર્મ-ઉપદેશ;
[૬]શશી-[૭]સૂર્ય-દર્શન ફળે શાંતિ-કાંતિ વિશેષ. ૬૩

[૮]મત્સ્ય-યુગલ-ફળ જાણ આ સકળ સુખની ખાણ;
[૯]કળશ-ફળ નિધિ પામશે, [૧૦]સરથી લક્ષણવાન. ૬૪

[૧૧]સાગર-ફળ ગંભીરતા, [૧૨]સિંહાસન જગરાય,
[૧૩]વિમાન-ફળ ગણ અમર-જીવ તુજ કૂખમાંહીં સમાય. ૬૫

[૧૪]ધરણીન્દ્ર-ગૃહ-દર્શને અવધિજ્ઞાન સહિત,
[૧૫]રત્નરાશિના સ્વપ્નથી ગુણગણ-રત્નજડિત. ૬૬

[૧૬]અંગારા દીઠા થકી કર્મદહન ગુણ માન;
મુખથી ગજ પેઠો દીઠો તે જ [૧૦]**પાર્શ્વ**-ભગવાન.''૬૭

ચૈત્ર વદિ બીજની નિશા ગર્ભકાળ વિખ્યાત,
અસંગ ઘટ-નભ ઘટ થકી તેમ પાર્શ્વ ને માત. ૬૮

પ્રભુના પુણ્ય-પ્રભાવથી સુર-આસન કંપાય;
અવધિજ્ઞાને જાણિયો પ્રભુ-ગર્ભ-મહિમાય. ૬૯

હર્ષ સહિત ઇન્દ્રાદિ સુર ઉત્સવ કાજે જાય;
વારાણસી નગરી વિષે માતપિતા પૂજાય. ૭૦

પૂજી ભેટ ધરી નમે ગર્ભવર્તી-પ્રભુ-પાય,
જય જયકાર કરી બહુ વાદ્ય સહિત ગીત ગાય. ૭૧

દિશાકુમારી દેવીઓ ભક્તિ ઊલટ ધરી ઉર,
ઇન્દ્રરાજ-આદેશથી વસી નૃપ-અંતઃપુર. ૭૨

ઉત્સવ ઊજવી કૃતાર્થ થઈ દેવ ગયા નિજ સ્થાન;
ઉપજાવે સુખ માતને બહુવિધ દેવી સુજાણ. ૭૩

વસતા નિર્મળ ગર્ભમાં જ્ઞાનત્રય ભગવાન;
સ્ફટિક *હર્મ્યમાં દીપતા રત્નદીપક સમ માન. ૭૪

પૂર્વ દિશા રવિ ઊગતાં શોભે સુંદર જેમ,
ત્રિભુવનપતિ સુત ઉર ધરી શોભે માતા તેમ. ૭૫

ગર્ભ અગાઉ છ માસથી, વળી નવ માસ કુબેર
નિત્ય પંચ આશ્ચર્યસહ કરે ભક્તિ નૃપ-ઘેર. ૭૬

★

માગશર વદિ એકાદશી જન્મ્યા પાર્શ્વકુમાર;
માતપિતા સહ ત્રિભુવને વ્યાપે હર્ષ અપાર. ૭૭

વારાણસીને પ્રદક્ષિણા દે વદી સુર જયકાર,
ઇન્દ્ર સકલ શચિવૃન્દ સૌ ઊભાં નૃપઘર બ્હાર. ૭૮

ઇન્દ્રાણી અંદર ગઈ, ગુપ્ત સ્તવે જિનરાય,
ઊંઘાડી જિનમાતને, સ્પર્શે પ્રભુના પાય. ૭૯

---

* મહેલ

માયામય બાળક મૂૅકી પ્રભુને શચિ લઈ જાય;
સોંપે પતિના હાથમાં, દર્શન સૌને થાય. ૮૦

પ્રભુને ખોળામાં મૂૅકી ઇન્દ્ર અને સૌ સુર,
સહસ્ર નવાણું યોજને જાય મેરુ પર દૂર. ૮૧

મેરુ-શિખર પાંડુક શિલા અર્ધચંદ્ર-આકાર,
હેમ સિંહાસન પર ધરે પદ્માસન પ્રભુ સાર. ૮૨

ક્ષીૅર-સાગર-જળથી ભરી અમર કલશ લઈ જાય,
પ્રથમ ઇન્દ્ર ધારા કરી ન્હવરાવે જિનરાય. ૮૩

નીૅલવર્ણા પ્રભુ-દેહ પર કલશ-નીરની ધાર;
જાણે નીૅલગિરિ પર થતી વૃષ્ટિ અપરંપાર. ૮૪

ગંધોદક સ્નાને પૂૅરી વિધિ કરીૅ લૂછે કાય;
દિવ્ય વસ્ત્ર-ભૂષણ વડે શણગારે જિનરાય. ૮૫

દેખી જન્મ-મહોત્સવે સુરપતિની પ્રભુપ્રીત,
બહુ સુર સત્શ્રદ્ધા કરે, તજીૅ શ્રદ્ધા વિપરીત. ૮૬

જય જય શબ્દે દેવ સૌ ગયા બનારસ પુર,
નૃપમંદિર પ્રભુને મૂૅકી, માતનીંદ કરીૅ દૂર. ૮૭

ઉત્સવ ઊૅજવી દેવ સૌ જાતા નિજ નિજ સ્થાન;
રાજા પણ આનંદથી દેવા લાગ્યા દાન. ૮૮

ઇન્દ્રે અમૃત મૂકિયું પ્રભુ-અંગૂઠે સાર,
પોષણ પામે તે ચૂૅસી, ધાવે નહીં કુમાર. ૮૯

વગર શીૅખ્યે વિદ્યા બધી, કળા અનેક પ્રકાર,
જાણે, માણે સુખ મહા, પૂર્વકર્મ-અનુસાર. ૯૦

☆
☆☆

# ૧૯

# પાર્શ્વનાથ પરમાત્મા

## ભાગ ૩

(દોહરા)

★

પૂર્ણ જુવાની ખીલતાં પ્રભુતન શોભે એમ;
શરદ પૂનમની ચાંદની નિર્મળ નભમાં જેમ. ૧

સોળ વર્ષના પ્રભુ થયે, અશ્વસેન ભૂપાળ
સ્નેહ-સલિલ-ભીનાં વચન વદે પિતા પ્રેમાળ : ૨

''એક રાજકન્યા વરો, કરો ઉચિત વ્યવહાર;
વંશ-વેલ આગળ વધે, સુખ પામે પરિવાર. ૩

નાભિરાજની આશ પણ પૂરી પ્રથમ અવતાર,
તેમ અમારી કામના પૂરો, પાર્શ્વકુમાર.'' ૪

પિતાવચન સુણી પ્રભુ કહે વિનય સહિત તે વાર,
''ઋષભદેવ સમ હું નહીં, આપ જ કરો વિચાર. ૫

મુજ જીવન સો વર્ષનું, સોળ ગયાં હે તાત!
ત્રીસ વર્ષે ત્યાગી થવું, ફરી ન કહો એ વાત. ૬

અલ્પ જીવનમાં અલ્પ સુખ, અલ્પ પ્રયોજન કાજ,
કોણ ઉપદ્રવ સંઘરે? સમજુ છો, નરરાજ.'' ૭

સુણી ઉત્તર નૃપનાં નયન આંસુથી ભીંજાય,
પુત્ર વિવાહ નહીં કરે જાણી મુખ કરમાય. ૮

★

કમઠ જીવ મુનિ-ઘાતથી પંચમ નરકે જાય,
સત્તર સાગર દુખ ખમી, ત્રણ સાગર ભટકાય. ૯

પશુગતિમાં બહુ દુખ સહી પાપ પૂર્ણ જ્યાં થાય,
ક્રિયા શુભ કરતાં થયો મહીપાલ નરરાય. ૧૦

વામા માતાના પિતા, માતામહ પ્રભુના ય,
પટરાણી મરતાં ધરે તપસી ભેખ દુખદાય. ૧૧

ભમતાં તપસી આવિયો નગર બનારસ બ્હાર,
વનવિહાર કરી પુરે આવે પાર્શ્વકુમાર. ૧૨

તપસી દેખી ઓળખે, ગજ-આરૂઢ ભાણેજ;
વંદન પણ કરતો નથી—ઉદ્ધત બાળ ગણે જ. ૧૩

તાપસ તપતો ધૂણીઓ, કાષ્ઠ કાપવા જાય,
ત્યાં પ્રભુ હિત ગણી બોલિયા : ''મા હણ, તાપસરાય. ૧૪

નાગ-યુગલ એ કાષ્ઠમાં પેઠું છે છુપાઈ;
વગર વિચાર્યે કાપશે તો જાશે છેદાઈ.'' ૧૫

તપસી ક્રોધે ધમધમ્યો, ''રે બાળક, નાદાન,
હરિ-હર-બ્રહ્મા સમ ધરે શું સચરાચર જ્ઞાન? ૧૬

તપસી માતામહ છતાં, કરે ન વિનય-વિધાન?
મદવશ જ્ઞાની માનીને કેમ કરે અપમાન?'' ૧૭

એમ વદી કુહાડીથી કાપે કાષ્ઠ મહાન,
નાગ-નાગણી પણ હણે, તે ક્રોધી અજ્ઞાન. ૧૮

કટકા સર્પ-શરીરના દેખી વદે કુમાર :
''દયા ધર્મનું મૂળ છે, જ્ઞાન જ પ્રથમ વિચાર. ૧૯

તપસી, પાપ-તપ તું કરે, પોષે નિજ અજ્ઞાન,
દયા ધરે ના ઉર વિષે; વસે ન તપમાં જ્ઞાન.'' ૨૦

"તું કુંવર, નિંદા કરે," તપસી બોલે એમ,
"પંચ ધૂણી નિશદિન તપું, બાળક સમજે કેમ? ૨૧

વળી ઉપવાસ ઘણા કરું, ખાઉં સૂકાં પાન;
એક પગે ઊભો રહું, કહું ખરું, તું માન." ૨૨

પ્રભુ કહે, "હિત ના થતું જો તપ હિંસાયુક્ત;
વિવેક વણ વર્ત્યા થકી નહિ જીવ-વધથી મુક્ત. ૨૩

દયા વિના તપ પાપરૂપ, જ્ઞાન વિના તનક્લેશ;
ખાંડ્યે છોડાં કણરહિત શ્રમફળ મળે ન લેશ. ૨૪

દાવાનલમાં અંધ જન દોડે, પણ બળી જાય;
તેમ કરો અજ્ઞાન તપ, પણ નહિ મુક્તિ થાય. ૨૫

પંગુ દેખે વન બળે, પણ દોડી ન શકાય;
તેમ ક્રિયાવણ જ્ઞાન પણ નહિ મોક્ષે લઈ જાય. ૨૬

જ્ઞાનસહિત આચાર જો, તો શિવનગર જવાય;
આ હિત-વચન વિચારજો, શાંતિથી સુખ થાય." ૨૭

નાગ-યુગલ સુણી જિનવચન, ક્રૂર ભાવ ભૂલી જાય;
**પદ્માવતી-ધર**ણીન્દ્ર થઈ ગાય ધર્મ-મહિમા ય. ૨૮

નાગ-યુગલના ભાગ્યનો મહિમા કહ્યો ન જાય,
પ્રભુદર્શન-પ્રાપ્તિ થઈ મરણ-સમય સુખદાય! ૨૯

મરણાંતે તપસી થયો જ્યોતિષી **સં**વરદેવ,
પ્રભુ પાર્શ્વ સહજે ધરે પરોપકારની ટેવ. ૩૦

★

ત્રીસ વર્ષની વય થતાં બનતો એક બનાવ:
દૂત **અયોધ્યા** નૃપતણો દર્શાવે શુભ ભાવ. ૩૧

પાર્શ્વ પ્રભુ દૂતને પૂછે : "કેમ અયોધ્યા સાર?"
હાથ જોડી દૂતે કહ્યા તીર્થંકર-અવતાર. ૩૨

દીક્ષા, મોક્ષતણી કથા સુણી જાગ્યો વૈરાગ્ય :–
"સ્વર્ગ-સુખો બહુ ભોગવ્યાં દેવભવે, અવ જાગ્ય. ૩૩

ત્યાં તૃપ્તિ જો ના થઈ, નરભવમાં શું થાય?
સાગરજળથી ના છીપી તૃષ્ણા ટીપે જાય? ૩૪

ઇંધનથી અગ્નિ વધે, નદીથી ન જલધિ ધરાય,
તેમ જ તૃષ્ણા પણ વધે ભોગે કદી ન શમાય. ૩૫

અસિ-ધારે મધ ચાટતાં ક્ષણ મુખ મીઠું જેમ,
જીભ કપાતાં દુખ ઘણું વિષમ વિષય-ફળ તેમ. ૩૬

જીવ વિષયવશ ના ધરે હૃદયે ગુરુ-ઉપદેશ;
પાપ બહુવિધ આચરે, દયા ધરે નહિ લેશ. ૩૭

અસત્ય, ચોરી, જારીનું વિષય-પોષ છે મૂળ;
પરિગ્રહ, આરંભો સહુ તે અર્થે, જીવ-શૂળ. ૩૮

જન સામાન્ય સમાન મેં ખોયાં વર્ષ અનેક,
મમતાવશ તપ ના કર્યું, હવે ધરું દૃઢ ટેક. ૩૯

કરવી ઢીલ ઘટે નહીં, નરભવ આ વહી જાય."
ભોગ-વિમુખ થઈને પ્રભુ ત્યાગે તત્પર થાય. ૪૦

લૌકાંતિક સુર આવિયા જાણી જિન-વૈરાગ્ય;
સ્તુતિ મંગલમય ઉચ્ચરે : "ધન્ય! જિન, મહાભાગ્ય! ૪૧

ઉદાસીન-અસિ આપની દેખી મોહ પલાય,
શિવ-રમણી રાજી થઈ, ભવિજન-મન હરખાય. ૪૨

ભવજળ નિજ ભુજા બળે કેમ અપાર તરાય?
પ્રભુવાણી-વિમાનથી બહુજન શિવપુર જાય. ૪૩

સ્વયંબુદ્ધને બોધ આ, રવિ જોવાને દીપ;
અણઘટતું અમને છતાં, વિનતિ આપ સમીપ : ૪૪

અવસર આ દીક્ષાતણો જણાવવાને કાજ,
અમે નિયોગે આવિયે; જાણો છો, જિનરાજ.'' ૪૫

પ્રભુ-ચરણે વંદન કરી લૌકાંતિક સુર જાય,
સૌધર્માદિ સ્વર્ગના ઇન્દ્રાદિક હરખાય. ૪૬

તપ-કલ્યાણક કારણે આવે દેવ અનેક;
ક્ષીર-સાગર જળ લાવીને કરે પ્રભુ-અભિષેક. ૪૭

વસ્ત્રાલંકારે સજી વિમળા પાલખીમાં ય
પાર્શ્વપ્રભુ પધરાવીને મૂકે **અશ્વવનમાં** ય. ૪૮

ઇન્દ્ર ઉપાડે પાલખી, અપાર જિન મહિમા ય!
વડની નીચે ઊતરી, પ્રભુ દિગંબર થાય. ૪૯

પ્રભુ પંચ મુષ્ટિ વડે ઉપાડે શિર-કેશ,
સર્વ પરિગ્રહ તજી બન્યા યથાજાત પરમેશ. ૫૦

માગશર વદિ એકાદશી પંચ-મહાવ્રતવાન,
પાર્શ્વપ્રભુ સંયમ બળે લે મનપર્યવજ્ઞાન. ૫૧

દેવ ગયા નિજ સ્થાનકે, પ્રભુ આરાધે યોગ,
ધરે મૌન સમભાવ સહ, ટળે કર્મરૂપ રોગ. ૫૨

દયા સ્વામીની સૌ ઉપર, સર્વતણા રખવાળ;
જગવિજયી મોહાદિના ખરેખરા ક્ષય-કાળ. ૫૩

વેર તજે વનચર જીવો, ધરે પરસ્પર પ્રીત,
સિંહ રમાડે અજશિશુ તજી વર્તન વિપરીત. ૫૪

★

એક વખત દીક્ષાવને પ્રભુ ઊભા બની શાંત;
જ્યોતિષી સંવર કમઠજીવ જાય ગગન એકાંત. ૫૫

વિમાન પ્રભુ પર ખળી રહે નભમાં છત્ર સમાન;
અવધિજ્ઞાને દેવને થયું વેરનું ભાન. ૫૬

ક્રોધ કરી વર્ષાવતો વર્ષા મુશળધાર,
પ્રબળ વાયુ ફૂંકી કરે જળ-થળ એકાકાર. ૫૭

ધરી કરાળ વૈક્રિયરૂપ બની નિર્દય દે ત્રાસ;
અડોલ પ્રભુ ઊભા રહ્યા, ઉપસર્ગો સહી ખાસ. ૫૮

રત્નદીપની જ્યોતિ ના હાલે પવને જેમ,
ચિત્ત અચલ પ્રભુનું રહ્યું આપત્તિમાં તેમ. ૫૯

મેરુગિરિ ડોલે નહીં પ્રલય-પવનમાં જેમ,
પાર્શ્વપ્રભુનો દેહ પણ હાલ્યો અલ્પ ન એમ. ૬૦

વિશ્વપૂજ્ય જિનચંદ્ર પર ધૂળ નાખે એ દેવ,
નિજ શિર પર આવી પડે, ધિક્ દુર્જન-કુટેવ. ૬૧

પ્રભુ થકવવા પાણીની રેલ ચઢાવી તુર્ત,
કટિ-કંઠ-પૂર* ×પૂર ચઢ્યું, ચહે મારવા ધૂર્ત. ૬૨

પુણ્ય-ઉદયથી કંપતાં આસન એકાએક;
ધરણીન્દ્ર પદ્માવતી દોડી આવે છેક. ૬૩

પ્રભુ-ચરણ-તળ સ્પર્શીને, નિજ પીઠે ધરી પાય,
જળ ઉપર પ્રભુ આણિયા; ફણા છત્રરૂપ થાય. ૬૪

પદ્માવતી પૂજા કરે, સ્તુતિ મનોહર ગાય;
સંવર ફણીપતિ-દૃષ્ટિથી ડરીને નાસી જાય. ૬૫

કોલાહલ મટતાં પ્રભુ સપ્તમ ગુણસ્થાન,
સ્થિર થઈને આદરે નિર્વિકલ્પક ધ્યાન. ૬૬

પ્રથમ શુક્લપદ ધ્યાનમાં ક્ષપકશ્રેણિ બળ સાર;
બની શકે તો સર્વનો મોહ દહે, નહિ વાર. ૬૭

બીજા શુક્લપદ ધ્યાનથી પ્રગટે કેવળજ્ઞાન;
ફાગણ વદિ ચૌદશ દિને જ્ઞાન-મહોત્સવ માન. ૬૮

* સુધી × પાણીનું પૂર

સર્વોપરી ઉપકારી આ કલ્યાણકને કાજ,
અતિ ઉત્સાહે આવિયો દેવેન્દ્રાદિ સમાજ. ૬૯

અનુપમ સમવસરણ રચે ઊમટે ભવિજીવ ત્યાંય,
પામે સુર-નર-વૃંદ ને પશુ-પંખી શિવછાંય. ૭૦

દયાધર્મ-મૂર્તિ પ્રભુ, અનહદ ધ્વનિ-ઉપદેશ,
સમજે સૌ નિજ વાણીમાં રહે ન સંશય લેશ. ૭૧

શત્રુ મિત્ર બની જતા સમવસરણની માંય,
સર્પ-ફેણ પર દેડકાં રમે, ભીતિ નહિ કાંય. ૭૨

બિલાડી-પગ ફૂંકતા ઉંદર ભય સૌ ખોય,
મૃગપતિશિર મૃગ ચાટતા, પ્રેમ પરસ્પર હોય. ૭૩

★

ઇન્દ્ર પૂજા પ્રભુની કરે સ્તુતિ કરી બેસી જાય;
**સ્વયંભૂ** ગણધર ગુણી મહા પ્રશ્ન પૂછે સુખદાય : ૭૪

"શું પ્રભુ, જગમાં જાણવું? ભજવું, તજવું શું ય?
ચાર ગતિ શાથી થતી? ઇચ્છું સુણવા હું ય." ૭૫

★

"સુણ સ્વયંભૂ," પ્રભુ કહે, "સપ્ત તત્ત્વ-સમુદાય,
મુખ્ય જાણવા યોગ્ય છે; તેથી શ્રદ્ધા થાય. ૭૬

જન્મ-મરણ જેથી ટળે, મોક્ષ-માર્ગ સમજાય,
શિવકારણ જે ભાવ તે ગ્રહવા યોગ્ય ગણાય. ૭૭

પ્રગટ-આત્મસ્વરૂપ નર ભજવા યોગ્ય મહાન,
જેના વચનબળે જીવો પામે પદ નિર્વાણ. ૭૮

દુઃખરૂપ જગવાસ આ, વિષય-સુખો દુખમૂળ;
વિષમ ભયંકર ભવ ગણી, તજ ભવભાવની શૂળ. ૭૯

નરકાદિક જગદુઃખનું પાપકર્મ છે મૂળ;
સ્વર્ગાદિક સુખસંપદા પુણ્ય થકી અનુકૂળ. ૮૦

સપ્તતત્ત્વમાં પ્રથમ [૧]જીૅવ, નિજ ભૂૅલથી ભમનાર,
વ્યવહારે સંસારીૅ જીૅવ કર્મયોગ ધરનાર. ૮૧

નિશ્ચય નિૅજ સ્વરૂપ તો શિવસુખનો ભંડાર;
સર્વ કર્મ સત્સાધને ક્ષય કીધે ભવપાર— ૮૨

લોકશિખર પર સિદ્ધ જીૅવ અનંત શિવપદમાંહીૅ.
પ્રગટ અનંત ગુણો સહિત, વસે આત્મસુખમાંહીૅ. ૮૩

પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, નભ, કાલ, અજીૅવ[૨] અવધાર;
જીવ, અજીૅવ બે તત્ત્વરૂૅપ, દ્રવ્ય છયે વિૅચાર. ૮૪

આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ પણ તેમ;
જીવ-અજીવ-દશા કહી સૌ સર્વજ્ઞે એમ. ૮૫

પુદ્‌ગલ મુખ્ય અજીવમાં, કર્મરૂપ એ થાય,
પંચેન્દ્રિય, મનનો વિષય સ્થૂલપણે સમજાય. ૮૬

દિવ્ય જ્ઞાને સૂક્ષ્મ પણ મૂર્ત સ્વરૂપ જણાય;
બાકી પાંચે દ્રવ્ય તો અમૂર્તરૂપ મનાય. ૮૭

ગતિ-સ્થિતિ પુદ્‌ગલ-જીવની ત્રિલોકમાં જે થાય;
તેમાં ધર્મ-અધર્મ દે ઉૅદાસીન સહાય. ૮૮

તેમ જ નભ અવગાહને, પરિણમને દે કાળ;
એમ અજીૅવ જડ તત્ત્વ સૌ લક્ષણથી જ નિહાળ. ૮૯

જીૅવ-લક્ષણ ઉપયોગ છે, તે ત્રણ ભેદે હોય :
શુભ, અશુૅભ કે શુદ્ધરૂૅપ; મોક્ષ શુદ્ધથી જોય. ૯૦

શુભ-અશુૅભ ભવહેતુરૂૅપ પુણ્ય-પાપનું મૂળ;
ભાવાસ્રવરૂૅપ[૩] ભાવ તે, દ્રવ્યાસ્રવ અનુકૂળ. ૯૧

આસ્રવપૂર્વક [૪]બંધ છે, ક્ષીર-નીર સમ જાણ;
સર્વે આત્મપ્રદેશમાં અષ્ટકર્મનું સ્થાન. ૯૨

તેમાં મુખ્યે મોહનીૅય સદ્‌બોધે વહીૅ જાય;
વીતરાગતા આદર્યે ઘણી નિર્જરા થાય. ૯૩

સંવર[૫] આત્મ-સ્થિરતા, ભાવ-નિર્જરા[૬] તે જ,
સર્વ કર્મનો ક્ષય થતાં [૭]મોક્ષતત્ત્વ પોતે જ.'' ૯૪

જિનવાણી સુણી સર્વને થયો અતિ આનંદ;
સૂર્ય-કિરણ સ્પર્શી ખીલે જેમ કમળનાં વૃંદ. ૯૫

ઘણા મહાવ્રત આદરે, અણુવ્રત ધરતાં કોઈ;
પશુ-પક્ષી પણ વ્રતી બને, સુરને સમકિત હોય. ૯૬

કમઠ-જીવ પણ પ્રભુ કને પામ્યો સમકિત રત્ન,
તાપસ-જીવો સાતસો, સુણી સાધે શિવયત્ન. ૯૭

★

ઇન્દ્રતણી વિનતિ સુણી કરવા જન-ઉપકાર,
અનેક દેશ વિષે પ્રભુ, કરતા રહ્યા વિહાર. ૯૮

પ્રભુકૃપાથી મુનિ થયા સોળ હજાર પ્રમાણ;
છવ્વીસ હજાર સાધવી, શ્રાવક લાખ સુજાણ. ૯૯

શ્રાવિકા ત્રણ લાખ ગણ, પશુગણ પણ સંખ્યાત,
અસંખ્ય દેવી દેવ સૌ શિવપંથે પ્રખ્યાત. ૧૦૦

★

વિચરી વર્ષ સિત્તેરથી કંઈક ઓછો કાળ,
સમેતગિરિ-શિખરે પ્રભુ કરે યોગ-સંભાળ. ૧૦૧

ત્રીજા શુક્લપદ ધ્યાનથી તજે સયોગી સ્થાન,
સૂક્ષ્મ કાયયોગે રહી યોગ નિરોધે, માન. ૧૦૨

શુક્લ ધ્યાન અંતિમ પદે ક્રિયા સૂક્ષ્મ પણ નાંહિ,
અલ્પ કાળ અયોગી રહી, સદા વસે શિવમાંહિ. ૧૦૩

શ્રાવણ સુદ સાતમ દિને, પ્રભુ પામ્યા નિર્વાણ;
શિવકલ્યાણક કાજ સૌ દેવ મળે તે સ્થાન. ૧૦૪

દહન-ક્રિયા-ભક્તિ કરી નિજ નિજ સ્થાને જાય,
સુદર્શન, મૈત્રી, ક્ષમા, ગ્રહો સાર સુખદાય. ૧૦૫

☆

# ૨૦

# મહાત્માઓની અસંગતા

(સદ્ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠપદ સેવાથી શુદ્ધ જ્ઞાન થશે—એ રાગ)

★

વંદન સદ્ગુરુપાદ-પદ્મમાં પુનિત પ્રેમ સહ કર્યા કરું,
ચકોર-ચિત્ત સમ **રાજચંદ્ર** ગુરુ હું ય નિરંતર હૃદય ધરું;
વિષય-વિરેચક વચનામૃત તુજ અંતર્શોધ થવા ઊચરું,
વારંવાર વિચારી આજ્ઞા ઉઠાવવા પુરુષાર્થ કરું.

જ્ઞાનદશા સહ વર્ત્યા સદ્ગુરુ માત્ર અસંગ સ્વરૂપ થવા,
જળ-કમળ સમ યોગ વિષે નિર્લેપ રહ્યા ભવરોગ જવા;
કળિકાળમાં વિકટ કાર્ય કરવા કટિબદ્ધ પ્રબુદ્ધ થયા,
અથાગ યત્ન અંતર્મુખ-યોગે સાધી ભવબીજ બાળી ગયા.

''સહજ સ્વરૂપે સ્થિતિ જીવની થયે મોક્ષ વીતરાગ કહે,
સહજસ્વરૂપ રહિત નથી જીવ, પણ નહિ તે નિજભાન લહે;
સહજસ્વરૂપનું ભાન થવું તે સહજસ્વરૂપે સ્થિતિ સમજો,
સહજસ્થિતિ ભૂલ્યો જીવ સંગે, ભાન થવાને સંગ તજો.

તીર્થંકર, ગણધર સૌ વદતા, ઉત્તમ એક અસંગપણું;
સર્વે સત્સાધન તે અર્થે ઉપદેશાયાં એમ ગણું.
સકળ સત્શ્રુત-વચન-ઉદધિ-જળ અસંગતા-અંજલિ વિષે
સમાય છે; વિદ્વાન, વિચારો; સાર સર્વનો એ જ દીસે.

વર્ણન પરમાણુથી માંડી ચૌદ રજ્જુભર લોકતણું
વળી શૈલેશીકરણ સુધીની સર્વ ક્રિયાનું સફળપણું
ગણાય, અસંગપણું જો આવે. તે અર્થે સૌ કોઈ કરો;
અસંગ લક્ષ ચૂકી જ્ઞાનાદિ ક્રિયા કરી ભવમાં ન ફરો.

સર્વ ભાવથી અસંગતા થવી દુષ્કરમાં દુષ્કર કરણી,
આલંબન વણ તેની સિદ્ધિ થવી દુષ્કર અત્યંત ગણી,
શ્રી તીર્થંકર તેથી બોધે સત્સંગતિ ભવજળ તરવા,
અનુપમ આલંબન જગજીવને સહજસ્વરૂપ-અસંગ થવા.

સત્સંગતિ પણ ઘણી વાર ભવ ભમતાં જીવને મળી ગઈ,
એમ વદે વીતરાગ પ્રભુ, સત્સંગ-સફળતા નથી થઈ;
કારણ કે સત્સંગ ઓળખી જાણ્યો નથી અતિ હિતકારી,
પરમ સ્નેહથી નથી ઉપાસ્યો, પ્રાપ્ત તકે મૂઢતા ધારી.

આ જ વાતની વિચારણાથી આત્મગુણ અમને પ્રગટ્યો,
સહજસમાધિ સુધી જવાયું; તે સત્સંગતિ ભજો ભજો.''
એ ઉદ્‌ગારો ગુરુ **રાજ**ના સર્વ વિચારક ઉર ધરો,
બીજી વાત ટૂંકાવી, જન સૌ સદા સુસંગ કર્યા જ કરો.

પ્રથમ ગૌણ ગણી સૌ સાધનને, ઉપાસવો સત્સંગ સદા,
મુખ્ય હેતુ નિર્વાણ તણો તે, સર્વાર્પણ સહ અતિ ઉમદા;
જરૂર તેથી સુલભ થશે સૌ સાધન શિવ-સાધક કાજે,
'આતમ-સાક્ષાત્કાર અમારો' વચન દીધું આ ગુરુ **રાજે**.

''તે સત્સંગતિ પ્રાપ્ત થયે કલ્યાણ કમાય ન જો જીવ તો
જરૂર આ જીવનો જ વાંક છે, અહિત-હેતુ નથી તજતો.
સત્સંગ-યોગ અપૂર્વ, અલભ્ય જ, અતિ દુર્લભ જગમાં જાણો,
તેને બાધ કરે તે માઠાં કારણ ચાર *ઉરે આણો :

[૧]મિથ્યાગ્રહ, [૨]સ્વચ્છંદપણું, [૩]પરમાદ અને [૪]વિષયો—ચારે
રોકી રહે જન-મન, તેથી સત્-સંગ-ઉપેક્ષા જીવ ધારે;
તેથી જ સત્સંગ થાય સફળ ના, નિષ્ઠા એક ન સત્સંગે;
જરૂર સફળ સત્સંગ થાય જો અપૂર્વ ભક્તિથી ઉર રંગે.

* સમજો, ધ્યાનમાં લો.

એવી એક અપૂર્વ ભક્તિ સહ ઉપાસના સત્સંગતણી
અલ્પકાળમાં નષ્ટ કરે મિથ્યાગ્રહ આદિ કુટેવ ઘણી;
એમ અનુક્રમથી સૌ દોષ છૂટી જીવ થાય અસંગ સદા,
એક અસંગ થવાને સેવો સત્સંગતિ સહુ નર-પ્રમદા.

પરમહિત-હેતુ સત્સંગની ઓળખ અતિ દુર્લભ ભવમાં,
થાય મહત્ કો પુણ્યયોગથી ઓળખાણ ઊંડી જીવમાં-
કે નિશ્ચય કરી આ જ સત્સંગ, સત્પુરુષ, ઉર સાખ પૂરે;
તો સંકોચવી જરૂર પ્રવૃત્તિ જીવે તક સમજી ઉરે.

વળી દોષ પોતાના જોવા ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે,
પ્રતિ પ્રસંગે, બારીક નજરે, જોઈ ક્ષીણ કરવા આર્યે;
મરણ સ્વીકારો, પણ ના ભક્તિ-સ્નેહ બીજે વધવા દેજો,
તે સત્સંગ જ જીવન જાણી ભવહેતુ ભણી પૂંઠ દેજો.

સત્સંગતિ તે સત્પુરુષ છે; થઈ ઓળખ પણ જો ન રહે
યોગ નિરંતર, તો સત્સંગે પ્રાપ્ત થયેલો બોધ ચહે;
પ્રત્યક્ષ સદ્ગુરુ તુલ્ય જાણી તે બોધ વિચારે ફરી ફરી,
તે આરાધ્યે સમકિત ઊપજે; અપૂર્વ વાત આ ખરેખરી!''

''જીવે મુખ્યમાં મુખ્ય રાખવો અવશ્ય નિશ્ચય આ રીતે,
માત્ર આત્મહિતાર્થે જીવવું, કરવું તે પણ તે પ્રીતે;
ઉદયબળે ત્રિયોગ-વર્તના થતી હોય તે ભલે થતી,
તો પણ યોગરહિત થવાને કરું ધીમે ધીમે કમતી.

તે માટે મિથ્યાગ્રહ તજવો, વળી સ્વચ્છંદ પ્રમાદ તજો,
ઇન્દ્રિયના વિષયો જીતવા, એ મુખ્ય ઉપાય સદા સમજો;
સત્સંગ-યોગ વિષે આરાધન અવશ્ય આનું કર્યા જ કરો;
વિયોગમાં તો જરૂર જરૂર તે આરાધન કદી ના વીસરો.

સુસંગ-પ્રસંગે ન્યૂનપણું જીવનું દૂર થાય સુસંગ-બળે;
સ્વાત્મબળ વિણ વિયોગમાં તો સાધન અન્ય ન કોઈ મળે.

નિજબળ પણ સત્સંગે પ્રાપ્ત થયેલા બોધ ભણી ન વળે,
વર્તે નહિ જો બોધ પ્રમાણે, તજે પ્રમાદ ન પળે પળે,

તો કલ્યાણ ન કોઈ દિવસે થાય જીવનું કોઈ વડે.''
આ શિખામણ અમૃત સરખી જીવ ભૂલી ભવમાં રખડે.
અસંગતાનો માર્ગ અનુપમ, અતિ સંક્ષેપે આમ કહ્યો;
સમકિત પામ્યા વિણ નહિ કદીયે અસંગતામાં કોઈ રહ્યો.

સમ્યગ્દૃષ્ટિ મહાપુરુષની અંતર્ચર્યા ગહન કહી,
બોલે તો પણ મૌન સદા તે, ખાય છતાં ઉપવાસી સહી.
મહારાજ્ય-વૈભવના ભોગી, યોગી અનુપમ તો ય કહ્યા,
ઘોર રણે માનવ-વધ કરતા, અહો! અહિંસક તો ય રહ્યા.

દધિ મથતાં માખણ જે જામ્યું પિંડરૂપે રહે છાશ વિષે,
તોપણ તેમાં કદી ભળે નહિ; જ્ઞાનદશા ય અપૂર્વ દીસે.
આત્મ-અનુભવનો મહિમા કવિ કોઈ પૂરો નહિ ગાઈ શકે;
અંતર્ત્યાગ સુદૃષ્ટિ-ઉરે વસતો, વચને ન સમાઈ શકે.

મત્સ્યવેધ કરનાર જનોને જણાય જળમાં જોઈ રહ્યો,
પણ શર સાધી નભમાં ફરતું મત્સ્ય વીંધવા લક્ષ કહ્યો;
તેમ મહાત્મા સમ્યગ્દૃષ્ટિ જણાય જન સામાન્ય સમા,
ક્રિયા અનેક કરે નહિ ચૂકે આત્મ-મહાત્મ્ય, ન અન્ય તમા.

ચક્રવર્તી યુદ્ધોથી પાપી પરિગ્રહી છ ય ખંડ તણો,
કયી ગતિમાં જાશે એવો વણિક કરે વિચાર ઘણો;
**ભ**રત ચક્રવર્તી ત્યાં થઈને જાય જનો સન્માન કરે,
વણિક વિમુખ વિચારે ડૂબ્યો બેસી રહે નિજ હાટ પરે.

ભરતભૂપ-નજરે ચઢતાં તે અવધિજ્ઞાને કળી ગયા,
સૈનિક પાસે પકડાવીને વણિક પર અતિ ક્રુદ્ધ થયા;
ફરમાવી ફાંસીની શિક્ષા, મહાજનો ત્યાં વીનવી રહ્યા,
''અલ્પ અપરાધી-શિર ભારે દંડ ઘટે નહિ, કરો દયા.''

“એક જ શરતે રહે જીવતો,” કહે ભૂપ, “જો આમ કરે,
ટોકે તેલ વડે ભરી થાળ લઈ શિર પર સહુ નગર ફરે;
ટીપું તેલ ઢળે તે સાથે શિર કપાશે અસિ-ધારે,
ચોકી વણિક તણી કરશે આ રક્ષક ખુલ્લી તરવારે.”

ભયભરી શરતે પણ બચવાની બારી સુણી તૈયાર થયો,
થાળ ભરી ચૌટાં ચોરાશી ફરી નગર નૃપ પાસ ગયો.
ઘણી સાવધાનીથી થાળી નૃપ-ચરણે મૂકી નમન કરે,
“આપ કૃપાથી રહ્યો જીવતો,” કહી શ્વાસ નિરાંતે ભરે.

ભરત ભૂપ સ્મિત સહ ઉપદેશે : “આજ નથી મરનાર તમે;
પ્રથમ જાણી શિખામણ કાજે કૃત્રિમ ક્રોધ કરેલ અમે.
નગર વિષે ઉત્સવની આજ્ઞા કરી હતી સૌ સ્થાન વિષે,
કહો બધે ફરતાં શું જોયું? કયી ચીજ સુંદર અતિશે?”

વણિક કહે : “નથી મેં કંઈ દીઠું, જીવ હતો મુજ થાળ વિષે;
કોઈ પ્રકારે રહું જીવતો એ વણ વાત ન અન્ય દીસે.
મરણ તણો ભય ભારે માથે, ઊંચા શ્વાસે નગર ફર્યો,
ગમે તેમ કરી નજર ન ચૂક્યો; આપ કૃપાથી હું ઊગર્યો.”

ભરત ચક્રવર્તી ક્હે, “ભાઈ, એક જ ભવનું મરણ ટળે,
તે માટે તું નજર ન ચૂક્યો, ઉત્સવ-આનંદે ન ભળે;
પણ મારે છે મરણ ટાળવાં ભવો અનંત તણાં હમણાં,
તો ક્હે કેમ નજર હું ચૂકું? રાજ્ય, રિદ્ધિ ને યુદ્ધ ઘણાં.

ઋષભદેવનું વચન નિરંતર મુજ મન માંહીં રમણ કરે,
તુચ્છ જગત તેથી ભાસે છે ઉદાસીનતા ઉર ઊભરે;
તો ક્હે પાપ પ્રવેશે ક્યાંથી? ક્રમ છૂટવાનો મળી ગયો,
તે નિઃશંકપણે આરાધું, મુક્તભાવ દૃઢ ઉરે રહ્યો.”

વણિક કહે: “મુજ ધન્ય ભાગ્ય! પ્રભુ, શિવગામી-નજરે ચઢિયો,
આત્મજ્ઞાનીની ગહન દશાનો ઉકેલ મુજ શ્રવણે પડિયો.

મરણસ્વરૂપ બતાવી આપે, ચઢાવિયો સાચી વાટે,
સત્ય દયા પ્રભુ, પાળી આપે, અમાપ, રંક હૃદય માટે.

શરણ આપનું સદા રહો, ભવ-જળ તરવા મુજ નાવ બનો,
આપ કહો તે કરું હવે હું, વીત્યો મોહ સ્વજન-ભવનો.''
ભરત ભૂપ કહે, ''નિકટ ભવ્ય છો, નમસ્કાર કરવા જેવા,
હું સંસાર-ઉપાધિમાં છું, ધરું ભાવ દીક્ષા લેવા.

પણ પ્રારબ્ધ હજી ખેંચે છે, ત્યાગ તણું બળ નહિ ભાળું;
આપ ચહો કલ્યાણ અચૂક તો ઋષભ શરણ લ્યો રઢિયાળું.
અખિલ વિશ્વના નાથ સમીપે અસંગતા-રસમાં રમજો,
પ્રથમ ચિત્ત દુભાવ્યું તે મુજ વર્તન, ભાવમુનિ, ખમજો.''

★

વિકટ કાર્ય છે એક સમય પણ કેવળ અસંગ બની, ટકવું;
ત્રિલોકને વશ કરવા કરતાં વધુ વિકટ છે સ્થિર થવું.
એવા અસંગપણે ત્રિકાળ રહે પુરુષાર્થ વિશેષ ધરી
તે જયવંત મહાત્માઓની ઓળખાણ પડવી અઘરી.

અન્ય પદાર્થનો તાદાત્મ્ય અધ્યાસ જેટલો નિજ ભાવે
નિવર્તવો તે ત્યાગ ગણે જિન, અસંગતા તેથી આવે;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવથી અસંગતા વર્તે જેને
અટળ અનુભવ સ્વરૂપ-લીનતા થયે મુક્ત દશા તેને.

અબોલ, અપ્રતિબદ્ધ, અસંગ, વિકલ્પરહિત થઈ મુક્ત થતા;
તે ભગવાન સમા સત્પુરુષો આમ અસંગપદે ચઢતા;
ત્રણે કાળમાં પોતાનો કૈં દેહાદિથી સંબંધ નથી,
એવી અપૂર્વ અસંગ દશાને નમન કરું હું તન-મનથી.

☆
☆☆

# ૨૧
# સર્વોત્કૃષ્ટ સિદ્ધિ

(મનમંદિર આવો રે કહું એક વાતલડી—એ રાગ)

★

મનમંદિર આવો રે, મહા પ્રભુ, **રાજ** ધણી,
દિલ દર્શન તરસે રે અપૂર્વ પ્રત્યક્ષ ગણી. મન૦ ૧

તુજ વાણી મનોહર રે સ્વભાવ-પ્રકાશ-શશી,
ઊડે ચિત્ત-ચકોરી રે શ્રી **રાજ**પ્રભા-તરસી. મન૦ ૨

સર્વોત્કૃષ્ટ સિદ્ધિ રે પ્રભુ તુજ ઉર રમી,
તુજ ભક્તિ-પ્રસાદે રે મને પણ એહ ગમી. મન૦ ૩

સમ્યક્ત્વ દશાથી રે ઋદ્ધિ-સિદ્ધિ જીવ વરે,
સમ્યક્ તપ-જ્ઞાને રે વળી બહુ લબ્ધિ વરે. મન૦ ૪

વીતરાગ સ્વભાવે રે મહામુનિ મોહ હણી,
વરે કેવળ-લબ્ધિ રે નવે નિજ ગુણ ગણી. મન૦ ૫

સુખ પામે અનંતું રે હવે નહિ કાંઈ કમી,
બહુ ઇન્દ્ર-નરેન્દ્રો રે પૂજે પ્રભુ-પાય નમી. મન૦ ૬

પુરુષોત્તમ ઉત્તમ રે પ્રગટ ઉપકાર કરે,
ઉપદેશ અનુપમ રે સુણી બહુ જીવ તરે. મન૦ ૭

પ્રભુ-ચરણ ઉપાસી રે પ્રભુરૂપ કોઈ થશે,
તજી સંસાર-સુખો રે, બની મુનિ મોક્ષે જશે. મન૦ ૮

દેશ-સંયમી ગૃહી રે યથાશક્તિ ભક્તિ કરે,
ભાવો મુનિ સરખા રે સદા ઉરમાંહિ ધરે. મન૦ ૯

ચક્રવર્તી-પદે પણ રે નહીં સુખ તે ગણતા,
વળી સિદ્ધ-દશાના રે અપૂર્વ ગુણો સુણતા. મન૦ ૧૦

એમ મોક્ષના પંથે રે ભાવ-ક્રિયાથી વહે,
વ્રતશક્તિ ન દેખે રે તે સત્શ્રદ્ધા લહે. મન૦ ૧૧

વ્રત-વીર્ય વધે કે રે અણુ-મહાવ્રતો ધરે,
ગણી ઘોર ભવાટવી રે વટાવે પ્રભુ-આશરે. મન૦ ૧૨

સર્વોત્કૃષ્ટ શુદ્ધિ રે થતી યોગ-કર્મ ગયે,
સર્વોત્કૃષ્ટ સિદ્ધિ રે સદા સહજાત્મ રહ્યે. મન૦ ૧૩

ધર્મધ્યાન પ્રયોગે રે અશુભ વિચારો ટળે,
વધે આત્મ-વિચારો રે અતીન્દ્રિય સુખ મળે. મન૦ ૧૪

ધર્મધ્યાનમાં લેશ્યા રે સદાયે શુક્લ રહે;
આત્માર્થ જ સાધે રે કર્મ અનેક દહે. મન૦ ૧૫

વૈરાગ્ય-વિવેકે રે દેહાદિથી ભિન્ન ગણી,
નીરખી નિજ શુદ્ધિ રે નિહાળે શિવ-રમણી. મન૦ ૧૬

ઉત્તમ ધર્મધ્યાને રે રહે અપ્રમત્તદશા,
વધતા પરિણામે રે ટકે બે ઘડી સહસા. મન૦ ૧૭

તો શ્રેણિ મનોહર રે જીવ આરંભી શકે,
શુક્લ ધ્યાનની શુદ્ધિ રે નિષ્ક્રિયતાથી ટકે. મન૦ ૧૮

ધ્યાન-ધારણા છૂટે રે ઇંદ્રિયાતીત સ્થિતિ,
કેવળ અંતર્મુખ રે વિકલ્પરહિત મતિ. મન૦ ૧૯

કોટિ કર્મ ખપાવે રે મુનિ ક્ષીણમોહી બને,
શ્રુત-એકત્વ ધ્યાને રે બધાં ઘાતીકર્મ હણે. મન૦ ૨૦

કેવળ-દર્શન-જ્ઞાને રે આત્યંતિક શુદ્ધિ વરે,
લોકાલોક નિહાળે રે પ્રભુ ભાવ-મુક્તિ ધરે. મન૦ ૨૧

થયા દેવ સર્વજ્ઞ રે સદાય અનંત સુખી,
શીલ-ઐશ્વર્ય-સ્વામી રે સર્વોપકારી-મુખી. મન૦ ૨૨

જેનું નામ જ લેતાં રે જનમના રોગ ઘટે,
ભવભ્રાંતિ અનાદિ રે ભવ્ય જીવોની મટે. મન૦ ૨૩

તેના જ્ઞાન-ચરણનું રે પરમ ઐશ્વર્ય, અહો!
યોગીઓને અગોચર રે કહી શકે કોણ, કહો. મન૦ ૨૪

છેલ્લાં અંતર્મુહૂર્તે રે પ્રભુ સૂક્ષ્મ ક્રિયા કરે,
પછી થાય અયોગી રે દશા અક્રિય વરે. મન૦ ૨૫

છેક છેલ્લા સમયે રે નિર્મળ, શાંત બને;
જન્મ-જરાદિ છૂટ્યાં રે રહે આનંદ-ઘને. મન૦ ૨૬

સિદ્ધાત્મા પ્રસિદ્ધા રે નિરંજન શુદ્ધ સદા,
અતિ નિર્મળ નિષ્કલ રે પ્રગટ નિજ સૌ સંપદા. મન૦ ૨૭

યથાખ્યાત ચારિત્ર રે વીર્ય અનંત ધરે,
જ્ઞાન-દર્શન કેરી રે સર્વોત્તમ શુદ્ધિ વરે. મન૦ ૨૮

કર્મ-મુક્ત પ્રભુ તે રે સિધાવે લોકાગ્ર ભણી,
ઊર્ધ્વગતિથી સહજે રે અચળ સ્થિતિ ત્યાં જ ગણી. મન૦ ૨૯

સિદ્ધ દેવાધિદેવનું રે સૌખ્ય અકથ્ય કહ્યું,
અત્યંત અતીન્દ્રિય રે બાધારહિત રહ્યું. મન૦ ૩૦

કૃતકૃત્ય પ્રભુનું રે સુખ અનંત છતાં,
કહી શકે ન કોઈ રે પૂરું બહુ વર્ણવતાં. મન૦ ૩૧

જે સુખ સુર, નર રે ભોગવે ઇન્દ્રિયથી,
ત્રણ કાળના ભોગો રે ઋદ્ધિ, સિદ્ધિ-સંચયથી. મન૦ ૩૨

તે મનોહર સુખો રે તુચ્છ ગણાય અતિ,
જીર્ણ તૃણને તોલે રે સિદ્ધિના સુખ પ્રતિ. મન૦ ૩૩

સુખ એક સમયનું રે અતીન્દ્રિય સિદ્ધ તણું,
સ્વભાવે ઊપજતું રે સૌથી અનંતગણું. મન૦ ૩૪

લોકાલોક સ્વરૂપે રે વ્યોમ અનંત બધે,
છે જ્ઞાન ઘનીભૂત રે સિદ્ધનું સર્વ નભે. મન૦ ૩૫

જગ ત્રણેય જોતાં રે સિદ્ધ સમું ન જડે,
તેથી સિદ્ધને સિદ્ધની રે ઉપમા દેવી પડે. મન૦ ૩૬

નભ-કાળનો છેડો રે જણાય ન કોઈ થકી,
તેમ ગુણો સ્વાભાવિક રે અનંત પ્રભુના નકી. મન૦ ૩૭

સર્વજ્ઞ જ જાણે રે માહાત્મ્ય એ સિદ્ધ તણું,
કહે સત્ય ઘણું તે રે તોય હજીય ઊણું. મન૦ ૩૮

વાણી અગોચર રે ઘણા ગુણ સિદ્ધ તણા,
સર્વ શક્તિની વ્યક્તિ રે રહી નહીં કાંઈ મણા. મન૦ ૩૯

ત્રિલોકના તિલક રે દ્વન્દ્વાતીત વસે;
ત્રિલોકની ટોચે રે, નિરંતર નિજ રસે. મન૦ ૪૦

સ્વાભાવિક, નિરુપમ રે જ્ઞાન-સુખામૃતનો
આસ્વાદ અનુત્તર રે માણવા સિદ્ધ બનો. મન૦ ૪૧

બત્તી દીવો ઉપાસી રે દીવારૂપ આપ બને,
તેમ સિદ્ધની ભક્તિ રે કરે યોગી સ્થિર મને. મન૦ ૪૨

સદ્‌બુદ્ધિથી ટાળી રે વિકલ્પોની જાળ જૂની,
સ્થિરપદ-પરિચયથી રે તદ્રૂપ થાય મુનિ. મન૦ ૪૩

કુશાગ્ર વિચારક રે કરે મતિ સ્થિર સદા,
એક શુદ્ધ સ્વરૂપે રે વરે સિદ્ધ-સુખ તદા. મન૦ ૪૪

કર્યે અન્ય વિચારો રે નહીં નિજ સુખ મળે,
ગંગાજળ મીઠું રે ઢળી જલધિમાં ભળે. મન૦ ૪૫

તેથી તીવ્ર મુમુક્ષુ રે મોહનો ઢાળ તજી,
શુદ્ધ પંથ ન છોડે રે ગુરુ-ગમથી સમજી. મન૦ ૪૬

જ્ઞેય, હેય, ઉપાદેય રે યથાર્થ જો જીવ લહે,
હેયતત્ત્વ તજે તે રે સિદ્ધિનું બીજ ગ્રહે. મન૦ ૪૭

સુસંગ, સુશાસ્ત્રો રે ઉપાસવાં સિદ્ધિ ચહી,
મોક્ષમાર્ગ જ ચૂક્યા રે આશા જો બીજી રહી. મન૦ ૪૮

પ્રિય ધન સ્ત્રી આદિ રે જ્યાં સુધી ન સિદ્ધ મીઠા,
જ્ઞાન, ક્રિયા કહ્યા કરો રે; નથી હજી નાથ દીઠા. મન૦ ૪૯

સુદૃષ્ટિથી દેખ્યે રે સિદ્ધસ્વરૂપ-મણિ,
ભોગ રોગ મનાયે રે તજે રાજ્ય તૃણ ગણી. મન૦ ૫૦

દેહ ભિન્ન જ ભાસે રે પારકી વેઠ ગણે,
રહે નિત્ય ઉદાસીન રે મુખે સિદ્ધ-ગુણ ભણે. મન૦ ૫૧

એવી સિદ્ધની ભક્તિ રે સિદ્ધિની સીડી ખરી,
તેવા ભક્તના સંગે રે લહો સત્ય રંગ જરી. મન૦ ૫૨

☆
☆☆

# ૨૨
# અનેકાંતની પ્રામાણિકતા

(અનુષ્ટુપ)

★

વાદ-વિવાદથી જુદું સહજાત્મસ્વરૂપ જે,
સિદ્ધ સ્યાદ્વાદથી, પામ્યા, વંદું શ્રી ગુરુ **રાજ** તે. ૧

એકાંતિક મતો સર્વે દેખે મધ્યસ્થ દૃષ્ટિએ;
સમ્યક્ નેત્રે બધું સીધું, દૃષ્ટિ તેવી જ સૃષ્ટિ છે. ૨

વિરોધો ખંડવા માટે સ્યાદ્‌વાદી જ સમર્થ છે,
યથાર્થ વસ્તુ-ધર્મોનો જણાવે પરમાર્થ તે. ૩

★

ધર્મો અનંત વસ્તુમાં વસે છે તે વિચારતાં,
અનેકાંત પ્રકારે તે દર્શાવાય ઉચારતાં. ૪

માણસે માણસે ભિન્ન મતિ વસ્તુ-વિચારની,
સાધનો સર્વનાં ભિન્ન, રુચિ બહુ પ્રકારની. ૫

તેથી વિચિત્ર વાણીના અભિપ્રાયો ઉકેલવા
અનેકાંતિક દૃષ્ટિ છે; ઉપાસો સૌ સુખી થવા. ૬

પ્રસિદ્ધ એક દૃષ્ટાંત કહું, લેજો વિચારમાં;
રાજમંદિર પાસે છે હાથી મધ્ય બજારમાં. ૭

ચારે ભાગોળના લોકો કહે વાતો અનેક એ;
પૂર્વ ભાગોળમાં બોલે, ''હાથી પશ્ચિમ બાજુએ.'' ૮

લોકો પશ્ચિમના બોલે, ''હાથી પૂર્વ ભણી ભલો,''
ઉત્તરે વાત આ ચાલે, ''દક્ષિણે હાથી સાંભળ્યો.'' ૯

દક્ષિણ ભર્ણીના લોકો દેખાડે, 'હાર્થી ઉત્તરે;'
વિરોધી વચનો સર્વે, સુણી રોષ ન કો ધરે. ૧૦

અપેક્ષા બોલનારાની સમજે સમજુ જનો,
તેનું નામ અનેકાંત, તજ્યે આગ્રહ એકનો. ૧૧

બુદ્ધિમાં વાત બેઠી તો વાદવિવાદ ના રહે :
પોતાના બાપને કોઈ કાકા શબ્દ ભલે કહે. ૧૨

મામા, ભાણેજ, ભત્રીજા, પિતા, પિત્રાઈ, પુત્ર કે
સગાઈ જોઈને બોલે, અનેકાંતિક સૂત્ર તે. ૧૩

★

અનેક અંધ નિહાળે હાથીને હાથ ફેરવી,
તપાસી પૂછડી બોલે 'અહો! સાવરણી નવી.' ૧૪

કાનને સ્પર્શતો કોઈ કહે છે 'સૂપડા સમો',
સૂંઢને સ્પર્શતો બોલે 'સાંબેલું માની લો તમો. ૧૫

ચોફેર પેટને સ્પર્શી એક 'કોઠી સમો' કહે;
તપાસી પગને કોઈ 'સ્તંભરૂપે જ' તે લહે. ૧૬

એ આકારે જ હાથીને ગ્રહે આગ્રહી અંગનો,
સર્વાંગે હાર્થી ના માને, એકાંત મત અંધનો. ૧૭

'પોતાનો પક્ષ સાચો છે,' સર્વ વાદ વદે અતિ;
સાચા મહાવતે સૌને, છોડાવ્યા નિજ અંગથી. ૧૮

ફરી ફરી બીજાં અંગો ઝલાવ્યે હાર્થી ઓળખે;
યથાર્થ આકૃતિવાળો હાથી સર્વ હવે લખે. ૧૯

સર્વાંગે તેમ આત્માને અનેકાંતમતિ લખે,
અનેક ધર્મને જાણી આત્મા યથાર્થ ઓળખે. ૨૦

એકાંતે મોક્ષની સિદ્ધિ કોઈ રીતે નહીં બનેઃ—
'આત્મા નથી', કહે તે તો મોક્ષ કોનો થવો ગણે? ૨૧

'આત્મા એક જ' માને તો અનન્ય શુદ્ધ રૂપ તે;
ભવે દુઃખો ગણે શાને? મોક્ષ સાધ્ય ન તેમને. ૨૨

'માત્ર ક્ષણિક આત્મા' જો મોક્ષ શાશ્વત ના ઘટે;
'ઈશ્વરી યોજના' માન્યે, ના પરાધીનતા મટે. ૨૩

'અકર્તા માત્ર આત્મા' જો, બંધાયો કેમ તે દીસે?
'કર્મ-કર્તા સદા' માન્યે કર્મ-મુક્ત ન કો થશે. ૨૪

સર્વજ્ઞે જેમ જાણ્યો છે આત્મા તેમ જ માનતાં,
વિરોધો કોઈ ના દીસે સ્યાદ્‌વાદ-ધર્મ સાધતાં :— ૨૫

'આત્મા' ચૈતન્ય રૂપે 'છે', 'નથી' તે જડ સર્વથા;
સર્વ જ્ઞાનાદિ ગુણોનો 'એક' આધાર સર્વદા; ૨૬

સ્વદ્રવ્યે 'એકલો, નિત્ય,' પર્યાયે 'બહુ' રૂપ તે;
અશુદ્ધ સ્થિતિમાં આત્મા 'કર્મ-કર્તા' ગણાય છે. ૨૭

અવસ્થાઓ 'વિનાશી' સૌ, આત્માદિ દ્રવ્ય 'નિત્ય' છે;
હોય તેનો નહીં નાશ, નથી તે નહિ ઊપજે. ૨૮

અનાદિ કર્મ-સંયોગો જીવ સાથે વિભાવથી,
સ્વભાવનું થતાં ભાન તૂટે કર્મની સંતતિ. ૨૯

મુક્તભાવે વરે મોક્ષ, ભવ્ય જીવો સુયોગથી;
મુક્તાત્મા પૂર્ણ સુખી છે, છૂટ્યા સંસાર-સંગથી. ૩૦

શુદ્ધ, ઈશ્વર, સંપૂર્ણ, તેવા સર્વ બની શકે,
મોક્ષમાં સામ્ય સંપૂર્ણ કહ્યું સર્વજ્ઞ શાસકે. ૩૧

સદ્‌ગુરુ-યોગથી દૃષ્ટિ સાધ્ય-ગ્રાહક સૌ કરો,
ભુલ-ભુલામણી છોડી સન્માર્ગે યત્ન આદરો. ૩૨

☆
☆☆

# ૨૩

# મન-ભ્રાંતિ

(વસંતતિલકા વૃત્ત)

★

જેને નિરાંત મનમાં સમકિત પામ્યે,
આત્મા કૃતાર્થ સમજાય, યથાર્થ જામ્યે;
ભ્રાંતિ ગયે મન તણી સ્વરૂપે રમે જે,
તે **રાજચંદ્ર**-ચરણે શિર આ નમે છે. ૧

સંસાર પાર કરવા શરણું ગ્રહું હું,
વિક્ષેપ-દોષ દળવા કરુણા ચહું છું;
આજ્ઞા સદા હૃદયમાં રમમાણ રાખું,
ભક્તિ-પ્રવાહ-પૂરમાં ભવ ગાળી નાખું. ૨

આધાર એક મનનો જગમાં જણાય,
વિશ્વાસ, હિતકર વાત વિષે, ગણાય;
સંબંધ સર્વ પછીના વધતા વિશેષ,
અત્યંત ગાઢ મમતા વધતી અશેષ. ૩

માતા પ્રતિ શિશુ તણું મન જાય શાથી?
'એ હિતકારી જગમાં' મનમાં વસ્યાથી;
ઝાઝો પરિચય થયે મમતા ઘડે છે,
તેનો વિયોગ જરી વાર થતાં રડે છે. ૪

તે રીતની જ ધનમાં મનની રુચિ જો;
લક્ષ્મી વડે બધી મળે હિતકારી ચીજો;
ઝંખે સદાય દિનરાત કમાણી કાજે,
દુઃખો ખમે, નહિ ગણે વળી લોક-લાજે. ૫

આસક્ત સૌ વ્યસનમાં જીવ જે જણાય,
તેમાંય માત્ર હિતબુદ્ધિ ગણી તણાય;
મુખે કહે વ્યસન ના છૂટતું જરાય,
તોયે અભાવ ન ખરા દિલથી કરાય. ૬

દેહાદિમાં મન રમે મમતા ધરીને,
સંસાર-કારણ વિષે પ્રિયતા કરીને;
સંસારનો ભય નથી મન-માંકડાને,
માથે ભમે મરણ, ભાન ન રાંકડાને. ૭

સંસાર-ભાવ જન-યોગથી જીવ ઘૂંટે,
માહાત્મ્ય બાહ્ય નજરે પરનું ન છૂટે;
સાધુ બની, બહુ ભણી, યશલાભ લૂંટે,
તો યે ન ભ્રાંતિ ઘટતી, ચઢતી જ ઊંટે. ૮

જો પુણ્ય-યોગ-ઉદયે ઘટી મોહ, જાગે
વૈરાગ્ય, ને અનુભવી ગુરુ હાથ લાગે;
સેવા કરી સુગુરુની રુચિ મોક્ષની જો,
સ્થાપે ઉરે અચળ, તે જ ખરા મુનિ તો. ૯

સમ્યક્ત્વ પામી મમતા તજી વિચરે જે,
ભ્રાંતિરહિત મન-શાંતિ અનુભવે તે;
સન્માર્ગ હસ્તગત જો, નહિ મોક્ષ દૂર,
પ્રારબ્ધ પૂર્ણ કરી, લે જીવ શિવ-પુર. ૧૦

સમ્યક્ત્વ કે સુગુરુ-આશ્રય મોક્ષ માટે
છે ઉત્તમોત્તમ ઉપાય જ શિર-સાટે;
ના કાયરો કરી શકે મનરોધ કેમે,
આ વિશ્વનાચ ×નભવે મનડું *વહેમે. ૧૧

ચિત્ત-પ્રપંચથી વિકાર થતા હણે જે,
મુક્તિવધૂ પરણશે, મુનિઓ ભણે છે.
સર્વાર્થસિદ્ધિ સહજે મન દૈત્ય જીત્યે;
ક્લેશો બધા અફળ ચંચળતાથી નિત્યે. ૧૨

તાદાત્મ્ય જે સ્વપરનું શૂરવીર ભેદે,
તે જ્ઞાની ચંચળપણું મનનું ય છેદે.
શુદ્ધિ ખરી મન તણી, નહિ કાયશુદ્ધિ;
ભ્રાંતિ ગયે મનની, જાય ઉપાધિ-બુદ્ધિ. ૧૩

જો ચિત્તશુદ્ધિ નથી સાધી યથાર્થ ભાવે,
તો મોક્ષ-વાત વચને, ફળ અન્ય આવે;
સ્વચ્છંદ વર્તન મનોરથનું ન રોકે
ને ધ્યાન-વર્ણન કરે, નહિ લાજ લોકે. ૧૪

ભ્રાંતિ ટળી મન બને સ્થિર જેથી તત્ત્વે
તે ધ્યાન, તત્ત્વ પણ તે જ ગણો મહત્વે;
ગુણો પલાયન કરે, મન જો ન શુદ્ધ,
આવી ઘણા ગુણ વસે, મન જો વિશુદ્ધ. ૧૫

જ્ઞાન, વ્રતો, શ્રુત, તપો, પર-ઉપકારો,
ઇંદ્રિયનો જય, કષાય-શમાદિ ધારો;
તોયે મનોજય વિના ભવનો ન આરો;
પામો નહીં કણ કર્યે કુશકા-કુટારો. ૧૬

× પાઠા. નચવે * વહેમ=સંદેહ, મિથ્યાત્વ, સંશય, ભ્રાંતિ, કલ્પના.

ભ્રાંતિ સમાન નથી રોગ અતીવ ભારે,
ના વૈદ્ય સદ્‌ગુરુ સમા ભવ જે નિવારે;
આજ્ઞા સમાન નથી પથ્ય, વિચારી જોજો,
સુધ્યાનસૂચક વિચાર દવા પી જોજો. ૧૭

જો ભાવશુદ્ધિ મનદોડ મટાડી પામે,
તો જે અલભ્ય મુનિને, પદ તેની સામેઃ
જે ના થયું તપ વડે, સહજે બને તે,
કર્મો અનંત ભવનાં ક્ષણમાં ખપે છે. ૧૮

ભૂલી બધા વિષય, શાંત અસંગ યોગી,
અક્ષોભવૃત્તિથી થયા પરમાત્મભોગી;
પાતાળ ને નભ વિષે ક્ષણમાં પહોંચે,
તે ચિત્ત જીતી ન ચળે કદી ભોગ-લાંચે. ૧૯

તે વિશ્વવંદ્ય ગુરુ છે ઉપકારી મારા,
દુર્દમ્ય ચિત્ત જીતી બોધથી તારનારા,
છે દેહધારી અશરીરી દશા વધારી,
તે ભાગ્યશાળી નરરત્ન જ મુક્તિ-બારી. ૨૦

સત્સંગ, સત્પુરુષયોગ વિશેષ સાધ,
અજ્ઞાન તો જ ટળશે ક્રમથી અગાધ,
અજ્ઞાન એ જ ભય, સાધક સૌ ગણે છે;
સંસાર સર્વ બળતો, પ્રભુ યે ભણે છે. ૨૧

જો પૂર્વ-કર્મ હણવા જીવ બુદ્ધિ ધારે,
અજ્ઞાન દૂર કરવા દૃઢતા વધારે,
સત્સંગ, સદ્‌ગુરુ ઉપાય અચૂક ધર્મ
આરાધતાં જરૂર દૂર થનાર કર્મ. ૨૨

અજ્ઞાન મૂળ ભ્રૂલ, ના સમજાય આપે,
ના જાણી જોઈ ભ્રૂલ કો મનમાંહિ થાપે;
જ્ઞાની-જને જરૂર ઓળખીને ઉખાડી,
તેની જ સંગતિ કરી ભ્રૂલ દે મટાડી. ૨૩

જો, સ્વપ્નમાં મરણ નિજ જણાય, કોને ?
ભ્રાંતિ વિષે નહિ અશક્ય કશું ય, જોને;
તેવી રીતે પરપદારથ નિજ જાણે,
પોતે જ દેહમય માની વિભાવ માણે. ૨૪

એ માન્યતા જ ભવહેતુ, અનાદિ સેવી,
અજ્ઞાન એ જ, જનની-જનકાદિ એવી
કુકલ્પના કરી અનેક ગણી સગાઈ,
તે જાય તો જરૂર મોક્ષ થનાર, ભાઈ. ૨૫

તે ટાળવા જ સહુ સાધન સાધવાનાં,
સત્સંગ, સત્પુરુષ આદિક સેવવાનાં;
તે કાજ જો બળ બધું વપરાય જેનું,
તેને જ સિદ્ધિ સહજે, બળ ધન્ય તેનું! ૨૬

જો આટલું જ જીવમાં પરિણામ પામે,
તો સૌ વ્રતો નિયમ ભક્તિ વિના વિરામે;
શાસ્ત્રો બધાં ભણી ગયો, ભ્રમ જો મટે તો,
ભ્રાંતિ જશે મનની, જો પરથી હઠે તો. ૨૭

રાગાદિ ભાવ મનમાં મૂઢતા જગાવે,
ભ્રાંતિ અતિ ઊભી કરે ભયમાં ભમાવે;
ક્લેશિત, શંકિત કરે મન રોગ-કાળે,
મોક્ષાર્થી તેથી રિપુ જાણી વિભાવ ટાળે. ૨૮

રાગાદિ-કાદવ મનોજળના ગયા જો,
સર્વે જણાય, વીતરાગ સુખી થયા તો;
કર્મોથી મુક્ત વીતરાગ થનાર, જો, તે
ત્રૈલોક્યનાથ ભગવાન મહાન પોતે. ૨૯

ભ્રાંતિ વડે અશુચિ દેહ મનાય સારો,
ને દેહ જે જડ, અનાત્મ મનાય મારો;
તેથી સગાં, પરિજનો નિજ માની વર્તે,
સંયોગને જ અવિનાશી ગણી પ્રવર્તે. ૩૦

વિયોગમાં ઝૂરી મરે, જગ દુઃખી દેખે,
ગાળે ન તોય સુવિચારથી આયુ લેખે;
ભ્રાંતિ ટળી સ્વપર-ભેદ પડે શી રીતે?
તે ચર્ચ, તે પૂછ ગુરુ-જન પાસ નિત્યે. ૩૧

તે ઇચ્છ, તન્મય બની ગણ ઇષ્ટ સૂત્ર,
ઘેલો બની ધનિક જેમ ચહે સુપુત્ર,
જે એક વૃદ્ધવયમાં નિજ જીવ જેવો,
છાનો ગયો ઘર તજી પરદેશ તેવો. ૩૨

☆
☆☆

# ૨૪

## તપ

(સેવો ભવિયાં વિમલ જિનેશ્વર દુલહા સજ્જન સંગાજી—એ રાગ)

★

વીનવું સદ્ગુરુ **રાજચંદ્ર** પ્રભુ, સત્ય તપસ્વી-સ્વામીજી,
નમી નમી પ્રભુને પાયે લાગું, આપ અતિ નિષ્કામીજી. વીનવું૦

'યથાયોગ્ય નિર્ગ્રંથ દશા વણ, ક્ષણ જીવવું ના ગોઠેજી,
એ આધ્યાત્મિક વીર-ભાવના, હૈયે જે તે હોઠેજી. વીનવું૦

મનન માત્ર પરમાર્થ વિષયનું, નિશદિન જેને રૂહે છેજી,
શયન, સ્વપ્ન, ભય, ભોગ એ જ છે, આહાર એ જ જે લે છેજી. વીનવું૦

પરિગ્રહ પણ છે એ જ જેહને, રોમે રોમ વિચારેજી,
હાડ, માંસ, મજ્જા સર્વાંગો એ જ ધૂન (ધ્વનિ) ઉચ્ચારેજી. વીનવું૦

તેથી નથી કંઈ જોવું ગમતું, નથી કંઈ સૂંઘવું ગમતુંજી,
નથી બોલવું પણ કંઈ ગમતું, નથી મન મૌને રમતુંજી. વીનવું૦

નથી સાંભળવું પણ કંઈ ગમતું, નથી ચાખવું ગમતુંજી,
નથી સ્પર્શવું પણ કંઈ ગમતું, વિષયે મન ના રમતુંજી. વીનવું૦

નથી બેસવું-ઊઠવું ગમતું, સૂવું, જાગવું સરખુંજી,
નથી ઉપવાસ-અશન પણ ગમતાં, સંગ-અસંગ ન પરખુંજી. વીનવું૦

લક્ષ્મી અલક્ષ્મી કોઈ ન ગમતી, ઊગે ન આશ-નિરાશાજી;
દુઃખનાં કારણ નથી તે કોઈ, વિષમાત્માથી નિસાસાજી. વીનવું૦

આત્મા સમ, તો સર્વ સુખ જ છે, તે જ સમાધિ સાચીજી',
દશા આપની આવી જાણી, વૃત્તિ મુજ ત્યાં રાચીજી. વીનવું૦

તે જ તપસ્યા કર્મ ખપાવે, ગુપ્તપણે આરાધીજી;
વિરલા કોઈક સમજી સાધે, ટાળે ભવની વ્યાધિજી. વીનવું૦

સમ્યગ્દર્શન વિના તપસ્યા ભાવકર્મ નહિ કાપેજી,
જેમ અહિંસા જ્ઞાન વિનાની મોક્ષ કદી નહિ આપેજી. વીનવું૦

જે સંસાર તજે પણ ભીતર-ભવ-ભાવો નહિ છોડેજી,
કરી તપ ઘોર ચહે સુર-સુખ તે આંખ મીંચીને દોડેજી. વીનવું૦

તજે કાંચળી સર્પ મનોહર, પણ નહિ વિષ જો ત્યાગેજી,
મહા ભયંકર જેમ જણાયે સંગ-યોગ્ય નહિ લાગેજી. વીનવું૦

તેમ નિરંકુશ વર્તન જેનું, વિષય-લાલસા પૂરીજી,
તેનું તપ નિજ, જગ ઠગવા વા, ખાવા શીરા-પૂરીજી. વીનવું૦

આકાંક્ષા ભવસુખની વિષ સમ, સમ્યગ્દૃષ્ટિ ભાળેજી;
નિષ્કાંક્ષિત ગુણ શિવ-સુખ-હેતુ, તે તો ઇચ્છા બાળેજી. વીનવું૦

ઇચ્છા-રોધન તપનું લક્ષણ, સમતાની એ માતાજી,
કર્મ કાપવાની ફરસી એ, મોક્ષ-માર્ગ-વિધાતાજી. વીનવું૦

શ્રદ્ધા, જ્ઞાન, ચરણરૂપ ધનને કામ, ક્રોધ સૌ ચોરેજી,
તપરૂપ રક્ષક ભવ-અટવીમાં ચોર હણે નિજ જોરેજી. વીનવું૦

પુદ્ગલસુખનો ભિખારી જે અનુપમ તપ ના સહશેજી,
સાતા-શીલિયું જીવન વિતાવી, પરભવમાં દુખ ખમશેજી. વીનવું૦

સ્મશાન ભૂતાવળીવાળાં કે નિર્જન વન ભયકારીજી,
સિંહ, વાઘ સમીપે વસતા મુનિ નિર્ભયતા ગુણ ધારીજી. વીનવું૦

રહી નિરાકુળ સ્વાધ્યાયે કે ધ્યાને રાત્રી ગાળેજી,
અનુકૂળ પ્રતિકૂળ આહારે સમતા-વ્રત-તપ પાળેજી. વીનવું૦

ધર્મ-ક્રિયા ઉત્સાહે કરતાં ખેદ નહીં મન લાવેજી;
આળ મૂકે, અપમાન કરે કો, સહે સહુ સમભાવેજી. વીનવું૦

સ્તુતિ નિંદા કરનારા સરખા ગણતા તે તપ સાચુંજી,
ગ્રહી મુનિપદને ના લજવે, જો મન મોક્ષે રાચ્યુંજી. વીંનવું૦

તપરૂપ વનમાં વસવું દુર્લભ પાપ-ભીરુ જન ટકશેજી,
સદ્‌ગુરુ-શરણે કોઈક વિરલા વીતરાગ પદ વરશેજી. વીંનવું૦

સર્વ સંગ તજી સત્સંગે જે તૃષ્ણા-તરણાં બાળેજી,
તે નિષ્કંટક તપોવને વસી આત્મા નિર્મળ ભાળેજી. વીંનવું૦

માનવ-ભવ પામી, સદ્‌ગુરુથી નિજ સ્વરૂપ જો જાણ્યુંજી,
મમતા તજી, સમતા તપ સેવે, ધન્ય પુરુષ પ્રમાણુંજી. વીંનવું૦

સદ્‌ગુરુ-યોગે સમ્યક્ તપ ધરી તજે, વાસના પોષેજી,
તેને ફરી તપ-યોગ સુલભ નહિ, નિરંકુશતા-દોષેજી. વીંનવું૦

આત્માદિકનું સ્વરૂપ ઓળખી મન વશ કરી વૈરાગ્યેજી,
વિષય-વાસના-સંગ ત્યજીને આતમ-ધ્યાને લાગેજી. વીંનવું૦

ચળે નહીં કદી કામ-વિકારે, તે જ તપસ્વી ભારેજી,
મચ્છર, મધમાખો, વીંછી કે સર્પ ડંખ જ્યાં મારેજી—વીંનવું૦

વિષ વ્યાપે પણ ભય ના વ્યાપે, પૂર્વ કર્મ તપ બાળેજી,
દુષ્ટ વૈરી નર-સુર-ઉપસર્ગો સહતાં નહિ કંટાળેજી. વીંનવું૦

વેર વિરોધ વિના સમભાવે, રહે તપોધન ધ્યાનેજી,
રાગ-દ્વેષ ત્રણ જગને જીતે તે ટળતા તપ-જ્ઞાનેજી. વીંનવું૦

તન-મન-વચન તણી ગુપ્તિમાં આત્માને અનુભવતાજી,
પાંચ સમિતિ પાળી, ટાળી વિકાર, તપ ઊજવતાજી. વીંનવું૦

મૂર્તિમાન તપ મુનિવર સાચા કર્મધૂળ ખંખેરેજી,
નિર્મળ શુદ્ધ સ્વરૂપના બોધે મોક્ષમાર્ગમાં પ્રેરેજી. વીંનવું૦

☆
☆☆

# ૨૫

# જ્ઞાન

(હરિગીત)

★

જ્ઞાની ગુરુ શ્રી **રાજ**પ્રભુજી શરદ્-પૂર્ણશશી સમા,
**લ**ઘુરાજ રૂડી વાદળી રૂપ બોધ-જળ-ભારે નમ્યા;
સંસાર-સાગરમાં મુમુક્ષુ છીપ સમ મુખ ખોલતા,
ને મંત્ર-જળબિંદુ ગ્રહી રચતા જીવન-મુક્તા-લતા. ૧

પુનિત એ ગુરુવર્યના પદપંકજે મુજ શિર નમે,
દુર્લભ, મનોહર સંત-સેવા-વિરહથી નહિ કંઈ ગમે;
એ જ્ઞાનમૂર્તિ હૃદય સ્ફુરતી, આંખ પૂરતી આંસુથી,
નિર્મળ, નિરંજન સ્વરૂપ-પ્રેરક વચન-વિશ્વાસે સુખી. ૨

★

સુજ્ઞાન સુખ, સુજ્ઞાન આત્મા, જ્ઞાન સૌમાં મુખ્ય છે,
સુજ્ઞાન ગુરુ કે દિવ્ય દૃષ્ટિ, જ્ઞાન શિવ-સન્મુખ છે;
સુજ્ઞાન ધ્યાન સમાન, કાપે જ્ઞાન-ફરશી કર્મને,
સુજ્ઞાન-દાન મહાન, સ્થાપે પરબરૂપ પ્રભુ ધર્મને. ૩

જ્ઞાની ખરા વીતરાગી વસતા કર્મ-કાદવમાં છતાં,
પંકે કનક પર કાટ નહિ, તેવા રહે નિર્લેપ ત્યાં;
લોઢા સમા અજ્ઞાની જન બહુ કર્મ-કાટ ચઢે અહો!
પ્રત્યક્ષ વર્તન તેમનું રાગી અને દ્વેષી લહો. ૪

દવ ડુંગરે લાગે, ઝરે જળ ત્યાં ઘણાં ઝરણાં તણાં,
ભારે શિલાના સમૂહ : એવાં દૃશ્ય નેત્ર વિષે ઘણાં;
પણ આંખ જરી ના દાઝતી, ના પલળતી, કચરાતી ના,
છે તેમ સમભાવો મધુર, કટુ કર્મ-ફળમાં જ્ઞાનીના. ૫

ભૂપતિ ભલે નિજવેશ બદલી રંક વિનોદે બને;
મા બાલ-સંગે તોતડું બોલે, ન નિજરૂપ તે ગણે;
દાસી ઉછેરે રાજકુંવરો ભાવ બહુ દેખાડીને;
જ્ઞાની કરે તેવી ક્રિયા નિર્લેપ રૂપ સંતાડીને. ૬

અજ્ઞાનમય દેહાદિની ઉપાસના જગજીવ કરે,
અજ્ઞાનીની દુકાનથી અજ્ઞાન લઈ લઈ સંઘરે.
આવી અનાદિ કાળની ભૂલ ભાગ્યશાળી ભાગશે,
અજ્ઞાન-દુઃખો ઓળખી, જ્ઞાની ઉપાસી જાગશે. ૭

સંયમ સહિત સુધ્યાન જે, છે માર્ગ મોક્ષ તણો મહા,
તેનો સુલક્ષ કરાવનાર ગણાય સમ્યક્-જ્ઞાન આ.
સુશિષ્ય સદ્‌ગુરુની કૃપા જો વિનય કરીને પામશે,
સદ્‌બોધ વારંવાર ઉર ઉતારતાં ગુણ જામશે. ૮

સુજ્ઞાનજળ દુર્દમ્ય તૃષ્ણા-દાહ શોષ શમાવશે,
વ્યાધિ, જરા, મરણાદિ દુખરૂપ આગને ઓલાવશે.
ભવ મૂળને નિર્મૂળ કરતી જ્ઞાનનદી વહી જાય છે,
સદ્‌ગુરુ-જહાજ ગ્રહી ઘણા શિવસાગરે સુખી થાય છે. ૯

સુતપ વિનાનું જ્ઞાન કે તપ જ્ઞાનહીન નહિ કામનું,
તેથી સુતપ, સુજ્ઞાન સહ સાધે સુસુખ શિવ-ધામનું;
જે ઉગ્ર તપથી બહુ ભવે અજ્ઞાની કર્મ વિખેરતા,
અંતર્મુહૂર્તે કર્મ તે જ્ઞાની સહજ ખંખેરતા. ૧૦

સુધ્યાનમાં મન રાખી ભવ ગાળે ગુરુચરણે પૂરો,
શ્રુત શીખતો સમભાવ અર્થે તે જ ધન્યાત્મા શૂરો;
કર વચનશુદ્ધિ સત્યથી, મનશુદ્ધિ સમ્યક્ જ્ઞાનથી,
કર કાયશુદ્ધિ ગુરુ સેવી, આત્મશુદ્ધિ ધ્યાનથી. ૧૧

જે વિનયધારી, સુવિચારી, ત્યાગશે કુવાસના,
તે આત્મહિત નિજ સાધશે, કરી જ્ઞાનની ઉપાસના;

વિનય ધરી સુજ્ઞાનથી જે નિત્ય આત્મા ભાળશે,
તેને મરણકાળે ન પશ્ચાત્તાપ-અગ્નિ બાળશે. ૧૨

ભવ માન માનવનો સફળ જો જ્ઞાનસેવનમાં ગયો,
પ્રગટાવી વીર્ય સુ-સંયમે વર્ત્યે અતિ ઉજ્જ્વળ થયો;
અભ્યાસ કરતા જ્ઞાનનો તે ધ્યાન-સ્વાધ્યાયે રહે,
તપની કરે રક્ષા મુનિ જે મોક્ષનાં સુખને ચહે. ૧૩

વિદ્વાન તે જ ગણાય જે નિજ વીર્ય તપમાં વાપરે,
સુજ્ઞાન કર્મ વિદારવા સુપાત્ર કાજે ધન ધરે;
તજી વિષય-સ્વાદની લાલસા, જીવ અપ્રમાદી જે બને.
ત્રણ રત્ન સમ્યક્ જ્ઞાન-દર્શન-ચરણને નિત્યે ગણે. ૧૪

હિંસા તજી જે એકલા વનમાં ઉપદ્રવ સહુ સહે.
વનવૃક્ષ જેવા તે મુનિ, સુજ્ઞાન-ભાવ ન જો લહે.
છે જાગતી જ્યોતિ ઉરે સુજ્ઞાનની વિદ્વાનને,
વિકલ્પ તેથી ના ઊઠે 'સુખ-દુઃખ દે છે આ મને.' ૧૫

દેહાભિમાનની નીંદમાં બહુ કાળ જીવ પડી રહ્યો,
જાણ્યું હવે નિજરૂપ સદ્ગુરુ-બોધથી બેઠો થયો;
સર્વે વિચારો પૂર્વના મતિ-કલ્પનાથી જે ગ્રહ્યા,
તે સૂર્ય ઊગતાં તારલા સમ દૂર દૃષ્ટિથી થયા. ૧૬

જે શાસ્ત્રવનમાં ભટકતી મતિ સતી સમી નહિ જાણવી,
ચૈતન્ય-કુળ-ઘર જે તજે કુલટા નઠારી માનવી.
મતિરૂપ નદી દૂર દૂર દોડે શાસ્ત્ર-સાગર શોધતી,
પરમાત્મવેદનથી હૃદય ભેદાય તો સ્થિરતા થતી. ૧૭

જે મોહથી પરદ્રવ્યમાં અણુ જેટલી રતિ આદરે,
તે મૂઢ અજ્ઞાની બનીને સ્વરૂપ-વિપરીતતા ધરે;
તજી વિષય-આસક્તિ, અરે ! લ્યો ઓળખી આત્મા ખરો,
કરી ભાવના આત્મા તણી, તપગુણથી મુક્તિ વરો. ૧૮

સંક્લેશ મિથ્યાભાવ તજીં, જિન-વચનમાં રાચી રહ્યા,
આજ્ઞા ગુરુની પાળતા ભાવે, નિકટભવીં તે કહ્યા;
જિન-વચન ઔષધિ અમીં સમી, વિષયે વિરક્તિ આપતી,
વ્યાધિ, જરા, મરણાદિ દુઃખો ક્ષય કરી ભવ કાપતી. ૧૯

સ્વાધ્યાયથી પંચેન્દ્રિયો, ત્રણ યોગ પણ વશ થાય છે,
એકાગ્ર ચિત્તે ધ્યાન સાધી *વિનય ગુણ પમાય છે;
જો હોય સોય પરોવીં સૂત્રે, ભૂલથી ખોવાય ના,
જો, તેમ સૂત્રે મગ્ન મન તો ભ્રમ પ્રમાદે થાય ના. ૨૦

શીખેલ શાસ્ત્રો વિનય સહ તે જો પ્રમાદે ભૂંલીં જતાં,
થોડા શ્રમે તોયે ફરી પરભવ વિષે તાજાં થતાં,
ભણતાં અને ગણતાં વિનય સુજ્ઞાનનો સાચો થશે,
જ્ઞાને સુમાર્ગે ચાલતાં સદ્બોધથી ભવદુખ જશે. ૨૧

વસ્તુ-સ્વરૂપ યથાર્થ બોધે વચન શ્રી વીંતરાગનાં,
સંદેહહર, વૈરાગ્યકર, જગહિતકર તારક તણાં;
આર્યો તણા વેદો ગણો અનુયોગ ચાર પ્રકારના,
શીખી યથાશક્તિ રહસ્ય કદીય જીવ વિસાર ના; ૨૨

'**આદિ** પુરાણ' સમી કથા પ્રથમાનુયોગે વર્ણવી,
બોધિ-સમાધિ ગોળ-વીંટી ગોળીં સમ એ જાણવી;
કરણાનુયોગ વિષે જણાશે સ્વરૂંપ લોક-અલોકનું,
ને કર્મ-ગતિનું ગણિત રૂંપ એ દર્પણે અવલોક તું. ૨૩

ચરણાનુયોગે અંશ ને સર્વાંશ આચારો કહ્યા :—
ગૃહસ્થના આચાર અંશે, મુનિપદે પૂરા રહ્યા;
વ્રત આદરે કેવી રીંતે? પોષી વધારે શી રીંતે?
રક્ષા કરે કેવી રીંતે? ગૃહીં કે મુનિ મુક્તિ પ્રીંતે. ૨૪

* કર્મોને દૂર કરે, હાંકી કાઢે તે ગુણ.

દ્રવ્યાનુયોગ જીવાદિ તત્ત્વોનો પ્રકાશક દીપ ગણો,
તે પુણ્ય-પાપ સ્વરૂપ સમજાવી કરે જાગ્રત ઘણો;
વળી બંધ-મોક્ષ કરાવનારાં કારણો નજરે ધરે,
તે જાણી ગુરુગમ, જાગૃતિ-પુરુષાર્થ કરી જીવ ભવ તરે. ૨૫

સત્શાસ્ત્ર-અભ્યાસે સમજ નિજ આત્મહિતની આવશે,
તે નવ નવીન સંવેગ સહ નિષ્કંપ સંવર લાવશે;
તપ આકરાં અઠ્ઠાઈ કરી અજ્ઞાની જે શુદ્ધિ ધરે,
તેથી બહુગુણી શુદ્ધિ ધરતા તપ વિના જ્ઞાની ખરે! ૨૬

ઉન્મત્ત હાથી અંકુશે વશ થાય, મન પણ જ્ઞાનથી;
જ્ઞાન-ઉપયોગે રહિત મન તે પજવતું તોફાનથી.
જો નાગ કાળો મંત્ર-વિધિથી વાદી-કરમાં વશ થતો,
તેવી રીતે મન-દોષ પણ સુજ્ઞાન-યોગે ટળી જતો. ૨૭

જે ચિત્ત-શુદ્ધિ સહ ધરે છે જ્ઞાનદીપક લાગતો,
તેને નથી ભય મોક્ષ-માર્ગે પતનનો, છે જાગતો;
જો જ્ઞાનજ્યોતિ પ્રગટી ના તો અંધ અંધારે ભમે,
નહિ મોક્ષ-માર્ગે તે ચઢે, સંસાર-દુખમાંહીં રમે. ૨૮

મન ભટકતું અજ્ઞાનવશ, તે જ્ઞાનસંસ્કારે ઠરે,
ના સુજ્ઞ આતમજ્ઞાનથી પર કાર્યમાં મન બહુ ધરે;
પણ કામ-પૂરતું સૌ કરે, તે વચન-કાયાથી; છતાં
તન્મય બને ત્રિયોગથી ના, ભાવ નિઃસ્પૃહ સેવતાં. ૨૯

સુજ્ઞાનમહિમા શું કહું? રવિ પાપ-તમ હરનાર એ,
કે મોક્ષલક્ષ્મી-ચરણને અંબુજ સમ આધાર તે;
સન્મંત્ર મન્મથ-સર્પનો કે કેસરી મન-ગજ તણો,
સંક્લેશ-વાદળ-વાયરો, વળી વિશ્વતત્ત્વ-દીવો ગણો. ૩૦

સુજ્ઞાન જાળ સમાન પકડે વિષયરૂપી માછલાં,
ને રાગ નદી સુકાવવાને જ્ઞાન રવિ-કિરણો ભલાં;

ચૈતન્ય-રૂપની રુચિવાળા દેખ દુર્લભ ભવ વિષે,
તેથી અતિ દુર્લભ ખરાં અધ્યાત્મશાસ્ત્રો પણ દીસે. ૩૧

ચૈતન્યપદ-દર્શક ગુરુ તો અતિ અતિ દુર્લભ મહા,
ચિંતામણિ સમ જ્ઞાન સમ્યક્ પામવું દુર્ઘટ, અહા!
જો સ્વરૂપ શુદ્ધ જણાય તો તે શ્રેષ્ઠ સમ્યગ્જ્ઞાન છે,
જે કર્મ-રજ હરતો નિરંતર જ્ઞાનવાયુ, ધ્યાન તે. ૩૨

જ્ઞાની ગુરુના બોધરૂપી ડાંગ વાગી કેડમાં,
સંસાર-બળ ભાગી ગયું, જાણે પુરાયો હેડમાં;
તે નારીમુખ નિહાળવામાં અંધ સમ વર્તન કરે,
મિથ્યાવચન-ઉચ્ચારમાં તે બોબડા સમ મતિ ધરે. ૩૩

કુતીર્થ-પંથે પાંગળો તે, શૂન્યમન વ્યવહારમાં,
ને વિષયભોગે આળસુ, નિર્બળ અહિત-પ્રચારમાં;
શા કામનો જીવ જગતમાં એવો અપંગ બની ગયો,
તેથી હવે નિજ ઘર વિષે નિશદિન રહેનારો થયો. ૩૪

સુજ્ઞાન શિવ-ઉપાય સમજો, રાગ બંધ કરાવતો,
તેથી તજી સૌ રાગ-અંશો જ્ઞાન શુદ્ધ જગાવજો.
વાંચે, સુણે, સમજે ઘણા, પણ મનન કોઈક જ કરે;
શ્રવણ, મનન, નિદિધ્યાસનો ક્રમ સુવિચક્ષણ આદરે. ૩૫

સુશ્રવણ લહરી સમ ટકે નહિ, છાપ મન *મનને ધરે,
પરિણામ જે× નિદિધ્યાસના તે ભાવશ્રુત રૂપ સંઘરે;
જો શ્રવણ કર કર બહુ કરે તો મનનશક્તિ આળસે,
સુશ્રવણ પછીનો ક્રમ મુમુક્ષુ તેથી નિત્યે પાળશે. ૩૬

☆
☆☆

* મનનથી × પાઠા૦ પરિણામ જ.

# ૨૬

# ક્રિયા

(દુર્લભ ભવ લહી દોહિલો રે, કહો તરિયે કવણ ઉપાય રે પ્રભુજીને વીનવું રે)

★

લાયક-નાયક સદ્‌ગુરુ રે ભજતાં સર્વ ભજાય રે—ગુરુજીને વંદીએ રે
**રાજ**ચંદ્ર ગુરુ-વચનને રે અનુસરી મોક્ષ જવાય રે ,, ,, ૧

બોધ વડે બંધન તૂટે રે જો પુરુષાર્થ કરાય રે ,, ,,
બંધન પરિગ્રહ ભાવ છે રે તે તોડ્યો ગુરુ **રાય** રે ,, ,, ૨

પુણ્ય-પાપ-ક્રિયા વિષે રે રાચ્યો જન-સમુદાય રે ,, ,,
તત્ત્વરુચિ પ્રગટાવતા રે કળિકાળે ગુરુ **રાય** રે ,, ,, ૩

દુર્લભ નરભવ પામિયો રે કરી પુરુષાર્થ અપાર રે ,, ,,
સત્પુરુષાર્થ હવે થશે રે કરતાં આત્મવિચાર રે ,, ,, ૪

બંધમાર્ગમાં બહુ ભમ્યો રે મોક્ષમાર્ગ ઉર ધાર રે ,, ,,
પ્રયોજન[૧] પૂરતાં થતાં રે પાપ અનેક વિચાર રે ,, ,, ૫

કારણ[૨] વિના પણ કરે રે મૂઢમતિ જીવ પાપ રે ,, ,,
હિંસાની[૩] ક્રિયા કરે રે વેર વધારી અમાપ રે ,, ,, ૬

પાપ [૪]અજાણ્યે પણ થતાં રે કર્મ સદા બંધાય રે ,, ,,
અવળી[૫] સમજણથી હણે રે જીવ નિર્દોષી ઘણાય રે ,, ,, ૭

જૂઠા[૬] વચને વીંટતો રે જીવ નિજ પાપ અનેક રે ,, ,,
ચોરી[૭] કરી ભવમાં ભમે રે, [૮]માઠા ભાવે છેક રે ,, ,, ૮

મદ-માતો [૯]માને કરી રે ભમે અધોગતિમાંય રે ,, ,,
સ્વજનો પણ ત્રાસી જતાં રે [૧૦]ક્રૂર સુખી નહિ ક્યાંય રે ,, ,, ૯

માયાવી[11] જન તુચ્છ છે રે પરને ઠગી ઠગાય રે—ગુરુજીને વંદીએ રે
નિંદે નહિ નિજ દુષ્ટતા રે અધોગતિમાં જાય રે ,, ,, ૧૦

લોભ[12] પાપનો બાપ છે રે કષ્ટે મુનિથી મુકાય રે ,, ,,
સાધુજીવન[13] જીવવા કરો રે સૌ સમ્યક્ ઉપાય રે ,, ,, ૧૧

બાર ક્રિયાને ત્યાગવી રે તેરમી ધર્મ-સ્વરૂપ રે ,, ,,
ભગવંતો ત્રણ કાળના રે કહે ક્રિયા એ રૂપ રે ,, ,, ૧૨

ધર્મ, અધર્મ, મિશ્રરૂપે રે કહું ક્રિયા વિસ્તાર રે ,, ,,
અધર્મ તજીને આદરો રે ધર્મ, મિશ્ર પ્રકાર રે ,, ,, ૧૩

ધર્માત્મા ભીખ માગતા રે દેખી કરતા રોષ રે ,, ,,
વાણી કઠોર કહે વળી રે "કર મજૂરીથી પોષ રે ,, ,, ૧૪

બાવા બાવન લાખ જો રે કરે ભિખારી દેશ રે ,, ,,
હાડ નમે નહિ કામમાં રે ધરે સંતનો વેશ રે" ,, ,, ૧૫

એવા નાસ્તિક લોક જે રે કરે અધર્મ-વખાણ રે ,, ,,
ચિંતા નહિ પરલોકની રે ભવસુખમાં ગુલતાન રે ,, ,, ૧૬

પરનાં દુઃખ ન લેખવે રે હીન ક્રિયામાં લીન રે ,, ,,
શરીર દૃઢ કરવા દવા રે ખાય નિષિદ્ધ મલિન રે ,, ,, ૧૭

ખાન, પાન, વસ્ત્રાદિમાં રે ખામી ન રાખે ખાસ રે ,, ,,
શરીર શણગારે ઘણું રે ચણે નવા આવાસ રે ,, ,, ૧૮

સુશોભિત સામાનથી રે કળા-રસિક ગણાય રે ,, ,,
સુંદર સ્ત્રી-પરિવારથી રે મોજ અનેક મણાય રે ,, ,, ૧૯

રોશની, નાટક, નૃત્યમાં રે ખર્ચ કરી ખુશ થાય રે ,, ,,
કામ ભોગ અર્થે જીવે રે તે પરમાર્થ મનાય રે ,, ,, ૨૦

અણસમજુ એવું લવે રે : 'એ જ ખરા છે દેવ રે ,, ,,
એના આધારે જીવતા રે બહુ જીવો કરી સેવ રે' ,, ,, ૨૧

આર્ય જનો એવું વદે રે, "પાપજીવી એ જીવ રે ,, ,,
આત્મવિચાર કરે નહીં રે પરમાં લીન અતીવ રે ,, ,, ૨૨

ભવ ભમતાં થાક્યો નહીં રે કરે અધર્મ-ઉપાય રે—ગુરુજીને વંદીએ રે
ભૂંડા મોતે મરી જશે રે નરકે એ અસહાય રે" ,, ,, ૨૩

ગૃહસ્થો, ત્યાગી ઘણા રે ઇચ્છે એવાં સુખ રે ,, ,,
તૃષ્ણારૂપ દીવે પડે રે પતંગ સમ ભૂલી દુઃખ રે ,, ,, ૨૪

ક્રિયાસ્થાન અધર્મ આ રે માન અશુદ્ધ અનાર્ય રે ,, ,,
અન્યાયે એ ટકી રહ્યું રે ચુકાય મુક્તિ-કાર્ય રે ,, ,, ૨૫

સદા અપૂર્ણ, અયોગ્ય એ રે અસંયમે ભરપૂર રે ,, ,,
મિથ્યા માની ન ઇચ્છતા રે સજ્જન ખસતા દૂર રે ,, ,, ૨૬

ક્રિયા સ્થાનક ધર્મરૂપ રે કહું આર્ય, અનુકૂળ રે ,, ,,
ક્ષયકારક સૌ દુઃખનું રે શુદ્ધ તત્ત્વનું મૂળ રે ,, ,, ૨૭

માનનીય કુળના જીવો રે, સમજુ, ગર્ભ શ્રીમંત રે ,, ,,
ભવદુખથી ત્રાસી ગ્રહે રે સદ્‌ગુરુ-શરણ મહંત રે ,, ,, ૨૮

શાશ્વત સત્શાંતિ ચહી રે ભીખથી કરી નિર્વાહ રે ,, ,,
સત્ય સનાતન ધર્મનો રે ગ્રહે સુગુરુથી રાહ રે ,, ,, ૨૯

સર્વ શક્તિએ આચરે રે તજી સૌ પાપ-સ્થાન રે ,, ,,
સત્ સાધન સંપન્ન તે રે બને સિદ્ધ ભગવાન રે ,, ,, ૩૦

વિચરે છે એ માર્ગમાં રે મહાપુરુષ બળવંત રે ,, ,,
મોહરહિત, નિર્ગ્રંથ તે રે અમલ કમલ સમ સંત રે ,, ,, ૩૧

ઇચ્છા-મમતાને તજી રે આજ્ઞાએ જીવનાર રે ,, ,,
હિંસા સર્વ પ્રકારની રે જ્ઞાન-ઘાત કરનાર રે ,, ,, ૩૨

તજી પાપો જીવતાં લગી રે સાવધાન નિશદિન રે ,, ,,
ક્લેશકારી નહિ કોઈને રે વા સમ બંધનહીન રે ,, ,, ૩૩

પૃથ્વી સમ સઘળું ખમે રે તપ-તેજે દીપંત રે ,, ,,
શશી સમ શાંતિ વર્ષતા રે નભ સમ નિરાલંબ રે ,, ,, ૩૪

અપીડ્ય સિંહ સમા સદા રે અબદ્ધ પંખી સમાન રે ,, ,,
કૂર્મ-અંગ સમ ઇંદ્રિયો રે વશ રાખે, તજી માન રે ,, ,, ૩૫

મેરુ સમ નિષ્કંપ તે રે નિર્મળ શારદ નીર રે—ગુરુજીને વંદીએ રે
જાગ્રત જો ભારંડ સમા રે સાગર સમ ગંભીર રે ,, ,, ૩૬

સંયમ-તપ-વાસિત ઉરે રે વિચરે ઉદય-પ્રયોગ રે ,, ,,
અંતરાય નહિ કોઈની રે દશે દિશા ય અરોક રે ,, ,, ૩૭

શરીર કસે ઉપવાસથી રે લે ભિક્ષા નિર્દોષ રે ,, ,,
શરીર પર મમતા નહીં રે ધરે સદા સંતોષ રે ,, ,, ૩૮

ધ્યાન ધરે સ્થિર આસને રે નિયમિત વર્તન સર્વ રે ,, ,,
વસ્ત્રરહિત પરવા નહીં રે નહિ લબ્ધિનો ગર્વ રે ,, ,, ૩૯

સત્પુરુષાર્થે મુનિપણું રે જીવનભર પાળંત રે ,, ,,
પરિષહ સંકટ-કાળમાં રે સહુ આહાર તજંત રે ,, ,, ૪૦

જે માટે ધરી નગ્નતા રે કેશ ઉપાડે આપ રે ,, ,,
દાતણ, જોડા, સ્નાન તજી રે છત્રી તજી સહે તાપ રે ,, ,, ૪૧

બ્રહ્મચર્ય જીવતાં લગી રે પર-ઘર ભિક્ષાહાર રે ,, ,,
ભૂમિ શય્યા કે પાટ પર રે સૂતાંય આત્મવિચાર રે ,, ,, ૪૨

નિંદા સ્તુતિ પણ ના ગણે રે સહે અવજ્ઞા, માર રે ,, ,,
અનુકૂળ-પ્રતિકૂળતા નહીં રે સમતા ધરે અપાર રે ,, ,, ૪૩

તે વસ્તુ ચિત્તે ધરે રે આરાધના-ઉપાય રે ,, ,,
અનંત અવ્યાબાધ સુખ રે કેવળજ્ઞાને થાય રે ,, ,, ૪૪

નિરાવરણ પરિપૂર્ણ તે રે સર્વોત્તમ સંપૂર્ણ રે ,, ,,
છેલ્લા શ્વાસે ઊપજે રે કર્મ કરે સૌ ચૂર્ણ રે ,, ,, ૪૫

સિદ્ધ બુદ્ધ ને મુક્ત તે રે લહે સદા નિર્વાણ રે ,, ,,
આત્યંતિક સૌ દુઃખનો રે મોક્ષ વિષે ક્ષય જાણ રે ,, ,, ૪૬

ક્રિયાસ્થાન શોભાવતા રે એવા શ્રી ભગવંત રે ,, ,,
તે જ ભવે શિવ કો લહે રે, અલ્પ ભવે કો સંત રે ,, ,, ૪૭

★

ક્રિયાસ્થાન જે મિશ્ર છે રે તે પણ આર્ય, વિશુદ્ધ રે—ગુરુજીને વંદીએ રે
પરંપરાએ મોક્ષનું રે કારણ, બોલે બુદ્ધ રે ,, ,, ૪૮

અલ્પ આરંભ આદરે રે અલ્પ પરિગ્રહવંત રે ,, ,,
ન્યાયયુક્ત આજીવિકા રે પ્રાપ્ત કરે વ્રતવંત રે ,, ,, ૪૯

સુશીલ શ્રમણ ઉપાસતાં રે સુણે સંત-ઉપદેશ રે ,, ,,
જીવ-અજીવને ઓળખે રે ધરે ન શંકા લેશ રે ,, ,, ૫૦

પુણ્ય-પાપ પિછાનતા રે વળી સુખદુઃખસ્વરૂપ રે ,, ,,
આસ્રવ, સંવર સમજતા રે કર્મબંધનાં રૂપ રે ,, ,, ૫૧

ખડ્ગ, મુશળ, છરી આદિ જે રે ક્રિયા અધિકરણો ય રે ,, ,,
કર્મબંધનાં સાધનો રે જાણી કરે નિયમો ય રે ,, ,, ૫૨

વળી નિર્જરા કારણે રે શુભક્રિયા સ્વાધ્યાય રે ,, ,,
સદ્ગુરુ-આજ્ઞાએ કરે રે ધ્યાનાદિક ઉપાય રે ,, ,, ૫૩

સ્વરૂપ સમજે મોક્ષનું રે નિઃસ્પૃહી ને અસહાય રે ,, ,,
દેવાદિકથી નહિ ચળે રે સત્શ્રદ્ધાથી જરાય રે ,, ,, ૫૪

પ્રવચન સૌ વીતરાગનાં રે માને તે નિઃશંક રે ,, ,,
સમકિત-ઔષધિ-વાસના રે ઊતરી હાડ પર્યંત રે ,, ,, ૫૫

આત્મધર્મ વિણ અન્યને રે ઇચ્છે નહીં સુજાણ રે ,, ,,
ધર્માત્મા કે ધર્મફળ રે આત્મહિતની ખાણ રે ,, ,, ૫૬

ગણી, ધરે ના અણગમો રે પામ્યા છે પરમાર્થ રે ,, ,,
સંશય પૂછી સૂત્રના રે અવધાર્યા છે અર્થ રે ,, ,, ૫૭

નિશ્ચિત અર્થ ન ભૂલતા રે કહે ધર્મની વાત રે— ,, ,,
"અહો ! ભાઈ, નિર્ગ્રંથનાં રે પ્રવચન જે સિદ્ધાંત રે ,, ,, ૫૮

આત્મ-વિચાર ઉગાડતાં રે સરસ્વતી સાક્ષાત રે ,, ,,
અજ્ઞાનીની વાણી તો રે જડ વાણીની જાત રે ,, ,, ૫૯

પુત્રાદિ ધન ધાન્ય સૌ રે અનર્થકારી જાણ રે ,, ,,
અસાર આ સંસારનું રે વધવાપણું પ્રમાણ રે" ,, ,, ૬૦

એવી વાત કરે સદા રે નિર્ગ્રંથો પર રાગ રે—ગુરુજીને વંદીએ રે
નિર્મળ, હૃદય સ્ફટિક સમ રે દાનવીર શો ત્યાગ રે ,, ,, ૬૧

મુનીન્દ્ર-દર્શન-લાભથી રે નિર્ભયતા ય અપાર રે ,, ,,
ઉઘાડે છોગે ફરે રે નિરર્ગલ ગૃહ-દ્વાર રે ,, ,, ૬૨

રાણીવાસ સમ પર ઘરે રે પ્રવેશ-ભાવ ન હોય રે ,, ,,
પર્વ-દિનોમાં મુનિ સમી રે ચર્યા શીખતો સોય રે ,, ,, ૬૩

ઔષધ, ઉપકરણો તથા રે આહાર-પાણી દેય રે ,, ,,
વિહાર-ઉદ્યમીં સાધુને રે સેવી લ્હાવો લેય રે ,, ,, ૬૪

શ્રમણ-ઉપાસક ભાવથી રે પાળી વ્રત, તપ, શીલ રે ,, ,,
જિંદગીભર સત્ સાધતાં રે સમાધિમરણે દિલ રે ,, ,, ૬૫

આફત, અસાધ્ય રોગમાં રે વીસરે નહિ આત્માર્થ રે ,, ,,
કાયા, કષાય સૂકવે રે ત્યાગ-નિયમથી યથાર્થ રે ,, ,, ૬૬

સમાધિ સહ તજી દેહ તે રે બનતા દેવ મહાન રે ,, ,,
પછી સુંદર નર ભવ ધરી રે મોક્ષે જશે પ્રમાણ રે ,, ,, ૬૭

મંદ પ્રયત્ની હોય તો રે સાત-આઠ ભવ થાય રે ,, ,,
ક્રિયા મિશ્ર આવી રીતે રે મોક્ષનિદાન ગણાય રે ,, ,, ૬૮

★

બાર ક્રિયાસ્થાનો વિષે રે વર્તન તે જ અધર્મ રે ,, ,,
પાપોથી ના વિરમે રે કેમ છૂટશે કર્મ રે ? ,, ,, ૬૯

તે બાળક સમ મૂઢને રે દુર્લભ મુક્તિ જાણ રે ,, ,,
ક્રિયાસ્થાનક તેરમું રે સેવી લ્યો નિર્વાણ રે ,, ,, ૭૦

સર્વ દુઃખનો ક્ષય કરો રે બનો સિદ્ધ ને બુદ્ધ રે ,, ,,
દયા ધરો નિજ જીવની રે સ્વરૂપ ઓળખો શુદ્ધ રે ,, ,, ૭૧

જન્મમરણ દુઃખો હણો રે કરો પરાક્રમ સાર રે ,, ,,
જીવ બચાવો આપણો રે ક્રિયાસ્થાન તજી બાર રે ,, ,, ૭૨

☆
☆☆

## ૨૭

# આરંભ-પરિગ્રહની નિવૃત્તિ ઉપર જ્ઞાનીએ આપેલો ઘણો ભાર

(દોહરા)

★

જન્મી જગમાં નરરૂપે જીવન સફળ તો થાય,
જો ગુરુરાજ ભજી લહો મુક્તિ-માર્ગ ઉપાય. ૧

કનક-કામિની-સૂત્રથી બંધાયા ત્રણ લોક;
તે તોડી વિરલા બને સ્વાધીન, સુખી, અશોક. ૨

પડી મુમુક્ષુના પગે બેડી બે બળવાન,
આરંભ-પરિગ્રહ-જનક કનક-કામિની માન. ૩

આરંભ, કષાય, પ્રમાદથી હિંસામય પરિણામ,
પરિગ્રહ ને પરસંઘરો, મમતામૂળ, દુખધામ. ૪

નરભવ ઉત્તમ નાવ સમ, ભવ તરવાનો દાવ;
પરિગ્રહ-મમતા ભારથી ડૂબતી નાવ બચાવ. ૫

ભૂંડાં આસક્તિ-ફળો : આરંભ, અવિશ્વાસ,
અસંતોષ દુઃખબીજ ગણી, તજો પરિગ્રહ ખાસ. ૬

રજરેણુ સમ પણ નહીં ગુણ પરિગ્રહમાંય,
દોષો મેરુ સમ મહા; ઠરે ન વૃત્તિ ક્યાંય. ૭

પરિગ્રહ-ચિંતન માત્રથી તંદુલ મત્સ્ય, વિચાર,
છેલ્લી નરકે જઈ પડે; ત્યાગ-ભાવ છે સાર. ૮

સુખ માટે ધન સંગ્રહે, ધન માટે પરદેશ,
પરવશ જીવન ગાળતાં નહિ સત્સુખનો લેશ. ૯

કુટુંબ સુખસાધન ગણી સહતો દુઃખ અપાર,
ખર સમ ભાર વહે બધો; નહિ સત્સુખ લગાર. ૧૦

નહિ નવરો ખાવા જરી, નહિ પરભવ વિચાર;
પ્રાપ્ત સુખ-સાધન તણું લહે ન સુખ લગાર. ૧૧

સુખ વસે આત્મા વિષે તેનો નહિ નિર્ધાર,
શોધે સુખ-હીન વસ્તુમાં, જડમાં નહિ જડનાર. ૧૨

★

મિથ્યા માર્ગ તજી ગ્રહે મહત્પુરુષનો પંથ;
છૂટે પરિગ્રહ-કલ્પના પામે સુખ અનંત. ૧૩

વિષયે સુખની કલ્પના આરંભમૂળ જણાય;
બાહ્ય ઉપાયો આદરી પાપે જીવ અવરાય. ૧૪

ભવનું મૂળ આરંભ, જો મમતા તેનું મૂળ;
મમતા અલ્પ કરાય તો મુમુક્ષુને અનુકૂળ. ૧૫

પરિગ્રહ-રાગી પુરુષને વિષય-ઠગો ઠગી જાય,
કામ-વિકારો બાળતા, નારી શિકારી થાય. ૧૬

ધરે ઉરે સંતોષ તો, બને દેવ પણ દાસ,
કામધેનુ પાછળ ફરે, નવે નિધાનો પાસ. ૧૭

અભય મુનિ સંતોષથી જે સુખ પામ્યા ગૂઢ,
ઇન્દ્ર, ચક્રવર્તી સમા, પામે ક્યાંથી મૂઢ? ૧૮

ધાન્ય, ધાતુ, ધન, વાસણો, ઘર, ખેતર, પશુ, યાન,
દાસ, દાસી દશ સૌ મળી બાહ્ય પરિગ્રહ માન. ૧૯

ક્રોધ, માન, માયા અને લોભ, હાસ્ય, રતિ, શોક,
જુગુપ્સા, ભય, અરતિ વળી વેદ ત્રણે વિલોક. ૨૦

મિથ્યાત્વ મળી ચૌદ એ પરિગ્રહ અંતરંગ,
બને પ્રફુલ્લિત જો મળે બાહ્ય પરિગ્રહ-સંગ. ૨૧

ઊંડી જડ વૈરાગ્યની પરિગ્રહે છેદાય;
સમજુ-જન-મન પણ અહા! લક્ષ્મીમાં લટકાય. ૨૨

પિશાચ સમ પરિગ્રહ નડે ભોળવી લૂંટે ભેખ;
તપ-શમ-જ્ઞાનજનિત સુખ મુનિ પણ તજતા, દેખ. ૨૩

જન્મે કામ પરિગ્રહે, કામે ક્રોધ નિહાળ,
ક્રોધે સ્વ-પર-હિંસા થતી—કર્મ અશુભની જાળ. ૨૪

નરકગતિ તેથી થતી ત્યાં દુખ સહે અપાર,
વાણી વર્ણવી ના શકે; પરિગ્રહ-ફળ વિચાર. ૨૫

ઇંદ્રિય-ગણ ગણ રાક્ષસો, કષાય શસ્ત્ર વિચાર;
ગ્રહી વિત્તરૂપ માંસ તે બને નિરંકુશ ધાર. ૨૬

સર્વ સંગ તજવા કહે, સર્વજ્ઞ પ્રભુ, સંત;
કહે અન્યથા તે જનો નિજ-પર-ઘાત કરંત. ૨૭

તજે તેજ રવિ કોઈ દી, ડગે મેરુ કદી તો ય,
ઇંદ્રિય-જય કરશે નહીં સંગ-સક્ત મુનિ કોય. ૨૮

આરંભ પરિગ્રહ માનજે ઉપશમ કેરો કાળ;
બહુ ભવનો વૈરાગ્ય પણ માંડ ટકે ત્યાં, ભાળ. ૨૯

આરંભ પરિગ્રહ જો ઘટે અસત્સંગ બળહીન;
અસત્સંગ-બળ જો ટળે મળે વખત સ્વાધીન. ૩૦

આત્મવિચારે વખત તે ગાળ્યે થાયે જ્ઞાન;
આત્મજ્ઞાને દુખ બધાં ટળે, મળે નિર્વાણ. ૩૧

શ્રી ઠાણાંગે પણ જુઓ દ્વિ-ભંગી-વિસ્તાર :
આરંભ-પરિગ્રહ થકી મતિ-આવરણ ધાર. ૩૨

આરંભ-પરિગ્રહ થકી શ્રુતજ્ઞાન અવરાય;
આરંભ-પરિગ્રહ થકી અવધિજ્ઞાન ન થાય. ૩૩

આરંભ-પરિગ્રહ વડે મનપર્યય અવરાય;
આરંભ-પરિગ્રહ છતાં કેવળજ્ઞાન ન થાય. ૩૪

આરંભ-પરિગ્રહ-બળ અતિ, બતાવી સત્તર વાર;
કહે વળી કે તે જતાં ઊપજતા ગુણ ધાર : ૩૫

આરંભ પરિગ્રહ ટળ્યે અતિ મતિજ્ઞાન સુહાય;
આરંભ પરિગ્રહ ટળ્યે બહુ શ્રુતજ્ઞાન પમાય. ૩૬

આરંભ પરિગ્રહ ટળ્યે અવધિ-દીપ પ્રગટાય;
આરંભ પરિગ્રહ ટળ્યે મનપર્યય પણ થાય. ૩૭

આરંભ પરિગ્રહ ટળ્યે ઊપજે કેવળજ્ઞાન;
વર્ણન સત્તર વાર ફરી કરે ભલા ભગવાન. ૩૮

ભલો થઈ જીવ, માન તું દુઃખહેતુ એ ટાળ;
તે ટાળ્યા વિના કદી શ્રેય ન થાય, નિહાળ. ૩૯

અનાદિ અસત્સંગવશે મૂઢમતિને નથી ભાન;
આરંભ આદિ ભાવ સહ ઇચ્છે છે નિર્વાણ. ૪૦

તે ભાવોને ટાળવા કરતો નથી જીવ યત્ન,
તે ટાળ્યા વિના કદી મળે ન મુક્તિ-રત્ન. ૪૧

★

સૌ આરંભ-પરિગ્રહો નિર્મૂળ કરવા હોય;
સાધન પરમ મળે નહીં બ્રહ્મચર્ય સમ કોય. ૪૨

શિખામણ દે ત્રાજવાં : જો, નીચે આ જાય
પલ્લું ગ્રહવા ઇચ્છતું; ખાલી ઊર્ધ્વ સુહાય. ૪૩

આશા-ખાણ અપૂર્વ છે, ત્રિભુવનથી ન ભરાય;
ખોદી પરિગ્રહ ફેંકતાં સત્પુરુષે પુરાય. ૪૪

ભોગવૃત્તિ ઉરથી તજો, કરો ન પર-પંચાત;
આત્માને ઉદ્ધારવા કમર કસો, હે ભ્રાત! ૪૫

શરીર માત્ર પરિગ્રહે આરંભ-વૃદ્ધિ જાણ;
અશરણ, અનિત્ય દેહ પર રાગ કરે ન સુજાણ. ૪૬

દ્વેષ પરિગ્રહ પર કરો, ધરો મુક્તિ પર રાગ;
તજી દુર્ધ્યાન સુધ્યાનથી ગ્રહો પરમપદ-લાગ. ૪૭

લોભ મમત્વે ઊપજે, લોભ રાગનું મૂળ;
રાગે દ્વેષ થતો તથા દ્વેષે દુખની શૂળ. ૪૮

નિર્મમત્વ વર તત્ત્વ છે, નિર્મમતા સુખ-ખાણ,
નિર્મમતા બીજ મોક્ષનું—જ્ઞાન-સાર આ જાણ. ૪૯

તજ તજ બન્ને પરિગ્રહો, આરંભ ઝટ નિવાર,
પરિહર પરિહર મોહ તું, કર કર આત્મ-વિચાર. ૫૦

ધર ધર, જીવ, ચારિત્ર તું, દેખ દેખ નિજ રૂપ;
કર કર સત્પુરુષાર્થ એ શિવ-સુખ ચાખ અનુપ. ૫૧

નિષ્કારણ કરુણા કરી સંત કરે પોકાર :
'અગ્નિ આરંભ-પરિગ્રહ બળી મરશો, નિર્ધાર.' ૫૨

☆
☆☆

# ૨૮
# શ્રી નેમિનાથ પ્રભુ
## ભાગ-૧

(હરિગીત)

★

લૌકિક દૃષ્ટિ દૂર કરી શ્રી **રાજ**ચંદ્ર ગુરુ સ્મરું,
તે પદ અલૌકિક ઓળખીને નમન નિત્ય કર્યા કરું;
જે બ્રહ્મપદ પામ્યા મહા પ્રભુ તે જ પદ મુજ સંપદા,
પ્રભુ **ને**મિનાથ-કથા કહું, હરનાર સઘળી આપદા. ૧

હું ગાન ગાઉં, પાદ પૂજું નેમિ તીર્થંકર તણા,
નવ ભવ કરી ભવ પાર પામ્યા; જીવ તાર્યા, ના મણા.
છે **ભ**રત ક્ષેત્રે **અ**ચલ નગરી રાય **વિ**ક્રમધન, ગણો;
ત્યાં રાણી **ધા**રિણી રાયને કહે : ''સ્વપ્ન આવેલું સુણો : ૨

દીઠો પુરુષ મુજ આંગણે આંબો મનોહર વાવતો,
કોયલ કરે ટહુકા મધુર, ફળ-ભારથી લલચાવતો;
'બીજે બીજે નવ વાર આ આંબો વવાશે', એ કહે,–
'ઉત્તમ ફળે ફળશે અનુપમ સુખ ત્રિભુવન-જન લહે.' '' ૩

નિમિત્તિયાને નોતરી નૃપતિ પૂછે ફળ સ્વપ્નનું,
'સુત જન્મશે જ સુલક્ષણો, જાણું ન ફળ નવ સ્થાનનું.'
સુણી ફળ નૃપે નિમિત્તિયાને દાન દઈ રાજી કર્યો,
પછી પુત્ર-જન્મ થયે મહોત્સવ સકળ દેશ વિષે થયો. ૪

★

યૌવનવયે વિદ્યાકુશળ કુંવર અતિ સુંદર થયો,
ત્યાં તો **કુ**સુમપુર-ભૂપ દૂતને મોકલે હરખેભર્યો;

વંદી કહે :– "**ઘન**વતી કુમારી યોગ્ય (૧)**ઘન**કુમાર છે,
તો પ્રાર્થના સ્વીકારી, ઉપકારી બનો, સુખકાર એ. ૫

છે સ્નેહ હાલ પરસ્પરે અતિ વૃદ્ધિ સગપણથી થશે,
કુંડળ કનકનું મણિ જડે તો, જેમ, અતિશય શોભશે."
આપી નૃપે અનુમતિ સુણી તે ધનકુમાર વિચારતો,
"દૂત લોક મીઠી વાણી પીરસે, વાત આ ગંભીર જો,– ૬

દુખમૂળ નારી દુષ્ટ છે; કદી કૃપણ, કદરૂપી હશે,
ગુરુ-દેવ-ભક્તિ-હીન ભાર્યા ભારરૂપ અરે! થશે."
એવું વિચારી રાજકુંવર જાય નિજ હર્મ્યે ભલો,
દૂત પત્ર દે ત્યાં આવી ધનવતી કુંવરીનો સાંભળો : ૭

"કરમાયલી આ કમલિની યૌવન-શરદ ઋતુ-રાતમાં,
ઇચ્છી રહી રવિ-કરગ્રહણ-ઉષા સુરમ્ય પ્રભાતમાં."
વાણી-વિલાસે કુંવરીનું ઉર ઝટ પરખી લીધું;
જો ભાવ સુંદર ઉરમાં, નથી રૂપ જોવાનું કીધું. ૮

પછી પત્ર ઉત્તરરૂપ કુંવર કુંવરીને પણ લખે :
"જો, કર વડે કમલિની વિકસાવી રવિ ઉર ઓળખે,
તે તો સ્વભાવિક ધર્મ છે; ત્યાં ના કૃપા કે યાચના;"
દે ધનવતી પ્રતિ મોતીમાળા પત્રસહ ગૂઢ સૂચના. ૯

★

પછી લગ્ન બન્નેનાં થયાં સુખમગ્ન દંપતીદિન જતા,
ધનકુંવરે મુનિ એકદા દીઠા વને ઉપદેશતા;
નમી ભાવથી પૂજે **વ**સુંધર લબ્ધિવંત મુનિ ભલા
ત્યાં તાત સહ-કુટુંબ આવી પ્રશ્ન પૂછતા સાંભળ્યા :–૧૦

"પ્રભુ, એકદા આ રાણીએ આંબો દીઠો નિજ આંગણે,
'નવ વાર એ આંબો વવાશે,' સ્વપ્નમાં કોઈ ભણે;

(૧) થી (૯) આંક શ્રી નેમિનાથ પ્રભુના નવ ભવ દર્શાવે છે.

શું અર્થ તે ના ઊકલે, તેથી ઉરે સંશય રહે.''
મુનિ લબ્ધિથી કેવળી કને નવ ભવ સુણી સર્વે કહે : ૧૧

''તે તીર્થપતિ બાવીશમા શ્રી નેમિ નવમે ભવ થશે,
યદુવંશતિલક તે થશે, નહિ કોઈ નારી પરણશે.''
આનંદ પામી ભૂપ આદિ પ્રણમી મુનિને, પુર ગયા;
નૃપ મરણ પામ્યા એટલે ધનરાય નૃપનાયક થયા. ૧૨

**મુ**નિચંદ્ર મુનિના યોગથી, સમકિત ધનનૃપ પામિયા,
વળી ફરી થતાં ગુરુ-યોગ મુનિ બની ગુરુ-ચરણ ઉપાસિયા;
ધનદેવ ને ધનદત્ત બંધુ ધનવતી સાથે તજે
સંસાર, મરણાંતે બધા (૨)**સૌ**ધર્મ સ્વર્ગે ઊપજે.* ૧૩

+તે દેવભવ પૂરો કરી ધન-જીવ વિદ્યાધર બને,
બની ચક્રવર્તી-પુત્ર ધરતો (૩)**ચિ**ત્રગતિ શુભ નામને;
વળી નામ **ર**ત્નવતી ધરી ધનવતી બને વિદ્યાધરી,
નૃપ પુત્રી-વર વિષે પૂછે નિમિત્તિયાને નોતરી. ૧૪

''જે ખડ્ગ દેવીનું દીધેલું આપનું જે હરી જશે,
જેના ઉપર જિનમંદિરે વળી પુષ્પવૃષ્ટિ પણ થશે,
તે વીર વરશે રત્નવતીને,'' એમ કહી નિમિત્તિયો
લઈ દક્ષિણા, આનંદથી નિજ મંદિરે ચાલ્યો ગયો. ૧૫

અથ **ચ**ક્રપુરમાં રાય **સુ**ગ્રીવ-પુત્ર **પ**દ્મ, **સુ**મિત્ર બે;
નિજ પુત્ર માટે પદ્મ-મા સુમિત્રને વિષ-અન્ન દે;
સુમિત્રને મૂર્છિત દેખી નૃપ વિલાપ કરે અતિ,
વળી ચિત્રગતિ તે અવસરે વિમાનમાં કરતો ગતિ. ૧૬

આક્રંદ સુણીને કુતૂહલે વિમાનથી તે ઊતરે,
ને ચિત્રગતિનો મંત્રી મંત્રિત પાણી છાંટી વિષ હરે;

* તા. ૨-૬-૧૯૩૯, જેઠ સુદ ૧૫ સં. ૧૯૯૫ થી આષાઢ સુદ ૧૨, બુધ, ૧૯૯૫ સુધી દક્ષિણની યાત્રાએ ગયા હતા.
+ તા. ૨૮-૬-૧૯૩૯

સુમિત્ર બેઠો થઈ પૂછે : ''શા કારણે ટોળે મળ્યા ?''
ભૂપતિ કહે, ''તુજ અપરમાએ વિષ દઈ દુખિયા કર્યાં; ૧૭

તુજ પુણ્યથી આવી મળ્યા આ અતિથિઓ ઉપકારી બે,
મૃત તુલ્ય તુજને જીવિત કરી, અમને બન્યા સુખકારી એ.''
સુમિત્ર સન્મતિથી ગણે, ''ઉપકાર આ તે માતનો,
જે પ્રાણદાતા મિત્ર દે, અવસર ગયો એ ઘાતનો.'' ૧૮

સુમિત્ર-આગ્રહ માની, ચિત્રગતિ રહે દિન થોડલા,
માગે રજા ત્યાં કેવળી વળી નિકટ વિચરે, સાંભળ્યા;
સૌ વંદના કરવા ગયા, ત્યાં દેશના શુભ સાંભળે;
નરપતિ પૂછે, ''વિષદાન-કારણ, કટુક ફળ કેવું મળે ?'' ૧૯

કેવળી કહે : ''સુમિત્રને દેનાર વિષ રાણી સુણી,
નહિ દોષ તેનો માનવો; શીખ મંત્રીની તેણે ગણી,
સામંતની પણ પ્રેરણા;'' સુણી રાય નીરખે તેમને,
ભય તેમને પેઠો, પરંતુ કેવળી કહે ભૂપને : ૨૦

''નિર્દોષ તુજ સામંત, મંત્રી; અન્ય નૃપના તે ગણો.''
ત્યાં રાય વિસ્મય પામિયો, ગણી કોઈ નૃપ અરિ આપણો.
મુનિવર કહે : ''સુણ ભૂપતિ, બે જાતનાં છે રાજ્ય તો
આંતર અને જે બાહ્ય, તેમાં બાહ્ય ભણી ના રાજ, જો. ૨૧

બે ભેદ આભ્યંતર વિષે ય : પ્રશસ્ત, અપ્રશસ્ત એ;
રક્ષી પ્રથમ આ પુણ્યરૂપને, પાપરૂપ કર અસ્ત તે.
ચારિત્ર-ધર્મ સુભૂપ છે, તપ આદિ સામંતો રૂડા;
ને મોહ રાજા દુષ્ટ છે, છલ આદિ સામંતો કૂડા. ૨૨

વિષયાભિલાષા મંત્રી માનો કુવિવેક સહિત જે
મિથ્યાભિમાન નડે નકામું, શુભ શક્તિરહિત તે,
આ મોહસૈન્ય નડે બધાને, જીતજો શૂરવીર જો,
સૌ બાહ્ય શત્રુ બાપડા છે; શત્રુ આંતર ચીરજો. ૨૩

તે રાણી વિષ દેનારી ડરીને નાસતાં થાકી ગઈ,
ચોરે અલંકારો લઈ વેચી, વણિક-ઘરમાં રહી;
નાસી છૂટી અટવી વિષે દાવાનળે બળીને મરે,
પીડા પ્રથમ નરકે ખમી, ચંડાલણી બનશે, અરે! ૨૪

તે શોક્ય સાથે લડી મરી, જાશે ય બીજી નરકમાં,
પીડા સહી, પશુયોનિ પામી, ભટકશે વળી નરકમાં;
વળી નર, પશુ ગતિમાં ભવોભવ શસ્ત્ર, વિષ, દાહે મરે,
સમકિતીની ઉપઘાત ભાવે ચિંતવ્યે ભવમાં ફરે. ૨૫

કર્મો કરેલાં સેંકડો કલ્પે ય ભોગવવાં પડે,
જો, સેંકડો ગાયો વિષેથી વત્સને જનની જડે;
તેવી રીતે જે કર્મ કરશો, પરભવે સાથે જશે,
ક્ષય કર્મનો જ્ઞાને કરે તે મોક્ષ લહી સુખી થશે.'' ૨૬

સુમિત્ર તે સુણીને કહે: ''નિમિત્ત હું તેને થયો,
ગૃહવાસ મારે ના ઘટે, મુજ ભોગ-રાગ ગળી ગયો;
દ્યો અનુમતિ હે તાત! તો દીક્ષા ગ્રહું હું ભગવતી,
ક્ષય કર્મનો કરી, કોઈને ના કર્મ બંધાવું કદી.'' ૨૭

આગ્રહ કરી તેના પિતાએ નૃપતિ-પદ આરોપિયું,
દીક્ષા ગ્રહી કેવળી કને મન આત્મહિતે રોકિયું;
પછી ચિત્રગતિ કહે: ''મિત્ર, મુજને ધર્મ-હેતુ તું થયો;
મુજ તાત મારી વાટ જુએ છે'' કહી નિજ પુર ગયો. ૨૮

રૂપવંતી બે'ન સુમિત્ર નૃપની, જે કલિંગપતિ વરી,
પણ રત્નવતી-બંધુ કમલ કુંવર ગયો તેને હરી;
નિજ રાજકાજ બધું તજી સુમિત્ર ચિંતાતુર થયો,
તે જાણતાં ઝટ ચિત્રગતિ સુમિત્રની વા'રે ગયો. ૨૯

તે કુલક્રમાગત ખડ્ગ સાથે ભગિની લઈ સુમિત્રની
ઝટ ચિત્રગતિ પાછો ફર્યો, હરી શક્તિ શત્રુ-નેત્રની.
પિતા કમલકુમારના કહે : "દુષ્ટ, પર-સ્ત્રી-હરણથી,
તેં ખડ્ગ ખોયું, હાર ખાધી; પરભવે પણ સુખ નથી. ૩૦

શી રીતથી તે રત્નવતીના નાથની ઓળખ થશે?
જિનમંદિરે તેના ઉપર હજી દેવ-પુષ્પો વરસશે.
તેવા નિમિત્તે ઓળખીશું વીર-ભક્ત મહામના;
અમ કુળ પણ પાવન થશે, અંકુર ફૂટશે પુણ્યના." ૩૧

★

નિજ બે'નના નિમિત્તથી સુમિત્ર જીવન ચિંતવે:
"વીત્યા અધર્મે જે દિનો, ક્યાંથી મળે પાછા હવે?
જો તાત સાથે ધર્મ સાધત, મોક્ષ દૂર ના હોત તો,
કોની ભગિની? કોણ સર્વે? દેહમાં ના સાર કો." ૩૨

શ્રી સુજસ કેવળી પાસ લઈ દીક્ષા સુમિત્ર મુનિ બને,
નવ પૂર્વ ભણી, આજ્ઞા લઈ એકાકી વિચરતા વને;
ત્યાં પદ્મકુંવર વેર સ્મરીને ભાઈને બાણે હણે,
નિર્વૈર બુદ્ધિ રાખી મુનિ સમતાથી કર્મ ખપે ગણે. ૩૩

આહાર-ત્યાગ તણી પ્રતિજ્ઞા જીવન લગીની લે મુનિ;
શુભ ભાવથી મરી, પાંચમે સ્વર્ગે થયા સુર-સુખ-ધણી.
ને નાગ રાત્રે પદ્મને ડસતાં દુખી થઈ મરી ગયો,
રે! સાતમી નરકે ભયાનક દુઃખભોક્તા તે થયો. ૩૪

સુમિત્ર ઋષિનું મરણ સુણીને ચિત્રગતિ દિલગીર થયો,
સિદ્ધાયતનની સુખદ યાત્રા કાજ નિજ જન સહ ગયો;
વિદ્યાધરો બહુ દેશથી યાત્રા વિષે આવ્યા ગણી,
ત્યાં રત્નવતીનો તાત પૂજા યોજતો વિધિથી ઘણી. ૩૫

સુમિત્ર-જીવ દેવો સહિત યાત્રા ઉપર ત્યાં આવિયો,
ત્યાં ચૈત્યવંદન ચિત્રગતિ કરતો સુણી બહુ ભાવિયો;
કરી કુસુમવૃષ્ટિ ચિત્રગતિ પર દેવલોકે તે ગયો,
ને રત્નવતી આદિ ઘણાંને હર્ષ આશ્ચર્યે થયો. ૩૬

ત્યાં ચિત્રગતિ ને રત્નવતીનો લગ્ન-ઉત્સવ ઊજવ્યો,
પછી ચિત્રગતિને ભૂપ કરી મુનિભૂપ તે પિતા થયો.
ન્યાયનીતિથી ચિત્રગતિએ સંત, જનગણ સુખી કર્યા;
કુમાર બે પરરાજ્યમાં નિજ તાત મરતાં લડી મર્યા– ૩૭

તે સુણતાં સંસ્કારી નૃપતિ ચિત્રગતિ પણ ચિંતવે :
''સામ્રાજ્ય છોડી ચક્રવર્તી એક આત્મા સાચવે;
ના વિષય-વિષ-યુત ભોગમાં લવ આત્મસુખ-અમી સંભવે,
હું નૃપ થયો બહુ વાર તો યે ના ધરાયો આ ભવે.'' ૩૮

તે જીર્ણ તૃણ સમ રાજ્ય તજી નિજ સુતને સોંપી ગયો,
દમધર સૂરી પાસે લઈ દીક્ષા મુનિવર તે થયો;
દીક્ષા લઈને રત્નવતી આદિ તપોધન બહુ થયાં,
પાદોપગમ અનશન કરીને (૪)સ્વર્ગ ચોથે સૌ ગયાં. ૩૯

★

તે ચિત્રગતિ જીવ અવતરે હરિનંદી નૃપકુળમાં મણિ,
ને નામ (૫)**અપરાજિત** ધરે, વિદેહ-સિંહપુરી-ધણી;
ત્યાં તે જ દિવસે મંત્રી-સુત જન્મે, સહોદર સમ બને,
ધરી નામ **વિમલબોધ** શુભ તે ઊછરતો કુંવર કને. ૪૦

મોટા થતાં ઘોડે ચઢી ફરવા જતાં હય ભડકિયા,
ને ઘોર વનમાં મિત્ર બન્નેને લઈ જઈ અટકિયા,
આંબા તળે ઊતરી, વિસામો લે, વિચારે બે જણા
કે ''સિંહ, હાથી, સત્પુરુષ નહિ દેડકા કૂવા તણા. ૪૧

પણ કાગ, કાયર, હરણ, હમ્મેશાં રહે સ્વ-સ્થાનમાં,
જ્યાં જાય ત્યાં શૂરવીર તો ઘર માનતો વેરાનમાં;
જે થાય તે માની ભલું, કૌતુકભર્યું જગ દેખવું,
દુઃખો ભલે આવી પડે, નિજ નગર નથી હમણાં જવું.'' ૪૨

દેશો ફરી કરતા પરાક્રમ કીર્તિ-ગાન જગાવિયાં,
બહુ રાજ-કુંવરીઓ વરી, સુખ પૂર્વ-પુણ્યે દેખિયાં;
જ્યાં **કુંડપુરી** ઉદ્યાનમાં દે દેશના મુનિ કેવલી,
દર્શન કરી આનંદિયા, સ્તુતિ ઉચ્ચરે કુંવર ભલી: ૪૩

''વિદેશ-વાસ ફળ્યો, પ્રભુ, તુમ દર્શનાનંદે ભલો,
ભવ સફળ આપ સમાગમે, મુજ એક અરજી સાંભળો:
હું ભવ્ય છું કે ભવ્ય નથી? મિથ્યામતિ કે સમકિતી?''
તો કેવળી કહે: ''ભવ્ય છો, સમકિતી ને બહુ ભવ નથી. ૪૪

ભવ પાંચમે બાવીસમો અરિહંત ભરતે તું થશે,
તુજ મિત્ર આ ગણધર થશે;'' સુણી બેઉનાં ઉર ઉલ્લસે.
તે નિકટના નગરે ગયા, જ્યાં સ્વયંવર રચના હતી,
ત્યાં રત્નવતીનો જીવ જાણો નૃપસુતા **પ્રીતિમતી**. ૪૫

તેણે પ્રતિજ્ઞા એ કરી છે: ''વર વરું જીતનાર જે;
નહિ તો કુમારી હું રહું, કદી ના ચહું ભરતારને.''
વરવા ઘણા સુકુમાર વિદ્યાવંત આવ્યા હોંસથી,
પણ કુંવરીના પ્રશ્નનો ઉત્તર હજી મળતો નથી. ૪૬

અપરાજિત ઊઠીને હવે દે ઉત્તરો સૌ સહજમાં:
''પ્રશ્નોત્તરો સાથે કહું, લ્યો એક શબ્દે સમજમાં;
કર ઉપર 'રક્ષા' બાંધતાં તો બાળને મન ભાવતી,
યોગી-શરીરે શોભતી 'રક્ષા' વિરાગ બતાવતી.'' ૪૭

ફરી કુંવરી પૂછે વળી : ''ચાલે નહીં, પ્રિય નારીને,
યમુના નદી સમ શું ? કહો ક્યાં ? એક શબ્દ વિચારીને.''
'કચવર,' કહે કુંવર, 'સુણો, તમ શિર પર શોભે અતિ.'
સુણી કુંવરી પ્રીતિમતી વરમાળ ઝટ આરોપતી. ૪૮

પરણ્યા પછી નિજ દેશ જાતાં સ્વજન સૌ રાજી થયાં,
ને રાજ્ય **અ**પરાજિતને દઈ તાત ત્યાગી થઈ ગયા;
પટરાણીપદ દે પ્રીતિમતીને **વિ**મલને મંત્રી કર્યો,
સર્વે પ્રજા સુખી થવાથી યશ અતિ નૃપતિ વર્યો. ૪૯

નૃપ એકદા રસ્તે પૂછે : ''આ કોણ દેવ સમો સુખી ?''
મંત્રી કહે છે : ''દેવ સમ એ વણિક-જનમાં છે મુખી.''
બીજે દિને ત્યાંથી જતાં કકળાટ સુણી પૂછે ફરી,
મંત્રી કહે : ''એ કાલવાળો વણિક આજ ગયો મરી.'' ૫૦

ત્યાં રાય વૈરાગ્યે વદે : ''રે ! આમ સૌને ચાલવું;
માથે મરણ નૃપ-રાંકને નિરાંતથી શું મ્હાલવું ?
ઉપચાર બીજા સૌ જૂઠા, નહિ જન્મ-મરણો તે હરે,
સદ્ધર્મ માત્ર ઉપાસતાં જીવ, શિવપદ સહજે વરે.'' ૫૧

વળી કુંડપુરથી કેવળી મુનિ સિંહપુર આવ્યા સુણી,
યુવરાજને દઈ રાજ્ય નૃપ આદિ ધરે દીક્ષા ગુણી.
પછી [૬]**આર**ણે સુર ઊપજે ચારિત્ર પાળી નિર્મળું,
ને દેવભવ પૂરો કરી તે ભરત શોભાવે ભલું. ૫૨

Revised તા. ૧૮-૯-૪૧

☆
☆☆

# ૨૯
# શ્રી નેમિનાથ પ્રભુ
## ભાગ-૨

(હરિગીત)

★

વળી **હસ્તિનાપુરે શ્રી**ષેણ નૃપાળ-કુળે અવતરે,
ધરી નામ (૭)**શં**ખકુમાર અપરાજિત-જીવ જન-મન હરે,
તે મંત્રી-પુત્ર **મ**તિપ્રભ સહ ભણી ગણી સુખ ભોગવે;
શત્રુ-ઉપદ્રવ ટાળવા શૂર શંખ નૃપને વીનવે. ૧

સુણી **સ**મરકેતુ શત્રુ તે, કરી દુર્ગ ખાલી દૂર ગયો;
તે કપટ સમજી, દુર્ગ કબજે રાખી, શંખ વને રહ્યો.
જ્યાં સમરકેતુ દુર્ગ ઘેરે કે કુમારે ઘેરિયો,
બે સૈન્ય વચ્ચે પૂરીને કરી કેદ પાછો ચાલિયો. ૨

રાત્રે વને સૂતા હતા ત્યાં રુદન કુંવર સાંભળે,
ઝટ ખડ્ગ લઈ તે શબ્દ અનુસારે ગયો, નિર્ભય બળે;
રોતી વનિતા દેખીને કુંવર કહે: "છાનાં રહો."
ઉત્તમ પુરુષ જાણી કહે, "હું ભાગ્યહીન ઘણી, અહો! ૩

**ચં**પાપુરીમાં **જિ**તઅરિ નૃપની સુતા **જ**સમતી ભલી,
યૌવનવયે ગુણ-કીર્તિ શંખકુમારની બહુ સાંભળી,
પતિ માની પૂજે પ્રગટ, તેથી જિતઅરિ સંમત થઈ,
**શ્રી**ષેણ નૃપને લગ્નસંબંધી કહાવે ભેટ દઈ. ૪

**મ**ણિશિખર વિદ્યાધર હરે વિદ્યા વડે જ્યાં જસમતી,
વિલાપ કરતી કુંવરીને વળગી હું બળથી અતિ,
તે દુષ્ટ મુજને નાખી વનમાં, લઈ ગયો મુજ જસમતી,
તેથી રડું હું ધાયમાતા, દુઃખનો આરો નથી.'' ૫

કુંવર કહે : ''માતા, કરીને શોધ લાવું જસમતી,
ત્યાં લગી રહો સ્થિરતા કરી આ સ્થાનકે હે ભગવતી!''
વનમાં નિશા વીતી ગઈ, ગિરિ-શિખર પર જઈ શોધતો,
નજરે ચઢે ત્યાં મણિશિખર જસમતી સતીને વીનવતો. ૬

દૃઢતા ભરેલાં નેત્રથી આંસુ વહે, જસમતી કહે :
''પરભવ વિષે પણ શંખકુંવર વગર ના મન આ ચહે.''
તે દુષ્ટ સાથે ખડ્ગ-યુદ્ધે ખેલતાં ચતુરાઈથી
મણિશિખર ખડ્ગ રહિત કરતો, બે લડે બાહુવતી. ૭

તે મલ્લવિદ્યામાં ન ફાવ્યો, વળી લડે વિદ્યાવડે,
નભથી શિલા વરસાવતો નહિ શંખ-શિર પુણ્યે પડે.
મણિશિખર શરણે આવિયો, યાચી ક્ષમા સાથી થયો;
સિદ્ધાયતન જઈ જિન પૂજી ચંપાપુરીમાં લઈ ગયો. ૮

જસમતી સહિત ઘણી ખેચરી વરી શંખકુંવર ત્યાં રહ્યો;
પિતા શ્રીષેણે પત્રથી બોલાવતાં નિજ પુર ગયો.
તે ભુક્તભોગી રાય શંખકુમારને નિજ ગાદી દે,
ગુણધર મુનિ ગુરુની કને શ્રીષેણ દીક્ષા-ભાર લે. ૯

પ્રગટાવી કેવળજ્ઞાન તે શ્રીષેણ જગજન બોધતા,
જ્યાં હસ્તિનાપુર આવિયાં નરનારી-ચિત્ત પ્રમોદતા.
સુણી દેશના કે શંખનૃપ, જસમતી મતિપ્રભ આદિ લે–
દીક્ષા, પછી ભણી શાસ્ત્ર, તપ સર્વે કરે પૂરા બળે. ૧૦

તે શંખમુનિ વળી તીર્થપતિપદ-કારણો આરાધતા,
શુભ પ્રકૃતિ તીર્થંકર મનોહર શુભભાવે બાંધતા;
આયુષ્ય થોડું જાણીને તે અંત અનશન આદરે,
પાદોપગમના વિધિએ તરુ જેવી તે સ્થિરતા ધરે. ૧૧

અંતે સમાધિ-મરણ કરી ઊપજે [૮]**જ**યંત વિમાનમાં,
તેત્રીસ સાગર સુધી રહે અહમિન્દ્ર-સુખના તાનમાં;
બની દેવ જસમતી આદિ જીવો તે જ વિમાને વસે,
વ્રત-તપ-તરુ-ફળ રૂપ વૈભવ-સુખમાં, સૌ વિલસે. ૧૨

★

હરિવંશમાં યાદવ **સ**મુદ્રવિજય ગણાતો નૃપ ભલો,
**વ**સુદેવ આદિ બાંધવો દશ, પુણ્યપુરુષો, સાંભળો;
રાણી **શિ**વાદેવી મનોહર, મતિ પતિવ્રતમાં અતિ,
તે સ્વપ્ન સોળે દેખી રાત્રે, હરખી પતિ પાસે જતી. ૧૩

તે સ્વપ્ન કહી ફળ સુણવા દેખે પ્રીતિથી પતિ પ્રતિ,
રાજા કહે : "ષટ્ માસથી રત્નો તણી વૃષ્ટિ થતી;
વળી દિક્કુમારી દેવીઓ સેવી રહી બહુ ભાવથી,
તો સ્વપ્ન સૌ તે સૂચવે તુજ પુત્ર થાશે જગપતિ. ૧૪

ત્રૈલોક્યગુરુ તુજ બાળ બનશે, ધન્ય! તીર્થંકર થશે."
સુણી રાણી હર્ષે ઊછળે જાણે પ્રભુ ખોળે વસે,
કાર્તિક સુદિ છઠને દિને શુભ ગર્ભ-કલ્યાણક થતાં,
બહુ દેવ દેવી ઊજવી હર્ષે મહોત્સવ સહુ જતાં. ૧૫

શ્રાવણ સુદિ શુભ પાંચમે પ્રભુ [૯]**ને**મિ નરવર જનમિયા,
ઇંદ્રાદિ સુરગણ ભક્તિભાવે પ્રભુસહિત મેરુ ગયા,
જન્માભિષેક મહોત્સવે બહુ સુર સમકિત પામિયા,
ઇંદ્રાદિને પણ પૂજ્ય તેના ભક્ત ભક્તિથી થયા. ૧૬

સુર-ભવ પૂરો કરી શંખ મુનિનો જીવ નવમા ભવ વિષે,
શુભનામ નેમિસ્વામી ધારી **શૌ**રિપુરીમાં વસે;
**વ**સુદેવ કાકાને હતા બે દીકરા પ્રખ્યાત જે
**બ**ળરામ ને શ્રી **કૃ**ષ્ણ નામે, **દ્વા**રિકાના નાથ તે. ૧૭

શ્રી નેમિજિનને દ્વારિકામાં રાખી સેવા સૌ કરે,
યૌવન વયે પ્રભુ સહજ રૂપ ને બળ અતુલ્ય તને ધરે;
ત્યાં એકદા યાદવ-સભામાં ચાલી ચર્ચા બળ તણી,
શ્રી કૃષ્ણને સર્વોપરી લોકો ઠરાવે, તે સુણી– ૧૮

શ્રી નેમિ પોતે કૃષ્ણને નિજ આંગળી વાળી કહે:
"સીધી કરો તો સર્વ સમ્મત વાત ચાલી તે રહે."
શ્રી કૃષ્ણ બળ કરી ખેંચતા પણ આંગળી વળી ના જરી,
બે હાથથી લટક્યા *હરિ કે આંગળી ઊંચી કરી. ૧૯

વાનર સમા વૃક્ષે, હરિ ત્યાં હીંચકા શું ખાય છે!
તે જોઈ સર્વે નેમિજિનના બળવડે હરખાય છે.
**ગિ**રનાર પર જળ-કેલિ કરવા એક દિન યાદવ ગયા,
નિષ્કામ ક્રીડા નેમિજિનની નીરખી સૌ હર્ષિત થયાં. ૨૦

નિજ ધોતિયું ધોવા પ્રભુ **જાં**બુવતીને સૂચવે,
કે તે કહે ગર્વે ભરી: "મુજ પતિ ફણી-શય્યા સૂવે;
વળી પંચમુખ શંખે ધ્વનિ ઘનગર્જના સમ જે કરે,
જે શાર્ઙ્ગ નામ ધનુષ્ય દૈવી એક હાથે ઉદ્ધરે,– ૨૧

તોપણ કદી નથી તેમણે આજ્ઞા કરી આવી મને;
દિયેર થઈ મુજને કહ્યું તે છાજતું નથી આપને."
ભગવાન કહે: "તારો પતિ અદ્ભુત પુરુષાર્થી લવે,
આણી દયા, ના અન્ય નિજ બલ જ્યાં સુધી કૈં દાખવે." ૨૨

---

* શ્રી કૃષ્ણ

કહીં એમ પ્રાસાદે જઈ લઈ શંખ શસ્ત્રાગારથી,
તે નાગ-શય્યા પર સૂતા ને શંખ ફૂંક્યો નાકથી
કે કૃષ્ણ આદિક ક્ષોભ પામી શસ્ત્ર-શાળામાં ગયા;
તેવું પરાક્રમ નેમિજિનનું જોઈ સૌ હર્ષિત થયા. ૨૩

શંકા કરે શ્રી કૃષ્ણ કે "એ રાજ્ય મારું પડાવી લે?"
બળરામ મન-સાંત્વન કરે : "જિન જન્મત્યાગી માની લે."
"પણ **ઋ**ષભદેવાદિ જિનેશ્વર રાજ્ય-ભોગ કરી ગયા-"
બળરામ દે ઉત્તર : "પ્રભુ દીક્ષિત થશે અણ-પરણિયા." ૨૪

શ્રી કૃષ્ણ યાચે તો ય કન્યા **ઉ**ગ્રસેનની રૂપવતી,
જે જસમતીનો જીવ સુર થઈ પછી થયો **રા**જીમતી.
પૂર્વભવના પ્રેમથી અતિ રાજીમતી રાજી થઈ,
વરને વરાવા જાન પણ તૈયારી તુર્ત કરી ગઈ. ૨૫

ઘેરી પશુગણ માર્ગમાં બેઠા દીઠા રક્ષક-ગણો,
તે દેખી પ્રભુ પૂછે : "અરે! શો વાંક આ પશુઓ તણો?"
ત્યાં વિનય કરી રક્ષક કહે : "યાદવ અભક્ષ્ય જમે નહીં;
પણ જાનમાં ભીલરાજ આવ્યા, માંસભક્ષી તે સહી."૨૬

કેવળ કરુણામૂર્તિ નેમિ-હૃદય થરથર કંપિયું,
છોડાવી મૂકી સર્વ પશુ, મન ભવ-દુખોમાં પ્રેરિયું :
"આશ્ચર્ય કે વિસ્તીર્ણ રાજ્યાદિ ચહે પ્રાણી છતાં,
હિંસા કરી નિર્દોષ પશુની, દુર્ગતિ-પથ પર જતાં. ૨૭

વિષયો વિષે આસક્ત બનીને ભવ વિષે બહુ હું ભમ્યો,
નરભવ મળ્યો તો યે ન તેથી છૂટીને જીવ વિરમ્યો;
ભૂલ કેટલી મારી કહું? ઇન્દ્રાદિ પદ નહિ તૃપ્તિ દે,
તો અલ્પ આયુ, તુચ્છ સુખ આડે ન મોક્ષે ચિત્ત દે. ૨૮

પૂર્વે થયો વિદ્યાધરોનો અધિપતિ, સુર-સુખ મળ્યાં,
નરપતિ મહારાજા થયો, અહમિંદ્રનાં સુખ સૌ ટળ્યાં;
સર્વોપરીપદ તીર્થપતિનું તે ય વિનાશી અહો!
તો સ્વપ્ન સમ ઇંદ્રિય-સુખ, શાશ્વત રહે ક્યાંથી, કહો. ૨૯

ઔષધરૂપે સંસાર-સુખ ભવ-માર્ગમાં જિન સેવતા,
ગંદી દવા શાને ગ્રહું? હું તો નીરોગી છું છતાં.
છે આત્મહિત જેમાં સ્વ-પરનું તે વિવાહ જ આદરું,
તજી આત્મઘાતી આ વિવાહ હવે મહાવ્રત હું ધરું.''૩૦

વૈરાગ્યરંગે ઝીલતા ત્યાં દેવ લૌકાંતિક કળે,
પ્રભુ-સમીપ આવી સ્તુતિ કરી, તપ-કાળ કહી પાછા વળે;
ઇન્દ્રાદિ દેવો આવિયા નેમિ પ્રભુ પાછા વળ્યા,
યાદવ બધા સમજાવી થાક્યા, બોધી સૌને નીકળ્યા. ૩૧

પછી દેવ-સેના સહ પ્રભુ ગિરનાર પર પહોંચી ગયા,
હરિ-હાથ ઝાલી, પાલખી તજી, નગ્ન સાધુ પ્રભુ થયા;
મસ્તક-પરિગ્રહ કેશ સમજીને ઉપાડે વીર તે,
શ્રાવણ સુદિ છઠ શુભ ગણો દીક્ષા-મહોત્સવ દિન તે. ૩૨

તે સ્વામી નેમિ સાધુ થઈ ગિરનાર જઈ તપ આદરે,
સુણી રાજસુતા રાજીમતી અતિ ખેદ પતિ-વિરહે ધરે.
આશ્વાસનો દે ગુરુજનો સતી ઝંખતી હૃદયે પતિ,
પતિ-માર્ગ વૈરાગ્યે વિચારે, સ્ત્રી-દશા નિંદે અતિ :—૩૩

''નારી પરાધીન છે સદા : વર ના મળે તો યે દુખી,
દુઃખી પતિ તો યે દુખી; નારી કહો ક્યાંથી સુખી?
વળી દુઃખ મોટું શોક્યનું, કે ગુહ્ય દુઃખ ગણાય ક્યાં?
મે'ણું મહા વંધ્યાપણું, વળી ગર્ભ-વેઠ વિશેષ જ્યાં. ૩૪

પતિના વિયોગે દુઃખ ને વિધવા-દશા દુઃખે ભરી,
જીંવતાં બળે છે ત્રિવિધ તાપે; સુખી નથી નારી જરી.
સમકિત પામી ના વમે તે સ્ત્રી-દશા પામે નહીં,
મિથ્યાત્વનું ફળ નારી-ભવ, સમકિત શિવ-હેતુ અહીં.''૩૫

**ર**થનેમિ નેમિભ્રાત ઊંડી પ્રીતિ *રાજુલ પર ધરે,
રાજીમતી સમજાવતી પણ પ્રીતિ તેની ના ફરે;
કુંડી કનકની આપવા રથનેમિને કહે સુંદરી,
લઈ ઓકી કાઢે જળ પીંધેલું ને કહે: ''પીવો જરી.''૩૬

''રે! શ્વાન વમને રાચતાં, તેમાં નહીં મારી પ્રીતિ.''
''તો નેમિનાથે જે વમી સ્ત્રી તે ચહો એ કયી નીતિ?
સુવર્ણ-કુંડી સમ ગણો આ દેહ દુર્ગંધી ભર્યો.''
રાજીમતીની યુક્તિથી રથનેમિ ઝટ પાછો ફર્યો. ૩૭

★

બે દિવસના ઉપવાસ ધારી, નેમિમુનિ સમતા ધરે;
પ્રગટાવી ચોથું જ્ઞાન તે **વ**રદત્ત-ઘર પાવન કરે.
છપ્પન દિવસ રહી ધર્મધ્યાને ક્ષપક શ્રેણી આદરે,
આસો સુદિ પડવે સવારે નેમિમુનિ કેવળ વરે. ૩૮

ઇન્દ્રાદિ આવી ભક્તિથી સમવસરણ વળી ત્યાં રચે,
પ્રભુ બોધ-ભોજન પીરસે, સુર નર પશુ સૌને પચે;
જેવી રીતે ઘન-જળ મીઠું વિધવિધ તરુમૂળ-યોગથી
કડવું, ગળ્યું, તૂરું, તીખું, ખાટું બને જીવ-કર્મથી. ૩૯

**વ**રદત્ત ગણધર વિનયથી પૂછે સ્વપર-હિત ચિંતવી,
તેથી ધ્વનિ નેમિપ્રભુની ત્યાં ખરી કો અવનવી:—
''આત્મા અને પરલોક છે; ને કર્મ પણ કરતા જીવો;
સુખદુઃખ તેનાં ફળ મળે, વિચાર સર્વે કરી જુઓ. ૪૦

* રાજીમતી

વળી મોહ, રાગ, વિરોધ કારણ ક્લેશનાં જાણો, જીવો;
તે સર્વ તજીને જ્ઞાન-વૈરાગ્યે લહો સાચો દીવો.
આત્માર્થી જીવો તો કરે પુરુષાર્થ સાચો સમજીને
શિવ હેતુ, આતમધ્યાન ને સ્વાધ્યાય, જાણ્યો સૌ જિને. ૪૧

સુજ્ઞાન, સુદર્શન અને ચારિત્રની જે એકતા,
તેથી જ આતમધ્યાન માની આદર્યે દે મુક્તતા;
પાયો સુદર્શન ધર્મનો, તત્ત્વાર્થ-શ્રદ્ધારૂપ તે,
સ્વાધ્યાય પણ તે તત્ત્વદર્શક વાણી સુણી ઊપજે. ૪૨

છે જ્ઞાન-દર્શન જીવ-લક્ષણ, કર્મ કરીને ભોગવે,
તે કર્મ તજતાં મોક્ષરૂપ નિજ ભાવ ક્ષણ ક્ષણ દાખવે;
છે લોકતુલ્ય પ્રદેશ તોયે દેહરૂપ અવગાહના,
રૂપ, ગંધ, રસ, શબ્દાદિ જડના કોઈ પણ ગુણો વિના. ૪૩

એવા અનંતાનંત જીવો વિશ્વમાં સઘળે દીસે;
સન્માર્ગ આરાધી સમાધિ-સુખમાં બહુ યે વસે.
વળી અજીવ આ નભ, કાળ, ધર્મ, અધર્મ, પુદ્ગલ દ્રવ્ય છે,
પુદ્ગલ જ જીવ-વિભાવથી બની કર્મરૂપ બંધાય છે. ૪૪

વિભાવ ભાવે કર્મ આવે, એ જ આસ્રવ જાણજો;
+મન-વચન-કાય-પ્રવૃત્તિ લાવે [1]પ્રકૃતિ, અણુગણ[2] માનજો,
[3]સ્થિતિ, [4]રસ કષાય-નિમિત્તથી આઠે ય કર્મ વિષે વસે;
એ ચાર વિધિથી કર્મ-બંધન આત્મદેશ વિષે દીસે. ૪૫

છે પ્રકૃતિ મુખ્યે આઠ ભેદે : જ્ઞાન ઢાંકે એક જે,
જે આવરે દર્શન બીજી, સુખ-દુઃખ હેતુ ત્રીજી દે,
વર્તાવતી વિપરીત ચોથી, પાંચમી ભવ રૂપ ધરે;
છઠ્ઠીય દે દેહાદિ, ઉચ્ચનીચ, વિઘ્ન છેલ્લી બે કરે. ૪૬

---

+યોગથી ૧ પ્રકૃતિબંધ ૨ પ્રદેશબંધ અને કષાયથી ૩ સ્થિતિબંધ ૪ અનુભાગબંધ

ક્ષીર-નીર પેઠે કર્મ-અણુ જીવના પ્રદેશે જે રહે,
તેને પ્રદેશિક બંધ જાણો, સ્થિતિ કાળ-મર્યાદા કહે,
અનુભાવ× મૂંઝાવે જીવોને તીવ્રતર કે તીવ્ર જે
ત્યાં મંદતર કે મંદ દુઃખે સુખ ગણે અજ્ઞાની તે. ૪૭

જ્ઞાની ગણે સુખ દુઃખ પુત્રો કર્મ ચંડાલણ તણા,
સત્સૌખ્ય માણે તેમને આનંદમાં શી છે મણા?
તે સુખ સંવરમાં વસે — આત્મા સ્વભાવે જ્યાં રહે,
રોકાય આસ્રવ-બંધ ત્યાં, વળી કર્મ જૂનાં તે દહે. ૪૮

શુદ્ધ સ્વભાવે બે ઘડી લગી જીવ રહે તલ્લીન જો,
ઘનઘાતી ચારે કર્મ જાતાં, થાય કેવળજ્ઞાન તો;
પછી યત્ન વિના સર્વ કર્મો જાય, મોક્ષ વરાય, રે!
સુણતાં ય શિવ-સુખ-હર્ષ ઊપજે ધન્ય ભાગ્ય ગણાય એ. ૪૯

જીવાદિ આ તત્ત્વો તણી શ્રદ્ધા કરો, સમકિત તે,
ને જ્ઞાન સમ્યક્ તત્ત્વ સમજ્યે, આ સનાતન રીત છે;
તે સહિત તજતાં અશુભ વર્તન, રત્નરૂપ અનુભવ ગણ્યો;
ભેદરૂપ આ રત્ન-ત્રયી પણ મોક્ષમાર્ગ ભલો ભણ્યો. ૫૦

રત્નત્રયી કહી અભેદ ત્યાં છે શુદ્ધ ભાવની મુખ્યતા,
આરાધતાં ઉત્કૃષ્ટતાથી તે જ ભવમાં મુક્તતા;
આરાધના મધ્યમ કરી જીવ મોક્ષ ત્રણ ભવમાં ય લે;
પણ ભેદ રત્નત્રય વિષે શુભ ભાવ મુખ્યે સ્વર્ગ દે; ૫૧

તે પણ ગણી આરાધના અતિ મંદ ભાવે જો ટકે,
તો સાત સુરના, આઠ નરના ભવ કરી શિવ જઈ શકે.''
પ્રભુવાણીથી સમકિત પામ્યા સુર, નર, પશુ તે સ્થળે,
વ્રત લે પશુ ને માનવી, મુનિમાર્ગમાં વીર નર ભળે. ૫૨

Revised તા. ૬-૧૦-૪૧

---

× પાઠા૦ અનુભાગ

# ૩૦

# શ્રી નેમિપ્રભુ

## ભાગ-૩

(હરિગીત)

★

શ્રી કૃષ્ણ વાસુદેવ સુણી હર્ષ ધરી મધુરી ધ્વનિ,
પૂછે વિનય કરી પૂર્વભવ નિજ ત્યાં કહે કરુણા-ધણી :—
“છે **હ**સ્તિપુર આ ભરતમાં ને **શ્વે**તવાહન શેઠ જ્યાં,
**બં**ધુમતી શેઠાણી-ખોળે **શં**ખ પુત્ર સુહાય ત્યાં. ૧

**નં**દીયશા રાણી અને નૃપ **ગં**ગ હસ્તિપુરમાં,
કો પૂર્વભવનો વૈરી પીડે સાતમો શિશુ ગર્ભમાં;
નૃપને થઈ અણમાનીતી તેથી તજે શિશુ જન્મતાં,
પણ ધાયમાતા **રે**વતી ઉછેરતી એકાન્તમાં. ૨

મોટો થતાં તે શંખનો સ્નેહી થયો, ઉપવન ગયો;
દેખે છયે નૃપ-પુત્ર જમતા તેથી બહુ રાજી થયો;
શંખે કહ્યું : ‘આ આપનો છે ભાઈ, શું ના ઓળખ્યો ?’
સાથે જમાડે ભાઈઓ, પણ રાણી-ઉરમાં એ દુખ્યો. ૩

તેથી ઉઠાડે લાત મારી, શંખ ખેદ ધરે વળી,
**નિ**ર્નામિકે ભરી નીર નેત્રે મિત્રની ગ્રહી આંગળી;
ઉદ્યાનમાં દેખી મુનિ **દ્રુ**મષેણને બન્ને નમે,
નિજ મિત્રના ભવ પૂછવાનું શંખના મનમાં રમે. ૪

કરુણા કરી મુનિ બોલિયા : 'શાને દુખી થાઓ વૃથા?
દૂર ખેદ કરીને સાંભળો આ પૂર્વ-ભવ-ભાવિ-કથા :—
**ગિ**ર નગરમાં નૃપ **ચિ**ત્રરથ કુસંગથી વ્યસની થયો,
**અ**મૃતરસાયન નામનો સૂદ* માંસ-પાકી મળી ગયો. ૫

રસરીઝથી રાજા રીઝી દશ ગામની બક્ષિસ દે;
સદ્ભાગ્યથી **સુ**ધર્મ મુનિ પાસે સુણી સદ્ધર્મ તે,
ભૂંડું ગણીને માંસભક્ષણ, ખૂબ નિજ નિંદા કરે,
ને **મે**ઘરથ નિજ સુતને નૃપપદ દઈ દીક્ષા વરે. ૬

બારે વ્રતો ગ્રહી મેઘરથ નૃપ મન ધરે સાચા શીલે,
અમૃતરસાયનને મળેલાં ગામ નવ નૃપ લેઈ લે.
તેથી મુનિ પર વેર રાખી કપટથી શ્રાવક થયો,
વિષરૂપ તુંબી-દાનથી મુનિઘાત કરી નરકે ગયો. ૭

ત્રીજી નરકથી નીકળી તિર્યંચગતિ રૂપ વન વિષે
ભમી, મલયદેશે કણબી કુળે **ય**ક્ષકિલ નામે દીસે;
ગાડું ભરી જાતાં લઘુ ભ્રાતા બહુ વારે છતાં,
ગાડા તળે સાપણ હણી; લે વેર નંદીયશા થતાં. ૮

અમૃતરસાયન-જીવ નિર્નામિક રૂપે જાણજો.
સુણી સર્વ લેશો જિનદીક્ષા જગત ગણી દુખખાણ, જો;
સૌ સર્વ શક્તિ વાપરી તપ આકરાં કરી સુર બને,
ત્યાંથી ચવી નંદીયશા-જીવ થાય **દે**વકી શુભ મને. ૯

ને રેવતી-જીવ થાય **ભ**દ્રિલપુરમાં **અ**લકા રમા,
તેના મૃતક પુત્રો જશે ષટ્ **કં**સ-કરમાં કારમા;
ને દેવકીના ગર્ભ ષટ્ સુર સંહરે અલકા-ઉરે
તે પામી દીક્ષા તે ભવે સર્વે જશે શિવપુર ખરે!' ૧૦

---

* સૂદ=રસોયો

આ શંખ-જીૅવ બળરામ બનીૅને રાગ અતિ તુજ પર ધરે,
તે દ્વારિકાના દાહ પછીૅ તુજ વિરહથી દીક્ષા વરે;
ને પારણાને દિન વસ્તીમાં જતાં અવિકારીૅ તે,
રૂૅપ-મૂઢ કામિની કૂપ પર ઘટ-સ્થાન શિશુ-શીૅશ બાંધીૅ લે–૧૧

તે દેખીૅ વનચર્યા ગ્રહી મુનિ વસ્તીૅમાં કદીૅ નહિ જશે,
પરિષહ સહી મુનિભવ તજી બ્રહ્મેન્દ્ર સુરલોકે થશે;
ત્યાં અવધિથી તુજ નરકગતિ-દુખ દેખીૅને નરકે જશે,
સ્વર્ગે લઈ જાવા પ્રયત્નો દુખદ તુજને નીૅવડશે. ૧૨

'આ પૂર્વકૃત-ફળ ભોગવી છૂટીશ' એ વિનતિ સુણી,
સુર યાચશે તવ સાંત્વનાર્થે કામ કો દિલગીૅર બની;
તું કહીૅશ કે: 'ભાવિ વિષે વીૅતરાગ ધર્મ ઉપાસતાં,
નરભવ ધરી બનીૅ તીર્થપતિ, પામીશ શિવ, નિશ્ચય છતાં–૧૩

તે દ્વારિકાના દાહથી લોકાપવાદ થયો ઘણો,
સુણીૅ સંત-ઉર દુભાય તે અટકાવ, કરીૅ યશ આપણો.
સુ-ચક્રપાણિ મૂર્તિ મારી ભરતખંડે સૌ પૂૅજે,
કર તેવીૅ યુક્તિ મધ્ય લોકે કોઈ રીતે, જો રુચે.' ૧૪

તે દેવ જઈ ભરતે બતાવે કૃષ્ણરૂૅપ સુંદર ધરી,
મંદિર રચાવે ભવ્ય સર્વે, ભક્ત-ઇચ્છાઓ પૂૅરી,
જોઈ ચમત્કારો નમસ્કારો કરે જન ભાવથી,
લૌકિક જન-મન પોષતી રૂઢિ પ્રસરશે દેવથી. ૧૫

શ્રી કૃષ્ણ ને બળદેવ તીર્થંકર થઈ શિવપુર જશે,
તે સર્વનું કારણ ગણો શ્રદ્ધા અચળ આત્મા વિષે;
જે મોક્ષ-રુચિ-બીૅજ વાવીૅ પોષે મોક્ષફળ તે પામશે,
સત્પુરુષ શોધી, શ્રદ્ધીૅ ભક્તિ આદરો, હિત સૌ થશે.''૧૬

અહમિંદ્ર લોકથી જેમ જગ-ઉદ્ધાર-હેતુ અવતર્યા,
તેવી રીતે નેમિ પ્રભુ ગિરનાર ઊતરી વિચર્યા;
સોરઠ, ભરૂચ પ્રદેશ બંગાદિ બહુ દેશે ગયા,
રાજા-પ્રજા સંબોધી જગહિત સાધી સોરઠ સંચર્યા. ૧૭

ગિરનાર-શૃંગે સમવસરણ અમરકૃત અતિ શોભતું,
સુર, નર, પશુ ને મુખ્ય યાદવ વીરને આકર્ષતું;
ત્યાં દેવકીનંદન લઘુતમ ગજકુમાર કહે: "અહો!
નર-નારી સુંદર વેશ ધારી જાય સર્વે ક્યાં? કહો."૧૮

સેવક કહે: "શ્રી નેમિજિન યાદવ-શિરોમણિ કુલમણિ
બની તીર્થપતિ ગિરનાર પર દે દેશના ભવ-તારિણી."
વસુદેવ સમ સુંદર સ્વયંવિવાહી હતી રમણી ઘણી,
**સો**મલસુતાથી નવ-વિવાહિત તોય પ્રભુ-મહિમા સુણી,—૧૯

ગિરનાર પર જઈ વંદી પ્રભુને, વાસુદેવ સમીપ તે
બેસી સુણે ધ્વનિ દિવ્ય, ઉર વૈરાગ્ય સાચો ઊપજે;
દીક્ષા ગ્રહી પ્રભુની નિકટ, સાંજે ગયા સમશાનમાં,
એકાગ્ર ચિત્તે ચિંતવે આત્મા અલૌકિક ધ્યાનમાં. ૨૦

બીજે દિને શ્રી કૃષ્ણ આવ્યા, ભક્તિભાવ ઉરે રમે,
જિન નેમિને વંદી અઢાર હજાર મુનિવરને નમે;
શ્રી કૃષ્ણ કહે: "ત્રણ ખંડ જીતતાં થાક લાગ્યો નહિ મને;
પણ આજ અતિ થાકી ગયો, શું મંદતા વસી મુજ મને?"૨૧

શ્રી નેમિ કહે કે "થાક ઊતર્યો; પ્રકૃતિ તીર્થંકર લહી,
ગતિ નરક સાતમી ટળી ગઈ *ત્રીજી નરક સ્થિતિ રહી;
સમ્યક્ત્વની દૃઢતા થઈ, મુક્તિ-સમીપતા વળી વરી,
વૈરાગ્યની વૃદ્ધિ થઈ, કેવી કમાણી એ કરી?"૨૨

---

* પાઠાં૦ પહેલી

પછી કૃષ્ણ પૂછે : "ગજકુમાર મુનિ હજી નથી વંદિયા,
નાના નવીન મુનિ ના દીઠા મેં, પ્રભુ, કહો તે ક્યાં ગયા?"
"નિજ આત્મકાજ કરી ગયા, કૈવલ્યપદ પામી મહા"
એવી પ્રભુની વાણી સુણી આશ્ચર્ય પામે સૌ અહા! ૨૩

શ્રી +હરિ કહે : "કેવી રીતે એ અલ્પકાળે શિવ વરે?"
ત્યાં પ્રભુ કહે : "મુનિ સાંજના પ્રતિમા સ્મશાને જઈ ધરે;
સોમલ શ્વસુર દ્વિજ પુત્રી-દુખનું વેર ધરી શોધ્યા કરે,
રાત્રે સ્મશાને દેખી, *મુનિના શિર પરે અગ્નિ ભરે. ૨૪

શ્રેણી ક્ષપક માંડી મુનિ તો અંતકૃત કેવળી થયા."
સર્વે સુણી વૈરાગ્ય પામ્યા; કોઈ તો મુનિ થઈ ગયા.
હરિ બાર વર્ષે દ્વારિકાના દાહ પછીથી મરી ગયા;
બળદેવ પછી બહુ શોક કરી દીક્ષા ધરી મરી સુર થયા. ૨૫

★

આ જીવન +**વા**સુદેવનું વૈરાગ્ય દે, સદ્ભાવ જો :
જો જન્મ કારાવાસમાં, ગાયો ચરાવી જીવતો,
જીતી સહજ **ચા**ણુરમલને **કં**સવધ તે વીર કરે,
**શિ**શુપાલને પૂરો કરી, ×પ્રતિ-વાસુદેવ-જીવન હરે. ૨૬

ત્રણ ખંડ જીતી દ્વારિકામાં દેવ સમ સુખે વસે,
નજરોનજર નિજવંશ સહ [1]દ્વારાવતી બળતી દીસે;
ત્રાસી છૂટી **પાં**ડવ કને જાતાં મરણ રસ્તે બને—
ના જળ મળે, તરસ્યા મરે, પ્રભુનું શરણ નિર્જન વને. ૨૭

પાંડવ સુણી હરિ-મરણ **કું**તા, **દ્રૌ**પદી સહ આવિયા,
નેમિ-પ્રભુની વાણી સુણી સંસારતાપ શમાવિયા;
નિજ પૂર્વ-ભવ સુણવા, પ્રભુને વિનયથી વીનવે અતિ,
સંસાર-સાગર શોષતી વાણી વદે કરુણાનિધિ : ૨૮

---

+ કૃષ્ણ * મુનિના માથા પર ચીકણી માટીની વાડ કરી ચિતાનો અગ્નિ ભર્યો. × જરાસંઘ ૧. દ્વારિકા

''**ચં**પાપુરે આ ભરતમાં દ્વિજ **સો**મદેવ વસે ભલો,
ત્રણ પુત્ર તેના પરણિયા ×માતુલપુત્રી, સાંભળો;
વરી **સો**મદત્તે તો **ધ**નશ્રી, **સો**મિલે **મિ**ત્રશ્રીને;
**ના**ગશ્રી **સો**મભૂતિ વરે કન્યા કુબુદ્ધિધારી જે. ૨૯

જ્યાં એક દિન વૈરાગ્યવશ દ્વિજ સોમદેવ મુનિ બન્યા,
નાગશ્રીના વિના સ્વજન સૌ વ્રત ગ્રહે શ્રાવક તણાં;
નાગશ્રીને બહુ **સો**મિલા સાસુ કુમત તજવા કહે,
પણ દુષ્ટ-બુદ્ધિ સર્વની નિંદા કરાવાને ચહે. ૩૦

ધ્યાની મહામુનિ **ધ**ર્મરુચિ નામે પધાર્યા પોળમાં,
પડગાહી મુનિને ****ના**ગિલા દે ભેળવી વિષ ગોળમાં;
વ્યાપી ગયું તત્કાળ વિષ, આરાધના મુનિ તો કરે,
સર્વાર્થસિદ્ધિ-સુખ વરે; ભાઈ ત્રણે મુનિપદ ધરે. ૩૧

સાસુ સહિત બે પુત્ર-વધૂ બની આર્યિકા વ્રત પાળતાં,
સર્વે યથાશક્તિ કરી તપ દેવગતિ ઉપાર્જતાં;
નાગશ્રીનું મૂંડાવી શિર, ખર ઉપર રે! બેસાડીને
પુર-શેરીઓમાં ફેરવી; દુઃખ લોક દે રંજાડીને. ૩૨

મરી તીવ્ર પાપે કોઢ રોગે, પંચમી નરકે ગઈ,
ત્યાં શસ્ત્રછેદન, અગ્નિ શૂલારોહથી દુઃખી થઈ;
ને સપ્તદશ સાગર રહી મરી દૃષ્ટિવિષ સાપણ થઈ,
બહુ પાપ કરી ગઈ બીજી નરકે, ત્યાંય ત્રણ સાગર રહી. ૩૩

સ્થાવર થઈ સાગર ભમી બે, પછી બની ચંડાલણી,
વનમાં મુનિ મળતાં તજે મધુ-માંસ શિખામણ સુણી;
તેથી મરી **ચં**પાપુરીમાં પુત્રી થઈ **ધ**નવંતની,
ને નામ **સુ**કુમારી ધર્યું, પણ પાર નહિ દુર્ગંધની. ૩૪

× મામાની પુત્રી * નાગશ્રી

પિતા સ્વીકારે જ્યાં સગાઈ, દુષ્ટ દુર્ગંધા ગણી
જિનદેવ તો મુનિ પાસ જઈ વ્રત ધારીને બનતો મુનિ;
દીધું વચન ધનવંતને લોપાય નહિ એવું લહે,
જિનદત્ત લઘુ સુત કાજ આગ્રહવશ સુકુમારી ગ્રહે. ૩૫

સાપણ સમી ગણી સમીપ પણ જિનદત્ત કદી જાતો નથી,
દુર્ગંધ પૂર્વિક પાપની જાણી નસીબ નિજ નિંદતી.
ત્યાં એકદા આહાર અર્થે આર્યિકાગણ આવતાં,
આહાર દઈ સુકુમારી પૂછતી, ‘કેમ દીક્ષા ધારતાં?’ ૩૬

આર્યા કહે : ‘કલ્યાણી, સુણ પૂર્વે હતી ઇંદ્રાણી હું;
સૌધર્મ ઇન્દ્ર સહિત જઈ નંદીશ્વરે ભક્તિ કરું;
વૈરાગ્ય વધતાં સત્ય મનથી મેં પ્રતિજ્ઞા એ કરી,
કે મનુજ ભવ પામ્યા પછી દીક્ષા ગ્રહીશ હું આકરી. ૩૭

સાકેત નગરે નૃપઘરે જન્મી અને મોટી થઈ,
જાતાં સ્વયંવર-મંડપે જાતિસ્મરણ પામી ગઈ;
મારી પ્રતિજ્ઞા સાંભરી, વૈરાગ્યથી આર્યા થઈ,
સંસાર-સુખને છોડતાં, શાંતિ પરમ પામી ગઈ.’ ૩૮

સુકુમારી આજ્ઞા લઈ સગાંની એકદમ આર્યા થઈ,
તપમાં બહુ મન જોડી વનમાં એક દિન પોતે ગઈ;
વેશ્યા રૂપાળી ત્યાં હતી, નર પાંચ તેને વીનવે,
તે દેખી સુકુમારી કરે દુર્ધ્યાન, તેથી આ ભવે– ૩૯

અતિ રૂપ પામી પુણ્યથી, પાળે પતિવ્રત આકરું,
પ્રસરી છતાં જન-વાયકા કે પાંચ પતિએ મન હર્યું;
વ્રતવંત સુકુમારી મરી થઈ દેવી સોમભૂતિ તણી,
સુર-આયુ પૂર્ણ થયે થઈ પુત્રી ભરતમાં દ્રુપદની. ૪૦

જ્યાં ઉચ્ચ સ્તંભે ફરતી પૂતળી નાક પર મોતી હતું,
તે **અર્જુને** ગાંડીવચાપે શરવડે વીંધી લીધું;
તેથી સ્વયંવર-મંડપે ગઈ **દ્રૌ**પદી **અર્જુન** કને,
મોતી તણી માળા ગળામાં અર્પવા અર્જુનને. ૪૧

માળા અકસ્માતે તૂટી ત્યાં મોતી પાંચે પર પડ્યાં,
લોકો અદેખા સૌ કહે, 'વરી પાંચને'—ગપ્પાં ઘડ્યાં.
તે પૂર્વના દુર્ધ્યાનનું અપકીર્તિરૂપ ફળ તો ખરું;
ભીમે મુનિસેવા કરેલી તો મળ્યું બળ આકરું. ૪૨

તે સોમદત્ત **યુ**ધિષ્ઠિર થયા, સોમિલ તે છે **ભી**મ આ,
**અર્જુન** જાણો સોમભૂતિ ને ધનશ્રી **ન**કુલ આ;
ને મિત્રશ્રીનો જીવ પણ **સ**હદેવરૂપે આ ભવે,
પૂર્વે કરેલાં પુણ્યથી પાંડવ થઈ સુખ અનુભવે. ૪૩

બ્રાહ્મણભવે સંચય કરેલાં પુણ્યથી સર્વે મળ્યું,
કૌરવ હરાવ્યા હરિ-કૃપાથી પુણ્ય-તરુ તે તો ફળ્યું;
વારિ વલોવ્યે નહિ મળે નવનીત એ વિચારજો,
આ આત્મહિતનો દાવ આવ્યો, સાર આ ન વિસારશો.''૪૪

પ્રભુ સમીપ દીક્ષા ત્યાં ગ્રહે પાંચે ય પાંડવ ભાઈઓ,
રાજુલ કને દીક્ષા ગ્રહે દ્રૌપદી વગેરે બાઈઓ;
વિહાર કરી પાંડવ મુનિવર સિદ્ધગિરિ પર આવિયા,
ત્યાં પ્રબળ પરિષહ જીતનારા ધ્યાનમાં લય લાવિયા. ૪૫

ભાણેજ **દુર્યો**ધન તણો ગિરિ પર જતાં ઓળખી ગયો,
મામા હણી ધ્યાને ઊભા ગણી, તે અતિ નિર્દય થયો;
તેણે તપાવ્યાં લાલ લોઢાં વિવિધ ભૂષણના રૂપે,
પાંચે ય પાંડવને શરીરે જડી કહે: ''કેવાં દીપે?''૪૬

મુનિ *__ધર્મ__, **અર્જુન** ને **ભીમે** શ્રેણી ક્ષપકરૂપ આગથી
બાળી દીધાં કર્મો બધાં; પણ ભાઈ બે શુભ રાગથી

---

* યુધિષ્ઠિર

શ્રેણિ ઉપશમ માંડી મરી ઉત્તમ વિમાને સુર થયા;
નેમિ પ્રભુ, શૈલેશી પદમાં સ્થિર થઈ શોભી રહ્યા. ૪૭

અંતિમ માસે યોગ તજી આષાઢ શુક્લા સાતમે,
શુભ રાતની શરૂઆતમાં પ્રભુ શિવપુર જઈ વિરમે.
મુનિ પંચશત તેત્રીસ પ્રભુ સાથે કરે આરાધના,
તે સર્વ મુનિવર મુક્તિ પામ્યા; ધન્ય તે બુદ્ધિધના! ૪૮

અંતિમ કલ્યાણક કરે ઇન્દ્રાદિ દેવો ભાવથી;
ગિરનાર ગિરિ મેરુ થકી શોભે વિશેષ પ્રભાવથી.
જો જન્મ-કલ્યાણક વડે મેરુ ગિરિ મહા તીર્થ છે,
તો જ્ઞાન, તપ, નિર્વાણ ત્રણ કલ્યાણકે ગિરનાર, રે! ૪૯

નેમિ પ્રભુના સંઘનું સંક્ષિપ્ત વર્ણન સાંભળો,
વરદત્ત આદિ ગણધરો અગિયાર, શ્રુતકેવળી કળો;
ને ચૌદપૂર્વી ચારસો, શત પંચદશ અવધિ-ધરા,
વળી પંચદશ શત કેવળી, નવસો મનઃપર્યય-ધરા. ૫૦

અગિયારસો વૈક્રિય-લબ્ધિવંત, વાદી તેટલા;
સર્વે અઢાર હજાર મુનિ પુરુષાર્થ કરતા કેટલા?
રાજીમતી આદિ હતી ચાળીસ હજાર સુ-આર્યિકા,
ને પાંચ લાખ અધિક પાંચ હજાર શ્રાવક-શ્રાવિકા. ૫૧

અતિ રાજ્યલક્ષ્મી રાજીમતી સમ યુવતી સાથે તજી,
મુનિવર બનીને જ્ઞાનલક્ષ્મી પૂર્ણ પામે નેમિજી;
નિજ ધર્મ-ચક્રની નેમિ સમ નેમિ પ્રભુને ઉર ધરો;
એ નાવમાં બેસી સુદુસ્તર ભવ બધા સહજે તરો. ૫૨

Revised જ્ઞાનપંચમી, કાર્તિક સુદ ૫, સં. ૧૯૯૮

☆
☆☆

# ૩૧

## દાન

(મનમંદિર આવો રે કહું એક વાતલડી—એ રાગ)

★

જ્ઞાની મહાદાની રે સદાવ્રત જેનું સદા,
એવું સંતથી સુણી રે ગ્રહું **રાજ**-પાય મુદા.
જ્ઞાની મહાદાની રે સદાવ્રત એનું સદા. ૧

વચનામૃત પાતા રે, પીંતાં સહુ પોષ લહે,
ભવ-દવમાં બળતાં રે બચી પ્રભુ પાસ રહે. જ્ઞાની૦ ૨

પ્રેમ-પાયસ પીરસે રે વળી ઉત્સાહ-પૂરી,
સત્-શીલની સુખડી રે જમાડતા પેટ ભરી. જ્ઞાની૦ ૩

સુવિચારની વાની રે અતિ ઉપયોગી ગણી,
સાથ ભાથું બંધાવે રે, વાળે શિવ-માર્ગ ભણી. જ્ઞાની૦ ૪

દુર્લભ નરભવ આ રે જીવન તો સ્વપ્ન સમું,
લોભ-સાગરે ડૂબ્યા રે તેને દાન નાવ સમું. જ્ઞાની૦ ૫

ભક્તિસહ પાત્રને રે અપાય જો દાન, અહા!
વડના બીજ જેવું રે વધે વિસ્તાર મહા. જ્ઞાની૦ ૬

અતિ શ્રમ વેઠી રે જીવ કૈં કમાણી કરે,
સ્વજન-જીવનથી રે અધિક ત્યાં પ્રીતિ ધરે. જ્ઞાની૦ ૭

સુપાત્રે ન ખરચે રે જરાય જો એ સંપદા,
ગુણવાન ગણે તે રે અર્થરૂપી આપદા. જ્ઞાની૦ ૮

વરા કરી વાપરે રે વિત્તની હોળી સમા,
મોજ-શોખમાં વેરે રે ગઈ તે ગઈ જ રમા. જ્ઞાની૦ ૯

પણ ભક્તિથી પાત્રે રે વવાશે જો વિત્ત જરા,
એક દાણાનાં ડૂંડાં રે ઘણાં ધરે જેમ ધરા— જ્ઞાની૦ ૧૦

તેમ પામો પુણ્યો રે અચિંત્ય માહાત્મ્ય વડે,
સુખ સંપદા સંપજે રે નહીં દુઃખ વિઘ્ન નડે. જ્ઞાની૦ ૧૧

મુમુક્ષુ જનોને રે જે જન દાન કરે;
દે મુક્તિનું સાધન રે શિવ-પથ-પ્રીતિ ધરે. જ્ઞાની૦ ૧૨

જેમ મંદિર ચણતો રે કારીગર ઊંચો ચઢે,
તેમ દાન દેનારો રે ઉન્નતિ નિજ ઘડે. જ્ઞાની૦ ૧૩

શુદ્ધ તન મન વચને રે આહારનું દાન કરે,
સુપાત્રના યોગે રે ભવોદધિ ભવ્ય તરે. જ્ઞાની૦ ૧૪

ઇન્દ્રાદિક દેવો રે અતિ અભિલાષ ધરે,
મળે માનવભવ યદિ રે દાનાદિક ધર્મ કરે. જ્ઞાની૦ ૧૫

શિવ-હેતુ સુચારિત્ર રે ધરે મુનિ અંગ-બળે,
બળ અન્નથી આવે રે તે તો ગૃહી-ઘેર મળે. જ્ઞાની૦ ૧૬

આહારાદિ દાને રે ગૃહસ્થ જ ધર્મ ધરે,
ગુરુભક્તિ જ તેથી રે સુધર્મની ધુરા, ખરે! જ્ઞાની૦ ૧૭

બહુ પાપના પુંજે રે અશક્ત ગૃહસ્થ અતિ,
વ્રત-સાધન લૂલાં રે વળી ન વિશાળ મતિ. જ્ઞાની૦ ૧૮

પણ એક સુપાત્રે રે દાન દે ભાવ કરી,
મન શુદ્ધિ કરી જો રે મળી તેને નાવ ખરી. જ્ઞાની૦ ૧૯

મૂળમાં પટ નાનો રે નદીનો વિશાળ થતો,
જતાં સાગર પાસે રે વિસ્તીર્ણ ને વેગવતો,— જ્ઞાની૦ ૨૦

તેમ દાન-નદી જો રે અતિથિ-કરે છે જરી,
યશ સાથ વધે તે રે શિવોદધિ સુધી ખરી. જ્ઞાની૦ ૨૧

પુરુષાર્થ અલૌકિક રે કરી આત્મ-બોધ વરે,
તે મહાત્મા મુનિને રે ચતુર્વિધ દાન કરે– જ્ઞાની૦ ૨૨

ઘેર બેઠાં લહે તે રે સહજે બીજ જ્ઞાનતણું,
એ જ આવી અનુપમ રે ગૃહે જ્ઞાન-ગંગા ગણું. જ્ઞાની૦ ૨૩

મોક્ષમાર્ગ-મુનિનું રે સ્મરે કોઈ નામ ઘડી,
નિષ્પાપ બને જો રે તો દાનની વાત બડી. જ્ઞાની૦ ૨૪

ભવ-સાગર તારે રે ન સંશય ચિત્ત ધરો,
ભાવ-ભક્તિ અલૌકિક રે પમાય સુ-દાન કરો. જ્ઞાની૦ ૨૫

મુનિ-ચરણે ન પાવન રે જો મન, ઘર ગૃહીતણું,
સ્મરણે કે દાને રે, તો પાપ-ભીનું ગણું. જ્ઞાની૦ ૨૬

ધરે ભાવ વિકારી રે કહાય ન દેવ ખરા,
જીવ-દયા ન મુખ્યે રે ગણો નહિ ધર્મ જરા. જ્ઞાની૦ ૨૭

આત્મજ્ઞાન વિના જો રે ગણો નહિ સાધુ, ગુરુ,
જે સુપાત્રે ન દીધું રે ગણો ધન તેહ બૂરું. જ્ઞાની૦ ૨૮

સુપાત્રને દાને રે વ્રતે વળી ધર્મ થતો,
મહા મંત્ર સમો તે રે ત્રણે જગને જીતતો. જ્ઞાની૦ ૨૯

એવા ધર્મ-ધનીને રે, કહો, કમી શાની રહે?
સુખ-સાહ્યબી, ગુણો રે અનુપમ તેહ લહે. જ્ઞાની૦ ૩૦

એક દાન સુપાત્રે રે કરે, ભરે ભાથું ભલું;
બીજો વૈભવ ભોગવે રે અરે! પૂર્વ પુણ્ય ઢળ્યું. જ્ઞાની૦ ૩૧

પહેલો પુણ્યકમાણી રે લઈ પરલોક જશે,
બીજો ખાલી હાથે રે જશે, દુર્ભાગી થશે. જ્ઞાની૦ ૩૨

નર-જન્મ મળ્યો તો રે સુતપ ગણ ભવ-સેતુ,
દાનપૂજા વિનાનું રે સ્વધન બંધન-હેતુ. જ્ઞાની૰ ૩૩

સતત દુઃખ દેતી રે દુર્ગતિ-દૂત વળી,
દાન-હીન વિભૂતિ રે મળી જાય તોય, બળી! જ્ઞાની૰ ૩૪

એથી ભલી ભિક્ષા રે નહીં પાપ-તાપ તહીં,
ચિત્તવૃત્તિ ન ચોટે રે ભલા-બૂરા ભાવ મહીં. જ્ઞાની૰ ૩૫

પ્રભુ-ચરણે ન પ્રીતિ રે, નહીં ભક્તિ દાન વિષે,
ગૃહ-ધર્મ રહ્યો ક્યાં રે? રહો ગૃહી શા મિષે? જ્ઞાની૰ ૩૬

બહુ કાળે મળ્યો આ રે નરભવ ભવ ભમતાં,
કરો કાર્ય અલૌકિક રે સદા મુનિ-પદ રમતાં. જ્ઞાની૰ ૩૭

તેમ જો ન બને તો રે યથાશક્તિ વ્રતો ગ્રહો,
મુનિભાવ ટકાવી રે સદા દાન દેતા રહો. જ્ઞાની૰ ૩૮

યશ-ભોગના યત્નો રે કદી પુણ્ય-યોગે ફળે,
સુપાત્ર-પ્રમોદે રે વિના દાન પુણ્ય મળે. જ્ઞાની૰ ૩૯

ભલે વેરી પધારે રે સુજન-ઘેર કાર્યવશે,
આસન-સુવચને રે દઈ માન પ્રસન્ન થશે. જ્ઞાની૰ ૪૦

સમ્યક્ ગુણરત્ને રે પવિત્ર મુનિ નીરખી,
કોણ સજ્જન એવો રે નિમંત્રે ન જે હરખી? જ્ઞાની૰ ૪૧

સુજન એમ માને રે અકાળે સુપુત્ર મરે,
નહિ તે દિન ભૂંડો રે થવાનું થયા જ કરે— જ્ઞાની૰ ૪૨

પણ દાન ન દીધું રે તે દિન દિલે દુખે,
પોતાથી બને તે રે ચૂકે નહિ સંત સુખે. જ્ઞાની૰ ૪૩

ધર્મભાવ ધનિકના રે દાને સાકાર થતા,
શશી-કરે ઝરે જળ રે દીપે ચંદ્રકાન્ત-પ્રભા. જ્ઞાની૰ ૪૪

કોને ક્યારે ઇચ્છિત રે મળ્યા ધનના ઢગલા?
ક્યાંથી દાન દેવાના રે ભાવો ઊભરાય ભલા? જ્ઞાની૦ ૪૫

તેથી એક કોળિયો રે નહીં તો અર્ધો ભલો,
વળી તેથી ય અર્ધું રે સુપાત્રે દેવાનું મળો. જ્ઞાની૦ ૪૬

મિથ્યાત્વી પશુ પણ રે સુદાનના ભાવ કરે,
તો ય કલ્પતરુ-સુખ રે લહી સદ્ભાવ ધરે— જ્ઞાની૦ ૪૭

તો સુદૃષ્ટિ અકામી રે સુપાત્રની ભક્તિ કરી
દાન ઉત્તમ દે જો રે, રહે કાંઈ બાકી જરી? જ્ઞાની૦ ૪૮

ખાણ ખોદતાં હીરો રે મળે પણ જે ન જુએ,
ખોદ ખોદ કરે જે રે મજૂર તે, લાગ ખુએ. જ્ઞાની૦ ૪૯

તેમ સાધુ પધાર્યા રે, અનુકૂળતા ઘરમાં,
દાન-ભાવ ન જાગે રે ગણાય તે વાનરમાં. જ્ઞાની૦ ૫૦

જેમ દરિયો ડોળંતાં રે ગુમાવેલ રત્ન જડે,
તેમ નરભવ, ધન, ધર્મ રે લહી હજીયે રખડે. જ્ઞાની૦ ૫૧

દાન-બુદ્ધિ ન જાગી રે તે નર રત્ન ભરે
કાણી નાવમાં મૂરખ રે, દરિયો કહો કેમ તરે? જ્ઞાની૦ ૫૨

યશ જે આ ભવે દે રે, સુખી પરલોકે કરે,
એવું દાન સુપાત્રે રે કરે ન ધનિક અરે!— જ્ઞાની૦ ૫૩

ખરે! તે ધન-રક્ષક રે ખર સમ ભાર ધરે,
પુત્રાદિનો નોકર રે મરી જશે ખાલી કરે. જ્ઞાની૦ ૫૪

જિનમંદિર અર્થે રે ગુરુ-દેવ-પૂજા વિષે,
જ્ઞાન-દાને, દુખીને રે આહારાદિ દે હર્ષે— જ્ઞાની૦ ૫૫

ધન જે આત્માર્થે રે ઉદાર દિલે ખરચે,
ધન તેટલું તેનું રે બાકીનું બીજાને પચે. જ્ઞાની૦ ૫૬

પુણ્ય પૂરું થતાં તો રે જવાની જરૂર રમા,
શાને દાને ન ખરચે રે નિરંતર તજી તમા? જ્ઞાની૦ ૫૭

કૂપ-પાણીથી ખેતી રે કર્યે નહિ ખાલી થશે,
પાણી કાઢ્યા કરે તો રે નવું ઊભરાતું જશે. જ્ઞાની૦ ૫૮

જેમ શંખ નકામો રે નિઃશબ્દ, શ્વેત છતાં,
તેમ યશ નહિ પામે રે ધનિક કંજૂસ થતાં. જ્ઞાની૦ ૫૯

જીવતાં શબ જેવો રે ધનિક તે રંક અરે!
કૈં કલંક વિનાનો રે છતાં નહિ કોઈ સ્મરે. જ્ઞાની૦ ૬૦

સ્વ-પ્રારબ્ધ પ્રમાણે રે ભંગી, ભૂપ પેટ ભરે,
નર ભવ, ધન, સમજણ રે સફળ સત્-દાન કર્યે. જ્ઞાની૦ ૬૧

ધન સાથે ન આવે રે, સ્વજન સ્મશાન સુધી,
પુણ્ય પરભવ-ભાથું રે કરી લે કૈં કરથી. જ્ઞાની૦ ૬૨

ઉત્તમ કુળ, ઘર, ધન રે વિવેક, પ્રભાવ વળી,
વિદ્યા, આરોગ્યાદિ રે સુખ-સામગ્રી મળી. જ્ઞાની૦ ૬૩

તેનું કારણ જાણો રે પૂર્વે સુદાન દીધું,
તે તરુને પોષો રે રહસ્ય આ ગુપ્ત કીધું. જ્ઞાની૦ ૬૪

જેમ આંબો સાચવી રે મધુર ફળ ખાયા કરો,
તેમ દાનાદિ ધર્મે રે ધરી મન સુખ વરો. જ્ઞાની૦ ૬૫

મતિ મૂર્ખની એવી રે બહુ ભંડાર ભરું,
ઘર સુંદર બાંધું રે, પુત્ર-વિવાહ કરું. જ્ઞાની૦ ૬૬

પછી જો ધન વધશે રે કંઈ ધર્મ-દાન થશે,
કરે જૂઠા મનોરથ રે, અરે! યમ ઝડપી જશે. જ્ઞાની૦ ૬૭

દાન-શૂરા જનોને રે કરે ચઢી થાકી ગઈ,
લક્ષ્મી અતિ અથડાતાં રે જરા નવરી ન થઈ. જ્ઞાની૦ ૬૮

કંજૂસ-મંજૂષે રે કે વન-ભૂમિ ય વિષે,
નિરંતર ઊંઘે રે ખરે! સિદ્ધ જેવી દીસે. જ્ઞાની૦ ૬૯

આત્મજ્ઞાની મુનિને રે ઉત્તમ પાત્ર ગણો,
આત્મજ્ઞાની અણુવ્રતી રે મધ્યમ પાત્ર ભણ્યો. જ્ઞાની૦ ૭૦

સુદૃષ્ટિ અવિરતિ રે સુપાત્ર કનિષ્ઠ કહે,
વ્રતવંત કુદૃષ્ટિ રે કુપાત્ર, સુશાસ્ત્ર લહે. જ્ઞાની૦ ૭૧

વ્રતહીન કુદૃષ્ટિ રે અપાત્ર સદાય ગણો,
તે તે પાત્રના દાને રે મળે ફળ જેવા ગુણો. જ્ઞાની૦ ૭૨

ઉત્તમ મુનિ-દાને રે મળે ફળ ઉત્તમ જે,
કુપાત્રને દાને રે બૂરું ફળ રે! નીપજે. જ્ઞાની૦ ૭૩

દાન દેતાં અપાત્રને રે સવિધિ છતાં ન ફળે,
ઘી જો રાખમાં રેડ્યું રે કહો ક્યાંથી પુષ્ટિ મળે? જ્ઞાની૦ ૭૪

પાત્ર આધારે પાણી રે અનેક આકાર કરે,
તેમ પાત્ર પ્રમાણે રે જીવ ઉલ્લાસ ધરે. જ્ઞાની૦ ૭૫

ઉલ્લાસ અનુસારે રે દાનની વેલ ફળે,
ખરો અવસર આવ્યો રે! ખરો વીર કેમ ખળે? જ્ઞાની૦ ૭૬

દાન ચાર પ્રકારે રે, [૧]અભય, [૨]ભોજન, [૩]ઔષધી,
દાન [૪]શાસ્ત્રનું ચોથું રે, ચૂકે ન શ્રીમંત સુ-ધી. જ્ઞાની૦ ૭૭

ભૂમિ-ગાય-સુવર્ણનું રે કહે દાન કન્યાતણું,
નહિ ત્યાગીને કામનું રે, થાય અહિત ઘણું. જ્ઞાની૦ ૭૮

જિનમંદિર કાજે રે ભૂમિ આદિ દાન કરો,
જીર્ણોદ્ધાર સાધી રે ગ્રંથભંડાર ભરો. જ્ઞાની૦ ૭૯

સદ્ધર્મની વૃદ્ધિ રે પ્રગટ તે દાન કરે,
ઘણા કાળ સુધી દે રે સુદાતાને લાભ ખરે! જ્ઞાની૦ ૮૦

☆
☆☆

# ૩૨
# નિયમિતપણું

રાગ : ખમાજ-તાલ ધુમાલી, 'વૈષ્ણવ જન' જેવો
(શ્રી શ્રેયાંસજિન અંતરજામી આતમરામી નામી રે—એ રાગ)

★

આત્મહિતાર્થે નિયમિત વૃત્તિ શીખવી સદ્‌ગુરુ રાયે રે,
નિયમસાર સ્વરૂપ સદ્‌ગુરુના ચરણ ધરું ઉરમાં યે રે. આત્મ૦

સહજ સ્વભાવે શુદ્ધ સ્વરૂપે સ્થિતિ, નિયમ કહાયે રે,
સમ્યક્ દર્શન-જ્ઞાન-ચરણમાં સતત સ્થિર રહાયે રે. આત્મ૦

અનંત ચતુષ્ટય શુદ્ધ ચેતના નિશ્ચય કરવા યોગ્ય રે,
એ જ પ્રયોજન રૂપ કાર્ય તે નિયમ સ્વરૂપ મનોજ્ઞ રે. આત્મ૦

સ્વ-સ્વરૂપની સમ્યક્ રુચિ, તેનું જ જ્ઞાન પ્રમાણ રે,
અવિચલ તલ્લીનતા તેમાં તે નિયમથી નિર્વાણ રે. આત્મ૦

સ્વરૂપ-સ્થિરતા રૂપ નિયમનો કર અભ્યાસ સદા ય રે,
અનંત કાળ સુધીની સ્થિરતા તે જ મોક્ષ મનાય રે. આત્મ૦

એક રીતે તો જગત-પ્રવર્તક નિયમ વિશ્વમાં દેખો રે,
તે વિના અંધાધૂંધીનો ખ્યાલ કરીને પેખો રે. આત્મ૦

દિનચર્યામાં સ્થૂલ રીતે જે નિયમિત આહાર-વિહારે રે,
સ્વાસ્થ્ય સાચવી ગાળી ×શકાશે કાળ વિશેષ વિચારે રે. આત્મ૦

કાર્ય નિયમથી થાય ત્વરાથી, ધારી સિદ્ધિ દેશે રે,
પરિશ્રમ પણ ઝાઝો ન જણાશે, આનંદ ઉર પ્રવેશે રે. આત્મ૦

નિયમિત-મુખ હાસ્યાદિ કાર્યે, નિયમિત નેત્ર-વિકારે રે,
શ્રવણ, સ્પર્શ, રસ, ગંધ ભણી પણ દોડ નહીં અવિચારે રે. આત્મ૦

× પાઠા૦ શકશે

વચન મધુર, મિત શબ્દો સહ પણ, શાંત, સત્ય ઉચ્ચારો રે,
હિતકર, કોમળ, કષાય-ઘાતક, પ્રભુ-ગુણગ્રામે ધારો રે. આત્મ૦

નિયમિત વર્તન સદાચાર છે, દુરાચાર દુખદાયી રે,
સુવિચારક નરનારી, સમજો સત્શીલ અતિ સુખદાયી રે. આત્મ૦

રમો સદા નિર્દોષ સુખે સૌ, દોષ તજી આનંદો રે,
શરીર રૂપી કાદવમાં સુખ શું? દેહદૃષ્ટિ નર ગંદો રે. આત્મ૦

ગંદા હાથે જ્યાં જ્યાં અડશો, થશે અશુભ પ્રચારો રે,
તેથી ચોખ્ખો હાથ થતાં સુધી કર નિયમિત સંચારો રે. આત્મ૦

સદ્ગુરુ-બોધ વિચારી વિરાગે, ઉપશમ રસમાં ઝીલો રે,
તજી અનાદિ ગંદા ભાવો, આત્મદૃષ્ટિ-રસ પી લો રે. આત્મ૦

રાજમાર્ગ સમ નિયમિત માનો મોક્ષમાર્ગ સંસ્કારી રે,
કરી સત્સંગ સમજ સુધારી બનો મોક્ષ-અધિકારી રે. આત્મ૦

જીવ અજ્ઞાન-પરિણામી જો નિયમિતપણું આરાધે રે,
પણ આરાધન ઊંધું તેથી કંઈ કલ્યાણ ન સાધે રે. આત્મ૦

તેમ મોહમય લૌકિક માર્ગે સાધુ-જીવન વિતાવે રે,
વ્રત, તપ પુષ્પો મોહવૃક્ષનાં ભવરૂપ ફળ પ્રગટાવે રે. આત્મ૦

અસંસારગત વાણી સુણીને અસ્વચ્છંદ પરિણામે રે,
તે આધારે જીવ જીવે તે પવન ભવ-ઘન સામે રે. આત્મ૦

સમ્યગ્દર્શન તે ધ્રુવતારો, દિશા સત્ય બતાવે રે,
વ્રત, નિયમ સૌ તેથી સવળાં, વર્તાવે સમભાવે રે. આત્મ૦

સમ્યક્ તપ નિયમિતપણું, જો, તેથી કર્મ કપાશે રે,
સહનશીલતા ને સમભાવે, મોક્ષપુર જીવ જાશે રે. આત્મ૦

મુમુક્ષુ કોઈ નામ-ધારી તે પૂછે પ્રશ્ન વિચારી રે,
ઘણા બંધથી બંધાયો છું, નિયમ-બંધ અકારી રે. આત્મ૦

આ કળિકાળે બહુ જન એવા, મનમાન્યું કરનારા રે,
આત્મહિતની સમજ વિનાના, સ્વતંત્ર મત ધરનારા રે. આત્મ૦

પ્રથમ પદથી પૂર્ણ દશાના ભેદ ઉરે જો ધારો રે,
તો સંશય-શલ્યો નહિ સાલે; રોગ પ્રતિ ઉપચારો રે—આત્મ૦

નીરોગીને દવા નકામી, રોગી-મન અણગમતી રે,
દવા પીધાના દુખથી મહાદુખ જશે, ગણી પીવી પડતી રે. આત્મ૦

મનમાન્યું કરતાં તો ભટક્યો કાળ અનંત, વિચારો રે,
પરાધીનતામાં પ્રેરે મન—એ અંતરમાં ધારો રે. આત્મ૦

ચોરી જારી કાજે મન ભટકે, પરવસ્તુને તાકે રે,
પરાધીન સુખ લેવા દોડે પરાધીનતા ચાખે રે. આત્મ૦

સ્વતંત્ર સુખ લૂંટે મનડું, જો નિયમ-દોરડે બાંધો રે,
મન વશ વર્તે તે જ નીરોગી, પછી નહીં કંઈ વાંધો રે. આત્મ૦

જ્ઞાનીને નથી ગરજ જગતની, નિષ્કારણ ઉપકારી રે,
ક્રમ મનોહર રચી ગયા તે, આચરશે સુવિચારી રે. આત્મ૦

આરંભાદિક અશુભ વિકલ્પો, કાર્ય પ્રથમ તજવાનાં રે,
અશુભ વિકલ્પ જવા વ્રત, નિયમો, શુભ ભાવે ધરવાનાં રે. આત્મ૦

સ્વપ્ને પણ ઇચ્છે ન અશુભ તે, વ્રત-નિષ્ઠા પૂરી પામી રે,
શુભ સંકલ્પો નિયમ સંબંધી ટળતાં, રહે નહિ ખામી રે. આત્મ૦

જ્ઞાનદશાથી ટળે વિકલ્પો, જ્ઞાનરમણ હિતકારી રે,
પાત્ર થવા વ્રત-નિયમો સેવો, મલિન મન સુધારી રે. આત્મ૦

પરમપદ પરમાત્મદશામાં નથી નિયમ-પ્રયત્નો રે,
સહજ દશા તે પરમ શાંત છે, પૂર્ણ ત્રણે ત્યાં રત્નો રે. આત્મ૦

☆
☆☆

# ૩૩
# જિનાગમ-સ્તુતિ

(સેવો ભવિયાં વિમલ જિનેસર દુલ્લહા સજ્જન સંગાજી—એ રાગ)

★

જિન-આગમ જયવંત જગતમાં સત્ય **સ**રસ્વતી દેવીજી,
વિવેક-હંસનું વાહન સાચું, સવળી સમજ કરી લેવીજી. જિન૦

શ્રી ગુરુ**રાજ**-કૃપાથી થાયે, અવળાનું સૌ સવળું જી,
સદ્‌ગુરુ-વાણી મોહ-કૃપાણી પરિણમતાં હિત સઘળું જી. જિન૦

**વિ**ષ્ણુ-ચરણોદક તે ગંગા, એવું કોઈક કહે છેજી;
પતિત-પાવની માની, તેમાં સ્નાન કરી સુખ લહે છેજી. જિન૦

'પાપ-પુણ્ય પાણીથી જાયે' કેમ સમજમાં બેસેજી?
પણ પરમાર્થ વિચારી, સાચું સમજે તે ગ્રહી લેશેજી. જિન૦

પરમ પુરુષરૂપ હિમગિરિ-ઉરથી કરુણાગંગા નીકળીજી,
અલૌકિક અગમ્ય ગિરા બની, ગણધર-ધોધે ઊછળીજી. જિન૦

રમ્ય નગરરૂપ આગમધરને પોષી આગળ ચાલીજી,
અમ જેવા અતિ રંક જનોની તૃષા ત્વરાથી ટાળીજી. જિન૦

શિવ-સાગરમાં મળી જતી તે અનેક નૌકા સાથેજી,
શ્રદ્ધા નૌકામાં બહુ બેસી તર્યા, કહ્યું જગનાથેજી. જિન૦

દ્વાદશાંગરૂપ લબ્ધિધારી શ્રુતકેવળી કહાયાજી,
ત્રણે લોક-પ્રકાશક આગમ-નેત્રવંત સુહાયાજી. જિન૦

અબુધ જનોના અંતરમાં જે સમ્યક્‌ભાવ જગાડેજી,
અનંત આગમ મંત્રે મૂકી, શિવ-સુખ-અંશ ચખાડેજી. જિન૦

સાગર-સાર જુઓ બિંદુમાં, આગમ-સાર સુમંત્રેજી,
આત્મજ્ઞાની ગુરુવરની આજ્ઞા ચાવી વિદ્યુત્-યંત્રેજી. જિન૰

સર્વાગમની ઉત્પત્તિ જો, ત્રિપદી **વીરે** દીધીજી,
યોગ્ય ભૂમિમાં ઊછરી, ફાલી, અંગ-પૂર્વ સુધી સીધીજી. જિન૰

સૌ વિસ્તાર *સમાય અસંગે એ અર્થે સૌ શાસ્ત્રોજી,
સમજ્યા તે જ શમાયા તેમાં, સમજનાર સુપાત્રોજી. જિન૰

પાત્ર થવા સદ્‌બોધ ઉપાસો, જે સત્પુરુષે દીધોજી,
સદાચારથી તે સમજાશે, આ જ માર્ગ મેં લીધોજી. જિન૰

સાચી અગ્નિ કામ લાગશે, ગ્રંથે લખી નકામીજી;
તેથી સદ્‌ગુરુ શોધી, શોધજો સત્ય, બની નિષ્કામીજી. જિન૰

ઉર વિષે વસશે આગમ સૌ, પ્રેમ પરમ જો જાગેજી,
અનુભવી ગુરુની ભક્તિ કરતાં 'પ્રભુ પ્રભુ' લય લાગેજી. જિન૰

પ્રભુ-ભક્તિરત ચિત્ત રમે જ્યાં, કેવળજ્ઞાન પ્રકાશેજી,
કોણ મૂર્ખ ઇંદ્રિયસુખ ઇચ્છે? જેથી નિજ સુખ નાશેજી. જિન૰

ઇચ્છિત શિવસુખ સિદ્ધિ પામો, જો સદ્‌બોધ ઉપાસોજી;
જિનાગમે દીસે, પણ તેનો આપ્તમુખે નિવાસોજી. જિન૰

દ્વાદશ ગુણસ્થાનક સુધી આશય આગમનો ઉપકારીજી,
રાતદિવસ સાધુજન સેવે આત્મદાઝ ઉર ધારીજી. જિન૰

સત્સમાગમ ને સત્શ્રુત બે સત્સાધન આરાધેજી,
તે દાવાનલ કળિકાળનો ટાળી શિવપથ સાધેજી. જિન૰

સત્સાધનહીન સાધુ લોકો અહંકારમાં પેઠાજી;
મન આહાર, વિહાર, વિષયમાં; ટોળાં વાળી બેઠાજી. જિન૰

સજ્જન કૃત-ઉપકાર ન ભૂલે, આપ્તવચન આરાધેજી,
વિષય-કષાયથી રહી વેગળા, વિનયે વિદ્યા સાધેજી. જિન૰

* પાઠા૰ શમાય

વિકથા વિષ્ટા સમી સાધુના મુખ સુધીં ક્યાંથી આવેજી?
સત્શ્રુત પાઠ વહે જો મુખે, સુખ-શાંતિ ફેલાવેજી. જિન૦

શ્રી સર્વજ્ઞ-જિનેશ્વર-વાણી આગમરૂપ કહાણીજી,
સર્વ કાળમાં સત્યરૂપ તે અવિસંવાદી જાણીજી. જિન૦

સર્વ જગ-જંતુ-હિતકરણી ઋષિ-મુનિને મન ભાવીજી;
દુર્લભ નરભવ સફળ કરે જો ગુરુગમ-ચાવી આવીજી. જિન૦

જિન-આગમ દુર્ગમ્ય ગણાયે, ભલા ભલા ભૂલ ખાતાજી;
અવલંબન સદ્ગુરુનું લેતાં સહજ બનો સુજ્ઞાતાજી. જિન૦

ગમ પડ્યા વણ આગમ દુર્ઘટ રત્ન વીંધવા જેવુંજી,
વીંધેલા રત્ને દે દોરો, ગુરુગમથી ગણ તેવુંજી. જિન૦

જિન-આગમરૂપ અક્ષરતરુની અનુયોગરૂપ શાખાજી,
સંસ્કૃત, પ્રાકૃત, પ્રાંતિક ભાષા-ગ્રંથ પુષ્પ-પ્રશાખાજી. જિન૦

શાંત રસાદિક હિતકર ફળ ગ્રહી, મન-મર્કટ આનંદેજી,
મહા-મોહ-ચંચળતા ભૂલી, લીન ધ્યાન-સુખકંદેજી. જિન૦

હણે મોહ નહિ, સત્શાસ્ત્રો ભણી, લાભપૂજાદિક ઇચ્છેજી,
તે જિન-આગમતરુનાં પુષ્પો તોડી, તુચ્છમતિ રીઝેજી. જિન૦

સુરસુખ કે શિવસુખ-ફળ ક્યાંથી સરસ પક્વ તે પામેજી?
થઈ ક્ષુધાતુર ચૂલો ઓલવ્યે, નહિ ભૂખ-દુઃખ વિરામેજી. જિન૦

લૌકિક લાભ તજી, શાશ્વત સુખ ચહી, સુદૃષ્ટિ વિચારોજી,
સદ્ગુરુ-યોગે સત્શ્રુત શીખી, સત્શીલ, શાંતિ ધારોજી. જિન૦

અગમ, અપાર જિનાગમ-ગૌરવ, ગાવાનું મુજ ગજું શુંજી?
સમજ વિના બડબડ બોલ્યો છું, ક્ષમા સુજનની ચહું છું જી. જિન૦

☆
☆☆

# ૩૪
# નવ તત્ત્વનું સામાન્ય સંક્ષેપ સ્વરૂપ

(દોહરા)

★

વંદું ગુરુપદ-પંકજે જે ત્રણ જગનું તત્ત્વ,
નિજ પરમપદ પામવા, જવા અનાદિ મમત્વ. ૧

રાજચંદ્ર રત્નાકરુ પરમકૃપાળુ દેવ,
અબુધ, અધમ આ રંકને દે તુજ તાત્ત્વિક સેવ. ૨

નવધા ભક્તિ, નાથ, તુજ નવે ય તત્ત્વસ્વરૂપ,
સમજાવી સંશય હરો, કરો શુદ્ધ ચિદ્રૂપ. ૩

જીવ(૧)-અજીવ(૨) રૂપ વિશ્વ આ, સમજાવે જિનભૂપ;
મૂળ દ્રવ્ય ષટ્ જાણવાં, શાશ્વત્ નિજ નિજ રૂપ. ૪

જીવ-જાતિ તો એક છે, જીવ પ્રત્યેક અનંત;
લક્ષણ જીવનું જ્ઞાન જો, શુદ્ધ જીવ ભગવંત. ૫

શુદ્ધ અશુદ્ધ જીવો વિષે જ્ઞાન નિરંતર દેખ;
જીવ વિના જડશે નહીં જ્ઞાન-કિરણની રેખ. ૬

કર્મતણા સંબંધથી જીવ અશુદ્ધ જણાય,
તત્ત્વોની શ્રદ્ધા થયે કર્મ-કલંક હણાય. ૭

અજીવ પાંચ પ્રકારનાં : [૧]પુદ્ગલ પરિચિત નિત્ય,
સ્પર્શ, રૂપ, રસ, ગંધ ગુણ; શબ્દો સ્કંધ અનિત્ય. ૮

પુદ્ગલનાં પરમાણુ મૂળ ઇન્દ્રિયથી ન ગ્રહાય;
સ્નિગ્ધ રુક્ષ ગુણ પરિણમ્યે અણુગણ બહુવિધ થાય. ૯

જીૅવ પુદ્‌ગલ ગતિ કરીૅ શકે, [2]ધર્મ-દ્રવ્ય જો હોય;
જેમ જળે મત્સ્યો ફરે મદદ ઉદાસીૅન જોય. ૧૦

જીૅવ પુદ્‌ગલ સ્થિર થાય છે [3]અધર્મ-દ્રવ્યનીૅ માંય,
મદદ ઉદાસીૅન પામીૅ તે; જેમ પથિક લહીૅ છાંય. ૧૧

દ્રવ્યો ક્ષણ ક્ષણ પરિણમે, તેમાં કારણ [4]કાળ;
કાળ-અણુ ત્રણ લોકમાં પ્રતિ પ્રદેશ નિહાળ. ૧૨

સૌને જે અવકાશ દે, તે [5]આકાશ અનંત;
પાંચ અજીૅવ સહ જીવ એ દ્રવ્ય છ સત્તાવંત. ૧૩

શિવપદ જીૅવ ભૂલી ગયો, રહ્યો કર્મને સંગ,
સંગ અનાદિ કાળનો, ટળ્યે થવાય અસંગ. ૧૪

કર્મ-સંતતિ હેતુને સમજી કરો ઉપાય;
બીૅજ બાળ્યે તરુ-સંતતિ તુર્ત જ અટકી જાય. ૧૫

કર્મ-પ્રવાહ વહી રહ્યો નદીૅજળ પામી ઢાળ,
સમુદ્ર-સપાટી પામીૅને પછીૅ નહિ વહે નિહાળ. ૧૬

તેમ જ શુભ-અશુભ બે જીૅવ-ભાવો ગણ ઢાળ,
પુણ્ય-પાપરૂૅપ કર્મનો વહે પ્રવાહ, નિહાળ. ૧૭

પુદ્‌ગલ-અણુ મળીૅ વર્ગણા બને અનેક પ્રકાર;
જીવ-વિભાવ નિમિત્તથી વહે જીૅવ ભણી, વિચાર. ૧૮

આવે જે જે વર્ગણા (૩)આસ્રવ અજીૅવ ગણાય;
જીૅવ-આસ્રવ વિભાવરૂૅપ ત્રીજું તત્ત્વ ભણાય. ૧૯

વિભાવ પાંચ પ્રકારનો : કર્મ-કમળની વાવ;
[1]યોગ, [2]કષાય, [3]પ્રમાદ ને [4]અવિરતિ, [5]મિથ્યા ભાવ. ૨૦

અજીવ આસ્રવના ઘણા ભેદ ભણે જિનભૂપ;
મુખ્ય આઠે ય કર્મને યોગ્ય વર્ગણારૂપ. ૨૧

પાંચ વિભાવે જીૅવ રમે, જીવ-બંધ[૪] ગણ એ જ;
આઠે કર્મ અજીવ-બંધ, ચાર ચાર ભેદે જ. ૨૨

પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ ને પ્રદેશ-બંધ વિચાર :
પ્રકૃતિ, પ્રદેશ યોગથી, શેષ કષાયે ધાર. ૨૩

તજી અનાદિ વિભાવ જીૅવ *નિજભાવે સ્થિર થાય,
જીૅવ[૫]-સંવર રૂૅપ તત્ત્વ તે; ત્યાં આસ્રવ રોકાય. ૨૪

કર્મ-વર્ગણા જીૅવ ભણી હવે વહે નહિ, તે જ—
અજીવ-સંવર જાણજો, સમતા ભાવ વડે જ. ૨૫

વ્રત, સમિતિ, ગુપ્તિ, યતિ-ધર્મ, ભાવના બાર,
પરિષહ-જય, ચારિત્ર એ જીૅવ-સંવર વિચાર. ૨૬

જીૅવ ભાવે : ‘હું એકલો, શુદ્ધ ચેતના રૂપ,
નિર્મમ, કેવળજ્ઞાનરૂૅપ, દ્રષ્ટા, પૂર્ણ સ્વરૂપ.’ ૨૭

તન્મય શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા જીૅવની થાય,
જીવ[૬]-નિર્જરા જાણ ત્યાં પૂર્વ-કર્મ ઝરીૅ જાય. ૨૮

ઝરે કર્મ એવા ક્રમે, અજીૅવ-નિર્જરા એ જ;
સર્વ કર્મ ક્ષય થાય તે અજીૅવ-મોક્ષ ગણીૅ લે જ. ૨૯

શુદ્ધ સ્વરૂપે સ્થિરતા ટકતી કાળ અનંત,
જીવ મોક્ષ[૭] સમજો, જનો; ભજે સિદ્ધ ભગવંત. ૩૦

શુભભાવક જીૅવ, પુણ્ય જો; અશુભભાવીૅ જીૅવ પાપ,
દ્રવ્યકર્મરૂૅપ અજીૅવ બે; ફળ ગણ સુખ-સંતાપ. ૩૧

નવે તત્ત્વની વાત આ કહી સંક્ષેપે સાવ,
વિચારજો વિસ્તારથી કરવા સમ્યક્ ભાવ. ૩૨

☆
☆☆

* પાઠા૦ સ્વભાવે

# ૩૫
# સાર્વજનિક શ્રેય

(રાગ-હાંરે મારે ધર્મ જિણંદશું લાગી પૂરણ પ્રીત જો
જીવડલો લલચાણો જિનજીની ઓળગે રે લો)

★

હાંરે વ્હાલા **રાજચંદ્ર** ગુરુ જ્ઞાનીમાં મન જાય જો,
ત્રિભુવન-જનનું શ્રેય ઉરે જે ધારતા રે લો.
હાંરે તેને ચરણે નમતાં કળિમળ પાપ કપાય જો,
શરણાગતનાં કારજ સઘળાં સારતા રે લો. હાંરે વ્હાલા૰

હાંરે સુણો : શ્રેય, પ્રેય બે હોડે ચઢ્યાં સંભળાય જો,
તુમ વિણ ન્યાય કરે કહો, કોણ એ બેયનો રે લો.
હાંરે જુઓ રાજસભામાં સૌ સજ્જન સન્મુખ જો
શ્રેય, પ્રેય નિજ પક્ષ-ગુણો કહી દેય, જો રે લો. હાંરે વ્હાલા૰

હાંરે ત્યાં પ્રેય પ્રથમ કહે : ''મુજ વિસ્તાર વિશેષ જો;
જગનાયક પ્રભુ, જોજો સૌના ભાવને રે લો.
હાંરે જુઓ, કર્ણ ચહે છે પ્રિય વચન, સંગીત જો;
નેત્ર ચહે પ્રિય ચકમકતા દેખાવને રે લો. હાંરે વ્હાલા૰

હાંરે કોણ સુગંધ સૂંઘી નહિ થાતા પ્રસન્ન જો?
રસોઈના રસ રસિક જનો સૌ જાણતા રે લો;
હાંરે ગુહ્ય સ્પર્શ-સુખોને કહેતાં આવે લાજ જો,
એ જ મનોહર ભાવ જગત-જીવ માણતા રે લો હાંરે વ્હાલા૰

હાંરે જુઓ, વન ઉપવન ને રાજવિલાસ અનેક જો;
પુર પાટણ કે દેવ-દેવી-દરબારમાં રે લો;
હાંરે જુઓ, ખૂણેખાંચરે વર્તે મારી આણ જો,
મારે માટે મથતાં સૌ સંસારમાં રે લો.'' હાંરે વ્હાલા૦

હાંરે હવે શ્રેય કહે : ''બહુ લોક ગરીબ જગમાંહિ જો,
તેથી શું ગરીબાઈ વિશેષ વધી જતી રે લો?
હાંરે ભલે અંધારી રાતે બહુ તારા હોય જો,
તેથી શું તારા-તેજ રવિથી ચઢે અતિ રે લો? હાંરે વ્હાલા૦

હાંરે પ્રભુ, પ્રેય સમો ઠગ જગમાં નહિ દેખાય જો,
મૃગજળ સમ તે હરણ-મરણને સાધતો રે લો;
હાંરે જુઓ, સંગીતની પ્રિયતાથી મૃગ લોભાય જો,
શિકારીના શરથી પ્રાણ ગુમાવતો રે લો. હાંરે વ્હાલા૦

હાંરે કેવું દીપક દેખી પતંગ-મન ખેંચાય જો,
ઝગમગતી જ્યોતિમાં પડી બળી મરે, અરે! રે લો;
હાંરે કોરે કાષ્ઠ ભ્રમર પણ કમળ-સુગંધે લીન જો,
કમળ બિડાતાં કેદ સહી ગજમુખે મરે રે લો. હાંરે વ્હાલા૦

હાંરે ભલા **એ**કલશૃંગી મુનિ રસવશ લપટાય જો,
તપસી લપસી રામબનેવી બની ગયા રે લો;
હાંરે સ્ત્રી-રત્નની લટ સ્પર્શી **સં**ભૂતિ-પાય જો,
મોક્ષમાર્ગ ભૂલી નરકગામી ચક્રી થયા રે લો. હાંરે વ્હાલા૦

હાંરે કોઈ સદાચરણથી જીવ કમાયો હોય જો,
તેને પ્રેય ઠગ ભોળવી લૂંટી લે, ખરે! રે લો.
હાંરે 'વધુ જરૂરિયાતે થાય કમાણી વિશેષ' જો,
જગને જૂઠાં સત્યો શીખવી છેતરે રે લો. હાંરે વ્હાલા૦

હાંરે દઈ ઇન્દ્રિય-સુખની સામગ્રી સ-વિશેષ જો,
મોહરાયના જુલમની જડ પોષતો રે લો;
હાંરે ભલા લોક અજાણ્યા મોહ-મદિરા-મત્ત જો,
ઉંદર ફૂંકી જીવન-રુધિર તે ચૂસતો રે લો.'' હાંરે વ્હાલા૦

''હાંરે મારી નિંદા મૂકી, ગણાવ તારા ગુણ જો,''
પ્રેય કહે, ''નિર્ગુણ નિંદા વિણ શું બકે રે લો?
હાંરે તારી નજરે જો જરી સાર્વજનિક સુખ મુજ જો,
ઘુવડ સમ નહિ રવિ-કિરણો તું ગણી શકે રે લો. હાંરે વ્હાલા૦

હાંરે કેવી સુખ-સગવડ હું દિન દિન દઉં છું, દેખ જો;
સુંદર કપડાં મયૂર-કળા સમ દીપતાં રે લો.
હાંરે મારાં યંત્રો જાણે આણે સુરતરુ-યુગ જો,
રાય, રંક સૌને સરખાં સુખ આપતાં રે લો. હાંરે વ્હાલા૦

હાંરે મારી વીજળી કરતી ઊજળી દુનિયા સર્વ જો,
રાજવી વૈભવ દીન જન પામે રેડિયે રે લો;
હાંરે મારી દવા વિવિધ શોધોથી, દેતી સુખ જો,
મોટર, રેલથી પશુનાં દુખ પણ ફેડિયે રે લો. હાંરે વ્હાલા૦

હાંરે ઊડી વિમાને માનવ સુર સમ જાય જો,
તાર કે તાર વિના સંદેશા સાંભળે રે લો;
હાંરે વળી નભ, જળ, સ્થળના અકસ્માત્-ઉપાય જો,
શોધી જગ-જનતાને સાચવું કળે કળે રે લો. હાંરે વ્હાલા૦

હાંરે મારી છાપકળા આદિથી તું પણ પુષ્ટ જો,
તુજ મંદિર પણ શોભે મારી સહાયથી રે લો;
હાંરે ભલા, કંઈક વિચાર કરેલા મુજ ઉપકાર જો,
સુખ ઇચ્છે તો સેવ મને ઉપાયથી રે લો.'' હાંરે વ્હાલા૦

★

હાંરે હવે શ્રેય કહે : ''તુજ સમજ વિષે મહાદોષ જો,
તાત્કાલિક પરિણામ વિષે તું રાચતો રે લો;
હાંરે જેમ ચોર ચોરીથી બને બહુ ધનવાન જો,
વળી વખાણે ચોર-કળા, યશ યાચતો રે લો. હાંરે વ્હાલા૦

હાંરે તેમ કરી કમાણી પૂર્વ ભવે આ જીવ જો,
ધર્મ-માર્ગ આરાધી આ ભવ પામીઓ રે લો;
હાંરે તે ધર્મનું ફળ ભોગવતાં ભૂલે ધર્મ જો,
જાણે નહિ જીવ વિષય-ચોરની ખામીઓ રે લો. હાંરે વ્હાલા૦

હાંરે આ ઇન્દ્રજાળ સમ ક્ષણિક સુખોનું મૂળ જો,
પુણ્ય ખવાતું ક્ષણ ક્ષણ તે નહિ દેખતો રે લો;
હાંરે જીવ સુંદર વિષયો ભોગવી વાવે પાપ જો,
ફળ તેનું દુખ મળવાનું ઉવેખતો રે લો. હાંરે વ્હાલા૦

હાંરે જો, ઝાડ મૂળથી કાપી ફળ કોઈ ખાય જો,
સજ્જન બીજો મૂળ પોષી ફળ મેળવે રે લો;
હાંરે એક તાત્કાલિક-સુખ-દૃષ્ટિ દુઃખની ખાણ જો,
દીર્ઘદૃષ્ટિ સજ્જન ઉપકાર ન ઓળવે રે લો. હાંરે વ્હાલા૦

હાંરે અતિ વાદ-વિવાદે પાર ન પામે કોય જો,
સર્વ જીવોને હિતકર શું તે યાચીએ રે લો;
હાંરે પ્રભુ, આપ કહો તે સર્વમાન્ય જ હોય જો,
તેથી ન્યાય સુણાવો, સમજી રાચીએ રે લો.'' હાંરે વ્હાલા૦

''હાંરે બહુ રીતે જીવો ચહે લોકકલ્યાણ જો,
હિતકર ને કર્તવ્ય ભલા તે ભાવ હો રે લો,
હાંરે ભવી સર્વે ઉરમાં ઊંડો લેજો લક્ષ જો,
કરી બેસો અપકાર ન લેતાં લ્હાવ, જો રે લો. હાંરે વ્હાલા૦

હાંરે જો નિજ યોગ્યતાની ખામી રહીં જાય જો,
જોખમદારી જો જીવ ના સમજી શકે રે લો;
હાંરે તો તે જીવ નિજ મતમાં બનીં ઉન્મત્ત જો,
કરે જરૂર અપકાર, ભલે હિત મુખે બકે રે લો. હાંરે વ્હાલા૦

હાંરે જન સર્વે મૂકી મારો તારો પક્ષ જો,
નિર્મળ દૃષ્ટિ કરવા સદ્ગુણ સેવજો રે લો,
હાંરે સ્વાર્થ હશે ત્યાં સત્ય નહીં પોષાય જો,
સત્ય નહીં તે હોય ન સૌનું શ્રેય જો રે લો. હાંરે વ્હાલા૦

હાંરે શરીર-સુખ-દુખ પૂર્વકૃત-આધીન જો,
પૂર્વ-કૃત-બીજ સહજ પુરુષાર્થે ફળે રે લો,
હાંરે જેમ વાવેલું ખેતર માગે સંભાળ જો,
પણ બહુ ફિકર કર્યે નહિ ફળ ઝાઝું મળે રે લો. હાંરે વ્હાલા૦

હાંરે તોયે કાળ જીંવનનો તેવીં ફિકરમાં જાય જો,
કેમ ચતુર નર કરી વિચાર ન ચેતતા રે લો?
હાંરે શું સુખ પરવસ્તુઓનો સંગ્રહ દેય જો,
સ્વરૂપ-વિચાર વિના નહિ જન સુખ સમજતા રે લો. હાંરે વ્હાલા૦

હાંરે જો હવા, અજવાળું, પાણી ને ખોરાક જો,
સર્વ જનોને શરીર ટકાવા જોઈએ રે લો;
હાંરે તેમ જ સર્વ જનોનું સાચું શ્રેય જો,
ઇચ્છો તો વિપરીત બુદ્ધિને ધોઈએ રે લો. હાંરે વ્હાલા૦

હાંરે 'મારું-તારું' તો અવળી ખેંચાતાણ જો
'સાચું તે મારું' નક્કી કરીં, આદરો રે લો;
હાંરે મતાર્થ મૂકી વિચારવો આત્માર્થ જો,
સત્પુરુષોની સેવા, વચન ઉરે ધરો રે લો. હાંરે વ્હાલા૦

હાંરે અભણ ન વાંચી શકે, નહિ તે મહા દોષ જો,
દોષિત અતિ જે વાંચી વિપરીત આચરે રે લો;
હાંરે તેમ કીડી-મકોડી કરી શકે ન વિચાર જો,
નરભવમાં જીવ હિત-અહિત ચિત્તે ધરે રે લો. હાંરે વ્હાલા૦

હાંરે મોક્ષમાર્ગ આરાધો તો લહો સુખ જો,
મનુષ્યમાત્રની પ્રથમ ફરજ એ માનવી રે લો;
હાંરે તે ચૂકીને કરી શરીર-સુખની શોધ જો,
ભૂલ ઘણા ભવની આ ભવમાં ટાળવી રે લો. હાંરે વ્હાલા૦

હાંરે સાચા દિલે સત્ય ગ્રહણ જો થાય જો,
સર્વ કોઈનું આત્મશ્રેય આ ભવે થશે રે લો;
હાંરે સત્સંગ જેવું હિતકર નહિ કોઈ કાજ જો,
તેથી જ સર્વે સારી વાતો ઊગશે રે લો. હાંરે વ્હાલા૦

હાંરે આ કળિકાળે તો ભક્તિ-માર્ગ જ શ્રેષ્ઠ જો,
સર્વ સંતની શિખામણ આ ઉરે ધરો રે લો;
હાંરે સદાચરણ પણ સેવો કરી વિચાર જો,
એક લક્ષથી અકામ ભક્તિ આદરો રે લો.'' હાંરે વ્હાલા૦

☆
☆☆

## ૩૬

# સદ્‌ગુણ

(વિમલ જિણંદશું જ્ઞાનવિનોદી મુખ છબી શશી અવહેલેજી—એ રાગ)

★

વિનય સહિત વંદું સદ્‌ગુરુ શ્રી રાજચંદ્ર સદ્‌ગુણીજી,
દુર્લભ આત્મગુણો પ્રગટાવ્યા, શક્તિ કોઈ ન ઊણીજી. વિનય૦

આત્માના પ્રત્યેક પ્રદેશે સદ્‌ગુણ સર્વ વિરાજેજી,
કર્મ-કલંક ટળે તો સર્વે આપોઆપ પ્રકાશેજી. વિનય૦

પૌષ્ટિક દૂધ પણ પ્રાણ તજાવે કડવી તુંબડી સંગેજી,
તેમ શમાદિક ગુણ રઝળાવે મિથ્યાત્વ-વિષ જો અંગેજી. વિનય૦

દાન, શીલ, તપ સુંદર ગુણ પણ પથ્થરતુલ્ય પ્રમાણોજી,
જો મિથ્યાત્વ વસે ઉરમાં તો, કહે જિનવર, જન જાણોજી. વિનય૦

સમ્યક્‌દર્શન સાથે તે ગુણ રત્નતુલ્ય અમૂલ્યજી,
અવગુણ પણ સઘળા સવળા ત્યાં મહિમા કોઈ અતુલ્યજી. વિનય૦

અલંકાર લોઢાના સર્વે લોહરૂપ મન આણોજી,
સુવર્ણનાં સૌ આભૂષણ પણ સોનારૂપ પ્રમાણોજી,—વિનય૦

તેમ ક્રિયા જ્ઞાનીની સર્વે જ્ઞાનગુણ ઝળકાવેજી,
અજ્ઞાનીની શુભ ક્રિયા પણ વિપરીત સ્વાદ ચખાવેજી. વિનય૦

કોઈ ઉપાયે પ્રથમ જ ટાળો મિથ્યામતિ દુઃખવેલીજી,
સપ્ત વ્યસન ત્યાગી કરી લેવી સત્સંગતિ સૌ પહેલીજી. વિનય૦

[૧]જુગાર કુસંગતિનું કારણ, સર્વ વ્યસનમાં પહેલુંજી,
દુઃખ-અપકીર્તિ-પાપમૂળ એ, કરે સદા મન મેલુંજી. વિનય૦

નિરંતર જંતુ જ્યાં ઊપજે પ્રાણી હણી જન લાવેજી,
જોતાં, અડતાં ચઢે ચીતરી, કોણ [૨]માંસ મુખ ચાવેજી? વિનય૦

[૩]દારૂડિયો માતાને કાન્તા ગણી, કુચેષ્ટા કરતોજી,
શેરીમાં મુખ ફાડી સૂવે, શ્વાન-મૂત્ર પણ પીતોજી. વિનય૦

ધર્મ, અર્થ ને કામ ગુમાવે આ ભવમાં પણ દારૂજી,
પરભવમાં બહુ દુઃખો દેશે; કામ કરે શું સારુંજી? વિનય૦

માંસ-મદિરાથી ગંધાતી, નરકભૂમિ સમ [૪]વેશ્યાજી,
ધન કાજે નીચ સંગ કરે જે, ખોટી નિશદિન લેશ્યાજી. વિનય૦

મલિન વસ્ત્ર ધોવાની શિલા, શ્વાન હાડકાં ચાવેજી,
તેવી વેશ્યા-સંગતિ ગંદી ભુલભુલામણી લાવેજી. વિનય૦

મુખમાં તૃણ સહ નિરપરાધી હરણ અશરણ ભય-મૂર્તિજી,
હણે [૫]શિકારી ગણી બહાદુરી કરે પાપમાં પૂર્તિજી. વિનય૦

કીડી ડંખે તોપણ કૂદે તેવા જન શિકારેજી,
તીક્ષ્ણ તીરે નિર્દોષી મૃગને હણી કેમ સુખ ધારેજી! વિનય૦

જે તુજ સ્વજન હતાં પરભવમાં, તુજ મુખ જોવા ઝૂરતાંજી,
વગર ઓળખ્યે હણે તેમને; ધિક્ક! શિકારી-ક્રૂરતાજી. વિનય૦

એક વાર હણે જે જીવ તું, વેર ધરી તે મરશેજી,
પરભવમાં બહુ વાર મારશે; વેર વધારી ફરશેજી. વિનય૦

એક વાર ઠગનારો જીવ પણ વારંવાર ઠગાશેજી,
દાન સમાન સહસ્રગુણું ફળ [૬]ચોરીનું ય ચખાશેજી. વિનય૦

'વાવે તેવું લણે' ભણે જન, શાસ્ત્ર વળી પોકારેજી–
ચતુર બની ચોરી કરતાં જીવ, પર-ભવ-ડર વિસારેજી. વિનય૦

જે મૂડીથી બહુ જન જીવે તે જ ચોર પણ ચોરેજી,
દુઃખ કેટલું ધરે કુટુંબી? મરણ-દુઃખ એક કોરેજી. વિનય૦

ચિંતા, વ્યાકુળતા, દુર્બુદ્ધિ, રોગ, દુઃખ, વધ આપેજી,
નરકે બાળે લોહ-પૂતળી [૭]પરનારી-રતિ-પાપેજી. વિનય૦

ધિક્ક! પરાક્રમ, ધિક્ ગુણ, બુદ્ધિ, સત્તા વગ, સંપત્તિજી,
વૃથા જીવન, જો સ્વપ્ને પણ છે, પર-સ્ત્રી-ધન-આસક્તિજી. વિનય૦

સપ્ત વ્યસન સદ્ધર્મ ભુલાવે: **યુધિષ્ઠિર** ધર્માત્માજી,
જુગાર શરતે **દ્રૌપદી** મૂકી! કેવા થયા મહાત્માજી? વિનય૦

**કૃષ્ણ** કુળના કુલીન પુત્રો મદિરાથી મદમાતાજી,
દાહ દ્વારિકાનો વિચારો; વ્યસન બધાં દુખદાતાજી. વિનય૦

વિદ્યાધર મહારાજા **રાવણ** પરસ્ત્રીવશ શીશ ખોવેજી,
એક વ્યસન પણ પ્રાણ હરે તો સપ્ત સેવી શું દો'વેજી? વિનય૦

વ્યસન-ત્યાગ રૂપ નીક કરી લે સદ્ગુણ-જળને કાજેજી,
ચારે પુરુષાર્થો સાધે જો સદ્ગુણ અંગ વિરાજેજી. વિનય૦

[૧]દાનગુણે સત્પુરુષ નોતરે, [૨]શીલ યોગ્યતા આપેજી,
[૩]તપોબળે નિષ્કામ બને જો [૪]ભાવ સ્વરૂપે સ્થાપેજી. વિનય૦

એમ [૧]ધર્મ-પુરુષાર્થ જગાડી, [૨]અર્થ-પ્રયોજન દેખેજી,
સ્વાર્થ અને પરમાર્થ સાંકળી નરભવ આણે લેખેજી. વિનય૦

પ્રમાણિકતા, વચન-અચલતા, પરોપકાર ને મૈત્રીજી,
વિનય, દયા ને સહનશીલતા, સાર્વજનિક સુખ-તંત્રીજી. વિનય૦

ક્ષમા, સંપ ને કર-કસર ગુણ, દીર્ઘદૃષ્ટિ, ગુણગ્રાહીજી,
નિયમિતપણું, ઉદ્યોગ, સરળતા પ્રજ્ઞા સહ, ઉત્સાહીજી. વિનય૰

[૩]કામ-પ્રયોજન પૂરતા ગુણ સૌ સંસારી જન શીખેજી
કળા-કુશળતા, પ્રેમ-પ્રતિજ્ઞા-પાલનથી તે દીપેજી.* વિનય૰

આહાર, જળ કાયાને કાજે ભૂખ-તૃષા-દુઃખ ખોવાજી,
અર્થ, કામ પુરુષાર્થો તેવા પૂર્વકૃત સમ જોવાજી. વિનય૰

[૪]મોક્ષ પુરુષાર્થ જ ગણ સાચો, જન્મ કૃતાર્થ ગણાશેજી,
સમ્યક્ દૃષ્ટિ સહ સૌ સૃષ્ટિ મોક્ષાર્થે જ જણાશેજી. વિનય૰

સપ્ત વ્યસન પણ એ દૃષ્ટિથી બોધ અપૂર્વ જણાવેજી,
શુભ-અશુભ કર્મોદય [૧]દ્યુત સમ જીત-હાર સમજાવેજી. વિનય૰

જુગાર સમ જે હર્ષ-શોકનો ધંધો જીવ લઈ બેઠાજી,
તે ત્યાગ્યા વિણ અનંતકાળે કોઈ ન શિવપુર પેઠાજી. વિનય૰

સ્વ-પર દેહમાં મગ્ન બને મન [૨]માંસ-રુચિ જ પ્રમાણોજી,
ચામડી સુંદર દેખે મોહે, ચામડિયા તે જાણોજી. વિનય૰

દેહાધ્યાસ અનાદિ પોષે માંસ-વ્યસન ભયકારીજી,
માંસ વધે તેવા આહારે રુચિ પણ માંસાહારીજી. વિનય૰

સ્વપર-ભેદ-વિજ્ઞાન વિનાનો [૩]મદિરા-પાની માનોજી,
મોહમદિરા-વ્યસન તજે તે લહે શિવ-સુખ-ખજાનોજી. વિનય૰

વિપરીત બુદ્ધિ [૪]વેશ્યા જાણો, સંગ અનાદિ તેનોજી,
કુમતિ કલ્પના-નાચ નચાવે લૌકિક હેતુ જેનોજી. વિનય૰

સદ્ગુરુ-શરણે બુદ્ધિ રાખે, કદી પરમાર્થ ન ભૂલેજી,
તે વેશ્યા-વ્યસને નહિ રાચે એક લક્ષ +શિવ-મૂલેજી. વિનય૰

---

* અધિક માસ, ભાદરવા સુદ ૧૩, મંગળ, સં. ૧૯૯૫; તા. ૨૬-૯-૩૯

+ मोक्षमूलं गुरुकृपा– ગુરુ-કૃપા એ મોક્ષ કે શિવનું મૂળ છે.

દયા ન[×] હૃદયે ધરતા તે જન ભાવ-[૫]શિકારી જાણોજી,
કામ, ક્રોધ રૂપ વનમાં મ્હાલે, પરભવ-ભય ભુલાણોજી. વિનય૦

દયા, ક્ષમા, સંતોષ હણે તે ક્રૂર જીવો અવિચારીજી,
આત્મઘાત-શિકાર તજે તે મોક્ષ-માર્ગ-અનુસારીજી. વિનય૦

આત્મબુદ્ધિ દેહાદિકમાં જે તે [૬]પરસ્ત્રી-રતિ જાણોજી,
એ જ અનાદિ ભૂલે ભમિયો, કાયા ધરી ન ધરાણોજી. વિનય૦

કાયા-પરનારીમાં માયા કેમે કરી નહિ છૂટેજી,
બળવંતા જ્ઞાનીનો આશ્રય મળતાં [*]તાંતો તૂટેજી. વિનય૦

ધન-વૈભવમાં અતિ પ્રીતિ તે ભાવ-[૭]ચોરી, મન આણોજી,
અધિક અધિક ગ્રહવાની આશા, પાપતણું મૂળ જાણોજી. વિનય૦

સર્વ મૂકતાં મોક્ષ મળે તો સંગ્રહભાવ જ ઊંધોજી,
દ્રવ્ય-ભાવથી સર્વ પ્રકારે છૂટવા યોજ પ્રબંધોજી. વિનય૦

દયા, ક્ષમા, ધીરજ, સમતા ને મરણ-સમાધિ વિચારીજી,
અપ્રતિબંધ, અસંગ, પ્રશાંતિ; સદ્‌ગુણ લે ઉર ધારીજી. વિનય૦

☆
☆☆

---

× પાઠા૦ અદયા   * તાંતણો, સ્નેહનાં બંધન.

# ૩૭
# દેશ ધર્મ વિષે વિચાર

(દોહરા)

★

જેના જ્ઞાને ન્યૂનતા દેશે પણ નહિ હોય;
**રાજચંદ્ર** ગુરુ તે નમું સંશય સર્વે ખોય. ૧

કળિયુગમાં આયુષ્ય તો અલ્પ, બુદ્ધિ પણ અલ્પ,
શ્રુતવારિધિ તરવા નથી સામગ્રી, સંકલ્પ. ૨

મુક્તિદાયક બીજરૂપ આત્મહિતનું ધામ;
તુજ આજ્ઞા ઉઠાવતાં સરશે મારાં કામ. ૩

સર્વજ્ઞ પ્રભુએ કહ્યો ધર્મ વસ્તુસ્વભાવ,
તે 'સહજાત્મસ્વરૂપ' મૂળ, બીજો સર્વ વિભાવ. ૪

કહો અહિંસા, જીવ-દયા, શાંતિ, પૂર્ણ સ્વરૂપ;
સહજાનંદ, સમાધિ કે 'આત્મા આત્મારૂપ.' ૫

આરાધકના ભેદથી દેશવિરતિ, યતિ ધર્મ,
ગૃહસ્થ કે મુનિયોગ્ય તે સમ્યક્ત્વ-મૂળ મર્મ. ૬

સમ્યક્ દર્શન જ્ઞાન ને ચારિત્રે ત્રણ રૂપ,
ક્ષમાદિ દશ યતિ-ધર્મ છે; એમ અનેક સ્વરૂપ. ૭

ધર્મ-તરુ-મૂળ જીવ-દયા મોક્ષમાર્ગ-સોપાન,
વ્રત-સુખ-સંપત્તિ તણી જનની દયા પ્રમાણ. ૮

પ્રથમ પ્રાણી-દયા ધરે આત્માર્થી ઉરમાં ય;
દયા વિના ધાર્મિક ક્રિયા જળમાં વાદળછાંય. ૯

પૂર્વ ભવે પિતાદિ જે સગાં થયાં બહુ વાર,
તે પ્રાણી હણતાં, અરે! કરે ન કેમ વિચાર? ૧૦

★

કરુણાવંત મુનિવરો તજીને તન-દરકાર,
નિશદિન નિજહિત સાધતાં, કરતા પરોપકાર. ૧૧

સર્વ જીવનું હિત કરે, દૂભવે જીવ નહિ કોય,
સર્વ-વિરતિધર યોગી તે; દેશ-વિરતિ ગૃહી હોય. ૧૨

ત્રસ જીવને ગૃહી ના હણે વિના પ્રયોજન ક્યાંય;
સંકલ્પી હિંસા તજે, દેશે સંયમ ત્યાંય. ૧૩

શોભારૂપ સંસારમાં વર્તન શુભ સદાય;
મુનિ બનવાના ભાવને ભૂલે નહીં જરાય. ૧૪

વીર્ય પ્રગટ તેવું નથી, તેથી રહે ઘરમાંય,
ઉપાસના મુનિ તણી કરે દેવ-ભક્તિ સહ ત્યાંય. ૧૫

ધાર્મિક બંધુ પ્રતિ, પ્રીતિ, પાત્રે દેતા દાન,
દયા લાવી દીન દુઃખીને મદદ કરે, તજી માન. ૧૬

તત્ત્વ-વિચાર સદા કરે, દેશવ્રતે ઉલ્લાસ;
પ્રસિદ્ધ નીતિમાર્ગ સહ સમ્યગ્દર્શન-વાસ. ૧૭

પૂજ્ય ગૃહસ્થપણું ગણ્યું, આવું ભક્તિ-ધામ,
સદ્‌ગુણ-ગણ વિના નહીં શોભે શ્રાવક નામ. ૧૮

કળિકાળે તો કોઈક જ સાચા સાધુ ભાળ;
નિર્દય, ક્ષુદ્ર જનો પીડે, ટકે કેટલો કાળ? ૧૯

જેમ સુકાતા સર વિષે માછલીઓ ગભરાય,
ફેરવતા બક ચંચુ બહુ; ક્યાં નાસી સંતાય? ૨૦

માત-પિતા સમ સાધુની શ્રાવક લે સંભાળ,
સાધુ-સમાધિ સાધતાં બને ધર્મ-રખવાળ. ૨૧

સાધુ સાધે આત્મહિત, ચંદનતરુ સમ માન,
સમીપ-વાસીને વાસથી કરતા આપ સમાન. ૨૨

ગૃહ-જંજાળી જીવની ધર્મ-ક્રિયા ગજ-સ્નાન,
પ્રવૃત્તિ અતિ પાપની સંત-કૃપા સુખ-સ્થાન. ૨૩

કુટુંબ કાજળ-કોટડી, ક્યાંય જરી અડી જાય,
ડાઘ પડે તે ભૂંસતાં, કાળે કાળું થાય. ૨૪

ગણ સેવા સત્પુરુષની સાબુ, બોધ જળ જાણ;
સદાચાર પથ્થર ઉપર, આત્મા વસ્ત્ર વખાણ. ૨૫

જેમ નોળિયો સાપની સાથે લડવા જાય,
સર્પમુખમાં વિષ પણ નકુલ નહીં ગભરાય. ૨૬

સર્પ ડરે, નાસે વળી કરડે જોઈ લાગ,
નકુલ દોડી જડીબૂટી સૂંઘી પકડે નાગ. ૨૭

એમ અનેક પ્રસંગમાં ચૂકે નહીં ઉપાય,
અંતે જીતે નોળિયો, મરણ સાપનું થાય. ૨૮

તેમ મુમુક્ષુ પણ ગણે વિષમય આ સંસાર,
સદ્‌ગુરુ-આજ્ઞા જડીબૂટી ગણે પરમ આધાર. ૨૯

નિર્વિષ રહી ગભરાય નહિ, વિકટ કરે પુરુષાર્થ,
વિષમ ઉદયમાં ચેતતો રહી સાધે આત્માર્થ. ૩૦

'સદ્‌ગુરુ-આજ્ઞા જિનદશા' ભૂલે નહીં લગાર,
તો અંતે તે તરી જશે વિષમય આ સંસાર. ૩૧

સાંસારિક સુખ વિષ સમ, સમજે વિચારવાન;
સત્સંગે સુવિચારણા પોષ્યે આતમજ્ઞાન. ૩૨

☆
☆☆

# ૩૮
# મૌન

(ચંદ્રબાહુ જિન સેવના ભવનાશિની તેહ—એ રાગ)

★

**રાજચંદ્ર** ગુરુ-વંદના, વંદ્ય-વંદક-ભાવ;
પરમાર્થે પરમાત્મમાં એકતા, મૌન સાવ. રાજ૦ ૧

જાણે જે જગતત્ત્વને, મુનિ તે જ મહાન,
મુનિપણું તે મૌન છે, કહે શ્રી ભગવાન. રાજ૦ ૨

‘સમકિત તે મુનિપણું, મૌન તે સમકિત,’
આચારાંગ વિષે કહ્યું; **વી**રવચન પ્રસિદ્ધ. રાજ૦ ૩

શિથિલ, ધૈર્યરહિત જે નિર્બળ મનવાળા,
વિષયાસક્ત, પ્રમાદી ને ઘર-મમતાવાળા. રાજ૦ ૪

માયાવી જગ-ઠગ સમા સમ્યક્ત્વ ન ધારે,
મૌન મહા તેવા વડે પળે કેવા પ્રકારે? રાજ૦ ૫

સમ્યગ્દર્શની મુનિ તે શૂરવીર જ સાચા,
લૂખું સૂકું ખાઈને વશ રાખે વાચા. રાજ૦ ૬

છોડી દેહાધ્યાસને કૃશ કાયા કસે જે,
‘દેહ-દુઃખ એ ફળ મહા’ જેને ઉર વસે છે. રાજ૦ ૭

મરણાંતિક કષ્ટો સહે મહા ધીરજ ધારી,
એ જ મહોત્સવ માણતા, લેતા મૃત્યુ સુધારી. રાજ૦ ૮

ક્રોધાદિ દોષો શમ્યે બને માર્ગાનુસારી,
તત્ત્વજિજ્ઞાસા જાગતાં સદ્ગુરુ ઉપકારી. રાજ૦ ૯

સદ્‌ગુરુ-સેવાથી બને સત્શ્રુતરસ-ધારી,
જીવ-અજીવના ભેદ બે, ગુરુ-ગમે વિચારી. રાજ૦ ૧૦

ભેદજ્ઞાની બની જાણતો : જીવ, પુદ્‌ગલ ભિન્ન;
પરભાવો સૌ ત્યાગીને રહે સ્વરૂપે લીન. રાજ૦ ૧૧

નિત્ય ગણે તે જીવને પુદ્‌ગલ-પિંડ અનિત્ય,
જીવ અમૂર્તિક જાણતો મૂર્તિક પુદ્‌ગલ-કૃત્ય. રાજ૦ ૧૨

અચળ જીવ-સ્વરૂપ ને પુદ્‌ગલ-પિંડ ફરતાં,
ચેતન-લક્ષણ જીવ છે, જડ પુદ્‌ગલ તરતાં. રાજ૦ ૧૩

સ્વભાવનો કર્તા બને, વળી ભોક્તા જીવ;
કર્તા-ભોક્તા ભાવનાં બને નહીં અજીવ. રાજ૦ ૧૪

દેહાદિ સંયોગમાં ભેદજ્ઞાની ઉદાસી,
ઉર વૈરાગ્યજળે ઝીલે સદા આત્મ-ઉપાસી. રાજ૦ ૧૫

સ્વ-પર-આત્મહિતાર્થનું આત્મ-લક્ષ્યે જ બોલે,
શબ્દોચ્ચાર થયા છતાં ગણ મૌનને તોલે. રાજ૦ ૧૬

વર્ષો સાડા બાર જે **વીર** મૌન રહ્યા તે
શબ્દ વૃથા નહિ ઉચ્ચરે, કર્મભાવ ગયા છે. રાજ૦ ૧૭

અહંભાવ નહિ ઉદયે રહ્યા સાક્ષી-ભાવે,
પુદ્‌ગલમય શબ્દો વિષે નહિ મમતા લાવે. રાજ૦ ૧૮

બોલે પણ નહિ બોલતા કેમે ન બંધાતા,
આહાર અર્થે જાય તે ખાય તો ય ન ખાતા. રાજ૦ ૧૯

એ આશ્ચર્યકારી કલા વિરલા કોઈ જાણે;
વીર સમાન એ મૌનથી અહીં શિવસુખ માણે. રાજ૦ ૨૦

★

આગમ-આધારે કહ્યું; હવે જો વ્યવહારે :
હલકા જન બહુ બોલતા, મૌન મોટા ધારે. રાજ૦ ૨૧

'નન્નો નવ દુઃખો હણે' ટળે સહજ ઉપાધિ,
જન જન સાથે બોલતાં વધે મનની આધિ. રાજ૦ ૨૨

વધે પ્રતિબંધ, વેર ને ટળે ચિત્તની શાંતિ;
જન-સંસર્ગ તજી ચહે યોગી ભાગવા ભ્રાંતિ. રાજ૦ ૨૩

વળી વિચારે યોગીઓ : ધ્યેય મુખ્ય અયોગી,
વચન યોગથી બંધ છે, મૌન બહુ ઉપયોગી. રાજ૦ ૨૪

સજ્જન સંસારે રહ્યા મૌન સારું માને,
મૈથુન-મુંડન-ભોજને, મળ-મૂત્રને સ્થાને. રાજ૦ ૨૫

દીપક પરમાત્મા રૂપી પ્રગટે ઝટ પોતે,
બાહ્ય-અભ્યંતર વાણી જો તજી, અંતર ગોતે. રાજ૦ ૨૬

ક્ષોભ ટળ્યે મન-વાણીનો નિજ રૂપ જણાયે,
સ્થિર જળે મુખ દેખિયે, દૃષ્ટાંતે ભણાયે. રાજ૦ ૨૭

સમજાવે યોગીજનો નિજ મનને નિત્યે :
'ઇંદ્રિયના વિષયો વિષે ભટકે કેમ પ્રીતે? રાજ૦ ૨૮

કહે, કદી હિતકારી જો નિજ આત્માને અલ્પ,
શ્રમ વૃથા શાને કરે ? (તજ) ભૂલ સંકલ્પ-વિકલ્પ. રાજ૦ ૨૯

રોષ, તોષ, સંકલ્પ સૌ મૂકવાથી મુક્તિ,
શી બાધા તજતાં તને?' એવી યોજે યુક્તિ. રાજ૦ ૩૦

'ઉપદેશું હું અન્યને' 'મને કોઈક બોધે,'
બાહ્ય વિકલ્પો એ તજી, કેમ શાંતિ ન શોધે? રાજ૦ ૩૧

અસંગ ભાવ ન ઊપજે, કરો કલ્પના કોટિ,
સત્સંગથી જ પમાય છે, બીજે થશો ન ખોટી. રાજ૦ ૩૨

☆
☆☆

# ૩૯

# શરીર

(રાગ—જગત દિવાકર શ્રી નમીશ્વર સ્વામ જો,
તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો.)

★

જીવ્યા જીવન **રાજચંદ્ર** ભગવાન જો,
અશરીરી ભાવે દુષમ આ કળિકાળમાં રે લો;
રહે ન જેને દેહધારી રૂપ ભાન જો,
અવિષમ ઉપયોગી એ ગુરુ રહો ખ્યાલમાં રે લો. ૧

શરીર શું? તે શી શી ચીજનું સ્થાન, જો,
મૂળ તપાસીને નિર્ણય કરવો ઘટે રે લો;
કાયા-માયામાં જીવ તો ગુલતાન જો,
કાયાની ચિંતા શાને હજી ના મટે રે લો? ૨

જનની-રુધિર સહ વીર્ય પિતાનું બીજ જો,
ગર્ભ વિષે આહાર પ્રથમ આ જીવનો રે લો;
ગંદા સ્થાને શરીર રચે એ ચીજ જો,
પ્રવાહી પરપોટો પહેલો ત્યાં બન્યો રે લો. ૩

કાળ જતાં તે માંસ-પેશી રૂપ થાય જો,
શિર, કર, ચરણ તણા અંકુર ત્યાં ફૂટતા રે લો;
ઇન્દ્રિય-રચના આપોઆપ રચાય જો,
આંખ, કાન, નાકાદિ અવયવ ઊગતા રે લો. ૪

જનની-જઠરે રસ ઝરતો પિવાય જો,
કૃમિગણ સહ એ કેદ-દશા લ્યો ચિંતવી રે લો;
અતિ અંધારે જીવ ઘણો પીડાય જો,
દશા પરાધીન નવ મહિના સુધી ભોગવી રે લો. ૫

પ્રસવ-કાલ પણ નિજ-પર-પીડા રૂપ જો,
માતાની પણ ઘાત ગઈ જન માનતા રે લો;
સંકુચિત દ્વારે નીકળતાં દુઃખ જો,
ગર્ભ-કેદથી અનંતગુણું બુધ જાણતા રે લો. ૬

બાળ-અવસ્થાનાં દુઃખ તો પ્રત્યક્ષ જો,
ભૂખ, તરસ કે દરદ કંઈ કહી ના શકે રે લો;
રોવું, જોવું, રમવું ધૂળમાં, લક્ષ જો,
વિવેક વિના એ બાળવયે શુભ શું ટકે રે લો ? ૭

રોગ જવા, ન થવાની દવા દરરોજ જો,
પાય પરાણે બાળકને કકળાવીને રે લો;
મોત તણી અણી જાણી ઘણી કરી ખોજ જો,
દેતા ડામ; ઊંઘાડે અફીણ ગળાવીને રે લો. ૮

શિક્ષક, વડીલ, સગાં, સરખાંનો તાપ જો,
સહન કરી યુવાવસ્થાએ પહોંચતો રે લો;
ધન-ઉપાર્જન, વિષય, વ્યસનનાં પાપ જો,
નિંદ્ય દૃષ્ટિ, ઉન્માદ, ફિકરમાં ખૂંચતો રે લો. ૯

સફળ, અફળ ગડમથલ તણી ઘટમાળ જો,
ફેરવતાં જુવાની અચાનક વહી ગઈ રે લો;
જરા મરણની દૂતી સરખી ભાળ જો,
શ્વેત કેશ રૂપ મરણ-ધ્વજા રોપી રહી રે લો. ૧૦

કર્ણ સહે નહિ થાતું તુજ અપમાન જો,
દુષ્ટ દશા તુજ નયન નહીં દેખી ખમે રે લો;
કંપે કાયા મરણ-ભય અનુમાનીં જો,
લડથડિયાં ખાતો દુ:ખમાં દિન નિર્ગમે રે લો. ૧૧

ઘણા રોગનો દુર્બળ દેહે વાસ જો,
પછી પથારીવશ પણ પડીં ર્‌હેવું પડે રે લો;
નાનાં મોટાં સૌને દેતો ત્રાસ જો,
દિન દિન દેહે દુ:ખ અતિશય સાંપડે રે લો. ૧૨

જન્મ થકી પણ મરણ વખતનાં દુ:ખ જો,
કહે અનંતગુણાં જ્ઞાની જન જોઈને રે લો;
ભલભલા ભૂલીં ભાન બને ય વિમુખ જો,
શુદ્ધ સ્વરૂપે ટકતી સ્થિરતા કોઈને રે લો. ૧૩

શેરડીંના રાડા સમ જીવન જાણ જો,
થડિયું ભોગ-અયોગ્ય કઠણ ગાંઠો ઘણી રે લો;
ટોચ તરફનો સાંઠો મોળો છાણ જો,
વચમાં રાતો રોગે જો છિદ્રો ભણી રે લો. ૧૪

તે પણ બાળ ચીંરીને ચૂસી ખાય જો,
મીંઠાશની આશાથી દાંત દુખાડતો રે લો;
મોળા રસથી મુખ પણ બગડી જાય જો,
તેમ વિષય-શ્રમ જીંવને દુખમાં પાડતો રે લો. ૧૫

અસાર એવી શેરડીં સમ આ દેહ જો,
બાળ વયે આપદ ઉપરાઉપરી ઘણી રે લો;
જરા અવસ્થા નીરસ નિ:સંદેહ જો,
યૌવન વય ચિંતા રોગાદિથી વણી રે લો. ૧૬

એ સાંઠાની ગાંઠો જો રોપાય તો,
નવી શેરડી સળા વગરની ઊપજે રે લો,
તેમ જીવન જો પરમાર્થે વપરાય તો,
સ્વર્ગ-મોક્ષ-સુખ સુંદર ફળ પણ સંપજે રે લો. ૧૭

ઊંડા ઊતરી સૂક્ષ્મ કરો સુવિચાર જો,
સ્વ-પર-દેહ વિષે વસ્તુ કેવી ભરી રે લો;
નવે દ્વારમાં મલિનતા-સંચાર જો,
કફ, મળ, મૂત્ર, રુધિર ને લીંટ રહી સંઘરી રે લો. ૧૮

ચમાર કુંડનાં કોણ કરે ય વખાણ જો?
ગંદકી કેવી અણગમતી નજરે ચડે રે લો;
માંસ, રુધિર ને હાડ, ચામડાં, છાણ જો,
આંતરડાં ને વાળ વગેરે ત્યાં સડે રે લો. ૧૯

તેવી જ વસ્તુ સુંદર ચામડી હેઠ જો,
દરેક દેહ વિષે છે; જો વિચારીએ રે લો,
તો કાયા સમજાય જગતની એંઠ જો;
દેહ-મોહ એવા વિચારે વારીએ રે લો. ૨૦

વળી વદનમાં દાંત તણાં છે હાડ જો,
વમન, વિષ્ટા, વાળ જરી જુદાં જુઓ રે લો;
રોગ-ભરી વળી રોમ-કંટકની વાડ જો,
દેહ વેદનામૂર્તિ ત્યાં શું સુખે સૂઓ રે લો? ૨૧

એક શ્વાસ લેતાં લાગે જે કાળ જો,
તેમાં સત્તર વાર જનમ-મરણો કરે રે લો,
ધરી ધરી દેહ તજે, દુઃખની ઘટમાળ જો,
એમ અનંત સહ્યાં દુખ તે જીવ ના સ્મરે રે લો. ૨૨

દેવ, નરક કે પશુ, નર ગતિની કાય જો,
અપરાધી જીંવને પૂરવાની કેદ છે રે લો;
નજરકેદ સમ દેવગતિ સમજાય જો,
નૃપ આદિના મનમાં બેહદ દુઃખ છે રે લો. ૨૩

શાહુકારની કેદ સમી નર-કાય જો,
સરખે-સરખા ઘણા મળે, મન ત્યાં ઠરે રે લો;
લાગ મળે તો છુટકારો પણ થાય જો,
છૂટવાનો ઉદ્યમ કરતાં કારજ સરે રે લો. ૨૪

ગાંડા જનની જેલ સમી પશુ-કાય જો,
કોઈક સમજું દવા વડે થઈ જાય છે રે લો;
ઘણાં બિચારાં દુઃખ વિષે રિબાય જો,
નિર્દય જનનાં શસ્ત્ર વડે છેદાય છે રે લો. ૨૫

નરક ગતિ તો દુખદ સખત અતિ કેદ જો,
પે'રો જબરો તેના ઉપર રાખતા રે લો;
મહા અપરાધી કરે કાયનો છેદ જો,
રાત-દિવસ ક્રૂરતા કરતાં નહિ થાકતા રે લો. ૨૬

બહુ પુણ્ય પુંજથી માનવ-કાય પમાય જો,
દુખ-દરિયો તરવાની નૌકા તે ગણો રે લો;
અનિયત કાળે અચાનક તૂટી જાય જો,
તે પહેલાં ચેતી લ્યો કાળ હજી ઘણો રે લો. ૨૭

શરીર-રચના પાંચ પ્રકારે મૂળ જો,
સ્થૂલ શરીર ઔદારિક પશુ, નર ધારતા રે લો;
દેવ, નારકીને વૈક્રિય અનુકૂળ જો,
અનેક આકારે કાયા પલટાવતા રે લો. ૨૮

સર્વ શરીરમાં તૈજસ ને કાર્માણ જો,
સૂક્ષ્મરૂપે બે શરીર સદા સંસારીને રે લો;
તૈજસથી કાંતિ કાયામાં જાણ જો,
કર્મસમૂહ કાર્માણ શરીર છે, ધારી લે રે લો. ૨૯

મુનિ મહાત્મા લબ્ધિધારી હોય જો,
સંશય પડતાં શરીર મનોહર મોકલે રે લો,
તીર્થંકર કે કેવળી પાસે કોય જો,
આહારક કાયા તેને જ્ઞાની કળે રે લો. ૩૦

પંચ પ્રકારે બંધન સર્વ શરીર જો,
તેથી જુદો જીવ સદાય વિચારવો રે લો;
અનિત્ય કાયા, જીવ ટકનારો સ્થિર જો,
ગુરુગમથી તે શુદ્ધ, નિરંજન ધારવો રે લો. ૩૧

પુદ્ગલ પરમાણુનાં પાંચ શરીર જો,
ક્ષણે ક્ષણે પલટાતાં પરરૂપ લેખવે રે લો;
સૌ સંયોગો ગણી તજે તે વીર જો,
જ્ઞાન-શરીર છે નિજનું નિજ રૂપ દેખવે રે લો. ૩૨

☆
☆☆

# ૪૦
# પુનર્જન્મ

(અનુષ્ટુપ)

★

લેવો નથી પુનર્જન્મ એવી જે દૃઢતા ધરે;
**રાજચંદ્ર** ગુરુ એવા સેવવા મન આદરે. ૧

જાણ્યા પૂર્વ ભવો જેણે જાતિ-સ્મરણ જ્ઞાનથી,
તેની કૃપા વડે બોલું, સંત-દર્શિત સાનથી. ૨

સંત શ્રી **લઘુરાજે** ય જાણી પૂર્વ ભવો કહ્યું :
'વર્તે આનંદ, આનંદ; સત્શ્રદ્ધા થકી એ લહ્યું.' ૩

ધરે ઉત્કૃષ્ટ સંવેગ તેને તે જ્ઞાન સંભવે,
પ્રત્યક્ષ જ્ઞાન યોગે તે જાતિ-સ્મૃતિ અનુભવે. ૪

સત્સંગે સત્ય સુણી કો ભૂત ભવાદિ ભાળતાં,
પૂર્વ પરિચયાદિથી ઓળખી લે નિહાળતાં. ૫

વર્તમાને વળી વાંચ્યું પત્રોમાં, કો કુમારિકા
જાતિ-સ્મૃતિવતી જીવે, **દિલ્લી**ની એ કથનિકા. ૬

**મથુરા**માં પતિ તેનો પૂર્વનો દેખી ઓળખે,
ગુપ્ત વાતો સુણી સાચી; પુનર્જન્મ જનો લખે. ૭

અવધિજ્ઞાની જાણે છે ભાવિ ભવો બીજા તણા,
મનઃપર્યયવંતો ય ભવ-ભાવો ભણે ઘણા. ૮

કેવલજ્ઞાની તો સર્વ વિશ્વ ત્રિકાળ દેખતા,
ભવો જાણે અનંતા તે વિશ્વ નાટક લેખતા. ૯

પૂર્વે જીવ હતો તે છે, ભવિષ્યે પણ જીવશે,
પ્રતીતિ જ્યાં સુધી આ'વી આવી ના ત્યાં સુધી થશે—૧૦

પ્રયત્નો ધર્મ માટે તે, લૂલા, શંકાભર્યા સદા,
કર્યા કરે છતાં જીવો પામે ના સિદ્ધિસંપદા. ૧૧

છે પુનર્જન્મ નિઃશંક, એવું જેણે નથી લહ્યું,
પ્રત્યક્ષે કે પરોક્ષે તો આત્મજ્ઞાન નથી થયું. ૧૨

પૂર્વની સ્મૃતિ પામીને જેને પ્રત્યક્ષ આ થયું,
તે શ્રીમદ્ **રાજચંદ્રે** આ શ્રુત-જ્ઞાનાશ્રિત કહ્યું. ૧૩

પરોક્ષે પણ માને જે પુરુષ-પ્રતીતિ-બળે,
પ્રત્યક્ષ જ્ઞાન પામે તે, સત્સાધનની સાંકળે. ૧૪

દીઠો નથી ય સન્માર્ગ, તેને જો દેખતો મળે,
સુણી, શ્રદ્ધા કરી, ચાલે, તેની દુર્ગમતા ટળે. ૧૫

તેમ જ તે મહાત્માનાં વચનામૃતથી થશે—
પુનર્જન્મ-પ્રતીતિ, તો અનાદિ અંધતા જશે. ૧૬

કહે કોઈ : "હતો પૂર્વે, તો તેને યાદ તો નથી;
હતો એવું ય ના જાણે, મનાયે કેવી રીતથી?"૧૭

કહે જ્ઞાની : "હતો ગર્ભે, જન્મ્યો તે કેવી રીતથી,
બાળક્રીડા વિના-વાચા કરી તેની સ્મૃતિ થતી?"૧૮

કોઈને અલ્પ છે યાદ, કોઈને જરી યે નથી,
તેમ પૂર્વ ભવો યાદ રહે કે વિસ્મૃતિ થતી. ૧૯

છોડતાં પૂર્વનો દેહ આસક્તિ બાહ્ય વાતમાં,
અંત સુધી રહે જેને વળી નૂતન ગાત્રમાં- ૨૦

આસક્તિ ગાઢ છે તેથી વિસ્મૃતિ પણ તેવી છે;
મૃત્યુની વેદના ભારે, સૌને ભાન ભુલાવી દે. ૨૧

ગર્ભાવાસ વળી તેવો દુઃખદાયક જાણવો,
મૂઢતા વય નાનીમાં, સ્નેહ દેહ વિષે નવો. ૨૨

પૂર્વ પર્યાયની સ્મૃતિ કરવા અવકાશ ક્યાં?
તેથી પૂર્વ ભવો ભૂલ્યો, રહ્યો રાચી વિનાશ જ્યાં. ૨૩

યોગથી, શાસ્ત્રથી કોઈ, કોઈ *સે'જ સ્વભાવથી,
'છે પુનર્જન્મ' એ સિદ્ધિ પામે આત્મ-પ્રભાવથી. ૨૪

જડ, ચૈતન્ય બે જુદાં; ચૈતન્ય ઉપયોગી છે,
જડ જાણે નહીં કાંઈ; દ્રવ્યો સૌ અવિનાશી છે. ૨૫

અશુદ્ધ ઉપયોગી જે જીવ કર્મ ગ્રહી રહ્યો,
અપૂર્ણ પદમાં તે છે, છદ્મસ્થ પણ તે કહ્યો. ૨૬

શુદ્ધ, પૂર્ણ ઉપયોગી, પરમાત્મા સ્વભોગી છે;
કલ્પનાયુક્ત અજ્ઞાની અશુદ્ધ ઉપયોગી તે. ૨૭

અશુદ્ધ ઉપયોગીનાં પરિણામ વિપર્યય;
સમ્યક્ જ્ઞાન વિના ક્યાંથી પુનર્જન્મ-સુનિશ્ચય? ૨૮

વિપર્યયપણું શાથી? વિચારી ભૂત કાળ જો—
પળે પળ હઠી પાછો, મૂળ કારણ ભાળતો. ૨૯

દૃઢ સંકલ્પ કીધો કે સ્ત્રી ચિંતવવી આજ ના;
પળો પાંચ પૂરી થાતાં ઊઠી સ્ત્રીની જ કલ્પના. ૩૦

પૂર્વ કર્મો તણું જોર, પુરુષ વેદ તે ગણો;
ભૂતકાળે કર્યું કર્મ, ગણો વિપાક તે તણો. ૩૧

કર્મને અનુપૂર્વીએ વિચાર્યે ભૂલ નાસશે;
પુનર્જન્મ અનુમાને સત્ય સિદ્ધાન્ત ભાસશે. ૩૨

* સહજ

ભૂખે, દુઃખે રડે બાળ, ધાવતાં પણ આવડે,
પૂર્વના સર્વ સંસ્કારો, શીખવું તેથી ના પડે. ૩૩

સર્પને મોર મારે છે, કેસરી હસ્તિને હરે,
બિલાડી ઉંદરો મારે; જાતિ-વૈર ન વીસરે. ૩૪

વિદ્યા શીખે વિના ગોખ્યે, સંસ્કારી પૂર્વના સહુ;
પુનર્જન્મ પ્રતીતિનાં દૃષ્ટાંતો મળતાં બહુ. ૩૫

પુનર્જન્મ તણી શ્રદ્ધા કરે નિર્ભય જીવને;
મૃત્યુથી યે ડરે ના તે, ઇચ્છે શિવ સદૈવ તે. ૩૬

ધર્યા દેહો ઘણા, છોડ્યા તોયે જીવ નથી મર્યો;
તો આ દેહ છૂટે ત્યારે મરે ના, નિશ્ચય કર્યો. ૩૭

જીવ નિત્યસ્વભાવી છે, જન્મ-મૃત્યુ ન તેહને,
જરા, વ્યાધિ, પીડા, પાક, છેદ-ભેદાદિ દેહને. ૩૮

પુણ્ય-પાપ કરેલાં જે પૂર્વનાં આજ ભોગવે;
આ ભવે જે કરે તેનાં ફળો ભોગવશે હવે. ૩૯

પાયો સદ્‌વર્તન કેરો પુનર્જન્મ-પ્રતીતિ છે,
દાન, ધર્મ ટકે તેથી દીર્ઘ દૃષ્ટિ, સુનીતિ તે. ૪૦

☆
☆☆

# ૪૧
# પંચ મહાવ્રત વિષે વિચાર

(હરિગીત)

★

વિનય સહિત મુજ શીર્ષ શ્રી ગુરુ રાજના ચરણે નમે,
સૌ કર્મ કાપે જે મહાવ્રત ત્યાં સદા વૃત્તિ રમે;
એ સફળ દિનને દેખવા, પરમેષ્ઠીપદને સ્પર્શવા,
સદ્ગુરુ-ચરણ ઉપાસવા ભાવો ઊઠે ઉર અવનવા. ૧

નિશદિન સહજાત્મસ્વરૂપ-વિચારના વ્યાપારમાં,
સુજ્ઞાન-સુધ્યાને રમે મુનિવર પરમ આચારમાં;
જે દેહદૃષ્ટિ દૂર કરીને પરમ તત્ત્વે લીન છે,
વળી શુદ્ધ ભાવે સિદ્ધ સમ ગણી સર્વને, રહે દીન તે. ૨

★

શ્રદ્ધા છ પદ, નવ તત્ત્વની વા સર્વ દ્રવ્ય સ્વભાવની,
ને જ્ઞાન નિજ-પર-રૂપનું સત્શ્રુત-પ્રાપ્તિ પાવની;
યમરૂપ પાંચ મહાવ્રતો, આચારરૂપ ચારિત્ર જ્યાં,
વ્યવહાર-રત્નત્રય ગણો ભેદોપચારે વાત ત્યાં. ૩

સ્વસ્વરૂપ-શ્રદ્ધા-જ્ઞાન-ચરણે ભાવના શુભકારિણી,
નિરુપચારે રમણતા નિજ ભાવમાં હિતકારિણી;
કારણ વડે જ્યાં કાર્ય સાધ્યું સ્વ-સ્વરૂપનું સહજ જ્યાં,
ચારિત્ર ઉત્તમ, આત્મરૂપની એકતા ને સમજ ત્યાં. ૪

★

વ્યવહારથી પાંચે મહાવ્રત આત્મ-ઉપકારી કહ્યાં,
સમકિત સહ આરાધતાં શિવ-સૌખ્ય-હેતુ તે લહ્યાં;

કુલ, યોનિ જીવ-સમાસ આદિ સ્થાન જાણી લ્હાવ લે,
આદિ-મહાવ્રત આદરે, આરંભ ત્યાગી સર્વ તે. ૫

ત્યાં પૂર્ણરૂપે છે અહિંસા પરમ ધર્મ બધા ગણે,
આરંભ અણુ પણ ત્યાં નહીં, આશ્રમ પરમજ્ઞાની ભણે;
નિર્ગ્રંથતા ધરતા મુનિવર પરમ કરુણારસ ભર્યા,
ના ધર્મસાધનમાં ય મમતા, મૃગસમી ચર્યા વર્યા. ૬

સ્થાવર અને ત્રસ જીવને ત્રણ લોકમાં જીંવતા સુધી,
હણવા પ્રમાદે ના કદી ત્રિકરણ-યોગ-પ્રયોગથી;
આવું મહાવ્રત છે અહિંસા; મુખ્ય એ મતિ લાવવી,
આદિ-મહાવ્રત સ્થિર કરવા ભાવના આ ભાવવી : ૭

[1]વાણી અને [2]મન-ગુપ્તિ, સમિતિ [3]ચાલવે, [4]લેવે-મૂંક્યે,
[5]આહાર-પાન વિલોકી લે—એ પાંચ રીતિ ના ચૂંકે.
જીંવતાં સુધી નવ લેશ જૂઠું કદી પ્રમાદે બોલવું,
મૃષા-વિરતિ બીજું મહાવ્રત પૂર્ણતાથી પાલવું. ૮

[1]અવિરુદ્ધ વચનો વદ વિચારી, વિવેકી ના સહસા વદે,
જીંત તું [2]ક્ષમાથી ક્રોધ, નહિ તો સત્ય હણશે સાવ તે;
વળી [3]લોભવશ વેચાઈ જાશે સત્ય, સંતોષી થજે,
ગણી [4]હાસ્ય-ભય[5] દ્વય સત્ય-શત્રુ જીત શાંતિ-ધીરજે. ૯

બીજું મહાવ્રત સત્ય પોષે પાંચ આવી ભાવના!
પરમાર્થ સત્ય ચુકાય ના, વા પામવાની કામના;
વ્યવહાર સત્ય સદાય વદ, વ્યવહાર વિણ પરમાર્થ ક્યાં ?
નિઃશલ્ય ને નિશ્ચિંત ચિત્તે વર્તી, વસ આત્માર્થમાં. ૧૦

પરમાર્થ સમ્યક્ દર્શને પરમાર્થ સત્ય વદાય છે,
આત્માર્થી અન્ય પદાર્થ વદતાં ભિન્ન ભાન રખાય છે;
ઉપયોગ નિશ્ચય સત્ય પર ધરીને વદે મુનિ વચન જે
પ્રિયકારી ને હિતકારી, વૃત્તિ-શમન-પૂરતું સૂચન તે. ૧૧

બોલે પ્રયોજન વગર ના તે મૌન અથવા મુનિપણું,
વસ્તુસ્વરૂપ વદે મુનિ, તજી રાગ-રોષાદિ ઘણું,–
તો યે ગણો તે મૌન; તીર્થંકર સમાએ આદર્યું,
જો વર્ષ સાડા બાર સુધી **વીર**નાથે પણ ધર્યું. ૧૨

તૃણ, માટી સરખી કોઈ ચીજ આપ્યા વિના લેવી નહીં,
ના લેવરાવવી અન્ય પાસે, લીધી ઠીક ગણવી નહીં;
જીવતા લગી ત્રણ લોકમાં, ઉપયોગથી ત્રિયોગથી,
ત્રીજું મહાવ્રત આ અદત્તાદાન કેરા ત્યાગથી. ૧૩

[૧]કલ્પે ન સ્થાન અદત્ત તેથી શૂન્ય ઘર શોધી રહે,
[૨]ઉજ્જડ જગા કે તૃણ પણ આપ્યા વિનાનું ના ગ્રહે;
[૩]યાચેલ ઘરમાં અન્ય મુનિને આવતાં ના રોકવો,
કે કાઢી મૂકે કોઈ તો માલિકીભાવ ન રાખવો. ૧૪

[૪]દોષિત ભિક્ષા ચોરી ગણી, દોષો તજી આહાર લે,
[૫]સૌ ક્લેશ તજી સાધર્મી સાથે સંપી સેવા-ધન રળે;
ત્રીજા મહાવ્રત કેરી પાંચે ભાવના શુભ ભાવતા,
સૌ સંતપુરુષો તો સદા નિઃસંગતા રેલાવતા. ૧૫

જે કર્મ બાંધે એ જ પર ચીજ વગર આપ્યે સર્વ લે,
એવા વિચારે બંધને અટકાવતા સંવરબળે;
ઉપયોગથી જીવતા લગી મૈથુન ક્યાંય ન સેવવું,
ને કામભાવ હઠાવી મૈથુનત્યાગ-પરિણામી થવું. ૧૬

ચોથું મહાવ્રત બ્રહ્મચર્ય બ્રહ્મજ્ઞાની મુનિ ધરે,
ત્રિકરણ યોગે પાળતાં તે સિંહવૃત્તિ આદરે;
તેમાં થવા સ્થિર ભાવના પાંચે ય ભાવે આદરે :
[૧]સ્ત્રી-પશુ-નપુંસક-વાસવાળા સ્થાનમાં ના ઊતરે. ૧૭

[૨]સ્વ-શરીર-સંસ્કારે ન રાચે, નારી-અંગ ન નીરખે,
[૩]ના પૂર્વ રતિ-સુખને સ્મરે, વિષ વિષયનું વ્યાપે, રખે!

[૪]કામોદ્દીપક ને ઇષ્ટપુષ્ટ રસો તજે વૈરાગ્યથી,
[૫]સ્ત્રી-રાગ-વર્ધક વાત કદી ભાખે-સુણે ના રાગથી. ૧૮

સુંદર સ્વપર વપુ નીરખતાં વૃત્તિ કુતૂહલવશ ઠરે,
કે કામપીડા તીવ્ર ઉદયે જન્મતી ઝટ સંહરે;
સંભારી મુનિ નિજ સહજ આત્મા ના નિમિત્તાધીન બને,
ને ઊગરે જ્ઞાની ગુરુનાં વચનના આલંબને. ૧૯

બન્ને પરિગ્રહને તજી હું નવીન સંગ્રહ ના કરું,
કે ના કરાવું, ના અનુમોદું; સદા એ અનુસરું–
ઉપયોગથી ત્રિયોગ-શુદ્ધિ નિર્મમત્વે આદરું,
પંચમ મહાવ્રત આ પરિગ્રહ-ત્યાગનું અતિ આકરું. ૨૦

તે વ્રત ટકાવે ભાવના પાંચે વિષય-વિરાગતા :
[૧]ના દ્વેષ કર કુશબ્દ પર, સુશબ્દ પર કર રાગ ના;
[૨]સૌન્દર્ય પર કર રાગ ના, ના દ્વેષ ધર માઠા રૂપે;
[૩]દુર્ગંધથી કંટાળ ના, ના થા પ્રસન્ન સુગંધ પે. ૨૧

[૪]ધર ના રતિ રસમાં અતિ, અરતિ ન નીરસતા પ્રતિ,
[૫]ને રાગ કર ના મધુર સ્પર્શે, ખીજ નહિ માઠે અતિ;
સમભાવ સર્વે સ્થિતિમાં સાચા મુનિ તો સાચવે,
પ્રતિકૂળ ને અનુકૂળ પરિષહમાં ધીરજ ખરી દાખવે. ૨૨

ના ભવ્ય ભવ-ભીરુ પરિગ્રહ-વ્યંતરીને પોષશે,
સદ્ગુરુ-બોધ-સુમંત્ર-યોગે વાસના વિનાશશે;
જે અચલ નિરુપમ મુક્તિ-સુખમાં લક્ષ સાચો જોડશે,
ભવચક્રના આંટા અનાદિ સહજમાં તે તોડશે. ૨૩

તે ગાત્ર-માત્ર-પરિગ્રહી કદી રાત્રિ-ભુક્તિ ન પોષશે,
પ્રારબ્ધ-આધીન શુદ્ધ ભોજન નીરસ લઈ તન શોષશે;
તનયંત્રને ઊંજણ સમો આહાર એક જ વાર લે,
એવા નીરાગી જૈની યોગીઓ મહાવ્રત-ભાર લે. ૨૪

☆

# ૪૨

# નિર્દોષ નર—શ્રી રામ

## ભાગ-૧

(રાગ—સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ-પદ-સેવાથી શુદ્ધ જ્ઞાન થશે.)

★

જે જગમાં લેપાયા નહિ, શૂરવીર બીજા શ્રી **રામ** સમા,
ધૃતિ અચલ ધરી **રાજચંદ્ર** ગુરુ નિશદિન સેવે સ્વરૂપ રમા;
મુજ મન તે શ્રી **રાજચંદ્ર**ના ચરણકમળમાં લીન રહો,
વારંવાર કરું હું વંદન ગુરુ-ભક્તિ મુજ માંહિ વહો. ૧

★

શ્રી **રામ-લક્ષ્મીધર**ની સુંદર કથા કહું સંક્ષેપ કરી,
મહા પુરુષોએ વિસ્તારે કહી રામાયણ ગ્રંથ ભરી.
ભરત ક્ષેત્રમાં મલય દેશના **રત્નનગર**માં રાજ્ય કરે,
**પ્ર**જાપતિ નામે નૃપતિ; નૃપપુત્ર **ચં**દ્રચૂલ નામ ધરે. ૨

મંત્રી-પુત્રનું નામ **વિ**જય, યુવરાજ ઉપર બહુ પ્રેમ ધરે,
લાડકવાયા બન્ને ઉદ્ધત, સ્વચ્છંદી થઈ ફર્યા કરે.
નગરશેઠ **કુ**બેરની કન્યા **દત્ત** શેઠને વરવાની,
રાજકુમારે રૂપ-પ્રશંસા સુણી કરી મતિ હરવાની. ૩

તૈયારી જાણી કુબેરે પ્રજાપતિને અરજ કરી;
કુમારને ફાંસીની આજ્ઞા નૃપે કરી નિજ ફરજ સ્મરી.
નગરજનો સાથે મંત્રી નૃપ પાસે જઈ નમી વાત કરે :
''બાળપણાથી કૃત્યાકૃત્ય-વિવેક બાળકો કેમ વરે? ૪

વિનય, સુનીતિ સુત શીખ્યો ના, વાંક આપણો પણ જાણો,
કુમાર નથી દુર્બુદ્ધિ તેમ જ બુદ્ધિમાન હજી શાણો;

વધ શિક્ષાને યોગ્ય નથી તે, હજી શિખામણ-યોગ્ય ગણો,
ન્યાયમાર્ગ ચલાવા ધારો, કાપી કોપ નીતિ-માર્ગ તણો. ૫

વળી વંશમાં એક જ એ સંતાન હણો નહિ, એ અરજી,
પ્રજા સર્વ મળી યાચે છે : 'અમ ભાવિ ભૂપ દ્યો, કરી મરજી.'
વળી કલંક સદાને માટે શિર પર એવું ધરો નહીં
કે લોકોની ઘણી વિનતિ છતાં ક્રૂરતા ટકી રહી.'' ૬

વાત સુણી મંત્રીની નૃપતિ નિજ-ઉર-નિશ્ચય પ્રગટ કરે :
''અનુચિત અરજ સ્વીકારી શકું નહિ, રાજફરજ મુજ શિર પરે;
સ્નેહ, મોહ, આસક્તિ, ભય વશ ન્યાય-માર્ગ જો નૃપ ચૂકે,
રાજ-સેવકો, પ્રજાજનો સૌ સગવડ શોધી, નીતિ મૂકે. ૭

દક્ષિણ કર પણ દુષ્ટ હોય નિજ, નૃપ કાપી ફેંકી દેતા,
કૃત્યાકૃત્ય-વિવેકરહિત નૃપને સૌ મૂર્ખ ગણી લેતા;
સજ્જન-પાલન, દુષ્ટદમન એ નીતિ નૃપની નિત્ય ટકો,
મંત્રી, મહાજન, સમજુ છો તો હવે દુરાગ્રહથી અટકો.'' ૮

પુત્ર-પ્રેમ નહિ પ્રબળ ભૂપમાં સમજી મંત્રી અરજ કરે :
''મહારાજા જો હુકમ કરે તો હું શિક્ષા દઉં મુજ કરે.''
નૃપતિની સંમતિ લઈ મંત્રી **વિજય-ચંદ્ર** સહ પરવરતા,
**વ**નગિરિ પર જઈ મંત્રી બોલે : ''મરણ સમીપ છે, નહિ બીતા.'' ૯

રાજકુમાર કહે : ''નહિ ડરીએ; કરે કામ તે કેમ ડરે?
તરસ્યાને શીતળ જળ જેવું મરણ સુણી મુજ ઉર ઠરે.''
આ ભવ પરભવ સુધરે તેવા રસ્તા માટે શિખર પરે
મંત્રી ચાલ્યો ત્યાં ગણધર શ્રી **મ**હાબલ નીરખી નયન ઠરે. ૧૦

વંદન કરી કહે મંત્રી આગમ-કારણ ગણધર મુનિવરને,
જ્ઞાની ગણધર કહે : ''ડરો ના, બન્ને બનશે નરવર તે,
ભવ ત્રીજે બનશે બન્ને એ કેશવ, રામ સુધર્મ ધરી,''
બોલાવી લાવ્યો બન્નેને મંત્રી ઉર ઉલ્લાસ ભરી. ૧૧

ધર્મ શ્રવણ કરી સંયમ ધારે બન્ને વીર, ગણી જન્મ નવો,
જ્ઞાન-ધ્યાનમાં લક્ષ એક લે—ગણધરગુણ ના વીસરવો.
નૃપ પાસે જઈ મંત્રી વીનવે : ''આજ્ઞા આપની પૂર્ણ કરી,
ગિરિ-ગુફામાં લઈ જઈ સોંપ્યા બાળ, અશ્રુજળ નયન ભરી. ૧૨

ઉગ્ર સિંહ-વૃત્તિ મેં નીરખી અતિ તીવ્ર નિજ કાર્ય વિષે,
ધાર્યું કાર્ય થશે આ સ્થળમાં, ઊગી આશા મન-ગગન દિશે;
પછી કહ્યું મેં : 'તજી સુખેચ્છા, ઉર કરો તમ વજ્ર-કઠિન,
ઇષ્ટદેવનું સ્મરણ કરી લ્યો, પરભવ કાજે બનો તલ્લીન.' ૧૩

બન્નેએ ત્યાં ઉત્તર દીધો : 'ફિકર અમારી જરી ન કરો,
દંડ-કષ્ટ ભણી ના જોશો, કર્યાં કર્મનો નહિ ખરખરો;'
પરલોક જવા તૈયાર થયા તે, કામ એમ મુજ પૂર્ણ થયું,
મહારાજ, હું પછી અહીં આવ્યો, થનાર હતું તે થઈ ગયું.'' ૧૪

વચન સુણી મંત્રીનાં નૃપ-મન અતિ આકુલિત વ્યથિત થયું,
પવન વિનાના સ્થળમાં તરુસમ નિશ્ચળ નૃપતન સ્તબ્ધ થયું;
પછી શોક સહ કહે : ''કર્યું તેં કામ કારમું કાળ સમું,
પુષ્પ મનોહર કરમાવી દે તેમ મને એ નથી ગમ્યું.'' ૧૫

અભિપ્રાય રાજાનો જાણી મંત્રી વાત યથાર્થ કહે,
''વનગિરિ પર્વત પર મુનિ-કેસરી નિર્ભય બની વનમાંહિ રહે;
તપચેષ્ટામાં ઉગ્રપણે તે વર્તે ગુરુનાં વચન સુણી,
દીક્ષિત બન્ને બાળ બનીને સાધે પરભવ-કાર્ય ગુણી.'' ૧૬

પ્રજાપતિ સંતુષ્ટ થયો બહુ, સુણી સ્પષ્ટ વચનો બોલે :
''બેય-લોક-હિત-સાધક મંત્રી, મિત્ર ન કોઈ તુજ તોલે.
કુપુત્ર સમાન જ વિષય-ભોગ હું ગણું પાપ-નિંદા-દાતા;
રાજ્યભાર કોઈ વારસને દઈ, શોધું હું ભવ-ભયત્રાતા.'' ૧૭

વનગિરિ જઈ ગણધરપદ પૂજી નૃપ નવદીક્ષિત પ્રતિ કહે :
''ક્ષમા કરો અપરાધ મહા મુજ, રાજકાજ મુજ ચિત્ત દહે.''

કુંવર કહે : ''ગુરુ આપ અમારા, આ ભવ-પરભવ-હિતકારી
સંયમ ધારણ કરાવનારા, લીધા પાપથી ઉગારી.'' ૧૮

પ્રજાપતિ સંયમ ધરી પામ્યા સિદ્ધિ-પદ સૌ કર્મ હણી;
કુમારમુનિ બન્ને વિચરતા ગયા **ખ**ડ્ગપુર-બાગ ભણી.
આતાપન યોગે ઊભા છે તજી કાયા-મમતા બૂરી,
**પુ**રુષોત્તમ નામે નારાયણ, અરિ હણી આવ્યો નિજ પુરી. ૧૯

અનેક નૃપ, વિદ્યાધર, સુર, નર આયુધ દિવ્ય પ્રભાવભર્યાં
નીરખી વૈભવ વાસુદેવનો ચંદ્રચૂલમુનિ-નેત્ર ઠર્યાં;
નિદાન કરે તે : 'તપ-ફળથી નારાયણ-પદ મુજને મળજો,'
બોર મનોહર લેવા બાળક તજે રત્ન અતિ નિર્મળ, જો. ૨૦

આયુ-અંતે આરાધક બની **સ**નત્કુમાર-સુર બેય થયા,
સપ્ત સાગર સ્વર્ગ-સુખો લઈ **દ**શરથનંદન બની ગયા;
મંત્રી-પુત્ર-જીવ **રામ** નામ ધરી, સૂર્ય-વંશ-શણગાર થયા,
રાજ-પુત્ર-જીવ **લ**ક્ષ્મણ નામે બત્રીસ લક્ષણ-યુક્ત કહ્યા. ૨૧

આયુષ તેર હજાર વર્ષનું રામ ધરે એ યુગ વિષે,
બાર હજાર વર્ષોનું લાંબું લક્ષ્મણનું આયુષ્ય દીસે;
રામ કુમાર રહ્યા પંચાવન વર્ષ લગી વિદ્યા ભણતા,
વય પચ્ચાસે લક્ષ્મણને અતિ શક્તિશાળી સૌ ગણતા. ૨૨

**મિ**થિલાપુરીમાં **જ**નક નૃપ હરિવંશ-શિરોમણિરૂપ હતા,
આયુર્વૈદિક યજ્ઞોત્સવ-અભિલાષા એક દિવસ કરતા;
પૂછે મંત્રીને, ''**સ**ગર આદિએ યજ્ઞ કર્યા પૂર્વે તેવા
આ યુગમાં પણ કરવા ધારું, ઉપાય તો કેવા લેવા?'' ૨૩

કહે મંત્રી : ''એ યજ્ઞોમાં વિઘ્નો વિદ્યાધર લોક કરે,
પરાક્રમી દશરથ-નંદન બે તેડો તો સૌ વિઘ્ન હરે.''
જનક કહે : ''મુજ મિત્ર-પુત્રને મળવા પણ મુજ મન તલસે,
પત્ર લખીને દૂત મોકલો; મિત્ર પુત્ર બે મોકલશે.'' ૨૪

દશરથરાય કને દૂત આવ્યો જનકરાયનો પત્ર લઈ,
પત્ર વાંચી નૃપ પૂછે મંત્રી **અતિશયમતિ**ને નામ દઈ;
સમજુ જનનો માર્ગ કહે તે: "પશુ-યજ્ઞો હિંસાકારી,
દાન-પૂજારૂપ યજ્ઞ ધર્મમય; હિંસા દુર્ગતિ દેનારી. ૨૫

પશુ-હિંસા કરી, માંસ-પ્રસાદી દે તે નહિ કદી દાન ગણો,
ક્રૂર દેવદેવીની પૂજા કદી ય નહિ હિતકારી ભણો.
અનાર્યજન જેવી કરણી નૃપ આર્ય-શિરોમણિ કેમ કરે?
લૌકિક વેદ નહીં અવિરોધી પ્રમાણરૂપ, ન માન્ય ઠરે. ૨૬

કર્મભૂમિ-પ્રવર્તક બ્રહ્મા-ઋષભદેવના વેદ વિષે,
ષટ્ દ્રવ્યોનું વર્ણન છે; ત્યાં ત્રિવિધ હુતાશન આમ દીસે:
ક્રોધ, કામ ને ઉદર-અગ્નિ ત્રણ આહુતિ તેમાં દેતા
પરમ દ્વિજ, મુનિ, યતિ વનવાસી આત્મશાંતિ તેથી લેતા. ૨૭

ક્રોધાગ્નિમાં ક્ષમા-આહુતિ, વિરાગ-બલિ કામાગ્નિમાં;
ઉપવાસ આહુતિ હોમે મહામુનિ ઉદરાગ્નિમાં;
શરીર વેદી સમ, તપ અગ્નિરૂપ, ક્રોધાદિક પશુઓ ભાળો,
જ્ઞાનવ્રત આત્મા યજમાન જ, સત્ય યજ્ઞ-સ્તૂપ રૂપાળો. ૨૮

જીવરક્ષારૂપ દ્વિજ-દક્ષિણા, કર્મ કાષ્ઠ, ઘી યોગ ગણો,
સંયમ-વૃદ્ધિ જ્વાળા ભભૂકે, આવા યજ્ઞથી પાપ હણો.
ધર્મ-ગંગ પર પવિત્ર તીરથ બ્રહ્મચર્ય કાશી સમજો,
આવા યજ્ઞ કરે ત્યાં યોગી, મનાય સત્ય સમાગમ જો. ૨૯

ઋષિ-આશ્રય કહી યજ્ઞવિધિ આ, ગૃહસ્થયોગ્ય પણ વર્ણવી છે,
ઉપાસકઅધ્યયને વેદે; અગ્નિ આમ જણાવી છે:
*તીર્થંકર-ગણધર-કેવલધર-તનના અંતિમ સંસ્કરણે
દેવમુકુટથી પ્રદીપ્ત પૂજ્ય જે અગ્નિ ત્રિવિધ તે સુર-યજ્ઞે. ૩૦

* પાઠા૦ તીર્થેશ, ગણેશ ને શેષ કેવલી

યજ્ઞ-કુંડ ત્રણ કરી આહુતિ રૂપ અક્ષત, ફળ, પુષ્પાદિ
ભક્તિથી હોમી દાન દેવું તે ગૃહસ્થયજ્ઞે વિધિ સાદી,
પિતા, પિતામહ સિદ્ધિ પામ્યા, સ્મૃતિ તેની કરવા કરતા,
મંત્રાક્ષર સહ વેદવિધિ, નિર્દોષ આત્મપદ અનુસરતા. ૩૧

દેવયજ્ઞની વળી વિધિ છે દ્રવ્ય, ક્ષેત્ર આદિક ભેદે,
તીર્થંકર-કલ્યાણક પાંચે પુનિત વિધિ વર્ણિત વેદે;
એમ મુનિવર-ગૃહસ્થ-આશ્રિત યજ્ઞ-વિધિ-ફળ આમ કહે :
સાક્ષાત્ મુક્તિ પ્રથમ વિધિથી, પરંપરાએ અન્ય લહે.'' ૩૨

**મ**હાબલ સેનાપતિ બોલે ત્યાં : ''પ્રસ્તુત વિષયે કૈંક ભણું,
પાપ-પુણ્ય ગમે તે હો પણ કુંવર-કસોટી-પ્રસંગ ગણું.''
સેનાપતિની વાત સુણી નૃપ વદે : ''વિચાર કરવા જેવી—
ઘણી અગત્યની વાત ગણું હું, પુરોહિત-સંમતિ લેવી.'' ૩૩

હિત-ઉપદેશ કહે પુરોહિત નિપુણ પુરાણ, નિમિત્ત વિષે :
''જનકયજ્ઞમાં મદદ થતાં તો કુમાર-મહોદય જરૂર દીસે.
સુણ્યા પુરાણે અષ્ટમ **કે**શવ-**રા**મ કુમારો બે ય થશે,
**રા**વણ-વધ કરી ત્રણે ખંડનું અધિપતિપણું તે વરશે.'' ૩૪

પ્રસન્ન થઈ નૃપ દશરથ બોલે : ''ઇચ્છું સુણવા એ જ કથા.''
કહે પુરોહિત : ''કહું ક્ષિતિપતિ હે ! સુણો, કોણ રાવણ સીતા :
ધાતકી ખંડે **ના**કપુરે **ન**રદેવ નૃપ દીક્ષા ધારે,
**અ**નંત ગણધર-બોધ સુણીને તપશ્ચરણ કરતા ભારે. ૩૫

**ચ**પલવેગ વિદ્યાધર-નૃપને દેખી મુનિ નિદાન કરે,
કરી સંન્યાસમરણ સૌધર્મે સુરપદ મુનિનો જીવ વરે,
લંકાપતિ વિદ્યાધર-રાજા **પુ**લસ્ત્ય-પુત્ર મુનિ-જીવ બને,
બાળ જન્મતાં પ્હેરે માળા નવરત્નોની, પડી કને. ૩૬

નવ મુખ તેમાં પ્રતિબિંબિત સૌ દેખી **દ**શાનન નામ ધરે,
ચૌદ સહસ વર્ષોનું જીવન, પ્રતિનારાયણ-પુણ્ય કરે;

વિદ્યા ઘણી સાધી, વિદ્યાધરી **મં**દોદરી સુંદરી પરણે,
એક દિવસ ક્રીડા કરવા તે જાય સતી સહ ગહન વને. ૩૭

**મ**ણિમતિ કન્યા **ચ**પલવેગની તપ કરતી હતી તે જ વને,
વિદ્યા સિદ્ધ થયેલી તેની હરી મોહવશ દશાનને;
'બાર વર્ષ ઉપવાસ કર્યા તેનું ફળ મળતાં વિઘ્ન કરે
તે નરની પુત્રી થઈ તેને મારીશ' એમ નિદાન ધરે. ૩૮

મરણ કરી મંદોદરી-ઉદરે એ જ જીવ આવી ઊપજે,
જન્મ થતાં ભૂકંપન આદિ અતિ ઉપદ્રવ નગરે નીપજે;
નિમિત્ત-નિપુણ જનને પૂછતાં કહે : 'કન્યા રાવણકાળ ગણો,'
ભય પામી નૃપ હુકમ કરે : 'કન્યા દાટી, મુજ મોત હણો.' ૩૯

**મા**રીચને આજ્ઞા મળતાં તે મંદોદરી સતી સમીપ વદે :
'મહારાણી, હું *ઘૃણારહિત છું, ક્રૂર-કર્મ-આજ્ઞા નૃપ દે—
કન્યાને દૂર લઈ જઈ દાટો.' સતી પતિ આજ્ઞા અનુસરે,
પુત્રીને પેટીમાં મૂકી, પત્ર લખી બહુ દ્રવ્ય ધરે. ૪૦

મારીચને સોંપી પેટી મંદોદરી નયને નીર ભરે,
કહે : 'કરુણાળુ ઉર તમારું; પણ મુજ મન નહિ ધૈર્ય ધરે.
તેથી ફરી ફરી વીનવી કહું છું, કન્યાનું રક્ષણ કરજો;
બાધારહિત જગા જોઈને યોગ્ય ભૂમિ વિષે ધરજો.' ૪૧

મિથિલા નગરી સમીપ જઈ તે ખેડૂતના ઘરની પાસે,
પેટી દાટી શોકસહિત, ક્રૂર કર્મે નિર્દય પણ ત્રાસે.
દૈવયોગથી તે જ દિને ઘર કરવા હળથી હદ કરતાં,
ખેડૂતની નજરે પડી પેટી; **જ**નક કને જઈ તે ધરતાં. ૪૨

જનક ઉઘાડે પેટી ત્યાં તો ધન સહ કન્યા-રત્ન રમે,
પત્ર વાંચી વત્સલતા જાગી, રાણી-મન પણ ત્યાં જ નમે;

---

* દયા રહિત, નિર્દય

**સી**તા નામ ધરી ઉછેરી, નિજ પુત્રી સમ પ્રેમ ધરે,
મિથિલા નગરે રામ પધારે તો તે જનક-સુતાને વરે.'' ૪૩

એમ પુરોહિત-સંમતિ મળતાં, રામ અને લક્ષ્મણ સામે
દેખે દશરથ નૃપ પ્રીતિથી, બાળ ગણી સંશય પામે :
'રખે! રાય રાવણ ત્યાં આવે, અકસ્માત્ બહુ મ્લેચ્છ મળે,
કુમારની હિમ્મત શી ચાલે?' રામ કળે તે તર્ક-બળે. ૪૪

રામ કહે : ''મહારાજ, કરો નહિ બાળ ગણી ફિકર કોઈ,
સિંહશિશુ પણ ગજપતિ જીતે, તેમ પુત્ર-જય લ્યો જોઈ.''
ઝાડ ઉપર જે ફળ પાકે તે ડીંટાથી દૂર જેમ થતું,
તેમ પરાક્રમ કાજે નાચે ઉર બન્નેનું થનગનતું. ૪૫

નૃપ લશ્કર સહ બન્ને વીરને વિદાય દે મન કઠણ કરી
ને સંદેશો દેતા દૂતને મિત્ર જનકનો સ્નેહ સ્મરી :
''શૂરવીર છતાં સ્મરી મૈત્રી તમે, અમ સુત-રમત જોજો નીરખી;
વિઘ્ન ભયંકર આવી પડ્યે લખજો, તો આવીશ હું હરખી.'' ૪૬

મિથિલાપુર પહોંચ્યા કે સામે આવી નૃપ સત્કાર કરે;
નગરજનો બહુ કરે પ્રશંસા : ''સીતાયોગ્ય શ્રી રામ ખરે!
પૂર્વ પુણ્યથી વીર નર બન્ને રૂપ-ગુણના ભંડાર લહો,
ઉત્તમ વર-કન્યાના યોગે યાગ યથાર્થ થનાર, અહો!'' ૪૭

થોડા દિનમાં યજ્ઞવિધિ સૌ નિર્વિઘ્ને સંપૂર્ણ થઈ,
લગ્ન કરે શ્રી રામની સાથે સીતા તણી સંમતિ લઈ,
સમાચાર દશરથને મળતાં તેડે વર-વધૂ નિજ પુરમાં,
ઇન્દ્રસમા શ્રી રામ વિરાજે, સ્નેહસહિત સહોદરમાં. ૪૮

☆
☆☆

# ૪૩
# નિર્દોષ નર—શ્રી રામ
## ભાગ-૨

★

માતપિતાને અતિ સંતોષી રામસીતા નિજ નગર વસે;
ભ્રમર-કોયલ-સ્વરવાદ્યો લઈને વસંત ઋતુ આવી વિલસે;
નવીન અંકુરો ધરે વનસ્પતિ, પર્ણ નૂતન રૂપ રંગ ધરે,
લતા *મુકુલિત સ્મિત કરે, કોઈ પ્રફુલ્લ ફૂલે હાસ્ય કરે. ૧

નિર્મળ નભથી ચંદ્ર-ચાંદની નયનાનંદ-જનક વર્ષે,
દક્ષિણ વાયુ પુષ્પપરાગે સરવર-શૈત્યે ઉર સ્પર્શે;
ઋતુરાજ-સુખ દેવા દશરથ લક્ષ્મણ-લગ્ન-વિધિ રચતા,
પૃથ્વીદેવી સહ શત કન્યા પરણાવી ઉત્સવ કરતા. ૨

અવસર દેખી એક દિવસ બન્ને વીર દશરથને વીનવે :
''કાશી-દેશમાં નગર બનારસ કુલક્રમગત અવનતિ સૂચવે,
સ્વામી વગર સમૃદ્ધિ ન ધરતું, હોય હુકમ તો ત્યાં વસીએ,
ધનસંપન્ન સુશોભિત કરીએ, ભુજબળને પણ કંઈ કસીએ.'' ૩

નૃપ દશરથ કહે : ''સહી શકું નહિ વિયોગ બન્ને વીર તણો,
ભરતાદિક પૂર્વજ અહીં વસિયા, આ જ અયોધ્યા પ્રથમ ગણો.
એક જ નભમાં સૂર્ય-ચંદ્ર વસી વિસ્તારે નિજ તેજ બધે,
તેમ પ્રતાપ તમારો વધશે; અહીં રહેવાથી સર્વ સધે.'' ૪

દશરથ વારે તોપણ બન્ને કહે : ''નિષેધો સ્નેહવશે,
તોપણ ઉન્નતિના ઉત્સુક નર નહિ ઉત્સાહ કદી તજશે.

---

* અર્ધ ઊઘડેલી કળીવાળી

શૂરવીરતાનો સંભવ જ્યાં સુધી, પુણ્યસ્થિતિ જ્યાં સુધી દીસે,
ત્યાં સુધી શત્રુ પર જય કરવા રાજપુત્રનું મન તલસે. ૫

નિષ્ફળ તરુ પક્ષીગણ તજતાં, તેમ નિરુદ્યમીને તજશે–
સર્વ સંપદા એકી સાથે, કોઈ કામ નહિ કરી શકશે.''
શૂરવીર સંતાનોને ઘટતાં વચન સુણી નૃપ હર્ષ ધરે,
રાજમુગટ ધરી રામ-શિરે, નૃપ લક્ષ્મણને યુવરાજ કરે. ૬

ભૂપતિ-વિભૂતિ પ્રગટે તેવી આશિષ દે નૃપ ખરા ઉરે,
દશરથ રાય વિદાય દઈ કહે : ''વસો બનારસ શુભ નગરે.''
નગર પ્રવેશ કરે બે ભાઈ, નગરજનો ઉત્સવ કરતા,
દાન-માનથી સંતોષી પુરજનનું હિત વીર ઉર ધરતા. ૭

પૂર્વ મર્યાદા તોડે નહિ, નીતિ-પુરઃસર રાજ્ય કરે,
જન-કલ્યાણક કાર્યે તત્પર નવીન નૃપ બહુ હોંશ ધરે;
'રામરાજ્ય' જગમાં પંકાયું, દુષ્ટ ડરે નૃપદંડ થકી,
શિષ્ટ તણું સન્માન થતાં તે પંડિતપુર બન્યું નક્કી. ૮

★

રાજ્ય કરે **લંકામાં રાવણ** પ્રતિનારાયણ-પદ પામી,
એક દિવસ આવે ત્યાં **નારદ** નભચારી, કુતૂહલકામી;
રાવણ દઈ સન્માન કહે : ''કંઈ વાત કરો કૌતુકકારી.''
નારદ વણવિચાર્યું વદતા : ''વાત કહું હું હિતકારી– ૯

નગર બનારસથી હું આવું, રામ નૃપતિ બહુ ગર્વ ધરે.
યજ્ઞનિમિત્તે તેડી રામને જનક કન્યાદાન કરે.
આમ અનાદર કરી આપનો સર્વોપરી સુંદરી વરતા,
રામ મહારાજા બની બેઠા, લક્ષ્મણ પણ યુવરાજ થતા. ૧૦

સહી શકું નહિ ભાગ્યહીનને ઘેર સીતા ગંગા જેવી,
રાવણરાય-મહોદધિ શોધી શોભાસ્પદ પામે તેવી.
યુદ્ધ વિષે નહિ ફાવી શકશો લક્ષ્મણ બહુ બળવંત ગણો;
વિચાર કરી કો કળ વાપરજો, મત લઈ કોઈ મંત્રી તણો.'' ૧૧

વાત સુણી કહે રાવણ : ''સુણશો શીઘ્ર પ્રતાપ દશાનનનો.''
વિદાય દઈ નારદને, ચિંતે : 'લેવો મત મંત્રી-જનનો.'
મંત્રી-મંડળમાં કહે રાવણ : ''દશરથના બે બાળ તણો–
મુજ પદ લેવા યત્ન છૂપો છે, તે બન્નેને શીઘ્ર હણો. ૧૨

રામ નામના દુષ્ટ પુરુષની સીતા નામની સ્ત્રી હરવી,
બન્નેને હણવા માટે કહો યુક્તિ સફળ શી આદરવી?''
**મા**રીચ મંત્રી કહે : ''પરસ્ત્રી-હરણ મરણ સમ સજ્જનને,
અપયશકારી, સત્કુલલંછન, અઘટિત કામ દીસે અમને. ૧૩

અન્ય ઉપાયો અરિ હણવાના શૂરવીરને ઘટતા લેવા;
કલ્પકાળ સુધી જન નિંદે તે દુષ્ટ વિચારો તજી દેવા.''
રાવણ કહે : ''બસ રાખ હવે; બહુ ડહાપણમાં નહિ લાભ દીસે,
સુગમ ઉપાય સૂઝી આવે તો ભણ સીતા હરવા વિષે.'' ૧૪

મારીચ કહે : ''જો આપે એવું કરવા નિશ્ચય કરી લીધો,
દક્ષ દૂતીથી સીતા રીઝવો, માર્ગ બીજો નથી કો સીધો.
આપ પ્રતિ અનુરાગ ધરે તો સહજ ઉપાયે તે હરવી,
બને નહીં અનુરાગી તો પછી હઠ કે બળજબરી કરવી.'' ૧૫

સમજાવી **સુ**ર્પણખાને નભ-રસ્તે તુર્ત વિદાય કરી;
**ચિ**ત્રકૂટ પર વસંતલીલા રામ રમે ત્યાં તે ઊતરી.
પ્રેમકલહ સીતાનો પતવી રામ ફરે ગિરિ ચૌપાસે;
વૃદ્ધ વનિતા-વેષ ધરી સુર્પણખા ગઈ સીતા પાસે. ૧૬

ડોસી કહે : ''કહો કેવા પુણ્યે તમે રમો નૃપતિ સંગે,
હું પણ તેમ કરી આ નૃપની રાણી બની રમું નવરંગે.''
લક્ષ્મણપત્નીવર્ગ હસી કહે : ''ચિત્ત તરુણ આ ડોસી તણું.''
ડોસી કહે : ''મુજ હાંસી કરો નહિ, જીવન તમારું સફળ ગણું.'' ૧૭

કરુણા આણી કહે સીતા : ''રે! સ્ત્રીભવમાં શું સુખ માને?
જણાય અજાણી આત્મહિતથી, સફળ જીવન માને આને?

સ્ત્રીભવ અનુભવતી આ સર્વે અનિષ્ટ ફળ પામી પાપે,
વિષય-સુખની ઇચ્છા પાછી પરભવમાં દુર્ગતિ આપે. ૧૮

અનિષ્ટ-લક્ષણવંતી કન્યા કોઈ ન પરણે, દુખી રહે;
કુટુંબ-કેદ કુલ-રક્ષા કાજે મરણ સુધી સ્ત્રી માત્ર સહે.
પિયર સાસરે શોકરૂપ જો વંધ્યા રહે દુર્ભાગ્ય વડે;
અપંગ, રોગ થયે પતિ તજતા; કલહકારી પતિ નિત્ય નડે. ૧૯

દુખદાવાનલના સંતાપે બળે જેમ વેલી વનની,
માસે માસે કોઈ અડે નહિ, સદાય શંકા સ્ત્રીજનની.
ચક્રવર્તીની પુત્રીનું પણ પરાધીન જીવન જાણો,
શોક્ય તણા સંતાપ સહે બહુ માનભંગ-ભય મન આણો. ૨૦

ગર્ભ-પ્રસવ-રોગાદિ દુઃખો, પુત્રી-પ્રસવથી શોક ગણો,
સંતાન-દુખે કે મરણ-વિયોગે ચિત્ત-ચિતા-સંતાપ ઘણો.
વિધવાનાં દુખનો નહિ આરો, ધર્મ-ક્રિયા નહિ સબળ બને,
સલાહ-યોગ્ય ગણાય ન નારી મહાકાર્યમાં ચપળ મને. ૨૧

આવી નિંદ્ય અવસ્થામાં સુખ માની ચહે, વિપરીત-મતિ,
રે નિર્લજ્જ! જરાવયમાં પણ આત્મવિચાર નથી કરતી.
સ્ત્રીપદ પામી સતીત્વ દીપાવે તો જગવંદ્ય કૃતાર્થ સતી,
રૂપરહિત, નિર્ધન, રોગી કે દુષ્ટ પતિ પણ નહિ તજતી. ૨૨

ચક્રવર્તી કદી કરે યાચના તોય ચહે નહિ પર પતિ જે,
કુષ્ટિ કે ચંડાળ સમો ગણી દૂર રહે સુમતિ સતી તે.
બલાત્કારથી કોઈ સતાવે તો સતી બાળી ભસ્મ કરે,
પતિવ્રતા સતી સ્ત્રીની સામું મરવા ડગલું કોણ ભરે?'' ૨૩

સીતા-વચન સુણી સુર્પણખા ચિત્ત વિષે ચિંતવતી કે:
ચળે અચળ મેરુ, પણ કદી ના ચિત્ત સીતાનું ચળી શકે.
''ઘેર કામ છે, વાર ઘણી થઈ'', કહી સતીને નમી દૂતી ગઈ
રાવણ પાસે પહોંચી વિનય સહ દૂતી વદે દિલગીર થઈ— ૨૪

''ઇંદ્રવજ પણ ભેદી શકે નહિ દૃઢ શીલ-નિશ્ચય સીતા તણો,
આપ તણો અભિપ્રાય જણાવી શકી ન, ડર પામી જ ઘણો.''
ક્રોધ કરી ક્હે રાવણ : ''જૂઠી વાત ન માનું જરી ખરી;
બાહ્ય ડોળથી ભડકી ભોળી, ચતુર દૂતીપદ ગઈ વીસરી. ૨૫

નાગણફેણ તણા ફૂત્કારે ડરી વાદી શું નહિ ઝાલે?
નારીની ચંચળ વૃત્તિને કરી-કર્ણ ઉપમા આલે.''
બચાવ કરવા ક્હે સુર્પણખા : ''લલના તે લલચાતી નથી,
વૈભવ-ભોગની નહિ ત્યાં ખામી, સુર-સુખ તુચ્છ જણાય અતિ. ૨૬

શૂરવીરતાદિક ગુણ-વર્ણન તો રામ સમાન ન કોઈ તણું,
સ્વયં કલામૂર્તિ સીતા ત્યાં સર્વ કલાધર હીન ગણું.''
મારીચ મંત્રી સહ રાવણ પણ વિમાન લઈ નભમાં ચાલે,
ચિત્રકૂટ વનમાં જઈ પહોંચે જ્યાં સીતા સુખમાં મ્હાલે. ૨૭

રાવણની આજ્ઞાથી મારીચ મણિમય મૃગ-બચ્ચું બનતો,
તે દેખી સીતા ક્હે : ''સ્વામી, બહુરંગી મૃગ મન-ગમતો!''
સીતાના મનરંજન અર્થે હરણ પકડવા રામ જતા,
ઘડી નિકટ, ઘડી વિકટ પથે દૂર દેખી રામ ચકિત થતા. ૨૮

વિપરીત વિધિથી માયામય મૃગ દૂર દૂર લઈ જાય, અરે!
શબ્દ કરે ને ઘાસ ચરે, નિર્ભય થઈ હાથ લગોય ફરે;
વળી ઊછળી ય છલંગ લગાવી દોડે, હાંફે દૂર રહ્યો,
ગર્દન વાળી પાછળ ભાળે; આખર ગગન અલોપ થયો. ૨૯

જેમ ઘડામાં સાપ પુરાયો રહે નિશ્ચેષ્ટ અશક્તિ લહી,
તેમ જ રામ ચકિત મને નભમાં નીરખે નિશ્ચેષ્ટ રહી;
સ્ત્રીવશ-ચિત્ત થયેલા નર નિજ કાર્ય-વિચાર-વિહીન બને,
તેમ મનોહર હરણ-સ્મરણમાં રામ ઊભા અતિ દૂર વને. ૩૦

તેવામાં તો રામવેષ ધરી રાવણ જાનકી પાસ ગયો,
કહે : ''હરણને નગર મોકલ્યું; નગર જવાનો વખત થયો.

પ્રિયા, પાલખીમાં બેસો, આ અશ્વ ઉપર હું આવું છું.''
જાનકી પાલખીરૂપ વિમાને બેઠાં કે ચઢી જાય ઊંચું. ૩૧

સતી-શિરોમણિ નાગણ સાથે રાવણ રમવા યત્ન કરે,
પ્રગટ થઈ પુષ્કર વિમાને દુષ્ટ વચન આવાં ઊચરે :
''ભય, લજ્જા ને રામ-પ્રેમ તજી, બન રાવણની પટરાણી,
સુખ ભોગવ ત્રણ ખંડ ધરાનું, વરી મુજને કરુણા આણી.'' ૩૨

કર્ણ-શૂલ સમ શબ્દો સુણતાં સતી સીતા મૂર્છિત થાતી;
ગગન-ગામિની વિદ્યા વિનશે, શીલવતી-સ્પર્શે રૂઠી જાતી;
તેથી વિદ્યાધરીઓ દ્વારા શીત ઉપચારો શીઘ્ર કર્યા,
થતાં સચેત સીતા ધીરજ ધરી બોલે બોલો રોષભર્યા : ૩૩

''અધમાધમ અડતો નહિ મુજને, બોલ ન કોઈ બોલ હવે,
પતિવ્રતાનો પ્રાણ શીલગુણ તૃણ સમ રામ વિના સૌ ભવે.
તુચ્છ ગણી આ પ્રાણ તજું પણ શીલખંડન નહિ કદી ય થશે,
શાશ્વત મેરુ સમ મુજ નિશ્ચય, સમજ; નહીં તો મરી જશે.'' ૩૪

સમયોચિત ઉત્તર દઈ સીતા વ્રત ધારણ એવું કરતી,
''રામચંદ્રના ક્ષેમકુશળની વાત સુણું નહિ સત્યવતી—
ત્યાં સુધી મૌન નિરંતર ધારું, ભોજનનો પણ ત્યાગ કરું.''
તપસ્વિની સમ ભૂષણ-અશન તજી પાળે વ્રત એવું કપરું. ૩૫

રાવણને પણ લાગ્યું કે નહિ કોઈ રીતે હમણાં પલળે,
કાલક્રમે એ રામ વીસરશે, મૂકું ઉદ્યાન અશોક તળે;
તજી ઉદ્યાન ગયો લંકા ત્યાં ચક્ર પ્રગટિયું શસ્ત્ર-ગૃહે,
લંકામાં ઉત્પાત થયા તે મરણ-સૂચક ગણી, મંત્રી કહે : ૩૬

''રામચંદ્ર બળભદ્ર થવાના, લક્ષ્મણ નારાયણ સમજો,
અભ્યુદય બન્નેનો દીસે, સતી સીતાની આશ તજો;
અશુભ-સૂચક ઉત્પાદો પુરના સમજી દૂર કલંક કરો,
યુગ યુગ નામ વગોવે તેવું કામ નહીં મનથી ય સ્મરો.'' ૩૭

મંત્રીને ઉત્તર દે રાવણ : ''વગર વિચાર્યું કેમ કહો ?
યુક્તિ-વિરુદ્ધ વચન બોલો છો, સીતા હરણ શુભ શુકન લહો :
સીતારૂપી સ્ત્રી-રત્ન મળ્યું કે ચક્રરત્ન ઉત્પન્ન થયું,
હવે અધિપતિ છયે ખંડનો બનવાનો, દુઃખ સર્વ ગયું.'' ૩૮

★

ચિત્રકૂટ પર પરિજન સાંજે રામ-સીતાની શોધ કરે,
ખેદખિન્ન ચિત્તે ફરતાં દૂર રામ મળ્યાથી હર્ષ ધરે;
વ્યાકુળ બની પરિજનને પૂછે : ''સાથે સીતા કેમ નથી ?''
કહે સેવકો, ''છાયા સમ સીતાજી દૂર હશે ન અતિ.'' ૩૯

સર્વે શોધે ત્વરા કરી ત્યાં વાંસ ઉપરથી વસ્ત્ર જડે,
રામ સમીપ આણ્યું, તે દેખી સર્વ અશુભ શંકાએ ચડે;
રામ કહે લક્ષ્મણને માયા-મૃગની વાત કપટકારી,
ત્યાં તો દૂત ઉતાવળથી આવી દે પત્ર વિનય ધારી. ૪૦

વળી કહે : ''હે દેવ! પિતાએ દીઠું સ્વપ્ન અશુભ આજે—
'રાહુ રોહિણી હરણ કરીને ગગનાંતર જઈને ગાજે;
ચંદ્ર ભમે નભ વિષે એકલો શોકાતુર બની અહીંતહીં,'
જાગી પુરોહિતને પૂછે : ફળ સ્વપ્ન તણું શું શાસ્ત્ર મહીં ? ૪૧

કહે પુરોહિત : 'માયાચારી રાવણ સીતા હરી ગયો,
સીતા-વિરહે વને એકલા ભમે રામ' સુણી શોક થયો.
દશરથરાયે કર્યો રવાના તુર્ત મને આ પત્ર દઈ,''
માહિતી આ મળતાં ચિંતા સીતાની વળી વધી ગઈ. ૪૨

પ્રેમ પિતાનો સ્મરી, પત્ર તે ખોલી વાંચે રામ હવે :
''શ્રી અયોધ્યા પુરીપતિ દશરથ પ્રેમાલિંગન સહ સૂચવે.
કુમારયુગલની કુશળતા ચહી સમાચાર વિદિત કરે :
દક્ષિણમાં લંકાપતિ રાવણ અન્યાયે મદમત્ત ફરે. ૪૩

કલહ-પ્રિય નારદ સીતાની રૂપ-પ્રશંસા ખૂબ કરે,
સ્ત્રીલંપટ રાવણ તે સુણતાં સતી સીતા પ્રતિ મોહ ધરે;

ધરી રામ રૂપ હરી સીતા સતી, લંકામાં લંકેશ ગયો,
દુષ્ટ દુષ્ટતા સાધી મરવા માટે તે તૈયાર થયો. ૪૪

રાવણ હણવાની તૈયારી થતાં સુધી ધીરજ ધારી
તન-રક્ષા કરી નિર્ભય રહેવા શિક્ષા ઉર દે ઉતારી
એવો દૂત મુદ્રા દઈ સીતા કને રવાના શીઘ્ર કરો,
બન્ને બંધુ દીર્ઘદૃષ્ટિથી શોક, ઉતાવળ પરિહરો.'' ૪૫

શિરછત્રનો પત્ર સુણીને લક્ષ્મણ ક્રોધ ધરી ધડૂકે—
''સિંહશિશુ સાથે સસલું શું વિરોધ કરી રહેશે ખડું કે?
'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' પાપીને સૂઝે પાપે,
સતી સીતારૂપ દાવાનલથી લંકાવન બળશે આપે.'' ૪૬

સમાચાર સુણી ભાઈ **ભ**રત-**શ**ત્રુઘ્નાદિક એકત્ર થયા,
જનકરાય પણ આવી મળિયા, વીર રસમાં સૌ ભળી ગયા.
સીતા-પ્રાપ્તિના વિવિધ ઉપાયો સર્વ મળી વિચારે જ્યાં,
બે વિદ્યાધર રામ સમીપે આવી અનુજ્ઞા યાચે ત્યાં. ૪૭

રામ કહે: ''હે વીર કુમારો! કોણ આપ? ક્યાંથી આવો?''
**સુ**ગ્રીવકુમાર કહે: ''બળ-રામ તણાં દર્શનનો આ લ્હાવો—
પૂર્વ પુણ્યથી આજે પામ્યો; હવે વાત કહું મુજ મનની;
દક્ષિણ શ્રેણીની **કિષ્કિંધા** જન્મભૂમિ છે આ તનની. ૪૮

વિદ્યાધરપતિ **બલીન્દ્ર**ને બે પુત્ર **વાલિ-સુ**ગ્રીવ થયા,
પિતા વાલિને રાજ્ય દઈ યુવરાજ મને કરી, ચાલી ગયા,
લોભવશે મુજ પદ છીનવી લઈ દેશ-નિકાલ મને દીધો,
'મુજ પદ પાછું મળશે ક્યારે?' નારદને મેં પ્રશ્ન કીધો. ૪૯

કહે નારદજી: 'અર્ધ ભરતના નાથ રામ-લક્ષ્મણ બનશે,
ચિત્રકૂટ ગિરિ પર જઈ યાચે મૈત્રી તો તુજ કામ થશે.'
સુણી વાત મુજ મિત્ર અમિતગતિ સહિત અહીં આવ્યો આશે,
સીતા-પ્રાપ્તિમાં સહાય કરીશું; હવે સીતા જાણો પાસે. ૫૦

અણુસમ રૂપ અનેક ધરી લે મુજ મિત્ર અમિતગતિ દૂત ભલો,
**અ**ણુમાન સર્વે કહે તેને જશે ગમે ત્યાં, વીર કળો.''
રામ કહે : ''મુજ મુદ્રા તું લઈ, તુર્ત સીતાની પાસ જઈ,
આવ કુશળતા કહી લંકા જઈ, આશ્વાસન સીતાને દઈ.'' ૫૧

નમન કરીને દૂત થઈ ચાલ્યો ચિહ્ન સીતાનાં સર્વ સુણી,
અણુમાન નભમાં ઊડી આવ્યો, લંકા નીરખે આત્મ-ગુણી;
ભ્રમર બનીને શોધે સીતા, રાજસભા નીરખી લીધી,
અંતઃપુરમાં ભમી વળ્યો પણ ભાળ ન ક્યાંય મળી સીધી. ૫૨

ભ્રમર-કોકિલા-કૂજિત ઉપવન નંદન નામે જ્યાં નીરખે,
અશોકતરુ નીચે સીતા સતી શોક સહિત દેખી હરખે;
કલ્પલતા સમ સીતાને ચિંતા-દાવાનલમાં દેખી,
રાવણ પ્રતિ અતિ ક્રોધ ધરે દૂત પણ અવસર લે છે પરખી. ૫૩

સાત દિવસમાં સીતાની શી દશા થઈ તે નીરખવા,
જાતે રાવણ મંદોદરી સહ આવ્યો સીતા રીઝવવા.
'સુણીશ ક્યારે રામકુશળતા?' એમ શોચતી સતી દેખી,
રાવણ ચકિત થઈ ચિંતવતો, 'પતિવ્રતા તો આ પેખી.' ૫૪

અભિપ્રાય નિજ જણાવવાને મોકલી **મં**જરિકા દૂતી,
દૂતી વિનય સહ કહે સીતા પ્રતિ : ''હે દેવી, તું બુદ્ધિમતી.
પટરાણી પદ અર્પી તુજને અતિ સુખ દેશે લંકપતિ,
તો યૌવન શાને કરમાવે? તજી દે જૂની રામ-સ્મૃતિ. ૫૫

'રામચંદ્ર રાવણને જીતી, લઈ જાશે મુજને' એવી,
આશા રાખે નિષ્ફળ શાને, મધુર શેરડી-ફળ જેવી?
ભૂખ્યા મૃગપતિના મુખથી મૃગ કોઈ મુકાવી નહિ શકશે,
જન્માંતર જાણી પટરાણી રાવણની બન ભાગ્યવશે.'' ૫૬

☆
☆☆

# ૪૪
# નિર્દોષ નર–શ્રી રામ
## ભાગ-૩

★

અચળ હૃદય સીતાનું સમજી રાવણ કામાધીન કહે :
''કુળ-રક્ષા કરવાનું ધારે તે સૌ વ્યર્થ વિચાર લહે;
લજ્જા રાખ નહીં કંઈ મનમાં હીન સંબંધ ન મુજ સાથે,
'નથી ચિરપરિચિત પ્રેમ તજાતો, રામ રહ્યા મારે માથે'– ૧

એ કુમતિ તજી સમજી જા કે સંસારે સૌ સ્વજન થયાં,
દેશકાળ બદલાતાં સર્વે પરિચિત જન ભુલાઈ ગયાં.
'રામ મને આવી લઈ જાશે' એવી વ્યર્થ ન ધર આશા;
ત્રિકૂટાચલ પર્વત પર લંકા, રક્ષક વિદ્યાધર ખાસા. ૨

ખાઈરૂપે દરિયો વીંટાયો ભૂમિ-ગોચરી નર શું કરશે ?
વન-ઉપવન સૌ ત્યાંનાં શોધી, આખર રામ ઝૂરી મરશે;
દૈવાધીન આવી ચઢશે અહીં તો કચરાશે ચક્ર તળે,
વ્યર્થ મનોરથ સર્વ તજે તો સાર્વભૌમ સુખ સદ્ય મળે. ૩

મુજ આશા પૂરી કર, પ્રિયા, કાળ ગુમાવે શા માટે ?
વહેલું મોડું વળવું પડશે હસતાં, રડતાં આ વાટે.
સ્ત્રી-હઠથી તવ અભ્યાગતની આશા નહિ પૂરી કરશે,
તો પટરાણી-પદ ચૂકી તું ઘટદાસી થઈ જળ ભરશે.'' ૪

પુણ્યહીન નર લક્ષ્મી માટે વ્યર્થ મથે તેવી રીતે,
રાવણ બહુ બકવાદ કરે પણ સતી સીતાને ના જીતે;

ધર્મધ્યાન સમ નિર્મળ, નિશ્ચલ સમતા સતી સીતા ધારે,
તે નીરખી નિરાશ થવાથી રાવણ મનમાં વિચારે– ૫

'બહુ બળવંતા નૃપ મેં જીત્યા ભુજબળથી બહુ યુદ્ધ કરી,
રૂપ-શિરોમણિ રમણીઓ પણ મુજ અંતઃપુર દેતી ભરી,
જીતી મેં સ્ત્રી-સૃષ્ટિ સઘળી; શું સીતા મુજને જીતે?'
એમ વિચારી ક્રોધ ધરે ત્યાં **મં**દોદરી વદતી પ્રીતે :– ૬

"શાળીનાં પુષ્પોની માળા જ્વાળા પર નવ સુજ્ઞ ધરે,
તેમ મનોહર અબળા ઉપર ક્રોધ નહીં નરનાથ કરે.
ગગનગામિની આદિ વિદ્યા ગુમાવશો સતી સંતાપી;
વિદ્યાધર બહુ દુઃખી થયા છે કરી બલાત્કારો પાપી. ૭

સપત્ની-શલ્યે આ બોલે છે એમ ગણો નહિ, કહું સાચું;
સતી સીતાનો મોહ તજો એ આપ કને આજે યાચું."
રાવણ રીસે બળતો ત્યાંથી આમ કહી ચાલી નીકળે :
"પ્રાણસહિત સીતા તજવાનો, કહ્યું કોઈનું નહીં વળે." ૮

તજી દીધેલી નિજ પુત્રી સમ માની મંદોદરી ઉચરે :
"આ ભવ કે પરભવના યોગે મુજ ઉર સીતા, સ્નેહ સ્ફુરે.
જાણે મળી મુજ તનુજા આજે, સુણ શિખામણ માતતણી,
માનીશ ના લંકાપતિ-વિનતિ, સહનશીલતા રાખ ઘણી." ૯

ગદ્ગદ કંઠે વદતાં નેત્રે નીર વહે, સ્તન દૂધ ઝરે;
સહજ સ્નેહ મંદોદરીનો સીતાનાં નયને નીર ભરે.
શત્રુદળમાં માતા સમ શીતળ શિખામણ સ્નેહ ભરી
સુણી, ઘડીભર લહે સીતા સુખ, વિયોગની ચિંતા વીસરી. ૧૦

સીતા-સ્નેહ નિહાળી નયને મંદોદરી કહે : "હું યાચું,
અંબા-વિનતિ માની આજે ભોજન કર, કહું છું સાચું.
તુજ પતિને તું નીરખી શકશે, ટકશે જો તુજ દેહ અહીં,
શરીર નભે આહારે, માટે લંઘન તું લંબાવ નહીં. ૧૧

પતિદર્શનનો સંભવ કદીયે હોય ન તો પછી તપ તપવાં,
મુજ વિનતિ નહિ માને તું તો ભોજન મારે સૌ તજવાં.''
સુણી સીતા વિચારે, 'માતા નથી પણ મા સમ પ્રેમ ધરે'
સ્નેહસહિત મંદોદરી-ચરણે દૃષ્ટિ દઈ તે નમન કરે. ૧૨

આપ્ત-દુખે દુખ ધરી મંદોદરી લંકા નગર ભણી ચાલી;
અણુમાને વિદ્યાબળથી રક્ષકને નિદ્રા અતિ આલી.
કપિરૂપે તે સીતા સામે વિનય સહિત આવી બોલે :
''રામચંદ્રનો સેવક છું, લ્યો પત્ર;'' લઈ સીતા ખોલે. ૧૩

સર્વ શોક વીસરી ગઈ સીતા પત્ર વાંચી હર્ષિત થતી
સ્નેહનજર કરી કહે દૂતને : ''પિતા તુલ્ય ઉપકારમતિ,
જીવિતદાન દીધું સંકટમાં, નથી બદલો કંઈ દઈ શકતી,''
કપિ કર્ણે કર ધરી દઈ વદતો : ''રામચંદ્ર મુજ અધિપતિ– ૧૪

તેથી મુજ માતા સમ માનું, અન્ય કલ્પના અણઘટતી,
આજે માતાજી, લઈ ચાલું એવી છે મુજમાં શક્તિ;
પણ આજ્ઞા નથી રામચંદ્રની, પોતે લડવા નીકળશે,
રાવણ હણી લંકાની લક્ષ્મી લઈ માતાજીને મળશે. ૧૫

કરી પરાક્રમ વરી કીર્તિને ત્રણે ખંડના પતિ બનશે,
માટે શોક તજી માતાજી, ભોજન લ્યો, સૌ શુભ થશે.''
ઉદાસીનતા તજી ભોજન કરી સીતા દૂત વિદાય કરે,
હનુમાન* ઉતાવળથી ઊડી રામચરણમાં શિર ધરે. ૧૬

પ્રસન્ન વદન નીરખી હનુમાનનું રામ પ્રમોદ સહિત પૂછે :–
''સતી સીતા મુજ પ્રાણપ્રિયા તેં દીઠી? ક્ષેમકુશળ તે છે?''
ઉત્તર દૂત દે અતિ વિસ્તારે, રઘુપતિ-મન રંજન કરતો :
''સ્વભાવથી અભિમાની રાવણ ચક્રરત્નનો મદ ધરતો. ૧૭

અપશુકન-સૂચક ઉત્પાતો લંકામાં ઉત્પન્ન થતા,
રામવિજયનાં ચિહ્ન ગણું તે રાવણ-મૃત્યુ સૂચવતા.

---

* અણુમાન ઉપરથી

વિદ્યાધર સેવક તેના સૌ નિપુણ બહુ, વિચાર કરો,
તમે ગમે તે રીતે સીતાને તુર્ત લાવવા ચિત્ત ધરો.'' ૧૮

સુણી વાત તે હનુમાનને સેનાનાયક રામ કરે,
સુગ્રીવને યુવરાજપટ્ટ દે, અંગદ કહે તે ચિત્ત ધરે;
અંગદ કહે : ''હે દેવ! ત્રિવિધ નૃપ : ધર્મજયી ને લોભજયી
અસુરજયી; રાવણ સમ માગે દંડ-ભેદ ઉપાય-દ્વયી. ૧૯

લોભજયી દાને રીઝે છે, ધર્મજયી સહ સામ ઘટે;
તોપણ સામ પ્રથમ ક્રમ સૌમાં, સમજ ફરે તો કલહ મટે.
સેનાપતિ જઈને સમજાવે તો તે કાર્ય તુરત પતશે,
શાસ્ત્રજ્ઞો વિદ્યાબળવાળા વિરલા તેવા નર જડશે.'' ૨૦

રામચંદ્ર કહે : ''કાર્ય-કુશળ હનુમાન સમાન ન કોઈ દીસે,
પ્રભાવશાળી, માર્ગજ્ઞ, નહિ તણાય તે પરતેજ વિષે,
શત્રુ પ્રતિ વર્તનની નીતિ યથાર્થ રીતે તે સમજે;
માટે વીર હનુમાન, પ્રથમ તું શીઘ્ર વિભીષણ પાસ જજે. ૨૧

કહેજે : 'અહીં આપ જ ધર્મજ્ઞ, સુજ્ઞ, વિવેકી, દૂરદર્શી,
કુલ-કીર્તિ-રક્ષક, હિતચિંતક, વાત વિચારો તલસ્પર્શી :
રાવણ સીતા-હરણ કરી અન્યાય અને અપકીર્તિ વરે,
કલ્પકાળ તક કલંક કુળને લાગે તેવું કામ કરે. ૨૨

રતિમોહિત રાવણ સમજાવી, સલાહ દ્યો સીતા તજવા,
પાપ-કલંક-કલહનું કારણ તુર્ત ચહો નિર્મૂળ કરવા;'
આમ વિભીષણ સામ વચનથી સત્ય વાત લે સ્વીકારી,
તો સૌ શત્રુ શરણે આવ્યા, સીતા-મિલન પણ લે ધારી.'' ૨૩

લઈ સંદેશો, દૂત બની હનુમાન વિભીષણને મળિયા,
સવિનય સંદેશો દઈ વદતા : ''રામ અને લક્ષ્મણ બળિયા;
કરોડ સાડા ત્રણ વિદ્યાધર, અપાર ભૂમિગોચરી સેના,
સજ્જ થઈને સાગરતીરે આવે ખબર સુણો તેના. ૨૪

સમજીને સીતા નહિ સોંપે તો કુલક્ષય કરનાર થશે,
લંકાની લક્ષ્મી સહ સીતા, રાવણને હર્ણી તે હરશે,
સુજ્ઞ ગણીને રામચંદ્રજી આપ પ્રતિ અતિ પ્રેમ ધરે.''
સુણી વિભીષણ રાવણ પાસે દૂત સાથે જઈ વાત કરે : ૨૫

''પ્રિય ભાઈ, દૂત રામચંદ્રનો આવ્યો છે વિનતિ કરવા,''
ભેટ ધરી હનુમાન વદે ત્યાં : ''કૃપા કરો વિનતિ ફળવા;
દિન દિન વધતા પુણ્યપ્રભાવે રામ અયોધ્યામાં વસતા,
આપ અખંડ ત્રિખંડપતિને કુશળ સમાચારો પૂછતા. ૨૬

વિદિત કરે : 'બીજાની જાણી આપે સીતા છે આણી,
પણ તે તો છે મુજ પટરાણી; પાછી મોકલો, નહિ હાણી.'
નહિ તો વિનમિ-વંશ-શિરોમણિ મહાપુરુષને અણઘટતું,
કર્મ ધર્મ ને શર્મ વિઘાતક, પાપ પ્રગટ આ હડહડતું. ૨૭

સાગરનાં મોજાં મળ ત્યાગે, તેમ સીતા તજવા જેવી.''
રાવણ કહે : ''નથી આણી અજાણ્યે, આશ સીતાની તજી દેવી;
માગ્યાથી તે નથી મળવાની ચક્રરત્ન સહ જીતી લેવી.''
મનમાંહીં હનુમાન હસે : ''તક 'તથાસ્તુ' ઝટ વદવા જેવી.'' ૨૮

પણ દૂત-કાર્ય સ્મરી કહે મીઠા વચને : ''સીતા સોંપી દ્યો,
પરસ્ત્રી-હરણ વિષે શી શોભા ? કપટ પ્રગટ સુધારી લ્યો.''
રાવણ કહે, ''એ ભૂલ જનકની, કેમ રામને પરણાવી ?
ત્રણે ખંડની મિલકત મારી, મને યોગ્ય તે અહીં આવી. ૨૯

યોગ્યગ્રહણમાં અપકીર્તિ શી ? સર્પ-ફણા પર મણિ ગણી,
સીતા લેવા સાહસ કરતો, બુદ્ધિ બગડી રામ તણી.''
કહે વિભીષણ : ''વાદ નિરર્થક કરવાથી નહિ કાંઈ વળે,
આર્ય અકાર્ય કરી ન સુધારે તો પસ્તાવે વ્યર્થ બળે.'' ૩૦

''હે હનુમાન ! જતો રહે પાછો, નહિ તો વાત વધી જાશે,
લંકાપતિના ક્રોધાનલથી રાખ રખે તું ઝટ થાશે.''

હનુમાન કહે : ''કામાંધ ન દેખે પુણ્યપુંજ નિજ પ્રજ્જ્વલતો,
સતી સીતાના નિઃસાસાથી સળગ્યું આ રાક્ષસકુળ, જો.'' ૩૧

એમ કહી ઊડ્યો ગગને તે શીઘ્ર સીતા પાસે આવી,
સમાચાર સીતાના લઈ જઈ, કહે રામને સમજાવી :
''દુરાગ્રહી રાવણ નહિ કોઈ રીતે સીતાજી તજશે,
તેથી યુદ્ધ ત્વરાથી કરવા તૈયારી કરવી પડશે.'' ૩૨

★

રઘુકુળ-કેસરી રામ હવે ચતુરંગી સેના સજ્જ કરે;
વર્ષાકાળ વીતે ત્યાં લગી તે ચિત્રકૂટે વનવાસ ધરે.
ગ્રીષ્મઋતુ વિરહાગ્નિ સમ સંતાપ દઈ સંતાઈ ગઈ,
ગાજવીજે વર્ષા ચઢી આવી ઘન-ગજ-સૈન્ય-સમૂહ લઈ. ૩૩

મુશળ-ધાર વૃષ્ટિ થઈ, વહવા લાગ્યા વારિ-પ્રવાહ બધે,
તાપશત્રુને વેગસહિત હાકલ દઈ જાણે તે શોધે!
સત્પુરુષો નિંદા-સ્તુતિનાં વચન સુણે છે સમભાવે,
તેમ ટેકરા-ખાડા ઢાંકી સલિલ સપાટી દર્શાવે. ૩૪

સ્વર્ગીય પુલ સમ સુંદર રંગે ઇન્દ્રધનુ દ્યુતિ રમ્ય ધરે,
રામ-સૈન્યને કાજે જાણે ગગન-માર્ગ તૈયાર કરે.
એવામાં **વાલી** પાસેથી દૂત આવી નમી વાત કહે :
''પૂજ્યપાદ નૃપ રઘુકુળ-દીપક મુજ સેવા-સ્વીકાર ચહે, ૩૫

તો સુગ્રીવ હનુમાન તજી દે, મુજ મૈત્રીથી કાજ સરે—
આજ જ મુજ ભુજબળ ને વિદ્યા રામ સમીપ સીતાજી ધરે.''
દૂત વિસર્જન કરી અંગદની સલાહ લેવા રામ પૂછે;
અંગદ તેનો ઉત્તર દે તે સંશય મનના સૌ લૂછે : ૩૬

''રાવણ તો શત્રુ થઈ ચૂક્યો; મિત્ર-શત્રુ વાલી જાણો,
રાવણને મળી જાય પછી તો દુર્જય ઉભય બને માનો;
વાલીને પહેલો વશ કરવો દૂત મોકલી છંછેડો,
હાથી દઈ લંકામાં લડવા અહીં આવવાને તેડો. ૩૭

પછી શક્તિ સંપત્તિ વધશે રાવણ-નાશ થશે સ્હેલો.''
રામચંદ્રની સંમતિ મળતાં વાલિદૂત તેડ્યો પ્હેલો;
રામ કહે : ''હે દૂત! અમારો દૂત વાલિનૃપ સમીપ જશે,
'ગજ નિજ દઈ સુસજ્જ થવા' સંદેશો દઈ ઘટતું કરશે.'' ૩૮

બન્ને દૂતની વાત સુણી વાલી વિચાર કહે આવો :–
''રાવણ આગળ વિનય-વચન ક્હે, મુજને કહે હાથી લાવો.''
રામ-દૂત કહે : ''પરસ્ત્રીલંપટ રાવણ મરણ-શરણ લેશે,
પણ જો આપ ચહો જીવન તો રામ-શરણ શાંતિ દેશે.'' ૩૯

ક્રોધ કરી વાલી બોલે : ''જા દૂત, કહે તુજ સ્વામીને,
જીવવાની ઇચ્છા રાખે તો આશા ગજની ત્યાગી દે.
નહિ તો યુદ્ધ કરે મુજ સાથે, હવે નથી બીજો આરો;
બચે, બનારસ પાછો જઈ જો રહે બની સેવક મારો.'' ૪૦

દૂતે આવી, વાત કહી સૌ; રામ સજાવે લક્ષ્મણને,
'વાલિ-વ્યૂહ છે ક્રીડાંગણ સમ સુગ્રીવ ને હનુમાન-મને.'
વાલી-સેનાને વન પેઠે લક્ષ્મણ કાપે ક્રોધ કરી,
જાતે વાલી સામે આવ્યો કે શિર ફળ સમ જાય ગરી. ૪૧

સુગ્રીવ પામ્યો અધિપતિપદ કે રામચંદ્ર પાસે આવ્યો,
ભક્તિભાવ સહિત સર્વેને કિષ્કિંધા તેડી લાવ્યો.
ચૌદ અક્ષૌહિણી સેનાબળ સહ રામ શશી સમ શોભી રહે,
શરદ ઋતુનું નિર્મળ નભ પણ 'યુદ્ધ-યોગ્ય આ કાળ' કહે. ૪૨

જગત્પાદ પર્વત પર લક્ષ્મણ સપ્ત દિવસ ઉપવાસ કરે,
પ્રજ્ઞપ્ત્યાદિક વિદ્યા સાધી; સુગ્રીવ પણ તે ચિત્ત ધરે.
રામચંદ્ર, લક્ષ્મણ, સુગ્રીવ હનુમાન વગેરે વીર ઘણા,
પ્રલયકાળ સમ સેના સાથે પંથ વટાવે લંક તણા. ૪૩

★

કહે કુંભકર્ણાદિ સ્વજનો રાવણને લંકાદ્વીપે :–
''ઉચ્ચ આપણા વંશ વિષે સૂરજ સમ આપ-પ્રતાપ દીપે;

એંઠ સમી પર-સ્ત્રી સંઘરવી લજ્જાસ્પદ સૌને લાગે,
નિર્મળ કુળ કલંકિત કરતી સીતા તજવા સૌ માગે.'' ૪૪

મલિનમતિ રાવણ કહે : ''આવે રામ લઈ લશ્કર લડવા,
'ભયથી સીતા સોંપી' એવું કલંક કેમ દઉં ચડવા?
તૃણસમ તુચ્છ ગણો ભૂમિગોચરી, યોદ્ધા આપ સમાન નહીં,
ચક્રરત્નના ચાકર દેવો; કરી શકે શું રામ અહીં?'' ૪૫

સાંખી શક્યો નહિ કથન અન્યાયી તેથી વિભીષણ પ્રગટ કહે :
''સૂર્યવંશના રામચંદ્રની શૂરવીરતા નહિ કોણ લહે?
વાલી વિદ્યાધર બળવંતો, રમત માત્રમાં જેહ હણે,
તે શત્રુને તુચ્છ કહો તે કામઘેલછા સર્વ ગણે. ૪૬

પરસ્ત્રી પાછી સોંપી દેતાં દોષ ગણો એ ન્યાય નહીં;
પરસ્ત્રી-ગ્રહણ ગણાશે શૂરતા, આપ તણું દૃષ્ટાંત લહી.
ધર્મપત્ની સહ વિષયભોગ પણ તજવા જેવી વય આવી;
તોપણ પરસ્ત્રી-લંપટતા, ના છૂટે એ ભૂંડું ભાવિ. ૪૭

ગુણ જ પુણ્ય ગણાયે જગમાં, પુણ્ય વડે સુખ સર્વ મળે;
પરસ્ત્રી-હરણ મહા દુર્ગુણના પાપે લક્ષ્મી સર્વ ટળે.
'નારી નરકનું દ્વાર કહે છે' જ્ઞાની, હું શું અધિક કહું?
વ્રત લીધેલું—'મને ચહે નહિ તે સ્ત્રીને હું નહીં ચહું.' ૪૮

તે તોડો નહિ, ભવજળ તરવા વહાણ સમું વ્રત વિચારો;
સતી સીતાનો શાપ ગ્રહી નિજ કુળ સકળ કાં સંહારો?
સજ્જન પ્રાણ તજી વ્રત પાળે, આપ પાપ કરી પ્રાણ તજો,
કલ્પકાળ તક ટકનારું અપ-કીર્તિ કારણ હજી સમજો. ૪૯

સીતા દુહિતા કોની? એ અનુમાન કરો, સ્મરી નિજ કથા,
'ભાન ભૂલે કામાંધ જનો' એ સજ્જન વદતા સત્ય તથા.
ગર્વ ઘટે નહિ ચક્ર તણો રે! પ્રતિનારાયણ-પ્રાણ હરે.
સતી સીતાને સોંપી દેતાં ધર્મ, નીતિ, કુલ સૌ ઊગરે.'' ૫૦

હિતવચનો સુણતાં કહે રાવણ ક્રુદ્ધ થઈ, "હે મૂઢમતિ!
આગળ પણ તેં ભરી સભામાં રામદૂત સહ કહ્યું અતિ;
રાજદ્રોહ હજી કર્યા કરે છે; ભાઈ અવધ્ય ગણી ન હણું,
દેશનિકાલ દઉં છું તુજને, કહ્યું કોઈનું નહીં સુણું." ૫૧

વિભીષણ વિચારે : "રાવણનો નાશ સમીપ જણાય ખરે!
દેશનિકાલ સજા કરી સારી; રામ-શરણ ઉદ્ધાર કરે."
સૌજન્યસમા વિભીષણ રાવણ તજી ઝટ સાગર પાર ગયા,
લક્ષ્મણ આદિ કરે પરીક્ષા, નિપુણ વિભીષણ પાસ થયા. ૫૨

ત્યાં હનુમાન કરે નિવેદન : "લંકા જઈ રાવણ પજવું,
તો અભિમાની અહીં આવશે; સ્થાનભ્રષ્ટનું નહિ ટકવું."
રામચંદ્રની સંમતિ મળતાં, વિદ્યાધર શૂરવીર લઈ
કપિવિદ્યાથી વાનર બની રંજાડે લંકા ત્રાસ દઈ. ૫૩

રામ પૂછે વિભીષણને કે "હજી રાવણ કેમ જણાય નહીં?"
કહે વિભીષણ, "વિદ્યા સાધે રાવણ આવે ક્યાંથી અહીં?
લાગ ખરો લંકા લેવાનો સેના સહ ચાલો જઈએ,
પ્રજ્ઞપ્તિ વિદ્યાબળથી બહુ વિમાન-રચના કરી લઈએ." ૫૪

રામ કહે : "શુભ નભ રસ્તે તે સાગર પાર જરૂર જઈએ,
આજુબાજુથી વિદ્યાધર સૌ, પ્રથમ બળે જીતી લઈએ."
**સ**મુદ્ર વિદ્યાધર ચઢી આવ્યો, **ની**લે ઝટ બાંધી લીધો;
રામે મુક્ત કરી નિજ રાજ્યે ડાંગર સમ રોપી દીધો. ૫૫

પ્રાન્ત ભાગના વિદ્યાધર સૌ રામ-શાસને આવી ગયા,
રણજંગે રાવણને હણવા સૌ એકત્ર સુ-સજ્જ થયા.
**ઇ**ન્દ્રજિત રાવણસુત લંકા-રક્ષક કહે : "દેવો, આવો,
લડવા ચાલો રામ-સૈન્ય સહ, શૂરવીર વીણી બાંધી લાવો." ૫૬

☆
☆☆

# ૪૫
# નિર્દોષ નર – શ્રી રામ
## ભાગ-૪

★

રાવણ પણ ઝટ આવી પહોંચે કટોકટીનો કાળ ગણી,
સિદ્ધ કરેલા બધા દેવતા કહે સ્પષ્ટ, "લ્યો આપ સુણી :
પ્રબળ પુણ્યના ઉદયે કરતા અમે આપનું સર્વ કહ્યું,
હવે કરી શકીએ નહિ કાંઈ પૂર્વ પુણ્ય પરવારી ગયું." ૧

અભિમાનીને ઊંધું સૂઝે, સત્ય શિખામણ ગણે નહીં,
ક્રોધ કરી રાવણ કહે : "જાઓ, નથી કોઈનું કામ અહીં.
નીચ દેવતા નહીં હોય તો યુદ્ધ નહીં તેથી અટકે,
સિંહ સમા મુજ ભુજબળ આગળ શિયાળ સમ શું રામ ટકે?" ૨

સિંહનાદ કરી સેનાપતિ રવિ-કીર્તિને આ હુકમ કર્યો :–
"રણભેરી વગડાવો, ચાલો, સેના સૌ તૈયાર કરો;
સિંહગુફા હરણો ઘેરી લે, લંકા તેમ દીસે આજે,
શિયાળ, સસલાં જેવા આવ્યા રામાદિક મરવા કાજે." ૩

ધોલ મારી મુખ રાતું રાખે, તેમ બધો દેખાવ કરે,
પણ અંતરમાં સંશય સાલે ઉર અમંગલ તર્ક ભરે :
"રાવણ વણ જગ આજ બનો, પણ રામસહિત નહિ રાજ્ય કરું."
એમ વિચારી કરી તૈયારી, ચક્રરત્નને અગ્ર કર્યું. ૪

હય, હાથી, રથ, વિમાન પર સૌ શૂરવીર શોભે શૌર્ય ભર્યા,
વાગે નોબત વિધવિધ વાજાં લડવા લંકાથી નીસર્યા.
રાવણના લશ્કરને દેખી, રામસૈન્ય પણ સજ્જ થયું,
વંદન કરી વીતરાગ પ્રભુને રામ-હૃદય તે જોઈ રહ્યું. ૫

અંજન-પર્વત નામે ગજ પર આરૂઢ રામ થઈ ચાલે,
વિજય-પર્વત નામે ગજ પર ચઢી લક્ષ્મણ રિપુગણ ભાળે.
સુગ્રીવ ને હનુમાન વિમાને સૂર્ય-ચંદ્ર સમ મન હરતા,
દુશ્મન-દર્પ તિમિર ઓસરતું, ઊલસે વિદ્યાધર વીરતા. ૬

નાદ નગારાંના નિષ્ઠુર તાડનથી ઘોર કરે ભારે,
તિરસ્કાર શત્રુનો કરતા ભરતા દ્વીપ-દિશા ચારે;
હયહેષારવ, ગજગર્જન ને ધનુષ્યના ટંકાર થતા,
શસ્ત્ર, અસ્ત્ર ઊછળે ચળકે બહુ, સુભટ નીડર બની ત્યાં ફરતા. ૭

તિરસ્કાર રાવણનો કરતા મહા-રથી વ્યંગે વદતા,
''એક ચક્રથી પરાક્રમી તે, અમે વૃથા બબ્બે ધરતા.''
મહાસાગર સમ સેનામાં મોજાં સમ અશ્વગ્રીવા ભાળો,
ધ્વજા દંડ સહ ગજ, રથ રૂડા વહાણ સમા બહુ નિહાળો. ૮

પવન વહે પાછળથી તેથી ધ્વજા બધી અરિભણી ઊડે,
દંડ-લગામ ખમાય ન જાણે હય સમ, તેથી બહુ ફફડે;
ધૂળ વંટોળે, તિમિર-પછેડે હણવા જાણે સૌ મથતી,
અથવા વૃદ્ધ જનોની જાણે દંડ ગ્રહી મશ્કરી કરતી. ૯

ધૂળ શમી કે સેનાપતિની આજ્ઞાથી સૌ યુદ્ધ કરે,
વાદળથી જળ-ઝડીઓ જેવી વીરકરથી શર-વૃષ્ટિ સરે;
નિમકહલાલી નૃપની કરવા, મરવા સૈનિક-ગણ તલસે,
વેતન-ઋણને ફેડવવા તે જીવનદાન દેવા ઊલસે. ૧૦

નથી જોવું નિજ સેનાનું હા! મરતું કે ડરતું કોઈ,
એમ ગણીને પ્રથમ લડીને વીર મરે જાણી જોઈ;
બાણાદિક વીર તદ્દન છોડે, પણ બરછી આદિ અર્ધી,
પણ અસિ આદિ અલ્પ ન છોડે; જામી અતિ સ્પર્ધાસ્પર્ધી. ૧૧

મર્મભેદક એક જ બાણે પ્રાણ હરે મોટા ગજના,
અસ્ત્રા સમ શરથી શત્રુના વાળ હરે અર્ધી મૂંછના;
ઘણાં બાણ કોઈ ગજને વાગ્યાં લોહી વહે જાણે ઝરણાં,—
ગેરુ-શિખરથી ઝરતાં, તેમાં નેતરનાં ઊગ્યાં તરણાં. ૧૨

રાવણ દેખે નિજ સેનાને છિન્નભિન્ન થઈ જતી જ્યારે,
નાખે માયામય સીતાનું મસ્તક રામ નજીક ત્યારે,
રામહૃદય મોહે મૂંઝાયું, કહે વિભીષણ, "કપટ ગણો,
સતી સીતાને સ્પર્શી શકે ના આપ વિના કો માત-જણ્યો." ૧૩

રામ સચેત થઈ સંહારે રાવણ-સેના રહી-સહી,
યુદ્ધ તજી નાઠો રાવણ પણ માયાયુદ્ધે બુદ્ધિ લહી;
સિંહવાહિની-વિદ્યા-રથ લઈ રામ પડ્યા રાવણ કેડે,
ઇન્દ્રજિત પ્રતિ લડવા લક્ષ્મણ વિદ્યાબળથી ગગન ઊડે. ૧૪

કુંભકર્ણ સહ સુગ્રીવ ને હનુમાન લડે રવિકીર્તિ પ્રતિ,
ઇન્દ્રકેતુ સાથે અંગદ, ખર-દૂષણ નીલને જામે અતિ.
રામપ્રતાપે રાવણ હઠતો નીરખી ઇન્દ્રજિત ઝટ આવે,
રામચંદ્ર ઝટ શક્તિ-પ્રહારે ઇન્દ્રજિતને પટકાવે. ૧૫

શસ્ત્ર લઈ રાવણ દોડ્યો ત્યાં વચમાં લક્ષ્મણ ઘૂસી ગયા,
શરપિંજરમાં પૂરે રાવણ, વિદ્યાબળથી મુક્ત થયા.
તેથી રાવણ લક્ષ્મણ હણવા ચક્ર ચલાવે ક્રોધ કરી,
પ્રદક્ષિણા દઈ લક્ષ્મણના દક્ષિણ કર પર તે રહ્યું ઠરી. ૧૬

પરાક્રમમૂર્તિ લક્ષ્મણ છેદે રાવણ-મસ્તક ચક્ર વડે,
પાપે નરક ગતિ બાંધેલી તેથી મરી નરકે જ પડે.
વિજયશંખ પૂરી શત્રુને અભયદાન લક્ષ્મણ દેતા,
ભ્રમર સમા રાવણના મંત્રી રામચરણકજ-સુખ લેતા. ૧૭

આશ્વાસન દે મંદોદરીને, કરે વિભીષણ દ્વીપપતિ;
રામ થયા બળભદ્ર અને લક્ષ્મણ પણ થાય ત્રિખંડ-પતિ.
સુગ્રીવ, હનુમાનાદિક જઈને વિજયોત્સવની ખબર કરે,
રામ-વિજયથી અશોકવનમાં શીલવતી સીતા હર્ષ ધરે. ૧૮

જેમ મહામણિ હાર વિષે યોજાતાં યોગ્ય પ્રભા પ્રગટે,
કે કુશલ કવિવાણી સાથે અનુપમ અર્થ-સુયોગ ઘટે,
અથવા સંત મતિ નિજ યોજે ધર્મ સ્વરૂપે પ્રેમ ધરી,
તેમ જ શોભે રામ-યોગથી શ્રીસમ સીતા મોદ ભરી. ૧૯

પ્રાણપ્રિય પતિ-વિરહે ઝૂરણા હતી અતિ જાનકી-ઉરે,
રામહૃદય શોકાકુલ રહેતું, પુણ્યોદય-સુખ કરી દૂરે.
પ્રિય-મિલનની પુણ્યપળે ધડકે ઉર એક થવા જાણે,
સખત તાપ પૃથ્વી સહી રહી ત્યાં મેઘ-મિલન શાંતિ આણે. ૨૦

વિરહ સમયની વીતી વાતો વિનિમયથી સ્મૃતિમાં આણે,
પરસ્પરે સુખ-દુઃખની વાતો સ્મરી સ્નેહીજન સુખ માણે.
સદોષ રાવણ ગણી હણી, નિર્દોષ સીતા-સ્વીકાર કીધો,
સત્પુરુષો સુવિચારે વર્તે; એ જ મહાજન-પંથ સીધો. ૨૧

ગયા પછી પીઠ-ગિરિ ઉપર સૌ સર્વ તીર્થ-જળ આણીને,
રામ અને લક્ષ્મણ બન્નેનો અભિષેક-વિધિ જાણીને,
એક સહસ ને અષ્ટ કળશથી સુર-વિદ્યાધર-રાય ઘણા
ઉત્સવ સહ અભિષેક કરે ત્યાં હર્ષ વર્ષતો, નહીં મણા. ૨૨

કોટિ-શિલા લક્ષ્મણ ઉઠાવે, રામ અતિ સંતુષ્ટ થયા,
દેશો જીતતા ગંગા-કાંઠે કાંઠે જલધિ સમીપ ગયા.
પુણ્ય-ઉદયથી દેવાદિકને વશ કરી થાય ત્રિખંડપતિ,
આવી અયોધ્યામાં વીર બન્ને રાજ્ય કરે લઈ લોકમતિ. ૨૩

એક દિને પુર-ઉપવનમાં ગુરુ **શિ**વગુપ્ત જ્ઞાની જાણી,
લક્ષ્મણ સહ જઈ રામચંદ્રજી વંદન કરી સુણતા વાણી.
તે ઉપદેશ સુણી, જાગ્રત થઈ શ્રાવકનાં વ્રત રામ ધરે,
નિદાનદોષે ભોગાસક્તિ લક્ષ્મણની ના જરી ફરે. ૨૪

બાંધેલું આયુષ્ય નરકનું તેથી ના વ્રત-વીર્ય સ્ફુરે,
ધારી શક્યા ના લક્ષ્મણ કંઈયે સ્પષ્ટ શિખામણ નિજ ઉરે.
એક દિને દેખે લક્ષ્મણ ત્રણ સ્વપ્ન, જઈ કહે રામ કને;
રામ પુરોહિતને એકાન્તે મળી, સુણે ઉદાસ મને. ૨૫

કહે પુરોહિત : "મસ્ત હસ્તી વડ ઉખેડતો દીઠો તેથી,
અસાધ્ય રોગ થશે લક્ષ્મણને, કેશવ-દેહ છૂટે એથી;
રાહુગ્રસ્ત રવિ રસાતલે પડતો બીજે સ્વપ્ને દેખે,
ફળ તેનું ક્ષય ભોગજીવનનો, દુર્ગતિદાયક સૌ લેખે. ૨૬

ઊંચું રાજભવન ધોળેલું તૂટતું સ્વપ્ન વિષે ભાળે,
તેનું ફળ આ : આપ તપોવન જઈ તપ તપશો તે કાળે."
ધીર વીર ગંભીર રામ કરે નહિ ખેદ, ઉરે અતિ શાંતિ ધરે,
કરી ઘોષણા : 'રાજ્ય વિષે હણવા નહિ જીવો કોઈ, અરે !" ૨૭

ઇચ્છિત દાન દીધાં દીન જનને, શાંતિ-પૂજન કરી જન જમતા;
પણ લક્ષ્મણજી પુણ્યક્ષયે જો અસાધ્ય રોગે દુખ ખમતા.
માઘ અમાવસ્યાએ લક્ષ્મણ પ્રાણ તજી ચોથી નરકે
ગયા, થયા સંતપ્ત રામ; પણ શોક ન સમજુ-ચિત્ત ટકે. ૨૮

ઉત્તર-ક્રિયા કરી, શુભ વચને સ્ત્રીજનનું મન શાંત કરે,
લક્ષ્મણ-સુત **પૃ**થ્વીસુંદર-શિર રામ મુકુટ પોતે જ ધરે.
સીતાના સુત સાત ચહે નહિ રાજ્યશ્રી વૈરાગ્ય ધરી,
તેથી **અ**જિતંજય નામે નાનાને દે યુવરાજ કરી. ૨૯

મિથિલા દેશ સમર્પી તેને રામ અતિ વૈરાગ્ય ધરે,
કેવલી શ્રી **શિ**વગુપ્ત તણી શ્રવણાદિક બહુવિધ ભક્તિ કરે;
નિદાનદોષે લક્ષ્મણ ચોથી નરકે છે, સુણી સ્નેહ તજે,
હનુમાન, વિભીષણ, સુગ્રીવ આદિ નૃપગણ સહ *શિવસાજ સજે. ૩૦

ઘણી રાણીઓ સીતા સાથે **શ્રુ**તવતી સાધ્વી સમીપ ગઈ,
તપ, સંયમ સમજી મોક્ષાર્થે સર્વે સાધ્વીરૂપ થઈ.
અજિતંજય ને પૃથ્વીસુંદર આદિ બહુ ગૃહીવ્રત ધારી,
શ્રી જિનરાજ-ચરણકજ વંદી, ગયાં અયોધ્યા નરનારી. ૩૧

હનુમાન અને શ્રી રામ થયા શ્રુતકેવળી શિવપંથે વિચરી,
મુનિપણે ત્રણસો પંચાણું વર્ષ રહી શરૂ શ્રેણિ કરી;
વર્ષ છ સો સુધી દીધી દેશના કેવળજ્ઞાની રૂપે વિચરી,
ફાગણ સુદ ચૌદસ દિન, ચઢતાં સમેતશિખરે શિવ-સ્ત્રી વરી. ૩૨

તા. ૧૫-૧૨-૧૯૩૯
માગશર સુદ ૫, શનિ, સં. ૧૯૯૬

Revised તા. ૧૬-૧૨-૪૧
માગશર વદ ૧૩, સં. ૧૯૯૮

☆
☆☆

---

* દીક્ષા લીધી

## ૪૬

# સ્વ-દેશ-બોધ

(બાહુ જિણંદ દયામયી, વર્તમાન ભગવાન, પ્રભુજી—એ રાગ)

★

**રાજ**ચંદ્ર પ્રભુને નમું, ના ગણું લૌકિક કાજ, પ્રભુજી;
નિર્મોહી નર આદર્યા, યાચકતા તજી આજ, પ્રભુજી. રાજ૦

સદ્‌ગુરુ-બોધ વિચારતાં, ટળે દેહ-અહંકાર, પ્રભુજી;
દશા વિદેહી તે વર્યા, ભાવ-દયા-ભંડાર, પ્રભુજી. રાજ૦

ચારે ગતિ દુઃખથી ભરી, કર્મતણો બહુ ભાર, પ્રભુજી;
માનવદેહ વિષે બને સત્પુરુષાર્થ પ્રકાર, પ્રભુજી. રાજ૦

એવો યોગ લહ્યા છતાં, લાગ્યો ન બોધ લગાર, પ્રભુજી;
જાગ્યો ન જો મોહનીંદથી, ઢોર સમો અવતાર, પ્રભુજી. રાજ૦

ધન્ય! મુનિ જેહ જાગિયા, રહ્યા સદાય અસંગ, પ્રભુજી;
મોહ ફંદે ન ફસાય તે, ત્યાગી સંગ-પ્રસંગ, પ્રભુજી. રાજ૦

એવી દશા નથી ત્યાં સુધી ઉપાસવો સત્સંગ, પ્રભુજી;
અલ્પ આરંભ-પરિગ્રહે ટળે અસત્સંગ-રંગ, પ્રભુજી. રાજ૦

ચિત્ત વિત્ત ને પાત્રના યોગ અલભ્યની શોધ, પ્રભુજી;
યોગાનુયોગે મળી જતાં સહજે આતમબોધ, પ્રભુજી. રાજ૦

અસાર આ સંસારના ક્ષણિક ભોગ-વિલાસ, પ્રભુજી;
ઊંડો વિચાર કરી તજું માયિક સર્વ મીઠાશ, પ્રભુજી. રાજ૦

તો સદ્‌ગુરુના સંગથી પ્રગટે બોધ-પ્રકાશ, પ્રભુજી;
નિર્મળ વિચાર-ધારથી ધોવાય મિથ્યાભાસ, પ્રભુજી. રાજ૦

લોક-સ્વજન-તન-કલ્પના બંધનરૂપ સંબંધ, પ્રભુજી;
સત્શ્રદ્ધા દૃઢ આદરી, ટાળું બધા પ્રતિબંધ, પ્રભુજી. રાજ૦

કર્મકલંકિત આતમા જેથી થાય વિશુદ્ધ, પ્રભુજી;
તે જ સ્વધામ, સ્વહિત તે, સમજાવે સૌ બુદ્ધ, પ્રભુજી. રાજ૦

ઇન્દ્રિય-રાક્ષસ જ્યાં ભમે, રમે રતિરૂપ સિંહ, પ્રભુજી;
દુઃખ અટવી-સંસારને તજે મુનિ નર-સિંહ, પ્રભુજી. રાજ૦

દુઃખદાવાનળથી બળે જગમાં જીવ અનંત, પ્રભુજી;
જ્ઞાન-સમુદ્ર તટે જતા તેથી સઘળા સંત, પ્રભુજી. રાજ૦

સમજુ જન તે જાણવા, હણે મોહ અરિ જેહ, પ્રભુજી;
અનંતકાળથી દુઃખ દે, દુર્જય જગમાં તેહ, પ્રભુજી. રાજ૦

ક્ષણ પણ સજ્જન-સંગતિ જાણું ભવ-જળ-નાવ, પ્રભુજી;
પ્રમાદ તજી તે આશરે પામું નિજ સ્વભાવ, પ્રભુજી. રાજ૦

વિભાવ મૂળ સંસારનું સુવિચારે બળી જાય, પ્રભુજી;
ઇન્દ્રિય-સુખની લાલસા ગયે આત્મસુખ થાય, પ્રભુજી. રાજ૦

પ્રમાદ તજી તે કામને ભાવ ધરી ધરું હાથ, પ્રભુજી;
વિવેકશૂન્ય રહું નહીં ગ્રહી સજ્જનનો સાથ, પ્રભુજી. રાજ૦

પરાધીન ઇન્દ્રિયસુખો, ક્ષણિક ને દુઃખમૂળ, પ્રભુજી;
જીવન ઝબકારા સમું મોક્ષયત્ન અનુકૂળ, પ્રભુજી. રાજ૦

**મે**ઘકુમાર થયા મુનિ લહી વૈરાગ્ય અપાર, પ્રભુજી;
રાત્રે ઊંઘ ન આવતાં ઘેર જવા તૈયાર, પ્રભુજી. રાજ૦

પ્રભુદર્શન ને બોધથી થયું પૂર્વ-ભવ-જ્ઞાન, પ્રભુજી;
હાથી-ભવનાં દુઃખ-દયા દીઠે આવ્યું ભાન. પ્રભુજી. રાજ૦

નરભવમાં હારું નહીં, હવે કરું કલ્યાણ, પ્રભુજી;
એવો નિર્ણય કરી કહે : ‘‘નિયમ કરું, ભગવાન, પ્રભુજી. રાજ૦

દેહ તણી સંભાળ હું કરીશ નહિ કદીૅ અલ્પ, પ્રભુજી;
સદ્‌ગુરુ-શરણે હું તજું દેહ વિષે વિકલ્પ,'' પ્રભુજી. રાજ૦

સર્વ સંગ આસ્રવ મહા, લાય સમા ન મનાય, પ્રભુજી;
સ્ત્રી-ધન-યશની વાસના કેમ હજી ન તજાય, પ્રભુજી? રાજ૦

કાયા મળમૂત્રે ભરી, માત્ર રોગની ખાણ, પ્રભુજી;
કેમ અયોગ્ય પ્રયોજને રાચે હજીૅ મુજ પ્રાણ, પ્રભુજી? રાજ૦

કાળરૂૅપી અજગર ગળે જન્મ થકી નિર્ધાર, પ્રભુજી;
ભોગ-ભુજંગ-પ્રસંગમાં રાચું હજી ય અપાર, પ્રભુજી. રાજ૦

ઉપરાઉપરી આપદા પ્રેરે પાપ-પ્રકાર, પ્રભુજી;
નરક ભયંકર નોતરે; ટકે ન હિત-વિચાર, પ્રભુજી. રાજ૦

નથી નિર્ણય નિજ રૂપનો ક્યાંથીૅ થશે કલ્યાણ, પ્રભુજી?
ભાન વિના ભમતો ફરું ભૂત-ભ્રમિત સમાન, પ્રભુજી. રાજ૦

કુશાસ્ત્રાદિ વિનોદમાં ગાળું હું દુર્લભ કાળ, પ્રભુજી;
કરવા યોગ્ય કરું નહીં, લીધી ન નિજ સંભાળ, પ્રભુજી. રાજ૦

સમભાવે પગ ના ટકે, મમતા નહીં મુકાય, પ્રભુજી;
વેષ ધરું ભવ-નાટકે, સ્વભાવ નિત્ય ચુકાય, પ્રભુજી. રાજ૦

કૃત-કારિત-અનુમોદને ધર્મ ત્રિવિધ સધાય, પ્રભુજી;
મન, વાણી, તન યોજતાં નવધા ધર્મ-ઉપાય, પ્રભુજી. રાજ૦

શ્રવણ, કીર્તન, ચિંતના, વંદન, સેવન, ધ્યાન, પ્રભુજી;
લઘુતા, સમતા, એકતા—નવધા ભક્તિ-નિદાન, પ્રભુજી. રાજ૦

ધોધ સમા સદ્‌બોધથી ટળતાં પૂર્વિક પાપ, પ્રભુજી;
આત્મિક બળ ઉજ્જ્વળ બને, એ સત્સંગ-પ્રતાપ, પ્રભુજી. રાજ૦

માગશર સુદ ૧૦, સં. ૧૯૯૬ — તા. ૨૧-૧-૪૦

☆
☆☆

# ૪૭

# પ્રશસ્ત યોગ

(રાગ ખમાજ—તાલ ધુમાળી)

(વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી, ઘનનામી, પરનામી રે—એ રાગ)

★

વંદું પદ ગુરુ **રાજચંદ્ર**ના યોગ અવંચકકારી રે;
પરમ યોગ પ્રગટાવે હૃદયે, શાંત-સુધારસ ધારી રે. વંદું૦

યોગ થયો જે પરવસ્તુનો બાહ્ય, અભ્યંતર ભેદે રે;
દેહાદિકનો બાહ્ય ગણાયે, કર્મ અભ્યંતર વેદે રે. વંદું૦

કર્મ-હેતુ ત્રણ યોગ કહ્યા જ્યાં મન, વાણી, તન વર્તે રે;
શુભ-અશુભ જીવ-ભાવ વડે તે પ્રશસ્ત ને અપ્રશસ્ત રે. વંદું૦

પાપ-કર્મમાં કરે પ્રવૃત્તિ વિષયાદિકને માટે રે;
અશુભ યોગથી દુર્ગતિ બાંધી વહે અનાદિ વાટે રે. વંદું૦

સદ્ભાગ્યે સદ્ગુરુને યોગે વંદન આદિક કરતાં રે;
યોગ-ક્રિયા-ફળ હોય અવંચક ભાવ સત્ય પ્રતિ ધરતાં રે. વંદું૦

એક શેઠને ત્રણ દુકાનો રત્ન, કનક, કાપડની રે;
નફો-ખોટ ત્યાં ભાવ પ્રમાણે, વળી ક્રિયા આવડની રે. વંદું૦

કાપડમાં જે ખોટ જણાતી, કનકલાભથી ટળતી રે;
કનકદુકાને ખોટ આવતાં રત્નનફામાં ભળતી રે. વંદું૦

પ્રશસ્ત પ્રવૃત્તિ યોગ તણી તે પુણ્યલાભ સમ સમજો રે,
*અશુભ યોગ જ પાપ ખોટ સમ, પુરાય હજી જો ચેતો રે. વંદું૦

કાયાએ દૂભવ્યા જન તેની ક્ષમા યાચ્યે જન છૂટે રે,
વચન-વિરોધે વેર વધેલું મૈત્રીભાવે તૂટે રે. વંદું૦

---

* અશુભ યોગથી પાપ જન્મે છે, તે ખોટ સમાન છે.

એથી ઊલટો ક્રમ સેવ્યાથી ખોટ નહીં પુરાશે રે,
મનમાં વેર ધરી હિતવચનો વદતાં, વેર ન જાશે રે. વંદું૦

વચન-વિરોધ કરી કાયાથી સેવા કરો તન તોડી રે,
તોપણ હિત નહિ સાધી શકશો, સમજી લ્યો મન જોડી રે. વંદું૦

રત્નખોટ નહિ પૂરી થાશે સુવર્ણની દુકાને રે,
સોનાની નહિ ખોટ પુરાશે કાપડની દુકાને રે. વંદું૦

મનને આધારે તરવાનું કે ડૂબવાનું, સમજો રે,
તેથી મનની શુદ્ધિ કરવા સત્પુરુષને ભજજો રે. વંદું૦

સત્પુરુષની સ્તુતિ કરવા વચનયોગ વાપરજો રે,
જીવનભર તેની સેવામાં માનવ કાયા ધરજો રે. વંદું૦

વિષયકષાય તજી અંતરથી, શમ-દમ તત્ત્વ વિચારો રે,
દયા, ક્ષમા, નિર્મમતા, મૈત્રી ઉદાસીનતા ધારો રે. વંદું૦

દ્વાદશ, સોળ અનેક પ્રકારે ભાવી ભાવના સારી રે,
સદ્ગુરુ-બોધે કરો રમણતા, ભવના ભાવ વિસારી રે. વંદું૦

મનડે મોહ-અભ્યાસ કર્યો છે, તેથી મોહે ભમતું રે;
જ્ઞાન અને વૈરાગ્ય-અભ્યાસે રહે સ્વરૂપે રમતું રે. વંદું૦

જેને હિતકારી મન માને તેની રુચિ નિત ધરતું રે,
વગર પ્રયત્ને ત્યાં જ ફરે મન, તલ્લીન બની ત્યાં ઠરતું રે. વંદું૦

સર્વોપરી હિતકારી જીવને સંત-સમાગમ માનો રે,
તેમાં ચિત્ત પરોવાયું તો રંગ રહે નહિ છાનો રે. વંદું૦

જ્ઞાનીની વાણી વસી હૃદયે તો વૈરાગ્ય ઝળકશે રે,
તત્ત્વવિચાર-સુધારસ-ધારા પીતાં તપ-પ્રીતિ વધશે રે. વંદું૦

સત્પુરુષોના ગુણગ્રામે જે રસના પાવન કરતા રે,
તે જન કુવિદ્યા-રસ તજીને સહજે ભવજળ તરતા રે. વંદું૦

સત્ય પ્રમાણિક વચન વદે જે સત્‌શ્રુતને આધારે રે,
વિશ્વ તણા વ્યાપાર વિષે નહિ વ્યર્થ વચન ઉચ્ચારે રે. વંદું૦

પરનિંદા, કુમાર્ગ-પ્રશંસા, મર્મ-ભેદી તજી વાચા રે,
શાંતિ-પ્રેરક વચનયોગને વર્તાવે જન સાચા રે. વંદું૦

જન-મન દૂભવે બૂરું બોલી તે જન હિંસક જાણો રે,
તે જનને[1] સન્માર્ગે વાળે, વાણી પ્રશસ્ત વખાણો રે. વંદું૦

કષાય શમાવે, ભક્તિ જગાવે, ધીરજ દે દુઃખ આવ્યે રે,
મોહનીંદમાં ઘોરે જગજન તેને બોધી જગાવે રે. વંદું૦

સહજ સ્વભાવે સ્ફુરતી વાણી પરમગુરુની જાણો રે,
શબ્દબ્રહ્મરૂપ વચન-યોગ તે પરમ પ્રશસ્ત પ્રમાણો રે. વંદું૦

કર-ચરણાદિક અનેક અંગે પાપ થતાં જે રોકી રે,
સ્વપર-હિતમાં કાયા યોજે તે શુભ કાયા-યોગી રે. વંદું૦

શાસ્ત્રાજ્ઞા-અનુસરતું વર્તન કાયાથી જે રાખે રે,
પાપ ઘણાં અટકાવી તે જન પરમ પુણ્ય-ફળ ચાખે રે. વંદું૦

*ક્રિયાકુશળતા યોગ ગણ્યો છે, અક્રિયતા નિજ જાણો રે,
કર્મરહિત નિજ શુદ્ધ સ્વભાવે સ્થિરતા, યોગ વખાણો રે. વંદું૦

ગ્રંથિભેદ કરી, બાહ્યદશા તજી અંતરાત્મતા પામી રે,
પરમાત્માના યોગે યોગી થાય ત્રિભુવન-સ્વામી રે. વંદું૦

પરમાત્મા ય સયોગીપણું તજી થાય અયોગી અંતે રે,
એમ પરમપદ પામી શોભે સિદ્ધરૂપે લોકાંતે રે. વંદું૦

પ્રશસ્ત-યોગ-પ્રભાવે યોગી શુભ ભાવો આરાધે રે,
શુદ્ધ ભાવની શ્રેણી ચઢતાં અંતિમ સિદ્ધિ સાધે રે. વંદું૦

ફા. સુદ ૩, સં. ૧૯૯૬ — તા. ૧૨-૩-૧૯૪૦

---

૧. પાઠા૦ જે જનને * 'योगः कर्मसु कौशलम्'—गीता

# ૪૮

# સરળપણું

(દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે સુખ-સંપદશું ભેટ—એ રાગ)

★

વક્રપણું વિભાવતણું રે સદ્‌ગુરુમાં નહિ લેશ,
શુદ્ધ સ્વભાવે શોભતા રે સરળપણે પરમેશ.
પરમગુરુ **રાજચંદ્ર** ભગવંત.
હું વંદું વાર અનંત, પરમગુરુ રાજચંદ્ર ભગવંત.

સહજ સ્વરૂપને પામવા રે સરળપણાની જરૂર,
મનહરતા પણ ત્યાં વસે રે વિશ્વાસે ભરપૂર. પરમગુરુ૦

સરળ સિદ્ધ-ગતિ કહી રે, સરળ અતિ શિવપંથ;
વક્રગતિ કહી સર્પની રે, માયાનું દૃષ્ટાંત. પરમગુરુ૦

દરમાં પેસે સાપ તો રે સીધો ત્યાં થઈ જાય,
તેમ માયા મૂક્યા વિના રે ધર્મ ન સત્ય સધાય. પરમગુરુ૦

મનમાં હોય તેવું જ કહે રે વચન વડે જન જેહ,
વચનથી કરવા કહે રે કરે કાયાથી તેહ. પરમગુરુ૦

એમ ત્રિયોગની એકતા રે ધરે સરળ સુજાણ,
પ્રજ્ઞાવંત પુરુષની રે સરળતા સુખ-ખાણ. પરમગુરુ૦

સરળ જનનું ચિત્તપટ રે ચિંતા-કરચલી હીન,
નથી તેને કાંઈ ઢાંકવું રે નથી ગરજ-આધીન. પરમગુરુ૦

લોકરંજન કે ભય તણો રે ભાર ધરે નહિ જેહ,
લાભહાનિને ગણે નહિ રે સરળ-શૂરવીર તેહ. પરમગુરુ૦

માયા-કપટ ના કેળવે રે, મૂરખ પણ નહિ તેહ,
સરળતા ફળ વીર્યનું રે ધરે બુદ્ધિધન જેહ. પરમગુરુ૦

સરળતા બીજ ધર્મનું રે, સરળતા સુખ-મિત્ર,
માયિક સુખની વાંછના રે કાણી નાવ સચિત્ર. પરમગુરુ૦

ભવજળ તરવા જો ચહો રે ગ્રહો સરળતા-જહાજ,
સંતોષાશે સજ્જનો રે શ્રદ્ધે શત્રુસમાજ. પરમગુરુ૦

સરળભાવે દોષ થતાં રે ભૂલ તે ઠપકાપાત્ર;
સરળ ને સન્માર્ગને રે અંતર અંગુલ માત્ર. પરમગુરુ૦

સરળ જીવનું ધ્યેય તો રે હોય જ શુદ્ધ સ્વરૂપ;
માનાદિને હેય ગણે રે જાણે એ અઘરૂપ. પરમગુરુ૦

ત્યાગ પ્રપંચોનો કરે રે, ચૂકે ન નિજ સ્વરૂપ;
સ્વરૂપમાં સંતોષ ધરે રે ઓળખી માયારૂપ. પરમગુરુ૦

ધન, સ્વજન નિજ માનતાં રે કરે મમત્વ પ્રવેશ,
જીવ જુદો જાણ્યે જશે રે માયાશલ્ય અશેષ. પરમગુરુ૦

માયાથી પશુભવ ધરી રે પરવશ પડી રિબાય,
માયાથી અબળા બની રે માયામાં લપટાય. પરમગુરુ૦

બાળે-પ્રતીતિ-પ્રીતિને રે માયા છૂપી આગ,
માયા તજી થાતાં સરળ રે છૂટે રાગ અથાગ. પરમગુરુ૦

કપટી સુતનો ના કરે રે માતા પણ વિશ્વાસ,
મોડો-વહેલો કપટનો રે થાય સ્વયં પ્રકાશ. પરમગુરુ૦

માયા તજવા ભાવના રે સજ્જન કરતા એમ :
માયા કરી દેખાડું છું રે તેવો બનું નહિ કેમ ? પરમગુરુ૦

દોષ થયેલો ઢાંકવા રે દોષ કરું ન નવીન,
પ્રાયશ્ચિત્તથી ટાળવો રે—નિશ્ચય એ સમીચીન. પરમગુરુ૦

દોષ કરી તે ઢાંકતાં રે ઢાંક્યો ન રહે નિત,
પ્રગટ થતાં લજ્જા પીડે રે, ખોઈશ હું પ્રતીત. પરમગુરુ૦

ભલે મને સૌ છેતરે રે, નિર્ભય નિત્ય રહીશ;
કોઈ સમર્થ નથી જગે રે હરવા કર્મ, ગણીશ. પરમગુરુ૦

ઠગ પોતે જ ઠગાય છે રે, છૂટે મારાં કર્મ,
સત્સાધન હું ના ચૂકું રે એ જ સમજનો મર્મ. પરમગુરુ૦

લોક કહે 'ભોળો' મને રે, 'નામર્દ', 'બુદ્ધિહીન',
માયામાં મતિ ના ધરું રે, સહીઁ લઉં સ્વાધીન. પરમગુરુ૦

બાળપણે પરવશ સહ્યા રે 'નાદાન' આદિ બોલ,
પશુપણે ગાળો સુણી રે માર સહ્યા અણતોલ. પરમગુરુ૦

નરભવમાં સમજી સહું રે સરળતાનાં આળ,
ખટકો મનમાં ના ધરું રે જવા દઉં જંજાળ. પરમગુરુ૦

શૂૅરવીૅરને શોભે નહીં રે માયારૂૅપ હથિયાર,
કર્મ અરિને જીતવા રે થયો હવે તૈયાર. પરમગુરુ૦

નિર્દોષ મુજને સૌ ગણે રે બકરી જેવો હાલ,
મરણ સુધી તેવો જ રહું રે; લડવામાં શો માલ? પરમગુરુ૦

કોઈ કહે : "ડસવું નહીં રે, ફૂંફાડે શો દોષ?
ભડકીને ભાગી જશે રે કરો ઉપરથી રોષ." પરમગુરુ૦

મારું ધન મારી કને રે ઠગીૅ શકે નહિ કોય;
તે ચૂકી પરમાં પડું રે ત્યારે ડૉળ જ હોય. પરમગુરુ૦

પરને મારું માનતાં રે ચિંતાનો નહિ પાર,
તેમ છતાં સંયોગનો રે નક્કી વિયોગ થનાર. પરમગુરુ૦

કર્મ જ માયારૂપ છે રે આત્માને ભૂલવનાર,
ગુણો પ્રગટ જે જે થતા રે સહજ સરળરૂૅપ સાર. પરમગુરુ૦

☆
☆☆

# ૪૯
# નિરભિમાનપણું

(અનુષ્ટુપ)

★

જગમાં સર્વના શિષ્ય થવા સદ્ગુરુ ઇચ્છતા,
**રાજચંદ્ર** પ્રભુ એવા તેમને પ્રણમું સદા. ૧

દાસત્વ સર્વનું ઇચ્છે મુમુક્ષુનું વિશેષ જે,
તેનામાં માનને સ્થાન ક્યાંથી? જ્યાં ન પ્રવેશ છે. ૨

★

'પાપમૂલ અભિમાન' પ્રસિદ્ધ જગમાં અતિ,
નિષ્પાપી નિરભિમાની વિનયાન્વિત સન્મતિ. ૩

★

જાતિ, કુળ, બળ, વિદ્યા, ઐશ્વર્ય, શ્રી, તપે, રૂપે
અભિમાન કુબુદ્ધિને; પડે ના સુજ્ઞ તો કૂપે. ૪

જાતિવંત ઘણા જીવો કુકર્મે નરકે ગયા,
નરો કુલીન ભિખારી અભિમાન વશે થયા. ૫

બળવંતા ઘણા મલ્લો નિઃશસ્ત્ર સિંહને હણે,
વ્યાધિ-ગ્રસ્ત બિચારા તે મુઝાયા મક્ષિકા-ગણે. ૬

વિદ્વાનો જગમાં પૂજ્ય સભા-ભૂષણ રૂપ જે,
કામ, ઉન્મત્તતા વ્યાપ્યે બને પાગલ-ભૂપ તે. ૭

સત્તામત્ત* બન્યો સમ્રાટ્ **બોનાપાર્ટ** સિપાઈ જે,
યુક્તિબાજ ઘણો તોયે મૂઓ ક્યાંય રિબાઈ તે. ૮

લક્ષ્મીવંતો ઘણા દીઠા ભિક્ષુ પાસે ય યાચતા,
તપસ્વી લપસી જાતાં નારી આગળ નાચતા. ૯

---

* પાઠાં૰ અમલમસ્ત

રૂપરાશિ શશી પૂર્ણ ક્ષીણતા રોજ જો ભજે;
સંયોગોના વિયોગોને દેખે તે મદને તજે. ૧૦

★

વળી વિશેષતા પ્રત્યે દૃષ્ટિ દેતાં મદ ગળે,
'શેર માથે સવા શેર' લોકોક્તિ વિનયી કળે. ૧૧

મોટી લીટી બને નાની જો દોરો મોટી ઉપરે;
તેમ પૂર્વ મહાત્માની સ્મૃતિથી મદ ઊતરે. ૧૨

લાંબા આયુષ્યના ધારી ચક્રવર્તી નરેન્દ્ર કો,
પુણ્ય પૂરું થયે નર્કે સાતમે જાય, જો દગો. ૧૩

સર્વ શાસ્ત્ર-સમુદ્રોના પારગામી મુનિ મહા,
અભિમાન નહીં ધારે, બાળ જેવા રહે, અહા! ૧૪

નિરભિમાનીની વાણી સૌ કોઈ સુણવા ચહે;
સ્વપ્રશંસા અભિમાની તણી વાણી વિષે વહે—૧૫

પક્વાન્ને કાંકરી જેવી દૂભવે મન આપણાં;
વિના વાંકે બને વૈરી અભિમાની તણાં ઘણાં. ૧૬

અભિમાન જતાં ગુણો વિનયાદિ વધે વળી,
સત્પુરુષોની સેવાથી મિથ્યા ભાવો જશે ટળી. ૧૭

આત્મજ્ઞાની થયે સાચી નિરભિમાન-શીલતા,
સદ્ગુરુબોધથી વૃદ્ધિ પામે જ્ઞાન-દયા-લતા. ૧૮

સત્શાસ્ત્ર-વારિ સિંચાયે સદાચાર-સુપુષ્પથી
યશ-સુગંધી ફેલાશે, આત્મધ્યાન પ્રતાપથી—૧૯

કેવલજ્ઞાનની જ્યોતિ મોક્ષસુખો બતાવશે;
એમ નિરભિમાનીને શિવ-નારી વધાવશે. ૨૦

ભાગ્યશાળી હશે તેને સદ્ગુરુ-યોગ ગોઠશે,
સત્શ્રદ્ધા પામી, આજ્ઞાએ વર્તતાં માન છૂટશે. ૨૧

★

આખરે પરવસ્તુ તો મૂકવી પડશે બધી,
પસ્તાવું ના પડે છેલ્લે, વાસના જો મૂકી દીધી. ૨૨

મહત્તા, વાસના જેમાં તેનું માન જ ઉદ્ભવે,
માન જેનું કરે જીવો તે પામે ના પરભવે. ૨૩

અપૂર્વ માન-પર્વતે ચઢી અક્કડ મસ્તકે,
પામે અધોગતિ પ્રાણી; રક્ષા કોણ કરી શકે? ૨૪

★

નિરભિમાનીમાં વાસો સર્વે ગુણો તણો ગણો,
કલાઓ ચંદ્રમાં જેમ; તે પામે પ્રેમ સૌ તણો. ૨૫

પ્રીતિપાત્ર બને સૌનું પશુ વિનીત હોય જો;
શોભા સર્વોપરી પામો વિનયે ઉર જો સજો. ૨૬

નિરભિમાનીની ચાલ, વાણી, વેશ અનુદ્ધત;
સ્વગુણોને ન દર્શાવે અન્ય-ગુણે રહે રત. ૨૭

ગુરુ જો ગુણ દર્શાવે તોયે ફુલાય ના જરી;
કઠોર વચને શિક્ષા દે તો લાભ ચહે ફરી. ૨૮

બાલ-ગોપાલની હાંસી સહે નિરભિમાની જે,
પ્રસન્ન વદને સૌને સંતોષે રહી શાંત તે. ૨૯

સમ્યક્ત્વની નિશાની એ: ઉરે નિર્મદતા રહે;
આત્મલાભ સદા દેખે, માનપૂજા નહીં ચહે. ૩૦

વિના વાંકે વસે વાંક કોઈના ઉરમાં જરી,
તો ય માઠું લગાડે ના, વિનયે વશ લે કરી. ૩૧

★

માઠા બોલો ગણો મીઠા 'ગાળ ઘીની જ નાળ' જો,
સ્વાર્થ કે વ્હાલ જાણીને આત્માર્થે એ જ પાળજો. ૩૨

☆
☆☆

# ૫૦

# બ્રહ્મચર્યનું સર્વોત્કૃષ્ટપણું

(પામશું, પામશું, પામશું રે કેવળજ્ઞાન હવે પામશું—એ રાગ)

★

લાગશે, લાગશે, લાગશે રે પરબ્રહ્મપદે લય લાગશે—ટેક

બ્રહ્મનિષ્ઠ ગુરુ **રાજ**-પ્રતાપે અનાદિનો ભ્રમ ભાગશે રે, પરબ્રહ્મ૦
આત્મજ્ઞાની **લ**ઘુરાજે જણાવ્યા **રાજ**ગુણે જીંવ જાગશે રે. ’’

બ્રહ્મજ્ઞાનીની ભક્તિ કર્યાથી બ્રહ્મચર્ય-રુચિ વાધશે રે, ’’
આત્મા જ બ્રહ્મસ્વરૂપે ગવાયો, ઇન્દ્રિયજયથી લાધશે રે. ’’

અનાદિકાળથી સ્પર્શ-ઇન્દ્રિયનો અભ્યાસ આડો આવશે રે, ’’
ક્રમે ક્રમે પુરુષાર્થ કરે તે પરાક્રમી જન ફાવશે રે, ’’

સદ્ગુરુ-સેવાથી જાગે જિજ્ઞાસા, સદ્ગુરુ બોધ રેલાવશે રે, ’’
સાચી મુમુક્ષુતા સદ્ગુરુ-બોધે જીવ જ્યારે પ્રગટાવશે રે ’’

સદ્ગુરુ-આજ્ઞાથી સત્પુરુષારથ જો કરવા જીંવ માગશે રે, ’’
ભાગ્યશાળી તે નર વીંર જાણો; વિઘ્ન-પવન ડોલાવશે રે ’’

★

શીલરક્ષણ ને યશ ઇચ્છે તે આ શિક્ષા ઉર ધારશે રે :— ’’
વાતો વિકારી જનોની કરો ના, સૂતા વિકારો જાગશે રે. ’’

નીરખશો ના નર-નારીં-અંગો મલિન ભાવ લલચાવશે રે; ’’
દુરાચારીની સોબત તજજો, ‘સંગ તેવો રંગ’ લાગશે રે. ’’

ભાંગ, તંબાકુ, કેફી ચીંજો સૌ બુદ્ધિ-વિકારો લાવશે રે, ’’
પાન-બીડી, ફૂલ, અત્તર આદિ શીલનો ભંગ કરાવશે રે. ’’

ગીંત, નૃત્ય, નાટક, ચિત્રો વિકારી કામ-વિકાર ઊભરાવશે રે; ’’
રાત્રિભોજન ને ભારે ભોજન પણ ઉન્મત્તતા ઉગાડશે રે. ’’

ચિત્ત-આકર્ષક વસ્ત્ર-આભૂષણ અને એકાન્ત ભુલાવશે રે, પરબ્રહ્મ૦
સ્વાદ-લંપટતા સાથે હજારો દોષો આવી મુઝાવશે રે. ''

સુણ્યા, દીઠા, અનુભવ્યા ભોગોની સ્મૃતિ અતિ લલચાવશે રે. ''
તેવા વિકારી સંગો તજો તો સત્સંગનો રંગ લાગશે રે. ''

★

નાક, કાન કાપેલી વૃદ્ધ વનિતા પણ સાધુનું ચિત્ત ચળાવશે રે, ''
વિષવેલ સ્પર્શી વાયુ વહે તે મરણ-કારણ ઉપજાવશે રે; ''

તેમ જ કામીને કામિનીવૃત્તિ ચંચળ ચિત્ત કરાવશે રે, ''
હૃદય-સિંહાસને નારી રહી તો પ્રભુ-ભક્તિ નહિ જાગશે રે. ''

નારી-કટાક્ષે ઉર વીંધાતાં પ્રભુ-પ્રીતિ પણ ભાગશે રે, ''
સ્ત્રી-સ્નેહનો ઉરે ડાઘ પડ્યો તો કોણ પછી ધોઈ નાખશે રે ? ''

શાસ્ત્રસમુદ્રે ધોતાં ન જાશે, આત્મવિચાર કામ લાગશે રે, ''
બગડેલું ઉર હવે લેવું સુધારી, વૈરાગ્ય-સાબુ સુધારશે રે. ''

જીતી બાજી હવે હારી ન જાશો, નરભવ કોણ બગાડશે રે, ''
મૂર્ખ-શિરોમણિ તે નર માનું જે કામ-વૃત્તિ ન ત્યાગશે રે. ''

વીર્ય-સંચયથી **ભીષ્મ** બને જન, સ્ત્રીભોગ ક્ષય રોગ લાવશે રે, ''
ક્ષય રોગથી બચવા બ્રહ્મચર્ય, શુદ્ધ આહાર-પાન સેવશે રે. ''

નિયમિત જીવને **રામ** સમા સૌ, સત્જ્ઞાન-પાત્રતા પામશે રે, ''
પરનારી પ્રતિ પ્રેમ ધરે તે **રાવણ** સમ દુઃખ દેખશે રે. ''

સર્વ ચારિત્ર વશ કરવાને બ્રહ્મચર્ય જીવ ધારશે રે, ''
સર્વ પ્રમાદને દૂર કરવાનું બ્રહ્મચર્ય બળ આપશે રે. ''

આત્મવૃત્તિ અખંડ ચહે તે બ્રહ્મચર્ય વ્રત ધારશે રે, ''
મોક્ષ તણાં સૌ સાધનમાં તે સહાય અલૌકિક આપશે રે. ''

આ કાળના મૂઢ, માયાવી જીવો **વીર**-વચન જો માનશે રે, ''
બ્રહ્મચર્ય વ્રત સ્પષ્ટ જણાવ્યું પ્રાણ જતાં પણ પાળશે રે. ''

તો જગતારક વીર પ્રભુની આજ્ઞા ઉઠાવી શિવ સાધશે રે, પરબ્રહ્મ૦
પાશવવૃત્તિ જ કામ-વિકારો સાચો મુમુક્ષુ ત્યાગશે રે. ”

ચારે વ્રતોના અપવાદમાર્ગે વર્ત્યે દોષો ન લાગશે રે, ”
બ્રહ્મચર્ય-વ્રત ઢીલું થયું તો આત્મઘાતકતા વધારશે રે. ”

સમુદ્ર જો મર્યાદા મૂકે જળપ્રલય પ્રગટાવશે રે, ”
તેમ ચોથું વ્રત તોડી પ્રવર્ત્યે, નિઃશંક ડૂબી, ડુબાડશે રે. ”

નિરતિચારપણે બ્રહ્મચર્ય (સર્વથા) પોતે પાળીને પળાવશે રે, ”
નવ વાડથી સુરક્ષિત તે નર જ્ઞાનીને મન ભાવશે રે. ”

જ્ઞાની ગુરુની અલ્પ કૃપા પણ આત્મશક્તિ વિકસાવશે રે, ”
રવિ-કિરણ એક આંખે ચઢ્યું તો સૂર્ય-સ્વરૂપ સમજાવશે રે. ”

તેમ અડગ બ્રહ્મવ્રતે રહો તો આત્મ-અનુભવ આવશે રે, ”
લૌકિક સુખનો મોહ મટ્યો તો સ્વરૂપ-સુખ મન ભાવશે રે. ”

બ્રહ્મચર્ય વ્રતે ટેક ટકી તો બાહ્ય વૃત્તિ જીવ ત્યાગશે રે, ”
જગ-જન રીઝવવા જે નહિ ઇચ્છે તે નિજ હિતમાં લાગશે રે. ”

બ્રહ્મચારી ભગવંત ગણાયા, તુચ્છ ભાવો તે ત્યાગશે રે, ”
ઉજ્જ્વળ કપડે ડાઘો દેખાયે સજ્જન ઝટ ધોઈ નાખશે રે. ”

મસોતાં મેલાં થયા કરે તે ઘેલાં ભેળાં કરી રાખશે રે, ”
બ્રહ્મચારી નર નિઃસ્પૃહ રહેશે પરવશતા નહિ પામશે રે. ”

બ્રહ્મચારી નર નિર્મોહી જાણો નિર્ભયતા પ્રસરાવશે રે; ”
બ્રહ્માનંદ બધે અનુભવશે પ્રેમ-અમી રેલાવશે રે. ”

નિશદિન મસ્ત રહી નિજરૂપે ભવના ભાવ ભુલાવશે રે. ”
સાક્ષાત્ મોક્ષની મૂર્તિ સમા એ, મુક્તિને પંથ ચઢાવશે રે. ”

☆
☆☆

# ૫૧

# આજ્ઞા

(શ્રી નમિજિનવર-સેવ ઘનાઘન ઊનમ્યો રે, ઘનાઘન ઊનમ્યો રે—એ રાગ)

★

વંદું સદ્‌ગુરુ **રાજ** અતિ ઉલ્લાસથી રે, અતિ ઉલ્લાસથી રે,
રહું આજ્ઞાવશ રોજ, બચું ભવ-ત્રાસથી રે; બચું ભવત્રાસથી રે;
પ્રત્યક્ષ સદ્‌ગુરુ-યોગ અતિ દુર્લભ કહ્યો રે, અતિ દુર્લભ કહ્યો રે,
જન્મ-મરણના ત્રાસ સહી થાકી ગયો રે, સહી થાકી ગયો રે. ૧

માયિક સુખને કાજ ભમ્યો ભવમાં બહુ રે, ભમ્યો૰
આશાના અહો! વેશ, ઠગારા દીઠા સહુ રે; ઠગારા૰
માન્યતા જનની માની, મથ્યો મૂઢતા ધરી રે, મથ્યો૰
રોષ-તોષની રીત અનાદિની આદરી રે; અનાદિ૰ ૨

જાણે હરાયું ઢોર, અંકુશ નહીં જરી રે, અંકુશ૰
વિષય વિષે રહ્યો લીન, સ્વરૂપને વીસરી રે; સ્વરૂપ૰
નારી-મદારીનો માંકડો ઉન્મત્ત થઈ ફરે રે, ઉન્મત્ત૰
પ્રસન્ન રાખવા કાજ કહ્યા વિના પણ કરે રે; કહ્યા૰ ૩

ચોર તણો વિશ્વાસ કરી કોણ ઊગરે રે, કરી૰
તેમ જ વિષય-કષાય મુમુક્ષુને છેતરે રે; મુમુક્ષુ૰
જેણે જીત્યા તે ચોર અજેય તે જિન ખરા રે, અજેય૰
આશ્રય તેનો જો હોય, લૂંટે નહીં વાઘરા રે. લૂંટે૰ ૪

ગહન વને જેમ વ્યાઘ્ર અંધારે જીંવ હરે રે, અંધારે૰
પણ હોય પાસે પ્રકાશ સંતાતા તે ફરે રે; સંતાતા૰
પરમ પુરુષનો સંગ સકળ દુઃખ તે હરે રે, સકળ૰
સજ્જનની આજ્ઞા ય ઉપાસી જીવ તરે રે. ઉપાસી૰ ૫

સંસાર ચહે નહીં જીવ જો આતમભાવથી રે, જો આ૦
તો વ્રત-તપને ગૌણ ગણી સ્વભાવથી રે, ગણી૦
આદરશે સત્સંગ સ્વરૂપ વિચારવા રે, સ્વરૂપ૦
ઉપાસશે સત્સંગ, સ્વચ્છંદ વિસારવા રે. સ્વચ્છંદ૦ ૬

આજ્ઞારૂપી અંકુશ શિરે તે ધારશે રે, શિરે૦
આજ્ઞા ઉપાસતો એમ, સ્વરૂપ ઉપાસશે રે; સ્વરૂપ૦
સ્વરૂપ ઉપાસ્યે સુખ અનંત તે પામશે રે. અનંત૦
સંસારના સૌ ક્લેશ ભવિક તે વામશે રે. ભવિક૦ ૭

તેથી તજી સૌ કાજ જ્ઞાની જન શોધજો રે, જ્ઞાની૦
જ્ઞાની મળ્યે વિશ્વાસ અચળ ઉર ધારજો રે; અચળ૦
પ્રાણ થકી પણ પ્રિય ગણી સત્સંગને રે, ગણી૦
યથાશક્તિ પુરુષાર્થ કરી રાખો રંગને રે. કરી૦ ૮

સર્વજ્ઞ ને વીતરાગ કહે તે જ માનવું રે, કહે૦
સમજાય તેથી વિશેષ રહસ્ય છે, ધારવું રે; રહસ્ય૦
આજ ન છો સમજાય, અતિ હિતકારી છે રે, અતિ૦
બાળ ધરી વિશ્વાસ જમે જે મા પીરસે રે. જમે૦ ૯

બુદ્ધિગ્રાહ્ય જે ભાવ ગ્રહો બુદ્ધિ વાપરી રે, ગ્રહો૦
બુદ્ધિથી પર જે વાત ગ્રહો શ્રદ્ધા કરી રે; ગ્રહો૦
સ્વાનુભવથી સિદ્ધ થશે દશા આવતાં રે, થશે૦
ત્યાં સુધી આજ્ઞાધાર વિરોધ શમાવતાં રે. વિરોધ૦ ૧૦

ઘણી સર્વજ્ઞની વાત બુદ્ધિમાં બેસતી રે, બુદ્ધિ૦
ગજા ઉપરની વાત મતિમાં ન પેસતી રે; મતિ૦
તોપણ સાચી વાત ઘણી જે નર કહે રે, ઘણી૦
તેની નવી કોઈ વાત વિશ્વાસથી સૌ લહે રે. વિશ્વા૦ ૧૧

કહેનાર નર નિર્દોષ ચહે હિત આપણું રે, ચહે૦
નિષ્કામ કરુણારૂપ અહોભાગ્ય એ ગણું રે; અહો૦

તેની કહેલી વાત સ્વીકારતાં શ્રેય છે રે, સ્વીકા૦
એક જ શબ્દે ઉદ્ધાર માહાત્મ્ય અમેય છે રે! માહા૦ ૧૨

આત્મસ્વરૂપને પ્રાપ્ત પુરુષ આજ્ઞા કરે રે, પુરુષ૦
પ્રેરે તે ફક્ત આત્માર્થ ભક્તના ભવ હરે રે; ભક્ત૦
ભવમાં જવાને આડ આજ્ઞા જ્ઞાની તણી રે, આજ્ઞા૦
રાગ-દ્વેષથી દૂર રાખે ભવહારિણી રે. રાખે૦ ૧૩

શ્વાસોચ્છ્‌વાસ સિવાય ક્રિયા કોઈ ના કરો રે, ક્રિયા૦
સદ્‌ગુરુ-આજ્ઞા સિવાય; તો સ્વચ્છંદ સૌ હરો રે. તો૦
વૃત્તિ જતી જે બ્હાર ક્ષય કરવા કહી રે, ક્ષય૦
બારે ઉપાંગનો સાર આજ્ઞા અનુપમ લહી રે. આજ્ઞા૦ ૧૪

દૃઢ નિશ્ચય જો થાય તે આજ્ઞા ઉઠાવવા રે, તે૦
વિભાવથી મુકાઈ સ્વભાવમાં આવવા રે; સ્વભા૦
તો તેની ભક્તિ યથાર્થ, તે શાસ્ત્ર બધાં ભણ્યો રે, તે૦
તીર્થ કર્યાં તેણે સર્વ પુરુષાર્થ જ તે ગણ્યો રે. પુરુ૦ ૧૫

કલ્પિત સાધન સર્વ ટળે એક જ્ઞાનથી રે, ટળે૦
સમ્યક્ જ્ઞાન તો થાય અપૂર્વ વિચારથી રે; અપૂર્વ૦
અપૂર્વ જ્ઞાનીની વાણી વિચારો તે પ્રેરશે રે, વિચારો૦
સદ્‌ગુરુની આજ્ઞા જ આરાધ્યાથી સૌ થશે રે. આરા૦ ૧૬

સદ્‌ગુરુ સાચા વૈદ્ય અપૂર્વ અનુભવી રે, અપૂર્વ૦
દોષ-રોગોનું મૂળ જવા, દે દવા નવી રે; જવા૦
ક્રોધાદિનો ઉપાય બતાવે તે આદરે રે, બતાવે૦
તો થાય તે નિર્મૂળ ક્ષમાદિ સદા ધરે રે. ક્ષમાદિ૦ ૧૭

સાધન સર્વ સમાય સુગુરુ-આજ્ઞા વિષે રે, સુગુરુ૦
અજ્ઞાન એથી જ જાય તે નેત્રથી સૌ દીસે રે, તે૦
જ્ઞાની કહે જે ઝેર, તે ઝેર જાણી મૂકે રે, તે૦
તરવાનો કામી જ તેહ, આજ્ઞા નહીં તે ચૂકે રે. આજ્ઞા૦ ૧૮

**ઋ**ષભદેવના પુત્ર અઠ્ઠાણું વન ગયા રે, અઠ્ઠાણું૦
કરવાને ફરિયાદ, **ભ**રત સામા થયા રે; ભરત૦
આજ્ઞા મનાવે કેમ? પિતાએ સૌ દીધું રે, પિતાએ૦
પિતા કહે તેમ થાય; પિતાએ શું કીધું રે? પિતાએ૦ ૧૯

"હે જીવો! પામો બોધ, આ બોધનો યોગ છે રે, આ૦
દુર્લભ માનવ જન્મ, ભવે ભય, શોક છે રે; ભવે૦
અજ્ઞાનથી ન પમાય વિવેક, વિચારજો રે, વિવેક૦
એકાન્ત દુઃખથી લોક બધો બળે, ધારજો રે. બધો૦ ૨૦

પોતે પોતાનાં કર્મ કરેલાં ભોગવે રે, કરેલાં૦
ભૂલી સ્વભાવનું સુખ, વિભાવ અનુભવે રે; વિભાવ૦
કોઈ કહે: 'હું દેવ', કોઈ કહે 'નારકી' રે, કોઈ૦
કોઈ બન્યા છે ઢોર, કોઈ નર પાતકી રે. કોઈ૦ ૨૧

જેને મળ્યો સુયોગ વિપર્યાસ ટાળતા રે, વિપર્યાસ૦
ગ્રહી મુનિનો માર્ગ તે કર્મો બાળતા રે; તે કર્મો૦
ચૂકો હવે તમે કેમ? સ્વરૂપને ઓળખો રે, સ્વરૂપને૦
માયિક સુખની આશ તજે ના તે મૂરખો રે." તજે૦ ૨૨

સુણી શિખામણ સર્વ અઠ્ઠાણું ત્યાં રહ્યા રે, અઠ્ઠાણું૦
આજ્ઞા પ્રભુની માન્ય કરી મુનિ તે થયા રે; કરી૦
પ્રગટ્યો સર્વને ધર્મ એ આજ્ઞા ઉઠાવતાં રે, એ૦
પામ્યા સર્વે મોક્ષ તે કર્મ ખપાવતાં રે. તે કર્મ૦ ૨૩

આજ્ઞા વિના ભવ-હેતુ બને વ્રતાદિ મહા રે, બને૦
ઉપકરણોનો સમૂહ મેરુ સમ જો અહા! રે; મેરુ૦
સૌ ભૂત-ભવ-પુરુષાર્થ થયો નિષ્ફળ ખરે! રે, થયો૦
તો ય ન ચેતે કેમ? હજી ચેતન અરે! રે. હજી૦ ૨૪

☆
☆☆

# ૫૨
# સમાધિ-મરણ
## ભાગ-૧

(સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પદ સેવાથી શુદ્ધ જ્ઞાન થશે—એ રાગ)

★

શ્રીમદ્ સદ્‌ગુરુ **રાજચંદ્ર**-પદ વંદું સહજ સમાધિ ચહી,
સદ્‌ગુરુ-ચરણે ચિત્ત વસો મુજ, એ જ ભાવના હૃદય રહી.
દેહ છતાં જેની નિત્ય વર્તે દેહાતીત અપૂર્વ દશા,
તે ભગવંત નિરંતર ભજતાં, દોષ રહે કહો કેમ કશા? ૧

સદ્‌ગુરુ-બોધે, અંતર્શોધે શુદ્ધ સ્વરૂપ જે ઓળખશે,
તેમાં તલ્લીન રહેવાને તે સત્પુરુષાર્થ કર્યા કરશે.
સ્થિરતા વીર્ય વિના ન ટકે ત્યાં વ્રતાદિથી શુભ ભાવ કરે;
સમાધિ સહિત મરણ, ફળ વ્રતનું, નિશ્ચય એ ઉરમાંહિ ધરે. ૨

સુવર્ણમંદિર ઉપર શોભે રત્નકલશ સુંદર જેવો,
તેમ સમાધિ-મરણ યોગ પણ વ્રતમંડન માની લેવો.
જો ન સમાધિ-મરણ સાચવે વ્રત-અભ્યાસ ન સફળ થયો;
શસ્ત્રોની તાલીમ નકામી, રણક્ષેત્રે જો ચૂકી ગયો. ૩

જેમ વર્ષ અંતે સરવૈયું રહસ્યરૂપ વ્યાપાર તણું,
તેમ ઘણું કરી કૃત કર્માનુસાર મતિ અંતિમ ગણું;
વિચારવાનો ક્ષણ ક્ષણ ચેતે મરણ સમીપ સદાય ગણી,
'સમજ્યા ત્યાંથી સવાર' ગણી મન વાળે આત્મસ્વરૂપ ભણી. ૪

જન્મમહોત્સવ સમ સંતો તો મૃત્યુમહોત્સવ પર્વ ગણે,
સત્કાર્યો નિષ્કામ કરેલાં દે સંતોષ અપૂર્વ-પણે;
આત્મા નિત્ય પ્રતીત થયો તો મરણ કહો કોને મારે?
જે ઉત્પન્ન થયું તે મરશે, દેહ નહીં હું, સુવિચારે. ૫

હું ચેતન અવિનાશી જુદો, દેહ વિનાશી વિષે વસતો,
વગર કહ્યે વહેલે-મોડે જડ કાય-યોગ દીસે ખસતો;
કરોડ ઉપાય કર્યે નહિ ટકશે, કાયા અમર ન કોઈ તણી,
અનંત દેહ આવા તો મૂક્યા; હું રત્નત્રયનો જ ધણી. ૬

રત્નત્રયીરૂપ ધર્મ જ દુર્લભ, દેહ જતાં પણ તે ન તજું,
સંસાર-પરિભ્રમથી બચવું છે, બચાવનાર સુધર્મ ભજું;
દેહ ઉપરની મમતા તજી, પંડિતમરણ પુરુષાર્થ કરું,
સફળ સમાધિ-મરણ સાધવા મહત્ માર્ગને અનુસરું. ૭

સ્નેહ સગાં-સંબંધી પરનો તજી તજાવું આમ કહી :—
"દેહદૃષ્ટિએ સ્નેહ ટકે છે, સ્વરૂપ-વિચારે સ્નેહ નહીં.
દેહદાન દેનારી માતા, દીકરા-દીકરી દેહ તણાં,
સ્ત્રી સુખ દેહ તણાં દેનારી, દેહસગાં સર્વે ય ગણ્યાં. ૮

હે દેહ તણાં સંબંધી સર્વે! આજ સુધી સંબંધ રહ્યો;
દેહ વિનાશિક નાશ થવાનો અવસર મેં અતિ નિકટ લહ્યો.
આયુષ-આધીન દેહ રહે, નહિ સ્નેહ ઘટે એ દેહ તણો,
રાખ્યો રહે નહિ દેહ, ભલે સૌ સ્નેહ દેહ પર ધરો ઘણો. ૯

અગ્નિમાં બળી ભસ્મ થશે, પરમાણુ બની વીખરાઈ જશે,
પત્તો પછી લાગે નહિ એનો, દેહ-સ્નેહ ક્યાંથી ટકશે?
જ્ઞાન-સ્વરૂપ આત્મા અવિનાશી મને માની સૌ સુખી થજો,
દેહ નથી હું, આત્મા છું તો, દેહ-સ્નેહ સૌ ભૂલી જજો. ૧૦

જ્ઞાન-સ્વરૂપ મુજ ઉજ્જ્વળ કરવા, વીતરાગતા પ્રાપ્ત થવા,
સત્પુરુષાર્થ કરીશ હવે હું રાગાદિક દોષો હણવા.
વિપરીતતાવશ બહુ ભટક્યો હું ચાર ગતિમાં દેહ ધરી,
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરણરૂપ સ્વરૂપ માન્યતા હવે કરી. ૧૧

ક્યાં મારી સર્વજ્ઞ દશા ને ક્યાં એકેન્દ્રિય ક્ષુદ્ર ભવો!
*કર્મભાવથી હું કંટાળ્યો, સર્વ કર્મનો ક્ષય કરવો;
વીતરાગ-વચને હું જાગ્યો, સ્વજનો સર્વ, સહાય કરો,
રાગ-દ્વેષથી જીવ હણાતો બચાવવા વૈરાગ્ય ધરો.'' ૧૨

વગર હકે ધન-ધરતી કો'નાં હોય દબાવ્યાં કપટ કરી,
તો માલિકને પાછાં સોંપી કરે ખુશી બહુ વિનય ધરી;
વેર-વિરોધે વિમુખ રહેલા પ્રતિ પણ પ્રેમ સહિત કહે :
''ભાઈ, ભૂલથી દૂભવ્યા તમને, ક્ષમા આપની પાપી ચહે.'' ૧૩

સાંસારિક ચિન્તા તજી શોધે સદ્‌ગુરુ, મરણ-સુધારક જે,
મહાભાગ્યથી મળી આવે તો વિનયે તુર્ત ઉપાસી લે.
એકાંતે ગુરુનિકટ કપટ વણ કહે અપરાધ બધા ભવના,
પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થવાની ધરે ભાવના એકમના. ૧૪

સદ્‌ગુરુયોગે શક્તિ પેખી અંતપર્યંત મહાવ્રત લે,
અથવા ત્યાગ યથાશક્તિ ધરી મહાવ્રત ભાવે ઉર ખીલે;
રોગ-વેદના વખતે ધીરજ ધરી સમભાવે સહન કરે,
શત્રુ-મિત્ર, સંયોગ-વિયોગે નહીં અલ્પ પણ ચિત્ત ધરે. ૧૫

મરણ અનંતાનંત કર્યાં, નથી પંડિત-મરણ કર્યું જ કદા,
થયું હોત સમાધિ-મરણ કદી હોત ન આ મૃત્યુ-વિપદા.
ભવ-અટવીમાં રાગાદિ વશ ભટકાવાનું કેમ ટળે?
એ અભિલાષા ઉર ધરે, વળી ચિંતે લાગ ફરી ન મળે. ૧૬

દેહ પ્રતિ વૈરાગ્ય રહે, અતિ ખેદ ભીતિ દુખ શોક ટળે,
સત્ય શરણના ગ્રહણ તણું બળ અંતિમ કાળે નક્કી મળે;
તે અર્થે સુવિચાર થવાને મૃત્યુ-મહોત્સવ ગ્રંથ ભલો,
સત્પુરુષે જ કહ્યો ઉપકારક, સાર સુણો તેનો વિમલો : ૧૭

* પાઠા૦ કર્મભારથી

મુક્તિપુર લગીં ચાલે તેવું બોધિ-સમાધિ-સુભાતું ચહું,
તે દેવા વીતરાગ પ્રભુને વીનવી સત્શરણે જ રહું.
તન-પિંજર મુજ જીર્ણ થયું છે કૃમિકુલ-જાલે ખદબદતું,
ભસ્મ થવાનું, તેનો ભય શો? જ્ઞાનતનુ હું, અભય રહું. ૧૮

મૃત્યુમહોત્સવ પ્રાપ્ત થયે, ભય કેમ ઘટે? પટ જેમ તજું,
દેહ-દેશ મૂકી દેશાંતરમાં જતાં સમાધિભાવ ભજું.
સત્કર્મોનું ફળ દે સ્વર્ગે લઈ જઈ મૃત્યુ મિત્ર ખરો,
તો ડર કોણ મરણનો રાખે? સર્વ મળી સત્કાર કરો. ૧૯

તન-પિંજરમાં પૂરી પીડે છે ગર્ભ-કાળથી કર્મ-અરિ,
કોણ મને ત્યાંથી છોડાવે? મૃત્યુરાજની મદદ ખરી,
દેહ માત્ર ગણીં બીજ સૌ દુખનું દેહ-વાસના દૂર કરે,
આતમજ્ઞાની, મૃત્યુ મિત્રની કૃપા વડે મુક્તિ ય વરે. ૨૦

કલ્પતરુ સમ મૃત્યુ-યોગે જો આત્માર્થ ન સિદ્ધ કર્યો,
તો આવી તક ક્યાંથી મળશે? ભવ ભવ ભમશે ભીતિભર્યો.
દેહાદિક સૌ જીર્ણ હરી લઈ દે મૃત્યુ સૌ નવું નવું,
પુણ્યોદય સમ મરણ ગણાયે; તેથી મુદિત ન કેમ થવું? ૨૧

દેહ વિષે પણ સુખ-દુખ વેદે, સ્વયં દેહથી દૂર થતો
જીવ મરણ કોનું માને છે? કેમ મરણથી રૂહે ડરતો?
આસક્તિ સંસાર તણી ઉર રાખ્યે જીવ મરતાં ડરશે,
જ્ઞાન અને વૈરાગ્ય ધર્યે ઉલ્લાસ ઉરે અંતે સ્ફુરશે. ૨૨

પુરપતિ સુકૃત-ફળ ભોગવવા જ્યાં પોતે તૈયાર થયો,
પંચભૂત-પ્રપંચ ન ખાળે, કોણ કહે: જીવ કેમ ગયો?
સત્પુરુષોને મૃત્યુકાળે વ્યાધિ-વેદના જે આવે,
દેહ-મોહ તે પૂર્ણ તજાવે સ્વરૂપ-સુખમાં મન લાવે. ૨૩

સંતાપ સહન મૃત્યુનો કરીને અમૃતલીલા જ્ઞાની લહે,
જેમ ઘડો કાચો અગ્નિમાં તાપ સહી શિવ-શીર્ષ રહે.

કષ્ટ સહી વ્રત-ફળ જીવ પામે; તે જ સમાધિ-મરણ વડે
સુખે સુખે પામે જીવ, અંતે જો શુભ ધ્યાને ચિત્ત ચઢે. ૨૪

આર્ત્તધ્યાન તજી શાંતિપૂર્વક દેહ તજે જે સદ્ધર્મી,
પશુ, નરક, નીચ ગતિ નવ પામે, થાય સુરેશ્વર સત્કર્મી.
તપના તાપ સહીને અંતે કે વ્રત પાળી, સુશાસ્ત્ર ભણી,
કરવા યોગ્ય સમાધિ-મૃત્યુ; તે થયું તો થઈ વાત ઘણી. ૨૫

'અતિ પરિચિત પ્રતિ થાય અવજ્ઞા', 'પ્રીતિ નવીન પર ઝટ પ્રગટે',
એમ કહે જન; તો પરિચિત આ દેહ બદલતાં ડર ન ઘટે.
સમાધિમરણ કરી, અમરગતિ વરી, ફરી નરભવ ઉત્તમ પામી,
નટ સમ જગ-જન-મન રંજનથી જીવ બનશે શિવપદ-સ્વામી. ૨૬

તા. ૨૬-૪-૧૯૪૦

તા. ૧૪-૫-૧૯૪૦

સમાધિ-મરણની તૈયારી તો કૃશતા કાય-કષાય તણી
કહી સત્શાસ્ત્રે જ્ઞાની જનોએ આત્મહિતનો હેતુ ગણી;
રહો પોષતા કાયાને તો વિષય-વાસના તીવ્ર થશે,
નિર્મળતા આત્માની ટળશે, કામ-ક્રોધ અરિ-બળ વધશે. ૨૭

વાત-પિત્ત-આદિથી રોગો વધતાં અતિ દુર્ધ્યાન થશે,
જીવ પરીષહ સહવાનું નહિ સાહસ ઉર ધરી શકશે.
આળસ, નિદ્રા, પ્રમાદ વધતાં ભવભ્રમણ-કારણ વધશે,
માટે અનશન આદિ ક્રમથી શરીર કૃશ કરવું પડશે. ૨૮

દેહેન્દ્રિય આદિ ઉપરથી મમતા તજી વૈરાગ્ય ધરો,
આહાર તણા સ્વાદો પ્રતિ અરુચિ ધરી નિજ જીવને બોધ કરોઃ
"હે જીવ! તેં સંસારભ્રમણમાં ભમતાં અતિ આહાર કર્યા,
દરેક ભવ દીઠ કણ કણ લેતાં અનંત મેરુ-પુંજ ભર્યા. ૨૯

અનંત ભવમાં પાણી પીધું, બિંદુ બિંદુ ભવદીઠ લેતાં,
અનંત સમુદ્ર ભરાઈ જાયે; તો ય ન તૃપ્તિ તે દેતાં.

મરણ સમીપ હવે તો ભાસે, તે શું તૃપ્તિ દઈ શકશે?
ઉદર-પોષણે પાપ કર્યાં તે પરભવ ભોગવવાં પડશે. ૩૦

પાપી પેટ તણી વેઠે તું દીન, પરાધીન, નીચ થયો,
રાત-દિવસ કે ભક્ષ્ય-અભક્ષ્યે શુદ્ધિ તણો ના લક્ષ લહ્યો;
રસ-લંપટતા હજી ય ન છૂટે, તો વ્રત, સંયમ, યશ નાશે,
મરણ બગાડી દુર્ગતિદુખમાં જીવ પરાધીન બની, જાશે.'' ૩૧

એમ વિચારી ઉપવાસાદિક તપ-અભ્યાસ કર્યા કરવો,
અલ્પ અને નીરસ આહારે ઉદર-ખાડો કદી ભરવો;
શરીર, શક્તિ, આયુષ્યસ્થિતિ નીરખી જળ ને દૂધ લેવાં,
પછી છાશ જળ, પ્રાસુક જળ લે, અંતે તે પણ તજી દેવાં. ૩૨

મસા સમા આ દેહની વૃદ્ધિ આખર સુધી કહો કોણ ચહે?
ક્રમે ક્રમે કરી કૃશ કાયા પણ તજવા તત્પર સર્વ રહે.
આપઘાતની કહે ક્રિયા આ અણસમજુ ઉપલકબુદ્ધિ;
આતમહિત સમજી, સદ્ગુરુની આજ્ઞાએ અનુપમ શુદ્ધિ. ૩૩

મહાવ્રત, અણુવ્રત, સંયમ, શીલ, તપ, ધર્મ-ધ્યાન જ્યાં સુધી થાયે,
દુષ્કાળાદિક આફતથી ના ધર્મ-નિયમ જો લૂંટાયે,
ત્યાં સુધી ઔષધ-આહારે આ દેહ તણી રક્ષા કરવી,
માનવ દેહ જ ઉત્તમ સાધન, ધર્મવૃદ્ધિ-બુદ્ધિ ધરવી. ૩૪

અન્ય ગતિમાં સંયમ-સાધન ઉત્તમ રીતે નહિ જ બને,
ધર્મ-સાધના થતી હોય તો કરી લેવી જ અનન્ય મને.
લૌકિક કીર્તિ કાજે ક્રિયા કરે કરાવે મૂઢમતિ;
આત્મહિત ચૂકે તે જીવો 'આતમઘાતી' કે 'કુમતિ'. ૩૫

કામ, ક્રોધ, મોહાદિ કષાયો કૃશ કરવાના મુખ્ય કહ્યા,
રોગી ગરીબ કૃશ કાયા સહ પણ સમાધિમરણ અયોગ્ય લહ્યા.
ક્ષમા ખડ્ગથી ક્રોધ હણો, ધરી લઘુતા, નિર્મૂળ માન કરો,
સરળ બની માયા-મૂળ બાળો, સંતોષે સૌ લોભ હરો. ૩૬

કષાય દોષ વિચારી વિચારી શમાવવા અભ્યાસ કરો,
અગ્નિ પરે પગ જેમ ન દેતા, તેમ કષાયો પરિહરો.
કદરૂપું મુખ થાય કષાયે, રક્ત નયન થઈ તન કંપે,
પિશાચ સમ ચેષ્ટા પ્રગટાવી, ર્‌હેવા દે નહિ સુખ-સંપે. ૩૭

તપરૂપ પલ્લવ ભસ્મ કરી દે, શુભકર્મ-જલ શોષી લે,
કાદવ ખાઈ બને મન-સરિતા, કઠોરતા વ્યાપે દિલે;
પ્રાણીઘાત કરાવે, જૂઠી વચન-પ્રવૃત્તિ પ્રેરે તે,
આજ્ઞા પૂજ્ય પુરુષની ભૂલવે, યશ-ધનને સંહારે છે. ૩૮

પરનિંદા પ્રેરે, ગુણ ઢાંકે, મૈત્રી-મૂળ ઉખાડે છે,
વીસરાવે ઉપકાર કરેલા, અપકારો વળગાડે છે;
અનેક પાપ કરાવી જીવને કષાય નરકે નાખે છે,
તેથી સુજ્ઞ જીવો તો નિત્યે ઉપશમ-રસ ઉર રાખે છે. ૩૯

પર વસ્તુમાં મમતા કરતાં કષાય-કારણ જાગે છે,
તેથી ત્યાગ પરિગ્રહનો કરી, નિજ હિતમાં જીવ લાગે છે;
'વચન સહન ના થયું' પવન તે ક્રોધ-અનલ ઉશ્કેરે છે,
પ્રતિવચન રૂપ ઇંધન નાખી સદ્વર્તન ખંખેરે છે. ૪૦

સાથે સમ્યક્ દર્શન ખોવે, પાપબીજ જીવ વાવે છે,
ભવ-ભ્રમણે કારણ એ જાણી, સમજુ ક્રોધ શમાવે છે;
સજ્જનની શિખામણ સુણે, થયેલ દોષ ખમાવે છે,
દોષો તજવા કરી પ્રતિજ્ઞા, મસ્તક નિજ નમાવે છે. ૪૧

હાસ્ય, અરતિ, રતિ, શોક, જુગુપ્સા, ભય, ત્રણ વેદ, વળી સંજ્ઞા—
ભય, મૈથુન, આહાર, પરિગ્રહ-કૃશ કરવા ધરજો પ્રજ્ઞા.
રસ, ઋદ્ધિ, શાતા ગારવ ત્રણ, લેશ્યા અશુભ, વિભાવ તજો;
વધતા ત્યાગે કષાય-તનને કૃશ કરી શુદ્ધ સ્વરૂપ ભજો. ૪૨

વિષય-કષાય પ્રબળ શત્રુસમ દુર્જય પણ જીવ જીતે તો,
સુલભ સમાધિ-મરણ બને છે, ખરેખરો શૂરવીર એ તો;

વાસુદેવ વા ચક્રવર્તી પણ કષાય વશ નરકે જાતા,
વિષય-કષાયો જીત્યા તેનાં યશગીત ગંધર્વો ગાતા. ૪૩

સાધક સંઘ કરે વૈયાવચ દે ઉપદેશ સુ-સંઘપતિ,
વળી [1]નિર્યામક વાચક મુનિ દે સાધક મુનિને મદદ અતિ;
આરાધક સુશ્રદ્ધાવાળા હોય ગૃહસ્થ, સુસંગ ચહે,
ત્યાગી, વિરાગી, સુશ્રુત, સુધર્મી શોધી શિક્ષા નિત્ય ગ્રહે. ૪૪

સદારાધના સમ્યક્ દર્શન-જ્ઞાન-ચરણ-તપ રૂપ ગણી
કળિકાળમાં અસત્પ્રસંગે વિરલ ગૃહાશ્રમમાંહિ ભણી;
તોપણ ઉત્તમ જનને યોગે સત્પુરુષાર્થ સફલ થાશે,
સ્નેહ, મોહનો પાશ તજી આરાધક શાંત સ્થળે જાશે. ૪૫

શાંતિ-સ્થળ એકાન્ત વિષે પણ પરવશ સંગ-પ્રસંગ પડે,
તો કરી ત્યાગ જ વાતચીતનો, મૌન રહ્યે નહિ કાંઈ નડે;
શુદ્ધ સ્વરૂપનું સ્મરણ, શ્રવણ, સજ્જન-સંગે જીવ જો કરશે,
તો કળિકાળ વિષે પણ સંયમ સાધી ઉર હિતથી ભરશે. ૪૬

સ્વ-પરધર્મ પોષે પરમાર્થી ઉપદેશક કરુણા-સિન્ધુ,
સંયમ, ત્યાગ, વ્રતે, શુભ ધ્યાને આરાધક મન જોડી દીધું—
પ્રભાવના તો ઉત્તમ કીધી; તજી આળસ સેવા સાધે,
કર્મવશે આરાધક વર્તે વિપરીત, પણ ના રીસ વાધે. ૪૭

તિરસ્કાર કરી કરે અવજ્ઞા, ભૂખ-તરસ ના સહી શકે,
વ્રત તોડે આરાધક, તોયે [2]નિર્યાપક ના ફરજ ચૂકે;
ધીરજ રાખી સ્નેહભર્યાં હૃદયંગમ વચને તે સિંચે
ધર્મભાવરૂપ લતા મનોહર, આરાધક-ઉર લે ઊંચે. ૪૮

☆
☆☆

---

૧. નિર્યામક=સંથારો કરનારની સેવા કરનાર સાધુ. ૨. નિર્યાપક=સંથારો કરેલો હોય તેને સદુપદેશથી દૃઢ કરનાર સાધુ. શ્રુતગુરુ, શિક્ષાગુરુ.

# ૫૩
# સમાધિ-મરણ
## ભાગ-૨

★

ઉપદેશક કરુણારસ-વચને આરાધક-દુખ દૂર કરે :—
"હે આત્માર્થી! કાયરતા તજી, ખરી શૂરવીરતા ધાર, અરે!
સાવધાન થા, અવસર આવ્યો, જીવન સફળ કરવા કાજે,
ધરી દીનતા રુદન કરે પણ કર્મ નહીં તેથી લાજે. ૧

કોઈ સમર્થ નથી દુઃખ લેવા કે સુખ દેવા વિશ્વ વિષે,
કર્મ-ઉદયને કોઈ ન રોકે, લોક બધો બળતો દીસે;
ધર્મ-વિમુખ કરી કાયરતા, બન્ને લોક બગાડી દે,
અપયશ, દુર્ગતિ દેનારી આ કાયરતા ઝટ છોડી દે. ૨

ધીરજ ધારી, ક્લેશરહિત થઈ, સહનશીલતા જો ધરશો,
તો કર્મો જૂનાં છૂટી જાશે, નવાં નહીં સંચય કરશો.
'આપ ઉપાસક આત્મધર્મના, ધર્માત્મા' જગ-જીભ કહે,
'શ્રદ્ધાવંત-શિરોમણિ, ત્યાગી', લોકવાયકા એમ લહે. ૩

યથાશક્તિએ સંયમ, વ્રતની ગ્રહી પ્રતિજ્ઞા હિતકારી,
હવે શિથિલતા કેમ કરો છો, અપયશ, દુર્ગતિ દેનારી?
ધર્માત્મા સૌ નિંદાશે, બગ-ઠગ રૂપનું દૃષ્ટાન્ત થશો,
ભોળા જીવને દઈ દાખલો શિથિલતામાં દોરી જશો. ૪

જેમ સુભટ અગ્રેસર કોઈ, ભુજા બજાવી ખડો થયો,
પણ શત્રુ સામે લડતાં જો ભય પામીને નાસી ગયો;
તો નાના નોકર શું લડશે? મરણ-ભીતિ પણ નહીં જશે;
તિરસ્કાર સહી જગમાં જીવવું લજ્જાયુક્ત અયુક્ત થશે. ૫

તેમ ત્યાગ, વ્રત, સંયમની લઈ મહા પ્રતિજ્ઞા સંઘ વિષે,
દુખ દેખીને ડરી જતાં કે શિથિલ થયે શું લાભ દીસે?
નિંદાપાત્ર થવાશે જગમાં, કર્મ અશુભ નહિ છોડી દે,
કર્મ આકરાં, લાંબી મુદતનાં આવી ભાવિ બગાડી દે. ૬

તમે માનતા: 'ભક્ત હું પ્રભુનો, આજ્ઞા પ્રભુની પાળું છું;
વ્રત, શીલ, સંયમ પ્રભુ-પ્રીત્યર્થે ધરી, બોધે મન વાળું છું;
અનંત ભવમાં દુર્લભ શ્રદ્ધા, જ્ઞાન, ચરણ તે પ્રગટાવ્યાં,
મિથ્યા દર્શન-જ્ઞાન, અવિરતિ ગુરુકૃપાએ અટકાવ્યાં.' ૭

એવો નિર્ણય છતાં હવે કંઈ વ્યાધિ-વેદના આવી કે
પરિષહ-કાળે ભય પામો તો કાયરતા હંફાવી દે.
દુખનો ડર ના ઘટે આટલો, બહુ તો દેહ તજાવી દે,
દેહ જરૂર જવાનો છે આ, આત્મહિતે તક આવી છે. ૮

વીતરાગ ગુરુએ ઉપદેશ્યાં વ્રત, તપ, સંયમ આરાધો,
કરી આરાધન વિષે અચળ મન, મરણ થયે નિજહિત સાધો;
સંપત્તિ ત્રણ લોકની સઘળી નાશવંત, તૃણસમ, પરની;
અનંત સુખ દેનારી આ તો અવિનાશી, વળી નિજ ઘરની. ૯

સમ્યગ્દૃષ્ટિ વ્રતવાળા ગૃહી, મુનિ, વાચક, આચાર્ય મહા,
નિર્ભયતા ધરી ધૈર્ય સહિત ચહે મરવાનો લાભ, અહા!
તમે ય નિરંતર કરી ભાવના, હવે સમાધિમરણ વરો,
મનવાંછિત આ ઉત્સવ આવ્યો, સમતા ધરી, આનંદ કરો. ૧૦

વધે વેદના તે ઉપકારક, સમજુ જનને શોક નહીં,
મોહ દેહ પરથી છૂટે તો ઘણી નિર્જરા થતી, કહી.
વિષયભોગ અણગમતા લાગે, ઉદાસીનતા સહજ રહે,
પર-દ્રવ્યોની મમતા મટશે, મૃત્યુ-ભય નહિ જીવ લહે. ૧૧

કાયર થઈ હિમ્મત ના હારો, ડર્યે ન કર્મ-ઉદય ટળશે;
અવસર આ ધીરજ ધરવાનો શૂરવીર થાતાં જય મળશે.

રુદન કરી તરફડશો તોપણ ક્રૂર કર્મ નહિ દયા ધરે,
આર્ત્તધ્યાન કરી દુર્ગતિ કાજે કર્મકમાણી કોણ કરે? ૧૨

ક્ષત્રિય કુળના સચ્ચા બચ્ચા સામે મોઢે શસ્ત્ર સહે,
શત્રુને નહિ પૂઠ બતાવે, કેસરિયાં કરી મરણ ચહે;
તેમ વીર વીતરાગ શરણ લઈ અશુભ કર્મ-પ્રહાર સહે,
દેહ-ત્યાગ કરે પણ દીનતા કે કાયરતા કેમ ચહે? ૧૩

કોઈ મહામુનિને દુષ્ટોએ ઇંધન ખડકીને બાળ્યા,
વચન-અગોચર સહી વેદના દેહ દંડ મુનિએ ટાળ્યા—
પૂર્વ કર્મનું દેવું ઝાઝું તુર્ત પતાવ્યું ધૈર્ય ધરી,
ઊભા ઊભા તે બળી ગયા નિજ સ્વરૂપ અખંડિત સાધ્ય કરી. ૧૪

આત્મજ્ઞાન ને પરમ શરણનો કોણ પ્રભાવ કહી શકશે?
દેહાદિથી ભિન્ન અનુભવ આત્માનો એ અજબ દીસે.
અકંપપણું અનુભવી મુનિવરનું નિર્ભયતા ઉરમાં ભરશે,
ભવદુખ-દાવાનળથી બળતા પામરને પણ ઉદ્ધરશે. ૧૫

પરમ ધર્મનું શરણ ગ્રહીને સર્વ વેદના હવે સહો,
કર્મ-કસોટી કસે શરીરને, જ્ઞાતા-દ્રષ્ટા તમે રહો.
નથી અનંત ભવોમાં આવ્યો અવસર આવો હિતકારી,
જીતી જવા આવ્યા છો બાજી, હવે નહીં જાઓ હારી. ૧૬

આખા ભવમાં ભણી ભણીને જ્ઞાન ઉપાર્જન જે કીધું,
શ્રદ્ધા ઉજ્જ્વળ કરી સદા જે, તપ ત્યાગાદિ વ્રત લીધું;
તે સૌ આ અવસરને કાજે સદ્વર્તન સંચિત કર્યું,
શિથિલ થતાં જો ભ્રષ્ટ થયા તો પૂર્વ પ્રવર્તન કપટ ઠર્યું. ૧૭

સમતા, ધીરજ તજવાથી નહિ વ્યાધિ, વેદના, મરણ ટળે,
આત્માને અજ્ઞાન ભાવથી દુર્ગતિ દુઃખો માત્ર મળે.
ભૂલી ભયાનક વનમાં ભમતાં, કે દુષ્કાળ કડક પડતાં
પક્ષાઘાતે, મરકી, પ્લેગે, વા ગડ-ગૂમડે તન સડતાં— ૧૮

ઉત્તમ કુળમાં જન્મેલા જન નિંદ્ય ન કોઈ કાર્ય કરે;
મદિરા, માંસ, અભક્ષ્ય ફળો, કંદાદિક ખાઈ ન જીંવન ધરે.
હિંસાદિક કુકર્મ કરે ના, મરણ તણો સ્વીકાર કરે,
પણ લીધેલા નિયમ ન તોડે, સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ધરે. ૧૯

તેનું જ જીવન સફળ સમજવું; વ્રત, તપ, ધર્મ સફળ તેનાં;
જગમાં તે જ પ્રશંસાલાયક સ્વર્ગ-સુખે પણ ધર્મ તજે ના.
માનવ થઈ ઉત્તમ પદ પામે; મેરુ સમ પરિષહ-કાળે;
સમુદ્ર સમ ગંભીર રહીને, ભવનાં બીજ બધાં બાળે. ૨૦

ઘોર વેદના ઘણી આવે પણ આકુળ વ્યાકુળ ના થાઓ,
દેહ ભિન્ન નિજ જ્ઞાયક ભાવે અખંડ અનુભવમાં જાઓ.
પૂર્વ પુરુષોની તલ્લીનતા એવા ટાણે અચળ રહી,
તેની સંસ્મૃતિ કરતા ઉરમાં ધીરજ-ધારા રહે વહીઃ— ૨૧

મુનિ **સુ**કોશલ ધ્યાને ઊભા માતા વાઘણ ત્યાં આવી,
પંજો મારી, પકડી, ફાડી ખાય અંગ સઘળાં ચાવી;
દુષ્ટ-દાઢમાં ચવાય પણ ઉત્તમ આત્માર્થ નહીં તજતા,
આરાધકતા અચળ કરી તે સમ્યક્ રત્નત્રયી સજતા. ૨૨

નવદીક્ષિત **સુ**કુમાલ મુનિને ખાય શિયાળ બચ્ચાં સાથે,
પગ પૂરો કરી, પેટ [૧]ફાડતાં થાય મરણ ત્રીજી રાતે.
રાઈ ખૂંચે તેવા કોમળ નર ઘોર વેદના સહે, અહો!
તો તમને શું ભૂખ-તરસનું દુઃખ અસહ્ય જણાય, કહો! ૨૩

પરવશ ચાર ગતિમાં વેઠ્યાં દુઃખ, હવે ખુશીથી સહવાં,
મરવાની ય ન ઇચ્છા કરવી, ભય તજી સત્શરણાં ગ્રહવાં.
સ્વજન-મિત્રની સ્મૃતિ તજો; નહિ ભોગ નિદાન કદી કરશો,
એ અતિચારો રહિત સમાધિ-મરણ કરો તો ભવ તરશો.'' ૨૪

☆
☆☆

૧. પાઠાં૦ ફાટતાં

# ૫૪

# વૈતાલીય અધ્યયન

(*વૈતાલીય છંદ)

('પ્રભુતા પ્રભુ, તારી તું ધરી, મુજરો લઈ મુજ રોગ લે હરી'—એને મળતો રાગ)

★

## પ્રાસ્તાવિક

**આદીશ્વર**ની કને ગયા અઠ્ઠાણું તનુજો ય આશથી :
કહે પિતા તેમ વર્તવું; ત્યાં ભડકાવ્યા દુઃખપાશથી. ૧

જે બોધ દીધો કૃપા કરી તે સુણ્યો જ્યાં હિતનો ગણી;
ત્યાગી સંસાર-સંગ તે મુનિ બની રહ્યા; ધન્ય લાગણી! ૨

ઉત્તમ તેવા સુબોધનો અનુવાદ કરું મુજ કાજ જે,
જે હૃદયે રોપી પોષશે તેને દેશે સુખ-સાજ તે. ૩

વૈરાગ્ય રસે જ પૂર્ણ તે સંસારતરુમૂળ ખોદશે,
ભવ્ય ઘણા સુણી સુણી તે ગ્રહી મુક્તિમાર્ગ પ્રમોદશે. ૪

## પ્રથમ ખંડ

ઊઠો ઊઠો ન ઊંઘશો, દુર્લભ બીજે જન્મ જાગૃતિ;
વીતી રજની ન આવશે, નહિ સુલભ જીવન પુનરાવૃતિ. ૫

બાલ-વૃદ્ધ-ગર્ભ કાળમાં મરતા માનવ આમ દેખતાં
જાય ઝડપી બાજ તેતરો, તેમ જ આયુષ્યો ય તૂટતાં. ૬

માતપિતા-સ્નેહ-લુબ્ધ જે મરી નહીં સુલભ સુગતિ વરે;
ભય એવો ઉર ધારીને, આરંભ તજી, સુવ્રતો ધરે. ૭

* ૧-૩ ચરણમાં છ માત્રા પછી 'ર'ગણ, લ-ગુ.
૨-૪ ચરણમાં આઠ માત્રા પછી 'ર'ગણ, લ-ગુ.

નહીં તો કર્મો જ જીવને નરકાદિ સ્થાને લઈ જશે,
કરેલ કર્મો ન છોડશે, ત્યાં ત્યાં પીડા જીવ પામશે. ૮

દેવો, ગંધર્વ, રાક્ષસો, અસુરો, ભૂચર, નાગ, નૃપતિ,
બ્રાહ્મણ નર શેઠ પંખી સૌ, તજે દેહ દુખિયા થઈ અતિ. ૯

સ્વજન, ભોગ, અંતકાળમાં, મોહી જનને દે ન આશરો,
ડીંટેથી તાડિયું ખરે, તેમ જ આયુ તૂટતાં મરો. ૧૦

શ્રુતધર ધર્મિષ્ઠ બ્રાહ્મણો, ભિક્ષુક માયા-મૂઢ જો રહે,
કર્મફળો તીવ્ર પીડશે નરકાદિમાં દુઃખ હા! લહે. ૧૧

જો તત્પર થાય ત્યાગવા અજ્ઞાને તરી ના શકે, કહે :
"ધ્રુવ માર્ગ ઉપાય આ જ છે," આરપાર તો તું ય ક્યાં લહે? ૧૨

નગ્ન કૃશ શરીરવંત જો માસ માસ ઉપવાસ આદરે,
તોપણ માયાદિ જો ઉરે ગર્ભ અનંતા ભાવિમાં ધરે. ૧૩

તેથી પાપોથી થોભજો માનવ આયુ બહુ જ ટૂંકડું,
કામી મોહે કળી રહ્યા અવિરતિને દુઃખ ઢૂંકડું. ૧૪

યત્ને વિચરો ય સંયમે દુસ્તર પંથ અણુ-જીવે ભર્યો,
સમ્યક્ વીરે કહેલ તે શિક્ષા સુણી વર્તવું કરો. ૧૫

ઊઠ્યા જે વીર સંયમી, માયા ક્રોધાદિકને પીસે;
અહિંસક બધા જીવો તણા પાપવિરત ઉપશાંત તે દીસે. ૧૬

વિચારે આપદા વિષે, "હું એકલો જગે ન દુઃખિયો,
સૌ સંસારે પીડિત છે; સમ સંયમે જ વીર સુખિયો. ૧૭

લીપેલી ભીંત ઊખડ્યે કૃશ દીસે તેમ ઉપવાસથી,
દેહ કસી દયાથી વર્તવું સર્વજ્ઞ કથિત ઉપદેશથી. ૧૮

ખંખેરે ધૂળ પંખીઓ તેમ કર્મરજ ભવ્ય ખેરવે,
તપ આચરી કર્મ કાઢવા તપસ્વી સાધુ વીર્ય ફોરવે. ૧૯

કુટુંબી બાળ-વૃદ્ધ સૌ આહારાર્થે આવતાં મુનિ,
વીનવે લલચાવી સાધુને, તો ય તપસ્વી વળે ન તે ભણી. ૨૦

કરુણ વિલાપો કરે બધા, વંશવૃદ્ધિ કરવા ય વીનવે;
ઊઠેલો ભવ્ય ભિક્ષુ તે, ન ડગે, સંયમ ચુસ્ત સાચવે. ૨૧

કામ-લાલચોથી ખેંચીને કે ઘેર લઈ જાય બાંધીને
ઇચ્છે તેવું ન જીવવા, કોણ ડગાવી, ઘેર રાખી લે? ૨૨

વળી શીખવેઃ 'સ્નેહી આપણે, માત, પિતા, સ્ત્રી, પુત્ર પોષવાં,
સમજું છે, તું જ જોઈ લે—બે લોક બગાડીશ ત્યાગતાં.' ૨૩

સ્વજનમોહ-કાદવે પડી, કોઈ અસંયમમાં ફસાય તો
તે રાગીના જ સંગથી, વળી વળી પાપે ધૃષ્ટ થાય, જો. ૨૪

પંડિત બની, ભવ્ય, જો જરા, અટકી પાપથી ઉપશાંત થા,
મહામાર્ગ વીર પામતા, સિદ્ધિપ્રદ ને શિવ-પંથ આ: ૨૫

મન વાચા દેહ રોકીને, કર્મ વિદારણ પંથ પામી આ,
શ્રી, સગાં, આરંભ છોડીને આચર સંયમ, મોક્ષકામી થા. ૨૬

## દ્વિતીય ખંડ

'કાંચળી સમ કર્મ ત્યાગવાં' એમ ગણી મુનિ ગર્વ સૌ હરે,
નિજ ગોત્રાદિક ના સ્તવે, પરનિંદા પણ સાધુ ના કરે. ૧

પરની અવજ્ઞા કરી બહુ ભમે ભવાટવીમાં ઘણા જણ,
પરનિંદા પાપકારી છે ગણી ગર્વ કરે કેમ માહણ? ૨

ચક્રવર્તી હોય કોઈ જો, દાસ-દાસ જે સંયમી થયો,
તેને નમતાં ન લાજતો; સંયમી થયે ગર્વ સૌ ગયો. ૩

સામાયિક આદિ સંયમે મરણ સુધી ભવ્ય શુદ્ધતા ધરે,
સમાધિ સહ કાળ જો કરે, તો મુનિ પંડિત જાણવા, ખરે! ૪

[૧]મોક્ષ-લક્ષી મુનિ નિર્મદ ભૂત, ભાવિ વિભાવો વિચારીને,
કટુ વચન, માર મૃત્યુના પરિષહો સહે શાંતિ ધારીને. ૫

પ્રશ્નોત્તરમાં સમર્થ તે ક્રોધાદિ જીતી ધર્મ બોધતા,
પૂજે તો માન ના ધરે, દુખ દે તો સમભાવ સેવતા. ૬

જનરંજન ધર્મ ના ચહી, અપ્રતિબદ્ધ રહી જ સર્વથા,
નિર્મળ નદી જેમ દાખવે સર્વજ્ઞ-કથિત ધર્મ તે સદા. ૭

જગે જીવો ભિન્ન ભિન્ન છે, સુખપ્રિય દુઃખદ્વેષી દેખવા,
ઊઠ્યા જે સંયમી થવા, પાપવિરત પંડિત લેખવા. ૮

આરંભ તજી થયા મુનિ સ્વજન-શોક-મમતા પરિહરે,
આરંભી શોક અંતમાં કરે મોહે, ન કામ તો સરે. ૯

પરિગ્રહથી બેય લોકમાં દુઃખ ગણી ગૃહે વાસ ના કરે,
ઉપાર્જિત વિનાશશીલ તે, બાંધવ બંધન જાણી વિચરે. ૧૦

રાજ-માન, પૂજના મહા કાદવ કરિનો કાળ જાણજો;
ફાંસ ઊંડી કેમ નીકળે? તેવો પરિચય કો ન આણજો. ૧૧

વૈરાગ્યે એકલા ફરો સ્થાન-શયનાદિ કે સમાધિમાં,
વીર્યવંત ઉપધાનમાં ભિક્ષુ વચન-અધ્યાત્મ ગુપ્તિમાં.[×]૧૨

★

મુનિ ન ઉઘાડે, ન વાસતો શૂન્ય ઘરોનાં દ્વાર, વાપરે;
સાવદ્ય વદે ન પૂછતાં; તૃણ ના પૂંજે કે ન પાથરે. ૧૩

રવિ આથમ્યે અનાકુલ સમ-વિષમતા સાધુ સંસહે,
શિયાળ, ડાંસાદિ જંતુઓ સાપ છતાં નિઃશંકતા લહે. ૧૪

શૂન્યાગારે મહા મુનિ ત્રિવિધ ઉપસર્ગ માનવાદિના,—
સહે, રોમ આદિ ના ધ્રૂજે, આ આચારો જિનકલ્પીના. ૧૫

---

૧. પાઠા૦ મોક્ષ-લક્ષ્મી × પાઠા૦ ત્રિગુપ્ત આત્મશુદ્ધિમાં.

આકાંક્ષા જીવવા નથી, પૂજા-ઇચ્છા હોય ના ઉરે;
ટેવાતાં ઉપસર્ગથી મહારૌદ્ર નજીવા ગણે, ખરે! ૧૬

સમ્યક્ રત્નો ત્રણે ધરે તારક, ભજે વિવિક્ત આસન,
સામાયિક સંયમી ગણો; તેને ભયનું છે ન દર્શન. ૧૭

ઉષ્ણોદક તપ્ત ભોગવે, ધર્મસ્થિત, લાજે અસંયમે,
તેવા યે રાજમાનથી અસમાધિવંત થાય ને ભમે. ૧૮

કલહકારી ભિક્ષુ બોલ કો દારુણ અસહ્ય બોલી જાય જો,
ચિર ચારિત્રે ત્રુટી લહે; તો ક્રોધ કરે કેમ પંડિતો? ૧૯

અણગમો શીતોદકે ધરે, નિદાન ન કરે, કર્મથી ડરે,
જમે ના ગૃહસ્થ-વાસણે, તે મુનિ સામાયિક આચરે. ૨૦

આયુ વધારી શકે ન કો તોય પાપી, નિર્લજ્જ મૂર્ખ જો—
ભરે આયુ પાપથી બધું; એ સમજી મુનિ ગર્વ મૂકતો. ૨૧

સ્વચ્છંદે લોક સૌ ભમે, માયા-મોહે ધર્મ માનતા,
સન્માર્ગે સંયમી રહે શીતોષ્ણે સમયોગ રાખતા. ૨૨

જુગારી જુગારમાં જીતે ચોકાથી તો ન એક આદિ લે;
તેમ જ તું ધર્મ ધાર આ સર્વજ્ઞ-કથિત હિત માની લે. ૨૩

લોકોને માન્ય તારકે સર્વોત્તમ જે ધર્મ બોધિયો,
તે જ ધાર, છોડી અન્ય સૌ પૂર્વાપર કથને વિરોધિયો. ૨૪

દુર્જય ઇન્દ્રિય-વિષયો તીર્થપતિ કને સાંભળેલ છે,
જે ઊઠ્યા તે જ જીતવા ખરા અનુયાયી વીરધર્મી તે. ૨૫

મહર્ષિનાથે કહ્યો મહા ધર્મ પાળવા સાવધાન જે
કુમાર્ગ સર્વે તજી, કરે મદદ પરસ્પર મંદ દેખીને. ૨૬

ભુક્ત ભોગ ચિંતવે ન તે, નવા ન ઇચ્છે દુર્ગતિપ્રદ,
કર્મ આઠ દૂર દે તજી, પરાધીન ન વર્તે, સમાધિત. ૨૭

ઉત્તમ ધર્મજ્ઞ તે મુનિ, કૃતક્રિય, મમતા ન ધારતા,
વિકથા ના સંયમી કરે, પ્રશ્ન પૂછે ન, કહે ભવિષ્ય ના. ૨૮

ક્રોધ માન લોભ આદિનો ત્યાગ મહાપુરુષે કહ્યો કરે,
તે સંયમી સાવધાન છે, સજ્જન-સેવિત પંથ આદરે. ૨૯

કષ્ટે આત્માર્થ સાધીએઃ નિર્મમ નિરીહ હિતલક્ષી જે,
ધર્માર્થી વીર્ય ફોરવી તપે, વિચરે સમાધિ-અર્થી તે. ૩૦

વિશ્વ દેખતા **મ**હાવીરે સામાયિકાદિ જે બતાવિયાં,
પૂર્વે સુણ્યાં નથી, ખરે! વા ન યથાર્થ કદી ઉઠાવિયાં. ૩૧

આ અપૂર્વ ધર્મ માનીને બહુ ભવ્ય હિત જાણી જાગિયા,
ગુરુએ કહ્યું કરી તર્યા, પાપથી વિરમી, સૌ કહી ગયા. ૩૨

## તૃતીય ખંડ

સંવૃત્તકર્મી સુભિક્ષુકે, અજ્ઞાનપણે કર્મ સંઘર્યા—
તે સંયમથી ખરી જતાં; પંડિત તજી જન્માદિ, જો તર્યા. ૧

વનિતાને જે ન સેવતા, મુક્ત સમા વખણાય જીવતાં,
માટે દે મોક્ષદૃષ્ટિ તું રોગવત્ કામ દેખી વર્તતાં. ૨

મહા મણિ વણિક લાવતા, રાજાદિ ધારે સુખે કરી,
તેમ સૂરિ દે મહાવ્રતો, રાત્રિભુક્તિ તજી સાધુ લે ધરી. ૩

કામે મૂર્છિત સાધુઓ શાતાશોધક ધૃષ્ટતા ધરે,
કૃપણ સમા જાણતા નહીં સમાધિમાર્ગ કહ્યો જિનેશ્વરે. ૪

ગાડીત દે ત્રાસ બેલને, ગળિયો, નિર્બળ, આર ઘોચતાં
અંતે અસમર્થ ચાલવે, મરે કાદવે જેમ ખૂંચતાં; ૫

કામેચ્છામાં કળી જતાં આજકાલ છોડીશ ચિંતવે;
'પણ ગળિયા જેમ કામીઓ મરે' ગણી ન ઇચ્છે, ન ભોગવે.* ૬

* ગળીઆ જેમ કામીઓ મરે છે એમ ગણી ભોગને સાધુ ન ઇચ્છે, ન ભોગવે.

રખે પછી અસાધુતા થતી, ગણી, વિષય તજી આત્મ-બોધ લેઃ—
"અસાધુતા દુર્ગતિ કરે, ત્યાં શોકથી પોકે રડી મરે." ૭

જીવન અહીંનું ય જો જરી, તરુણ કે વર્ષ સો થયે મરે,
મે'માન સમાન જાણી લે; કામાસક્તિ, મૂઢ, કાં કરે? ૮

આરંભે અહીં જે મચ્યા આત્મઘાતી પરઘાતી તે અરે!
પાપલોક તે લહે પછી કે કુદેવ કદી થાય આખરે. ૯

તૂટ્યું સંધાય આયુ ના, અવિવેકી ધૃષ્ટ તોય જો, બકે:
'અહીં જ સુખી થવું ઘટે, દીઠો ન પરભવ, દેખી કો શકે?' ૧૦

સર્વજ્ઞ-કથિત વાત આ, અંધ સમા શ્રદ્ધા કરી જુઓ;
વર્તમાન એકલો ગણો તો પિતામહાદિક સૌ ખુઓ. ૧૧

મોહે મિંચાઈ દૃષ્ટિ તે જ્ઞાને ખોલી, સત્ય માનજો,
નહીં તો ભમી ય ભ્રાંતિમાં, ફરી ફરી દુઃખો દેખી થાકજો. ૧૨

સ્વકીય પ્રશંસા પૂજા તજી જ્ઞાનાદિ સહ સંયમી બને,
સ્વાત્મતુલ્ય સર્વ જીવને દેખી રહે સમદૃષ્ટિ-સેવને. ૧૩

ગૃહવાસે જે રહે જનો, ધર્મ સુણી સમદૃષ્ટિવંત તે
જીવરક્ષા પાળી અલ્પ, જો, સ્વર્ગ વરે સુદૃષ્ટિ સુવ્રતે. ૧૪

જિનેશ તણી દેશના સુણી ઉદ્યમ સંયમ કાજ આદરો,
સર્વત્ર તજી મદાદિ સૌ ભિક્ષાવિશુદ્ધિ ભિક્ષુ, આચરો. ૧૫

ધર્માર્થી, સર્વ જાણીને તપથી વીર્ય વધારી વર્તતા,
ત્રિગુપ્ત, સમ્યક્ત્વયુક્ત તે સ્વપર-મોક્ષાર્થી યત્ન સેવતા. ૧૬

સ્વજન, પશુ, ધનાદિ સર્વને શરણ અજ્ઞાની આમ માનતા :—
રક્ષક હું તેમનો અને,—મુજ તે; પણ શરણું ન પામતા. ૧૭

સમજુ શરણું ન માનતા, દુઃખે મરણે જીવ એકલો,
આવે ને જાય એકલો, દુઃખમાં પડાવે ન ભાગ કો. ૧૮

જન્મ, જરા, મૃત્યુના ભયે આકુળવ્યાકુળ જો અધર્મથી
જીવો ચારે ગતિ વિષે વ્યક્તાવ્યક્ત દુઃખી સ્વકર્મથી. ૧૯

આ જ તક ખરી, વિચારી લે; બોધિ સુલભ નથી, કહેલ છે;
સમ્યક્ જ્ઞાનાદિ પામીને બોધિદુર્લભતા વિચારજે. ૨૦

પૂર્વે તીર્થંકરો થયા, આગામી થશે, સર્વ સુવ્રતી,
તે *કાશ્યપ-ધર્મ પાળતા આ સમ્યક્ જ્ઞાનાદિ દે કથી :—૨૧

કે ત્રિવિધે જીવ ના હણો, આત્મહિતે ત્રિગુપ્તિવંત હો,
સ્વર્ગાદિ સુખો ન ઇચ્છતા; ત્રિકાળ સિદ્ધ અનંત એમ જો. ૨૨

જ્ઞાતપુત્ર× અર્હતે કહી સંપૂર્ણ જ્ઞાન-દર્શને લહી,
આ ઉત્તમ સર્વ દેશના સુણી **વિ**શાલામાં અમે રહી. ૨૩

## ઉપસંહાર

શ્રી **સુ**ધર્મા સ્વામી શિષ્યને **મ**હાવીર કને સાંભળી કહે,
સૂત્રકૃતાંગે શ્રી **જં**બુને બહુમાનપણે તે ઉરે લહે. ૨૪

ટીકા **શી**લાંક સૂરિની, તેથી સમજી મૂળ ગ્રંથને,
યથાશક્તિ સાર આ લખું ગુજરાતીમાં છંદ-બંધને. ૨૫

શ્રી શીલાંકસૂરિએ લીધાં અવતરણો ટીકા દીપાવવા,
તેમાંથી અલ્પ આ ગ્રહું અધ્યયન બીજું આ વિચારવા. ૨૬

પ્રથમ ખંડ હિત પામવા, તજવા અહિત, અનિત્યતા કળે;
બીજે તે માન મૂકવા, શબ્દાદિ અવગણી શમાદિ લે. ૨૭

ત્રીજે અજ્ઞાન-સંચિત કર્મો જ્ઞાને બાળી નાખવાં,
પ્રમાદ ને સુખ છોડવાં, જ્ઞાની વચનો ઉર રાખવાં. ૨૮

---

* કાશ્યપ ગોત્રી મહાવીરનો વીતરાગ ધર્મ.

× મહાવીર જ્ઞાતકુળના હોવાથી જ્ઞાતપુત્ર કહેવાય છે.

શિવસુખ-દાતા મનુષ્યનો ભવ ધરી, ધર્મ સત્ય સાંભળ્યો;
તો છોડો સુખ તુચ્છ આ, કામ-કાચ તજી, મોક્ષ-રત્ન લ્યો; ૨૯

કોટિ ભવે ના મળેલ તે માનવ ભવ પામ્યે પ્રમાદ શો!
ગયું આયુ ના ફરી મળે ઇન્દ્રને ય, મોહે ન ઊંઘશો. ૩૦

સ્નેહમયી બેડી જો જડી માતપિતા, પુત્રાદિ નામની;
વિના શૃંખલા ય કેદમાં પરાધીનતા દેખ કામની. ૩૧

સમતાથી દુઃખ ના ખમે ગૃહસુખ સંતોષે તજે ન આ,
વેઠે શીતોષ્ણ વાયરો, સહે ક્લેશ તપ કાજ ના જરા. ૩૨

ધનના ધ્યાને રહે સદા નિર્દ્વન્દ્વ તત્ત્વ ના વિચારતો;
કર્યાં કાર્ય સૌ સુખી થવા, વળ્યું ન કૈં; ગૃહે વ્યર્થ જીવતો. ૩૩

દોષો યે ગુણ થાય જો, યોગ્ય પદે યોજાય ભાનથી :—
ભૂખે સૂકું શરીર જો તુચ્છ અન્ન, પટ જીર્ણ કે નથી. ૩૪

લૂખા કેશો શિરે ઊડે, ભૂમિ-શયન, ના પાથરે કશું,
એ આચારો સુસાધુના દીસે ગૃહસ્થ દશા વિષે, પશું. ૩૫

અગ્નિમાં પેસીને મરે, પણ લીધું વ્રત, ધર્મી ન તોડતો;
અખંડિત શીલવંતનું ભલું મરણ, જીવન ભૂંડું ભ્રષ્ટ જો. ૩૬

કર્મ કરે જીવ એકલો, ફળ એકલો અનુભવે, સહે,
જો જન્મે એકલો મરે, પરલોકે પણ એકલો રહે. ૩૭

શ્રીમદ્ **રાજચંદ્રને** નમું કૃપાપ્રસાદ અખંડ ચાખવા,
ઉપકારો હું સ્મર્યા કરું મોક્ષ-માર્ગમાં ભાવ રાખવા. ૩૮

☆
☆☆

# ૫૫

# સંયોગનું અનિત્યપણું

(રાગ—હાં રે મારે ધર્મજિણંદશું લાગી પૂરણ પ્રીત જો,
જીવડલો લલચાણો જિનજીની ઓળગે રે લો.)

★

હાં રે મારા **રાજ**પ્રભુ તુમ પદમાં કરું પ્રણામ જો,
વાસ સદા એ અવિચળ પદમાં આપજો રે લોલ;
હાં રે કોઈ ઠેકાણું નથી ઠરવાનું જગમાંય જો,
ક્ષણ ક્ષણ ક્ષણભંગુરતા-દવ આ વ્યાપતો રે લોલ. ૧

હાં રે જુઓ, તરણાંટોચે ઝાકળ જળ દેખાય જો,
રવિ-કિરણમાં રત્ન-રાશિ સમ શોભતું રે લોલ;
હાં રે તે તાપ પડ્યે કે પવન વડે ઊડી જાય જો,
તેવા સૌ સંયોગો અસ્થિર બોધતું રે લોલ. ૨

હાં રે આ સાગરજળ ઉપર પરપોટા-ફીણ જો,
વરઘોડે ચઢીને આવે ઉપદેશવા રે લોલ;
હાં રે તીરે તે અફળાઈ નિષ્ફળ થાય જો,
પુણ્ય-મનોહર સુખ આવે તેવાં જવા રે લોલ. ૩

હાં રે કોઈ ભિક્ષુક સૂતો એઠું-જૂઠું ખાઈ જો,
સ્વપ્ન વિષે રાજાનો વૈભવ ભોગવે રે લોલ;
હાં રે ત્યાં મેઘગર્જના સુણતાં જાગી જાય જો,
તેમ જ સૌ સંપદનો નક્કી વિયોગ છે રે લોલ. ૪

હાં રે ચોમાસામાં નભ, નદી, વન, મેદાન જો,
શોભે વિવિધ મનોહર વર્ણ વડે, ખરે! રે લોલ;
હાં રે તે ઉનાળામાં સૌ ઉજ્જડ-વેરાન જો,
તેમ જગતમાં ધન, યૌવન, આયુ સરે રે લોલ. ૫

હાં રે કોઈ મદિરાછાકે બકતા ભૂલી ભાન જો,
તેમ જ મોહે સ્વરૂપ ભૂલી જીવ બોલતો રે લોલ :–
'હાં રે મારાં રાજ્ય, કુટુંબ, કીર્તિ, કાયા, ધન, ધામ જો,'
સંયોગો છૂટતાં પણ દૃષ્ટિ ન ખોલતો રે લોલ. ૬

હાં રે જેમ ઇન્દ્રધનુષ્યમાં સુંદર રંગ જણાય જો,
નાશ થતાં ના વાર ઘડીકે લાગતી રે લોલ;
હાં રે આ ઇંદ્રિયસુખ સૌ વિદ્યુત્ સમ વહી જાય જો,
અંધારા સમ પાછળ દુર્ગતિ આવતી રે લોલ. ૭

હાં રે જે આંખો તલસે જોવા સુંદર રૂપ જો,
તે પણ અંધ બની નહિ કંઈ નીરખી શકે રે લોલ;
હાં રે હિત-અહિતનો વિવેક છે સુખરૂપ જો,
કોણ ચૂકે હિત કરવાનું આવી તકે રે લોલ. ૮

હાં રે બહુ પંખી કેરો તરુ પર સાંજે વાસ જો,
પ્રાતઃકાળે સૌ નિજ નિજ પંથે પડે રે લોલ;
હાં રે તેમ મળે સંયોગો, સગાંસંબંધી ખાસ જો,
સંયોગ-પળો જ વિયોગ તણી ઘડીઓ ઘડે રે લોલ. ૯

હાં રે કોઈ નાવ વિષે મળી બેસે લોક અનેક જો,
સામે કાંઠે ઊતરી સૌ છૂટાં પડે રે લોલ;
હાં રે તેમ રહે કુટુંબે સગાં મળી એકમેક જો,
મરણ પછી સૌ નિજ નિજ ગતિમાં આથડે રે લોલ. ૧૦

હાં રે જેમ શરદ ઋતુનાં વાદળ ઝટ વહી જાય જો,
તેમ પ્રેમ પત્ની પુત્રાદિકનો ચળે રે લોલ;
હાં રે સ્વાર્થ સધાતાં સુધી આ દૈહિક પ્રેમ જો,
સ્વાર્થ-વિરોધ જણાતાં પળમાં તે ટળે રે લોલ. ૧૧

હાં રે સૌ પ્રિય પ્રિયા-પુત્રાદિકના સંયોગ જો,
સરિતા-જળ પેઠે નિરંતર વહી રહ્યા રે લોલ;

હાં રે છે સૌને માથે મરણ, ઉગામી-ડાંગ જો,
એમ વિચારી વીર નરો સંયમે વહ્યા રે લોલ. ૧૨

હાં રે જેમ કાચો ઘટ ઝટ જળથી ફૂટી જાય જો,
તેમ જ કાયા જીવન પૂર્ણ થતાં છૂટે રે લોલ;
હાં રે આ આયુષ્યદોરી તૂટી ના સંધાય જો,
ભલે મરેલાં માટે જન માથું કૂટે રે લોલ. ૧૩

હાં રે જે અભિમાનનું કારણ આજ જણાય જો,
દેહ, દેશ, ધન, કુળ, જમીન, તે છેતરે રે લોલ;
હાં રે જેમ દીપક મોહે પતંગ બળી મરી જાય જો,
તેમ મમત્વ ધરી મૂઆ બહુ, હજી મરે રે લોલ. ૧૪

હાં રે આ દેહ વડે કદી ભોગ બધા ભોગવાય જો,
તેને ક્ષીણ કરનારી આવે જો જરા રે લોલ;
હાં રે એ મરણનિશાની સંધ્યા સમ સમજાય જો,
હજી ય ન શોધે શાંતિ-ધર્મરૂપી ધરા રે લોલ. ૧૫

હાં રે નભ સૂર્ય શશી, ગ્રહ અસ્ત થઈ ઊગનાર જો,
વસંત ઋતુ આદિક પણ પાછી આવશે રે લોલ;
હાં રે આ આયુષ્ય યૌવન, સૌ સંયોગ જનાર જો,
ધન આપ્યે પણ પાછાં કોઈ ન લાવશે રે લોલ. ૧૬

હાં રે તજી આત્મહિતને આર્ત્તધ્યાન કરનાર જો,
ઇન્દ્રજાલવત્ જગત, ન નિત્ય રહી શકે રે લોલ;
હાં રે તો શાને ક્લેશિત થાયે? સર્વ જનાર જો,
પૂરણ પુણ્ય થયે સંયોગો નહીં ટકે રે લોલ. ૧૭

હાં રે વળી ચક્રવર્તી સમ પુણ્યવંતનાં સુખ જો,
સ્થિર રહ્યાં ના, તો શી વાત બીજા તણી રે લોલ?
હાં રે સત્ ધર્મ ભૂલ્યાં તો ખમવું પડશે દુઃખ જો,
લખચોરાશી યોનિ દુઃખદાયી ઘણી રે લોલ. ૧૮

હાં રે જુઓ, લક્ષ્મી કાજે જીવ કરે બહુ પાપ જો,
તોપણ પુણ્ય વિના મળતી, ટકતી નથી રે લોલ;
હાં રે તે દે દુર્બુદ્ધિ, વધે પાપ સંતાપ જો,
દાન ભોગ વિના તજી, જીવ લે દુર્ગતિ રે લોલ. ૧૯

હાં રે તે જનશિક્ષણ કે સત્શાસ્ત્રોને કાજ જો,
સન્માર્ગે વાળી જીવોને રક્ષવા રે લોલ;
હાં રે જે દુખી-દરિદ્રીને દેવા સુખ-સાજ જો,
યોજે લક્ષ્મી તે લક્ષ્મીપતિ લેખવા રે લોલ. ૨૦

હાં રે તુજ હાથ વિષે ધન છે ત્યાં લગી લે લ્હાવ જો,
તજી અચાનક મરવું પડશે એકલા રે લોલ;
હાં રે સત્ દાન નિમિત્તે સુધરશે નિજ ભાવ જો,
લોભ છૂટ્યા વિણ મળે ન નિજસુખની કલા રે લોલ. ૨૧

હાં રે જીવ લોભી ન કરવા યોગ્ય કરે નીચ કામ જો,
લડાઈમાં પણ લોભે જઈ જાતે મરે રે લોલ;
હાં રે સૌ સુખી થવા લ્યો સત્ય શરણ 'સંતોષ' જો,
ન્યાયમાર્ગનું ધન પણ પડી રહે આખરે રે લોલ. ૨૨

હાં રે સમજી સત્પુરુષો તજતા ધન, બાળ જો,
કરી વ્યવસ્થા સ્વજન-પર-ઉપકારની રે લોલ;
હાં રે કોઈ ઝેર ગણી તજતાં ના લે સંભાળ જો,
કોઈ ઉપાધિ ન વ્હોરે લવ વ્યવહારની રે લોલ. ૨૩

હાં રે એ ત્યાગ તણી તરતમતા સમજે કોણ જો?
મન વૈરાગ્યે નીતરતું જેનું રહે રે લોલ;
હાં રે સૌ સંયોગોનું અનિત્યપણું પ્રમાણ, જો,
થાય પ્રબળ, જો આતમ-તત્ત્વ ઉરે લહે રે લોલ. ૨૪

☆
☆☆

# ૫૬
# મહાત્માઓની અનંત સમતા

(રાગ—ધન્ય તે મુનિવરા રે જે ચાલે સમભાવે)

★

સ્વરૂપ-સ્થિત, સમતાપતિ રે સર્વ અવસ્થામાં ય
**રાજચંદ્ર**, પદ તે નમું રે, સ્થિર મન થાઓ ત્યાં ય.
સમતા-સ્વામી તે રે જે રમતા સમભાવે.

ત્રણે લોકને બાળતો રે મોહ-અગ્નિ વિકરાળ;
અંતર્મુખ દૃષ્ટિ કરી રે બુઝાવે તત્કાળ. સમતા૦

ઇન્દ્રિયો વિષયો ચહે રે, ખેંચે અવિરત-પંથ;
સંયમરૂપ લગામથી રે, વારે તે નિર્ગ્રંથ. સમતા૦

રાગાદિક કાંટાભર્યું રે દુર્ગમ ભવવન દેખ;
સમતા-બૂટ બચાવતા રે કોઈ નડે નહિ રેખ. સમતા૦

જીવ-અજીવ પદાર્થ જે રે, ઇષ્ટ-અનિષ્ટ ભળાય;
તેમાં ના મૂંઝાય તે રે, સમતાવંત કળાય. સમતા૦

કામ-ભોગ ઇચ્છે નહીં રે, તન-મમતા ન લગાર;
સમતામાં મેરુ સમા રે, જ્ઞાન પૂર્ણ વરનાર. સમતા૦

સ્વયંવરા મુક્તિ ઊભી રે, ભવ-સંકટ ચોફેર,
વીર છેદે ભવ-જાળને રે, ધારી સમ-સમશેર. સમતા૦

રાગાદિ અતિ તિમિર સમ રે, નિજરૂપ ત્યાં ન જણાય;
સમતા-સૂરજ ઊગતાં રે પરમાત્મા દેખાય. સમતા૦

આલંબી સમતા-સીમા રે, સ્વ-નિશ્ચય લહી ઉર,
જીવ-કર્મ-સંયોગને રે, જ્ઞાની કરશે દૂર. સમતા૦

જ્ઞાનનેત્રી, પવિત્ર છે રે, સમતા-જળથી સંત,
અનંત જ્ઞાનાદિ રમા રે, સખી સહજ ભેટંત. સમતા૦

આત્મભાવના ભાવતાં રે સમતાથી ભરપૂર,
સર્વ પદાર્થ નિહાળતાં રે, રાગાદિ રહે દૂર. સમતા૦

મોહ-સિંહથી ભયંકર રે, રાગાદિ-વન દેખ,
સમતા-દવ-જ્વાળા વડે રે, મુનિવર બાળે, પેખ. સમતા૦

મોહ-પંક પરિહર્યે રે, તૂટે રાગાદિ પાશ,
વિશ્વવંદ્ય સમતા-સતી રે, કરે ઉરે ગૃહવાસ. સમતા૦

સામ્ય ભાવના જાગતાં રે, નાશ આશનો થાય,
અવિદ્યા ક્ષીણ તે ક્ષણે રે, ચિત્ત-સર્પ મરી જાય. સમતા૦

ટાળે કર્મ નિમેષમાં રે, સમભાવે મુનિ જેહ,
કોટી ભવનાં તપો વડે રે, અન્ય ન ટાળે એહ. સમતા૦

કહે વિશ્વવેત્તા ખરું રેઃ સમતા-ધ્યાન મહાન,
તેને પ્રગટ કરાવવા રે, કહ્યાં શાસ્ત્ર સૌ, માન. સમતા૦

જે જ્ઞાની સમતા ધરે રે, સર્વ વસ્તુમાં નિત્ય,
કેવલી સમ સુખ તે લહે રે, માનું મુનિ ખચીત. સમતા૦

આત્મશુદ્ધિ કરવા ચહે રે, સમ્યક્ સ્વાભાવિક,
મહાભાગ્ય તે ધારશે રે સમતામાં મન ઠીક. સમતા૦

રાગાદિક દોષો તજી રે, સર્વ દેહથી દૂર,
આત્માને આત્મા વડે રે જાણ્યે, સામ્યે શૂર. સમતા૦

સૌ પર-દ્રવ્યોથી જુદો રે, પર પર્યાયથી ભિન્ન,
આત્માનો નિશ્ચય થયે રે, સમતાનો જો જન્મ. સમતા૦

અવિચળ સુખ તેને મળે રે, અવ્યય પદ લે તે જ,
બંધમુક્ત પણ તે બને રે, સમ જે યોગી રહે જ. સમતા૦

ન ચરાચર જગમાં કશું રે ઉપાદેય કે હેય,
તેવા મુનિ તજી શુભાશુભ રે શુદ્ધ શિવ-પદ લેય. સમતા૦

**ક**મઠ-જીવ દશ ભવ સુધી રે, દે પીડા મરણાંત,
તોપણ **પાર્શ્વ**પ્રભુ ધરે રે સમતા, અહો! અનંત. સમતા૦

સ્નેહ-પાશ બહુ ભવ તણો રે, તોડી **રામ** ભગવંત,
અનુકૂળ પરિષહ જો, સહે રે સમતા ધરી અનંત. સમતા૦

પ્રતિકૂળ પરિષહ જો ખમે રે, મુનિવર **ગજ**સુકુમાર,
શિર પર અંગારા બળે રે, સમતા ધરે અપાર. સમતા૦

પિલાયા મુનિ પાંચસેં રે યંત્રે શેરડી જેમ,
હાડ ચૂરેચૂરા થતાં રે ચૂકે ન સમતા-ક્ષેમ. સમતા૦

**પાં**ડવ પણ પરિષહ સહે રે, સમતા ધરી અનંત,
તપ્ત ભૂષણ જે લોહનાં રે સર્વાંગો ય દહંત. સમતા૦

**મ**હાવીર તીર્થંકરે રે ધરી ધીરજ ને ખંત,
સહ્યા અસહ્ય પરીષહો રે, જાણે સઘળા સંત. સમતા૦

**સં**ગમ નિત્યે પીડતો રે રૂપ ધરી વિકરાળ,
વજ્ર-સૂચિ* સમ કીડીઓ રે તન વીંધે બહુ કાળ. સમતા૦

ખીલા ઠોક્યા કાનમાં રે, વળી ઉપસર્ગ અનાર્ય,
અનંત સમતા ધરી કર્યાં રે, કેવાં અપૂર્વ કાર્ય! સમતા૦

---

* સોય

चक्रवर्ती-सुख जो तजे रे, **स**नतकुमार महंत,
લબ્ધિ છતાં રોગો મહા રે સહે મહા રૂપવંત. સમતા૦

દેવ દવા કરવા ચહે રે ત્યાં બોલ્યા મુનિભૂપ :—
"કર્મ-રોગ ટાળી શકો રે?" દેવ રહ્યા ત્યાં ચૂપ. સમતા૦

વર્ષ સાતસો સુધી સહે રે સોળે રોગ મહાન,
અનંત સમતા ધારીને રે; કોણ મુમુક્ષુ સમાન? સમતા૦

આર્ય **સ્કં**દક-હાડ જો રે તપથી શુષ્ક શરીર,
ચાલે કે ખડખડ થતાં રે સમતામાં શૂરવીર. સમતા૦

દેહ-દશા તેવી કરી રે, વર્તે દેહાતીત,
**રા**જચંદ્ર આ કાળમાં રે સમતા-યોગ સહિત. સમતા૦

ત્રિલોક-જય કરતાં અધિક રે કઠિન કાર્ય જણાય,
એક સમયની અસંગતા રે; સમતા તે જ ગણાય. સમતા૦

તેવી ધરે અસંગતા રે, ત્રિકાળ તે ભગવંત,
સર્વોત્તમ આશ્ચર્ય તે રે, અનંત સમતાવંત. સમતા૦

આત્માર્થે મુનિ વર્તતા રે, સમતા રસ રેલંત,
તેની સમીપ સિંહાદિની રે ક્રૂરતા પામે અંત! સમતા૦

મત્સર તજી મૈત્રી ભજે રે પ્રાણી પરસ્પર કેમ?
સમભાવી મુનિ-તેજથી રે કષાય શમતા એમ. સમતા૦

યોગી વશ કરતા નહીં રે યત્ને પ્રાણી ક્રૂર,
સ્વયં શાંત દવ થાય જો રે વૃષ્ટિ થયે ભરપૂર. સમતા૦

શરદ્ ઋતુના યોગથી રે જો જળ નિર્મળ થાય,
તેમ યોગી-સંસર્ગથી રે મન-મલ સર્વે જાય. સમતા૦

ક્ષીણ-મોહ મુનિ આશ્રયે રે, જાતિ-વેર વીસરાય,
સિંહ-શિશુને ચાટતી રે હરણી હર્ષિત થાય. સમતા૦

ઢેલ ખેલતી સર્પશું રે, વાઘ સમીપે ગાય,
ઉંદર બિલ્લી-ગોદમાં રે, શ્વાન-શશક હરખાય. સમતા૦

ચંદ્ર, પવન, પૃથ્વી સમા રે મુનિ શાંતિ-દાતાર,
અશુભ-પ્રીતિ, ભીતિ ટળે રે સમતા-પ્રભાવ ધાર. સમતા૦

કોઈ શાલિ-ફૂલે પૂજે રે, કોઈ ડસાવે સાપ,
અનંત સમતાવંત મુનિ રે ગણે ન સુખ-સંતાપ. સમતા૦

શિલા શય્યા, વન નગર રે, સ્તુતિ નિંદા સમ ધાર,
કર્દમ કંકુ, યતિ યુવતી રે સમ માને મુનિ સાર. સમતા૦

બુદ્ધિ-બળમાં તો ઘણા રે સ્વાર્થ નિજ દેખંત;
વિરલા શિવગતિ પામવા રે સમતા ધરે અનંત. સમતા૦

સમતા-રસના સ્વાદકો રે, અબધુ, અલૌકિક સંત,
આત્મ-સુખમાં મગ્ન તે રે ન ચહે જ્ઞાન અનંત! * સમતા૦

☆
☆☆

* જુઓ 'શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક ૧૮૭

# ૫૭
# માથે ન જોઈએ
## ભાગ-૧

(હરિગીત)

★

વંદન કરું શ્રી **રા**જગુરુના ચરણ-કમળે ભાવથી;
જેના અલૌકિક યોગબળ ને બોધના જ પ્રભાવથી
શ્રી **શા**લિભદ્ર-કથા પ્રસંગે ચિત્ત વાળીને કહું :
'માથે ન કોઈ જોઈએ' એવી દશા સૌને ચહું. ૧

શ્રી **રા**જગૃહ નગરે કરે **શ્રે**ણિક રાજા રાજ્ય જ્યાં,
**ગો**ભદ્ર શેઠ ધનાઢ્ય ને **ભ**દ્રા સતી શેઠાણી ત્યાં
સુ-સ્વપ્ન શાળીક્ષેત્રનું શેઠાણીને આવ્યું હતું
જે ગર્ભયોગે, નામ **શા**લિભદ્ર રાખ્યું છાજતું. ૨

સર્વે કળા શીખ્યા પછી મોટો થયે પરણાવિયો,
બત્રીસ શ્રેષ્ઠી-પુત્રીઓનો પુણ્યથી સ્વામી થયો.
વૈરાગ્ય પામી મુનિ થયા ગોભદ્ર શેઠ બધું તજી,
દીક્ષા ગ્રહી **વી**રની કને સંયમ જીવન શીખે હજી. ૩

ત્યાં આયુ પૂર્ણ થતાં સમાધિ સહિત વરતા સુરગતિ,
ને પૂર્વ સંસ્કારો વડે પ્રીતિ પુત્રની અતિ જાગતી.
તે દિવ્ય વસ્ત્રાભરણ આદિ પુત્રને હંમેશ દે,
અતિ સૌખ્ય-સામગ્રી દઈ શિરછત્ર સમ સંભાળ લે. ૪

કો રત્નકંબલ વેચનારો રાજ-દરબારે ગયો,
કારીગરી ઉત્તમ હતી, રાજા ઘણો રાજી થયો.
એક્કેક કંબલની કરે તે લાખથી વધુ માગણી,
મોંઘી ઘણી ગણી ના લીધી; એ વાત રાણીએ સુણી. ૫

વ્યાપારીએ વેચી દીધી સોળે ય ભદ્રા નારીને,
લઈ લાખ લાખ સુવર્ણ સિક્કા સામટી લેનારીને;
રાણી તણા અતિ આગ્રહે તેડ્યો નૃપે વ્યાપારીને,
તેણે કહ્યું : ''શ્રેષ્ઠી ગૃહે સૌ વ્હોરી સસ્તી ધારીને. ૬

શેઠાણીએ માગી અધિક, વળી દામ સૌ સામે ધર્યા,
નહિ અધિક મારી પાસ તેથી ખંડ બત્રીસે કર્યા;
ભદ્રા વધૂ-બત્રીસને એકેક આપે નિજ કરે,
લૂછી ચરણ ખાળે તજે તે ભંગી-નારી વાપરે.'' ૭

તે વાત જાણી વિસ્મયે રાજા વિચારે : ''ધન્ય છે!
જો રત્નકંબલ ભોગવે તો વણિક નહિ સામાન્ય તે.
આવા નરો મુજ નગરમાં મુજ કીર્તિને વિસ્તારતા,
મળવું ખરે તેને હવે જે દિવ્ય સંપદ ધારતા.'' ૮

નૃપ શેઠ શાલિભદ્રને બોલાવવા દૂત મોકલે,
પણ આવી ભદ્રા બોલી : ''નૃપવર, પુત્ર બ્હાર ન નીકળે;
કૃપા કરીને તાતજી! મુજ અરજ આ હૃદયે ધરો–
આજે જ આપ પધારીને અમ આંગણું પાવન કરો.'' ૯

રાજા જવા સ્વીકારતા, નિજ ઘેર ભદ્રા જ્યાં ગઈ
**ગો**ભદ્ર - દેવ - સહાયથી સ્વર્ગીય તૈયારી થઈ.
ગજ-અશ્વપંક્તિ, દેવદુષ્યે, કલ્પતરુ મંદારથી
સુવર્ણ કળશો શોભતા પંક્તિરૂપે દરબારથી. ૧૦

તે માર્ગ દિવ્ય સુગંધી ચૂર્ણે સાથિયા સહ શોભતો,
અતિ પુણ્યના ફળ સર્વને સુખકાર, જાણે બોધતો.
રાજા અતિ આશ્ચર્યથી તે સર્વ જોતા જાય છે,
રસ્તા દુકાનો રત્નતોરણ જોઈ બહુ હરખાય છે. ૧૧

ભદ્રા લઈ ગઈ માળ ચોથે રાયને સત્કારીને,
મણિરત્નમંડિત દિવ્ય સિંહાસન પરે બેસારીને,
જઈ પુત્ર પાસે સાતમે માળે કહે માતા : "અરે!
શ્રેણિક ચોથે માળ મળવા આવી, તમને નોતરે." ૧૨

કહે પુત્ર : "ખરીદો માલ તેનો જોઈને સારો ઘણો,"
ભદ્રા કહે : "તે મગધપતિ રાજા શિરોમણિ આપણો,
મળવા અહીં સુધી આવિયા, ઝટ આવજો," કહી મા ગઈ;
"મારે ય માથે કોઈ છે," ચિંતા પ્રબળ એવી થઈ,– ૧૩

"તો ભોગ નહિ હું ભોગવું, દીક્ષા જરૂર લેવી ઘટે;
પણ હાલ નીચે જો જઉં તો માતની ચિંતા મટે."
આવ્યો પરાણે રાય પાસે, ભેટી રાયે પ્રેમથી
નિજ ગોદમાં બેસારતા ગભરાય ત્યાં તે ઘામથી. ૧૪

રે! અગ્નિ અડતાં ઓગળે નવનીત તેવો તે દ્રવે,
તે જોઈ માતાને પૂછે નૃપ : "કેમ પરસેવો સ્રવે?"
ભદ્રા કહે : "એના પિતા સંયમ ધરી સ્વર્ગે ગયા;
તે સ્નેહવશ પુત્રાદિને સ્વર્ગીય-સુખદાતા થયા. ૧૫

તેથી ન તેને બેસવું ગમતું અહીં નર-ગંધમાં,
તેને જવા દ્યો તો રહેશે પુત્ર એ આનંદમાં."
રાજા મૂકે કે મુક્ત જીવ સમ એકદમ ઊંચે ગયો,
સુરદત્ત ભોગો ભોગવી પરિમલજલે શીતલ થયો. ૧૬

શ્રેણિકને ન્હવરાવિયા પછીં દિવ્યજળ કળશા ભરી,
ત્યાં સ્નાન કરતાં વીંટી નૃપની આંગળીથી ગઈ સરી.
ચોફેર જોતા નૃપ, ત્યાં તો દાસીને ભદ્રા કહે—
ઇશારતે: ''દે હોજમાંથી મુદ્રિકા જે નૃપ ચહે.'' ૧૭

થાળી ભરી દાસી વદે: ''લ્યો મુદ્રિકા નિજ ઓળખી,''
નિજ રત્ન અંગારા સમું નૃપ થાળમાં લે નીરખી.
''કોના અલંકારો?'' પૂછે નૃપ, ''કેમ હોજ વિષે હતા?''
''નિત્યે નવા પ્હેરી, જૂના આ શેઠ હોજે ફેંકતા.'' ૧૮

અતિ વિસ્મયે દીઠી દિવ્ય રિદ્ધિ, દિવ્ય ભોજન પણ કર્યું,
નિઃસ્પૃહ રાય વિદાય લે, નજરાણું ભદ્રાએ ધર્યું.
સૂરિ **ધર્મ**ઘોષ પધારિયા છે રાજગૃહ નગરે સુણી,
ઝટ વિનયપૂર્વક વંદનાર્થે શાલિભદ્ર જતા ગુણી. ૧૯

ઉપદેશ ગુરુવર આપતા: ''સુંદર ઘરે ઉંદર પડે,
વસ્ત્રો અને શિરકેશમાં જૂઓ કરી ઘર આથડે;
શય્યા મનોહર માંકણે ઊભરાય, રોગે તન ગળે,
કદ્રૂપ કાણી સ્ત્રી કહે કટુ વચન, ખાવા ના મળે. ૨૦

ગૃહવાસમાં આવાં ઘણાં દુઃખો ઘણા પરવશ સહે;
તોયે અરે! નર મૂઢ ના ગૃહવાસ તજવાને ચહે.
દુર્બુદ્ધિ એમ વિચારતાઃ 'ધન આજકાલ મળી જશે.'
પ્રત્યક્ષ અંજલિજલ સમું વહીં જાય જીવન, શું થશે?— ૨૧

એનો વિચાર કરે ન કોઈ; સુજ્ઞ વિરલા ચેતશે,
આદર સહિત સંયમ લઈ, સમ્યક્ પ્રકારે જીવશે—
તેને હથેળીમાં હજી છે મોક્ષ, સુખ સ્વર્ગાદિકે.''
સુણી શાલિભદ્ર વિચારતા: ''ચહું ઉર સંયમ આદિ એ. ૨૨

માતા કને જઈ, અનુમતિ લઈ, લઈશ દીક્ષા ભગવતી.''
એવા વિચારે નિજ ગૃહે જઈ માતને કરી વિનતિ :
''માતા મને દ્યો અનુમતિ હું લઈશ દીક્ષા ભગવતી,
ઇચ્છું અનુત્તર મોક્ષપદ તે કારણે બનું સંયતિ.'' ૨૩

માતા કહે : ''હે પુત્ર! પુષ્પ સમાન તન તુજ શું સહે?
કષ્ટો ઘણાં સંયમ તણાં, જાણ્યા વિના મુખથી કહે.''
ત્યાં શાલિભદ્ર કહેઃ ''અરે! કાયર જીવો સુખ-લોલુપી
સહી ના શકે એ ઇષ્ટ કષ્ટો જો ઉરે આશા છૂપી. ૨૪

શિશુ ચૂસતાં સ્તન જાણી અંગૂઠો છતાં દૂધ ના ઝરે,
ભવવાસી જીવો સુખ કાજે તેમ તનસેવા કરે;
ભ્રાંતિ વડે સંસારી જન સુખ શોધતાં દુઃખ પામતા
દેખી દયા આણી મુનિવર મોક્ષસુખ ઉપદેશતા.'' ૨૫

સમજાવી માતાને પછી નિજ પત્નીને પ્રતિબોધતા,
દરરોજ તજતા એકને સંબોધી; એ ક્રમ સેવતા.
દે દાન અઢળક સર્વ ક્ષેત્રે; વીરતા ખરી આદરી,
સંયમ તણા અભ્યાસની બત્રીસ દિવસ મુદત કરી. ૨૬

★

છે બેન શાલિભદ્રની નાની **સુ**ભદ્રા નામની,
ઇચ્છિત વરે વરી **ધન્ય**ને તે નગરમાં સૌભાગ્યિની.
શ્રેણિક નૃપની **સો**મશ્રી પુત્રી હતી તેની સખી,
તે પણ વરી તે ધન્યવરને પૂર્ણ પુણ્યે નીરખી. ૨૭

જાતે સુભદ્રા સ્નાનકાળે એકદા પતિપીઠ ઘસે,
વાંસા ઉપર અશ્રુ પડ્યાં તેથી પૂછે : ''શું દુખ વસે?''
બોલી સુભદ્રા : ''શાલિભદ્રે કામ માંડ્યું આકરું,
'બત્રીસ દિવસે સર્વ નારી તજું,' કહે, 'વ્રત આદરું.' ''૨૮

''કાયર કરે વિશ્વાસ દિન બત્રીસ તક મૃત્યુ તણો,''
એવાં વચન આ શેઠનાં વૈરાગ્ય સૂચવતાં ઘણો;
ત્યાં તો સુભદ્રા બોલી : ''છે કરવું કઠણ એ આપથી,''
અક્લેશ ચિત્તે ઊઠી ચાલ્યા પૂર્વના સંસ્કારથી. ૨૯

પત્ની બીજી સાતે કહે : ''મૂર્ખી કહે તે ના કરો.''
કરગરી સુભદ્રા બોલી કે ''કરુણા કરી ના પરિહરો.''
માને નહીં ત્યારે કહે : ''સંયમ અમે સૌ પાળીશું,
ને આપ સમ ઉત્તમ પુરુષને અનુસરીને ચાલીશું.'' ૩૦

તે સાંભળી 'શાબાશ' કહી લઈ સાથ ચાલી નીકળ્યા,
શ્રી શાલિભદ્ર કને જઈ કહે: ''કેમ નિર્ભય થઈ રહ્યા?
વિશ્વાસ કોને કાળનો? તત્પર થઈ જાઓ હવે!
બત્રીસ દિનની ઢીલ ના વૈરાગીને કદી પાલવે. ૩૧

**વૈ**ભારગિરિ પર તીર્થપતિ આવી રહ્યા સદ્‌ભાગ્યથી,
દીક્ષા હવે લઈશું ચલો **વી**રહાથ સૌ સદ્‌ભાવથી.''
કહી તુર્ત ચાલ્યા, નીરખીને તે શાલિભદ્ર ત્વરા કરે;
વૈરાગ્યવંતની સંગતિ ઉત્સાહ અતિશય ઉર ભરે. ૩૨

☆
☆☆

# ૫૮
# માથે ન જોઈએ
## ભાગ-૨

(હરિગીત)

★

દેખો શ્રી શાલિભદ્ર ને ધનશેઠની કૃતાર્થતા,
આત્મારૂપે જેનું બન્યું મન ઘર તજી ચાલી જતા—
જાણે ન કદીયે કાંઈ પોતાનું કર્યું આ ભવ વિષે;
નિઃસ્પૃહ તેવા ત્યાગ લેતા શાંત શ્રીમંતો દીસે. ૧

સત્પુરુષના વૈરાગ્યનાં દૃષ્ટાન્ત દેખે સાંભળે,
તોયે કરે જીવ કાળનો વિશ્વાસ રે! શાના બળે?
વિચાર કરવા યોગ્ય છે આ ઉર-ગુફામાં ઊતરી,
તીર્થંકરો જેવા તજી ઘર, વ્રત લઈ જાતા તરી. ૨

શ્રેણિક સુણી એ વાત ઉત્સવ આદરે દીક્ષા તણો,
માને મહોત્સવ ધર્મનો અવસર ચહે એ આપણો.
ન્હવરાવી બન્ને ધર્મમૂર્તિ, અવનવાં ભૂષણ ધરે,
જેને સહસ્ર જનો વહે સુખપાલ તે આણી ઘરે— ૩

બેસારી બન્ને વીરને ધરી છત્ર, ચામર વીંઝતા,
વાજાં વિવિધ વાગે ઘણાં, પુર-સજ્જનો સાથે જતા.
વૈભારગિરિ પર પાલખીથી ઊતરી ઈશાનમાં
જઈ, મંડનાદિક માતને દઈ લોચ કરતા તાનમાં. ૪

માતા પ્રભુને વંદી વદતી, ''પુત્રભિક્ષા આ દઉં,
ત્રિભુવનપતિ! આ શિષ્ય વ્હોરો ધન્ય હું તેથી થઉં''
બન્નેય તે શ્રી વીર આગળ પંચ મહાવ્રત ઉચ્ચરે;
છઠનું સદા કરી પારણું વળી છઠ તણું વ્રત તે ધરે. ૫

ઓછો ન તપ તેથી કરે પણ તપ તણી વૃદ્ધિ વરે,
સ્ત્રીવૃન્દ પણ યમપંચ ધરી તપ જપ યથોચિત આદરે;
શ્રેણિક અને ભદ્રાદિ જન વંદન કરી નગરે ગયા,
શ્રી વીર પણ પરિવાર સહ ત્યાંથી વિદેશે વિચર્યા. ૬

ફરી રાજગૃહીમાં વીર પધાર્યા નગરજન-પુણ્યોવશે,
મુનિ શાલિભદ્ર પૂછે પ્રભુને, 'પારણું મુજ ક્યાં થશે?'
'તુજ જનની હાથે પારણું પામીશ' એ વચનો સુણી,
શ્રી ધન્યમુનિ સહ જાય શાલિભદ્ર ભદ્રા-ઘર ભણી. ૭

બન્ને ગયા ભદ્રાગૃહે પણ માત શકી ના ઓળખી,
પાછા ફર્યા ઘરથી તપસ્વી, નગર-દરવાજા લગી
જાતાં, મળી ડોસી, લઈ દહીં આવતી, વ્હોરાવતાં
સ્તનથી છૂટી દૂધધાર શાલિભદ્રને નિહાળતાં. ૮

ભિક્ષા લઈ પ્રભુ પાસ જઈ, દેખાડીને પછી પૂછતા:
''માતા-કરે મુજ પારણું, આપે કહેલું તે છતાં
માતા ન મારી કાંઈ બોલી, મગ્ન નિજ વિચારમાં;
મહિયારીએ મુજને દીધી ભિક્ષા દહીંની પાત્રમાં.'' ૯

''સુણ, શાલિભદ્ર, ખરું કહ્યું મેં,'' એમ વીર વાણી વદે,
''મહિયારી **શા**લિગ્રામની પૂર્વે ઘણી જ ગરીબ તે;
**સં**ગમ ધરેલું નામ તેના પુત્રનું, પશુ ચારતો;
ઉત્સવ અમાવાસ્યા તણો ક્ષીરપાકનો ત્યાં આવતો. ૧૦

'પ્રત્યેક ઘર ખીર થાય આજે, ખીર વણ ખાવું બળ્યું,'
રઢ બાળ એવી લઈ રડે, પાડોશણોએ સાંભળ્યું–
કે એક દૂધ આપે, બીજી ચોખા, ત્રીજી ઘી-શર્કરા;
કરી ખીર, માએ પીરસી ગરમાગરમ; કરીને ત્વરા, ૧૧

માતા ગઈ પાડોશમાં, ત્યાં કામસર ખોટી થઈ;
ખીર માસ-ઉપવાસી મુનિને બાળ દે રાજી થઈ.
મા આવી મનમાં ચિંતવે કે પુત્ર હજી ભૂખ્યો દીસે,
માટે ફરી બધી ખીર પીરસી, 'ખાઈ જા' બોલી રીસે. ૧૨

આકંઠ ખાધી બાળકે, રાત્રે અજીર્ણ થતાં મૂઓ,
ગોભદ્રને ત્યાં પુત્ર શાલિભદ્ર નામે તે હુઓ.
હે શાલિ-સંયત! માત તારી જ પૂર્વભવની, ડોસી એ,''
એ સાંભળી કરી પારણું બન્ને થયા ઉદાસી તે. ૧૩

આજ્ઞા લઈ અંતિમ અનશન વ્રત ધરી એકાન્તમાં,
ધ્યાને ઊભા વૈભારગિરિના શુદ્ધ નિર્જન સ્થાનમાં.
ભદ્રા પ્રભુ પાસે જતાં, વંદન કરી પૂછે : ''કહો,
શેં શાલિભદ્ર ન આવિયા મુજ ઘેર ભિક્ષાર્થે અહો!'' ૧૪

અનશન સુધી પ્રભુએ કહી તે વાત સુણી ગિરિ પર ગઈ,
દર્શન કરી નિજ ભૂલની માગે ક્ષમા ગળગળી થઈ;
શ્રેણિક પણ આવી ચઢ્યા વંદન કરીને વીનવે :
''માતા સમાન ન તીર્થ બીજું; મુનિ, જુઓ માતા રૂવે.'' ૧૫

પાષાણ સમ કરી કઠણ મન મુનિ બેય લીન સ્વરૂપમાં,
બોલે ન ચાલે કે જુએ નિર્મળ રહે નિજ રૂપમાં.
રાજા કહે : ''મુનિરત્ન આવું ધન્ય તમ કૂખે ધર્યું!
ભદ્રા, તમે શાંતિ ધરો; જીવન સફળ પુત્રે કર્યું.'' ૧૬

રાજા ગયા નિજ પુરમાં, માતા થઈ સાધ્વી સતી,
બન્ને મુનિ અંતે વર્યા સર્વાર્થસિદ્ધે સુરગતિ.
મુનિ બે ય મુક્તિ પામવાના ત્યાંથી ચવી માનવ થઈ,
માતા ય મુક્તિ પામશે સ્વર્ગે જઈ, નરભવ લઈ. ૧૭

શ્રેણિક તો પ્રારબ્ધ ગતિ નિજ નરકની પૂરી કરી,
પદ તીર્થપતિનું પામી ભરતે, મોક્ષપદ લેશે વરી.
સૌ મોક્ષગામી સજ્જનોની આ કથા વૈરાગ્યની,
પરમાર્થ-પંથે પ્રેમ જગવે, સૂચના સદ્ભાગ્યની.*૧૮

☆
☆☆

---

* Revised મહા સુદ ૧૧, બુધ, સં. ૧૯૯૮ થી ચૈત્ર સુદ ૫ સુધી.
તા. ૨૮-૧-'૪૨ થી તા. ૨૨-૩-'૪૨ સુધી રાજકોટ, ઈડર, માંડવગઢ આદિ યાત્રા.

# ૫૯

# (ચાર) ઉદયાદિ ભંગ

## ૧. બંધ×

(દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો, હો લાલ, સમાધિરસે ભર્યો-એ રાગ)

★

### પ્રાસ્તાવિક

વંદું શ્રી **રાજચંદ્ર** અગાધ ગુણે ભર્યા, હો લાલ અગાધ ગુણે ભર્યા;
બંધ, ઉદય, સત્તાદિ યથાર્થ લહી તર્યા, હો લાલ યથાર્થ લહી તર્યા. ૧

બંધાદિ-આધાર જીવોના ભાવ જે, હો લાલ જીવોના૦
ભિન્ન ગણાય અનંત, ચૌદ સંક્ષેપ* તે. હો લાલ ચૌદ૦ ૨

ગુણ-સ્થાનો ભણાય; જણાવું નામથી હો લાલ જણાવું૦
(૧) મિથ્યાત્વ, (૨) સાસ્વાદન, (૩) મિશ્ર, (૪) સુ-અવિરતિ, હો લાલ મિશ્ર૦ ૩

(૫) દેશવ્રતી, (૬) પ્રમત્ત, (૭) અપ્રમત્ત સાતમું, હો લાલ અપ્રમત્ત૦
(૮) નિવૃત્તિ, (૯) અનિવૃત્તિ, (૧૦) સૂક્ષ્મ, (૧૧) ઉપશમ અગ્યારમું, હો લાલ ઉપ૦ ૪

(૧૨) ક્ષીણમોહી, (૧૩) સયોગ, (૧૪) અયોગ યથાર્થ તે—હો લાલ અયોગ૦
સમ્યગ્દર્શન-યોગ આદિ ચાર વર્ણવે, હો લાલ આદિ૦ ૫

બાકીનાં દશમાં ય, સ્વરૂપે સ્થિરતા, હો લાલ સ્વરૂપે૦
સંક્ષેપે જીવભાવ જણાવે વીરતા. હો લાલ જણાવે૦ ૬

× જુઓ પૂર્તિઓમાં 'બંધયંત્ર'. * સંક્ષેપ=ગુણસ્થાન.

અનાદિ જીવ ને કર્મ-સંબંધ, પ્રભુ કહે હો લાલ સં૦
સુવર્ણ-પથ્થર જેમ, શુદ્ધતા જીવ લહે. હો લાલ શુ૦ ૭

અહંપણું પ્રત્યક્ષ ન જીવ વિણ સંભવે, હો લાલ ન૦
વિચિત્રતા, વિણ કર્મ કોઈ નહિ દાખવે. હો લાલ કોઈ૦ ૮

**૧ બંધ** (સામાન્ય)

ગ્રહે જીવ નવીન કર્મ : બંધ-સ્વરૂપ તે, હો લાલ બંધ૦
અસંખ્ય લોક-પ્રમાણ પ્રકૃતિ બંધ છે, હો લાલ પ્રકૃતિ૦ ૯

તોપણ મુખ્યે આઠ; તેના ય ભેદ બે— હો લાલ તેના૦
ઘાતી, અઘાતીરૂપ; વિભાવ નિમિત્ત એ. હો લાલ વિભાવ૦ ૧૦

જીવનું લક્ષણ જ્ઞાન, તેને જ આવરે— હો લાલ તેને૦
**જ્ઞા**નાવરણીય જાણ ઘટ જેમ દીપ પરે. હો લાલ ઘટ૦ ૧૧

તેના ભેદો [૧]પાંચ મુખ્ય તો જાણવા, હો લાલ મુખ્ય૦
**દ**ર્શનાવરણીય કર્મ દેતું નહિ દેખવા, હો લાલ દેતું૦ ૧૨

*દ્વારસ્થ રોકે જેમ ન નૃપને દેખીએ, હો લાલ ન૦
તેના વળી [૨]નવ ભેદ નિદ્રાદિ લેખીએ. હો લાલ નિદ્રા૦ ૧૩

સુખ-દુઃખનો દે સાજ, કહી **વે**દનીય તે, હો લાલ કહી૦
મધ-ખરડી તરવાર જીભે સુખદુઃખ દે, હો લાલ જીભે૦ ૧૪

---

* દ્વારપાળ.

**બંધયોગ્ય ૧૨૦ પ્રકૃતિ :—**

૧. જ્ઞાનાવરણની પાંચ પ્રકૃતિ : મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિ-જ્ઞાનાવરણ, મનઃપર્યાયજ્ઞાનાવરણ અને કેવળજ્ઞાનાવરણ.

૨. દર્શનાવરણની નિદ્રાદિ ૯ પ્રકૃતિઓ : ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિ દર્શનાવરણ, કેવળ દર્શનાવરણ; નિદ્રા, નિદ્રા-નિદ્રા, પ્રચલા, પ્રચલા-પ્રચલા, અને સ્ત્યાનર્દ્ધિ (સ્ત્યાનગૃદ્ધિ).

[3]બે ભેદે તે જાણ; **મો**હનીય કર્મ તો હો લાલ મોહ૦
કરે અસાવધ દારૂ સમાન વિચારજો, હો લાલ સમાન૦ ૧૫

[4]છવ્વીસ ભેદે બંધ થતો મોહનીયનો; હો લાલ થતો૦
રોકે બેડી સમાન [5]**આયુષ્ય**-કર્મ તો. હો લાલ આયુ૦ ૧૬

શરીરાદિ આકાર ચિતારા સમ કરે હો લાલ ચિતારા૦
**નામ**-કર્મનો બંધ [6]સડસઠ રૂપ ધરે. હો લાલ સડસઠ૦ ૧૭

---

૩. વેદનીય કર્મની બે પ્રકૃતિ : શાતા વેદનીય, અશાતા વેદનીય.

૪. મોહનીય કર્મની ૨૬ પ્રકૃતિ બંધયોગ્ય છે : મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ; અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ; પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ; સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ; સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ; હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા.

૫ આયુષ્યકર્મની ચાર પ્રકૃતિઓ : નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ-આયુ.

૬. નામકર્મની ૬૭ પ્રકૃતિઓ :–

**अ** ૩૯ પિંડ પ્રકૃતિ ૧૨ ભેદે નીચે પ્રમાણેઃ-

(૧) ગતિ નામ કર્મ : નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ.
(૨) જાતિ નામ કર્મ : એક-બે-ત્રણ-ચાર-પાંચ-ઇન્દ્રિય.
(૩) શરીર નામ કર્મ : ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ.
(૪) અંગોપાંગ નામ કર્મ : ઔદારિક, વૈક્રિય, આહારક.
(૫) સંહનન નામ કર્મ : વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા, સેવાર્ત (અસંપ્રાપ્તાસૃપાટિક)
(૬) સંસ્થાન નામ કર્મ : સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ (સ્વાતિ), વામન, કુબ્જ, હુંડક.
(૭) વર્ણ નામ કર્મ.
(૮) ગંધ નામ કર્મ.
(૯) રસ નામ કર્મ.
(૧૦) સ્પર્શ નામ કર્મ.
(૧૧) આનુપૂર્વી નામ કર્મ : નરક, તિર્યક્, મનુષ્ય, દેવ.
(૧૨)વિહાયોગતિ નામ કર્મ : શુભ, અશુભ.

ઉચ્ચ, નીચ [૭]બે **ગોત્ર**, પાત્ર કુંભારનાં હો લાલ પાત્ર૦
નાનાં મોટાં જેમ, કુળો સંસ્કારનાં. હો લાલ કુળો૦ ૧૮

**અં**તરાય જે કર્મ ભંડારી સમ કહ્યું, હો લાલ ભંડા૦
ખાળે દાનાદિક, તે [૮]પાંચ ભેદે લહ્યું. હો લાલ તે પાંચ૦ ૧૯

બધી [૯]એક-સો-વીસ પ્રકૃતિ બંધની હો લાલ પ્રકૃતિ૦
એ સામાન્ય ગણાય, નહીં એક જીવની. હો લાલ નહીં૦ ૨૦

---

નોંધ :— બંધન અને સંઘાતન નામ કર્મોનો સમાવેશ શરીર નામ કર્મમાં જ કરાય છે. (પિંડ=સમૂહ) (પ્રત્યેક=છૂટા).

**ब** ૮ પ્રત્યેક નામ કર્મની પ્રકૃતિઓ :—

પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, નિર્માણ તથા તીર્થંકર નામ કર્મ.

**क** ૧૦ ત્રસદશક નામ કર્મ :—

(૧) ત્રસ (૨) બાદર, (૩) પર્યાપ્ત, (૪) પ્રત્યેક નામ કર્મ (સાધારણ નહીં). (૫) સ્થિર, (૬) શુભ, (૭) સુભગ, (૮) સુસ્વર, (૯) આદેય, (૧૦) યશઃકીર્તિ.

**ड** ૧૦ સ્થાવરદશક નામ કર્મ :—

(૧) સ્થાવર, (૨) સૂક્ષ્મ, (૩) અપર્યાપ્ત, (૪) સાધારણ, (૫) અસ્થિર, (૬) અશુભ, (૭) દુર્ભગ, (૮) દુઃસ્વર, (૯) અનાદેય, (૧૦) અ-યશઃકીર્તિ.

આમ ૩૯ પિંડપ્રકૃતિ, ૮ પ્રત્યેક પ્રકૃતિ, ૧૦ ત્રસદશક, ૧૦ સ્થાવરદશક એ બધી મળી ૬૭ ભેદે નામ કર્મની પ્રકૃતિઓ બંધાય છે.

૭. ગોત્રકર્મની બે પ્રકૃતિ : ઉચ્ચ ગોત્ર, નીચ ગોત્ર.

૮. અંતરાયકર્મની પાંચ પ્રકૃતિઓ :—

૧. દાનાંતરાય, ૨. લાભાંતરાય, ૩. ભોગાંતરાય, ૪. ઉપભોગાંતરાય, ૫. વીર્યાંતરાય.

૯. ૧૨૦ બંધયોગ્ય પ્રકૃતિ :— ૫ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય, ૨ વેદનીય, ૨૬ મોહનીય, ૪ આયુષ્ય, ૬૭ નામ કર્મ, ૨ ગોત્ર, ૫ અંતરાય.

## વિશેષ ગુણસ્થાન ક્રમે બંધના પ્રકાર

મિથ્યાત્વ-ગુણસ્થાની બાંધે ના ત્રણને– હો લાલ બાંધે૦
તીર્થંકર-પ્રકૃતિ, [1]આહારક-દ્વિકને હો લાલ આહારક૦ ૨૧

સાસ્વાદની ન બાંધે, બીજી સોળ પ્રકૃતિ– હો લાલ બીજી૦
[2]નરક-ત્રિક, જાતિ [3]ચાર, મિથ્યાત્વ-મોહની, હો લાલ મિથ્યા૦ ૨૨

આતપ, હુંડક, વેદ-નપુંસક, છેવટું[4] હો લાલ નપુંસક૦
[5]સ્થાવર આદિ ચાર, મિથ્યાત્વ-બળ ઘટ્યું, હો લાલ મિથ્યા૦ ૨૩

મિશ્રે સત્તાવીસ બીજી બંધાય ના– હો લાલ બીજી૦
[6]તિર્યંચ-ત્રિક, અશુભ [7]ખગતિ, [8]દુર્ભગ-ત્રિકા હો લાલ ખગ૦ ૨૪

પ્રથમ [9]કષાય-ચતુષ્ક, [10]સ્ત્યાનગૃદ્ધિ-ત્રણે, હો લાલ સ્ત્યાન૦
મધ્ય [11]સંહનન ચાર, સ્ત્રીવેદ, [12]કુગોત્ર ને હો લાલ સ્ત્રી૦ ૨૫

મધ્ય [13]સંસ્થાન ચાર, ઉદ્યોત, આયુ બે; હો લાલ ઉદ્યોત૦
બાંધે ચૂંવોતેર ત્રીજે ગુણસ્થાનકે હો લાલ ત્રીજે૦ ૨૬

અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ત્રણ બાંધતા બીજી હો લાલ ત્રણ૦
[14]જિન-બીજ, સુર-નર આયુ, સિત્તોતેર ત્યાં થતી હો લાલ સિ૦ ૨૭

દશ દેશ-વિરતિ માંહીં બંધાય નહીં કહી હો લાલ. બં૦
[15]અપ્રત્યાખ્યાની ચાર, [16]મનુષ્ય-ત્રિક વળી હો લાલ મનુ૦ ૨૮

---

૧ આહારક શરીર અને આહારક અંગોપાંગ. ૨ નરકગતિ, નરકાનુપૂર્વી, નરક આયુષ્ય. ૩ એકેન્દ્રિય, બે-ત્રણ-ચાર-ઇન્દ્રિય-જાતિ. ૪ સેવાર્ત (અસંપ્રાપ્ત અસૃપાટિકા સંહનન), છેલ્લું. ૫ સ્થાવર-સૂક્ષ્મ-અપર્યાપ્ત-સાધારણ નામ કર્મ. ૬ તિર્યંચ ગતિ, તિર્યંચાનુપૂર્વી, તિર્યંચ આયુ. ૭ વિહાયોગતિ. ૮ દુર્ભગ-દુઃસ્વર-અનાદેય નામ કર્મ. ૯ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ ૧૦ નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ. ૧૧ ઋષભનારાચ-નારાચ-અર્ધનારાચ-કીલિકા સંહનન. ૧૨ નીચ ગોત્ર. ૧૩ ન્યગ્રોધપરિમંડલ-સાદિ (સ્વાતિ)-વામન-કુબ્જ-સંસ્થાન, ૧૪ તીર્થંકર નામ કર્મ. ૧૫ અપ્રત્યાખ્યાની ક્રોધાદિ. ૧૬ મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, મનુષ્ય આયુ.

[૧૭]આદિ સંહનન સાથ [૧૮]ઔદારિક-દ્વિક એ; હો લાલ ઔ૦
[૧૯]પ્રત્યાખ્યાની ચાર છઠ્ઠે ન બંધાય છે, હો લાલ છઠ્ઠે૦ ૨૯

તેથી ત્રેસઠ બંધ-પ્રકૃતિ પ્રમત્તને હો લાલ પ્રકૃતિ૦
[૨૦]આહારક-દ્વિક બંધાય નવી બે સાતમે, હો લાલ નવી૦ ૩૦

અપ્રમત્તને ન શોક, અરતિ અપયશ તથા હો લાલ અરતિ૦
અસાત, [૨૧]અસ્થિર-દ્વિક; સુર-આયુબંધ વા હો લાલ સુર૦ ૩૧

તેથી ઓગણસાઠ, અઠ્ઠાવન જાણવા; હો લાલ અઠ્ઠા૦
[૨૨]નિવૃત્તિ માંહીં સાત વિભાગો જાણવા હો લાલ વિભાગો૦ ૩૨

અઠ્ઠાવન ગણ બંધ, આદિ વિભાગમાં હો લાલ આદિ૦
છપ્પન પ્રકૃતિ-બંધ પછી પાંચ ભાગમાં– હો લાલ પછી૦ ૩૩

નિદ્રા, પ્રચલા જાય બીજા વિભાગથી, હો લાલ બીજા૦
છવ્વીસ જ બંધાય, જતાં ત્રીસ નામની– હો લાલ જતાં૦ ૩૪

સાતમો તે વિભાગ અપૂર્વકરણ તણો હો લાલ અપૂર્વ૦
[૨૩]સુર-દ્વિક, પંચેન્દ્રિય, સમચતુરસ્ર જો હો લાલ સમ૦ ૩૫

ઔદારિક વણ [૨૪]ચાર અંગ, [૨૫]ઉપાંગ બે હો લાલ અંગ૦
[૨૬]અગુરુલઘુ-ચતુષ્ક, નિર્માણ, [૨૭]ત્રસ નવે હો લાલ નિર્માણ૦ ૩૬

જિન-બીજ, [૨૮]વર્ણ-ચતુષ્ક, [૨૯]સુ-ખગતિત્રીસ એ હો લાલ સુ૦
અનિવૃત્તિમાં પાંચ વિભાગ વિચારીએ– હો લાલ વિભાગ૦ ૩૭

---

૧૭ વજ્રૠષભનારાચ સંહનન. ૧૮ ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ. ૧૯ ક્રોધાદિ ચાર કષાય ૨૦ આહારક શરીર, આહારક અંગોપાંગ. ૨૧ અસ્થિર, અશુભ. ૨૨ આઠમું ગુણસ્થાન, અપૂર્વકરણ વા નિવૃત્ત. ૨૩ દેવગતિ, દેવાનુપૂર્વી. ૨૪ વૈક્રિય-આહારક-તૈજસ-કાર્માણ-શરીર નામ કર્મ. ૨૫ વૈક્રિય-આહારક અંગોપાંગ. ૨૬ અગુરુલઘુ-ઉપઘાત-પરઘાત-ઉચ્છ્વાસ નામ કર્મ. ૨૭ ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર અને આદેય. ૨૮ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નામ કર્મ. ૨૯ શુભ વિહાયોગતિ.

જાુગુપ્સા, ભય, હાસ્ય, રતિ ચારના વિના હો લાલ રતિ૦
બાવીસ જ બંધાય આદિ વિભાગમાં. હો લાલ આદિ૦ ૩૮

એકેકી ઘટતી જાય પછી ચાર ભાગમેં હો લાલ પછી૦
[30]નરવેદ, [31]રોષ, માન, માયા અનુક્રમે હો લાલ માયા૦ ૩૯

[32]એકવીસથી અઢાર સુધી બંધ ચારમાં, હો લાલ સુધી૦
જાય સંજ્વલન લોભ સૂક્ષ્મ-સંપરાયમાં હો લાલ સૂક્ષ્મ૦ ૪૦

સત્તરનો ગણ બંધ તેથી દશમે ગુણે; હો લાલ તેથી૦
સોળ બીજી ન બંધાય [33]ઉપશમ-સ્થાનકે—હો લાલ ઉપ૦ ૪૧

[34]દર્શનાવરણી ચાર [35]જ્ઞાનાવરણી બધી, હો લાલ જ્ઞાના૦
[36]અંતરાયની પાંચ, યશ, ઉચ્ચ ગોત્રની. હો લાલ યશ૦ ૪૨

એક સાતનો બંધ [37]સયોગી સુધી છે, હો લાલ સયોગી૦
ચૌદમે જીવ અબંધ : સર્વજ્ઞ-વાણી એ. હો લાલ સર્વજ્ઞ૦ ૪૩

પ્રકૃતિ-બંધની જેમ [38]પ્રદેશાદિક છે, હો લાલ પ્રદેશા૦
એક સમય-પ્રબદ્ધ [39]અનંત અણુ ધરે હો લાલ અનંત૦ ૪૪

જેમ [40]કવલ-આહાર ક્રમે કરી જીવ લે હો લાલ ક્રમે૦
પ્રતિસમય તેમ બંધ સમય-પ્રબદ્ધ છે; હો લાલ સમય૦ ૪૫

---

૩૦. પુરુષવેદ. ૩૧ ક્રોધ ૩૨ બીજા વિભાગમાં એકવીસ, ત્રીજામાં વીસ, ચોથામાં ઓગણીસ, પાંચમામાં અઢાર પ્રકૃતિઓ બંધાય છે. ૩૩ ઉપશાંત મોહ ૧૧મે ગુણસ્થાનકે ૩૪ ચક્ષુ-અચક્ષુ-અવધિ-કેવળ-દર્શનાવરણ. ૩૫ મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાય-કેવળજ્ઞાનાવરણ પાંચ પ્રકૃતિઓ. ૩૬ દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય-અંતરાયકર્મની પાંચ. ૩૭ તેરમા ગુણસ્થાનક સુધી ૩૮ પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિ-અનુભાગ બંધ ચાર છે. ૩૯ પુદ્‌ગલ પરમાણુઓ. ૪૦ કોળીએ કોળીએ આહાર લેવાય છે તેમ.

કવલ વિષે રસ હોય જાુદી જાુદી જાતના હો લાલ જાુદી૦
કર્મ-અણુના તેમ [૪૧]અનુભાગો ઘણા હો લાલ અનુભાગો૦ ૪૬

તીવ્ર મંદાદિ ભેદ ઉદય-કાળે દીસે હો લાલ ઉદય૦
સ્થિતિ બંધનો કાળ [૪૨]જઘન્યાદિક છે હો લાલ જઘન્યા૦ ૪૭

[૪૩]યોગે પ્રકૃતિ, પ્રદેશ; સ્થિતિ, રસ કષાયથી, હો લાલ સ્થિતિ૦
[૪૪]કવલથી તનુ સમ, કર્મ સમય-પ્રબદ્ધથી. હો લાલ સમય૦ ૪૮

☆
☆☆

---

૪૧ સુખદુઃખ આદિરૂપ તીવ્ર મંદ રસ ૪૨ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટરૂપ. ૪૩ યોગથી પ્રકૃતિ અને પ્રદેશરૂપ બંધ થાય છે, અને કષાયથી સ્થિતિ તથા અનુભાગ બંધ થાય છે. ૪૪. કોળિયાથી લીધેલા આહારમાંથી જેમ હાડ, માંસ, ચામડી, લોહી આદિ અંગોપાંગ થાય છે, તેમ એક સમય-પ્રબદ્ધમાં આવેલાં પરમાણુ-પુદ્ગલો આઠે કર્મમાં વહેંચાઈ જઈ ઉત્તર પ્રકૃતિરૂપે પરિણમે છે.

# ૬૦

# (ચાર) ઉદયાદિ ભંગ

## ૨ ઉદય, ૩ ઉદીરણા, ૪ સત્તા

(દીઠો સુવિધિ જિણંદ સમાધિ-રસે ભર્યો હો લાલ, સમાધિ-રસે ભર્યો—એ રાગ)

★

### ૨ ઉદય*

જીવ-પ્રદેશે બંધ, ક્ષીર-નીર સમ મળે, હો લાલ ક્ષીર૦
રસ દેવાને યોગ્ય થતા સુધી ના ચળે—હો લાલ થતા૦ ૧

તે આબાધા કાળ; પછી ઉદય કાળ આ હો લાલ પછી૦
શુભ-અશુભરૂપ કર્મ-વિપાકની વેદના. હો લાલ વિપા૦ ૨

વિપાક-કાળની [1]મોર કર્મ-ફળ વેદવું હો લાલ કર્મ૦
ઉદીરણા કહેવાય: એટલું સમજવું. હો લાલ એટલું૦ ૩

ઉદય-ઉદીરણા-યોગ્ય પ્રકૃતિ સામાન્ય તો હો લાલ પ્રકૃતિ૦
ગણ સો ને બાવીસ: કહે ક્રમ ઉદયનો—હો લાલ કહે૦ ૪

ઉદય મિથ્યાત્વમાંહીં સો ને સત્તરનો—હો લાલ સો૦
મિશ્ર-સમકિત-મોહ, ×આહારક-દ્વિકનો, હો લાલ આહા૦ ૫

જિન-બીજનો નહિ હોય ઉદય મિથ્યાત્વમાં, હો લાલ ઉદય૦
એક સો ને અગિયાર, બીજા ગુણસ્થાનમાં—હો લાલ બીજા૦ ૬

[2]સૂક્ષ્મત્રિક, મિથ્યાત્વ, આતપ, [3]નારક-દૂતી હો લાલ આતપ૦
બીજામાં એ ન હોય, ઉદયથી એ છૂટી. હો લાલ ઉદય૦ ૭

---

* જુઓ પૂર્તિઓમાં 'ઉદય-યંત્ર'.

× આહારક શરીર અને આહારક અંગોપાંગ.

૧. પહેલાં, સામાન્ય પ્રકારે કર્મનો ઉદય થવાનો હોય તે પહેલાં. ૨ સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ. ૩ નરકાનુપૂર્વી.

સ્થાવર, એકેન્દ્રિય, [૪]અનંતાનુબંધીની, હો લાલ અનં૦
[૫]વિકલેન્દ્રિય, શેષ ત્રણ આનુપૂર્વીની[૬] હો લાલ ત્રણ૦ ૮

બાર ન મિશ્રે હોય, [૭]મિશ્ર ઉદયે વધી હો લાલ મિશ્ર૦
સોનો ઉદય ગણાય ત્રીજે સર્વે મળી. હો લાલ ત્રીજે૦ ૯

ચોથે સો ને ચાર : મિશ્ર ઉદયે નહીં હો લાલ મિશ્ર૦
સમ્યક્ત્વ-મોહનીય, આનુપૂર્વી બધી હો લાલ આનુ૦ ૧૦

ઉદયે મળી આવી અવિરત સુદૃષ્ટિને. હો લાલ અવિ૦
ઉદયમાં સિત્તાસી પાંચમામાં ગણે— હો લાલ પાંચ૦ ૧૧

[૮]અપ્રત્યાખ્યાનીય, [૯]અષ્ટક વૈક્રિયનું હો લાલ અષ્ટક૦
નૃ-તિર્યક્-આનુપૂર્વી, [૧૦]અનાદેય જોડલું હો લાલ અના૦ ૧૨

દુર્ભગ, સત્તર સર્વ; અહીં ઉદયે નહીં હો લાલ અહીં૦
પ્રમત્તમાં એકાશી ઉદયમાંહીં કહી હો લાલ ઉદય૦ ૧૩

[૧૧]તિરિગઈ-આયુ, કુગોત્ર, પ્રત્યાખ્યાની ગઈ હો લાલ પ્રત્યા૦
ઉદ્યોત તેમ જ જાય; આહારક-દ્વિકની— હો લાલ આહા૦ ૧૪

બે નવી ઉદય થાય, છઠ્ઠે ગુણસ્થાનકે. હો લાલ છઠ્ઠે૦
સ્ત્યાનગૃદ્ધિનું ત્રિક, આહારક-દ્વિક એ :— હો લાલ આહા૦ ૧૫

સાતમે જાતી પાંચ, ઉદય છોંતેરનો હો લાલ ઉદય૦
આઠમે જાતી ચાર, ઉદય બોંતેરનો—હો લાલ ઉદય૦ ૧૬

[૧૨]અંત સંહનન ત્રિક, સમ્યક્ત્વ-મોહની હો લાલ સમ્ય૦
નવમે છાસઠ હોય : [૧૩]હાસ્યાદિ છ જતી હો લાલ હાસ્યા૦ ૧૭

---

૪ અનંતાનુબંધી-ક્રોધ-માન-માયા-લોભ. ૫ બે-ત્રણ-ચાર-ઇન્દ્રિય જાતિ. ૬ તિર્યંચ-મનુષ્ય-દેવ-આનુપૂર્વી. ૭ મિશ્રમોહનીય. ૮ અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ ચાર કષાય. ૯ દેવગતિ-આનુપૂર્વી, નરકગતિ-આનુપૂર્વી, દેવાયુ, નરકાયુ, વૈક્રિયશરીર-અંગોપાંગ. ૧૦ અનાદેય, અયશકીર્તિ. ૧૧ તિર્યંચગતિ-આયુ. ૧૨ અર્ધનારાચ, કીલિકા, સેવાર્ત (છેવટું). ૧૩ હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા.

દશમે ઉદયે સાઠ : ત્રણે વેદની જતી હો લાલ ત્રણે૦
સંજ્વલન વિણ લોભ, [૧૪]ત્રણે દૂરે થતી હો લાલ ત્રણે૦ ૧૮

અગ્યારમે નહિ લોભ, ઓગણસાઠ જ રહી હો લાલ ઓગ૦
બારમામાં બે ભેદ : પ્રથમમાં બે જતી– હો લાલ પ્રથમ૦ ૧૯

[૧૫]ઋષભ-નારાચ-દ્વિક; સત્તાવન ઉદયે હો લાલ સત્તાવન૦
નિદ્રા, પ્રચલા જાય, પંચાવન દ્વિતીયે. હો લાલ પંચા૦ ૨૦

જ્ઞાનાવરણીય પાંચ, બધી અંતરાયની હો લાલ બધી૦
દર્શનાવરણી ચાર : જતી ચૌદ ઘાતીની હો લાલ જતી૦ ૨૧

જિન-નામ-ઉદય હોય બેંતાળીસ તેરમે હો લાલ બેંતા૦
[૧૬]અગુરુ-લઘુ-રૂપ-ચતુષ્ક, [૧૭]પ્રથમ [૧૮]સંહનન એ. હો લાલ પ્ર૦ ૨૨

ખગતિ - ઔદારિક - અસ્થિર - યુગલો[૧૯] હો લાલ અસ્થિ૦
[૨૦]પ્રત્યેક-ત્રિક, નિર્માણ અને સંસ્થાન[૨૧] છો. હો લાલ અને૦ ૨૩

[૨૨]તન તૈજસ, કાર્માણ, સ્વર એક [૨૩]વેદની હો લાલ સ્વર૦
ત્રીસ જતાં જો બાર અયોગી સ્થાનની હો લાલ અયોગી૦ ૨૪

યશ, સુભગ, આદેય, [૨૪]ત્રસ-ત્રિક, જિનની હો લાલ ત્રસ૦
સુગોત્ર, [૨૫]નરગતિ-આયુ, પંચેન્દ્રી, વેદની હો લાલ પંચેન્દ્રી૦ ૨૫

જાતાં અંતિમ બાર ભવસ્થિતિ પણ જતી હો લાલ ભવ૦
આઠે કર્મથી મુક્ત સિદ્ધતા ઊપજતી હો લાલ સિદ્ધતા૦ ૨૬

---

૧૪ સંજ્વલન ક્રોધાદિ ત્રણ. ૧૫ ઋષભનારાચ-નારાચ-સંહનન. ૧૬ અગુરુ-લઘુ-ઉપઘાત-પરઘાત-ઉચ્છ્વાસ નામ કર્મ. ૧૭ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ. ૧૮ વજ્રઋષભનારાચ સંહનન. ૧૯ શુભ-અશુભ વિહાયોગતિ, ઔદારિક શરીર-અંગોપાંગ અને અસ્થિર, અશુભ, ૨૦ પ્રત્યેક, સ્થિર, શુભ. ૨૧ સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સ્વાતિ, વામન, કુબ્જ, હુંડક ૨૨ તૈજસ, કાર્માણ શરીર, ૨૩ સાતા-અસાતામાંથી એક ૨૪ ત્રસ, બાદર, પર્યાપ્ત. ૨૫ મનુષ્ય આયુ-ગતિ.

### ૩ ઉદીરણા*

છઠ્ઠા સુધી સમાન ઉદયવત્ ઉદીરણા, હો લાલ ઉદય૰
સાતમાથી સયોગી સુધી જ ×વિશેષતા હો લાલ સુધી૰ ૨૭

સાતમે ગણ તોંતેર ઉદીરણા યોગ્ય એ, હો લાલ ઉદી૰
આઠમે અગ્નોતેર વળી તેંસઠ નવમે, હો લાલ વળી૰ ૨૮

સત્તાવન દશમે જ, છપ્પન અગ્યારમે, હો લાલ છપ્પન૰
ચોપન, બાવન ભેદ થતા બે બારમે. હો લાલ થતા૰ ૨૯

વળી ઓગણચાળીસ સયોગી તેરમે, હો લાલ સયોગી૰
ઉદીરણાને યોગ્ય નહીં કોઈ ચૌદમે, હો લાલ નહીં૰ ૩૦

### ૪ સત્તા+

બંધાદિથી બની કર્મ વળગી રહે જીવને, હો લાલ વળગી૰
સત્તા કર્મની તે જ; ભેદાનુભેદને—હો લાલ ભેદાનુ૰ ૩૧

ગણતાં [1]અડતાળીસ સોની ઉપર થઈ, હો લાલ સોની૰
બીજે, ત્રીજે સોની ઉપર સુડતાળીની, હો લાલ ઉપર૰ ૩૨

---

* ‘જુઓ પૂર્તિઓમાં ‘ઉદીરણાયંત્ર’.

× સાતા, અસાતા અને મનુષ્યાયુની ઉદીરણા સાતમાથી તેરમા સુધી જ નથી તેથી ઉદય કરતાં ત્રણ ઓછી ગણવી.

+ જુઓ પૂર્તિઓમાં ‘સત્તાયંત્ર’.

૧. પૃષ્ઠ ૩૩૧માં બંધયોગ્ય ૧૨૦ પ્રકૃતિ ગણાવી છે, તેમાં મિશ્ર અને સમકિત મોહનીય નામની બે મિથ્યાત્વની પ્રકૃતિ ઉમેરતાં ઉદયયોગ્ય ૧૨૨ થઈ હતી. તેમાં બંધન અને સંઘાત નામકર્મના પાંચ-પાંચ ભેદ શરીર નામકર્મથી જુદા ગણતાં દશ ઉમેરીએ અને વર્ણાદિ ૪ પ્રકૃતિને બદલે તેના ઉત્તરભેદ ૨૦ કરતાં ૧૬ બીજી ઉમેરીએ તો ૧૪૮ પ્રકૃતિ થાય છે.

સત્તા, વણ-જિનબીજ; [2]અન્યમાં [3]પૂરી છે, હો લાલ અન્ય૰
પહેલેથી ઉપશાંત સુધી સત્તા વિષે, હો લાલ સુધી૰ ૩૩

અનંતાનુબંધી ચાર નરક [4]પશુ-આયુની, હો લાલ નરક૰
છ વિના સોથી અધિક બેંતાળીસ પ્રકૃતિ, હો લાલ બેંતા૰ ૩૪

અપૂર્વથી ઉપશાંત સુધીમાં સંભવે, હો લાલ સુધી૰
ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ક્ષય [5]સાતનો કરે હો લાલ ક્ષય૰ ૩૫

ચોથેથી સો અધિક એકતાળીસ ધરે હો લાલ એકતા૰
[6]ચરમ-શરીરી જો હોય, ન નવીન આયુ ધરે હો લાલ ન૰ ૩૬

ચરમશરીરી સુદૃષ્ટિ ક્ષાયિક ચતુર્થથી હો લાલ ક્ષાયિક૰
[7]ત્રણે આયુરહિત, બીજી સાત ક્ષય કરી હો લાલ બીજી૰ ૩૭

સો ને આડત્રીસ ધરે સત્તા વિષે હો લાલ ધરે૰
પ્રથમ ભાગ પર્યંત [8]નવમા ગુણ-પદે હો લાલ નવમા૰ ૩૮

ક્ષાયિકદૃષ્ટિ ન હોય તે ચરમશરીરીને હો લાલ તે૰
સો ને પિસ્તાળીસ, ચોથેથી સાતમે હો લાલ ચોથે૰ ૩૯

સો ને આડત્રીસ કહી નવમા ગુણે હો લાલ કહી૰
બીજી સોળ ન હોય, બીજા વિભાગમેં :— હો લાલ બીજા૰ ૪૦

સ્થાવર[9]- તિર્યક્ - દ્વિક [10]નરક-આતપ-દ્વિક હો લાલ નરક૰
એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સ્ત્યાનગૃદ્ધિ-ત્રિક હો લાલ સ્ત્યાન૰ ૪૧

---

૨ તીર્થંકર નામકર્મ જેણે બાંધ્યું છે તે બીજે, ત્રીજે ગુણસ્થાનકે જાય નહીં, એ બે સિવાય બાકીનાં ગુણસ્થાનો અગિયારમા સુધી. ૩ પૂરી=૧૪૮ પ્રકૃતિ સંભવે છે તે સંભવસત્તા કહેવાય છે. ૪ તિર્યંચ. ૫ મિથ્યાત્વ-મિશ્ર-સમકિતમોહિની, અનંતાનુબંધી ક્રોધાદિ ચતુષ્ક. ૬ તે જ ભવે મોક્ષ જનાર ૭. મનુષ્ય સિવાયનાં ત્રણ. ૮ ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાને. ૯ સ્થાવર, સૂક્ષ્મ, તિર્યંચગતિ-આનુપૂર્વી. ૧૦ નરકગતિ-આનુપૂર્વી, આતપ-ઉદ્યોત.

સાધારણ એ સોળ; બાવીંસ ને સો રહી હો લાલ બાવીં૦
એક સો ઉપર ચૌદ ત્રીજા ભાગની લહી હો લાલ ત્રીજા૦ ૪૨

નિર્મૂળ આઠ કષાય;[૧૧] પછી નપુંસક ગયે હો લાલ પછી૦
ચોથે સો ને તેર સત્તામાંહિ રહે હો લાલ સત્તા૦ ૪૩

સ્ત્રીવેદ જાતાં એક સો બાર પાંચમે હો લાલ સો૦
હાસ્ય-ષટ્ક ક્ષય થાય એક સો છ છઠ્ઠે હો લાલ એક૦ ૪૪

સાતમે ન નરવેદ એક સો પાંચ છે હો લાલ એક૦
આઠમે નથી ક્રોધ એક સો ચાર એ હો લાલ એક૦ ૪૫

નવમે ન રહે માન એક સો ત્રણ રહી હો લાલ એક૦
ક્ષપકશ્રેણીની રીત નવમાનીં નવ કહી હો લાલ નવમા૦ ૪૬

દશમે સો ને બે જ માયા ચોથી વિના હો લાલ માયા૦
બારમે સો ને એક છેલ્લા લોભ વિના હો લાલ છેલ્લા૦ ૪૭

નિદ્રા, પ્રચલા જાય, નવ્વાણું અંતમે હો લાલ નવ્વા૦
ત્યાં જતી બીજી ચૌદ પંચાસી તેરમે—હો લાલ પંચા૦ ૪૮

જ્ઞાનાવરણીંય પાંચ બધીં અંતરાયની હો લાલ બધીં૦
દર્શનાવરણી ચાર ગઈ ચૌદ ઘાતીની હો લાલ ગઈ૦ ૪૯

અયોગીંના બે ભાગ, પંચાસી એકમાં હો લાલ પંચા૦
[૧૨]ઉપાંત્ય સમયે હોય તેર, બોંતેર જતાં. હો લાલ તેર૦ ૫૦

[૧૩]સુર-ખગતિ-ગંધદ્વિક [૧૪]વર્ણ-રસ-પંચક હો લાલ વર્ણ૦
[૧૫]પંચક-બંધન-સંઘાત, તન સૌ, [૧૬]સ્પર્શાષ્ટક હો લાલ તન૦ ૫૧

---

૧૧. અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની ક્રોધાદિ. ૧૨ અંતસમય પહેલાંનો. ૧૩ દેવગતિ-આનુપૂર્વી, સુગંધ, દુર્ગંધ ૧૪ લાલ, પીળો, વાદળી, કાળો, ધોળો, કડવો, તીખો, તૂરો, ખાટો, ગળ્યો. ૧૫ ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, કાર્માણ શરીરનાં બંધન અને સંઘાત. ૧૬ કર્કશ, મૃદુ, હલકો, ભારે, શીત, ઉષ્ણ, ચીકણું, લૂખું.

નિર્માણ, ગોત્ર નીચ, સુસ્વર [૧૭]ઉપાંગ સૌ હો લાલ સુસ્વર૦
અગુરુલઘુ-ચતુષ્ક, સંસ્થાન સંહનન સૌ હો લાલ સંસ્થા૦ ૫૨

[૧૮]અસ્થિરષટ્ક, અપર્યાપ્ત, પ્રત્યેક-ત્રિક, [૧૯]વેદની હો લાલ પ્ર૦
અંત સમયમાં તેર રહી, તે પણ જતી—હો લાલ રહી૦ ૫૩

મનુષ્ય-ત્રસનાં ત્રિક સુભગ, યશ, વેદની[૧૯] હો લાલ સુભગ૦
સુગોત્ર, જિન, આદેય, પંચેન્દ્રી તેરમી હો લાલ પંચેન્દ્રી૦ ૫૪

મનુષ્ય-આનુપૂર્વી વિના બારે કહે હો લાલ વિના૦
અયોગી અંતે જાય; કોઈ મત એ લહે હો લાલ કોઈ૦ ૫૫

થાય પછી ભગવંત અનંત સમય રહે હો લાલ અનંત૦
પૂર્ણપણે જીવ સિદ્ધ અલૌકિક પદ લહે હો લાલ અલૌ૦ ૫૬

☆
☆☆

૧૭ ઔદારિક-વૈક્રિય-આહારક અંગોપાંગ. ૧૮ અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અયશકીર્તિ. ૧૯ સાતા કે અસાતા.

# ૬૧
# જિનમત-નિરાકરણ

(શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધભંગી મન મોહે રે—એ રાગ)

★

શ્રીમદ્ **રાજચંદ્ર** ગુરુવરને પ્રણમું ઊલટ આણી રે,
જિનમતનો જે મર્મ ધરે ઉર, અમીં સમ જેની વાણી રે. શ્રીમદ્૦

જિજ્ઞાસુ અજ્ઞાની જીવના સંશય સર્વે ટાળે રે,
જ્ઞાની બની ભોળવતા જગને, તેનું પોલ પ્રજાળે રે. શ્રીમદ્૦

★

સત્યમર્તિને પૂછે કોઈ જિજ્ઞાસુ જગવાસી રે,
"જિનમતને જગ કેમ વગોવે, કહીં નાસ્તિક, નિરાશી રે ?"શ્રીમદ્૦

સત્યમર્તિ કહે : "હે જિજ્ઞાસુ, વાત વિચારી જોજે રે,
'નેતિ, નેતિ'—વેદવચનનું રહસ્ય સમજી લેજે રે. શ્રીમદ્૦

માયારૂપ અવાચ્ય કહ્યું છે, બ્રહ્મરૂપ પણ તેવું રે;
જગજન કંઈ કંઈ માની બેઠા; સંત કહે : 'નહીં એવું રે.' શ્રીમદ્૦

મોહ વિષે મીઠાશ જગતને—લાડી, વાડી, ગાડી રે
આ ભવમાં ભોગવવા ઇચ્છે, ઇચ્છે તેહ અગાડી રે. શ્રીમદ્૦

'એ આશા છે ભૂતનો ભડકો, આશ તજો' ઉપદેશે રે
સંત-જનો ઉર આણી કરુણા, સમજુ જન શીખ લેશે રે."શ્રીમદ્૦

★

જિજ્ઞાસુ કહેઃ "સત્ય વચન તમ, પણ જગ કેમ ન જાણે રે ?
હિતકારી પણ કટુ ઔષધને માતા પાય પરાણે રે."શ્રીમદ્૦

સત્યમતિ કહે : ''ધંધા સમ સૌ ધર્મ થયા કળિ-ભાવે રે
'મારું તે સારું' સૌ માને, સમ્યક્ જ્ઞાન અભાવે રે. શ્રીમદ્૰

પોતાનો કોઈ શિષ્ય કરે જો સંત-સમાગમ બીજે રે,
તો કુગુરુને તાવ ચઢે છે; સાચી-ખોટી ચીજે રે—શ્રીમદ્૰

સંત વગોવે, શોધ તજાવે, લોકલાજથી દાબે રે,
બાળબુદ્ધિ જીવોને મોહે કુગુરુ રાખે તાબે રે. શ્રીમદ્૰

મોહી ગુરુ પેઠે નહિ સંતો વાડા રચી વધારે રે,
ઊલટા-આગ્રહ તે તોડાવે, હિત બતાવી સુધારે રે. શ્રીમદ્૰

સત્સંગતિનો યોગ બને ના, જિજ્ઞાસા નહિ જબરી રે,
કુગુરુ-સંગે મમતા પોષે, સમજ પામવી અઘરી રે. શ્રીમદ્૰

પ્રેમ પરાણે કદી ન થાયે, પરિચય સત્‌નો દુર્લભ રે;
જીવ જરા જો જોર કરે તો, સત્સંગે સૌ સુલભ રે. શ્રીમદ્૰

નથી મળ્યા સત્, નથી સુણ્યું સત્, નથી સત્ શ્રદ્ધ્યું જીવે રે,
તો કલ્યાણ કહો શેં થાયે? પ્રગટે દીવો દીવે રે. શ્રીમદ્૰

તે મળવાથી, તે સુણવાથી, તે શ્રદ્ધ્યાથી થાશે રે,
આત્માથી ભણકારો જીવને છૂટવાનો, છૂટી જાશે રે. શ્રીમદ્૰

સર્વ જીવને સુખી કરવાને ઇચ્છે સર્વે સંતો રે,
લોક બળે મમતા-અગ્નિથી, જાણે ન મોહે સૂતો રે. શ્રીમદ્૰

જગાડવા પોકાર કરે તે, જે સમજે તે નાસે રે,
નાસનારને માર્ગ બતાવે; પણ જે તેથી ત્રાસે રે—શ્રીમદ્૰

તેને પકડી ભય ના તે દે, દૂર રહી પોકારે રે,
સૂઈ રહે, બળતું ના દેખે, ટાઢ જવાથી ઘોરે રે. શ્રીમદ્૰

હાકલથી પણ દુઃખ ગણે તો શાંતિ સંત ધરે છે રે,
એવો સંત-સ્વભાવ દયાળુ દુઃખ ન દેવા ઇચ્છે રે.''શ્રીમદ્૰

★

કહે જિજ્ઞાસુ : "ત્યાગી મૂંડે બાળકને લલચાવી રે,
કર્યા કાયદા સરકારે પણ કરુણા કેમ ન આવી રે?" શ્રીમદ્૦

સત્યમતિ કહે : "જનગણ-રંજન કરનારો તે રાજા રે,
પ્રજાકતલ કરનારો કોઈ મૂકે જો નિજ માજા રે. શ્રીમદ્૦

રાજ્ય પ્રજાસત્તાક થયાં છે દુઃશાસનથી બચવા રે,
રામ-રાજ્ય પણ કોઈ ન ભૂલે; દોષ હોય તે તજવા રે. શ્રીમદ્૦

તેમ જ સંત-સમાજ વિષે પણ ઘણા દયાના દરિયા રે;
અવિવેકી કોઈ પૂર્વ-પુણ્યવશ વર્તે મોહે ભરિયા રે. શ્રીમદ્૦

શિષ્યમોહથી મૂંડે શિશુગણ, જગદ્ગુરુ થઈ ફરતા રે,
દીક્ષા દઈ ઉદ્ધાર કરું હું, એમ વિચારો કરતા રે. શ્રીમદ્૦

કર્યા કાયદા તેથી બચવા, સર્વ સમાજ ન તેવો રે,
અપવાદરૂપ પ્રસંગ તણો ના મુખ્ય દાખલો લેવો રે." શ્રીમદ્૦

★

જિજ્ઞાસુ કહે : "આશ્રમધર્મો જૈનજનો ના માને રે,
તેથી ત્યાગ તણા ઉપદેશો કેવલ, નાખે કાને રે." શ્રીમદ્૦

સત્યમતિ કહે : "હે જિજ્ઞાસુ! મોક્ષ લક્ષ છે સૌનો રે,
સત્પુરુષાર્થ વિના ન મળે તે, લાગ મળ્યો નરભવનો રે. શ્રીમદ્૦

નરભવમાં ના સો વર્ષોનું નિશ્ચિત સૌનું આયુ રે,
પચ્ચીસ પચ્ચીસ વર્ષોના આશ્રમ પૂરા કરે દીર્ઘાયુ રે. શ્રીમદ્૦

અલ્પ જીવનમાં જો એ પાળો તો શિવ-સાધન ખોશો રે,
ગૃહજીવન પૂરું થાતાં તો અંત જીવનનો જોશો રે. શ્રીમદ્૦

નારદ, શુકદેવ, સનત્કુમારો આજીવન બ્રહ્મચારી રે,
ગૃહાશ્રમ ના માંડે તેથી થશે શું દુર્ગતિધારી રે? શ્રીમદ્૦

વર્તમાન સમાજ વિષે તો આશ્રમ શબ્દ જ શાસ્ત્રે રે,
અન્ય ધર્મને દૂષણ દેવા વાપરતા *કુનેત્રે રે. શ્રીમદ્૦

પચીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય તો આજે વિરલા સેવે રે,
એ અભ્યાસ-સમય ચુકાવી પુત્રપુત્રી પરણાવે રે. શ્રીમદ્૦

કમાણી કરવા કરે ઉતાવળ, ભોગ-ઝૂંસરે જોડે રે,
જ્ઞાનકથા સુણવા ના નવરા, ધંધા કરવા દોડે રે. શ્રીમદ્૦

અંતિમ દ્વય આશ્રમનો પરિચય કોણ કરાવે કળિમાં રે?
ધનતૃષ્ણા સહ સઘળા મરતા મોહપુષ્પની કળીમાં રે. શ્રીમદ્૦

મોહસૈન્ય આશ્રમને લૂંટે, તેને કોણ નિવારે રે?
ત્યાગી કે વૈરાગી જનોની વાણી ચઢતી વ્હારે રે. શ્રીમદ્૦

હિતકારી વચનો પણ ખૂંચે, મોહઘેન જો ઝાઝું રે,
આવી પડેલી આપત્તિ પણ ના દેખે એ સાચું રે. શ્રીમદ્૦

જીવન વ્યવસ્થિત સદ્વિચારે બને, મોહ જ્યાં મટશે રે,
નિર્મોહી નરના દૃષ્ટાન્તે કે વચને તે ઘટશે રે. શ્રીમદ્૦

વૈરાગ્ય ભોમિયો શિવપથ-દર્શક, ત્યાગ તણો સહકારી રે,
વૈરાગી, ત્યાગી, સંસ્કારી મોક્ષમાર્ગ-અધિકારી રે શ્રીમદ્૦

ત્યાગી બાળ વૈરાગ્ય વિનાનો મોહ-રમકડાં રમતો રે,
જન્મ-અંધ કરતાં પણ ભૂંડો ભવ-વનમાં અતિ ભમતો રે.'' શ્રીમદ્૦

★

જિજ્ઞાસુ કહે : ''ત્યાગ કરે જો, બધા જગતના લોકો રે,
તો શું ખાશે સઘળા સાધુ? તજો ત્યાગની પોકો રે.'' શ્રીમદ્૦

સત્યમતિ કહે : ''શાંતિ ધરીને સુણ વિચારો ચઢતા રે–
સરખાં સૌનાં કર્મ ન હોયે; બધા ન માંદા પડતા રે. શ્રીમદ્૦

* કુદૃષ્ટિથી, દોષદૃષ્ટિથી, મિથ્યાદૃષ્ટિથી

જ્ઞાન-ગર્ભિત વૈરાગ્યે જે જન તજતા સૌ વ્યવહાર રે,
તેવા જગમાં વિરલા જાણો, તે તો જગ-શણગાર રે. શ્રીમદ્૦

પુણ્યવંત તે સંતજનોના પુણ્યે સઘળું પાકે રે,
તેવા જો જગમાં ના હોયે, પાપી જન ધૂળ ફાકે રે. શ્રીમદ્૦

સત્પુરુષોની સંખ્યા ઘટતાં દુષ્કાળો દેખાતા રે,
રાતદિવસ જન કરે વૈતરાં તો ય ન પૂર્ણ ધરાતા રે. શ્રીમદ્૦

વળી વિચારો : પશુપંખીઓ સંગ્રહ કાંઈ ન રાખે રે,
પ્રારબ્ધાધીન પામી રહે છે, વળી સંખ્યા ગણ લાખે રે. શ્રીમદ્૦

સંતજનોના ઉપદેશે તો પુણ્યમાર્ગ જન જાણે રે,
પુણ્યાધીન સૌ સંપદ પ્રગટે; મૂળ ન કેમ પિછાણે રે? શ્રીમદ્૦

જગ-જીવો જેનાથી જીવે, જે જગના આધાર રે,
તેની નિંદા તજી, કરી લે ગુણગ્રામે ભવ-પાર રે.'' શ્રીમદ્૦

★

જિજ્ઞાસુ પૂછે : ''શું સાચું જિનમતમાંહીં સઘળું રે?
દોષ ઘણા દેખાડે લોકો, કેમ સમજવું સવળું રે?'' શ્રીમદ્૦

સત્યમતિ કહે : ''જિનપતિ સર્વે સર્વજ્ઞ, વીતરાગી રે,
મોહરહિત, ના અવળું બોલે, મમતા જેણે ત્યાગી રે. શ્રીમદ્૦

સહજ સ્વરૂપ જોયું છે તેવું વસ્તુ માત્રનું વદતા રે,
ઉત્તમ અધિકારી ગણધર સમ શાસ્ત્ર પાત્રમાં ભરતા રે. શ્રીમદ્૦

ઉપરાઉપરી બાર વર્ષના દુષ્કાળોમાં પૂર્વે રે
શ્રુતધારી અતિ વિરલ રહ્યાથી શાસ્ત્ર ભુલાયાં સર્વે રે. શ્રીમદ્૦

રહ્યુંસહ્યું તે ગ્રંથારૂઢ આ આગમરૂપે હાલ રે,
સદ્ગુરુયોગ વિના સમજાવું દુર્ઘટ, એવી ચાલ રે. શ્રીમદ્૦

સત્ય અગ્નિનો એક જ તણખો યોગ્ય સામગ્રી મળતાં રે,
સર્વ લોક સળગાવી મૂકે તેમ કર્મ સૌ બળતાં રે. શ્રીમદ્૦

પરમ પુરુષનું એક વચન પણ મોક્ષ સુધી લઈ જાશે રે,
સાચા અંતઃકરણે તે જો યોગ્ય જીવ ઉપાસે રે. શ્રીમદ્૦

જિનમતમાં સઘળાં દર્શન છે નદીઓ સમ જલધિમાં રે,
જિનમતનાં ઉત્તમ વચનો વળી બીજે દીસે, સંધિ ત્યાં રે. શ્રીમદ્૦

સર્વજ્ઞે દીઠેલાં તત્ત્વો યથાર્થ માન્યે સમકિત રે,
તે તત્ત્વોનો બોધ થવો તે સમ્યક્જ્ઞાન જ નિશ્ચિત રે. શ્રીમદ્૦

ઉપાદેય તત્ત્વે પરિચય તે સમ્યક્ચરણ વિચારો રે,
શુદ્ધાત્મારૂપ વીતરાગ પદ વિષે સ્થિરતા ધારો રે. શ્રીમદ્૦

ત્રણે ગુણોની અભેદતા તે મોક્ષમાર્ગ, સૌ પામો રે;
ગુરુ નિર્ગ્રંથ તણા બોધે લ્યો તત્ત્વપ્રતીતિ-પરિણામો રે. શ્રીમદ્૦

સર્વજ્ઞ દેવ ને ધર્મ યથારથ સદ્ગુરુ જ ઓળખાવે રે;
ત્રણે તત્ત્વની પ્રતીતિથી જ તત્ત્વપ્રતીતિ આવે રે. શ્રીમદ્૦

જ્ઞાન-દર્શનાવરણ, મોહ ને અંતરાયના ક્ષયથી રે,
સર્વજ્ઞ વીતરાગ સ્વભાવ જ પ્રગટે છે નિશ્ચયથી રે. શ્રીમદ્૦

નિર્ગ્રંથ પદ અભ્યાસે મુનિ ઉત્તરોત્તર ક્રમથી રે;
તે જ માર્ગ છે પૂર્ણ થવાનો, સમજી લે અંતરથી રે. શ્રીમદ્૦

સર્વજ્ઞ-કથિત સુધર્મ-સમજ આ પરમશાંતિરસ-મૂળ રે,
રહસ્ય આ સન્માર્ગ-મર્મરૂપ સર્વજીવ-અનુકૂળ રે!'' શ્રીમદ્૦

જિજ્ઞાસુ કહે, વિનય કરી : ''હે સત્યમતિ! ઉપકારી રે,
સંશય ટાળી, સન્મતિ આપી, કર્યો માર્ગ-અનુસારી રે.'' શ્રીમદ્૦

☆
☆☆

# ૬૨

# મહામોહનીય સ્થાનક

(લલિત છંદ)

★

વિધિ સહિત હું **રાજચંદ્રને**, ગુરુ ગણી નમું ભાવવંદને;
ભ્રમણ આ મહા-મોહથી બને, ક્ષય તમે કીધો મોક્ષ-કારણે. ૧

ભવ અનેકમાં તે ભમાવતો, ભુલભુલામણીમાં રમાડતો,
ભૂત સમાન એ દુષ્ટ ભાવમાં રમણતા કરાવે અભાનમાં. ૨

ગણતરી કરી ત્રીસ ભેદની જિનવરે મહા-મોહનીયની :–
નદી, નવાણ કે વારિધિ વિષે ત્રસ જીવો હણે ક્રૂર તે દીસે. ૩

પ્રથમ ભેદ એ– પેસી પાણીમાં જીવ ડુબાડી દે વેરભાવમાં,
દ્વિતીય ભેદમાં મુખ બીડીને કર વડે હણે બોકડાદિને. ૪

તૃતીય ભેદમાં વીંટી વાધરે શિર, જીવો હણે; ક્રૂરતા ધરે.
શિર પરે કરી દુઃખદાયી ઘા વધ, ચતુર્થ ભેદે, કરાય આ. ૫

બહુ જનો તણા નાથને હણે, મરણ ચિંતવે સ્વાર્થ-કારણે,
ગણતરી વિષે ભેદ પાંચમો; 'જિન કહે ખરું' ઉર એ રમો. ૬

દીપ સમા મુનિ, બ્રહ્મચારીનો વધ કરે ખૂની, ઉપકારીનો,
કુ-શુકની ગણી દુષ્ટ કષ્ટદ ગુણી હણે, થયો ભેદ ષષ્ઠ જ. ૭

ગુણી ગુરુજનો પૂજ્ય સર્વને પીડિત રોગથી ગ્લાન દેખીને,
કુશળ શક્તિમાન્ દુષ્ટભાવથી વિનય-સેવના ચૂકતો યદિ–૮

પુરુષ તે મહા-મોહ બાંધતો અવગુણી તણો ભેદ સાતમો;
પરમધર્મમાં સ્થિત સાધુને વચનયુક્તિથી ભ્રષ્ટ જે કરે– ૯

વળી કુયુક્તિથી ભ્રષ્ટ જે થતો, અધમ બેય તે, ભેદ આઠમો.
જિન-અવર્ણવાદો કહે મુખે, પ્રરૂપતા જૂઠું જે જનો સુખે. ૧૦

નવમ ભેદ એ મોહનો મહા, સુલભ તેહને સત્ય ધર્મ ના.
સૂરિ, મુનિ, ઉપાધ્યાય નિંદતો કહી : 'કુજાતિનો' કે 'કુ-કુલનો'. ૧૧

દશમ ભેદ એ નિંદનારનો; વિનય આદિ ના થાય તેમનો–
ગણ અગ્યારમો ભેદ મોહનો, ન કરતાં ગુણી-સેવના તણો. ૧૨

કરી કષાય જે ક્લેશ-કારણો જગતમાં નવાં યોજતા, ગણો
કથન બારમા ભેદનું થયું; મતમતાંતરે ખેંચતાણનું– ૧૩

વલણ જે રહે સ્થાપકો તણું, પછી વધી જતાં, ધર્મભેદનું,
ઘર કષાયનું સ્થાપનારને કઠિન મોહનો બંધ, તેરમે. ૧૪

પતન-કારણો જાણતા છતાં ફરી ફરી મુનિ સેવતા જતા,
વશ કરે જનો, ભેદ ચૌદમો, ઠગ થતાં મહા-મોહ ચોટતો. ૧૫

રતિ તજ્યા છતાં પ્રાર્થના કરે સુર-મનુષ્યના ભોગની ઉરે,
ગણ અનુક્રમે દોષ એ પછી ગતિ બૂરી મહામોહથી થતી. ૧૬

નિપુણ શાસ્ત્રમાં હોય ના છતાં મુખ વડે બહુશ્રુત ભાખતાં,
તપસી ના છતાં 'છું તપસ્વી' એ, વચન દંભનું, ભેદ સોળમે. ૧૭

સમજ ભેદ એ સર્વ ગર્વમાં : મુનિપણા વિના સાધુ માનતાં,
ગુણ ન હોય જો શ્રાવકો તણા, મદ ધર્યે મહામોહમાં ગણ્યા. ૧૮

''ભગવતી'' વિષે સાધુ, શ્રાવકો-ગુણ સહિતનાં દેખ લક્ષણો–
ગુણ વિના ગણી સ્થાપતાં મુનિ, થતી અશાતના ગૌતમાદિની. ૧૯

વળી મહાન તે શ્રાવકો તણી થતી વિચાર, આનંદ આદિની,
ગુણ વિના 'સુદૃષ્ટિ અમે' કહે, અરર ! મોહની એ મહા ગ્રહે. ૨૦

શ્રી હરિભદ્ર સૂરી કહે ગુણો : ગણી તણા, પ્રવર્તિનીના સુણો :
"દૃઢ સુધર્મમાં, શાસ્ત્ર-અર્થમાં, કુશળ આપદાના ઉપાયમાં. ૨૧

સુ-ઉપદેશ આદિથી દોરતા, સહજ મોક્ષપંથે સ્વયં જતા,
વળી ગીતાર્થ, સિદ્ધાંત જાણતાં, કુળ-પરંપરા શ્રેષ્ઠ ધારતાં. ૨૨

પ્રવચને ધરે રાગ તે ગણી, *ગભીર અબ્ધિશા, લબ્ધિના ધણી."
'દુષમ કાળમાં સંભવે નહીં' કહી ચલાવતા નામ તે લઈ. ૨૩

પણ ન કાગને હંસ કો કહે; દુષમ કાળનું મિષ ક્યાં રહે?
વિકટ કાળમાં યત્ન આકરો કરી, સુધર્મને સર્વ ઉદ્ધરો. ૨૪

ઘર લગાડી કે કોટમાં પૂરી, પવન ઝેરી કુયુક્તિથી કરી,
મરણ સાધતાં વેગ વેરનો– સતરમો ગણો ભેદ મોહનો. ૨૫

વળી અઢારમો ભેદ મોહનો : કરી અકાર્યને દોષ ઢાંકવો,
અમુકને શિરે દોષ ઢોળતાં કઠિન મોહને પ્રાણી ખોળતાં. ૨૬

કપટ ભાવથી કોઈ ભોળવે, મધુર વાણીથી આમ તે લવે :
'ઘર તમારું આ, ભેદ ના ગણો, અતિથિ-તીર્થનો લાભ છે ઘણો'. ૨૭

સુજનતા તણી છાપથી ઠગે વિવિધ રીત, આ કાળમાં જગે,
કઠિન મોહ આ ઓગણીસમો પ્રસરતો બધે હિમના સમો. ૨૮

વિષમ વીસમો ભેદ આ કહું : અશુભ યોગથી જૂઠ બોલવું,
અવગુણો સુણી અન્યના કહે, નહિ સ્વયં દીઠા, દ્વેષથી દહે. ૨૯

સ્વનજરે ચઢે દોષ અન્યના, પણ ન નિંદતા સુજ્ઞ તે ગણ્યા,
ન નીચને ય તે નિંદતા અહો! પ્રભુ સમી ઉદાસીનતા લહો. ૩૦

મરમ અન્યના જે ઉઘાડતા, કલહ-બીજને નિત્ય પોષતા;
કલહ કાઢવાનો ન ભાવ જો, કઠિન મોહ એ એકવીસમો. ૩૧

---

* મૂળ પાઠ : અતુલ લબ્ધિ, ગંભીરતા ઘણી.

લઈ જઈ કુમાર્ગે પછી ઠગે, ધન હરે બની કુગુરુ જગે;
પરમ મોહ બાવીસમો ગણો, ભવ બગાડતા માનવો તણો. ૩૨

મુનિ, ગૃહસ્થ બા'ને સુધર્મને વિષય સેવી બાંધે કુકર્મને,
પરમ મોહ તેવીસમો થયો, જનમ બેયનો વ્યર્થ રે! ગયો. ૩૩

વળી કુમાર ના છતાં 'કુમાર છું', યશ વધારવા જૂઠું બોલવું,
પરમ મોહ ચોવીસમો કહ્યો—અપરણ્યો કહે ભોગમાં રહ્યો. ૩૪

વળી કહે : 'સદા બ્રહ્મચારી હું,' વ્યસન વૃત્તિમાંથી ન છૂટતું,
પ્રગટ ચોર એ મોહ બાંધતો; ઉભય ત્યાગ ના, કેમ છૂટતો? ૩૫

પચીસમો મહા મોહ-ભેદ એ, સુજન ત્યાગશે, દંભ છેદશે;
છવીસમો કૃતઘ્ની તણો ગણો, મદદ આપતાને ઠગે ઘણો. ૩૬

ઉદય-હેતુ જે શેઠ આદિને વિઘન ભોગમાં આણનારને,
પરમ મોહનો બંધ થાય તે ક્રમથી એ સતાવીસમો બને. ૩૭

વળી હણે ઉપાધ્યાય, નૃપને, નગરશેઠ, સેનાપતિ હણે;
મરણ ચિંતવે, ભ્રષ્ટ થાય તો ઠીક થશે ગણી બૂરું ભાવતો— ૩૮

પરમ મોહ અઠ્ઠાવીમો ધરે, 'સુર મળે મને, વાત તે કરે',
જૂઠ ચલાવીને લોક છેતરે, પરમ મોહ ઓગંત્રીમો ધરે. ૩૯

વિષયગૃદ્ધ દેવો, ન કામના, કહી કુબુદ્ધિથી લે અસાતના,
સમકિતી સુરો નિંદતાં થતો પરમ મોહનો બંધ ત્રીસમો. ૪૦

★

પરમ મોહનો બંધ આકરો, ન શિવ-માર્ગ દે પામવા ખરો;
ભવ અનંત તે કર્મથી ભમે, મરણ-જન્મનાં દુઃખ સૌ ખમે. ૪૧

સમય માત્ર ના ક્લેશથી બચે, સતત વેદના કર્મથી રચે;
સમજ જીવની સંત આપશે, કઠિન ક્લેશને તે જ કાપશે. ૪૨

પણ ન યોગ તે પાપીને મળે, અહિતની રુચિ કેમ તો ટળે?
પરમ પાપ આ ત્રીસ જે કહ્યાં, તજી ન જે શકે પાપથી ભર્યાં– ૪૩

નહિ સુયોગને યોગ્ય તે બને, ભ્રમણનો નથી ત્રાસ તેમને;
જીવ-દયા ખરા ભાવથી ઉરે સુભગ જીવને પુણ્યથી સ્ફુરે. ૪૪

વચન શાસ્ત્રનાં કે સુસંતનાં શ્રવણ થાય સત્સંગ-યોગમાં,
તજી કુમાર્ગ એ ત્રીસ ભેદના, ભજ સુમાર્ગ જે ન્યાયનીતિના. ૪૫

સ્વપર-હિત જે ચિંતવે જનો સ્વકીય દૃષ્ટિથી, ભૂલ ત્યાં ગણો;
સ્વપર-ભેદ તો જ્ઞાની જાણતા, કરુણ ચિત્તથી ઉપદેશતા. ૪૬

સ્વરૂપ ઓળખે તે સ્વહિતનાં અચૂક સાધનો આદરે ઘણાં,
અફળ યત્ન સૌ તે તજે સદા, સકળ લોકને તે જ બોધતા. ૪૭

ચરણ સંતના, મોક્ષ-સાધના; હૃદયમાં રહો– એ જ યાચના,
સુદિન તે ગણું એ જ વાસના, રટણ તે કરું અન્ય આશ ના. ૪૮

☆
☆☆

# ૬૩
# તીર્થંકર-પદ-સંપ્રાપ્તિ-સ્થાનક

(વસંતતિલકા)

★

શ્રી તીર્થનાથ હૃદયે ધરીને જીવે જે,
તેની જ દૃષ્ટિ થકી જે જગને જુએ છે;
તેની જ વાણી સુણી, જે સમજાવનારા,
શ્રી **રાજચંદ્ર** ગુરુ પૂજ્ય સદાય મારા. ૧

વાણી રસાલ અનુભૂતિ-રસે ભરેલી,
મધ્યસ્થ ભાવ-મધુરા રવમાં રહેલી;
નિષ્પંક પંકજ સમા જગજીવ કાજે,
શ્રી **રાજવાણી** રવિતેજ સમી વિરાજે. ૨

શ્રી તીર્થનાથ-પદ-હેતુ કહેલ વીસે
સ્થાનો હવે સુજન કાજ કહું વિશેષે:
સેવ્યાં બધાં પ્રથમ-અંતિમ તીર્થનાથે,
સમ્યક્ત્વ સાથ વચલા જિન અલ્પ સાધે. ૩

સર્વે જીવો રસિક શાસનના કરું હું,
એવી દયા હૃદયમાં – જિનબીજ ધારું;
એ ભાવથી પ્રથમ સ્થાનક પોષવાની
ક્રિયા અનેક અરિહંત ઉપાસવાની. ૪

શ્રી સિદ્ધ જે સહજ શુદ્ધ સુખે ઠર્યા છે,
જેને ન જન્મ-મરણાદિ હવે રહ્યાં તે;
ધારું ઉરે દ્વિતીય આ પદ સિદ્ધ નામે,
જેથી રહે મન અનંત-સમાધિ-ધામે. ૫

ત્રીજા પદે પ્રવચને ગણ પૂજ્ય સંઘ,
ચારે ય ભેદથી ટકે પરમાત્મ પંથ;

વૈયાવચ્ચાદિ સહુ સંઘની જે ઉઠાવે,
તે તીર્થનાથ-બીજકર્મ કમાઈ જાવે. ૬

આચાર્ય-સેવન વડે જિન-બીજ વાવું,
ચોથે પદે સૂરિ-ગુણો ઉર સર્વ લાવું;
આચાર પાળી શીખવે જીવ સર્વને જે,
તેની કૃપા ગ્રહી તરું ભવસિંધુ સ્હેજે. ૭

જે સ્થિર સંયમ ધરે સ્થવિરો ગીતાર્થ,
નાના તથા શિથિલને અવલંબનાર્થ,
તે જૈનશાસન દીપાવી શકે, સમર્થ
સેવ્યે સ્થવિર પદ પંચમ હું કૃતાર્થ. ૮

સત્શાસ્ત્ર-બોધ અતિ નિર્મળ ઉર રાખે,
ચારિત્ર શુદ્ધ પરિણામથી પાળી, દાખે
સત્શાસ્ત્ર-અર્થ ઉપકાર થવા જનોને;
છઠ્ઠે પદે વિનય વાચક-વર્યનો એ. ૯

સેવું સદા સ્વપર-ઉન્નતિકારી મુનિ,
જેણે ગ્રહ્યું શરણ સદ્‌ગુરુવાણી સુણી,
સંસાર-દુઃખ હરવા, તજવા કષાય,
રત્નત્રયી ગ્રહી રહે; પદ સપ્ત થાય. ૧૦

અધ્યાત્મરૂપ ઝળકે, જડ ચેતનાદિ,
હિતાહિતાદિ સમજાય વિવેચનાદિ;
જો જ્ઞાનદીપ ઉરમાં પ્રગટે પ્રભાવી,
એ સ્થાન અષ્ટમ નમું ઉર ભાવ લાવી. ૧૧

સર્વે ગુણાંશરૂપ દર્શનને નમું હું,
સમ્યક્ત્વ નામ નવમા પદને સ્મરું છું;
જો, સંયમાદિ સઘળા ગુણનો પિતા તે,
સર્વે ય શ્લાઘ્ય પુરુષો ગ્રહી તે, જીત્યા છે. ૧૨

જે ધર્મનું મૂૅળ કહ્યું, વશ વૈરીૅ થાય,
સમ્યક્ત્વ ગુૅણ પણ જે ધરતાં પમાય;
તે રત્નતુલ્ય દશમા પદને નમું હું
વાણી વડે, વિનય નામ ઉરે ધરું છું. ૧૩

ચારિત્ર નામ પદ, આત્મ-અનુૅભવે છે,
અગ્યારમું સકલ કર્મકલંક લૂછે;
તેનું રહસ્ય સમતા, ખમીૅ ખૂંદવામાં;
સાધું સ્વહિૅત ધરીૅ તે, રહીૅ આતમામાં. ૧૪

છે બ્રહ્મચર્ય મૂૅળ અર્થથીૅ આત્મચર્યા,
ચારિત્રલાભ દઈ દે શિવ-સૌખ્ય-શય્યા;
તે બારમું પદ ધરું ગુરુ **રાજ**-સાખે,
તેવા ગુરુૅ કળિયુગે કદીૅ એક લાખે. ૧૫

સર્વજ્ઞદેશિત સદા કરવી ક્રિયા સત્,
તે તેરમું પદ ઉરે ધરવાનીૅ ધ્યાનત્;
છે જ્ઞાનનું ફળ રુચિૅ કરણી ભણી તે;
ક્રિયારુચિૅ શુકલપક્ષીૅ ગણ્યા ગુણી એ. ૧૬

અગ્નિૅથીૅ કુંદનસમો સુતપે વિશુદ્ધ,
આત્મા ક્ષમા ધરીૅ રહે સહજાત્મતૃપ્ત;
તે ચૌદમા તપપદે કરવા પ્રયત્ન
શક્તિૅ બધી અરપીૅ હું ખરીૅદું સુરત્ન. ૧૭

પામું સદાય ગુરુ **ગૌ**તમતુલ્ય ભક્તિૅ,
કે દાન-પાત્ર જિનતુલ્યથીૅ થાય મુક્તિ;
સર્વે સુસાધક સુપાત્ર ગણી ચહે જે,
ભક્તિૅભર્યું હૃદય પંદરમે પદે છે. ૧૮

સામાન્ય જિૅન સઘળા ભગવાન ભાળું,
વિશ્વપ્રકાશક બધા સરખા નિહાળું;

પ્રત્યક્ષ સૌ વિહરમાન ઉરે વિચારું,
આ સોળમા પદ વિષે જિન સર્વ ધારું. ૧૯

આશા તજી વિષયસુખની, પાપ છોડી,
ત્રિયોગ શુદ્ધ કરી સંયમ-ભાવ જોડી,
જે શ્રાવકો, મુનિ સમાધિ-સુખે વસે છે,
તે સૌખ્ય હે હૃદય! સત્તરમે પદે લે. ૨૦

શાસ્ત્રો શીખે ગુરુગમે તજવા પ્રમાદ,
તે જ્ઞાનવૃદ્ધિરૂપ લે ગુરુનો પ્રસાદ;
આડંબરો તજી સદા સમજી શમાતા,
તો 'જ્ઞાનનૂતન' ગણાય, અઢારમું આ. ૨૧

શ્રી તીર્થનાથ-મુખથી સુણી અર્થ સૂત્રે,
ગૂંથે ગુણી ગણધરો ઉપકાર અર્થે;
ભાષ્યાદિથી સરળ તે સમજાય તેવું,
સૂરિ કરે, 'શ્રુત' બધું; પદ ઓગણીમું. ૨૨

શ્રી તીર્થનામ વીસમું પદ પૂજ્ય *તારું,
છે સ્થિર-જંગમરૂપે દ્વયવિધ ધારું;
યાત્રા-સ્થળો પુનિત સ્થાવરરૂપ જાણું,
અત્યંત આત્મહિતકારી બીજું વખાણું. ૨૩

પ્રત્યક્ષ ગુરુ સમ કોઈ ન ઉપકારી,
જે જ્ઞાન-જાગૃતિ દઈ, જીવ લે ઉગારી;
જેના વિના જગતમાં બહુ આથડ્યો હું,
તે **રાજચંદ્ર** ગુરુને શરણે પડ્યો છું. ૨૪

☆
☆☆

---

* તારનાર

# ૬૪

# માયા

(હરિણી છંદ)

★

પ્રશમ-રસથી જેનો આત્મા સદા ભરપૂર છે,
સ્વપર હિતને સાધે જેની રસાલ સુવાણી એ;
અતિ કૃશતનુ તો યે વર્ષે સુપુણ્ય તણી પ્રભા,
પરમ ગુરુ એ શ્રીમદ્ **રાજ**-પ્રભુપદ વંદના. ૧

સકળ જગને જેણે જીત્યું અપૂર્વ બળે કરી,
ગહન જબરી માયા જેને જતી નહિ છેતરી.
પરમ સુખી તે માયા-સુખો જૂનાં તરણાં ગણે,
સતત લડતા સાક્ષી-ભાવે ઉપાધિ-રણાંગણે. ૨

બગ ઠગ સમા માયાવીઓ પ્રપંચ રચે મહા;
ક્ષણિક ઠગવા, મૈત્રી બાંધે લતા સહ મેઘ આ,
પછી વહી જતો, તેવા લોકો ઠગે નિજ કીર્તિને,
બની ચતુર તે ભોળા સંગે હણે નિજ હિતને. ૩

જીવિત સમ જે વિશ્વાસ-ઘ્ની કુસાપણના સમી,
કુશળ કપટે, માયા છૂપી ભરાય ઉરે નમી.
સુગતિ-ફળ જે ઇચ્છે તે તો ન દે કદી પેસવા,
કુટિલ લલના જેવી માયા સ્વરૂપ હરી જવા. ૪

રજ બહુ ઊડી માયાની આ દિશા-મૂઢતા ધરે,
ઉદય થતી ના તેથી બોધે સુદૃષ્ટિ ઉરે, અરે!
સ્ફુરતી નથી હા! ઊર્મિ ઉરે સુબોધ-સુયોગમાં,
વિપરીત લીધા માર્ગો મેં સૌ પ્રયત્ન કર્યા છતાં; ૫

સૂઝતી ગતિ ના કોઈ મારી, અનાથ હવે ઠર્યો,
સહજ મળિયા યોગો સારા, છતાં પરમાં ફર્યો.

પરમ સદુપાયે નિવૃત્તિ કરીશ કુમાર્ગની,
કપટ તજીને અર્પી આત્મા, સુયત્નરુચિ બની. ૬

સરળ જન ના ઝાઝા લોકે, બહુ કપટી દીસે;
સુરતરુ સમા સંતો સાચા સુદુર્લભ ભેટશે,
વિષતરુ સમાં કાંટાવાળાં અતિ તરુ નીપજે;
ભરતભૂમિને દેખી આવી, દયા અતિ ઊપજે. ૭

સુગુરુશરણે ભાવો આવો બધા જગ-જીવના,
પ્રભુ, કર કરુણા એવી કે ટળે વિપરીતતા;
સકળ જગમાં મૈત્રીભાવે જીવો જીવ સર્વ એ,
ખટપટ કશી માયા સેવી કરો નહિ કોઈએ. ૮

અ-મલ ગગને ચંદ્રિકાથી સ્ફુરે રમણીયતા,
સરળ હૃદયે ઊંચા ભાવો ખીલે, વધતા જતા;
સ્વહિત સઘળા સાધે ત્યાં ક્યાં છુપાય મલિનતા?
સુર-સદન ના ઇચ્છે કોઈ સ્વરાજ્ય ભળાય આ. ૯

મૂઢ હૃદયમાં માયાભાવો વસે ઘર ત્યાં કરી,
નહિ સમજવા દે તેને તે સ્વહિત ખરું જરી.
વિપરીતપણું તેથી જન્મે, હિતાહિત વીસરી,
અહિત ઘટના માયાની ના કરી શકતો પરી. ૧૦

પ્રસૂતિગૃહ છે માયા મિથ્યાત્વ-ભૂત તણું અહો!
અપયશ તણો વાસો તેમાં, અનર્થ-તરુ કહો;
નિસરણી ગણી માયા-શલ્યે જતા નરકે ઘણા,
શીલતરુ-વને વહ્નિ જેવી દહે દિલ આપણાં. ૧૧

અફલ સમજો માયા-ભાવો અસાર, નકલી ગણો;
નરપતિ થયો સ્વપ્ને, જાગી ઉદાસ થયો ઘણો.
કુટિલ મનથી માયા-સેવી વરે કુગતિ અરે!
પ્રગટ છળ તો વ્હેલું-મોડું થયે, શરમે મરે. ૧૨

ગ્રહી નહિ શકે માયાવીઓ સુમાર્ગ જિનેન્દ્રનો,
સરળ ગતિ ના રુચે કેમે, ગમે પથ વક્રનો;
[1]અ-સરળ અસિ [2]સીધા મ્યાને ન પેસી શકે પૂરી.
ગ્રહણ કરતા ઢોંગી વેષો છતાં મનમાં [3]છૂરી. ૧૩

[4]નરપતિ-પતિ દીક્ષા લેતા તજી સુખ-વૈભવો,
અધિક હિતકારી તે ધારી ભિખારી બને જુઓ.
અચરજ અતિ, ભ્રષ્ટાચારી બની મુનિ માગતો
વિષય-સુખને માયા-પાશે રુચિ કરી ચાટતો :—૧૪

તજી પરિણીતા દીક્ષા લીધી દ્વિજે શરમાઈને,
મુનિ નિજ વડા બંધુ સાથે રહી વિચરે બધે;
વિષય-વશ તે કોઈ કાળે ગયો નિજ ગામમાં,
ખબર પૂછતાં પત્ની સાધ્વી સ્થિતિ-કરણે વદ્યાં :—૧૫

"નૃપઘર વિષે કોઈ કુત્તો રહે બહુ સુખમાં,
જમણ મધુરાં નિત્યે તાજાં મળે બહુલાં ભલાં.
પણ ન ગઈ જો ભૂંડી ટેવો રહી છૂપી દિલમાં!
નૃપસહ કદા મ્યાનામાં તે જતો દરબારમાં—૧૬

શિશુમળ તણા ગંદા સ્થાને ગયો, કૂદી કૂતરો,
લપલપ કરી ચાટે વિષ્ટા, અરે! નહિ સુધર્યો."
મલિન મનના ભાવો જાણી કથા કહી તે સુણી,
અતિ શરમથી નીચા મુખે ખમાવી, ગયા મુનિ. ૧૭

ગુરુ સમીપ તે માયા ત્યાગી ફરી વ્રત આદરે,
અતિશય તપે પ્રીતિ ધારી હવે ભૂલ ના કરે;
સુરગતિ વરી થોડા કાળે બની નર મુખ્ય એ
મુનિવર થયા જંબુસ્વામી, ગયા શિવપુર તે. ૧૮

---

૧. વાંકી તરવાર. ૨ ગુપ્તિના મીણિયામાં. ૩ સાધુનો વેષ પાખંડી ધારે પણ મનમાં સંસાર-વાસનારૂપ ઘાતક-હિંસકભાવ ટળતો નથી. ૪. ચક્રવર્તી.

છૂપી છૂરી ઝીણી માયાચારી નડે સઘળે અતિ,
વ્રત-નિયમમાં બારી કોરી નિરંકુશ વર્તતી;
કર પર ફરે માળા, માયા હરે મન મોજમાં,
ભજન મુખથી મોટે બોલે, જુએ મુખ લોકનાં. ૧૯

ગુરુ-વચનને કાને સુણે, ગ્રહે નહિ કોઈ તો,
સ્મૃતિ-મજૂસમાં રાખી કોઈ કહી બતલાવતો,
ગુરુ-ગુણ સ્તવે કીર્તિ કાજે, કરે તપ-કષ્ટ કો,
વિવિધ વચને વૈરાગીશી કથા વદતાં ય, જો—૨૦

મન ન ટકતું સાચા ભાવે, બધું નકલી બને;
સ્વપર-હિત ના તેથી કોઈ સરે કપટી મને.
સરળ મનથી સાચી વાણી વદે, કરવા ખરું
સતત મથતા સંતો; તેના પથે પગલાં ભરું. ૨૧

કપટમૂળ છે લોભી વૃત્તિ, ચહે પર ભાવને,
સફળ કરવા ધારેલું તે, રમે બહુ દાવ તે;
સફળ બનતાં મોટાઈમાં વહી મદ તે ધરે,
અફળ કરતા પ્રત્યે ક્રોધે ભરાઈ લડી મરે. ૨૨

પ્રસરી રહી આ માયાવેલી ત્રિલોકતરુ પરે
સુર નર પશુ ઊંચે ખેલે, કુનારકી ભૂસ્તરે.
નહિ શીખવતું કોઈ માયા, શીખે જીવ માત્ર જો;
પડતર વિષે વાવ્યા વિના ઊગે ખડ-જાત તો. ૨૩

ક્ષય કરી દીધી માયા જેણે ફરી નહિ જન્મતો;
શિવસુખ-પતિ, ત્રિકાળે તે સ્વરૂપ ન ત્યાગતો—
સ્વપર સહુને દેખે નિત્યે અવિચળ રૂપ એ,
ગગન સમ તે નિર્લેપી છે સદા શિવભૂપ તે. ૨૪

# ૬૫
# પરિષહ-જય

(સોમાવતી છંદ×)

★

શ્રીમદ્ **રાજપ્રભુ**ને પ્રણમું, શુદ્ધ સ્વરૂપે જે રમતા રે;
પરિષહ સમ જંજાળ વિષે જે ધરતા મુનિવર સમ સમતા રે.
બાવીસ પરિષહ મુનિને પીડે અગણિત ગૃહસ્થની કેડે રે,
અવિષમ ભાવે રહી જીતે તે શિવપદ, સુરપદને તેડે રે. ૧

ભૂખ, તરસ, શીત, ગરમી, ડાંસાદિક, અચેલક, અરતિના રે,
સ્ત્રી, [1]ચર્યાસન, [2]શયનાક્રોશે, વધ, બંધન, ભિક્ષા મળે ના રે;
રોગ, તૃણ ખૂંચે, મલ, માને, પ્રજ્ઞા-ગર્વ અજ્ઞાન તણા રે
દર્શન મલિન : મળી સૌ બાવીસ એ મુનિ-પરિષહની ગણના રે. ૨

ઊંજણ વિણ પૈડા સમ પેટે કડકડી ભૂખ ખૂબ દુઃખી કરે રે,
બહુ ઉપવાસો વીત્યે પણ આહાર ન હિંસાયુક્ત કરે રે;
નસો શરીરે તરે ભલે, કૃશ અંગો કાગ-ચરણ જેવાં રે,
આત્મવીર્યવંતા મુનિએ ના નિષિદ્ધ અશન કદી લેવાં રે. ૩

પરાધીન મુનિવરની ભિક્ષા પ્રકૃતિવિરુદ્ધ વળી મળી આવે,
તૃષા પીડે, જળ શુદ્ધ મળે ના, સચિત્ત જળ કદી ઉર ના લાવે;
ગ્રીષ્મ કાળ, જળ ખારું ઊનું, પિત્તપ્રકોપે ગળું બળતું રે!
એકાન્તે વનપ્રાન્તે શીતળ જળાશયે મન નહિ ચળતું રે. ૪

શિશિરમાં સૌ જન કંપે, વન-વૃક્ષ બળે જ્યાં હિમ પડે રે,
હેલીમાં હીકળ વા વાતાં અંગ કળે અતિ શરદી વડે રે;
તેવી વિષમ અવસ્થામાં મુનિ નદી-તટ પર જઈ શીત સહે જે,
તળાવપાળે, કે ખુલ્લામાં રાતદિન દુઃખ સહી રહે તે. ૫

---

× મોહિનીભાવ વિચાર અધીન થઈ—જેવો રાગ.
૧ ચર્યા અને આસન. ૨ શયન અને આક્રોશ.

અગ્નિ, તડકો, ફૂંક ન ઇચ્છે, શિશિરે શીત-વસાણું ના રે,
ઉષ્ણપરીષહમાં ના પંખો, સ્નાન, વિલેપન લૂછણું ના રે;
તપે પહાડો, દાહ દહે તન, પિત્તે દાહજ્વર જાગે રે,
અગ્નિ ઝાળ જેવી લૂ લાગે સહે, ધીરજ મુનિ ના ત્યાગે રે. ૬

ડાંસ, મચ્છરો, માખી પીડે, માકણ ચાંચડ કે વીંછી રે,
કાન-ખજૂરા, સાપ પીડે પણ ક્રોધે નહિ મારે પીંછી રે;
યુદ્ધ-મોખરે ગજ સમ શૂરવીર ક્રોધાદિક અરિને મારે રે,
ધ્યાન-સમય જંતુ પીડે પણ જીવ હણે ના, નહિ વારે રે. ૭

વસ્ત્ર-અવસ્ત્ર દશામાં સંયમ હિતકારી મુનિવર માને રે,
વસ્ત્રવિકલ્પો સર્વે ત્યાગી રહે મગ્ન મુનિ તો ધ્યાને રે;
લોકલાજ કે વિષયવાસના સહી શકે નહિ સંસારી રે,
દુર્ધર નગ્નપરીષહ જીતે તે સાધુ શીલવ્રતધારી રે. ૮

ગામોગામ વિચરતા નિત્યે સહાયવણ પરિગ્રહ ત્યાગી રે,
દેશ-કાલ-કારણથી અરતિ સંયમમાં ઉર જો જાગી રે,
ત્યાગી જગ-સુખવાસ-વાસના ધીરજ ધરતા જિનરાગી રે,
તજી બેચેની સ્થિર થતા મુનિ મુક્તિરાગી બડભાગી રે. ૯

સ્ત્રીસંસર્ગ ગણે કર્દમસમ મલિન, મોહક, જીવ-ઘાતી રે,
તો સંયમમાં સ્થિર રહે મુનિ, જગમાં પ્રસરે અતિ ખ્યાતિ રે,
સિંહની સાથે અશસ્ત્ર લડતા, ફણિધરશીર્ષ પગે પીલે રે,
વજ્રસમી છાતી ઘા સહતી [૧]તે-વા-નર સ્ત્રીવશ ખેલે રે. ૧૦

વિહારમાં પગપાળા ફરતા નીરખી પથદંડ-પ્રમાણે રે,
જગ-જનોની તજી આસક્તિ મુનિ ખેદ ન મનમાં આણે રે;
કઠિન જમીન પર કોમળ ચરણે વગર પગરખે મુનિ ચાલે રે,
પાલખી, ગાડી, અશ્વ-ગજાદિની સ્મૃતિ ન મનમાં કદી સાલે રે. ૧૧

ગિરિ, ગુફા, અટવી, સમશાને શાંત ચિત્તથી, આસન મારે,
ત્રાસરૂપ ના બને કોઈને નિયત કાળ સુધી તત્ત્વ વિચારે,

---

૧ સરખાવો, પુષ્પ ૫૧, કડી ૩, તેવા નર કે તે વાનર

સુર-નર-પશુ-પ્રકૃતિકૃત વિઘ્નો આવી પડે ને દુઃખ દે ભારે,
તો ય તજે ના સ્થાન મુનિ જે, તે ગુરુ વંદનયોગ્ય અમારે. ૧૨

રતિ-અરતિ શય્યા-સ્થાનકમાં થતાં મુનિ પાપી પડી જાશે,
અવિકારક શય્યા-સ્થાનકમાં ખમતાં દુખરાત્રિ વહી જાશે;
પલંગ-પથારી તજી પથ્થર પર રેતી, કાંકરા પર સૂતાં રે
કાયર થાય ન કોમળ-તનુધર મુનિ માને કૃત પાપ છૂટ્યાં રે. ૧૩

મુનિ દેખી દુર્જન કો બોલે : "આ શઠ, પાખંડી, અભિમાની,"
એ કર્કશ વચને ના કોપે, ક્ષમા-ઢાલ ધરતા રે જ્ઞાની;
દુઃખદ કર્ણે કંટકસમ સુણી વાણી, ઉપેક્ષા મુનિવર ધારે,
મનમાં સ્થાન મળે ના તેને આત્મ-માહાત્મ્ય જ્યાં વિચારે. ૧૪

'સહનશીલતા ઉત્તમ વર્તન' માની, માર સહે મુનિ ભારે,
પૂરી કેદમાં ગુપ્ત દંડ દે, બળતામાં નાખીને મારે,
પથ્થર, મુદ્‌ગર, ડાંગે મારે કે તરવારે સંહારે રે!
તોપણ કોપ કરે ન કદાચિત્ પૂર્વકર્મ-ફળ વિચારે રે. ૧૫

દીધા વણ કૈં લે ન મહાવ્રતી, 'માગ્યા વણ માય ન દે' ઉક્તિ,
ઘર તજી જીવવું એવું દુષ્કર, પરાધીન જીવી મુનિ લે મુક્તિ;
સુખદ કદી ગૃહવાસ ન ચિંતે ભિક્ષાથી મુનિ કંટાળીને;
ઔષધ, ચાકરી, અનુકૂળતા પ્રારબ્ધપણે વ્રત પાળી લે. ૧૬

ભિક્ષા ના નિર્દોષ મળે તો અધિક લાભ તપથી મુનિ માને,
ખેદ મહંત નહીં મન ધારે, ના દીનતા મુખ ઉપર આણે;
એક વખત આહાર મુનિ લે, અંતરાય યોગે ન મળે તે,
**ઋ**ષભ પ્રભુએ બાર માસ સુધી ધરી ધીરજ અ-લાભ પળે તે. ૧૭

વ્યાધિ-વેદના આવી પડે તો આત્મપરાયણ મુનિ વેઠી લે,
ઔષધ આદિ ઇચ્છે ના તે સાચી સાધુતા સાધી લે;
**સ**નત્કુમાર હતા રાજર્ષિ, સોળે રોગ ભયંકર ભારે,
દેવ દવા કરવા આવ્યે ક્હે : "કર્મ-રોગ શું તું નિવારે?" ૧૮

સૂકાં તૃણ ને સૂંખળા ખૂંચે, ગોખરુ કઠિન, કાંકરી, કાંટા,
રજ ઊડી આંખોમાં પડતી, ફાંસ તીરસમ જ્યાં પગ ફાટ્યા;
વસ્ત્ર, પગરખાં, મદદ ન ઇચ્છે, કામીસમ કંઈ ના ગણકારે,
મુક્તિ-સ્ત્રીમાં ચિત્ત નિરંતર રાખે તે મુનિ ભવ તરી, તારે. ૧૯

[1]'આર્ય ધર્મ-સંયમ જીવન મુજ' આત્મપરાયણ મુનિ તો માને,
પરસેવામાં ધૂળ ભળ્યાથી મલિન તન, મન જાય ન સ્નાને;
સ્નાન, તેલ, સાબુ સુગંધી જીવતા સુધી મુનિઓએ ત્યાગ્યાં,
મૃગચર્યા સેવે મુનિ મોટા; કર્મ તેમનાથી ડરી ભાગ્યાં. ૨૦

શ્રીમંત, નૃપ, વંદન કરનારા, ભક્તિ કરી મોદક દેનારા,
ચહે નહીં તત્ત્વજ્ઞ મુનિ તે રાયરંક સરખા જોનારા;
પરવા નહિ પૂજનની જેને, માન ન દે તો ખેદ ન ધારે,
રીઝે-ખીજે માનામાને તે મુનિ તુચ્છ ભમે સંસારે. ૨૧

વાદી-ગજો પ્રતિ કેસરી સમ મુનિ આગમ-[2]તત્ત્વ-કળામાં પૂરા,
તો ય તજે મદ પ્રજ્ઞાનો, ગણી કેવળી વણ સર્વે અધૂરા;
પ્રજ્ઞામંદ-દશાથી પણ મુનિ પૂર્વ કર્મ ગણી નહિ મૂંઝાતા,
કર્મ ટાળવાના ઉપાયો પ્રભુદર્શિત યોજી શિવ જાતા. ૨૨

સત્સંગે સત્પુરુષ-યોગથી અજ્ઞાનહેતુ દૂર કરવામાં,
ઢીલ થયે મુનિ નહિ મૂંઝાતા હિત સત્સાધનને સ્મરવામાં,
વિના આવરણ ટળ્યે થશે ના અવધિ આદિ સૌ સુજ્ઞાનો,
સત્કારણ સેવ્યાથી કાર્યો જરૂર થનારાં મનમાં માનો. ૨૩

'તપ આદિથી સિદ્ધિ પ્રગટે' કહે, કરું હું તપ અતિ તો યે,
ચમત્કાર આદિ ના દીઠું, ખોટાં આગમ આદિ હોયે,–
એમ કદી મુનિ ના ચિંતવતા, [3]સુપથ વિશેષ બળે તે સાધે,
તો દર્શન પરિષહ જીતે તે; ધીરવીર મુનિને [4]મોક્ષે લાધે. ૨૪

☆
☆☆

---

૧ આર્ય એવો સંયમધર્મ (ઉત્તરાધ્યયન). ૨ પાઠા૦ તર્ક ૩ સન્માર્ગ ૪ મોક્ષ પણ

# ૬૬
# વીરત્વ

(થાશું પ્રેમ બન્યો છે રાજ, નિર્વહિશો તો લેખે—એ રાગ)

★

દેજો સેવા શ્રી ગુરુરાજ જેથી નરભવ લાગે લેખે.

કામ વિના મન રહે ન નવરું, આપ પદે અવ રાખું;
પ્રપંચની આકુળતા ઓકી, સ્વરૂપ-સુખ હું ચાખું. દેજો૦

અનંત ગુણ-પંકજ-વિકાસી છતાં હું આમ ઠગાયો,
ભવ-અટવીમાં ભટક્યો પૂર્વે કર્મ-અરિથી તણાયો. દેજો૦

આત્મભ્રાંતિમાં વણ્યાં દોરડાં રાગ-દ્વેષરૂપ મોટાં,
તેનાથી બંધાઈ કુટાયો, અનાદિ કેદ-દુખ ખોટાં. દેજો૦

આજ રાગ-જ્વર નાશ થયો ને મોહનીંદ ગઈ ઊડી,
હણું ધ્યાન-તરવાર-ધારથી કર્મ-અરિ-સંતતિ કૂડી. દેજો૦

આત્મા માત્ર જ દેખું છું હું, તજી અજ્ઞાન-અંધારું;
કર્મ-કાષ્ઠનો ઢગ બાળી દઉં, મહા પરાક્રમ મારું. દેજો૦

પ્રબળ ધ્યાન વજ્રે ક્ષય કરું હું પાપવૃક્ષનાં મૂળો,
તેથી પુનર્ભવ-ફળ-સંભવ નથી, ટળશે ભવદુખ-શૂળો. દેજો૦

ભવ ભવ ચાલી આવી મૂર્છા અંધાપો દે આંખે,
આત્મજ્ઞાનથી જોઈ શકાતો મોક્ષ-માર્ગ ના દેખે. દેજો૦

સમસ્ત લોક અવલોકી શકે તે કેમ ન આત્મા દેખે?
*અવિદ્યા-મગર-મુખે સપડાયું ચિત્ત સ્વરૂપ ન પેખે. દેજો૦

તાત્કાલિક રમણીય જણાતા વિષયો નીરસ અંતે,
જગમાં ઉત્તમ જ્યોતિ આત્મા તેને પણ તે વંચે. દેજો૦

જ્ઞાનનેત્ર હું ને પરમાત્મા; સ્વરૂપ-લાભને અર્થે—
ધરી પરમ જિજ્ઞાસા નિશદિન યત્ન કરું પરમાર્થે. દેજો૦

શક્તિપણે કેવળજ્ઞાનાદિક અનંત ગુણ મારામાં,
પરમાત્મામાં વ્યક્ત બધા તે; ભેદ શક્તિ—વ્યક્તિમાં. દેજો૦

ભવ-દવ પીડે ક્યાં સુધી આ? જ્યાં સુધી હું ના નાહ્યો,
જ્ઞાનસુધા-સાગરમાં પ્રીતે; મર્મ હવે સમજાયો. દેજો૦

સુર, નર, નારક કે નહિ તિર્યગ્, પણ હું તો સિદ્ધાત્મા,
કર્મ-કપટ આ જાણી લીધું, બનું પ્રગટ પરમાત્મા. દેજો૦

અનંત દર્શન-જ્ઞાન-વીર્ય હું પરમાનંદસ્વરૂપી;
કર્મરૂપ વિષ-વૃક્ષ મૂળથી નથી ઊખડ્યું અદ્યાપિ! દેજો૦

નિઃસ્પૃહ બાહ્ય પદાર્થોથી થઈ નિજ સામર્થ્ય જગાવું,
ચિદાનંદ મંદિરમાં પેસી સ્વરૂપ-સ્થિતિ ન ડગાવું. દેજો૦

યથાર્થ આત્મસ્વરૂપનો નિર્ણય આજ જ હું કરવાનો,
છેદી અવિદ્યા-જાળ અનાદિ કર્મ-જયી બનવાનો. દેજો૦

રાગાદિ દોષો તજી સર્વે ધીર પ્રતિજ્ઞા ધારે,
અચલ રહે તે ધર્મધ્યાનમાં ઉત્તમ શુક્લ પ્રકારે. દેજો૦

જ્ઞાનીનાં વચનોનો આશય મુખ્યાધાર ગણાયો,
ઠેઠ બારમા ગુણસ્થાનક તક, પછી બને જિનરાયો. દેજો૦

---

* અવિદ્યારૂપી મગરને મુખે

પ્રવર્તાવતાં આત્મવીર્ય કે *સમેટી સ્થિર થતાં યે,
જ્ઞાનીની આજ્ઞાના લક્ષે વિચારવું બહુ જોયે. દેજો૦

વીરપણું બે ભેદે ભાખ્યું : કર્મ, અકર્મ સ્વરૂપે,
પ્રમાદને પ્રભુ કર્મ કહે છે, અન્ય જ આત્મસ્વરૂપે. દેજો૦

ધર્મ-વિમુખ પ્રમાદી જીવનું વીર્ય અપંડિત જાણો,
શસ્ત્ર-શાસ્ત્ર, હિંસા-યજ્ઞાર્થે, વર્તન હેય પ્રમાણો. દેજો૦

કામભોગ અર્થે કરી માયા સુખભ્રાન્તે દુખ રળતા,
અસંયમી તન-મન-વચને જીવ-વધ કરી ભવદવ બળતા. દેજો૦

અવિવેકી વીર રાગાદિકથી વૈરે વૈર વધારે,
પાપ અનંત કરી પીડાતા, સકર્મ વીર્ય પ્રકારે. દેજો૦

જે અબુદ્ધ મહાભાગ્યશાળી અ-સમ્યક્‌દૃષ્ટિ વીરો,
અશુદ્ધ પરાક્રમ સફલ તેમનું, મુકાય આત્મા ગીરો. દેજો૦

જે પ્રબુદ્ધ મહાભાગ્યશાળી સમ્યક્‌દૃષ્ટિ વીરો,
શુદ્ધ પરાક્રમ અફલ તેમનું, અબંધ આત્મા-હીરો. દેજો૦

પંડિત વીર્ય અકર્મ કહ્યું, તે કેમ પ્રવર્તે સુણો :
નિર્દૂષણનર-કથિત ધર્મને શરણે ગ્રહતાં ગુણો. દેજો૦

અનિત્ય સમજે દેવાદિક વળી સુખદ ન સગાંસંબંધી,
તજી મમતા લે મોક્ષમાર્ગ તે કરે પુરુષાર્થ અબંધી. દેજો૦

પાપકર્મરૂપ કાંટા કાઢે સત્પુરુષોથી જાણી,
આત્મહિતનો ઉપાય સમજી, પાળે ઊલટ આણી. દેજો૦

જાતિ-સ્મૃતિ આદિથી જાણી કે ધર્મસાર સુણી ધારે,
મુનિપણું સમ્યક્‌ત્વ સહિત તો જીવને તે ઉદ્ધારે. દેજો૦

* પાઠા૦ સંકુચિત કરતાં યે

જેમ કૂર્મ સંકોચે અંગો સ્વદેહમાં તે રીતે,
પંડિત પાપોને સંહરતા અધ્યાત્મભાવે પ્રીતે. દેજો૦

સર્વ પ્રકારે સુખશીલતાનો ત્યાગ કરે મુમુક્ષુ;
સર્વ કામના શાંત કરી તે અનાસક્ત રહે ભિક્ષુ. દેજો૦

અતિ પુરુષાર્થી મોક્ષમાર્ગનો ધર્મ-વીર મહાભાગી,
છકાય જીવને અભય-દાન દે અદત્તગ્રહણે ત્યાગી. દેજો૦

કદી કરે વિશ્વાસઘાત નહિ, અસત્યનો પણ ત્યાગી,
ધર્મ ન ઓળંગે મન, વચને જિતેન્દ્રિય, વૈરાગી. દેજો૦

સર્વ પ્રકારે રક્ષે આત્મા ધ્યાનયોગ ચિર ધારે,
પરમ ધર્મ તિતિક્ષા માને, સુયત્નો અલ્પાહારે. દેજો૦

અલ્પ પાન ને વચન-અલ્પતા, મોક્ષ થતાં સુધી પાળે,
કીર્તિ કાજે તપ ના કરતા, અંતર્મુખ મન વાળે. દેજો૦

શરણ અનન્ય ગ્રહી મુમુક્ષુ શુદ્ધ સ્વરૂપને ધ્યાવે,
અંતર્-આત્મદશા ઉપજાવી તન્મયતા પ્રગટાવે. દેજો૦

સ્વરૂપ સ્વભાવિક પરમાત્માનું જાણે તે જન સુખી,
બહિરાત્મા તે કદી ન જાણે, ક્ષણમાં અંતર્મુખી. દેજો૦

પરમાણુથી પણ જે સૂક્ષ્મ, ગગન થકી જે ગરવા,
જગત્પૂજ્ય સિદ્ધાત્મા વંદું, સહજ સુખ અનુસરવા. દેજો૦

જેના અંતિમ અંશ થકી પણ લોકાલોક પ્રકાશે,
તે ત્રિલોક-ગુરુ-જ્ઞાને રમતાં તદ્રૂપ આ જીવ થાશે. દેજો૦

તેના ગુણગ્રામે રંગાતાં *અભેદતા જ્યાં જામે,
ત્યાં આત્માથી આત્મા જીતે પ્હોંચે સિદ્ધિ-ધામે. દેજો૦

* પાઠા૦ મન તેમાં લય પામે

વીર પ્રશંસાપાત્ર ખરો જે છોડાવે બદ્ધોને,
છે ભૂમિ આ મુક્તિવીરોની, સદાય કટિબદ્ધો જે. દેજો૰

સર્વત્ર સમજી જે ચાલે, પાપે ના લેપાતો,
બુદ્ધિમાન બંધનથી છૂટવા, રુષ્ટતુષ્ટ નહિ થાતો. દેજો૰

આત્મવિભાવ જ લૌકિક સંજ્ઞા, રહે ન વીર વશ તેને,
વીર પરાક્રમ ત્યાં વાપરતા, લોકવિજયી કહે એને. દેજો૰

વીર અરતિ-રતિને ત્યાગીને સહે શબ્દ, સૌ સ્પર્શો;
નહિ તૃષ્ણા જીવ્યાની જેને, ખંખેરે સૌ ક્લેશો. દેજો૰

ત્યાગે વીર આશા, સ્વચ્છંદો, પરિભ્રમણના હેતુ,
આત્મ-શાંતિ ને મરણ વિચારે, નરદેહ જ ભવસેતુ. દેજો૰

ધ્રુવપદ, શુદ્ધ સ્વરૂપ જે ઇચ્છે, ક્ષણિક ભોગ ના માગે;
કામગુણો ઓળંગી તે રહે ભોગ વિષે વૈરાગ્યે. દેજો૰

વિષય-કષાયે અતિ મૂઢ જે સત્ય શાંતિ શું જાણે?
**વીર** પ્રભુ કહે : 'મોહનગરમાં ઠગાય તે શું માણે?' દેજો૰

પાણી ભરેલી રહે ન ચાળણી, અનિત્ય તેવા ભોગો,
જન્મ-મરણની રેંટમાળ તજી સાધે વીર સુયોગો. દેજો૰

☆
☆☆

# ૬૭

# સદ્‌ગુરુ-સ્તુતિ

(દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યે રત્નપ્રભા સમ જાણો રે—એ રાગ)

★

શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ જ્ઞાની-શરણે મુજ હિત સાધું રે,
ભવ ભમતાં અતિ કષ્ટે પામ્યો ચરણ શરણ આરાધું રે. શ્રીમદ્૦

વંદન, સેવન, કીર્તન, પૂજન, શ્રવણ, મનન શુભ ભાવે રે,
લઘુતા, સમતા, ધ્યાન, એકતા, ભક્તિ-ભાવ ઉર આવે રે. શ્રીમદ્૦

ભવસાગરમાં ડૂબકાં ખાતાં પુણ્યહીન આ પ્રાણી રે,
નિજ દુખને ના લેશ સમજતાં પીવે ખારાં પાણી રે. શ્રીમદ્૦

સંસાર-સ્વરૂપ સમજાવે સદ્‌ગુરુ કરુણા ઉરમાં આણી રે,
પોતે [1]પોત સમા તરી, તારે : સદ્‌ગુરુની એંધાણી રે. શ્રીમદ્૦

મદ્ય-નિશામાં[2] નિજ ઘર ભૂલી ખાળ વિષે આળોટે રે,
અંધો ભાન વિના બકતો બહુ કહે : "સૂતો હું ખાટે રે." શ્રીમદ્૦

સજ્જન સદ્‌ગુરુ ત્યાં થઈ જાતાં ઊભા તેવી વાટે રે,
જગાડતા પોકારી, "ભાઈ, અરે! શ્વાન જો ચાટે રે. શ્રીમદ્૦

જાગ્રત થા રે! આમ આવ તું, આમ આવ પોકારે રે,
ચાલ, ઘેર પ્હોંચાડું ભાઈ, ઊઠ, ઉતાવળ મારે રે. શ્રીમદ્૦

---

૧ વહાણ જેવા  ૨ દારૂના કેફમાં

ક્યાં તુજ સુંદર સેજ અને આ કાદવ-ખરડી કાયા રે,
લાજ તજી આળોટે કેવો! ઊઠ ઉત્તમ કુળ-જાયા રે.''શ્રીમદ્૦

એમ મનોહર વચન કુસુમ સમ કરુણાકર ગુરુ વદતા રે,
કુશળ પુરુષ એ કૃપા-નજરથી વ્યસનોનું વિષ હરતા રે. શ્રીમદ્૦

અસંગ ભાવ નિજ સ્પષ્ટ બતાવી આત્મમાહાત્મ્ય બતાવે રે,
પરમ શાંત રસથી છલકાતું ઉર શાંતિ વરસાવે રે. શ્રીમદ્૦

એવા સદ્ગુરુ સમીપ વસતાં દિનદિન દશા વિચારું રે,
અપૂર્વ ગુણના આદરથી હું ગુરુ-શિક્ષા ઉર ધારું રે. શ્રીમદ્૦

વિષય-કષાય વિદેશ જતા રહે, સ્વપ્ને પણ નહિ દેખું રે,
ઉપશમ રસમાં નિત્યે ન્હાતાં, દેહકેદ નહિ લેખું રે. શ્રીમદ્૦

સદ્ગુરુયોગ વિના સાધુ પણ વિષય-કષાયે કૂદે રે,
નટ સમ નાચે આસક્તિમાં, જરા નહીં ખર્મો ખૂંદે રે. શ્રીમદ્૦

મહા ભયંકર મમતા સેવે, નિજ સ્વરૂપ ન જાણે રે,
કામ-ભોગમાં ચિત્ત પરોવે, પડતા દુર્ગતિ-ખાણે રે. શ્રીમદ્૦

સદ્ગુરુ-યોગે જો સમજી લે શરીર સંયમ કાજે રે,
સમતા સાધે તે જન સાધુ, અવસર આવ્યો આજે રે. શ્રીમદ્૦

સ્વરૂપ સમજી સદ્ગુરુ દ્વારા શમાય તે જગ જીતે રે,
સર્વ શક્તિએ સદ્ગુરુ-આજ્ઞા ઉઠાવશે તે પ્રીતે રે. શ્રીમદ્૦

આત્મજ્ઞાની ગુરુ સમદર્શી છે, ઉદયાધીન જે વર્તે રે,
સત્શ્રુતરૂપ વાણી જે વદતા, જીવે સ્વપર-હિત અર્થે રે. શ્રીમદ્૦

જિતેન્દ્રિય, જિતમોહ, નિરિચ્છક સ્વ-સ્વરૂપમાં રમતા રે,
નિરુપાધિક સુખમગ્ન નિરંતર ભક્તજનોને ગમતા રે. શ્રીમદ્૦

સત્ય સ્વરૂપ તે મુનિપણું છે, મુનિપણું આતમજ્ઞાને રે,
અપ્રમાદી મુનિ નિર્ભય નિત્યે, પ્રમાદ ગમે અજ્ઞાને રે. શ્રીમદ્૦

સંસાર શરીર ને ભોગ ભયંકર મુનિ માને વિજ્ઞાને રે,
કેમ નિરાંતે ટકે મુનિ ત્યાં, રહે ચેતતા ધ્યાને રે. શ્રીમદ્‌૦

નાનાં નયને વ્યોમ સમાયે તારા, રવિ, શશી સાથે રે,
તેમ સમાયે સદ્‌ગુરુપદમાં દેવ, ધર્મ, જિનનાથે* રે. શ્રીમદ્‌૦

સદ્‌ગુરુ સુદેવપદ દર્શાવે, શુદ્ધ ધર્મ સમજાવે રે,
સદ્‌ગુરુ દ્વારા બોધિબીજ લઈ સુશિષ્ય વૃક્ષ જમાવે રે. શ્રીમદ્‌૦

ધર્મવસ્તુ અતિ ગુપ્ત રહી છે—ગ્રંથ ગ્રંથિ નહિ ભેદે રે,
નિર્ગ્રંથગુરુ-અનુગ્રહથી પામે મહાભાગ્ય નિઃખેદે રે. શ્રીમદ્‌૦

સદ્‌ગુરુના ઉપદેશે જો જીવ સુપાત્રતા પ્રગટાવે રે,
તો શીતળતામય શાંતિથી ભવ-સંતાપ બુઝાવે રે. શ્રીમદ્‌૦

પારસમણિનો સ્પર્શ થતાં જો કનક-ગુણ લહે લોઢું રે,
પણ પારસમણિ બની શકે ના, એ અચરજ તો થોડું રે. શ્રીમદ્‌૦

ગુરુ-ભક્તિ **ગૌ**તમમાં ઉત્તમ, શિષ્યોને ઉદ્ધરતા રે,
પોતે કેવળજ્ઞાન-રહિત પણ શિષ્યો કેવળ વરતા રે! શ્રીમદ્‌૦

પથ્થર સમ શિષ્યો અથડાતા, ગુરુ-કારીગર મળતાં રે,
બોધ-ટાંકણે નિત્ય ઘડાતાં, પ્રતિમા-સ્વરૂપે ભળતાં રે. શ્રીમદ્‌૦

પૂજ્યપદે જ્યાં થઈ સ્થાપના, દેવરૂપે રહે કેવા રે!
દેવ-ભાવ પ્રગટાવે સદ્‌ગુરુ દેવ-દેવરૂપ એવા રે. શ્રીમદ્‌૦

ઉદાસીનતા સેવી નિરંતર ગુરુભક્તિમાં રહેવું રે,
ચરિત્ર સત્પુરુષોનાં સ્મરવાં, ગુરુ-ગુણે મન દેવું રે. શ્રીમદ્‌૦

મુખાકૃતિ અવલોકવી ઉરે, તન-મન-વચનની ચેષ્ટા રે,
અદ્‌ભુત રહસ્યભરી ગણી ભાવો ગુરુ-સંમતિ-મતિ શ્રેષ્ટા રે. શ્રીમદ્‌૦

---

* જિનનાથ પણ

મુક્તિ માટે માન્ય રાખજો, જ્ઞાનીએ ઉર રાખ્યું રે,
સર્વ સંતના અંતરનો આ મર્મ પામવા દાખ્યું રે. શ્રીમદ્૦

વિદ્યમાન ગુરુ જ્ઞાની મળતાં અવિચળ શ્રદ્ધા આવે રે,
તો સઘળું આ ઉર ઉતારી ભક્તિભાવ જગાવે રે. શ્રીમદ્૦

ગિરિ-ગુફાનું ગહન અંધારું દીવો થતાં દૂર થાશે રે,
સદ્ગુરુ-બોધ ઉરે પરિણમતાં અજ્ઞાન અનાદિ જાશે રે. શ્રીમદ્૦

જન્મ-મરણ રૂપ ગહન નદીમાં ઘણો તણાતો આવ્યો રે,
ગુરુ પરમકૃપાળુ શિખા ગ્રહી ખેંચી લે તો ફાવ્યો રે. શ્રીમદ્૦

તટ નિકટ આ નરભવ દુર્લભ, પૂર્વ પુણ્યથી પામ્યો રે,
સદ્ગુરુયોગ અચાનક મળતાં ખટપટથી વિરામ્યો રે. શ્રીમદ્૦

અપૂર્વ બોધકર લંબાવી ગુરુ ભવજળથી ઉદ્ધારે રે,
પરાધીનતા પરી થાય સૌ, ગુરુ-કૃપા-દૃષ્ટિ તારે રે. શ્રીમદ્૦

જેમ જેમ સદ્ગુરુ ઓળખાયે, જાય અનંતાનુબંધી રે,
બોધબળે મિથ્યાત્વ હણાયે, થાય સુદૃષ્ટિ-સંધિ રે. શ્રીમદ્૦

નિજ સ્વરૂપ સમજાતાં સમ્યક્, વિકથાથી કંટાળે રે,
ભોગવિલાસથી વૃત્તિ આળસે, ગુરુ-આજ્ઞા તે પાળે રે. શ્રીમદ્૦

ગુરુ ઓળખાતા ઘટ-વૈરાગ્યે, વૈરાગ્ય વધે સુયોગે રે,
સદ્ગુરુ-યોગે સત્જિજ્ઞાસા મુમુક્ષુતા સહ જાગે રે. શ્રીમદ્૦

અનિત્ય આદિ બાર ભાવના સહ સદ્વર્તન સુલભ રે,
સદ્ગુરુનો જો યોગ થયો તો આત્મજ્ઞાન નથી દુર્લભ રે. શ્રીમદ્૦

સદ્ગુરુ પ્રત્યે પ્રેમ ન જાગે, સદ્બોધે નહિ રાચે રે,
ગુરુવચનના આશય પ્રત્યે પ્રીતિ-ભક્તિ ના વાધે રે—શ્રીમદ્૦

તો ના આત્મવિચાર ઊગે કદી પરમાં રહે આસક્તિ રે,
પર-વ્યાપારે પરાધીન બની પરની કરશે ભક્તિ રે. શ્રીમદ્૦

સદ્ગુરુયોગે જીવ વિચારે : ''સાધન આજ સુધીનાં રે
લક્ષ વિનાના બાણ સમાં સૌ નિષ્ફળ હતાં કુ-ધીનાં રે. શ્રીમદ્૦

અપૂર્વ સદ્ગુરુયોગે સઘળાં સાધન સફળ થવાનાં રે,
લાગ ન ચૂકું હવે પ્રમાદે, કાઢું નહિ કોઈ બા'નાં રે. શ્રીમદ્૦

ઊંડું અંતરમાં વિચારી દૃઢ પરિણામ ટકાવી રે,
જાગ્રત થઈને જાગ્રત રહું હું, સત્પુરુષાર્થ જગાવી રે. શ્રીમદ્૦

અપૂર્વ ફળ મળવાના યોગે પાછી પાની ન ધારું રે,
અંતરાય કરનારાં કારણ શોધી શોધી નિવારું રે.''શ્રીમદ્૦

'હું જાણું છું' એ અભિમાને રખડ્યો કાળ અનાદિ રે,
કુળધર્મ ને ચાલુ ક્રિયા લોક-લાજ સહ નાથી રે. શ્રીમદ્૦

સત્પુરુષોની ભક્તિ આદિક લૌકિક ભાવે કરવાં રે,
પંચ વિષયરૂપ કર્મ જ્ઞાનીનાં દેખી તે અનુસરવાં રે. શ્રીમદ્૦

ઇત્યાદિ વિઘ્નો વિચારી મુમુક્ષુ-જન ટાળે રે,
અનંતાનુબંધી ભાવો એ જ્ઞાન-વિચારે ગાળે રે. શ્રીમદ્૦

ધન, સંબંધી, ગામ, ધરાદિક તજી અનેક પ્રકારે રે,
આ અભિમાન, મમત્વ, વાસના ભવ-બીજ કેમ વધારે રે ? શ્રીમદ્૦

ઉદાસીનતા સદ્ગુરુની કો ભક્તિમાન જીવ જાણે રે,
કોઈ પદાર્થ પ્રતિ રુચિ ના રહી, સમતા મનમાં આણે રે. શ્રીમદ્૦

જગત તણી વર્તે વિસ્મૃતિ પ્રભુ-પ્રેમ-ખુમારી જાગી રે,
દેહધારી છે કે નહિ તે પણ ભૂલી જતા મહાભાગી રે. શ્રીમદ્૦

સત્સંગી, સન્મુખ જીવોના યોગ વિના ઉદાસી રે,
કોઈ વિમુખ જગમાં ના માને વિષયાદિથી નિરાશી રે. શ્રીમદ્૦

શૂન્યપણે વર્તે ઇન્દ્રીગણ, હૃદય શૂન્ય સમ ભાસે રે,
ઠેકાણું નહિ ખાનપાનનું, પ્રતિબંધથી ત્રાસે રે. શ્રીમદ્૦

પૂર્ણ ઘેલછા એક પ્રકારે, જગ-જનથી છુપાવે રે,
મનમાનતી ઉદાસીનતા નથી એમ મન લાવે રે. શ્રીમદ્‌૦

આમ કર્યાથી અખંડ ખુમારી પ્રવહે નિશ્ચય એવો રે
જાણી ગુપ્તપણે આરાધે; નરભવ-લ્હાવો લેવો રે. શ્રીમદ્‌૦

જનકવિદેહી જ્ઞાનદશા લહી માયા દુસ્તર તરતા રે,
સહજ ઉદાસીનતા હતી તોપણ દુરંત પ્રસંગે ડરતા રે. શ્રીમદ્‌૦

જલધિમાં તોફાને ડોલે નાવ કુશળ નાવિકની રે,
તેમ પરિણતિ ડોલે ત્યાં લે મદદ અષ્ટાવક્રની રે. શ્રીમદ્‌૦

માયાના પ્રત્યેક પ્રસંગે કેવળ ઉદાસ અવસ્થા રે,
સદ્‌ગુરુની રહેતી હોવાથી શરણ તણી બલવત્તા રે. શ્રીમદ્‌૦

પથ્થરના સ્તંભે વીંટાતી વેલ ન પવને હાલે રે,
તેમ શરણ સદ્‌ગુરુનું લેતાં ચંચળ મન ના ચાલે રે. શ્રીમદ્‌૦

આ કળિકાળ વિષમ હોવાથી સ્વરૂપ-સ્થિરતા દુર્ઘટ રે,
જંજાળ અનંતી, અલ્પ જિંદગી અનંત તૃષ્ણા-ખટપટ રે—શ્રીમદ્‌૦

સ્વરૂપસ્મૃતિ સંભવતી નથી ત્યાં; અપ્રમત્ત જો જીવે રે,
તોડી તૃષ્ણા-જાળ સમજથી તો જીવ પહોંચે શિવે રે. શ્રીમદ્‌૦

અનાદિ અવિદ્યા-અભ્યાસે જીવ સ્વરૂપ ભૂલી રમતો રે,
તે જો સદ્‌ગુરુ-સત્સંગે હજી બોધભૂમિ અનુસરતો રે. શ્રીમદ્‌૦

દીર્ઘકાળના અભ્યાસે તો ઉદાસીનતા આવે રે,
સ્વરૂપ-વિસ્મરણ પણ ટાળી તે આત્મલીનતા લાવે રે. શ્રીમદ્‌૦

☆
☆☆

# ૬૮
# પાંચ પરમ પદ વિષે વિશેષ વિચાર

(શ્રી નમિ જિનવર-સેવ ઘનાઘન ઊનમ્યો રે—ઘના૦)

★

શ્રીમદ્ સદ્ગુરુ **રાજ**ને પ્રણમી હું વીનવું રે, પ્રણમી હું વીનવું રે,
સહજ સ્વરૂપે સ્થિતિ પરમ પદ લેખવું રે, પરમ પદ લેખવું રે;
સહજાત્મસ્વરૂપ છે પાંચ પરમ પદ ભેદથી રે, પરમ૦
**વીર** વચન અનુસાર કહું હું ઉમેદથી રે. કહું૦ ૧

દોષ રહિત તે દેવ: રાગાદિક દોષ છે રે, રાગા૦
જ્ઞાનાવરણાદિ કર્મ સહિત સદોષ છે રે; સહિત૦
ક્ષાયિક દર્શન-જ્ઞાન-વીર્ય-સુખ પૂર્ણ જે રે, વીર્ય૦
અનંતચતુષ્ટયયુક્ત અરિહંત દેવ છે રે. અરિ૦ ૨

દિવ્ય ઔદારિક દેહ ઘાતીકર્મ-મુક્ત તે રે, ઘાતી૦
દે દેશનારૂપ ધર્મ ત્રિલોકમાં પૂજ્ય છે રે; ત્રિલોક૦
દેવ-દેવ મહાદેવ જ સુખદ શંકર ગણો રે, સુખદ૦
સર્વ-વ્યાપી જે જ્ઞાન તેથી વિષ્ણુ ભણો રે. તેથી૦ ૩

બ્રહ્મસ્વરૂપે બ્રહ્મા, હરે દુઃખ તે હરિ રે, હરે૦
કર્મ-અરિ જીત્યે જિન, બહુ નામોં ગુણે કરી રે, બહુ૦
વચન-અગોચર તત્ત્વ શ્રુત કહે સ્થૂલને રે, શ્રુત૦
અંગુલિથી જુઓ ચંદ્ર ન પહોંચે મૂળને રે. ન૦ ૪

પ્રથમ પરમગુરુ આપ્ત, નેતા શિવમાર્ગના રે, નેતા૦
તીર્થસ્થાપક સાક્ષાત્, પિતા પરમાર્થના રે; પિતા૦
વીતરાગ ભગવંત અનંત દયા ઘણી રે, અનંત૦
અત્યંત કર્યો ઉપકાર કરું વંદના ઘણી રે. કરું૦ ૫

જે શ્રી તીર્થંકરદેવે સ્વરૂપસ્થ થઈ લહ્યો રે, સ્વરૂપ૦
વક્તવ્યપણે જે રીતે કહાય તેવો કહ્યો રે, કહાય૦
આત્મા અત્યંત યથાસ્થિત, તે દર્શક દેવને રે, તે૦
તજી સૌ અન્ય અપેક્ષા નમું, ચહી સેવને રે. નમું૦ ૬

પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કર્યા થકી રે, વિચાર૦
વિચારોના સરવાળે સત્પુરુષના પ્રતિ રે, સત્પુરુષ૦
જેના વચનથી ભક્તિ હવે ઉત્પન્ન થઈ રે, હવે૦
તે તીર્થપતિ-વચનામૃત નમું શિર પર લઈ રે. નમું૦ ૭

જીવના ઘણાય પ્રકારે વિચાર કર્યા કર્યા રે, વિચાર૦
આત્મારૂપ પુરુષ વિણ જીવ જાણ્યો જાય ના રે, જીવ૦
એવી જ નિશ્ચળ શ્રદ્ધા પ્રગટ જેથી થઈ રે, પ્રગટ૦
તે જિન માર્ગ-બોધને નિત્ય નમું ગ્રહી રે. નિત્ય૦ ૮

જીવનો જ થવા વિચાર વિવિધ પ્રકારથી રે, વિવિધ૦
તે જીવની થવા પ્રાપ્તિ યોગ અનેકથી રે, યોગ૦
કર્યો બળવાન પરિશ્રમ તો ય ન પામિયો રે, તો ય૦
તે જીવ જેથી સહજ જ જાણે આપિયો રે. જાણે૦ ૯

તે જ કહેવાને કાજ વચન-રચના મહા રે, વચન૦
તે તીર્થંકર-ઉદ્દેશ-વચન કેવાં અહા! રે, વચન૦
સહજ નમે મુજ મસ્તક અતિ આભારમાં રે, અતિ૦
ભવ્ય જીવોના આધાર અપાર સંસારમાં રે. અપાર૦ ૧૦

★

વિદેહી દેવ તો સિદ્ધ પરમ શુદ્ધતા ધરે રે, પરમ૦
સહજ, અનંત ગુણવંત ભક્ત અષ્ટ ગુણ સ્મરે રે :— ભક્ત૦
ક્ષાયિક સમ્યક્ત્વ-જ્ઞાન-દર્શન, સુખ-પૂર્ણતા રે, દર્શન૦
પૂર્ણ વીર્ય, અવ્યાબાધ, અગુરુલઘુ, સૂક્ષ્મતા રે. અગુરુ૦ ૧૧

(સર્વ) કર્મ-કલંકરહિત અતીંદ્રિય સુખનિધિ રે, અતીં૦
નિર્વિકારી વીતરાગ ત્રિકાળ અનંત-ધી રે, ત્રિકાળ૦
શુદ્ધ પરમગુરુ, બ્રહ્મ, અ-સંસારી નમું રે, અસંસા૦
વિશ્વશિરોમણિ સ્વામી સ્મરી મુજ મન દમું રે; સ્મરી૦ ૧૨

પુરુષાકારે પ્રદેશો છે સિદ્ધાત્મા તણા રે, છે૦
અનાહારી અશરીરી ધ્યેય એ આપણા રે; ધ્યેય૦
નભસમ નિર્લેપ નાથ, પ્રભુ અપુનર્ભવી રે, પ્રભુ૦
કૃતકૃત્ય, નિરાકુળ, નિત્ય ચહું પદ એ સ્તવી રે. ચહું૦ ૧૩

જેવા થવું હોય તેવી કરો નિત્ય ભાવના રે, કરો૦
સર્વ પ્રદેશે શુદ્ધિ સિદ્ધોની પાવના રે; સિદ્ધો૦
ત્રિકાળ તે જ સ્વરૂપે સ્થિતિ અચળ લહી રે, સ્થિતિ૦
સ્વયંજ્યોતિ, નિરંજનરૂપ, અજર-અમરતા કહી રે. અજર૦ ૧૪

જેવું સિદ્ધોનું સ્વરૂપ તેવું સૌ જીવનું રે, તેવું૦
માત્ર ઔપાધિક ભેદ દૃષ્ટાન્ત સ્ફટિકનું રે; દૃષ્ટાન્ત૦
જાય કર્મજનિત વિભાવ સ્વરૂપ ઉપાસતાં રે, સ્વરૂપ૦
શુદ્ધ સ્વરૂપે સ્થિતિ થતી સિદ્ધ પૂજતાં રે. થતી૦ ૧૫

અસંગ અનામી સ્વરૂપ અનુભવી ઓળખે રે, અનુ૦
સ્વાનુભવી ગુરુમુખથી બોધે જીવ લખે રે; બોધે૦
મુમુક્ષુતા રૂપ નેત્ર સ્વદોષો દેખશે રે, સ્વ૦
સદ્‌ગુરુનું ય સ્વરૂપ યથાર્થ તે લેખશે રે. યથાર્થ૦ ૧૬

★

સદ્‌ગુરુ ત્રિવિધ સ્વરૂપ સૂરિ, પાઠક, મુનિ રે, સૂરિ૦
આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પદવી ત્રણ નામની રે; પદવી૦
સાધુપણે તો સમાન હેતુ એક સર્વનો રે, હેતુ૦
વીતરાગી, પરિગ્રહત્યાગી વળી ત્યાગ ગર્વનો રે. વળી૦ ૧૭

પર વિષે અહંમમકાર તજી, અંતરંગમાં રે,— તજી૦
અનુભવે શુદ્ધ સ્વરૂપ રહી આત્મધ્યાનમાં રે; રહી૦
પર દ્રવ્યાદિ જ્ઞાનમાં ભાસે તે જાણતા રે, ભાસે૦
ઇષ્ટ-અનિષ્ટ તે માની રાગાદિ ન આણતા રે. રાગાદિ૦ ૧૮

હો તન સ્વસ્થ અસ્વસ્થ બાહ્ય નિમિત્ત ઘણાં રે, બાહ્ય૦
તોપણ મુનિએ ન સુખદુખ કારણ તે ગણ્યાં રે, કારણ૦
બાહ્યક્રિયામાં ન ફેર બને તેટલી કરે રે, બને૦
શુભક્રિયાની ન ખેંચ સહજ દશા ધરે રે. સહજ૦ ૧૯

ઉપયોગ બહુ ન ભમાવે ઉદાસીનતા ધરે રે, ઉદાસીન૦
વૃત્તિ નિશ્ચલ રાખવા નિશ્ચય આદરે રે; નિશ્ચય૦
સ્ફુરે કષાય જો મંદ રહે શુભ ભાવમાં રે, રહે૦
ત્યારે ધરે શુભ રાગ સત્સાધન બાહ્યમાં રે. સત્સાધન૦ ૨૦

શુદ્ધતાનો ધરે લક્ષ, ચહે રાગ ત્યાગવા રે, ચહે૦
તીવ્ર કષાય ન થાય હિંસાદિ સાધવા રે; હિંસાદિ૦
અસ્તિત્વ તેનું ન હોય ત્યારે મુનિ-પદ ધરે રે, ત્યારે૦
અશુભ ઉપયોગ ન તેથી મુનિ કદીયે કરે રે. મુનિ૦ ૨૧

તનુસંસ્કાર ઇત્યાદિ વિક્રિયા રહિત તે રે, વિક્રિયા૦
વનખંડાદિમાં વાસ પરીષહો સૌ જીતે રે; પરી૦
મૂળગુણ અખંડિત પાળે, તપે તનુ અતિ દહે રે, તપે૦
ધ્યાનમુદ્રા કદી ધારી પ્રતિમાવત્ સ્થિર રહે રે. પ્રતિમા૦ ૨૨

તનુ મુનિધર્મ-સહાયી ગણી ભિક્ષાર્થે ફરે રે, ગણી૦
આહાર, વિહાર, નિહાર નિયમિત તે કરે રે; નિય૦
છે રત્નત્રય દ્વિવિધ ઉપાદેય સર્વને રે, ઉપાદેય૦
ચાર આરાધના તુલ્ય જીતે ક્રોધાદિને રે, જીતે૦ ૨૩

ભેદનો ભેદ ટળ્યાથી દ્વન્દ્વાતીત મુનિદશા રે, દ્વન્દ્વા૦
યથાશક્તિ ધર્મમૂર્તિ થવા પ્રયત્ને વસ્યા રે; થવા૦
સૌને વેષાદિક એક ઉરે તીર્થ-નાથ છે રે, ઉરે૦
ધરે જિનાગમ-અભ્યાસ, વાણી સ્યાદ્વાદ છે રે, વાણી૦ ૨૪

આત્મદૃષ્ટિથી દેખતા રંક કે રાયને રે, રંક૦
મુખ્યપણે નિર્વિકલ્પ સ્વરૂપે મગ્ન તે રે; સ્વરૂપે૦
તો ય કદી ધર્મલોભી જીવોને નીરખી રે, જીવોને૦
દયા થતાં રાગ-ઉદયે, જગાડે બોધથી રે. જગાડે૦ ૨૫

સમ્યક્ જ્ઞાનાદિ અધિક લખી સૂરિપદ દીધું રે, લખી૦
તે સંઘપતિ આચાર્ય મનાય તેનું કીધું રે; મનાય૦
તે દે દીક્ષાનું દાન, દીધી દીક્ષા છેદતા રે, દીધી૦
આચાર પાળી પળાવે, પ્રાયશ્ચિત્ત આપતા રે. પ્રાય૦ ૨૬

ધર્મ-આદેશ-ઉપદેશ કહ્યું કામ સૂરિનું રે, કહ્યું૦
ન સંઘ-પોષણ ઉપકાર કાર્ય ધર્મ-ધોરીનું રે; કાર્ય૦
જ્યાં સુધી લૌકિક કામ સૂરિ કરે મોહથી રે, સૂરિ૦
ત્યાં સુધી નથી આચાર્ય અંતર્વ્રત-ત્યાગથી રે. અંત૦ ૨૭

સૂરિ તીર્થપતિને સ્થાન, ધરે વીતરાગતા રે, ધરે૦
રવિ આથમતાં આધાર દીપ પ્રકાશતા રે; દીપ૦
ધર્મવૃત્તિના શાસક ઉન્નતિ અર્પતા રે, ઉન્નતિ૦
વ્રત, તપ, શીલ સંયમ-સાર આચાર્યની અર્હતા રે. આચા૦ ૨૮

★

આચાર્ય સમ ઉપદેશ કરે ઉપાધ્યાય જે રે, કરે૦
પણ ન દે કદી આદેશ કરે સ્વાધ્યાય તે રે; કરે૦
કરી શ્રુતનો અભ્યાસ ભણાવે સુશિષ્યને રે, ભણાવે૦
સ્યાદ્વાદ-વાદી નિપુણ જણાવે રહસ્યને રે. જણાવે૦ ૨૯

પ્રશ્નો તણું સમાધાન મનોહર આપતા રે, મનો૦
શબ્દબ્રહ્મે સર્વજ્ઞ સૂત્ર-અર્થ સ્થાપતા રે; સૂત્ર૦
ગુરુગમથી જાણી અર્થ મધુર વ્યાખ્યા કરે રે, મધુર૦
સર્વ સાધારણ ધર્મો મુનિના તે ધરે રે. મુનિના૦ ૩૦

★

આત્મસિદ્ધિને અર્થે સુદૃષ્ટિ, ભક્તિ ધરી રે, સુદૃષ્ટિ૦
સાધે સાધુ સુધર્મ-ચારિત્ર અંગીકરી રે; ચારિત્ર૦
સાધુ કહે નહિ કાંઈ, ઇશારે ન દાખવે રે, ઇશારે૦
કર, ચરણાદિથી કાંઈ, મને નહિ ચિંતવે રે. મને૦ ૩૧

શુદ્ધ સ્વરૂપનું ધ્યાન એકાગ્ર મને ધરે રે, એકાગ્ર૦
બાહ્ય-અભ્યંતર વૃત્તિ તણો ઉપશમ કરે રે; તણો૦
તરંગરહિત વારિધિ સમાન પ્રશાંત તે રે; સમાન૦
નહિ ઉપદેશ-આદેશ વિષે અલ્પ પણ વદે રે. વિષે૦ ૩૨

સ્વર્ગ-મોક્ષ-માર્ગ અર્થે વિવાદ ન આદરે રે, વિવાદ૦
તો વિકથાની શી વાત? જે ભવ-હેતુ ધરે રે; જે૦
વૈરાગ્યની પરાકાષ્ઠા સાધુપદમાં વસે રે, સાધુ૦
નિર્દોષ, યથાજાત વેષ, દિલે દયા ઉલ્લસે રે. દિલે૦ ૩૩

બાહ્ય-અભ્યંતર ગ્રંથિ રહિત નિર્ગ્રંથ તે રે, રહિત૦
તપ-કિરણોની શ્રેણિથી દહે કર્મવૃન્દને રે; દહે૦
ઉપસર્ગ-પરિષહ જીતતા રતિ અતિ સંયમે રે, રતિ૦
લેતા તો ભિક્ષા શુદ્ધ નિયમોથી મન દમે રે. નિયમો૦ ૩૪

★

સાધુ સમાન આચાર્ય ઉપાધ્યાય આચરે રે, ઉપા૦
આત્માનુભવ, શુદ્ધ ભાવ મુમુક્ષુતા સૌ ધરે રે; મુમુક્ષુ૦
ભેદો જણાય જે અલ્પ તે બાહ્ય-પ્રધાનતા રે, તે૦
અંતરની મૂૅળ શુદ્ધિ, તેમાં તો સમાનતા રે, તેમાં૦ ૩૫

જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ પરિણામ ભેદથી રે, પરિ૦
ભેદાનુભેદ અનેક અપેક્ષા વિશેષથી રે; અપેક્ષા૦
કોઈ આચાર્ય ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કદી ધરે રે, વિશુદ્ધિ૦
જઘન્ય, મધ્યમ વિશુદ્ધિ ફરી વળી આદરે રે. ફરી૦ ૩૬

સંજ્વલન કષાય જ હેતુ ન ઉપદેશાદિ ગણો રે, ન૦
બાહ્ય નિમિત્ત ન મુખ્ય, કર્મોદય મૂૅળ ભણો રે; કર્મો૦
બાહ્ય કારણ કહે કોઈ કર્મ-ઉદય તણું રે, કર્મ૦
મોહથી સૂૅરિપદ જે ચહે તેને જ તેમ ગણ્યું રે. તેને૦ ૩૭

ઇચ્છા વિના ઉપદેશ કેવી રીતે બને રે? કેવી૦
સંસારી ઇચ્છા ન હોય—યશાદિ મળે મને રે; યશાદિ૦
ભવહેતુ નિદાન થાય કહી તેને વાસના રે, કહી૦
ધર્મ-કાર્યે મનોવૃત્તિ તે ઇચ્છા-ભાસના રે. તે૦ ૩૮

☆
☆☆

## ૬૯
# અવિરતિ

(રાગ : હરિની માયા મહાબળવંતી, કોણે જીતી ન જાય જોને,
જોગીને તો જોતી હીંડે, ભોગીને તો ખાય જોને)

★

વંદું શ્રી ગુરુ **રાજ**પ્રભુને, અહો! અલૌકિક જ્ઞાન જોને,
તીવ્ર જ્ઞાન-દશામાં ક્યાંથી અવિરતિ પામે સ્થાન જોને?
ભાન ભુલાવે તેવી ભીડે જાગ્રત શ્રી ગુરુ **રાજ** જોને,
બીજા **રામ** સમા તે માનું સારે સૌનાં કાજ જોને. ૧

દર્શનમોહે જીવ ના જાણે શુદ્ધ સ્વરૂપનો સ્વાદ જોને,
દર્શનમોહ જતાં જીવ પામે સ્વરૂપ-સુખ આસ્વાદ જોને;
દર્શનમોહની સાથે જાયે ઘાતક પ્રથમ કષાય જોને,
અનંતાનુબંધી જતાં સૌ કર્મો નિર્બળ થાય જોને. ૨

તેમ થવા વૈરાગ્ય વધારો ઉપશમ કરો કષાય જોને,
સદ્‌ગુરુબોધે વિચાર જાગે તો સ્વરૂપ ઓળખાય જોને.
અવિરતિ સમ્યગ્દૃષ્ટિ સારો, વા સાધુ વિરતિવંત, જોને?
બાહ્ય વેશને લોકો માને, ગણતા પૂજ્ય, મહંત જોને– ૩

વિચારવાન વિચારી જુએ–શાથી ભવદુઃખ જાય જોને?
વિરતિધારીને પુણ્યકમાણી, નહીં નિર્જરા થાય જોને;
સમ્યગ્દૃષ્ટિ અવિરતિ તો યે કર્મોથી મુકાય જોને,
જ્ઞાન અને વૈરાગ્ય વડે તે કર્મ કાપતો જાય જોને. ૪

સર્વ વિરતિ મુનિજન ધારે, દેશવિરત ગૃહી ધાર જોને,
યથાશક્તિ પ્રતિમારૂપ કે વ્રતધારણ વિચાર જોને;
વૃત્તિ રોકવા વ્રત આદરવાં, નહિ જનરંજન કાજ જોને,
પાપવૃત્તિને પ્રથમ રોકવી ભવ તરવા ધરી દાઝ જોને. ૫

પાંચ પ્રકારે પાપ પ્રકાશે અવિરતિની ધૂન જોને,
હિંસા, મૃષાવાદ ને ચોરી પરિગ્રહ સહ મૈથુન જોને;
બાર પ્રકારે કોઈ પ્રકાશે અવિરતિરૂપ આચાર જોને,
પાંચ ઇન્દ્રિય ને મન નહિ રોકે આત્મઘાત વિચાર જોને. ૬

પૃથ્વી-જળ-તેજ-વાયુ-કાય ને વનસ્પતિરૂપ જીવ જોને,
એ એકેન્દ્રિય પાંચ પ્રકારે, વળી હણે ત્રસ જીવ જોને;
બે-ઇન્દ્રિય ત્રણ-ઇન્દ્રિયધારી વળી ચઉ-પંચેન્દ્રિય જોને,
એ ચારે ત્રસ એક પ્રકારે; સ્થાવર એકેન્દ્રિય જોને. ૭

પરજીવ પ્રત્યે દયા ધરે તે બાહ્યવ્રત ધરનાર જોને,
અંતર્‌વ્રતી તો કષાય ટાળે, આત્મકૃપા તે સાર જોને;
અવિરતિનું કારણ જોતાં જડે કષાયો બાર જોને :
*પ્રથમ કષાય, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની ધાર જોને. ૮

ધોરી મૂળ મિથ્યાત્વ ગણ્યું છે, કષાય-પ્રેરક તેહ જોને,
ભજવા યોગ્ય ભુલાવી દે તે, મૃગજળ પાતું એહ જોને;
જેમ ગોપી માખણ સંતાડે, સૌને દેતી છાશ જોને,
છાશ દૂધ સમ, જગજન માને, માખણ કોઈક પાસ જોને. ૯

મિથ્યાત્વ-મતિ મથી માખણ કાઢે સત્પુરુષ બળવાન જોને,
સમ્યગ્દર્શન માખણ મીઠું ભોગવતા ભગવાન જોને.
સમ્યગ્દર્શન-જ્ઞાનની સાથે સ્વરૂપ-ચરણ ચારિત્ર જોને,
આત્માનુભવ રૂપ રહે છે, અવિનાભાવી મિત્ર જોને. ૧૦

* અનંતાનુબંધી

ટગમગ પગ ના પ્રથમ ટકે જો બળ વધતાં દે દોટ જોને,
પ્રથમ તેમ સમ્યગ્દૃષ્ટિને રહે સ્થિરતા-ખોટ જોને;
સમ્યક્દર્શન-જ્ઞાન પછી જો ટાળે નહીં પ્રમાદ જોને,
વંધ્ય-તરુ-ઉપમા તે પામે નહિ શાંતિનો બહુ સ્વાદ જોને. ૧૧

ચોથા ગુણસ્થાનક સુધી છે અવિરતિનું રાજ્ય જોને,
ચારિત્ર-રવિ-કિરણ ચોથામાં થાય ઉષામાં કાજ જોને,
સૂર્યોદય ના સ્પષ્ટ જણાતો, તેમ સ્વરૂપ-ચારિત્ર જોને,
અનંતાનુબંધી જાતાં છે; પણ નહિ વ્રત-સુમિત્ર જોને. ૧૨

ગણના પંચમ ગુણસ્થાનેથી વિરતિની શરૂઆત જોને,
પૂર્ણ અયોગી ગુણસ્થાને તે; મુક્તિ ત્યાં સાક્ષાત્ જોને.
કર્મક્લેશ શૈલેશી-યોગે ટળતાં પૂર્ણ વિરામ જોને,
યોગથી ચંચળતા ત્યાં સુધી અવિરતિનું નામ જોને. ૧૩

કષાય કારણ અવિરતિનું ટળે દશમ ગુણ-સ્થાન જોને,
યથાખ્યાત ચારિત્ર ગણ્યું ત્યાં, ક્યાં અવિરતિ-નિદાન જોને?
સામાન્યપણે તો વાત ખરી એ, પણ આ સૂક્ષ્મ વિચાર જોને,
પૂર્ણ દર્શન - જ્ઞાન - ચારિત્રે મોક્ષ ઘટે નિર્ધાર જોને. ૧૪

ત્રણે તેરમે પૂર્ણ ગણો તો મોક્ષ ન થાય વિચિત્ર જોને,
ક્ષીણમોહ ગુણ-સ્થાને છે તો યથાખ્યાત ચારિત્ર જોને;
તે ચારિત્ર યોગ-સંયોગે ગણાય હજી અપવિત્ર જોને,
શૈલેશી-કરણે યોગોની સ્થિરતા પૂર્ણ પવિત્ર જોને. ૧૫

રત્નત્રયી ત્યાં પૂર્ણ થઈ કે મોક્ષ તણી નહિ વાર જોને,
પૂર્વપ્રયોગાદિક હેતુથી સિદ્ધાલય - સંચાર જોને;
ચોથા ગુણસ્થાનકથી માંડી ચૌદમે ગુણસ્થાન જોને,
સ્વરૂપ-સ્થિરતા વધતી જાતી, પૂર્ણ થતાં ભગવાન જોને. ૧૬

☆
☆☆

# ૭૦

# અધ્યાત્મ

(રાગ : વિહરમાન ભગવાન સુણો મુજ વિનતિ,
જગતારક જગનાથ અછો ત્રિભુવનપતિ.)

★

**રાજચંદ્ર** ભગવાન અધ્યાત્મ-યુગપતિ,
તવ ચરણે સ્થિર ચિત્ત રહો, મુજ વિનતિ;
પ્રણમું ધરી ઉલ્લાસ હૃદયમાં આપને,
આપની ભક્તિ અમાપ હરે ભવ-તાપને. ૧

આગમ=વસ્તુ સ્વભાવ, અધ્યાત્મ=સ્વરૂપ છે,
જીવ સંબંધી બેય સદા સંસારીને.
આગમ કર્મસ્વરૂપ, અપર શુદ્ધ ચેતના;
દ્રવ્ય, ભાવરૂપ કર્મ; દ્રવ્ય જડ-વર્ગણા. ૨

ભાવકર્મ=વિભાવ, તે કર્મ-નિમિત્તથી,
આગમરૂપ એ બેય ગણાય સુશાસ્ત્રથી;
ગણો દ્રવ્ય ને ભાવ ભેદ અધ્યાત્મના,
દ્રવ્યરૂપે જીવત્વ, જ્ઞાનાદિ ભાવ આ. ૩

જડ-યુગમાં અધ્યાત્મ વિલુપ્ત સમાન છે,
પરમાર્થે જ અજાણ જીવ ધરે માન તે;
જ્ઞાની ઘણા ય ગણાય, સ્વરૂપ ન ઓળખે,
નહિ અલૌકિક ભાવ, ગુણ દોષને લખે. ૪

પાંચ મહાવ્રતધારી કહેલી કરે ક્રિયા,
આગમનો અભ્યાસ, અનાદિ રુચિ પ્રિયા;
અશુભ તજી કરે શુભ ક્રિયા નિશ-દિન એ,
શુભ ભાવોને શુદ્ધ અજાણે લેખવે. ૫

ગૃહસ્થોને સ્ત્રી-પુત્ર સંસાર-વૃદ્ધિ દે,
પંડિતોને ગ્રંથ અધ્યાત્મ વણ, વદે.
માત્ર અધ્યાતમ શાસ્ત્ર મુમુક્ષુ આદરે,
કરીં બહુ વાર વિચાર, કહેલું તે કરે. ૬

જે તરવાનો કામી તેને પણ શીખવે,
જ્ઞાન-પ્રદાન મહાન, સ્વહિત તે લેખવે;
મિથ્યાત્વરહિત ભાવ, ક્રિયા આત્માર્થની—
જ્ઞાની કહે અધ્યાત્મ; કૂંચી સૌ યોગની. ૭

દાન્ત, શાન્ત, વળીં ગુપ્ત, મોક્ષાર્થી સમકિતી,
અધ્યાત્મ-ગુણ કાજ કરે નિર્દંભ કૃતિ;
દંભ જ્ઞાનાદ્રિ-વજ, દુઃખોને નોતરે,
મહાવ્રતોનો ચોર, મુમુક્ષુને છેતરે. ૮

જેમ જહાજે છિદ્ર ડુબાડે અધવચે,
અધ્યાત્મ-રત-ચિત્ત જરી દંભ ના રચે;
વિકાર-નદીનો નાથ ક્રોધાદિથી ઊછળે,
વડવાનલરૂપ કામ, ગુપ્ત દુઃખે છળે. ૯

ભવસાગર સમ માન અપાર અનંત એ,
સદ્ગુરુ-બોધ-જહાજ, ચઢી પાર પામજે;
નરભવ અનુપમ લ્હાવ, ન મોહ-મદે ચૂંકો,
અંજલિ-જલ સમ આયુ, હવે મમતા મૂંકો. ૧૦

પ્રિયા-વાણી, વાજિંત્ર, શયન, તન-મર્દને,
સુખ અમૃત સમાન ગણેલું મુજ મને;
સદ્‌ગુરુ-યોગે દૃષ્ટિ ફરી ત્યાં ફરી ગયું,
એક અધ્યાત્મ-ભાવ વિષે રાચતું થયું.* ૧૧

ક્ષણિક પરાધીન સુખ, વિષય-ઇચ્છાભર્યું,
ભવે ભીતિનું સ્થાન, વિષમતા વિષ નર્યું;
સ્વાધીન, શાશ્વત સુખ, અભય નિરાકુળતા,
આધ્યાત્મિક સુખમાંહિ; રહી ના ન્યૂનતા. ૧૨

ભવ-સ્વરૂપ-વિચાર સુવૈરાગ્ય બોધશે,
ભવ-ઇચ્છા-ઉચ્છેદ, સ્વરૂપ-સુખ શોધશે;
વૈરાગ્યથી અધ્યાત્મ પ્રગટી પોષાય છે,
જેમ માતાથી જન્મી શિશુ ઉછેરાય છે. ૧૩

રાગ, દ્વેષ, અજ્ઞાન—હેતુ ભવના ગણ્યા,
'ભવ-હેતુ પ્રતિ ખેદ, વિષયે ન વર્તના
ને સંસાર અસાર ગણ્યે ઉદાસીનતા'—
સદ્‌ગુરુ-બોધને યોગ્ય ગણાય એવી દશા. ૧૪

બોધ-બીજે અધ્યાત્મનો અંકુર ઊગશે,
ત્યાં વૈરાગ્ય યથાર્થ, અધ્યાત્મ પોષશે;
'ગુણસ્થાન ચતુર્થ', કહ્યું 'વિરતિ વિના,
વળી અધ્યાત્મ હોય', પૂછે : 'સમજાય ના.' ૧૫

ગૃહવાસે જિનનાથ, વૈરાગ્યમાં ઝૂલે,
અધ્યાત્મનો એ પ્રતાપ, સંસારી જન ભૂલે;
ભવ-ઇચ્છા-ઉચ્છેદ થયે વિષયે રતિ—
પૂર્વિક પુણ્ય-પ્રતાપ, ઉરે રહી વિરતિ. ૧૬

---

* પાઠાં૦ સ્થિર મન થયું.

મૃગજળ જેવા ભોગ ગણી ગભરાય ના,
ત્યાં જળ-ક્રીડા-ભાવ સુજ્ઞને થાય ના;
ધર્મ-શક્તિ બળવાન હણાય ન ભોગથી,
વાથી દીપ ઓલાય, બળે દવ જોરથી. ૧૭

વિષયોમાં આસક્ત, માખી સમ લીંટમાં
લબદાતો જીવ જેમ, ભૉંનીં માટી ભીંતમાં;
સૂકો માટીનો પિંડ ન ભીંતે ચોટતો,
જીવ અનાસક્ત તેમ ન વિષયે રીઝતો. ૧૮

ભોગ ન ભોગવે તોય કોઈ તો ભોગવે,
ભોગવતો પ્રત્યક્ષ અભોગી તોય એ;
પર-આશ્રય *ચર જેમ કરે પરદેશમાં,
તોય ન તેનો થાય, ફરે પરવેષમાં. ૧૯

જીવ શમાવે કષાય વિષય-વિયોગથી,
સદા રહે વૈરાગ્ય : એ જ રાજ-પદ્ધતિ;
જ્ઞાની નિવૃત્તિરૂપ, અયંત્રિત ઇન્દ્રિયે,
ઉદીરણાથી રહિત, તૃપ્ત; અપવાદ એ. ૨૦

વન-હાથીની જેમ, પરાણે પ્રેરતાં,
ન ઇન્દ્રિયો વશ થાય, કરે બળ રોકતાં;
નીચું લજ્જાથી જોઈ કરે દુર્ધ્યાન જે,
નરકે તે લઈ જાય દંભી સ્વ-આત્મને. ૨૧

સદા સ્વ-પર-ભેદજ્ઞ વૈરાગી જીવ તો,
સદ્‌ભાવે ઉપયોગ ધરીને વંચતો–
ઇન્દ્રિયગણ, રોકાય વિના શ્રમ તે કળે;×
વર્તતાં નહિ વિકલ્પ વૈરાગ્યના બળે. ૨૨

* ગુપ્ત બાતમીદાર (spy, detective) × ચાવીથી

કર્મ-ચાવીવંત યંત્ર સમા અનાસક્ત આ,
લોકાનુગ્રહ-હેતુ જ્ઞાની પ્રવર્તતા,
ઇન્દ્રિયના વિકાર, વિકલ્પો પણ જતા,
અદ્‌ભુત એ વૈરાગ્ય, જ્ઞાની જન ધારતા. ૨૩

મમતા ને અધ્યાત્મ ન સાથે ઘર કરે;
જિજ્ઞાસા, વિવેક વડે મમતા મરે.
મમતાનો ના ત્યાગ, ન સમતા આદરી,
ન તત્ત્વનો જિજ્ઞાસુ, વૃથા દીક્ષા ધરી. ૨૪

વિવિધતા *ધરે કર્મ, દીસે વ્યવહારથી,
શુદ્ધનયે સમતા જ શુભાશુભ-ત્યાગથી;
સ્વગુણે જો એકત્વ-કૂટસ્થ વિચારથી
મન બને આત્મારામ, પ્રખર સમતા કથી. ૨૫

કને રહેલા જીવ જાતિ-વિરોધનાં
તજતા સર્વે વૈર; ટકે કૃત્રિમ ક્યાં?
કરું હું શું વખાણ આત્માર્થી સામ્યનાં?
સ્વર્ગ-મોક્ષ તો દૂર, સામ્ય-સુખ ઉરમાં. ૨૬

સમતા-રસમાં સ્નાન કર્યે સ્મર-વિષ ટળે,
ટળે ક્રોધનો તાપ, ઉદ્ધતતા પણ ગળે;
યમ, નિયમ, તપ, દાન કરો કે ના કરો,
સમતા એક જ નાવ ધરી× ભવજળ તરો. ૨૭

સમતા-આશ્રય માત્ર ધરી **ભ**રતાદિ જે
વિના ક્રિયા કે કષ્ટ, તર્યા ભવ-વારિ તે.
ગિરિ-ગુફા-અંધકાર અનાદિનો જતો,
સમતા-દીપ-પ્રકાશ બધાં કર્મ છેદતો. ૨૮

* પાઠા૦ રચે × પાઠા૦ ગ્રહી

રત્ન-ત્રય ફળ પામી, લે ભાવ-જૈનતા,
સમતાના ધરનાર સિદ્ધિ-પદ પામતા;
આત્માનું ગૂઢ તત્ત્વ તો સર્વોપરી કહ્યું,
સમતા-ઉદ્યમથી જ અધ્યાતમ-પદ લહ્યું. ૨૯

ઇચ્છાયોગ ગણાય, શાસ્ત્ર-યોગ સાંપડે,
દિશા બતાવે શાસ્ત્ર, સ્વાનુભવથી ચઢે,
પામી સામર્થ્ય-યોગ પ્રાતિભ જ્ઞાનથી,
કેવળ જ્ઞાન પમાય સામ્ય-નદી-સ્નાનથી. ૩૦

બે યોગે અસમર્થ ઇચ્છા-યોગ ધરું,
પરમ મુનિની ભક્તિથી તે પદ અનુસરું;
બ્રહ્મસ્થ બ્રહ્મજ્ઞ તો બ્રહ્મ અનુભવે,
બ્રહ્મજ્ઞ-વચને પણ મુજ ઉર આ દ્રવે. ૩૧

ભગવદ્‌ભક્તિ ધારી ચહું એકાન્ત હું,
રહી સમ્યક્‌ત્વે સ્થિર પ્રમાદ-રિપુ તજું;
આતમજ્ઞાની ધ્યાન અનુભવ-ભોગ્ય જે,
સાક્ષાત્કારક તત્ત્વ, રહો મુજ ધ્યેય એ. ૩૨

☆
☆☆

# ૭૧
# મુનિ-સમાગમ (ચંદ્રરાજ)
## ભાગ-૧

(દોહરા)

★

નમસ્કાર હો! હે પ્રભુ! **રાજચંદ્ર** ભગવંત,
આત્મ-હિત હું સાધવા યત્ન કરું ધરી ખંત. ૧

'મુનિસમાગમ'રૂપ કૃતિ, ગદ્યરૂપ સુખકાર,
મોક્ષમાળાર્થે રચાઈ, અપૂર્ણ પણ છે સાર. ૨

નવસર મુક્તા-હારરૂપ, મનનો એ શણગાર,
જ્ઞાની ગુરુની ગૂંથણી દ્યો આનંદ અપાર. ૩

**(૧)**

નૃપ કહે : "મુનિરાજ, આજ બન્યો ધન્ય કૃતાર્થ—
પવિત્ર દર્શન આપનાં કરી; ચાહું આત્માર્થ. ૪

અબઘડીની અદ્ભુત બીના, તથા પ્રથમ વૃત્તાંત,
સુણવાયોગ્ય કહી, ચહું ધર્મ-બોધ બની શાંત." ૫

મુનિ કહે : "હે નૃપતિ! હોય ધર્મ-અનુસાર,
તો તે તારી કહે કથા, નહિ તો વેગ નિવાર." ૬

મનમાં નૃપ વિચારતો : 'નૃપતિ જાણ્યો કેમ?
હશે, વાત એ પછી થશે;' ખુલ્લું બોલે એમ :— ૭

"હે ભગવાન! દીઠા ઘણા એક પછી એક ધર્મ,
પણ આસ્થા ના ત્યાં ઠરી, સમજાયો ના મર્મ. ૮

હિતકારી વિચારીને ગ્રહતો ધર્મ નવીન;
પણ આસ્થા ઊઠી જતી, જણાય જ્યાં તે હીન. ૯

ધર્મ-ગુરુની ધૂર્તતા, વ્યભિચાર પણ ક્યાંય,
હિંસામય સિદ્ધાંતની પ્રરૂપણા, અન્યાય. ૧૦

ગાન-તાનમાં લીનતા, યાત્રા-ઉત્સવ સાર,
આડંબરમાં આંજતા, પણ નહિ તત્ત્વ-વિચાર. ૧૧

જૈન વિના બહુ ધર્મ મેં કર્યા ગ્રહણ ને ત્યાગ,
જૈન ધર્મ મેં ના ગ્રહ્યો દેખી એક વૈરાગ્ય. ૧૨

ઘણી લે-મેલ કરી, કર્યો આખર એ સિદ્ધાંત
કે મિથ્યા ધર્મો બધા, બગ-ઠગ-નીતિ નિતાંત. ૧૩

આચાર્યોએ પાથરી રચી પાખંડી જાળ,
નિજ નિજ રુચિ માફક, અરે ! ઠગે બાળ-ગોપાળ. ૧૪

સ્વાભાવિક સૃષ્ટિ-નિયમ ધાર્મિકતા જો હોય,
ધર્મ એક હોવો ઘટે, વાદ-વિવાદ ન કોય. ૧૫

પુણ્ય-પાપ જેવું નથી, ધર્મ-કર્મ નિર્માલ્ય;
સ્વર્ગ નથી નરકે નથી, સર્વે જૂઠા ખ્યાલ. ૧૬

કેવળ નાસ્તિક થઈ ગયો તજી સૌ ધર્મ-વિચાર,
મેં તો મોક્ષ ગણી લીધો સંસારી શૃંગાર. ૧૭

સાચી સમજ એવી ગણી : ભોગવવા ખૂબ ભોગ,
જન્મ તણું કારણ ગણ્યું કેવલ દંપતી-યોગ. ૧૮

જીર્ણ વસ્ત્રના નાશ સમ, કાયા જાય ઘસાઈ,
અંતે જીવનરહિત થતી; ભોગ-ત્યાગ ઠગાઈ. ૧૯

એવું દૃઢ ઉરમાં થયું, પછી કરતો અન્યાય,
મને ગમે કે પાલવે તેવું વર્તન થાય. ૨૦

પીડું રૈયત રાંકડી, વર્તાવ્યો મેં કેર,
સતી સુંદર નારી તણાં શીલ લૂંટું તજી મ્હેર. ૨૧

સજ્જનને દંડ્યા ઘણા, રિબાવ્યા બહુ સંત,
દુર્જનને ઉત્તેજિયા, પાપ-પુંજમાં ખંત. ૨૨

પર્વત મુજ સૌ પાપનો મેરુને ટપી જાય,
આ સૌનું કારણ ગણું ધર્માચાર્ય બધાય. ૨૩

ચંડાળ-મતિ મારી હતી હમણાં સુધી, મુનિરાય!
માત્ર અદ્ભુત કૌતુકે આસ્તિકતા દેખાય. ૨૪

કહું કૌતુક-પ્રસંગ તે વીત્યો વને પ્રત્યક્ષ,
ધર્મ-કથારૂપ સર્વ છે, વીનવું આપ સમક્ષ. ૨૫

## (૨)

નૃપ ઉજ્જયની નગરીનો **ચંદ્ર**સિંહ મુજ નામ,
શિકારે દળ પ્રબળ લઈ ચઢ્યો, તજી સુખ-ધામ. ૨૬

દૂભવવાં દિલ દયાળુનાં, ખાસ ઇરાદો એ જ,
રંક હરણ પાછળ પડ્યો, સૈન્ય રહ્યું દૂર છેક. ૨૭

હરણ-પૂંઠે હું અશ્વ સહ, આવ્યો અહીં નજીક,
પાછળ શિકારી પડ્યો, તેની તેને બીક. ૨૮

જીવ લઈ નાસે અતિ, ફાળ ઉપર દઈ ફાળ,
અવાજ અશ્વ-ખરી તણો સુણે, જાણે કાળ. ૨૯

મેં પણ પાપી પ્રાણીએ અંતર કરવા દૂર,
અશ્વ પવન-વેગે મૂક્યો, ક્રૂર ઉરને ગણી શૂર. ૩૦

આ ઉપવનમાં પેસતાં, છોડ્યું ધનુષથી બાણ,
ક્રૂર આવેશ વિષે બન્યો દયારહિત પાષાણ. ૩૧

ચંડાળ-ધીવર-શિરોમણિ સકળ જગતમાં હુંય,
સમજ્યો ના હરણો હણ્યે મળશે મુજને શુંય? ૩૨

તીર તાકી માર્યું છતાં વ્યર્થ ગયું તે જ્યાંય,
પાપાવેશે અશ્વને દોડાવ્યો ખૂબ ત્યાંય. ૩૩

આ સામી ઝાડી વિષે ઠોકર ખાતાં અશ્વ—
લથડ્યો, ભડક્યો ને થયો ઝાડ, ખસ્યો હું પાર્શ્વ. ૩૪

એક પગ છે પેંગડે, બીજો જમીન નજીક,
તરવાર મ્યાનથી નીસરી, કંઠ ભણી અણી ઠીક! ૩૫

પગ નીચે ગિરિ-નાગ ને અશ્વ ઉપર તરવાર,
પ્રાણ-રક્ષણ નહીં બને, મરણ તણી નહિ વાર. ૩૬

કાળો નાગ નિહાળીને કંપ્યું આ ક્રૂર ઉર,
અંગેઅંગ બધાં ધ્રૂજે, ગઈ શૂરવીરતા દૂર. ૩૭

હે ભગવન્! ખસી ના શકું, ઉપર નીચે કાળ;
હળવે રહી દૂર કૂદી પડું, લાંબી મારી ફાળ—૩૮

એમ વિચારું હિમ્મતે, રે! દૂર સિંહ જણાય,
યાળ વિકરાળ ભાળતાં, શરીર શીતળ થાય. ૩૯

થરથર ધ્રુજારી છૂટી પરસેવો પણ થાય;
અશ્વ ઉપર થેકાય ના, ખડ્ગે કંઠ કપાય. ૪૦

ચોફેર ચોકી મોતની, નહિ બચવાનો લાગ,
ઘટના એકાએક આ જણાવતી દુર્ભાગ્ય. ૪૧

જીવ પડ્યો વિચારમાં: જે સાધનથી સુખ
સકળ જગતનું ભોગવું, પડ્યું મોતને મુખ. ૪૨

જીવ તજી નરદેહને જશે એકલો આજ,
જરૂર જશે; માઠું થયું. મળશે નહિ સુખ-સાજ. ૪૩

છાજે આમ જ પાપીને, હે જીવ! ભોગવ કર્મ,
તેં બાળ્યાં બહુ કાળજાં પરનાં, જાણી ધર્મ. ૪૪

રંક જીવો રંજાડિયા, સંતાપ્યા બહુ સંત,
અન્યાયે દંડ્યા ઘણા, બન્યો મદનથી અંધ. ૪૫

'દુઃખી હું નહિ કદી બનું, કષ્ટ મને શું થાય?'
મદાંધ થઈ તું માનતો; કર્યાં કર્મ ક્યાં જાય? ૪૬

પુણ્ય-પાપનાં ફળ નથી, એ જ મોહ અતિ ગાઢ—
પ્રેરે પાપ વિષે, અરે! પણ આ દુઃખ અગાધ. ૪૭

પશ્ચાત્તાપ વિષે પડ્યો, દુઃખ અકથ્ય જણાય;
કોઈ બચાવે આવી તો, કેવું સારું થાય? ૪૮

ઘન-ઘોરંભે વીજળી સમ આશા-સુખ હોય,
રક્ષકને રાજ્યે દઉં આખું માગે તોય. ૪૯

માગે રાણી હજાર મુજ, કરું ન દેતાં ઢીલ,
દાસ થઈ તેનો રહું, એમ કહે મુજ દિલ. ૫૦

જીવન-દાન દેનારનો પ્રત્યુપકાર ન થાય,
એમ તરંગે જ્યાં ચઢ્યો, જિન-વચને મન જાય. ૫૧

જિન-કથિત સિદ્ધાંત જે, સુણેલા કોઈ વાર,
અંતઃકરણે આ ઘડી ઊતરી, લાગ્યા સાર. ૫૨

ભાન થયું સિદ્ધાંતનું, પ્રગટી અપૂર્વ વિચાર,
જેથી પાપી પ્રાણી આ બચી, કહે છે સાર :—૫૩

[1]અભયદાન સર્વોપરી, દાન ન તેહ સમાન,
પ્રથમ મનન તેનું થયું, આમ થયું બહુમાન :—૫૪

અહો! જિન-સિદ્ધાંત આ, નિર્મળ અને પવિત્ર,
'પર-પીડામાં પાપ છે, બનવું સૌના મિત્ર.' ૫૫

હાડોહાડ જ ઊતરી શિક્ષા અનુપમ આજ,
જાય ન તે જન્માંતરે; ખરું તારક જહાજ. ૫૬

એમ વિચાર્યું કે ભલે, પુનર્જન્મ ના હોય,
તોપણ આ જ ભવે મળે હિંસાનું ફળ, જોય. ૫૭

નહિ તો આ વિપરીત દશા, તારી ક્યાંથી હોત?
પાપી શોખ શિકારનો લાવે આવું મોત. ૫૮

દયાળુઓનાં દિલને દુભાવવા તુજ ભાવ,
તેનું ફળ તુજને મળ્યું; હિંસા પથ્થર-નાવ. ૫૯

હિંસા-મતિ ના હોત તો, આવો વખત ન હોય;
કેવળ નીચ વૃત્તિ તણું આ ફળ આવ્યું, જોય. ૬૦

હે પાપી જીવ! જા ભલે થઈ દેહથી મુક્ત—
ગમે ત્યાં, પણ પાળજે ધર્મ દયાથી યુક્ત. ૬૧

તારે ને આ દેહને વિયોગની ક્યાં વાર?
શાંતિ તારી જો ચહે અહિંસાદિક વિચાર. ૬૨

સત્પવિત્ર જિન-ધર્મના સાચા સૌ સિદ્ધાંત,
જ્ઞાન-દૃષ્ટિએ દેખતાં; મનન કરી થા શાંત. ૬૩

આ અનુભવથી ઉરમાં અભયદાન વસી જાય,
સૂક્ષ્મ મનનથી તેમ સૌ સિદ્ધાંતો ય મનાય. ૬૪

☆
☆☆

# ૭૨
# મુનિ-સમાગમ (ચંદ્રરાજ)
## ભાગ-૨

(દોહરા)

★

અલ્પાંશે સૌ ધર્મમાં દયા વિષે છે બોધ,
તોપણ જૈન દયા, અહો! નિર્મળ ને અવિરોધ. ૧

જંતુ ઝીણામાં ઝીણા કોઈ ન હણવા, તેમ
કો રીતે ના દુઃખ દ્યો; હો સૌ કુશળ-ક્ષેમ. ૨

એવો જિન-ઉપદેશનો પ્રબળ, પવિત્ર સુમર્મ,
ક્યાંય દીઠો નહિ, કેટલા પાળ્યા જોકે ધર્મ. ૩

જૈન ધર્મ તેં ના ધર્યો, ક્યાંથી એવાં પુણ્ય?
અનાર્ય, ગંદો તેં ગણ્યો, પાપી જીવ, અધન્ય. ૪

દૃષ્ટિ સરખી ના કરી ત્યાં તેં હે મતિ-મંદ!
તપથી નૃપ-પદ પામિયો, સત્ય તરફ તો અંધ. ૫

મળ્યો હોત જો ધર્મ તે, ક્હેવત જૂઠી થાય:
"તપેશ્રી તે રાજેશ્રી ને નરકેશ્વરી બની જાય." ૬

અટકત તું નરકે જતાં, એવો ધર્મ-પ્રભાવ,
રહી રહીને સૂઝે હવે લેવા એવો લ્હાવ. ૭

એ સૂઝ્યું શું કામનું? પ્રથમ ખબર જો હોત,
મહા ભયંકર આ દશા સ્વપ્ને પણ ના જોત. ૮

થનારું તે તો થઈ ગયું, દૃઢ કર હવે વિચાર :
એ તો ધર્મ અનાદિ છે; સાચો પવિત્ર ધાર. ૯

★

સિદ્ધાંતો બીજા વળી, ઉર વિષે અવલોક,
અનુપમ [2]તપ ત્રિગુપ્તિ રૂપ, તૃપ્તિરૂપ અશોક. ૧૦

સર્વ વિકાર શમાવતું, નિર્મૂળ કરતું, ભાળ
કાળે કરી, કાપે બધી કર્મ-બંધની જાળ. ૧૧

વૈરાગ્ય સહિત તપ વડે જે જે ધર્મ કરાય,
મહા સુખપ્રદ તે બને, તપ-તેજે સૌ થાય. ૧૨

★

કેવો [3]ભાવ વળી કહ્યો! જીવન ધર્મનું ભાવ,
ભાવ વિના નિષ્ફળ બધું, નીરસ ભોજન સાવ. ૧૩

ભાવ વિના ન પળી શકે ધર્મ, જીવન-ફળ સાર,
સુધર્મ પાળ્યા વણ મળે ક્યાંથી મોક્ષ, વિચાર. ૧૪

★

[4]બ્રહ્મચર્ય સિદ્ધાંત પણ બ્રહ્મભાવનું મૂળ,
ઉપદેશ્યો કેવો અહો! મુમુક્ષુને અનુકૂળ. ૧૫

કામ-વિકાર સેનાપતિ, દુર્ઘટ-દમન ગણાય,
શાંતિકારક શિવ-પદ, દહન* કર્યાથી પમાય. ૧૬

મુમુક્ષુઓ દુઃસાધ્યને સાધે ધરી ઉત્સાહ,
લોક-વિજયી તેથી થતા, તજી લૌકિક પ્રવાહ. ૧૭

મહા મુક્તિ-ફળ કાજ જે, કમર કસે શૂરવીર,
પાછી પાની ના કરે, ધરી કેસરિયા ચીર. ૧૮

★

---

* કામનું દહન કરવાથી

અહો! [૫]સંસાર-ત્યાગનો જિન-ઉપદેશ યથાર્થ,
અણસમજ્યે અજ્ઞાની જન માને તેને વ્યર્થ. ૧૯

એ તો કેવળ મૂર્ખતા: કરે અનેક કુતર્ક—
'સ્ત્રી-પુરુષનું જોડલું સૂૅચવે સુખ-સંસર્ગ.' ૨૦

મોહ-મદિરા છાક એ; 'સર્વ ન મુક્તિ-યોગ્ય'
જૈન-વચન સુણ્યું હતું; મોક્ષ વીરને ભોગ્ય.× ૨૧

એમ હવે સમજાય છે: અલ્પ તજે સંસાર,
એ તો દેખીતું જ છે; અલ્પ કરે ભવ-પાર. ૨૨

સ્ત્રી-શૃંગારે લુબ્ધ જન, વિષય વિષે આસક્ત,
સંતતિની વળગે ફિકર, ક્યાંથી થાયે મુક્ત? ૨૩

'હું, મારું'—અજ્ઞાનતા પોષે ભરવા પેટ,
દગા-પ્રપંચ રચે ઘણા ઠગવા નોકર, શેઠ; ૨૪

ઠગૉને રાજી રાખવા, રચે જૂૅઠી જંજાળ;
ગણી આકરાં વ્યાજ ને છૂૅટ મૂૅકી બને દયાળ. ૨૫

બંધન કરવા વર્તતો, મુક્તિ સાધે કેમ?
પ્રપંચ બંધન-કારી છે, જન્મ-મરણ છે એમ. ૨૬

ખરો, સંસાર-ત્યાગનો મંગલમય ઉપદેશ,
ભ્રમણામાં સમજાય ના; જન્માંધને દિનેશ. ૨૭

★

[૬]સુદેવ-ભક્તિ-બોધ ના જેવો તેવો કાંઈ;
વિરક્ત થઈ સંસારથી, સુધર્મ સાધ્યો જ્યાંય. ૨૮

અખંડ મુક્તિ જે વર્યા, તેનૉ ભક્તિ સુખદાય—
થાય ભાવિક ભક્તને; સંશય કેમ કરાય? ૨૯

× પાઠાં૦ મોક્ષશ્રી વીર-ભોગ્ય.

સહજ ભક્તિના ગુણથી ભવ-બંધન દુખ જાય,
વીતરાગ ભજનારને વીતરાગતા થાય. ૩૦

અગ્નિમાં છે ઉષ્ણતા સહજ સ્વભાવે જેમ,
રાગ - દ્વેષ - રહિતતા સહજ સુદેવે તેમ. ૩૧

તોપણ તેની ભક્તિથી ભક્તોને ગુણ થાય,
સૂર્ય-ઉદયથી સર્વને નિજ નિજ પંથ જણાય. ૩૨

જે દેવો દે ડૂબકાં જન્મ-મરણ-જળમાં ય,
તે શું તારે અન્યને? પથ્થર તારે ક્યાં ય? ૩૩

સુદેવ-ભક્તિ-બોધ આ માન્ય રાખવા યોગ્ય,
દૃઢ હૃદયે ઉપાસતાં બને શિવ જીવ-ભોગ્ય. ૩૪

★

નિઃસ્વાર્થી [૭]ગુરુ ધારવા, એ પણ મોટી વાત,
ખરેખરી લાગે મને અનુભવથી સાક્ષાત. ૩૫

સ્વાર્થ જેટલો હોય છે, ધર્મ તેટલો ન્યૂન;
ન્યૂન વૈરાગ્ય તેટલો; નિઃસ્વાર્થી ગુરુ પૂર્ણ. ૩૬

ચપટી ય ચોખા ના ગ્રહે, ન સંઘરે ઘી-ખાંડ,
જૈન સાધુ-પદ આકરું, મળે પેટભર માંડ. ૩૭

સ્વાર્થીપણું પોષ્યું નથી, જિનેશ્વરે જરા ય,
જિન-ધર્મ-ગુરુ-આશ્રયે ભવજળ તુર્ત તરાય. ૩૮

જહાજ તારે પથ્થરો, તેમ શિષ્ય તરી જાય,
સદ્‌ગુરુના ઉપદેશથી; સંશય કેમ કરાય? ૩૯

★

[૮]કર્મ તણો સિદ્ધાંત તો જિનનો અહો! અપૂર્વ,
સુખ-દુખ-જન્મ-જરાદિ આ કર્માધીન જ સર્વ. ૪૦

જેવાં કર્મ કર્યા કરે, ફળ તેવાં લણતો ય,
અનાદિ જીવ-પુરુષાર્થ આ; નિયમ અનુપમ જો ય. ૪૧

કોઈ કહે અપરાધની ક્ષમા કરે ભગવાન,
પણ સમજણની ભૂલ એ; ઠરે દોષનું સ્થાન. ૪૨

રાગી, દ્વેષી તે ઠરે, ભક્ત-દોષ ના જાય,
વર્તે બેદરકારીથી, દોષ માફ જો થાય—૪૩

પરમેશ્વર તે દોષનું કારણ ગણવા યોગ્ય,
એવા ઈશ્વર માનવા મુમુક્ષુને અયોગ્ય. ૪૪

'ફળ કર્માનુસાર' એ ખરેખરો સિદ્ધાંત,
સર્વજ્ઞે દર્શાવિયો કરવા જીવ નિર્ભ્રાન્ત. ૪૫

નિજ પ્રશંસા ના ચહે, ચહે નહીં તે માન,
સત્ય હતું તેવું કહ્યું, તજી કીર્તિ-નિદાન. ૪૬

સ્વાર્થ ન શોધ્યો ધર્મને ફેલાવી જગમાં ય,
મોહરહિત જિન તો કહે : કર્મ મને નડતાં ય. ૪૭

કર્યાં કર્મ સૌ ભોગવે, દર્શાવ્યો નિજ દોષ :—
"ઋષભદેવ પાસે જઈ ભરત પૂછે નિર્દોષ : ૪૮

'હવે આપણા વંશમાં થશે કોઈ જિનનાથ?'
'હા' ઋષભદેવે કહી, કરી વિસ્તારે વાત : ૪૯

'ત્રિદંડી તુજ પુત્ર જે મરીચિ બેઠો બ્હાર,
વર્તમાન ચોવીસીમાં છેલ્લો જિન થનાર.' ૫૦

વિનય સહિત વંદન કરી, ગયા ભરત અધિરાજ
ત્રિદંડીને વંદન કર્યું, કહી 'ભાવિ જિનરાજ.' ૫૧

પ્રફુલ્લિત થઈ મરીચિએ ગર્વ કર્યો તે વાર :
'કેમ ન તીર્થંકર બનું? મુજ દાદા જિન-સાર. ૫૨

કોણ પિતા મુજ આ ભવે? ચક્રી મોક્ષ જનાર,
અધિરાજા છ ખંડના; ઇક્ષ્વાકુ કુળ સાર.' ૫૩

આમ અભિમાને કૂદી, હસે, રમે તે વાર—
કર્મો બાંધે આકરાં, બહુ ભવ કરાવનાર.'' ૫૪

વર્ધમાન નામે થયા મહાવીર ભગવાન
સ્વમુખથી ઉપદેશમાં કહી કથા મૂકી માન. ૫૫

જો કીર્તિ કે સ્વાર્થનો લક્ષ ધર્મમાં હોત,
તો નિજ પૂર્વ-ગર્વનું વર્ણન તે ન કહોત. ૫૬

ખરી વાતે શાને ખળે? સ્વાર્થ વિનાનો ધર્મ :
'કેમ તને તે મૂકશે? મને ન મૂકતાં કર્મ.' ૫૭

કીર્તિ-ઇચ્છક માનથી સંતાડે નિજ દોષ,
કહે : 'મને તો ના નડે કર્મ, ગર્વ કે રોષ; ૫૮

ચાહું તેમ કરી શકું, તારણ-તરણ જહાજ,'
ભભકો ભભકાવે બહુ, ધરે ન ઉરે લાજ. ૫૯

નિઃસ્વાર્થી સાચા ગુરુ, સત્ય-પ્રિય ને નમ્ર,
જૂઠી પ્રશંસા નિજ તજે, ધરે ન માયિક ધૂમ્ર. ૬૦

નિર્વિકારી એવા ગુરુ કરે આત્મ-હિત-બોધ,
કર્મ તણો સિદ્ધાંત આ પ્રશસ્ય ને અવિરોધ. ૬૧

★

સારાસાર વિચારણા, તજી સર્વ પક્ષપાત,
[૯]સમ્યક્દૃષ્ટિ તે ગણી, વિવેકરૂપ વિખ્યાત. ૬૨

વિવેકદૃષ્ટિ વિના સૂઝે ક્યાંથી સત્ય પદાર્થ?
સત્ય સૂઝ્યા વણ ના ગ્રહે; આ સિદ્ધાંત યથાર્થ. ૬૩

★

માળા નવ સિદ્ધાંતની નવસર-મુક્તાહાર—
રાવણ સમ કંઠે ધરું, દશ શિર જણાવનાર. ૬૪

જૈન સાધુ-મુખથી સુણ્યા સિદ્ધાંતો બહુ વાર,
પણ દૃષ્ટિ ભલી ક્યાં હતી ? સ્મૃતિ-અનુસાર વિચાર. ૬૫

જિન સિદ્ધાંત યથાર્થ છે, ફેર નહીં મીન-મેખ,
ઓછું નહિ જવભાર કે, વધુ તલ-ભાર ન, દેખ. ૬૬

તન, મન, વચન દમી ચહો શાંતિ આત્માકાર,
ઠામ ઠામ જિન-વચન એ, સર્વ જીવ-હિતકાર. ૬૭

ના સંસાર તજી શકે, તેને શિયળ સાર;
એકપત્નીધર મરદ ને પતિવ્રતા હો નાર. ૬૮

સદાચારી ગણાય તે, ધર્મ-યોગ્ય સંતોષ,
સીતા-રામ બીજાં ગણો ટળે રોગ ને દોષ. ૬૯

પરસ્ત્રી-ગામીને થતા ચાંદી, ક્ષય, પ્રમેહ,
પુનિત સ્વ-સ્ત્રીથી નહીં દેખ્યા રોગો તેહ. ૭૦

પતિવ્રતા સ્ત્રી તો સતી, મન તેનું સ્થિર થાય—
સંસારી અભ્યાસ પણ ધર્મે જો મન જાય. ૭૧

ભવ-મોક્ષ દ્વય પક્ષમાં શ્રેયસ્કર સિદ્ધાંત,
સાચું તો સારું બધે, સમજી જીવ, થા શાંત. ૭૨

ગરમ કરી પાણી પીવું : સૌને આ ઉપદેશ,
તેમ બને ના તો પીવું, ગાળી પાણી વિશેષ. ૭૩

બન્ને પક્ષે લાભ દે સુજ્ઞ કરે સુવિચાર,
વાળા-મરકી-હેતુ આ અણગળ પાણી ધાર. ૭૪

મુક્તિ-પક્ષે લાભ દે નિર્વિકાર જળ ઉષ્ણ,
રસના જીતવામાં ભલું; જીવ થાય ધીર અતૃષ્ણ. ૭૫

હે દુરાત્મા! કાળ સમ કાળો નાગ નિહાળ,
પાસું ફેરવી તાકતો, ધર્મ-મંત્ર સંભાળ. ૭૬

મરણ પછી પણ ધર્મ એ મળો મને, એ માગ;
ધર્મ-શરણ સાચું, હવે આવ્યો અપૂર્વ લાગ. ૭૭

એવા ભાવો જ્યાં થયા, કૌતુક બન્યું અચિંત્ય :
મંત્ર મુખે ઉચ્ચારતાં અહો! 'નમઃ અરિહંત', ૭૮

કાળો નાગ ખસી ગયો દૂર રાફડા પાસ,
દયા કરી જાણે અરે! હરવા મારો ત્રાસ. ૭૯

સર્પ સરી આઘો, વદે : 'રાજકુમાર, વિચાર,
સત્ય ધર્મરૂૅપ ગર્ભથી નવો થયો અવતાર. ૮૦

ઉષા-રંગ રંજન કરે જન-મન, મુજ મન તેમ
તુજ મન ધર્મે વર્તતાં મૃદુ બનૉ ધરતું રે'મ. ૮૧

સુણી મંત્ર-ઉચ્ચાર તો ધરે સુમૈત્રી ભાવ,
તુજ હિત કરવા હું કહું : વધાર ધર્મ-પ્રભાવ. ૮૨

ધર્મ-બાળ-માબાપરૂૅપ વસે પણે મુનિરાય,
ધર્મપ્રેમથી સર્વને બોધામૃત તે પાય. ૮૩

સિંહરાજ શ્રાવક ગણી, નિર્ભય રહીૅ જા ત્યાં ય.'
વંદન કરૉ તે સર્પને પામ્યો આપનૉ છાંય. ૮૪

મણિધરનાં આવાં વચન સુણૉ પામ્યો છું હર્ષ,
ધર્મ-બાળ મુજને ગણો, વ્યર્થ ગયાં મુજ વર્ષ. ૮૫

વગર મોતે જ હું મર્યો, જીવે સાચા સંત,
મરણ-યોગથી જન્મિયો : સમજ્યો જીૅવન અનંત. ૮૬

હર્ષ-ઘેલછામાં વદું, સાચું જાણો આપ;
શરણે આવ્યો આપને, અચિંત્ય આપ પ્રતાપ. ૮૭

એક મંત્ર-પ્રતાપ દે જો નવજીવન-દાન,
પૂર્ણપણે તે ધર્મને પાળ્યે અવિચળ સ્થાન. ૮૮

સૂક્ષ્મપણે તે ધર્મનો કરો કૃપા-ઉપદેશ,
ઇચ્છા વર્તે જાણવા : મુનિવર-ચરિત્ર-લેશ. ૮૯

પૂર્વ-પુણ્યથી પામિયો મુનિ-સમાગમ સાર,
ટળશે ઉર-સંતાપ સૌ સુણી બોધામૃત-ધાર. ૯૦

બાળક ના માગી શકે, દે માતા પય-પાન,
આત્મ-હિત મુજ જાણીને, યથાર્થ દેજો દાન. ૯૧

વર્ણન શી રીતે કરું? ઉર ઉલ્લાસ ન માય,
સદ્‌ગુરુ-યોગે જાગૃતિ આજ અપૂર્વ જણાય. ૯૨

આજ સુધીનાં રાજ-સુખ લાગે ધૂળ સમાન,
તુચ્છપણું જીવે તજ્યું, લાગે બહુ બળવાન. ૯૩

ત્રણે લોકનું રાજ્ય પણ જીરણ તૃણ સમાન,
ટકે વીર્ય આ જો સદા, નિકટ મોક્ષનું સ્થાન.''૯૪

(શાર્દૂલવિક્રીડિત)

''પામ્યા મોદ મુનિ સુણી મન વિષે, વૃત્તાંત રાજા તણો,
પાછું નિજ ચરિત્ર તે વરણવ્યું, ઉત્સાહ રાખી ઘણો;
થાશે ત્યાં મન ભૂપને દૃઢ દયા, ને બોધ જારી થશે.
ત્રીજો ખંડ ખચીત માન સુખદા, આ 'મોક્ષમાળા' વિષે.'' ૯૫

**—શ્રીમદ્ રાજચંદ્ર**

☆
☆☆

# ૭૩
# મુનિ-સમાગમ (રાજમુનિ)
## ભાગ-૩

(દોહરા)

★

પરમ કૃપાળુ મુનિ વદે, પ્રસન્ન ચિત્તે જ્યાં ય,
**ચંદ્ર**રાજ મન વિકસે, કુમુદ-કળી સમ ત્યાં ય. ૧

**રાજ**મુનિ-મુખથી ખરે પુષ્પવૃષ્ટિ સમ શબ્દ,
શિષ્યપણાની મૂર્તિ સમ **ચંદ્ર** બની રહ્યો સ્તબ્ધ. ૨

''સૌરાષ્ટ્ર દેશપતિ હતો, **રાજ**સિંહ મુજ નામ,
અપૂર્વ સંસ્કારો સ્ફુરે, કરવા મોટાં કામ. ૩

ચક્રવર્તી તો યુદ્ધથી જીતી લે ષટ્ ખંડ–
નિર્દયતા મુજ મન ગણે; કીર્તિ તે ન અખંડ. ૪

સંપ-શાંતિ મુજ બુદ્ધિથી પ્રસરાવું જગમાં ય,
એવા ભાવો ઉલ્લસે કુમળી વયમાં ત્યાં ય. ૫

આદર્શ ભૂપ થવા સદા કરતો હું પુરુષાર્થ,
પ્રથમ ગુણ આ સાધતો : બનું પૂર્ણ નિઃસ્વાર્થ. ૬

ગર્ભશ્રીમંત ઘર સમું રાજ-કુટુંબ વિચારી,
સંસારી વૈભવ વિષે હિત-બુદ્ધિ ન વિસારી. ૭

વણિક-બુદ્ધિએ વ્યય થતો, સ્પષ્ટ હિસાબ સહિત,
જરૂર જેટલા નોકરો, પગાર યથા-ઘટિત. ૮

પ્રજા-હિત જેથી નથી તેવા કરો અયોગ્ય,
આપત્તિ-વેળા વિના; સૌને નૃપ-ધન ભોગ્ય. ૯

કરથી કોષ ભર્યો નહીં, પ્રજા કરી ધનવાન,
રાજ્ય-મહત્તા સહ વધે ધન, જો જન વિદ્વાન. ૧૦

પ્રજાનીં સંપત્તિ વધે, તે યોજના સિવાય
કર નાખે જો નૃપતિ મૂડી ખવાતી જાય. ૧૧

જે પ્રમાણમાં આપિયે ગાયાદિકને ખાણ,
તે પ્રમાણમાં દોહિયે કર-દૂધ, ખરું પ્રમાણ. ૧૨

રાજ્ય-વ્યવસ્થા-વ્યય થકી બમણી આવક હોય,
નવીં આવક વધુ હોય તો કર ઘટાડવા જોય. ૧૩

ત્રણ ભાગે વ્યય સૌ થતો : એક સેવકો કાજ,
તથા રાજ્ય-વૈભવ વિષે; એકે નૃપકુળ-લાજ. ૧૪

રાજ્ય-પ્રજા-આબાદીંમાં એક-અર્ધ વપરાય,
બાકીં-અર્ધ ભંડારમાં સંકટ કાજ રખાય. ૧૫

પ્રજા-ક્લેશકર કર કદી રાજાથી ન નખાય;
જે કરથી હિત સર્વનું, સંમતિ લઈ લેવાય. ૧૬

અપક્ષપાતે ન્યાય પણ સરળપણે દેવાય,
તેવીં વ્યવસ્થા રાખતો; સેવા-ભાવ સદાય. ૧૭

નિયમિત દિનચર્યા હતી : નિદ્રાર્થે બે પૂહોર,
રાજ્યતંત્રના પ્રહર બે, એક ધર્મનો દોર. ૧૮

આહારાદિક એકમાં, એક ગંભીંર વિનોદ,
વિદ્યા-યોજન એકમાં; વધતો રોજ પ્રમોદ. ૧૯

ખરા વીર્યની ખામીં ને સંકુચિત વિચાર,
દુરાચાર, અનુદારતા જીંવન-હાનિ કરનાર. ૨૦

નૃપતિઓ આ કાળમાં તેથી જીવે અલ્પ;
જીવન ટૂંકું ય શ્લાઘ્ય ના, વિના શુભ સંકલ્પ. ૨૧

શુભ સંકલ્પ મને સ્ફુર્યો : "વિશ્વ-કોષ-વિચાર,"
કુટુંબીઓને મેં કહ્યો, તુર્ત થયો સ્વીકાર. ૨૨

ગણવી સૌની માલિકી કુટુંબ-ધન જે હોય,
જરૂર જોગું વાપરે જ્યારે જેને જોય. ૨૩

પ્રધાન-મંડળમાં કરી ઐક્ય-વાત વિખ્યાત,
કબૂલ સર્વેએ કરી, જન્મ્યા જાણે ભ્રાત. ૨૪

પ્રસરી પુરજન-મંડળે, સ્વાર્થ તજે જન સર્વ,
નિઃસ્વાર્થી-ગુણ-યોગ મુજ ગાળે જન-ધન-ગર્વ. ૨૫

ધીમે ધીમે સઘળી પ્રજા સમજી બની કુટુંબ,
રાજ્ય માલિકી નિજ ગણે, મને ગણી નિર્દંભ. ૨૬

સુખ નિજ મિલકતથી મળે તેથી મળે અધિક;
લૂંટાવાનો ભય નહીં, રાજ્ય તણા માલિક. ૨૭

ક્ષુદ્ર ભૂપ સમજી ભળ્યા, બન્યું રાજ્ય સંયુક્ત,
મહારાજ્ય-માલિક થયા, વિના સૈન્ય ભય-મુક્ત. ૨૮

પ્રવાસ મેં પણ આદર્યો, નૃપતિ મળ્યા અનેક,
ભરતવર્ષના સૌ નૃપો, થયા કુટુંબી એક. ૨૯

સઘળા દેશોમાં ગઈ વાત વાયુ સમાન,
અનાર્ય જન માને નહીં; આવી કરે બહુમાન. ૩૦

અનાર્ય દેશ-વણિકજન પ્રથમ ભળ્યા, પછી લોક;
નૃપ ત્યાંના સમજ્યા પછી, વસુધા બની અશોક. ૩૧

પ્રબળ પૂર્વના પુણ્યથી જગ ઝૂક્યું આ વાર,
મને મહાત્મા સૌ ગણે, જાણે પ્રભુ-અવતાર. ૩૨

મુજ નિર્બળતા હું લહું : ટકશે કેટલોં વાર?
ક્ષુદ્ર કારણો કોઈ દી, કરશે સૌ સંહાર. ૩૩

વિદ્યાબળ, ચારિત્રબળ, પરોપકારી સંઘ,
ઉદ્યમ ને અવિલાસતા ટકાવોં રહે પ્રબંધ. ૩૪

જ્ઞાન વિના નહિ આ ટકે, કરું જ્ઞાનોંની શોધ,
સંત-સમાગમ સાધતાં, પામ્યો સદ્ગુરુ-બોધ. ૩૫

સત્ય યથાર્થ ઉરે વસ્યું, લાગ્યું નકલી સર્વ,
માયિક સૌ પ્રપંચમાં સુખ ગણ્યું તે વ્યર્થ. ૩૬

આત્મિક સુખ સ્વાધીન ને શાશ્વત, સાચું શ્રેય,
તે ભૂલી નશ્વર સુખે ભમવું તે અશ્રેય. ૩૭

એમ ગણી મુનિ હું બન્યો, તજી સર્વ જંજાળ,
વિના પ્રયત્ને દેખ આ પશુનાં હૃદય વિશાળ. ૩૮

હરણ તને હરોં લાવિયું, નાગ કરે ઉપદેશ,
સિંહ બન્યો બકરી સમો, જાતિ-સ્મૃતિ-ફળ-લેશ. ૩૯

અચિંત્ય આત્મિક યોગ આ, જગ-જંતુ-હિતકાર,
હવે કહું નવ તત્ત્વ હું, તે તું ચિત્તે ધાર. ૪૦

તેં તત્ત્વો જે દાખવ્યાં, ધર્મ-પ્રભાવી તેહ,
મોક્ષ-મૂળ તત્ત્વો કહું, કહ્યાં પ્રભુએ જેહ :—૪૧

આત્મા[૧] ઉત્તમ તત્ત્વ છે, તેમાં સર્વ સમાય,
આત્મા જો જાણ્યો નથી, જ્ઞાન નિરર્થક થાય. ૪૨

કહ્યા નિષેધાત્મક રોંતે, અન્ય [૨]અજીવ પદાર્થ,
જણાવવા નિજ જીવને, ભેદાભેદ યથાર્થ. ૪૩

એક જ આત્મા નિશ્ચયે સહજ સ્વભાવે સ્થિત,
સમ્યક્ દર્શન જ્ઞાન ને ચારિત્રે લક્ષિત. ૪૪

ચેતન-મહા-સામાન્યથી સર્વ જીવ ગણ એક,
કર્મ-જનિત ભેદો બધા કલંકરૂપ અનેક. ૪૫

કેવળ કર્મ-વિકારને આત્મા માની લોક—
જ્ઞાન-ભ્રષ્ટ ભમે ભવે, વહે દુઃખના થોક. ૪૬

ઉપાધિ-ભેદે સ્ફટિકમાં રંગ અજ્ઞને સત્ય,
આત્મામાં તેમ જ જુએ અજ્ઞ ભેદ પરકૃત. ૪૭

અલંકારમાં હેમ સમ સુર-નરાદિમાં જીવ;
સત્યદૃષ્ટિ દેખાડતી સત્ય સ્વરૂપ સદૈવ. ૪૮

પ્રપંચ-સંચય-ક્લેશથી જીવ ભૂલે નિજ ભાન,
સ્વરૂપ શુદ્ધ સમજાય તો, આત્મારૂપ ભગવાન. ૪૯

વ્યવહાર-નય-નિપુણ કો ગણે : 'દેહ જીવ એક,
જીવ વેદના વેદતો, કથંચિત મૂર્તિક.' ૫૦

'ગરમ ઘી' સમ ભ્રમ વડે અંગ-ગુણ-આરોપ—
જીવમાં જ્ઞાની ના ગણે; જડ-ગુણે જીવ-લોપ. ૫૧

નજરે ના દેખાય જે, મન-વચને અગ્રાહ્ય
તે સ્વ-પ્રકાશી જીવમાં નહીં મૂર્તતા ક્યાંય. ૫૨

મૂર્ત ગુણે જો વેદના, જડમાં કેમ ન હોય?
અશુદ્ધ આત્મ-ગુણે ગણો, સરળ દૃષ્ટિથી જોય. ૫૩

તન-મન-વાણી-વર્ગણા આત્માથી છે ભિન્ન,
ધન આદિ તો દૂરનાં, તેથી ન થાવું ખિન્ન. ૫૪

મૂર્તિક ગુણ [1]પુદ્ગલ તણો, આત્મ-ગુણ તો જ્ઞાન,
પુદ્ગલથી જીવ છે જુદો, ભાખે જિન ભગવાન. ૫૫

ગતિ-હેતુ ગુણ [2]ધર્મનો, આત્મ-ગુણ તો જ્ઞાન,
ધર્મ-દ્રવ્યથી જીવ જુદો, ભાખે જિન ભગવાન. ૫૬

ગુણ-સ્થિતિ-હેતુ [૩]અધર્મનો, આત્મ-ગુણ તો જ્ઞાન,
અધર્મ ×દ્રવ્યથી જીવ જુદો, ભાખે જિન ભગવાન. ૫૭

[૪]નભનો ગુણ અવકાશ દે, આત્મ-ગુણ તો જ્ઞાન,
જીવ જુદો આકાશથી, ભાખે જિન ભગવાન. ૫૮

[૫]કાળ-ગુણ છે વર્તના, આત્મ-ગુણ તો જ્ઞાન,
કાળ દ્રવ્યથી જીવ જુદો, ભાખે જિન ભગવાન. ૫૯

એ પાંચે ય અજીવથી આત્મા જુદો જાણ,
વ્યક્તિ-ભેદે ભિન્ન આ અજીવ તત્ત્વ પ્રમાણ. ૬૦

પુણ્ય(૩) પાપ(૪) બે તત્ત્વથી, જુદો આત્મા જાણ,
શરીર-હેતુ તત્ત્વ તે, પુદ્‌ગલરૂપ પ્રમાણ. ૬૧

શુભ કહે જન પુણ્યને, પાપ અશુભ ગણાય,
બન્ને ભવનાં બીજ છે; તો શુભ કેમ મનાય? ૬૨

કર્મ-ચંડાલ-પુત્ર બે, વિપ્ર ઉછેરે એક,
કર્મ કરે સૌ વિપ્રનાં, *જાણે એક વિવેક. ૬૩

ઇચ્છાપૂર્વક પુણ્ય-સુખ, ઇચ્છા છે દુખ-મૂળ,
ક્રિયા ભોગની પાપ-બીજ, પરિણામે પ્રતિકૂળ. ૬૪

એક ખભેથી અન્ય પર ભાર ફેરવે કોય,
ઇન્દ્રિય-સુખ એ જાતનું, ભાર ન ઓછો હોય. ૬૫

નાગ-ફેણ સમ ભોગના ભાસે વિવિધ વિલાસ;
ભય ભાસે વિવેકીને, ભવ-દુખનો ત્યાં વાસ. ૬૬

સુખ-દુઃખ ને મોહ એ નામો ભિન્ન ગણાય,
પણ દુખ જાતિ સર્વની, તે શુભ કેમ મનાય? ૬૭

× પાઠાં૦ વસ્તુથી. * પાઠાં૦ જાણે ભિન્ન વિવેક.

પુણ્ય, પાપ પરિણામ તો ભવરૂપ જાણો એક,
મૂઢ ન માને તેમને ભવ ભમવાની ટેક. ૬૮

×દાનાદાનની વર્તના પૂર્વકર્મની જાણ,
રાગાદિક નિજ ભાવનો કર્તા જીવ પ્રમાણ. ૬૯

પરાશ્રિત ભાવો તણો કર્તા, તે અભિમાન,
અજ્ઞાની બંધાય ત્યાં, જ્ઞાની સાક્ષી માન. ૭૦

પુણ્ય-પાપરૂપ કર્મનો જીવ ન કર્તા જાણ,
ઇષ્ટ-અનિષ્ટ પદાર્થમાં રાગાદિ દુખ-ખાણ. ૭૧

ધૂળ ચીકાશે ચોટતી તેમ જ રાગ-દ્વેષ
કર્મબંધનાં કારણો, જાણી તજો અશેષ. ૭૨

પુણ્ય-પાપહીન શુદ્ધ તે પરમાત્માનું ધ્યાન,
સ્તુતિ, ભક્તિ યોગ્ય છે, તેવા થવા, પ્રમાણ. ૭૩

પુણ્ય-પાપ રહિત સદા બ્રહ્મ નિત્ય છે ધ્યેય,
શુદ્ધનય મત જ્ઞાનીનો યથાર્થ ઉપાદેય. ૭૪

(૫)આસ્રવ, (૬)સંવર રૂપથી વિલક્ષણ જીવ-જ્ઞાન,
અણુ આવે, રોકાય જ્યાં, ત્યાં બે તત્ત્વો માન. ૭૫

યોગ, કષાય, અવિરતિ મિથ્યાત્વાદિ ભાવ
આસ્રવ, જીવ-વિભાવથી પુદ્‌ગલ-કર્મ-જમાવ. ૭૬

વ્રત, સમિતિ, ચારિત્ર, ધર્મ, પરિષહ-જય, સુવિચાર,
ગુપ્તિ આદિ ભાવરૂપ સંવર બહુ પ્રકાર. ૭૭

ભિન્ન ભિન્ન નિજ ભાવથી સ્વયં પ્રવર્તે જીવ,
ગ્રહે, નિરોધે કર્મને, કર્મ તજે તો શિવ. ૭૮

---

× લેવડદેવડ

નિમિત્ત આધીન નહિ સદા, ભાવ રુચિ-આધીન,
આસ્રવ પણ સંવર બને, દૃષ્ટિ જો સમીચીન. ૭૯

અજ્ઞાને આસક્તિ છે બંધ-હેતુ, નહિ ભોગ;
સુજ્ઞાન મુક્તિ-હેતુ છે, નહિ શાસ્ત્રાદિ-યોગ. ૮૦

શાસ્ત્રો, ગુરુ-વિનયાદિ સૌ સંવર-હેતુ જાણ,
મન, તન, વચને ફળ નહીં, જ્ઞાને સંવર આણ. ૮૧

જે જે અંશે યોગ છે તે તે આસ્રવ-અંશ;
જે અંશે ઉપયોગ છે, તે સંવરનો વંશ. ૮૨

સર્વ અવસ્થાને વિષે સમ્યગ્દૃષ્ટિ શુદ્ધ,
જ્ઞાન-ધાર છે નિર્મળી, યોગ-ધાર મૃદુ, મધ્ય. ૮૩

બન્ને ધારા શુદ્ધ જ્યાં પૂર્ણપણે દેખાય,
દશા કહી શૈલેશી તે, સંવર પૂર્ણ ગણાય. ૮૪

તે પહેલાં, આત્મા તણી સ્થિરતા સંવર ધાર,
ચંચળતા જે યોગની આસ્રવ તે નિર્ધાર. ૮૫

આ આસ્રવ-સંવર-કથા અશુદ્ધ નયથી જાણ,
શુદ્ધ નયે સંસારી સૌ સિદ્ધ સમાન પિછાણ. ૮૬

કર્મ-નાશ તે (૭)નિર્જરા, કર્મ-સ્વરૂપ અજીવ;
જે ભાવે કર્મો ખરે, ભાવ-નિર્જરા જીવ. ૮૭

સુજ્ઞાન સહ તપ-હેતુથી આત્મ-વીર્ય ઉલસાય,
ચિત્તવૃત્તિ નિરોધથી ખરી નિર્જરા થાય. ૮૮

બ્રહ્મચર્ય, જિન-ધ્યાન ને કષાય મંદ કરાય,
ઇચ્છા રોક્યે શુદ્ધ તપ, લંઘન અન્ય ગણાય. ૮૯

ક્ષુધા, અને તન-કૃશતા, તપ-લક્ષણ ના જાણ;
બ્રહ્મચર્ય, ગુપ્તિ, ક્ષમા, જ્ઞાને તપ પિછાણ. ૯૦

પ્રભાવના કે ભક્તિથી પુણ્ય બહુ બંધાય,
પણ નિઃસ્પૃહ તપસ્વીને માત્ર નિર્જરા થાય. ૯૧

કર્મ ખપાવે જ્ઞાન-તપ ક્ષણમાં દીર્ઘ સમૂહ,
ટળે ન જે કોટી ભવે, કર્યે ક્રિયાનો વ્યૂહ. ૯૨

શ્રેણિરૂપ જે ધ્યાન-તપ દહે નિકાચિત કર્મ,
પ્રગટાવીને પૂર્ણતા આપે શિવપદ-શર્મ. ૯૩

આત્મા સાથે કર્મનો ખીર-નીર જેવો યોગ–
(૮)બંધ ચાર ભેદે કહ્યો, ભાવ-બંધ ઉપયોગ. ૯૪

અશુદ્ધ ઉપયોગે પડે બંધ [૧]સ્થિતિ, [૨]અનુભાગ;
[૩]પ્રકૃતિ, [૪]પ્રદેશ યોગથી; સમજો જો સદ્‌ભાગ્ય. ૯૫

સર્પ કૂંડાળું જો વળે વીંટાય આપથી આપ,
તેમ જીવ નિજ ભાવથી રચે બંધ-સંતાપ. ૯૬

કોશ-કાર કીટ વીંટતો નિજ તંતુથી કાય,
તેમ જ નિજ વિભાવથી સંસારી બંધાય. ૯૭

બાંધનાર ઈશ્વર નથી અપરાધીને, ધાર;
બંધરહિત ઈશ્વર વિષે ઘટે ન એ વ્યાપાર. ૯૮

પ્રેરનાર પણ તે નહીં, સ્વપ્ને જેમ ન કોય,
રચના એ અજ્ઞાનની, વસ્તુ-સ્વભાવ જોય. ૯૯

રોગ અનુસારે ક્રિયા જેમ રોગીની હોય,
તેમ ભવસ્થિતિ સમી બંધ-દશા પણ જોય. ૧૦૦

શુદ્ધ નિશ્ચયનય કહે, આત્મા ના બંધાય;
સર્પ માનતાં દોરીમાં ભય, કંપાદિ થાય–૧૦૧

અજ્ઞાનમય વિકલ્પ એ; ટળવા કહું ઉપાય,
છૂટવા દૃઢ ઇચ્છા થતાં બંધ-વિકલ્પ શમાય. ૧૦૨

છૂટવા કાજે જે જીંવે, તે જીંવ નહિ બંધાય;
અનુભવ-વાણી જાણ આ, વૈરાગ્યે સમજાય. ૧૦૩

માત્ર શાસ્ત્રે પરોક્ષ-ધી; બંધ-બુદ્ધિ પ્રત્યક્ષ,
શાસ્ત્ર શાખા-ચંદ્ર સમ દર્શાવે દિગ્-લક્ષ. ૧૦૪

શ્વેત શંખ સુણ્યા છતાં દેખે પીત પ્રત્યક્ષ—
કમળાવાળો, તેમ આ શાસ્ત્ર-જ્ઞાનથી લક્ષ. ૧૦૫

શીંખે અધ્યાત્મ-શાસ્ત્ર જો સદ્ગુરુ-આજ્ઞાધાર
સુણી, વિચારી, સ્મરી બહુ, અનુભવે બહુ વાર. ૧૦૬

સંતત અભ્યાસે ટળે બંધ-બુદ્ધિ-વિકલ્પ,
તો સાક્ષાત અનુભવે આત્મા નિર્વિકલ્પ. ૧૦૭

દ્રવ્ય (૯)મોક્ષ કર્મો ટળ્યે, આત્માથી એ ભિન્ન;
ભાવ મોક્ષ આત્મા ખરો, રત્નત્રયમાં લીન. ૧૦૮

મોક્ષ-હેતુ રત્નત્રયી, નહીં વેશ-વ્યવહાર;
ભાવલિંગ વિના નહીં મોક્ષ, સર્વનો સાર. ૧૦૯

અશુદ્ધ નયથી જાણવી સ્થિતિ બદ્ધ કે મુક્ત;
શુદ્ધ નયે નહિ બંધ કે મોક્ષ-દશાથી યુક્ત. ૧૧૦

અન્વય-વ્યતિરેકે કરી નવે તત્ત્વથી સાર
આત્માનો નિશ્ચય કહ્યો : ઉત્તમ નવસર હાર. ૧૧૧

પરમ અધ્યાત્મ, યોગ આ, પરમ અમૃતમય જ્ઞાન;
અલ્પ બુદ્ધિથી ગ્રાહ્ય નહિ, તત્ત્વ ગુહ્યતમ માન.'' ૧૧૨

☆
☆☆

## ૭૪*

# મંત્ર

(મંદાક્રાન્તા છંદ)

★

વંદું પ્રેમે પુનિત પદ હું શ્રી ગુરુ **રાજ** કેરા,
શોભે જેના મનહર ગુણો મોક્ષદાયી અનેરા;
ક્લેશો જેણે જગત જનના સત્ય શબ્દે નિવાર્યા,
આત્મા સાચો સહજ કરતા શબ્દ તે ઉર ધાર્યા. ૧

આત્મા જાણી, ઉદયવશ જે ધર્મ-વાણી પ્રકાશે,
શબ્દે શબ્દે વિષય-વિષની વેદનાને વિનાશે;
અંતર્ભેદી ગહન કથને ભ્રાંતિ ટાળે કળાથી,
જાણે કોઈ અનુભવી ગુરુ-યોગ સાચો મળ્યાથી. ૨

શબ્દો સાચા પરમગુરુના મંત્ર રૂપે ગણાયા,
આજ્ઞા તેની અચૂક ફળતી, સંત સૌ ત્યાં સમાયા;
સ્પર્શે આત્મા સુગુરુવચને, ફેરવે એવી ચાવી,
મિથ્યા નિદ્રા ઘટતી ઘટતી, જાગૃતિ જાય આવી. ૩

વીરે દીધી ત્રિપદી, પણ શ્રી **ગૌ**તમે દ્વાદશાંગી
ભાળી તેમાં, પ્રગટ કરી, જો શાસ્ત્ર સૌ વિવિધાંગી;
ઉત્કૃષ્ટી એ સુગુરુ-કરુણા યોગ્ય પાત્રે પ્રકાશી,
સાચી અગ્નિ પ્રગટ થતી જો શિષ્ય વિશ્વાસવાસી. ૪

બુઠ્ઠી બુદ્ધિ **શિ**વભૂતિ તણી, ના શીખ્યા કોઈ શાસ્ત્ર,
થાક્યા જ્ઞાની શીખવી શીખવી, બોલ દે મંત્ર માત્ર;
ટૂંકો દીધો સરળ ગણી "મા રુષ મા તુષ" તેને-
શ્રદ્ધા ધારી ભણ ભણ કરે બોલ એ રાત-દિને. ૫

---

* તા. ૨૯-૧૦-૧૯૪૦; સં. ૧૯૯૬, આસો વદ ૧૪, મંગળ

આઘા-પાછી વચન ફરતાં ''માષ તુષે'' રટાતું,
જાણે પોતે વચન ગુરુનું ગોખવાનું ચલાવું;
કોઈ બાઈ અડદ ઊપણે, જોઈ પૂછે: ''કરો શું?''
બોલી બાઈ સરળ ગુણથી: ''માષ તુષે મથું છું.'' ૬

સારા ભાગ્યે સ્મરણ સરખું સુણી જાગ્યા મુનિ તે,
મારે માટે વચન ગુરુનું એ જ અર્થે ઘટે છે;
જુદો પાડું ગુરુ-વચનથી જીવ આ માષ જેવો,
દેહે પૂર્યો; સમજણ મળી, તુષ શો દેહ લેવો. ૭

શ્રેણી માંડી શિવભૂતિ થયા કેવળી, વાત એવી;
સાચા માર્ગે ગુરુ-વચનથી મંત્ર દે સિદ્ધિ તેવી.
એવી રીતે હજી નિકટ છે મંત્ર-માર્ગો યથાર્થ,
આજ્ઞા પામી સુગુરુ તણી સૌ આદરો પુરુષાર્થ. ૮

સુણ્યું, મંત્રાધીન સુર, નરો, સર્પ આદિ પ્રવર્તે,
સાધી મંત્રો મલિન ઉરની વાસના સાધતા તે;
લોકો તેને અચરજ ગણે, બુદ્ધિ ના ચાલતી જ્યાં;
કષ્ટે સાધે, વિપરીત ફળે, હેય માને ઘણા ત્યાં. ૯

મંત્રે મોહ્યું જગત સઘળું મોહરાજા તણા આ:
'હું ને મારું' ગણી પર વિષે ઊંઘતાં સૌ મણા ના;
સ્વપ્ના જેવી રમત રમતા વિશ્વમાં લોક જૂઠી,
જ્ઞાની જાગ્યા, વળી જગવવા બોધતા બોલ, ઊઠી: ૧૦

'' 'હું ના કાયા, નથી મુજ કશું' આટલું માનશે જે,
ત્રૈલોક્યે તે વિજય વરશે, વિશ્વ-રાજા થશે તે;
નિઃસ્વાર્થી આ વચન ગણીને સત્ય વિશ્વાસ ધારો,
તો ના થાશે અસર તમને મોહની, કૉલ મારો.'' ૧૧

સર્પો પાપી નરકગતિને યોગ્ય, મંત્ર-પ્રભાવે
પાર્શ્વસ્વામી નિકટ, પદવી ઇન્દ્રની જો કમાવે;

જ્ઞાની-યોગે રુધિર-ખરડ્યા હાથથી મોક્ષ માગે,
તેવા જીવો પણ તરીં ગયા; મંત્રથી જીવ જાગે. ૧૨

આવી વાતો ગહન જીંવની મૂળ શક્તિ બતાવે,
સાચા ધ્યાને પ્રગટ થઈ તે કર્મ-કોટી ખપાવે;
મંત્રો સાચા પરમ પુરુષો અર્પતા તો, પદસ્થ-
ધર્મ-ધ્યાને મદદ પદની પામતાં હોય સ્વસ્થ. ૧૩

સત્ જાણો ના દૂંર; કુમતિથી દૂર લાગે જનોને;
ભ્રાંતિરૂપી પડળ નજરે, ક્યાંથી સૂઝે, કહોને?
અંધારાને વિવિધ રીંતના ભાગ પાડી તપાસો,
કોઈ ભાગે કિરણ રવિનું ત્યાં જડે? એ વિમાસો. ૧૪

તેવી રીતે અણસમજુ જે કલ્પના-ક્લેશ-ખિન્ન,
તેને ક્યાંથી સત્-નિકટતા? ભ્રાંતિ ને સત્ય ભિન્ન;
સત્ આત્મા છે, સરળ, સઘળે પ્રાપ્તિ તેની સુગમ્ય;
તોયે તેની ગરજ જગવે યોગ તેવો અગમ્ય. ૧૫

માટે જેની દૃઢ મતિ થઈ આત્મ-પ્રાપ્તિ-સુકાજે,
તેણે પોતે નથીં સમજતો ધર્મમાં કાંઈ આજે:
એવો પાકો પ્રથમ કરવો એક વિચાર વારુ,
જ્ઞાની શોધી, ચરણ-શરણે રાખવું ચિત્ત ચારુ. ૧૬

માર્ગ-પ્રાપ્તિ જરૂંર જનને આ રીંતે થાય, એવી
મુમુક્ષુને પરમ હિતની વાત આ બંધુ જેવી;
રક્ષા માર્ગે પ્રગટ કરતી આ જ શિક્ષા સુણાતી,
સુ-વિચાર્યે* પરમ પદને આપનારી ગણાતી. ૧૭

નિર્ગ્રંથોના પ્રવચન તણી દ્વાદશાંગી ગણું છું:
સૌ ધર્મોનું હૃદય સમજો, બોધનું બીજ સાચું.
સંક્ષેપે આ પ્રગટ કહીં તે વાત સંભારવાની,
પુનઃ પુનઃ સમજ કરવા એ જ વિચારવાની. ૧૮

---

* પાઠાં૦ સુવિચારે

એવા યત્ને સતત મથતાં, બાધકારી પ્રકારો—
આવે તેમાં અરત રહીને, વૃત્તિ એમાં જ ધારો;
મુમુક્ષુને અતિ છૂપી રીતે કથ્ય આ મંત્ર મારો,
જાણો એમાં નરદમ કહ્યું સત્ય તેને વિચારો. ૧૯

એ શિક્ષાને ઘણી સમજવા કાળ અત્યંત ગાળો,
થાક્યા હો જો ક્ષણિક સુખથી, સત્યનો માર્ગ ભાળો;
આવી વાતો કદી કદી સુણી, હર્ષ પામી ન ચૂકો,
સાચી શોધે કમર કસીને, કાંઈ બાકી ન મૂકો. ૨૦

વીત્યાં વર્ષો અબઘડી સુધી કેટલાં યે નકામાં,
તેનું સાટું જરૂર વળશે, લીન વૃત્તિ થતાં ત્યાં;
સાચા શબ્દો નથી હૃદયમાં સ્થાન થોડાય પામ્યા,
જેણે સાચી પકડ કરી તે આત્મ-સુખે વિરામ્યા. ૨૧

આંખો મીંચી ત્વરિત-ગતિથી જીવ દોડ્યો જ દોડ્યો,
ક્યાં જાવું છું? ખબર નથી તે; વેગમાં જેમ ઘોડો;
દુઃખો ભારે ચતુર-ગતિમાં ભોગવ્યાં તે વિચારી
આજ્ઞા સાચા ગુરુની પકડો, તો [1]મળી મોક્ષ-બારી. ૨૨

જે જાણ્યું તે ભ્રમણ-ફળનું આપનારું થયું છે,
જે માનીને પરમ હિતનું ચોટ ખોટી કરી તે—
ભૂલી સર્વે, બીજી નજરથી જાણવું, માનવું છે,
સાચા જ્ઞાની ઉપર ધરીને પ્રેમ, સૌ સોંપવું રે! ૨૩

મંત્રે મંત્ર્યો, સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,
જ્યાં ત્યાં જોવું પર ભણી ભૂલી[2], બોલ ભૂલું પરાયા;
આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદા એ,
પામું સાચો જીવન-પલટો મોક્ષ-માર્ગી થવાને. ૨૪

☆
☆☆

---

૧. પાઠાં૦ મળે. ૨. પાઠાં૦ તજી

# ૭૫
# છ પદ-નિશ્ચય

(હરિગીત)

★

ગુરુ **રાજચંદ્ર**-પદે નમું ઉલ્લાસ ઉરે હું ધરી,
તે પરમ પદને પામવા પુરુષાર્થને અંગીકરી;
હું છ પદનો નિશ્ચય થવા બળવાન યત્નો આદરું,
પણ માર્ગદર્શક આપ તેમાં, વચન અનુભવીનું ખરું. ૧

શ્રી સત્પુરુષોનાં વચન અમી તુલ્ય મુદ્રા એ, અહો!
શ્રી સત્સમાગમ એ અહો! મુજ લક્ષ ચોરાશી દહો;
એ લક્ષ ચોરાશી ભમી નરભવ-કિનારે આવતા
સુષુપ્ત ચેતનને હજીયે દેહ-ભાવો ભાવતા. ૨

જાગ્રત કરાવે આત્મ-ભાવો સત્પુરુષો બોધથી,
જો, ભાન ભૂલવે સંગ અવળા, સ્થિરતા સત્સંગથી;
પ્રેરે સ્વભાવ અપૂર્વ ને નિર્દોષ દર્શન માત્રથી,
પ્રતીતિ સ્વરૂપ તણી જગાવી અપ્રમત્તે સાંકળી. ૩

વીતરાગ, નિર્વિકલ્પ ભાવ જગાવી દે એ પૂર્ણતા,
અંતે અયોગી ભાવથી દે પૂર્ણ સુખે સ્થિરતા.
આવા અપૂર્વ સુયોગનો લઈ લાભ ના અટકું હવે,
પુરુષાર્થ કરી તેવો બનું, બીજા બીજું છોને લવે. ૪

## પ્રથમ પદ—આત્મા છે

જો પાંગળો ચઢી આંધળાના સ્કંધ ઉપર આવતાં,
ઝાંખી નજરવાળો ન દેખે, બે જણા જુદા છતાં;

તે પાંગળાની આંખને અંધા વિષે આરોપતો,
ને આંધળાના પગ વડે પંગુ ગણે છે ચાલતો. ૫

તેવી રીતે આ દેહ ને આત્મા જુદા મૂળે છતાં,
અજ્ઞાની જાણે એકરૂપે, જૂઠી દૃષ્ટિ સેવતાં;
આત્માની દૃષ્ટિ જ્ઞાન તેને દેહમાં આરોપતો,
કાયા તણી ક્રિયા થતી તે જીવની મૂઢ જાણતો. ૬

આત્મા અરૂપી તેથી આંખે જોઈ કોઈ શકે નહીં;
પણ પવનની શીતાદિ ગુણ કે કંપથી ખાત્રી લહી,
તેવી રીતે જ્ઞાની અનુમાને ગુણો જાણી ગણે—
પ્રત્યક્ષ દેહાદિથી આત્મા ભિન્ન છે જ્ઞાતા-પણે. ૭

જ્ઞાન ગુણનું સ્થાન જીવ જો, તેના વિના શબ દેહ તો,
ના યંત્રની ક્રિયા નિહાળી જીવ કોઈ માનતો;
જે જીવ જાણે સુગુરુ-બોધે : 'દેહ, આત્મા ભિન્ન છે,'
પ્રજ્ઞા અને વૈરાગ્યથી તેને જ સમ્યક્ જ્ઞાન છે. ૮

ઇન્દ્રિય દેખે દેહને, મન માની લે હું દેહ છું,
જો દેહ જાડો થાય પણ ના જ્ઞાન દેખાયે વધુ,
કૃશ દેહ થાતાં પણ ઘટે ના; જ્ઞાન માન ન દેહનું.
આત્મા જુદો છે દેહથી, એમાં ગણે સંદેહ શું? ૯

ઇન્દ્રિય મનને રોકતાં અસ્તિત્વ તેનું જો રહે,
ઉપશમ અને વૈરાગ્ય વધતાં, ભ્રાંતિ ટાળે તો લહે.
જેના વિના શંકા ન હોયે, તે જ આત્મા જાણ તું,
ભ્રાંતિ અનાદિની રહી, તે ટાળી આત્મા માન તું. ૧૦

અસ્તિત્વ આત્માનું સદા આત્મા વિષે સૌ માનજો,
વચનાદિ પરભાવો વિષે જો આગ્રહો, અજ્ઞાન તો;
જ્યોતિ નિરંતર જાગતી જો જ્ઞાનની સૌ જીવમાં,
''સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો'' આ વચન રાખો ભાવમાં. ૧૧

## બીજું પદ—આત્મા નિત્ય છે

અવિનાશી સર્વે મૂળ તત્ત્વો, ક્યાંય કોઈ ના ભળે;
સંયોગનો વિનાશ થાતાં સૌ સ્વરૂપે જઈ મળે.
પરમાણુ-પુંજ ઘડો થયો, તે ભાગી પરમાણુ થશે,
પણ કોઈ રીતે તે અણુઓ વિશ્વમાંથી ના જશે. ૧૨

આત્મા અસંયોગી મૂળે, ના નાશ તેનો સંભવે,
જો નાશ પામે તેમ હો, તો હોય ના આજે હવે;
પર્યાય પલટાતા છતાં ના તત્ત્વનો કદી નાશ છે,
જે દ્રવ્ય અત્યારે જણાયે તે ત્રિકાળ રહી શકે. ૧૩

ક્રોધાદિ સર્પાદિ વિષે : સાબિતી પૂર્વ ભવો તણી,
મયૂરાદિ જાતિ-વૈર ધારે, તે ન આ ભવ-લાગણી;
જાતિ-સ્મૃતિ પામે ઘણા, તે પૂર્વ ભવ સાચા લહે,
પ્રત્યક્ષ અવધિ આદિ પામે તે પ્રગટ દેખી કહે. ૧૪

આ સત્ય નિત્યપણાતણું જે ઉરમાં દૃઢ ધારશે,
તે થાય નિર્ભય, અમર તેને કોણ, ક્યારે મારશે?
કોઈ વખતે પૂર્વ ભવમાં આત્મા નથી માર્યો ગયો,
તો કેમ આ ભવમાં હવે આત્મા મરે? નિર્ભય થયો. ૧૫

જો જાય ચિંતા મરણની તો અન્ય ચિંતા ના કરે,
શાને ચહે તે સંગ બીજા? તે અસંગપણું વરે.
દેહાદિ સંયોગો વિનાશી માનતા વૈરાગી જે,
આત્મા મનોહર નિત્ય જાણી, ભાવતા સદ્ભાગી તે. ૧૬

## ત્રીજું પદ—આત્મા કર્તા છે

સર્વે પદાર્થો કાર્ય પોતાનું સદા વિશ્વે કરે,
તે કાર્યથી જાણો બધા જુદાપણું પોતે ધરે;

આત્મા કરે છે જાણવાનું કાર્ય જો નિજ ભાનમાં,
વર્તે નહીં નિજ ભાનમાં ત્યાં કર્મ-કર અજ્ઞાનમાં. ૧૭

રાગાદિની ક્રિયા વિભાવ જ કર્મ-યોગે જે થતી,
તે તેલવાળા હાથ પર રજ જેમ કર્મો લાવતી;
બંધાય કર્મો જે શુભાશુભ, તે જ સુખદુખ આપતાં,
વિચિત્રતા જગમાં જણાતી ગૂઢ તે સમજાવતાં. ૧૮

સૌ રંક રાજા કર્મ-આધીન યોગ્ય કુળે ઊપના,
જો કર્મ પૂર્વ તણાં ન માનો તો ઊઠે સંશય ઘણા–
ઈશ્વર કરે છે સર્વ એવું માનતાં પુરુષાર્થનો
અવકાશ કોઈ ના રહે, હિત સાધવા ન સમર્થ, જો. ૧૯

ના બંધ-મોક્ષ ઘટે, પછી ઉપદેશ કરવો વ્યર્થ તો,
જીવ યંત્ર સમ ગણવારૂપે સિદ્ધાંત માત્ર અનર્થનો;
કરતો નથી જીવ કાંઈ એવું માનનારાને સદા
સંસારનાં દુઃખો શિરે વહવાં પડે એ આપદા.
આત્મા સદાય અસંગ માને, મોક્ષ તેનો ના ઘટે,
દુઃખી દશાથી છૂટવા સૌ ધર્મ-ઉપદેશો રટે. ૨૦

માયા, પ્રકૃતિ, કર્મ માનો વાસના, સંસ્કાર વા;
આત્મા તણી તે પ્રેરણા-ક્રિયા વિના સંસાર ના.
સંસાર-કર્તા જીવ માનો, તો જ કર્તા મોક્ષનો,
વિભાવ કર્માધીન છૂટે, કર્મો ગયે; નિષ્પક્ષ જો. ૨૧

## ચોથું પદ—આત્મા ભોક્તા છે

કર્તા પ્રમાણે જીવનું ભોક્તાપણું સમજાય છે,
જેવું કરે તેવું સદા ફળ ભોગવે સૌ ન્યાય એ.
વિભાવમાં વર્તે તદા કર્મો શુભાદિ ભોગવે,
વર્તે સ્વભાવે તો ચિદાનંદી સ્વભાવો ભોગવે. ૨૨

વિકલ્પ કર્મોથી થતા કર્તા તથા ભોક્તા તણા,
કર્મો ગયે સ્થિરતા સ્વભાવે, એ જ નિજ ભોગો ગણ્યા.
ભાવો શુભાશુભ બીજ, ઊગે ચાર ગતિ સંસારની,
સુખ-દુઃખ પામ્યો ત્યાં ઘણું; ગતિ શાશ્વતી ભવપારની. ૨૩

માયાવી સુખો દેહનાં, દુઃખો ગણો, ફળ કર્મનાં;
લાગે સુખો એ મોહથી ત્યાં સુધી જીવ અધર્મમાં;
દૃષ્ટિ યથાર્થ થયે જણાશે હેય જગ-સુખદુઃખ જો,
જીવ કર્મફળ સૌ ત્યાગી, લે પુરુષાર્થ કરી શિવસુખ તો. ૨૪

## પાંચમું પદ—મોક્ષપદ છે

શૃંગાર, કુતૂહલ ભાવ કે આનંદ ઇન્દ્રિયો તણો
કાયા વિના નથી મોક્ષમાં, તો મોક્ષ એ શા કામનો ?
એવું ભવાભિનંદી બોલે, તે વિબુધ વિચારશે :
ઇન્દ્રિય-સુખો દુઃખનાં મૂળ, રોગના ઉપચાર છે— ૨૫

તૃષા વિના પાણી ન ભાવે, ભૂખ તો ભોજન ભલું,
તૃષ્ણારૂપી અગ્નિ બળે તેનું શમન સુખ-થીંગડું,
જે ક્ષણિક, વિઘ્નોથી ભર્યું, આધાર પરનો માગતું,
સમતા હરે ઇન્દ્રિય-સુખ તે દુઃખ બુધને લાગતું. ૨૬

ઇન્દ્રિય-વૃત્તિ જીતતાં, ઉપશમ સમાધિ-સુખ જે,
તે મોક્ષ-સુખની વાનગી, અભ્યાસ પૂર્ણે મોક્ષ દે;
પરમાત્મપદમાં મગ્ન તેને સુખની ખામી નથી,
શૃંગાર શાને તે ચહે ? શાંતિ ખરી સ્ત્રી તો કથી. ૨૭

ક્લેશ ઘટતાં સુખ વધતું દેખાય, તે ઉત્કૃષ્ટ જ્યાં,
તે પૂર્ણ પદને મોક્ષ માનો, સર્વ કર્મો જાય ત્યાં;
તન-મન તણાં દુઃખો ગયે, ગંભીર શાંત સમુદ્ર શો
ત્યાં ચંદ્ર-ચંદ્રિકા સમો આત્મા સહજ સુખ-ધામ જો. ૨૮

ના જન્મ-મૃત્યુ મુક્ત જીવને, પૂર્ણ શુદ્ધિ શાશ્વતી;
સિદ્ધિ અનાદિ કાળ સમ; સાદિ, અનંત જુદી રીતિ.
લોક-શિખરે સિદ્ધ જીવ સૌ, બહુ દીપ તેજ-સમૂહ શા,
જ્યાં એક ત્યાં જ અનંત વસતા, એમ હોય વિરોધ ના. ૨૯

આ મોક્ષતત્ત્વે જે ધરે શ્રદ્ધા, સુધર્મે તે ટકે,
મુમુક્ષુતા તે યોગ મોટો સત્ક્રિયા સાધી શકે;
આ પાંચ પદને જે વિચારે, તે જ તૈયારી કરે,
પોતે કમર કસી મોક્ષ લેવા; પાછી પાની ના ધરે. ૩૦

## છઠ્ઠું પદ—તે મોક્ષનો ઉપાય છે

નાસ્તિક સરખા બોલતા : ''ઉપાય મોક્ષ તણો નથી;
સર્જ્યું હશે તો પામશું, કોટી ઉપાય કરો મથી.''
ચક્રાદિ સાધનથી ભલા, કુંભાર જો વાસણ કરે;
તું આમ માની ઢીલ ધર્મે આદરી આળસ ધરે. ૩૧

તૃપ્તિ હશે જો સર્જી તો, આહાર વિના પણ થશે,
એવું ગણી ના બેસતો તું; કેમ ખાવાને ધસે?
કારણ વિના ના કાર્ય થાયે, એમ તુજ વર્તન કહે,
ઉદ્યમ કરે છે પાપ-કર્મે, ધર્મ દૈવાધીન લહે. ૩૨

સમ્યક્ ગુણો જે જ્ઞાન, દર્શન, ધ્યાન, સંયમરૂપ જે,
તે મોક્ષ-કારણ સત્ય છે; ત્યાં કેમ સંશય થાય છે?
સૌ સત્ય કારણ સાધતા, પણ મોક્ષ સાથે ના મળે,
તો કેમ ફળમાં ભેદ દીસે? એ જ સંશય ના ટળે. ૩૩

બહુ કર્મરૂપી ઇંધનોને કાળ બહુ બળતાં થતો,
ને અલ્પ સંચય હોય તે તો અલ્પ કાળે બળી જતો;
કારણ વિષે છે સત્યતા જો, તુર્ત પુરુષાર્થે વળો,
વર્ષા થતાં ખેડૂત વાવે ધાન્ય; નરભવ આ કળો. ૩૪

સમ્યક્ ગુણો સાધી ગયા મોક્ષે ઘણા, તે આદરો;
વૈરાગ્ય, ભક્તિ આદિ સાધન સુગુરુ-આજ્ઞાથી કરો,
એકાંત વાદે ના ખળો, સ્યાદ્વાદ સત્ય બતાવતો,
સર્વજ્ઞ-વાણી ભવ-કૃપાણી જાણી શૌર્ય બઢાવજો. ૩૫

સૌ દર્શનો છે રત્ન છૂટાં, સૂત્ર આ સ્યાદ્વાદથી,
માળા મનોહર મોક્ષ-સુખો આપતી ઉલ્લાસથી.
કુળાગ્રહો તજી સત્ય પામો એ જ અંતે વિનતિ,
સંક્લેશથી જગ દુઃખી છે, તે ક્લેશ ટાળે સુ-મતિ. ૩૬

સમ્યક્ સમજ નિત્યે વસે આ છ પદના વિચારમાં,
સંક્ષેપથી સુણી હવે રુચિ ધરો વિસ્તારમાં.
આત્માનુભવી મોટા પુરુષે વાત કહી, લ્યો લક્ષમાં;
"મારું જ સારું" માની ના ઊંઘો મતાગ્રહ-પક્ષમાં. ૩૭

"સારું જ મારું" માનવું છે, એમ ધારી શોધજો;
જ્યાં સત્ય વિચારે ઠરે મન, સત્ય તે આરાધજો.
આ દોષ : "હું, મારું" અનાદિ સ્વપ્ન સમ, તે ટાળજો,
તે ટાળવા આ છ પદ ભાખ્યાં; સુજ્ઞ જન, મન વાળજો. ૩૮

રે ! માત્ર પોતાનું સ્વરૂપ, તે સ્વપ્ન-ભાવથી ભિન્ન છે,
જીવ એ પરિણામે પરિણમતાં પરમ સમ્યક્ત્વ લે;
સમ્યક્ત્વ પામી મોક્ષ પામે, લાભ એ મોટો ગણો !
વિનાશી, અન્ય, અશુદ્ધ ભાવોમાં જતો ભવ આપણો—૩૯

ત્યાં હર્ષ શો ? કે શોક શો ? વિવેકી જન વિચારતા :
'સ્વ-સ્વરૂપ વિષે જરૂર વસતી પૂર્ણતા ને શુદ્ધતા';
ઉપકાર સદ્ગુરુ તણો વિવેકી ના વિસારતા,
તેની જ ભક્તિથી સુદર્શન આદિ સૌ લાભો થતા. ૪૦

☆
☆☆

# ૭૬

# મોક્ષ-માર્ગની અવિરોધતા

(લાવણી. હે નાથ ! ભૂલી હું ભવસાગરમાં ભટક્યો—એ રાગ)

★

શ્રી **રાજચંદ્ર** પ્રભુ-ચરણકમળમાં મૂકું,
મુજ મસ્તક ભાવે, ભક્તિ નહીં હું ચૂકું;
આ કળિકાળમાં મોક્ષમાર્ગ ભુલાયો,
અવિરોધપણે કરી તમે પ્રગટ સમજાવ્યો. ૧

જન 'ધર્મ, ધર્મ' કહી કર્મ ઉપાર્જી ભટકે,
તે મોક્ષમૂર્તિ સમ સદ્ગુરુ મળતાં અટકે.
મહા પુણ્ય-યોગથી એવા સદ્ગુરુ મળતા,
તો યોગ્ય બનીને મોક્ષ-માર્ગ જન કળતા. ૨

વીતરાગ પરમ પુરુષ સમાગમ વિના,
જીવ થાય મુમુક્ષુ કેમ ઉપાસ્યા વિના ?
તે વિના મળે ના સમ્યક્ જ્ઞાન કહીંથી;
તે વિના ક્યાંથી જ સમ્યક્ દર્શન રીતિ ? ૩

તે વિના ચારિત્ર સમ્યક્ ક્યાંથી પામો ?
નહિ બીજે ક્યાંયે ત્રણે વસ્તુનાં ધામો.
તે ત્રણે અભેદે મોક્ષ-માર્ગ અવિરોધી,
કળિકાળ-જીવો, લ્યો યથાશક્તિ આરાધી. ૪

આજ્ઞા જ્ઞાનીની ભવ તરવાનો સેતુ;
છે જન્મ, જરા ને મરણ મુખ્ય દુખ-હેતુ.
તે દુઃખનો આત્યંતિક અભાવ શી રીતે ?
તે ના સમજ્યાથી જીવ વર્તે વિપરીતે. ૫

વિપરીત ઉપાયે દુઃખ સંતતિ વધતી,
તે દુઃખ ટાળવા ગ્રહે વળી દુખરીતિ.
દુખ આકુળતારૂપ, ઇચ્છા જનની તેની,
મટે આકુળતાથી એ આકુળતા શેની? ૬

નિજ ઇચ્છા મુજબ જો જગ આખું ચાલે,
નહિ તો ય સર્વથા નિરાકુળ જીવ મ્હાલે;
સુખ દેવગતિમાં માગ્યું સર્વ મળે છે,
ત્યાં ઇચ્છા નવી નવી જાગ્યે કળ ન વળે છે. ૭

કોઈ દ્રવ્ય નહિ પર આધીન પરિણમતું,
નહિ તેથી સદા નિજ નિર્ધાર્યું કૈં બનતું;
પણ ભાવ ઇચ્છાદિ જીવ દૂર કરવા ધારે,
તો ભાવ ઉપાધિક પુરુષાર્થે નિવારે. ૮

કહે [૧]કાળ-લબ્ધિ વળી [૨]ભવિતવ્યતા પાક્યે,
ને [૩]પુરુષાર્થ પણ કર્મ-શમનથી જાગે;
હીન પુરુષાર્થની વાત મુમુક્ષુ ન સુણે,
કર સત્પુરુષાર્થ જ, ગ્રહ્યો હાથ છે કુણે? ૯

એ ત્રણે કારણો મળ્યે જ કાર્ય બને છે.
કાળ-લબ્ધિ, ભવિતવ્ય શી ચીજ ગણે છે?
જો, કાળ-લબ્ધિ—જે કાળે કાર્ય બને તે,
જો, ભવિતવ્યતા—થનાર કાર્ય થયું એ. ૧૦

જો, કર્મતણું ઉપશમન આદિ જડ શક્તિ,
કરે જીવ-પુરુષાર્થ જ સકળ કાર્યની વ્યક્તિ;
સ્વાધીન જ પુરુષાર્થ ગણી સંતો ઉપદેશે,
સુણી ઉદ્યમ કરતાં કાળ-લબ્ધિ જીવ લેશે. ૧૧

પુરુષાર્થ કર્યા વણ ક્યાંથી કારણ મળશે?
ના મોક્ષ-ઉપાય વિના નરભવ-તક ફળશે.

સુણી સદ્ઉપદેશ જ નિર્ણય સાચો કરવો;
સત્પુરુષાર્થ ગણ્યો તે જરૂર ભ્રમ હરવો. ૧૨

"હે નાથ! ન નિર્ણય કર્મ-ઉદયથી બનતો."
સદ્‌ગુરુ ઉત્તર દે : "પામ્યો છે તું મન, જો;
જીવ-જંતુ મન વણ વિચાર કરી ના શકતા,
સાંસારિક નિર્ણય તો જન મનથી ઘડતા. ૧૩

તું તે જ શક્તિ જો ધર્મ-વિચારે જોડે,
તો નિર્ણય સાચો બને કર્મ સૌ તોડે."
જિજ્ઞાસુ વીનવે : "મોહ હણે સમકિતને,
સમકિત વિના ના દીક્ષા ફળ દે અમને."૧૪

ત્યાં બોધે સદ્‌ગુરુ : "મુખ્ય ધ્યેય ધર મનમાં
કે તત્ત્વ તણો નિર્ણય કરવો નર-તનમાં;
પુરુષાર્થ કરે જો ધરી દાઝ મન સાચે,
તો મંદ મોહ થઈ સમકિત લે વણ યાચ્યે. ૧૫

એ સત્પુરુષાર્થે મોક્ષ-ઉપાયો ફળશે,
સૌ સાધન તેથી જરૂર આવી મળશે;
ના તત્ત્વ-નિર્ણયે દોષ કર્મનો કોઈ,
એ ભૂલ ખરેખરી તારી તેં ના જોઈ. ૧૬

સંસાર કાર્યમાં થતી ન પુરુષાર્થ-સિદ્ધિ,
પણ તોય કરે પુરુષાર્થથી ઉદ્યમ-વૃદ્ધિ;
તું મોક્ષ-માર્ગમાં પુરુષાર્થ ખોઈ બેસે,
હજી તેથી ન હિતરૂપ તે તુજ ઉરમાં દીસે. ૧૭

જ્યાં હિત સમજે ત્યાં ઉદ્યમ બનતો કરતો,
કહે મોક્ષને ઉત્તમ, પણ અણસમજે વદતો."
તે જિજ્ઞાસુ કહે : "વચન તમારું સાચું,
હજી શંકા ઉર છે, ઉત્તર તેનો યાચું. ૧૮

જો દ્રવ્યકર્મ-ઉદયે રાગાદિ થાતાં,
તો દ્રવ્યકર્મ બંધઈ સત્તામાં જાતાં;
તે ઉદય થશે ત્યાં થશે ફરી રાગાદિ,
ના બને મોક્ષ-ઉપાય જ, ચક્ર અનાદિ.''૧૯

સદ્‌ગુરુ કહે : ''સાંભળ, કર્મ-ઉદય ના સરખો,
[૧]જીૅવ-પરિણતિથી પણ પૂર્વ કર્મ લે પલટો;
શુભ પ્રબળ ભાવથી અશુભ પૂર્વિક કર્મો
અપકર્ષણ-સંક્રમે [૨]ભજે શિથિલ ધર્મો. ૨૦

શિથિલ રસે જે કર્મ ઉદયમાં આવે,
નહિ તીવ્ર તોષ, રોષાદિ કરી મૂંઝાવે;
ત્યાં નવીન બંધ પણ મંદપણે બંધાતો,
એ ક્રમ આરાધ્યે સત્પુરુષાર્થ સધાતો. ૨૧

મન સહ સૌ ઇન્દ્રિય, જે ભવમાં જીૅવ પામે,
ત્યાં [૩]દુઃખ-હેતુ-સુવિચાર થયે સુખ જામે;
જો તીવ્ર ઉદય રાગાદિકનો આવ્યો તો,
રાચી વિષયાદિમાં [૪]લે [૫]ઉત્કટ બંધો. ૨૨

રાગાદિ ઉદય જો મંદપણે વર્તે તો,
વળીૅ મળીૅ આવે શુભ ઉપદેશાદિ નિમિત્તો;
એ બાહ્ય નિમિત્તે જીૅવ ઉપયોગ લગાવે,
તો ધર્મ-પ્રવૃત્તિ પુરુષાર્થે બનીૅ આવે. ૨૩

જીૅવ અવસર પામી કરે તત્ત્વ-નિર્ણય જો,
તો કર્મ મંદ થઈ દર્શનમોહ ઘટે, જો.
ખાસ તત્ત્વ-નિર્ણય-કાર્ય જીૅવે કરવાનું,
ફળ સમ્યગ્દર્શન આપોઆપ થવાનું. ૨૪

---

૧. જીવના પરિણામ વડે. ૨ પામે. ૩ દુઃખ અને તેના હેતુનો સમ્યક્ વિચાર. ૪ લહે, પામે. ૫ તીવ્ર.

થયે સમ્યગ્દર્શન એવી થાતી પ્રતીતિ :
'આત્મા હું, તજું રાગાદિક, જોઈ શક્તિ';
ચારિત્ર મોહથી હજી રાગાદિ દીસે,
કદી તીવ્ર ઉદયમાં વર્તે વિષયાદિકે. ૨૫

તે મંદ ઉદયમાં ધર્મ-કાર્ય આરાધે,
વા વૈરાગ્યાદિક ભાવ વિષે મન રાખે;
એ શુભ ઉપયોગે [1]વર્તન-મોહ ઘસાતો,
પુરુષાર્થ વધ્યે જીવ દેશ-સર્વ વ્રતી થાતો. ૨૬

ચારિત્ર ધરી ધર્મે પુરુષાર્થ વધારે,
પરિણતિ વિશુદ્ધ થયા કરી કર્મ વિદારે;
ક્રમ એવે મોહ ગયે જ્ઞાનાવરણાદિ
ઘન-ઘાતી ખસ્યે, લેતા કેવળજ્ઞાનાદિ. ૨૭

પછી કર્મ અઘાતી વગર ઉપાયે નાશે,
સહજાત્મસ્વરૂપે સિદ્ધાલયમાં જાશે.
ઉપદેશ-નિમિત્તે જીવ પુરુષાર્થ કરે જો;
સૌ કર્મ નાશ કરી શાશ્વત સુખ વરે તો. ૨૮

જીવ કર્મ-પ્રવાહે વહે હીન પુરુષાર્થી,
સરિતા-નીરે જન જેમ વહે જીવિતાર્થી;
ઊંડા જળમાં નહિ જોર જીવનું ચાલે,
છીછરા જળમાં જો હાંક સુણી કંઈ ઝાલે, ૨૯

તો બહાર નીકળી શકે; નહીં તો જાતો—
અતિ ઊંડા જળમાં, જીવ ફરીથી તણાતો;
રે! તેમ ન કાંઈ તીવ્ર ઉદયમાં બનતું,
ઉપદેશ સુણી, કંઈ મંદ ઉદયમાં કર તું.''૩૦

☆
☆☆

૧. ચારિત્ર-મોહ

## ૭૭

# સનાતન ધર્મ

**"સાચા પુરુષની શ્રદ્ધા, પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા એ જ સનાતન ધર્મ."**

—પ. પૂ. પ્રભુશ્રીજી

(કડખાની દેશી : પ્રભાતિયાને મળતો રાગ*)

★

આજ ગુરુ **રાજ**ને પ્રણમીં અતિ ભાવથી, યાચના શુદ્ધતાની કરું છું;
આપ તો શુદ્ધભાવે સદાયે રમો, બે ઘડી શુદ્ધભાવે ઠરું હું.
આજ ગુરુ રાજને૦ ૧

પામી જાતિસ્મરણ, જાણી લીધો તમે, જે સનાતન મહા ધર્મ સાચો;
આત્મ-હિતકારી તે, યાચતો બાળ આ, પરમકૃપાળુ કાઢે ન પાછો.
આજ ગુરુ રાજને૦ ૨

પંથ પરમાર્થનો એક ત્રિકાળમાં, જાણી, સંસારના માર્ગ છોડું;
પ્રેમ-સંસ્કાર સૌ પૂર્વ મિથ્યાત્વના, સત્ય પુરુષાર્થથી જરૂર તોડું.
આજ ગુરુ રાજને૦ ૩

તોષ-રોષે બળે લોક ત્રિકાળથી, શીતલ સત્પુરુષોની સુવાણી;
તાપ ત્રિવિધ ટાળી સુપથ દાખવે, જેમ દવ ઓલવે મેઘ-પાણી.
આજ ગુરુ રાજને૦ ૪

---

* શંકરાભરણ

રત્નત્રય એક સન્માર્ગ આપે કહ્યો, હો અહોરાત્ર મુજ ઉરમાં તે;
રાગ આદિ બધા દોષ દૂરે કરી, મોક્ષ પામું, સદાનંદ ત્યાં છે.
આજ ગુરુ રાજને૦ ૫

જીવ જગમાં ઘણા, માનવો યે ઘણા, પશુસમા ઇંદ્રિયો પોષતા જે;
ભાવિ જેનું હશે શુભ, તેને થશે 'કોણ હું?' એ જ વિચાર આજે.
આજ ગુરુ રાજને૦ ૬

'સ્વરૂપ મારું ખરું શું હશે? આ બધું કેમ સમજાય? ફળ ભાવનું શું?
જીવ દુઃખી બધા; દુઃખ-ઉપાય શા? સર્વ સમજી હવે હિત કરવું.'
આજ ગુરુ રાજને૦ ૭

સત્ય શિક્ષા કહી, ભવ્ય માટે ભલી : ''શોધ મા કાંઈ બીજું, હિતાર્થી,
એક સદ્ગુરુને શોધી, સૌ ભાવથી ચરણ-શરણે રહે, આત્મ-અર્થી.''
આજ ગુરુ રાજને૦ ૮

માન, મત, આગ્રહો મૂકી આજ્ઞા વિષે સત્યદૃષ્ટિ થવા વર્તશે જે,
પ્રેમરસ પામતાં, સર્વ ભૂલી જતાં એકનિષ્ઠા થશે, શિવ જશે તે.
આજ ગુરુ રાજને૦ ૯

વાણી સર્વજ્ઞની માર્ગ દર્શાવતી, પરમ કરુણા ભરી ક્યાં સુણાશે?
ગણધરોએ ગણ્યું કેવળી-સૂર્યના અસ્ત પછી માર્ગ શાથી જણાશે?
આજ ગુરુ રાજને૦ ૧૦

એમ જાણી, કરી શાસ્ત્ર-રચના ભલી, માર્ગ દેખાડવા મોક્ષનો આ,
તે જ પરમાર્થ આચાર્ય આદિ ગ્રહી, અન્ય ગ્રંથો રચે હિત થાવા.
આજ ગુરુ રાજને૦ ૧૧

મર્મ સદ્ગુરુ-ઉરે જે રહ્યો ગુપ્ત તે, જાણવા ભક્તિ કરવી સુભાવે,
રોકી સ્વચ્છંદ, આજ્ઞા જ ઉઠાવતાં, સહજ નિજ ભાવનો બોધ આવે.
આજ ગુરુ રાજને૦ ૧૨

પામી સદ્‌ગુરુતણો યોગ, સુણી બોધ જો, જીવ વિચારશે સાર શું છે ?
હેય શું ? જ્ઞેય શું ? ગ્રહણ કરવું કયું ? તત્ત્વશ્રદ્ધા થવા ફરી ય પૂછે.
આજ ગુરુ રાજને૦ ૧૩

તો જ નિઃશંક તે ગુરુ-કૃપાથી થશે, ભાવ જીવાદિના ઉર ભાસે;
જેમ દેહાદિમાં છે અહંભાવના, તેમ આત્મા વિષે ભાવ થાશે.
આજ ગુરુ રાજને૦ ૧૪

તત્ત્વ-વિચારણાથી સુદર્શન થશે, યોગ્યતા *વા લઈ જાય સાથે,
તો થશે પરભવે એ જ સંસ્કારથી સત્ય દર્શન, વિના બોધ લાધ્યે.
આજ ગુરુ રાજને૦ ૧૫

તત્ત્વ-અભ્યાસથી કર્મ-મિથ્યાત્વનો રસ ઘટે, સર્વ જ્યાં દૂર થાશે,
જેમ વાદળ ખસ્યે સૂર્ય દેખાય છે, તેમ સમ્યક્ત્વ-ભાનુ પ્રકાશે.
આજ ગુરુ રાજને૦ ૧૬

ધર્મ તે નહિ કરે લોક સંતોષવા, પૂછશે આટલું જીવને એ :
મુક્તિની એક ઇચ્છા રહે જો ઉરે, મૂક સંકલ્પ-વિકલ્પને, રે !
આજ ગુરુ રાજને૦ ૧૭

રાગ આદિ વિકલ્પો તને મૂકતાં, હોય બાધા જરા તો કહી દે,
એમ સમજાવતાં જીવ માની જશે, હિત જાણી સદા તે મૂકી દે.
આજ ગુરુ રાજને૦ ૧૮

રાગ આદિ રહિત જ્યાંથી ત્યાંથી થવું એ સનાતન મહા ધર્મ માનો,
પ્રાપ્ત સંયોગમાં ભાવ સમતા તણો સાધવો એ જ ઉપદેશ જાણો.
આજ ગુરુ રાજને૦ ૧૯

સર્વ ક્રિયા કરી, દાન શીલ આચરી, આટલું સાધવું છે, વિચારો :
સહજ સમભાવ તે નિજ રૂપ જાણીને, સાચવી રાખવું જરૂર, ધારો.
આજ ગુરુ રાજને૦ ૨૦

---

* અથવા

આધિ, વ્યાધિ, ઉપાધિ ઘણી આવશે, 'આત્મ-હિતકારી સમતા ન ચૂકો,
લક્ષ જો છૂટવાનો ઉરે આદરો તો ઉદાસીનતા કદી ન મૂકો.
આજ ગુરુ રાજને૦ ૨૧

સર્વ દર્શન તણો, સર્વ શાસ્ત્રો તણો, સાર આ જાણી એને ઉપાસો;
હૃદયપલટો થયે વાત જીવ માનશે, માન્યતા સત્ય ત્યાં ધર્મ-વાસો.
આજ ગુરુ રાજને૦ ૨૨

ભૂલ ગુરુમાં કરી, દેવ-ધર્મે ખરી; સર્વ પુરુષાર્થ પણ ભૂલવાળો,
તેથી મુમુક્ષુઓ સદ્‌ગુરુ-આશ્રયે, સત્ય પુરુષાર્થથી દોષ ટાળો.
આજ ગુરુ રાજને૦ ૨૩

શાંતિ સૌ ધર્મનું મૂળ જાણી સદા, ક્લેશનાં કારણો ટાળશે જે,
સર્વ સંસારનાં દુઃખની આ દવા : આત્મ-અર્થે સમય ગાળશે તે.
આજ ગુરુ રાજને૦ ૨૪

☆
☆☆

# ૭૮

# સૂક્ષ્મ તત્ત્વ-પ્રતીતિ

(સેવો ભવિયાં વિમલ જિનેસર, દુલ્લહા સજ્જન-સંગાજી : એ રાગ)

★

સૂક્ષ્મ તત્ત્વ-પ્રતીતિ પામ્યા, અચળ આ કળિ-કાળેજી,
એવા સદ્‌ગુરુ-ચરણે નમતાં, ભવ-ભાવઠ તે ટાળેજી. સૂક્ષ્મ૦

શ્રીમદ્ સદ્‌ગુરુ **રાજ**ચંદ્ર-પદ-સેવા નિત્યે ચાહુંજી,
પરમ-પ્રેમ-રસ દાન પ્રભુ દ્યો, તો તેમાં હું ન્હાઉંજી. સૂક્ષ્મ૦

સ્ફટિક રત્ન સમ જીવ-નિર્મળતા, જિનવર-બોધ પ્રકાશેજી,
પ્રબળ કષાય-અભાવે પ્રગટે, સહજ ધર્મ વિકાસેજી. સૂક્ષ્મ૦

સદા દ્રવ્ય અત્યંત પ્રકાશિત, સર્વ કર્મ ક્ષય થાતાંજી,
અસંગતા સહ સુખ-સ્વરૂપતા; જ્ઞાની-વચન આ સાચાંજી. સૂક્ષ્મ૦

જગ-સંકલ્પ-વિકલ્પો ભૂલો, થશો શુદ્ધ ઉપયોગીજી,
લક્ષ થવા નિર્વિકલ્પતાનો થવું ઘટે સ્થિર-યોગીજી. સૂક્ષ્મ૦

તે માટે સ્થિરતાનાં કારણ યથાશક્તિ ઉપાસોજી,
સદ્‌વિચાર, વૈરાગ્ય, ઉપશમ, સત્ સમાગમે વાસોજી. સૂક્ષ્મ૦

સુધારસ, સત્શાસ્ત્ર સુહેતુ, જ્ઞાની ગુરુ જો દાતાજી,
સત્સમાગમ સૌથી સહેલો, પહેલો, સૌની માતાજી. સૂક્ષ્મ૦

જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયથી સુલભ મોક્ષપદ, ભાખ્યુંજી;
આત્મસ્થિરતા, મોક્ષમાર્ગ તો કેમ સુલભ નહિ ? દાખ્યુંજી. સૂક્ષ્મ૦

જ્ઞાનીપુરુષનાં વચન તણો દૃઢ આશ્રય જે નર પામ્યોજી,
તેને સાધન થાય સુલભ સૌ, અખંડ નિશ્ચય માન્યોજી. સૂક્ષ્મ૦

સત્પુરુષે એ સ્પષ્ટ કહ્યું છે, કેમ મુમુક્ષુ મૂકેજી?
સ્વરૂપ વૃત્તિનું જાણી, તેને જીતવાનું ના ચૂકેજી. સૂક્ષ્મ૦

તોપણ કાળ દુઃષમ તેથી રહો સૌ સત્સંગ સમીપેજી,
કે દૃઢ આશ્રય નિશ્ચયપૂર્વક ટકતાં આત્મા દીપેજી. સૂક્ષ્મ૦

અત્યંત નિવૃત્તિ અસત્સંગથી જરૂરની આ કાલેજી;
કઠણ સાધનો પ્રથમ ઇચ્છતાં, સૌ સાધન ઝટ ફાલેજી. સૂક્ષ્મ૦

સદ્‌ગુરુના ઉપદેશ વિના ને સુપાત્રતાની ખામીજી,
કાળ અનંત ગયો તે કારણ, વિના ભાન, હે સ્વામીજી! સૂક્ષ્મ૦

ધર્મ વસ્તુ બહુ ગુપ્ત રહી છે, મહાભાગ્ય કોઈ દેખેજી,
સદ્‌ગુરુના અનુગ્રહથી તે પણ અંતર્શોધે લેખેજી. સૂક્ષ્મ૦

તપતો જીવ સંસાર-તાપમાં શીતળ તેથી થાશેજી,
આ ભવનાં આ અલ્પ સુખમાં સજ્જન નહીં મુઝાશેજી. સૂક્ષ્મ૦

અનંત ભવનાં અનંત દુઃખો વધારવાં નહિ સારાંજી,
અવસર આવ્યો વહી જતો આ, કરતાં 'મારાં, મારાં'જી. સૂક્ષ્મ૦

જીવ પોતાનું સ્વરૂપ ન જાણે, પરને સમજે ક્યાંથીજી?
સ્વપરની સમજણ જ્યાં સુધી નથી, ગૂંચાતો ત્યાં સુધીજી. સૂક્ષ્મ૦

સ્વસ્વરૂપનું જ્ઞાન અલૌકિક પ્રગટ્યું નથી જ્યાં સુધીજી,
પર પદાર્થ વિષે બહુ જાણે પણ અજ્ઞાને બુદ્ધિજી— સૂક્ષ્મ૦

મોક્ષ-માર્ગમાં કામ ન આવે; ઉત્તમ રસ્તો આ છે જી:
બીજી બધી વાતો મૂકી દઈ, આત્મા ઓળખવા જે જી— સૂક્ષ્મ૦

પ્રયત્ન કરશે તે સદ્‌ભાગી, સારભૂત વિચારેજી:
આત્મા સત્તારૂપ, સદા છે; કર્તા કર્મોનો એ જી. સૂક્ષ્મ૦

બંધ થાય જીવને કર્મોથી, કયાં કારણે, જાણેજી,
બંધ ટળ્યે જીવ મુક્ત બને છે, મોક્ષ-ઉપાય પ્રમાણેજી. સૂક્ષ્મ૦

એ આદિ વિચાર ગહન સૌ, વારંવાર વિચારેજી,
ક્ષણે ક્ષણે તે મનન કરે તો, વિચાર-વૃદ્ધિ ધારેજી. સૂક્ષ્મ૦

થાય અનુભવ અંશે અંશે સ્વ-સ્વરૂપનો તેથીજી,
સ્વરૂપ-અનુભવ વધતાં જાણે અચિંત્ય દ્રવ્યની શક્તિજી. સૂક્ષ્મ૦

સમાધાન સૌ શંકાનું ત્યાં વગર પ્રયત્ને થાશેજી,
ના માનો તો આ પુરુષાર્થે અનુભવથી સમજાશેજી. સૂક્ષ્મ૦

રાગ-રોષ છોડ્યાથી ખાત્રી સૌ સિદ્ધાંતની થાશેજી,
સર્વ પ્રકારે છૂટે તો જીવ મોક્ષે પોતે જાશેજી. સૂક્ષ્મ૦

નવ તત્ત્વો કે સાત તત્ત્વની, છ પદ, છ દ્રવ્યની વાતોજી,
જીવ-અજીવ બે દ્રવ્ય કે તત્ત્વે, સાર બધો ય સમાતોજી. સૂક્ષ્મ૦

સિદ્ધાંત સમજજો સદુપદેશે, એકાન્તે નહિ આરોજી,
સૂક્ષ્મ વિચારે સૂક્ષ્મ તત્ત્વ સૌ સમજ્યે સદ્ આચારોજી. સૂક્ષ્મ૦

[1]"આજ્ઞા અનુસરતા ઉપદેશે ક્રોધ ક્ષમા-ભંડારોજી,
ક્ષમા ય ગણી ઉત્સૂત્ર-વિચારે મહામોહ-ઘરબારોજી'. સૂક્ષ્મ૦

વચન કહ્યાં આ શ્રોતા અર્થે, ક્ષમા ન ત્યાં મુકાવીજી,
આજ્ઞા હિતકારી સમજાવા, દૃષ્ટિ બાહ્ય તજાવીજી. સૂક્ષ્મ૦

શાસ્ત્રાભ્યાસે વર્તે નિત્યે તેને અનુભવ લેવાજી,
શિક્ષા આપીઃ 'જડ શાસ્ત્રો સૌ,' નિજ હિતે ચિત્ત દેવાજી. સૂક્ષ્મ૦

તે સુણી અભ્યાસ તજી દે જો શાસ્ત્રો શીખનારોજી,
આત્મ-અનુભવ તો ના સમજે, ઉદ્યમ રહિત થનારોજી. સૂક્ષ્મ૦

---

૧ ઉપદેશ સિદ્ધાન્ત રત્નમાળા,-'મોક્ષમાર્ગ પ્રકાશ' પૃ. ૪૫૮

સ્નાન-યજ્ઞને ધર્મ ગણીને હિંસામાં હિત ભાળેજી,
તેના પ્રત્યે કહ્યું : ''પુણ્ય નહિ હિંસાથી કોઈ કાળેજી.''સૂક્ષ્મ૦

કિંચિત્ હિંસા પૂજામાં, પણ બહુ હિતકારી અંતેજી,
ગૃહસ્થને પૂજાની આજ્ઞા દીધી છે ભગવંતેજી. સૂક્ષ્મ૦

ધર્મ-મંદિર કરવામાં હિંસા અલ્પ અને ફળ મોટુંજી,
કહ્યું શાસ્ત્રમાં તે વિવેકે સમજી, તજજો ખોટુંજી. સૂક્ષ્મ૦

પાપ ટાળવા પ્રતિક્રમણ છે, પાપ તજી રહો ધર્મેજી;
આત્મ-અનુભવ-કાળે તેના વિકલ્પથી વહો કર્મેજી. સૂક્ષ્મ૦

જેમ તાવમાં પૌષ્ટિક પાકો મહા દોષ ઉપજાવેજી;
ઊંચો ધર્મ ભલો બહુ તોપણ વિકારી લોક લજાવેજી. સૂક્ષ્મ૦

રસાદિ વિષયે રહી આસક્તિ, સર્વ પરિગ્રહ છોડેજી,
આર્ત્તધ્યાન કે વિષય-પોષરૂપ ચઢે પાપને ઘોડેજી. સૂક્ષ્મ૦

સત્ય વિચારે ગ્રહી ઉપદેશો, સદાચાર સૌ સેવોજી,
રાગ-રોષને ઘટાડવાનો લક્ષ નિરંતર લેવોજી. સૂક્ષ્મ૦

જ્ઞાનીની આજ્ઞાએ, અથવા કરી પરીક્ષા ધારોજી
સ્વરૂપ સુદેવ-સુધર્મ-સુગુરુનું; ગ્રહીત મિથ્યાત્વ વારોજી. સૂક્ષ્મ૦

કુસંગ તજી સત્સંગે ભણજો જિન-કથિત જીવાદિજી,
તત્ત્વપ્રતીતિ એ અભ્યાસે થતાં, વિચાર-પ્રસાદીજી. સૂક્ષ્મ૦

વિચાર કર્યા કરતાં સ્વપરનો ભેદ ભાસવા લાગેજી,
પોતાનો આત્મા ઓળખવા સ્વરૂપવિચારે જાગેજી. સૂક્ષ્મ૦

આત્માનુભવની પ્રાપ્તિનો આ ક્રમ ઉત્તમ ધારોજી,
કદી દેવાદિ, કદી તત્ત્વો કે આત્મ-સ્વરૂપ વિચારોજી. સૂક્ષ્મ૦

દર્શન-મોહની થશે મંદતા, સમ્યગ્દર્શન પ્રગટેજી,
ભવ્ય જીવ આવા અભ્યાસે આવે મુક્તિની નિકટેજી. સૂક્ષ્મ૦

એવા અનુક્રમથી સાધે તો, મોક્ષમાર્ગ જીવ પામેજી,
એ અનુક્રમ ઉલ્લંઘે તે જીવ રખડે જ્ઞાની-નામેજી. સૂક્ષ્મ૦

દેવાદિકને માન્યા વિના તત્ત્વાદિક વિચારીજી,
બુદ્ધિથી બહુ બકતો ફરતો યશ-ધનનો ભિખારીજી. સૂક્ષ્મ૦

તત્ત્વ-વિચારે ચિત્ત ન રાખે, સ્વપર-વિવેકી માનીજી,
સ્વપર-ભેદ યથાર્થ નથી, તો ય માને આત્મ-જ્ઞાનીજી. સૂક્ષ્મ૦

એ સૌ ચતુરાઈની વાતો માનાદિક વધારેજી,
હિત-ઇચ્છકને કાર્યકારી નહિ, ભવે ભ્રમણ વિસ્તારેજી. સૂક્ષ્મ૦

અપક્ષપાતે દોષ દેખી નિજ, મુમુક્ષુતા જીવ ધારેજી,
તો સદ્‌ગુરુની ભક્તિ તેને ભવ-જળ-પાર ઉતારેજી. સૂક્ષ્મ૦

☆
☆☆

# ૭૯

# સમિતિ-ગુપ્તિ

(સેવક કિમ અવગણિયે હો મલ્લિ-જિન, એ અબ શોભા સારી—એ રાગ)

★

ગુરુવર ચરણે પ્રણમિયે હો ભક્તજન, ઉર ઉલ્લાસ વધારી,
શ્રીમદ્ **રાજ**ગુરુ-ઉપદેશે તરશે નર ને નારી. હો ભક્ત૦

સમિતિ-ગુપ્તિ-રહસ્ય જેના ઉરમાં રમતું ઊંડું,
તેના બોધે સૌ જિજ્ઞાસુ સમજી લે હિત રૂડું. હો ભક્ત૦

સંયમી જનની રક્ષા માટે *જનની આઠ સમિતિ,
પંચ સમિતિ, ત્રિગુપ્તિ નામે સમ્યક્ વર્તન નીતિ. હો ભક્ત૦

આદાન-નિક્ષેપણ, ઉત્સર્ગ, ભાષા, એષણા, ઈર્યા;
પંચ સમિતિનાં એ નામો પંચવિધ એ ચર્યા. હો ભક્ત૦

મન-વચન-કાયાથી થાતી, રોકે પાપ-પ્રવૃત્તિ,
અથવા યોગ ત્રણે રોકાતાં, માની છે ત્રણ ગુપ્તિ. હો ભક્ત૦

## ૧ ઈર્યા-સમિતિ

પ્રસિદ્ધ સિદ્ધ-ક્ષેત્રો, જિન-પ્રતિમા-વંદન કાજે જાતાં,
ગુરુ-આચાર્ય-તપવૃદ્ધ સેવવા ભાવ હૃદયમાં થાતાં—હો ભક્ત૦

દિવસે લોક જતા તે રસ્તે, તજી પ્રમાદ જો ચાલે,
ચાર હાથ આગળ દૃષ્ટિ કરી, દયા મુનિજન પાળે. હો ભક્ત૦

ઈર્યા-સમિતિ તેને કહિયે, જીવ-રક્ષાનો હેતુ,
પાપ-નિમિત્તો અનેક ટળતાં, ભવજળ [1]તરવા સેતુ. હો ભક્ત૦

---

* પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને આઠ સમિતિ કે અષ્ટ પ્રવચનમાતા પણ કહે છે. ૧ પાઠા૦ ઉપર

આજ્ઞા જેમ આપી છે તેમ જ, ચાલવું પડતાં ચાલે,
આજ્ઞાના ઉપયોગપૂર્વક ક્રિયાથી નરતન પાળે. હો ભક્ત૦

મુનિ-માર્ગ સમતાનો ભાખ્યો, પ્રયત્નપૂર્વક ચાલો,
સ્વરૂપ સમજી મમતા મૂકી, આત્મધર્મ અજવાળો. હો ભક્ત૦

## ૨ ભાષા-સમિતિ

ધૂર્ત-કામી-અભક્ષ્યભક્ષિની, નાસ્તિક, શંકાવાળી,
ટાળી દોષ દશ, સાધુ-સમ્મત ભાષા વદો રસાળી. હો ભક્ત૦

દુર્ભાષા દશ ભેદે જાણો : કર્કશ, પરુષા, તીખી,
નિષ્ઠુર, પરકોપી, છેદ્યાંકુર, નીચ, હિંસક, ભય-દાખી. હો ભક્ત૦

દશમી અતિ અભિમાન ભરેલી તજી, બીજી સમિતિ પાળો,
અસંશયાત્મક, હિત, મિત બોલો, પરમ સત્ય સંભાળો. હો ભક્ત૦

વચન-વર્ગણા લોહ સમી તે કંચન કરી શુભ ભાવે,
મુનિ જિન-ગુણ-સ્તવને, ઉપદેશે, સૂત્રાર્થે મન લાવે. હો ભક્ત૦

જ્ઞાન-જલધિ મુનિ ગંભીર વદતા કરુણા-કારણ જ્યારે,
મોહ-ઉદયમાં નિર્મોહી તે ભાવ ન શુદ્ધ વિસારે. હો ભક્ત૦

આજ્ઞા આપી છે તે રીતે જરૂર પડ્યે મુખ ખોલે,
આજ્ઞાના ઉપયોગપૂર્વક મુનિજન વચનો બોલે. હો ભક્ત૦

સ્વરૂપ-સ્થિત, ઇચ્છા-ત્યાગી, પૂર્વપ્રયોગે ખેલે,
અપૂર્વ વાણી જગ-ઉપકારક ગુપ્ત રહસ્ય ઉકેલે. હો ભક્ત૦

## ૩ એષણા-સમિતિ

સંયમ-સાધન દેહ ટકાવે સાધુ શુદ્ધ આહારે,
*ઉત્પાદોદ્‌ગમ, અંગારાદિ, શંકા, વિઘ્ન નિવારે. હો ભક્ત૦

---

* ઉત્પાદ દોષ ૧૬, ઉદ્‌ગમ દોષ ૧૬, અંગારાદિ ૪, શંકાદિ ૧૦ એ ૪૬ દોષ અને ૩૨ અંતરાય. જુઓ 'મૂલાચાર'.

અદત્ત, અભક્ષ્ય, ઉદ્દેશેલું મુનિ ગ્રહે ન, અકાલે,
મધુકર સમ ભિક્ષાથી જીવે, આત્માર્થે સૌ પાળે. હો ભક્ત૦

દ્રવ્ય-દોષ, પરિણામ-દોષ તજી, અર્ધ ઉદર આહારે
ભરે, જલથી ભાગ ચતુર્થ તે, બાકી ખાલી ધારે. હો ભક્ત૦

ક્ષુધા હરવા, સેવા કરવા, ક્ષમાદિકને કાજે,
ક્રિયા-આવશ્યક, ચરણાર્થે, પ્રાણાર્થે ભિક્ષા છે. હો ભક્ત૦

વ્યાધિ-કાળે કે ઉપસર્ગે, સહનશીલતા વાટે,
પ્રાણીદયા, બ્રહ્મચર્ય-રક્ષા, તન-નિર્મમતા માટે. હો ભક્ત૦

આહાર તજે એ છ કારણથી, અનાહારતા ધ્યાતા,
આજ્ઞાના ઉપયોગપૂર્વક, જરૂર પડ્યે મુનિ ખાતા. હો ભક્ત૦

વૃદ્ધ-યષ્ટિ સમ શરીર સાધન, તજે ન સાધ્ય અધૂરે;
સાધકતા ના દેખે ત્યારે, નહિ આહારે પૂરે. હો ભક્ત૦

કાયયોગ લે પુદ્ગલ-પિંડો, આત્મા તેને જાણે,
પુદ્ગલ-ધર્મ આહાર-રસ ગણી, +આત્મા નિજ સુખ માણે. હો ભક્ત૦

### ૪ આદાન-નિક્ષેપણ-સમિતિ

શય્યાસન, ઉપકરણો, શાસ્ત્ર સમ્યક્ દેખી પૂંજી,
લેતાં મૂકતાં યત્ના પાળે મુનિ, સમિતિ તે ચોથી. હો ભક્ત૦

સ્વરૂપ-ભજન આદાન સાચું, નિક્ષેપણ પર ભાવો;
સાધક વસ્તુ રાગ વિના લે, બાધક દે ન અભાવો. હો ભક્ત૦

આજ્ઞા આપી છે તે રીતે જરૂર પડ્યે લે મૂકે,
આજ્ઞાના ઉપયોગપૂર્વક સમિતિ ચોથી ન ચૂકે. હો ભક્ત૦

### ૫ *ઉત્સર્ગ-સમિતિ

અવરજવર જ્યાં હોય ન જનનો ત્યાં ત્યાગે યત્નાથી,
જીવરહિત જગ્યા નિહાળી, લીંટ, મૂત્ર, મળ આદિ. હો ભક્ત૦

---

× પાઠાં૦ જ્ઞાનસુધા-રસ માણે. * પારિઠાવણિયા-પ્રતિષ્ઠાપન

ઉત્સર્ગ સમિતિ કહી સંક્ષેપે, રોકે જ્યાં નહિ કોઈ,
રાત્રે પ્રથમ દીઠેલે સ્થાને, હાથ ફેરવી જોઈ. હો ભક્ત૦

આજ્ઞા આપી છે તે રીતે કરે દીર્ઘ-શંકાદિ,
આજ્ઞાના ઉપયોગપૂર્વક મુનિ સદા અપ્રમાદી. હો ભક્ત૦

સંયમ-બાધક, આત્મ-વિરાધક, આજ્ઞા-ઘાતક જાણી,
તજે અશન, ઉપધિ, શિષ્યાદિ, ભાવિ લાભ પિછાણી. હો ભક્ત૦

રાગદ્વેષ તજી આગમ રીતે, અંતે તન પણ ત્યાગે,
ફેંકી દેવા જેવું જ્યારે અહિતકર તે લાગે. હો ભક્ત૦

દ્રવ્ય ત્યાગ એ, ભાવ ત્યાગ તો વિભાવ તજવા સર્વે,
પ્રતિષ્ઠાપન સમિતિ મુનિ પાળે, રહે સદાય અગર્વે. હો ભક્ત૦

દ્રવ્યે મુનિ તજતા ભવ-હેતુ, પુદ્ગલ-સંગ અનાદિ,
લૌકિક ધર્મ-વિકલ્પો ત્યાગી સ્મરે સિદ્ધતા સાદિ. હો ભક્ત૦

★

પાંચ સમિતિ ઉપદેશી જિને અદ્ભુત સંકલનાથી,
છૂટી શકે ના દેહ-ક્રિયા તે, લેવા હિત સહ સાધી. હો ભક્ત૦

સ્થિતિ નિરંતર કરવી મુખ્યે અંતર્મુખ ઉપયોગે :
પરમ ધર્મ નિર્ગ્રંથ તણો તે; ક્ષણ ન બહિર્મુખ યોગે. હો ભક્ત૦

સંયમ-સાધન તન ટકાવવા, જરૂરી ક્રિયા પ્રવૃત્તિ,
નિમિત્ત બહિર્મુખ વૃત્તિનું ગણી, યોજી પાંચ સમિતિ. હો ભક્ત૦

અંતર્મુખ ઉપયોગ રહે ને ચાલુ રહે પ્રવૃત્તિ,
ભવ તરવાની દાઝ ધરે તો બની શકે એ રીતિ. હો ભક્ત૦

સ્થિતિ સહજ કેવળ અંતર્મુખ, જ્યાં કેવળ ભૂમિકા—
મુખ્યપણે કહી; તોય સાતમે ગુણસ્થાને દીપિકા. હો ભક્ત૦

અંતર્મુખ ઉપયોગ તણી છે સબળ વિચારની ધારા,
કર્મ-કારણે પૂર્ણ શુદ્ધ નહિ; [૧]સ્થિરપદ અનુભવનારા. હો ભક્ત૦

પ્રમાદથી ઉપયોગ ચળે તો મુનિ પદ છઠ્ઠે આવે,
વિશેષ અંશે સ્ખલિત થાય તો અસંયમી બની જાવે. હો ભક્ત૦

તે ન થવા દેવા કહી સમિતિ અંતર્યામી નાથે,
આજ્ઞા આરાધે મુનિજન તો અંતર્મુખતા સાધે. હો ભક્ત૦

સમિતિમાં સૌ સંયમ-વર્તન સમાય સર્વ પ્રકારે,
તેમ વર્તતાં સતત જાગૃતિ ઉપયોગની મુનિ ધારે. હો ભક્ત૦

જ્ઞાન-વીર્ય-શક્તિ જે કાળે પ્રગટે જેવી જેવી,
અપ્રમત્ત સૌ રહ્યા કરે તે, અદ્‌ભુત સમિતિ એવી. હો ભક્ત૦

રહસ્યદૃષ્ટિ કહી સંક્ષેપે, મુમુક્ષુ મન ભાવી;
સત્પુરુષની દૃષ્ટિ વિના તે દુષ્કર છે સમજાવી. હો ભક્ત૦

કમળપત્ર પાણીમાં સ્નેહે, જેમ નહીં લેપાયે,
સમિતિથી તેમ જીવાકુલ જગમાં પાપ ન મુનિને થાયે. હો ભક્ત૦

## ૧ મન-ગુપ્તિ

રાગાદિ-પ્રેરિત વિકલ્પો તજી મન વશ, સમ રાખે;
કે સિદ્ધાંત-સૂત્ર ગૂંથે મુનિ, મનગુપ્તિ-સુખ ચાખે. હો ભક્ત૦

મન-તુરંગ આસ્રવ-તોફાને, રે! દુર્ધ્યાન-કુઠામે,
ધર્મ-શુક્લ પથમાં પ્રેરાયે, રોક્યે જ્ઞાન-લગામે. હો ભક્ત૦

આત્મ-રુચિ, લીનતા આત્મામાં, ધ્યાનારૂઢ બની જાતા,
સ્થિરતા મુનિ બે ઘડી પામે તો કેવળી બનતા ધ્યાતા. હો ભક્ત૦

## ૨ વચન-ગુપ્તિ

સમ્યક્ વશ જો વચન-પ્રવૃત્તિ, અથવા મૌન ધરે જો
ઇશારત આદિ ત્યાગી મુનિ, વચનગુપ્તિ વરે તો. હો ભક્ત૦

---

૧ પાઠા૦ આત્મભાવ ત્યાં ન્યારા.

વચન-અગોચર સ્વરૂપ નિજ તો વચન વિષે ના રાચો,
અનુભવ-રસ-આસ્વાદન કાજે શુદ્ધ સ્વરૂપે માચો. હો ભક્ત૦

### ૩ કાય-ગુપ્તિ

અડોલ આસન પરિષહમાં પણ, કાયોત્સર્ગે સ્થિતિ,
કે શરીરથી હિંસા ત્યાગી તે કાયાની ગુપ્તિ. હો ભક્ત૦

કાય-યોગથી કર્મો આવે, માટે સ્થિરતા સાધો,
આત્મ-વીર્ય અચલ, સહજ નિજ, ચંચળ બની ન વિરાધો. હો ભક્ત૦

ઇન્દ્રિય-વિષય-ભોગનું સાધન, શરીર-પ્રવૃત્તિ રોકો,
નવીન કર્મ આવે તનુયોગે, દેહ-મોહ અવલોકો. હો ભક્ત૦

અકંપ, અયોગી ગુણસ્થાને ના કર્મ લગારે આવે,
તેથી મુનિવર સ્થિરતા ધારી આત્મા ધ્યાને ધ્યાવે. હો ભક્ત૦

★

સમકિત ગુણસ્થાને રુચિ થઈ, પૂર્ણ શુદ્ધ આત્માની,
તે પદની સંપ્રાપ્તિ કાજે ત્રિગુપ્તિ કારણ માની. હો ભક્ત૦

ગુપ્તિમાં રમવાની, શક્તિ હોય ન તો તે રુચિ
રાખી, વર્તે સમિતિમાં મુનિ, ગુપ્તિ ખરેખર ઊંચી. હો ભક્ત૦

સંયમ-કારણ સમિતિ ભાખી અપવાદે તે સાચી,
ઉત્સર્ગે ગુપ્તિ, એ દૃષ્ટિ ચૂકે ન મુનિ અયાચી. હો ભક્ત૦

આત્માર્થે આત્માર્થી જીવે લાભ અલૌકિક લેવા,
શુદ્ધ સ્વરૂપે સ્થિર થયા ત્યાં શેષ ન લેવા દેવા.
હો ભક્તજન ઉર ઉલ્લાસ વધારી.

☆
☆☆

# ૮૦
# કર્મના નિયમો

(દોહરા)

★

વંદું શ્રી ગુરુ રાજને, જેણે આપ્યો ધર્મ,
શ્રુત ધર્મે સમજી સ્વરૂપ, ચરણે કાપું કર્મ. ૧

અસંસારગત વાણીથી દીધો દ્વિવિધ બોધ,
ઉપશમ-કર [1]ઉપદેશરૂપ, [2]સૈદ્ધાંતિક અવિરોધ. ૨

કર્મ-નિયમ સિદ્ધાંતરૂપ, ઉપદેશે સમજાય,
સમજી શમાય જે જનો, કર્મ-મુક્ત તે થાય. ૩

તેલ-રંગિત ચિત્રપટ મેલો જો થઈ જાય,
ડાઘ દૂર કરવા નિયમ જાણ્યાથી સુધરાય. ૪

તેમ કર્મ-મલથી મલિન આત્મા કરવા શુદ્ધ
કર્મ-નિયમ પણ જાણવા, કહી ગયા જે બુધ. ૫

વાદળથી રવિ-તેજ સમ, કર્મે જીવ અવરાય;
આછા વાદળથી વળી પ્રકાશ જેમ જણાય— ૬

તેમ આત્મ-ગુણ દીપતા, કર્મ મંદ જ્યાં થાય;
કર્મ-જનિત તે ગુણ નહીં, પ્રકાશ નહિ ઘનમાંય. ૭

---

૧. ઉપદેશબોધ. ૨ સિદ્ધાન્તબોધ : જુઓ 'શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક ૫૦૬

અંશે જીવ-ગુણ ઝળકતા, કદી અભાવ ન થાય,
જાણે, દેખે તે ગુણે, જીવ સદાય જણાય. ૮

બંધ-હેતુ નહિ આ ગુણો, નહીં સ્વભાવે બંધ,
સ્વભાવ બંધ-હેતુ ગણ્યે, કદી ન થાય અબંધ. ૯

અભાવ જ્ઞાનાદિ તણો, કર્મોદયે જણાય,
તે પણ નવીન કર્મનો, બંધન-હેતુ ન થાય. ૧૦

જેનું અસ્તિત્વ જ નથી, તે કારણ ના હોય
કોઈ નવીન કાર્યે કદી; વિચાર કરી લે જોય. ૧૧

જ્ઞાન, દર્શન, વીર્ય ગુણ બંધ-હેતુ નહિ એમ,
ભાવ-અભાવરૂપે ભલે; જીવ બંધાતો કેમ? ૧૨

અયથાર્થ શ્રદ્ધાનરૂપ જે મિથ્યાત્વ ગણાય,
ક્રોધ, માન, માયા તથા લોભાદિક કષાય, ૧૩

મોહનીય કર્મે થતા એ ઔપાધિક ભાવ;
ટાળો કર્મ-નિમિત્ત તો, તેનો થાય અભાવ. ૧૪

વિભાવરૂપ આ ભાવથી કર્મ નવીન બંધાય,
મોહ-ઉદય શત્રુ મહા, જીવનો મુખ્ય ગણાય. ૧૫

અઘાતી કર્મોનો ઉદય દે સામગ્રી બાહ્ય,
તેમાં દેહાદિક તો જીવ-ક્ષેત્રે બંધાય. ૧૬

ધન, કુટુંબાદિ દીસે આત્માથી અતિ ભિન્ન,
બંધન-કારણ એ નહીં, બંધ ન પર-આધીન. ૧૭

આત્મ-ભાવ મમતાદિ રૂપ મિથ્યાત્વાદિક નામ,
દેહાદિક નિમિત્ત, પણ મોહ-કર્મનાં કામ. ૧૮

નામકર્મના ઉદયે દેહ, વચન, મન થાય;
તે ત્રણની પ્રવૃત્તિથી જીવ-પ્રદેશ કંપાય. ૧૯

તેથી શક્તિ બંધની આત્મામાં પ્રેરાય,
જીવ-પ્રદેશે વર્ગણા પુદ્‌ગલની બંધાય. ૨૦

જીવ-પ્રદેશ ને વર્ગણા એકક્ષેત્ર-અવગાહ;
જે શક્તિથી થાય તે જાણો યોગ-પ્રવાહ. ૨૧

સમય સમય તેથી ગ્રહે કર્મ-વર્ગણા જીવ,
જીવ-વીર્ય કર્મો ગ્રહે, પણ સૌ કર્મ અજીવ. ૨૨

અલ્પ યોગ નિમિત્તથી પરમાણુ લે અલ્પ;
બહુ યોગ-બળથી ગ્રહે પરમાણુઓ અનલ્પ. ૨૩

એક સમયમાં જેટલાં પરમાણુ લેવાય,
તે જ્ઞાનાવરણાદિમય સાત, આઠ રૂપ થાય. ૨૪

યોગ-વર્તના બે રીતે, શુભ, અશુભ ગણાય;
દેહ, વચન, મન વર્તતાં ધર્મ વિષે, શુભ થાય; ૨૫

અધર્મ-કાર્યે યોજતાં અશુભ યોગ ગણાય;
બન્નેથી સમ્યક્ત્વ વણ ઘાતીકર્મો થાય. ૨૬

મિથ્યાત્વે સૌ ઘાતિયાં નિરંતર બંધાય,
માટે તે ભૂલ ટાળવા કરવો પ્રથમ ઉપાય. ૨૭

આત્મ-ઘાતી અજ્ઞાની જન; સ્વ-દયા ત્યાં સત્‌ધર્મ;
સમ્યગ્દૃષ્ટિ દયાળુ છે, કરે ન પાપી-કર્મ. ૨૮

અઘાતિયાં કર્મો વિષે શુભ ઉપયોગે પુણ્ય,
અશુભ યોગે પાપ-બંધ, મિશ્રથી પુણ્યાપુણ્ય. ૨૯

યોગ-નિમિત્તે કર્મનો આસ્રવ આવો થાય,
યોગે પ્રકૃતિ, પ્રદેશ બે બંધ-પ્રકાર ગણાય. ૩૦

નામ કર્મ-પરમાણુનું પ્રદેશ અહીં ગણાય,
પ્રકૃતિ કર્મ-સ્વભાવરૂપ આઠ, અનંત મનાય. ૩૧

મિથ્યાત્વ, ક્રોધાદિ થતા, મોહ-ઉદયથી ભાવ,
કષાય નામ બધાયનું; તેનો સુણો પ્રભાવ. ૩૨

કષાયથી કર્મો વિષે સ્થિતિ, રસ બંધાય;
અમુક કાળ-અવધિ, સ્થિતિ; બે ભેદે સમજાય. ૩૩

આબાધારૂપ જે સ્થિતિ, વાવ્યા ધાન્ય સમાન,
જમીન નીચે પલળી રહે ઊગ્યા અગાઉ માન; ૩૪

ઊગવારૂપ ઉદય-સ્થિતિ, તે પૂરી ના થાય
ત્યાં સુધી પરમાણુનો પ્રવાહ આવ્યો જાય. ૩૫

સુર-મનુષ્ય-તિર્યંચના આયુ વણ સ્થિતિ જાણ—
ઘાતી-અઘાતી કર્મની કષાય-વેગ પ્રમાણ. ૩૬

અલ્પ કષાયે ટૂંકી ને દીર્ઘ યદિ અતિ કષાય,
સ્થિતિ-મર્યાદા કર્મની એ રીતે બંધાય. ૩૭

સુર-નર-પશુ-આયુસ્થિતિ બહુ કષાયે અલ્પ,
અલ્પ કષાયે લાંબી તે; નિયમે શા વિકલ્પ? ૩૮

કર્મરસ અનુભાગ-બંધ, કષાય-યોગે થાય;
ઉદય આવ્યે અલ્પ-બહુ, બાંધ્યો તેમ જણાય. ૩૯

અઘાતીકર્મની પાપરૂપ-ઘાતીકર્મ સૌ પાપ-
પ્રકૃતિમાં અનુભાગ અલ્પ, અલ્પ કષાયે માપ. ૪૦

બહુ કષાયે રસ બહુ; પુણ્ય વિષે પણ ભિન્ન,
બહુ કષાયે અલ્પ રસ, બહુ રસ જો તે ક્ષીણ. ૪૧

ઉત્તમ મદિરા અલ્પ દે ઘણી કેફ બહુ કાળ;
અલ્પ કેફ, ચિર કાળ નહિ, બહુ મદિરા હીન ભાળ. ૪૨

તેમ કર્મ-પરમાણુ બહુ દે ફળ અલ્પ જ કાળ,
અલ્પ પરમાણુ દે બહુ કાળ, ફળ બહુ ભાળ. ૪૩

તેથી પ્રકૃતિ-પ્રદેશરૂપ યોગે જે જે બંધ,
તે બળવાન ગણાય ના; બલિષ્ઠ કષાય-બંધ. ૪૪

તેથી ભવ કરવા તણું કષાય કારણ મુખ્ય;
જેને ભવ હરવા હશે, થશે કષાય-વિમુખ. ૪૫

મુખથી ગ્રાસ વિષે લીધું ભોજન ભિન્ન પ્રકાર,
હાડ, રુધિર, વીર્યાદિરૂપ બને નિયમ-અનુસાર. ૪૬

કોઈ ચીજ તનમાં ટકે ઘણો કાળ સુખકાર;
કોઈ અલ્પ બળ આપતી, ટકે નહીં બહુ વાર. ૪૭

ભાન નથી ભોજન વિષે રસ, બળ દેવા કાંઈ,
જે જે ગુણ જડ વસ્તુમાં તે દેખાતા આંહિ. ૪૮

તેમ જ કષાય-યોગથી પરમાણુ પકડાય;
આઠ કર્મરૂપ પરિણમે, ફળ દેનારાં થાય. ૪૯

નિમિત્ત-નૈમિત્તિકતા પરસ્પરે સમજાય;
જડમાં ભાન મળે નહીં; કોઈ ન ફળ દઈ જાય. ૫૦

બાંધેલાં કર્મો રહે સત્તામાં જે વાર,
શુભાશુભ જીવ-ભાવથી ગ્રહે છે ફેરફાર. ૫૧

સજાતિ પ્રકૃતિરૂપે કોઈ કોઈ પલટાય,
સ્થિતિ-અનુભાગ વધે, ઘટે; જીવ કરે તે થાય. ૫૨

જીવ-ભાવનું ના બને તેવું જો નિમિત્ત,
તો બાંધ્યાં તેવાં રહે, સત્તામાં સૌ સ્થિત. ૫૩

ઉદય-કાળ આવ્યે સ્વયં બને કર્મ-અનુસાર,
જેવો રસ કર્મે રહ્યો તેવો રસ દેનાર. ૫૪

રસ દઈ કર્મપણું તજે, પુદ્ગલરૂપ પલટાય;
પરમાણુ રહે સ્કંધમાં કે છૂટી દૂર થાય. ૫૫

સાથે બંધાયેલ જે ઉદય-ક્રમે દેખાય;
પૂર્વે બંધાયાં હતાં તેમાં વળી ભળી જાય. ૫૬

પરમાણુરૂપ કર્મ તો દ્રવ્ય કર્મ પરખાય,
મોહજનિત જીવ-ભાવ તે ભાવકર્મ લેખાય. ૫૭

નામકર્મથી જે થયું શરીર તે નોકર્મ,
સુખદુખ-કારણ કર્મવત્; સુખદુખ દૈહિક ધર્મ. ૫૮

દ્રવ્ય-ઇન્દ્રિયો શરીરમાં, દ્રવ્ય-મનસ્ કજરૂપ,
વચન શ્વાસ-ઉચ્છ્વાસ સૌ દૈહિક અંગ અનૂપ. ૫૯

આત્મા સૌથી ભિન્ન છે, આત્મિક સુખ છે સાર;
સમ્યગ્દૃષ્ટિ અનુભવે, વિસ્મરી સૌ સંસાર. ૬૦

☆
☆☆

# ૮૧

# મહત્પુરુષોની અનંત દયા

(અક્ષય પદ વરવા ભણી, સુણો સંતાજી, અક્ષત પૂજા સાર રે ગુણવંતાજી—એ રાગ)

★

શ્રી **રાજચંદ્ર**-ચરણે નમું જયવંતાજી, જેના ગુણ અનંત રે ગુણવંતાજી,
તારક તત્ત્વ બતાવતા જયવંતાજી, અકામ કરુણાવંત રે ગુણવંતાજી. ૧

ગુણ ગુરુના શું વર્ણવું? જય૰ અમાપ એ ઉપકાર રે ગુણ૰
કેવળ કરુણા-મૂર્તિ તે, જય૰ મોક્ષમાર્ગ-દાતાર રે ગુણ૰ ૨

પુષ્પ મોગરાનાં રૂડાં, જય૰ કપૂર કે શશી-તેજ રે ગુણ૰
અધિક મનોહર ગુરુ-ગુણો, જય૰ એના જેવા એ જ રે ગુણ૰ ૩

દયા, દયા, નિર્મળ દયા, જય૰ હિમગિરિ-સુતા-પ્રવાહ રે ગુણ૰
જગત સુખી સત્પુરુષથી, જય૰ ઉચ્ચરી જવાય 'વાહ!' રે ગુણ૰ ૪

દીર્ઘ દૃષ્ટિથી દેખીને જય૰ સર્વ જીવ-હિત કાજ રે ગુણ૰
સ્વ-પર-દયા વિસ્તારથી જય૰ વર્ણવતા જિનરાજ રે ગુણ૰ ૫

કેવળજ્ઞાન લહ્યા પછી જય૰ વિચરે કરુણા કાજ રે ગુણ૰
કર્મ-ઉદય ભગવંતનો જય૰ ભવાબ્ધિમાંહિ જહાજ રે ગુણ૰ ૬

હિમગિરિ સમ શાંતિ વહે જય૰ સર્વ દિશામાં સાર રે ગુણ૰
પૂર્ણ ચંદ્ર સમ સાગરે જય૰ ભાવ-ભરતી કરનાર રે ગુણ૰ ૭

ભાવ જ ચિંતામણિ ગણો જય૰ ઇચ્છિત ફળ દેનાર રે ગુણ૰
મોક્ષ વરે કોઈ ભાવથી જય૰ સુર-સુખ કો વરનાર રે ગુણ૰ ૮

ક્ષપક શ્રેણિ કોઈ ચઢે જય૦ સર્વજ્ઞ કોઈ થાય રે ગુણ૦
ઉપશમ શ્રેણીના બળે જય૦ કોઈ અમોહીં જણાય રે ગુણ૦ ૯

દર્શનમોહ ખપાવતા જય૦ ક્ષય કરી [1]આદિ કષાય રે ગુણ૦
ક્ષાયિક દર્શન પામતા જય૦ એવા જ્યાં નર-રાય રે ગુણ૦ ૧૦

અપ્રમત્ત મુનિ કો બને જય૦ સર્વ-વિરતિ ધરનાર રે ગુણ૦
દેશ-વિરતિ કો આદરે જય૦ કોઈ સુદર્શન સાર રે ગુણ૦ ૧૧

સુર નર તિર્યંચો ઘણા જય૦ સમકિત સન્મુખ થાય રે ગુણ૦
કૃષ્ણપક્ષી જીવ કોઈ તો જય૦ શુક્લપક્ષી બની જાય રે ગુણ૦ ૧૨

જાતિ-સ્મરણે જાણતા જય૦ પૂર્વ ભવો વળી કોય રે ગુણ૦
પરિભ્રમણ દુખ ટાળવા જય૦ હવે ન ચૂકે સોય રે ગુણ૦ ૧૩

અવધિજ્ઞાની બને ઘણા જય૦ દેખે ભૂત, ભવિષ્ય રે ગુણ૦
મનઃપર્યયજ્ઞાને કરી જય૦ મન વાંચે મુનીશ રે ગુણ૦ ૧૪

ગણધર મોટા જે થતા જય૦ આગમ રચે અશેષ રે ગુણ૦
[2]ગુરુગમથી આગમ ભણી જય૦ જાણે સર્વ વિશેષ રે ગુણ૦ ૧૫

શ્રુતકેવળી ભગવંત તે જય૦ દે સાચો ઉપદેશ રે ગુણ૦
લબ્ધિવંત ઘણા જણા જય૦ ગર્વ ધરે નહિ લેશ રે ગુણ૦ ૧૬

વિચરે દેશ-વિદેશમાં જય૦ ગગન-વિહારી કોય રે ગુણ૦
ધર્મ-પ્રભાવ વધારતા જય૦ વાદ-રસિક જે હોય રે ગુણ૦ ૧૭

વચન-સિદ્ધિ કો પામતા જય૦ સત્ય-પ્રભાવે સાર રે ગુણ૦
ચમત્કાર-ભંડાર કો જય૦ કરે સ્વપર-ઉપકાર રે ગુણ૦ ૧૮

સૌ સમૃદ્ધિ આવી વસે જય૦ આત્મા નિર્મળ જ્યાંય રે ગુણ૦
કરુણા કારણ સર્વનું જય૦ મહાપુરુષની ત્યાંય રે ગુણ૦ ૧૯

---

૧. અનંતાનુબંધી કષાય    ૨ પાઠા૦ ગુરુમુખથી

આત્મા ઊંચા આણતા જય૦ જ્ઞાની દયા-ભંડાર રે ગુણ૦
નિષ્કારણ ઉપદેશથી જય૦ તારે નર ને નાર રે ગુણ૦ ૨૦

અનંત દયા સત્પુરુષની જય૦ કોઈ ન પામે પાર રે ગુણ૦
અનંત જીવ ઉપર થતો જય૦ ખરેખરો ઉપકાર રે ગુણ૦ ૨૧

અનંતનું દૃષ્ટાંત આ જય૦ દેખો વડનું બીજ રે ગુણ૦
મોટો વડ તેથી થતો જય૦ ફળની ન ગણત્રી જ રે ગુણ૦ ૨૨

વડવાઈ ચોટી થતા જય૦ અનેક વડ નિરધાર રે ગુણ૦
તેના સૌ ટેટા ગણો જય૦ સંખ્યા થશે અપાર રે ગુણ૦ ૨૩

દરેક ફળના બીજથી જય૦ વડ વળી અપરંપાર રે ગુણ૦
તે તે વડ, ઉપવડ વડે જય૦ બીજ અને વડ ધાર રે ગુણ૦ ૨૪

વધતી વડ-સંખ્યા તણો જય૦ અંત ન આવે જેમ રે ગુણ૦
દયા મહત્પુરુષો તણી જય૦ વધતી જાતી તેમ રે ગુણ૦ ૨૫

જ્વલંત કેવળ-જ્યોતિથી જય૦ ગણધર આદિ મશાલ રે ગુણ૦
તેથી ભવ્ય પરંપરા જય૦ શિવ-પથ રચે વિશાલ રે ગુણ૦ ૨૬

એક અંશ સાતા[1] થકી જય૦ થતાં લગી નિષ્કામ રે ગુણ૦
સર્વ સુખ-મૂળ મહત્પુરુષ જય૦ પરમ દયાના ધામ રે ગુણ૦ ૨૭

પરંપરા સત્પુરુષથી જય૦ સદાચાર-ઉપદેશ રે ગુણ૦
જગત ભયંકર તે વિના જય૦ પામે નહિ સુખ-લેશ રે ગુણ૦ ૨૮

ન્યાય, નીતિ ના હોય તો જય૦ કેવો વર્તે ક્લેશ રે ગુણ૦
પાપી જન પણ પાપને જય૦ ઓઢાવે શુભ વેશ રે ગુણ૦ ૨૯

સારું જે જે સાંભળ્યું જય૦ તેવો દે દેખાવ રે ગુણ૦
તેવું વર્તન ના બને જય૦ તોપણ વર્તે ભાવ રે ગુણ૦ ૩૦

---

૧. પાઠા૦ શાંતિ

સ્વાર્થી લંપટતા ટળે જય૦ મૈત્રી સૌની સાથ રે ગુણ૦
કરુણા જગ-જંતુ પ્રતિ જય૦ જ્યાં જ્યાં જીવ અનાથ રે ગુણ૦ ૩૧

ગુણી જનોના ગુણથી જય૦ પામે જીવ પ્રમોદ રે ગુણ૦
પરહિત જો ન બની શકે જય૦ કરે ન પર પર ક્રોધ રે ગુણ૦ ૩૨

પર-દુઃખ કારણ ના બને જય૦ શિષ્ટાચાર ગણાય રે ગુણ૦
કૃત ઉપકાર ભૂલે નહીં જય૦ માનવ તે જ મનાય રે ગુણ૦ ૩૩

પુણ્યથી જે સુખ ભોગવો જય૦ તેનું કારણ સંત રે ગુણ૦
સંત-વચન સુણ્યા વિના જય૦ નહિ સન્માર્ગે ખંત રે ગુણ૦ ૩૪

નરભવ દેનારા ભલા જય૦ મહત્પુરુષ મનાય રે ગુણ૦
તો તેને શરણે સદા જય૦ જીવો તો એ ન્યાય રે ગુણ૦ ૩૫

ઉત્તમ મળી આવી દશા જય૦ જેના યોગે જાણ રે ગુણ૦
તેના વચને વર્તતાં જય૦ પામો સૌ નિર્વાણ રે ગુણ૦ ૩૬

☆
☆☆

# ૮૨
# નિર્જરા-ક્રમ

(ઠરે જહાં સમકિત તે સ્થાનક, તેહના ષટ્ વિધ કહિયે રે—એ રાગ)

★

શ્રીમદ્ **રાજચંદ્ર**-પદ પ્રણમું, ભાવ નિર્જરા કાજે રે,
જેનાં વચન અનુપમ પામી, આત્મ-રત્ન વિરાજે રે;
દ્રવ્ય નિર્જરા સર્વ ગતિમાં, હસ્તિ-સ્નાન ગણાતી રે;
ધૂળ ધોઈ નવી ધૂળ નાખતાં શુદ્ધિ તે ન મનાતી રે. ૧

કર્મ - ઉદય - કાળે વર્તે જો રાગાદિક વિકારો રે,
તો ફળ દઈને કર્મ જતાં, પણ નવીન કર્મનો ભારો રે;
આત્મા હલકો થાય નહીં, તો નહીં નિર્જરા લેખો[1] રે,
મોક્ષમાર્ગ ના પ્રગટ કરે તો દ્રવ્ય નિર્જરા પેખો[2] રે. ૨

આત્મવીર્યથી કર્મ-પ્રકૃતિ ઉદય થવા ના દીધી રે,
તો ના તેવી નવી બંધાતી; સંવરતા ત્યાં કીધી રે;
ભાવ નિર્જરા તેને ભાખી, દેવું નવું ન કીધું રે,
ઉદય-કર્મ અક્ષોભ ભાવથી અંશે ભોગવી લીધું રે. ૩

જે અંશે રાગાદિ વર્તે બંધ - સંતતિ પોષે રે,
સમ્યક્ જ્ઞાનાદિ જે અંશે કર્મ-મેલ તે ધોશે રે—
મિશ્ર શુદ્ધતા એવી વર્તે રહે મોહ જ્યાં સુધી રે,
અયોગી ગુણસ્થાને પૂરી ભાવ નિર્જરા શુદ્ધિ રે. ૪

દર્શનમોહ-અભાવે થાયે શરૂ નિર્જરા સાચી રે,
સમ્યગ્દર્શન થયા વિના ના પડે વાસના પાછી રે;
મોક્ષ-સ્વરૂપ સમજાયા વિના રુચિ રહે નહિ તેની રે,
શુદ્ધ સ્વરૂપના ધ્યેય વિનાની સત્ય નિર્જરા શેની રે? ૫

---

૧ પાઠા૦ સાચી  ૨ પાઠા૦ કાચી

ચોથા ગુણસ્થાનકથી ચટકો મોક્ષમાર્ગનો લાગે રે,
ગમે નહીં બંધનનાં કારણ ત્યાં વૈરાગ્ય જ જાગે રે;
ભવ તરવાનો કામી છોડે બને તેટલાં કર્મો રે,
છૂટવાનો રસ્તો આરાધે, ભાવે આત્મિક ધર્મો રે. ૬

નછૂટકે વ્યવહારે વર્તે, અંતરથી તો ત્યાગી રે,
વૃત્તિ તલસે આત્મહિતાર્થે, લગની સાચી લાગી રે.
મુક્ત ભાવના સદા મુકાવે, એ જ નિર્જરા-હેતુ રે;
વ્રત, નિયમ, તપ તેને પોષે ભવસાગરમાં સેતુ રે. ૭

ક્રમ નિર્જરાનો અતિ ઉત્તમ મોક્ષમાર્ગ દર્શાવે રે,
પંચેન્દ્રિય, પર્યાપ્ત, સંજ્ઞી જીવ-ભવ્ય માર્ગમાં આવે રે;
માર્ગાનુસારી - ગુણધારી પાંચે લબ્ધિ પામે રે;
[૧]ક્ષયોપશમ, [૨]વિશુદ્ધિ, [૩]દેશના, [૪]પ્રાયોગ્ય, [૫]કરણ નામે રે. ૮

કરણ-લબ્ધિ પણ છે ત્રણ ભેદે : [૧]યથાપ્રવૃત્તિ સુધી રે,
ઘણી વાર જીવ આવી ચૂક્યો વિના અપૂરવ શુદ્ધિ રે;
[૨]અપૂર્વ, [૩]અનિવૃત્તિ બે કરણે પરિણામ-વિશુદ્ધિ રે—
વધતાં, વધતાં ઘણી નિર્જરા, થયે સમકિત-લબ્ધિ રે. ૯

કરણ-લબ્ધિમાં થાય નિર્જરા તેથી અસંખ્યગુણી રે—
સમ્યગ્દૃષ્ટિ જીવને ક્ષણ ક્ષણ થતી નિર્જરા, સુણી રે;
અભાવ અનંતાનુબંધીનો સ્વરૂપ-રમણતા આપે રે,
વિપરીત દૃષ્ટિ દૂર થતાં બહુ વર્તન-મોહ ન વ્યાપે રે. ૧૦

અપ્રત્યાખ્યાની કષાય ખસતાં, પરિણામ-વિશુદ્ધિ રે,
વધતાં પ્રકર્ષપણે, નિર્જરા અસંખ્યગુણી વધતી રે,
સમ્યગ્દૃષ્ટિ શ્રાવક કેરી એકાદશ ભૂમિકા રે,
ક્રમે ક્રમે વધતા પરિણામે ઉન્નતિની સૂચિકા રે. ૧૧

પ્રત્યાખ્યાની જાય કષાયો સર્વ-વિરતિ ય પધારે રે,
નિર્મળ પરિણામે ય નિર્જરા અસંખ્ય ગુણાકારે રે;

અનંતાનુબંધી-વિયોજક અધિક શુદ્ધતાવાળો રે,
અસંખ્યગુણી નિર્જરા અધિકી સપ્તમપદ સુધી ભાળો રે. ૧૨

દર્શનમોહ કરે ક્ષય જ્યારે સપ્તમપદ સુધીમાં રે,
ભાવ-વિશુદ્ધિ અતિશય યોગે થાય અસંખ્યગુણી ત્યાં રે;
કર્મનિર્જરા મુનિથી અધિકી, અવિરતિ પદ તોયે રે,
ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ અંશે સિદ્ધદશામાં હોયે રે. ૧૩

ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જ્યારે ઉપશમ શ્રેણી ચઢતા રે,
ચારિત્રમોહ ઉપશમ કરતાં ભાવશુદ્ધિથી વધતા રે;
અસંખ્યગુણી નિર્જરા કરતા ત્રણે કરણ સહ ફરીથી રે,
અસંખ્યગુણી નિર્જરા કરે વળી સર્વ મોહ-ઉપશમથી રે. ૧૪

લોભ-ઉદયથી પડી, ફરી જ્યાં ક્ષપક શ્રેણી ચઢતા રે,
ક્ષય ચારિત્ર-પ્રકૃતિ કરતા, ભાવ પ્રકર્ષે વધતા રે;
અસંખ્યગુણી નિર્જરા અધિકી કરી ક્ષીણમોહી બનતા રે,
ત્યાં પણ અસંખ્યગુણી નિર્જરા કરી શુદ્ધ પરિણમતા રે. ૧૫

બીજા શુક્લધ્યાન-અગ્નિથી ઘાતીકર્મ સૌ બાળી રે,
જિનપદ પામી બને અયોગી, દે સૌ કર્મો ટાળી રે;
પૂર્ણ નિર્જરા સાધી, લેતા સિદ્ધદશા સંભાળી રે,
પામો સર્વે જીવ પરમપદ નિજ આત્મા અજવાળી રે. ૧૬

નથી નિર્જરા કે સંવર ત્યાં આસ્રવહેતુ-અભાવે રે,
મિથ્યાત્વાદિ રહ્યાં નથી તો શાથી કર્મો આવે રે?
આસ્રવ વિના બંધ ન હોયે તો ઉદયે શું આવે રે?
ઉદય વિના ના કોઈ નિર્જરા, ક્રમ ક્યાંથી તો લાવે રે? ૧૭

કર્મ કરજ સમ થોડે થોડે પૂરું પતી ગયું જો રે,
કરી નિર્જરા, સંવર સાધી, ખાતું વસૂલ થયું તો રે,
આસ્રવ-હેતુ સર્વ નિવાર્યા, દેવું નવું થતું ના રે,
તો હપતા ભરવાના શાના? શાશ્વત સુખ જતું ના રે. ૧૮

☆

# ૮૩

# આકાંક્ષા સ્થાનકે કેમ વર્તવું?

(સંતો દેખીએ બે, પરગટ પુદ્‌ગલ જાલ તમાસા—એ રાગ)

★

સદ્‌ગુરુ સેવીએ રે, સજ્જન, નિઃશંકિત થાવા—એ આંકણી.

સદ્‌ગુરુ-વંદન, સદ્‌ગુરુ-પૂજન, સદ્‌ગુરુ-ભક્તિ સારી,
સદ્‌ગુરુ-બોધે, તત્ત્વ-વિશોધે ઊઘડશે શિવ-બારી.
સદ્‌ગુરુ સેવીએ રે, સજ્જન, નિઃશંકિત થાવા.

કર્મ મોહનીય છે બે ભેદે: દર્શન ચારિત્રરૂપ,
જ્ઞાની દર્શન-મોહ વર્ણવે, કાંક્ષા-મોહ સ્વરૂપ. સદ્‌ગુરુ૦

ભિન્ન ભિન્ન મત દેખી મુમુક્ષુ, કાંક્ષા તે તે કરતા.
સાચા અવલંબનને છોડી, મિથ્યાત્વે જઈ ઠરતા. સદ્‌ગુરુ૦

કાંક્ષા વિષે ગણધર પૂછે, દે ઉત્તર **વીર** સ્વામી,
ભગવતી સૂત્રે, બહુ વિસ્તારે; સાર કહું શિર નામી. સદ્‌ગુરુ૦

મિથ્યાત્વાદિ પ્રમાદ દોષે, તેમ જ યોગ-નિમિત્તે,
બાંધે કાંક્ષા-મોહ કર્મ જીવ, રહે તે અસ્થિર ચિત્તે. સદ્‌ગુરુ૦

પ્રમાદ-કારણ તન-મન-વાચા-વર્તન વીર્ય-પ્રભાવે;
વીર્ય પ્રવર્તે કાયાથી; જીવ કાયા-કારણ થાવે. સદ્‌ગુરુ૦

ચારે ગતિના જીવો વેદે કાંક્ષા-મોહ સદા યે,
પૃથ્વી-[૧]અપ્-કાયાવાળા પણ મનરહિત છે તો યે. સદ્‌ગુરુ૦

---

૧ પાણી

સાધુ-દશા પામી પણ વેદે કર્મ ઉદય જો આવે;
કુસંગથી શ્રદ્ધા પલટાતાં, મન સંશય ઉપજાવે. સદ્‌ગુરુ૦

શંકા સદ્‌ગુરુ કે સન્માર્ગે, પ્રેરે પરમત-પ્રીતિ;
વીતરાગતા શું ફળ દેશે? રહે નહીં ભવ-ભીતિ. સદ્‌ગુરુ૦

ઋદ્ધિ-સિદ્ધિ અતિશય ગુણો હજી નથી ઉદ્‌ભવતા,
જરૂર વિપરીત માર્ગે હું છું : એમ મુનિ અનુભવતા. સદ્‌ગુરુ૦

મૂંઝવતા આ કાળે જો જીવ, મંદ ગણે નિજ બુદ્ધિ,
વીતરાગ, સર્વજ્ઞ જ સાચા, પરમતમાં નહિ શુદ્ધિ. સદ્‌ગુરુ૦

પાછું વાળે મન ડગમગતું જો કુસંગ તજીને,
દશા વિશેષ થયે શંકા સૌ જશે, એમ સમજીને. સદ્‌ગુરુ૦

તો તે જિનઆજ્ઞા-આરાધક રહે, કહે ભગવંત,
એમ પરાક્રમ કરી કાંક્ષા તજી, લહે મુનિ ભવ-અંત. સદ્‌ગુરુ૦

મૂળ-માર્ગમાં શંકા ઊપજે તો ભવ-માર્ગે કાંક્ષા;
અપ્રયોજનભૂત વચને જે શંકા તે આશંકા. સદ્‌ગુરુ૦

વાટે જાતાં કાંટે કપડું ભરાય ત્યાં શું કરવું?
છૂટી શકે તો પટ લઈ ચાલો, કાં તજી ચાલી નીકળવું. સદ્‌ગુરુ૦

તેને માટે રાત ન રહેવું, જીવન-જોખમ જાણી;
અલ્પ અલ્પ શંકાઓ કાજે અટકો ના હે પ્રાણી! સદ્‌ગુરુ૦

આત્માદિક છ પદમાં શંકા કોઈ દિવસ ના કરવી;
શંકા સર્વ કહી જીવ-ઘાતક તે સુવિચારે હરવી. સદ્‌ગુરુ૦

કોઈ કોઈ સ્થાનક એવાં છે જ્યાં બુદ્ધિ ના ચાલે,
ત્યાં બુદ્ધિ-ધન નિજ હિત કાજે, જ્ઞાનીની આજ્ઞા પાળે. સદ્‌ગુરુ૦

કેવળજ્ઞાન વિષે ભાસ્યા તે પદાર્થ-ધર્મો કીધા,
તે જ પ્રકારે પ્રવર્તતા તે, આજ્ઞા-આધીન સીધા. સદ્‌ગુરુ૦

હેય, જ્ઞેય ને ઉપાદેયરૂપ વિચાર મુખ્યે કરવા,
ઉપાદેય ને હેય વિચારી સંશય સર્વે હરવા. સદ્‌ગુરુ૰

ઉપાદેય તો વીતરાગતા, રાગાદિક સૌ હેય;
તેમાં ભૂલ થતાં છે હાનિ, અનેક ભેદે જ્ઞેય. સદ્‌ગુરુ૰

ભાવ ભાસવા કરો પરીક્ષા જીવાદિક તત્ત્વોની,
સ્વ-પર-ભેદ સમજાતાં સાચો, ટળે ભ્રાંતિ ભાવોની. સદ્‌ગુરુ૰

ભ્રાંતિથી દુઃખી જીવો સૌ, તે જાતાં સૌ સવળું,
જ્ઞેય જ્ઞાનથી જણાય, તે પછી પરિણમે ના અવળું. સદ્‌ગુરુ૰

સૂક્ષ્મ, દૂરવર્તી જ્ઞેયોમાં આશંકા વર્તે ત્યાં,
જિન-આજ્ઞાથી માની લેતાં, શંકા-સ્થાન રહે ક્યાં? સદ્‌ગુરુ૰

પ્રયોજનભૂત તત્ત્વો સાચાં, બુદ્ધિ-ગ્રાહ્ય થયાં જ્યાં,
બુદ્ધિથી પર તત્ત્વોમાં ના કારણ અસત્યનું ત્યાં. સદ્‌ગુરુ૰

મૂળ વસ્તુના નિર્ણય પછીથી વિશેષ કેમ હશે તે?
એમ જાણવાની આકાંક્ષા *અસ્થિર-મોહ-વશે છે. સદ્‌ગુરુ૰

જાય[૧] ન તેથી સમ્યક્-શ્રદ્ધા, ભલે આશંકા હોય,
પોતાથી સમજાય, છતાં ના તાળો મળતો કોય. સદ્‌ગુરુ૰

સાચું જાણ્યું હોય છતાં જો, ભાવ યથાર્થ ન આવે,
ત્યાં આશંકા-મોહ કહ્યો છે; કરી વિચાર શમાવે. સદ્‌ગુરુ૰

બહુશ્રુત સાધુ આદિ મળતાં પૂછી વિશેષ વિચારે;
ખોટી પ્રતીતિથી અણસમજે દોષ દીઠ્યે ભવ હારે. સદ્‌ગુરુ૰

હાલ મને સમજાય નહીં તે મંદ મતિ છે મારી,
પણ સર્વજ્ઞે સત્ય કહ્યું છે; તે જ માન્યતા સારી. સદ્‌ગુરુ૰

---

* ચારિત્ર-મોહ ૧ 'શ્રીમદ્ રાજચંદ્ર'- પૃષ્ઠ ૭૦૫

પૂર્વ અવસ્થામાં બહુ કાંક્ષા-મોહ સહિત વિચરતો—
મુનિ દોષ ટાળી તે ભવમાં મોક્ષે પણ સંચરતો. સદ્‌ગુરુ૦

મૂળ તત્ત્વોની શ્રદ્ધા સાચી કરી નિઃશંક રહે જે,
ત્યાં જ રમણ, સંતોષ, તૃપ્તિથી ઉત્તમ સુખ લહે તે. સદ્‌ગુરુ૦

'માષ-તુષ' દૃષ્ટાંતે સાચી શ્રદ્ધા ભવ-જળ તારે,
અતિ અલ્પ મતિ પણ જો સવળી, મુમુક્ષુતા જ વધારે. સદ્‌ગુરુ૦

વિશાળબુદ્ધિ મધ્યસ્થ રહે તો દશા વિશેષ વધારે,
સરળતા સહ જિતેન્દ્રિયતા સંશય સર્વ નિવારે. સદ્‌ગુરુ૦

જે જે સામગ્રી મળી આવી નરભવમાં હિતકારી,
તે સૌ મુક્ત થવા કાજે છે, એમ ગણે અધિકારી. સદ્‌ગુરુ૦

બને તેટલી કરી પરીક્ષા સત્ય ભાવ પ્રગટાવો,
બુદ્ધિ ના ચાલે ત્યાં આજ્ઞા શિર ધરી નહિ ગભરાઓ.
સદ્‌ગુરુ સેવીએ રે, સજ્જન, નિઃશંકિત થાવા.

☆
☆☆

# ૮૪

# મુનિ-ધર્મ-યોગ્યતા

(રાગ સારંગ : શાંતિ જિન એક મુજ વિનતિ—એ દેશી)

★

શ્રી **રાજચંદ્ર** ગુરુવર-પદે પ્રણમું હું ધરી ભાવ રે,
મુનિપદની દેજો યોગ્યતા, જે છે ભવજલધિ નાવ રે. શ્રી રાજ૦

રાત્રિ વ્યતિક્રમી ગઈ, થયો નરભવરૂપ પ્રભાત રે,
નિદ્રા પરિહરવા ટાળજો ભાવ-નિદ્રા હે ભ્રાત! રે. શ્રી રાજ૦

ક્ષણે ક્ષણે જીવ બંધાય આ, એ જ અનાદિ વ્યાપાર રે,
હા! કાળ અનંત વીતી ગયો, ભવસાગર-દુઃખ અપાર રે. શ્રી રાજ૦

આત્મબુદ્ધિ ધારી દેહમાં ભમું મોહવશે હું આમ રે,
તે તજીને રાગદ્વેષના ક્ષયે વરું મુક્તિ-ધામ રે. શ્રી રાજ૦

મળ્યું બંધનનું ફળ દેહ આ, દેહમાં ઇંદ્રિય-ગ્રામ રે,
તે રૂપ, રસાદિ વિષયો ગ્રહે, થાય નવા બંધ આમ રે. શ્રી રાજ૦

આ બંધ-પરંપરા જાણવી, ચાલી રહી ઘટમાળ રે,
વિષયોની આસક્તિ વડે નભે ગૃહસ્થ-જંજાળ રે. શ્રી રાજ૦

જ્ઞાનીના સંગે વિચારથી, ભેદ-જ્ઞાને સુસાધ્ય રે—
કામ-વિકાર, શુભ ધ્યાનથી ટળે જો તપ, વૈરાગ્ય રે. શ્રી રાજ૦

ધન્ય તે જે તજે રાજને ભેદ-જ્ઞાનને કાજ રે,
ધિક્કાર-પાત્ર આ જીૅવ હજી વાંછે કામ-સુખ સાજ રે. શ્રી રાજ૦

શમ-શ્રી આકર્ષે આમ મન, સ્ત્રી વળી ખેંચે તેમ રે,
જોતાં જોતાં ઢળી જાય આ મોહસેના ભણી કેમ રે ?શ્રી રાજ૦

અહો! હસ્ત-મેળાપ માત્રથી સર્વાંગે ગ્રહતી નાર રે,
ભાવું આત્મા દેહથી જુદો પણ કામ જ ભૂલવનાર રે. શ્રી રાજ૦

જો સ્ત્રી-અભિલાષા ટળી ગઈ, ધન-ઇચ્છા કેમ થાય રે ?
કામ-ભોગાર્થે જન ધન ચહે, પછી શબ-શોભા ગણાય રે. શ્રી રાજ૦

મોક્ષ-પથે પુરુષાર્થી થા, હે મન! ભાવના ભાવ રે,
આતમ-ભાવના મોક્ષ દે, સુર-સુખ છે તુચ્છ સાવ રે. શ્રી રાજ૦

સમતાસરે હંસસમ મુનિ, મુક્તિ-હંસી પર રાગ રે,
તે વિષય-જલ, વૈભવ-પંકજે અલુબ્ધ ધરે વૈરાગ્ય રે. શ્રી રાજ૦

એક વિવેક મિત્ર મુનિનો, કરે જડ-ચેતન ભિન્ન રે,
તે ગ્રાહ્ય ગ્રહે, તજી ત્યાજ્યને, રહે સ્વ-સ્વરૂપે લીન રે. શ્રી રાજ૦

ક્યારે હું અચળ મૂર્તિ સમો ધ્યાન વિષે રહું સ્થિર રે,
ઘસે મૃગ તન ચેળ ટાળવા; રહું ઉપસર્ગે ધીર રે. શ્રી રાજ૦

જન જે સ્પર્શ-રસરૂપ કામ ને સ્વર-ગંધ-રૂૅપ રૂપ ભોગ રે,
અતિ તુચ્છ, અનિત્ય, દુઃખદ ગણે, બંધ-કારણ પરયોગ રે. શ્રી રાજ૦

જ્ઞાન વૈરાગ્યાદિ કારણે, લહે જિન-મુદ્રા સાર રે,
સહવા ઉપસર્ગ, પરીષહો, અંતપર્યંત તૈયાર રે. શ્રી રાજ૦

અનાદિ મિથ્યાદૃષ્ટિ ય દીઠા, ક્ષણમાં મોક્ષે જનાર રે,
અનુપમ સમતા આરાધીને, ધરી સુચારિત્ર સાર રે. શ્રી રાજ૦

વિમલબુદ્ધિ, સુસંસ્કારી જીવ સહજે લહે વૈરાગ્ય રે,
કૃતજ્ઞ, જનપ્રિય, નિઃસ્પૃહ, વિનીત, સુધર્મમાં ધરે રાગ રે. શ્રી રાજ૦

સંસાર ગણે દુઃખ-ખાણ તે, સંયોગ વિયોગવંત રે,
ચહે જન્મમરણને ટાળવા, ધર્મધ્યાને બળવંત રે. શ્રી રાજ૦

જે મોહ ગણે વિષ-વૃક્ષ સમ, ભવ-વાસનારૂપ મૂળ રે,
તે જન સર્વજ્ઞ-વાણી સુણી, થાય સાધક અનુકૂળ રે. શ્રી રાજ૦

ક્લેશે વાસિત ચિત્તવંતને કર્મમેલ બહુ હોય રે,
મલિન વસ્ત્રે રંગ ના ચઢે તેમ અયોગ્યતા જોય રે. શ્રી રાજ૦

ઉપદેશથી નહીં અટકતું ભૂંડ વિષ્ટા ભણી ધાય રે;
પ્રીતિ સંસારે જે જીૅવ ધરે, અકાર્યમાં વહ્યો જાય રે. શ્રી રાજ૦

મિથ્યાત્વ, ક્રોધાદિ દોષથી અનધિકારી ગણાય રે,
બાહ્ય પરિગ્રહ તજી, રહે આર્ત્તધ્યાને સદાય રે. શ્રી રાજ૦

જીૅવ બારે કષાય ગયા વિના, લે મુનિ-વેષ જે અજ્ઞ રે,
તે તરી શકે ના નિજ બળે, જ્ઞાની મળ્યે બને સુજ્ઞ રે. શ્રી રાજ૦

ધરે અભિનિવેશ વેશનો, તો ના લહે કલ્યાણ રે,
છે મોહને હણવા વેશ ત્યાં આગ્રહ મોહ-મોકાણ રે. શ્રી રાજ૦

દીક્ષા લીધાથી જ દુઃખ ટળે, એ પણ ભ્રાંતિ મહાન રે,
શું દુઃખ ને દુઃખ-કારણો? કેમ ટળે? નથી ભાન રે. શ્રી રાજ૦

કલ્યાણ શું? શાથી પામીૅએ? તેના જ કરો વિચાર રે,
રે! અનંત કાળથી ભૂલ તે, થતી આવી નિર્ધાર રે. શ્રી રાજ૦

તે આ ભવે ટળે પ્રથમ તો જન્મ-પરંપરા જાય રે,
ભ્રાંતિ સહિત પુરુષાર્થથી મોક્ષ કહો, કેમ થાય રે?શ્રી રાજ૦

સાચી સમજ ધારી, ટાળવા સૌ પરિગ્રહ-આરંભ રે,
ના ટળે ત્યાં ઉદાસીનતા, પુરુષાર્થ કરો, ન દંભ રે. શ્રી રાજ૦

સંસાર અસાર વિચારજો, કર્મ-કાષ્ઠ દુઃખ-લાય રે,
ગૃહસ્થપણું જ પગ-શૃંખલા સુવ્રત-કૃપાણે કપાય રે. શ્રી રાજ૦

વીતરાગ પ્રરૂપિત ધર્મ તે અનન્ય મુક્તિ-ઉપાય રે,
તે ધર્મ ચિંતામણિથી ચઢે, અચિંતિત નિજ સુખદાય રે. શ્રી રાજ૦

સાંસારિક સુખની રુચિથી વિષ-ભક્ષણ હિતકાર રે,
પ્રજ્વલતી ચિતાથી પણ વધુ ગૃહ-ચિંતા દુઃખકાર રે. શ્રી રાજ૦

અગ્નિ કે વિષ નડે આ ભવે, મોહ ભવે ભવે ધાર રે;
વૈરાગ્ય-વૃદ્ધિથી જીવને થાય ન મોહ-વિકાર રે. શ્રી રાજ૦

જે સદ્‌ગુરુ-બોધ-સમાગમે પ્રગટે પંડિત-વીર્ય રે,
દે સર્વ-સંગ-પરિત્યાગની યોગ્યતા સહિત ધૈર્ય રે. શ્રી રાજ૦

દશ લક્ષણ યતિ-ધર્મ આદરી, શોભાવે જે સુધર્મ રે,
સ્વ-પર-હિતનાં કરી કાર્ય તે જ્ઞાનથી બાળે કર્મ રે. શ્રી રાજ૦

☆
☆☆

# ૮૫

# પ્રત્યક્ષ અને પરોક્ષ

(નદી યમુનાકે તીર—એ દેશીઃ વિહરમાન ભગવાન સુણો મુજ વિનતિ—એ રાગ)

★

**રાજચંદ્ર** ભગવાન નમું હું ભાવથી,
બાળબુદ્ધિ મુજ જાય, કરું એ વિનતિ,
જાણો આપ યથાર્થ પ્રત્યક્ષ-પરોક્ષની
વિસ્તાર સહિત વાત× સંસાર-મોક્ષની. ૧

સમ્યગ્દર્શનના ન બે ભેદો એ કહ્યા;
પ્રમાણરૂપ જે જ્ઞાન તેમાં બન્ને રહ્યા.
વ્યવહારે પ્રત્યક્ષ ઇન્દ્રિયજ્ઞાન છે,
ઇન્દ્રિયો ગણી અક્ષ ન્યાયે પ્રમાણ તે. ૨

પ્રત્યક્ષ પંચવિધ લૌકિક રીતથી,
જાણો તે ન યથાર્થ; કહું સંક્ષેપથી :
ઇન્દ્રિયો તો દ્વાર, ન જાણી તે શકે,
જીવ ખરો જાણનાર સ્મૃતિ તેને ટકે. ૩

કોઈ ખોઈ દે આંખ, ન દૃશ્યો ભૂલતો;
આંખ ગયા પછીં કોણ વિષય સંભાળતો ?
ગોખે રહીં જોનાર, જુદો ગણ ગોખથી,
પ્રત્યક્ષ કરથી ખાય, છતાં કર તે નથી. ૪

ધૂમ્ર વડે અનુમાન કરી લહો અગ્નિને,
ગણો ન તે પ્રત્યક્ષ, લહી અંતરાયને;
તેમ જ જાણો આંખ, પ્રકાશ, સમીપતા,
ચશ્મા આદિક યોગ; ન ત્યાં પ્રત્યક્ષતા. ૫

---

× પાઠાં૦ વાટ

દોષ સહિત જો આંખ, ન દેખે સ્પષ્ટ તે;
ચાલે જ્યારે નાવ, ખસે શું ઘાટ એ?
એવો ભ્રમ પણ થાય, ન તેથી સત્ય તે,
સંશય આદિ દોષ સાક્ષાત થાય છે. ૬

પ્રધાન નૃપની આંખ, હિતાહિત દાખવે,
તોપણ પર આધાર પરોક્ષ જ સૂચવે;
અવગ્રહ, ઇહા, અવાય, ધારણા થાય તો
મતિજ્ઞાન ઉત્પન્ન થતું સમજાય જો. ૭

જો ક્રમ ના સચવાય, ન ઇન્દ્રિય કામની;
ત્વરિત તે સૌ થાય; વાણી ભગવાનની.
મતિપૂર્વક શ્રુત થનાર, પરોક્ષ છે;
એમાં નહિ સંદેહ, ભલે એ મોક્ષ દે. ૮

મન-ઇન્દ્રિયની સહાય પડે જે જ્ઞાનમાં
યથાર્થ માન પરોક્ષ, પ્રત્યક્ષ માન મા;
સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન ને
આગમ નામે પાંચ પરોક્ષ પ્રમાણ છે. ૯

જાણ્યું આવે યાદ સ્મૃતિ તે જાણજે,
મળ્યાથી ઓળખાય પ્રત્યભિજ્ઞાન તે—
દૃષ્ટાંતે સમજાય, પ્રત્યભિજ્ઞાન તે;
હેતુથી લીધો લક્ષ તેને તર્ક માનજે. ૧૦

હેતુથી સાધે સાધ્ય અનુમાન માનવું,
આગમથી જે જ્ઞાન પરોક્ષ પ્રમાણવું;
આગમ ને અનુમાન અનુભવ-હેતુ છે,
શ્રદ્ધા દુર્લભ ધાર ભવાબ્ધિ-સેતુ છે. ૧૧

પ્રેરે જે પરમાર્થ, વ્યવહાર કાર્ય છે;
પ્રત્યક્ષ-હેતુ થાય પરોક્ષે લક્ષ જે.

તે અર્થે પુરુષાર્થ સજ્જનો આદરે,
શોધી સદ્‌ગુરુ-યોગ, કહે તે આચરે. ૧૨

પ્રત્યક્ષ સદ્‌ગુરુ-લાભ ગણો સર્વોપરી;
એ જો ચૂકો લક્ષ, ઊગે ન દૃષ્ટિ ખરી;
પ્રત્યક્ષ સદ્‌ગુરુ-યોગ થયે દુર્લભ નથી—
આત્મજ્ઞાન અમૂલ્ય; કથા ખરી આ કથી. ૧૩

આત્મ-વિચાર તથાપિ ન ઉદય આવતો,
જો ના જાગ્યો પ્રેમ, ભક્તિ વધારતો
સદ્‌ગુરુ-ભક્તિ ન હોય, વચન ઉર ના વસે;
આશયમાં અનુરાગ વિના હિત શું થશે? ૧૪

મહાપુરુષમાં હોય ગુણાતિશયપણું,
સમ્યક્ વર્તન-તેજ પરમજ્ઞાનીપણું,
પરમ શાંતિ, નિવૃત્તિ; મુમુક્ષુ જીવની
ટાળે વૃત્તિ અશુભ, ભરે શુભ ભાવની. ૧૫

સ્વ-સ્વરૂપ ઓળખાય; ક્રમે એ યોગથી;
આજ્ઞાથી રંગાય, વધે અનુયોગથી;
સંયમ-વૃદ્ધિથી જાય આવરણ કર્મનાં,
જ્ઞાન થતું પ્રત્યક્ષ; આત્માર્થી જાણતાં. ૧૬

અવધિ, મનઃપર્યાય, કેવળ સુનામનાં
જ્ઞાન ગણો પ્રત્યક્ષ; ફળ એ સુધર્મનાં.
ઇન્દ્રિય, મનનોઁ સહાય નથી તે જ્ઞાનમાં,
કેવળ જ્ઞાન જ પૂર્ણ, વિકલ બે જાણવાં. ૧૭

સુઅવધિ-કુઅવધિ ભેદ સુદૃષ્ટિ થયે-ગયે,
બાકીનાં બે જ્ઞાન જ્ઞાનીનાં હૃદયે.
શાસ્ત્ર-આજ્ઞા પરોક્ષ, મળે ફળ યોગ્યતા;
જ્ઞાનીની પ્રત્યક્ષ, દે અહો! મુક્તતા. ૧૮

☆

## ૮૬

# ઉન્મત્તતા

(અરિહંત નમો, ભગવંત નમો, પરમેશ્વર શ્રી જિનરાજ નમો—એ રાગ)

★

શ્રી **રાજચંદ્ર** ભગવંત-પદે હું કરું વંદન અગણિત અહો!
જેની ક્ષાયિક ભાવે થઈ ગઈ ઉન્મત્તતા વ્યતીત અહો! શ્રી રાજ૦

મોહ-ઘેલછા જગ આખામાં વ્યાપી રહી અપાર અહો!
જન્મમરણનાં દુઃખ કેટલાં તેનો નહીં વિચાર અહો! શ્રી રાજ૦

દિન ઉપર દિન ચાલ્યા જાતાં, આવે મરણ નજીક અહો!
મોહ-મદિરાના છાકે જીવ જાણે ન ઠીક-અઠીક અહો! શ્રી રાજ૦

નજરે મરતા જન જગમાં બહુ દેખે તોયે અંધ અહો!
વિપરીતતા કોઈ એવી ઊંડી, લાંબી કાળ અનંત અહો! શ્રી રાજ૦

કરે વાત—મરવાનું સૌને, લે નહિ નિજ સંભાળ અહો!
ખટકો ખટકે ઉરમાં જરી ના, વદે બહુ વાચાળ અહો! શ્રી રાજ૦

વેરઝેરમાં કાળ ગુમાવે, સ્વાર્થ વિષે મશગૂલ અહો!
દુર્લભ માનવભવની કિંમત ગણી ન એ મહા ભૂલ અહો! શ્રી રાજ૦

પશુ સમ ગાળે નરભવ તે નર કરે ન જે પુરુષાર્થ અહો!
કામ-અર્થ પુરુષાર્થ ન સાચા, ધર્મ જ એક યથાર્થ અહો! શ્રી રાજ૦

સત્પુરુષાર્થે મોક્ષ મળે છે; એનો જો નહિ લક્ષ અહો!
અસત્પુરુષાર્થો તો માનો, ભવ-ફળ દે પ્રત્યક્ષ અહો! શ્રી રાજ૦

મૂઢ, બાળ, ઉન્મત્ત કહ્યા જે લહે નહીં વિવેક અહો!
કનક-થાળમાં ધૂળ ભર્યા સમ વિષય-વાસના દેખ અહો! શ્રી રાજ૦

કાચ લઈ દે ચિંતામણિ તે, ધોવે અમીથી પાય અહો!
ગજવર-પીઠે વહે ઇંધન, ધન કાજે ભવ જાય અહો! શ્રી રાજ૦

સાચાં મોટાં મોતી વેરે, તોડી હાર લે સૂત્ર અહો!
કલ્પતરુ છેદી અરે! વાવે ધંતૂરા, વિચિત્ર અહો! શ્રી રાજ૦

ભરદરિયે ખીલા કાજે હા! કાણી કરતો નાવ અહો!
ભસ્મ કરે ઉત્તમ ચંદન દહી, તેવા બને બનાવ અહો! શ્રી રાજ૦

જો ધન, ભોગો કાજે નરભવ ગાળો ધર્મરહિત અહો!
શા માટે આ જન્મ ધર્યો છે? કેવો કરો વ્યતીત અહો! શ્રી રાજ૦

એ વિચારો ઊગે ક્યારે? સત્સંગતિ જો થાય અહો!
ભવ-ભય જાગે, ગુણો પ્રગટે, પાપો દૂર પળાય અહો! શ્રી રાજ૦

દેવ, ગુરુ ધર્માદિ સાચા સત્સંગે સમજાય અહો!
દયા, દાન, તપ, ભક્તિ યોગે નરભવ સફળો થાય અહો! શ્રી રાજ૦

ઉન્મત્તતા ટળી થાય ઉન્નતિ, ગ્રહો અલૌકિક માર્ગ અહો!
વિષય-સુખ કિંપાક ફળો સમ પકડાવે કુમાર્ગ અહો! શ્રી રાજ૦

ખણ્યે ખાજ નહિ તૃપ્તિ પામો, તેવા જાણો ભોગ અહો!
તૃષ્ણા વધતી ઊલટી ભોગે, વહી જાય સુયોગ અહો! શ્રી રાજ૦

સજ્જન જે જે ઓકી કાઢે પામર તે તે ખાય અહો!
શ્વાનદશા ચાલી આવી આ; સમજે તે જ શમાય અહો! શ્રી રાજ૦

વિષય-વાસના લાખો દુખનું જાણો જૂનું મૂળ અહો!
નિર્મૂળ કરતાં સદ્વિચારે, શિવ-સાધન અનુકૂળ અહો! શ્રી રાજ૦

જ્ઞાન અને વૈરાગ્ય વસે ઉર જેને, તેનાં કાર્ય અહો!
ઊંઘ અને ઉન્મત્ત દશા પણ મુક્ત કરે આશ્ચર્ય અહો! શ્રી રાજ૦

રાગ-રોષ વિકાર થતા તે નિર્મળ કરતા જાય અહો!
ક્ષણે ક્ષણે તે કર્મ છોડતા કોઈકથી સમજાય અહો! શ્રી રાજ૦

સદ્વિવેકે કષાય ટાળે તે જ ખરો પુરુષાર્થ અહો!
અંતર્ચર્યા જ્ઞાનીની તે પ્રગટાવે પરમાર્થ અહો! શ્રી રાજ૦

અજ્ઞાનીની ક્રિયા શુભ પણ કરે ન તેને મુક્ત અહો!
નિરંતર ભવ-વૃદ્ધિ કરતી; સંસારે આસક્ત અહો! શ્રી રાજ૦

અશેષ શાસ્ત્રો શીખી ગોખે, જાગે આખી રાત અહો!
સર્વજ્ઞે કહી ક્રિયા કરતા મુનિ-વેષે વિખ્યાત અહો! શ્રી રાજ૦

તોય ન છૂટે અજ્ઞાની તે બંધન વિષે પ્રવીણ અહો!
અનંત કાળ ગયો એ રીતે, થયો મોહ ના ક્ષીણ અહો! શ્રી રાજ૦

સંસાર અસાર ઉરે ના ભાસ્યો, દેહાધ્યાસ ન જાય અહો!
જીવતાં મડદાંમાં મન રમતું, ભાવ શુભાશુભ થાય અહો! શ્રી રાજ૦

જન-મન-રંજન ભાવો ઉરે સ્ફુરે તે જ વિભાવ અહો!
ભૂલ અનાદિ પરિહરવાનો વહી જાય આ દાવ અહો! શ્રી રાજ૦

જગત-ભગતના રસ્તા જુદા, સૌ સૌમાં તલ્લીન અહો!
એકબીજાને ગાંડા માને, જાણે અક્કલ-હીન અહો! શ્રી રાજ૦

વ્યવહારે કુશળ તે ડાહ્યા, જગમાં બહુ પંકાય અહો!
ધન-સંચય કરી કીર્તિ પામે, લૌકિક લાભ બકાય અહો! શ્રી રાજ૦

ભગત કહે એ ભાન ભૂલીને કરતો પર-પંચાત અહો!
સોય સરખી સાથે ના આવે, નહિ કીર્તિ-સંઘાત અહો! શ્રી રાજ૦

પરભવનું ભાથું ના બાંધ્યું રે! આખર પસ્તાય અહો!
બાળક પેઠે છીપ, કાંકરા લેવા ખોટી થાય અહો! શ્રી રાજ૦

પેટ-વેઠ ને પરાધીનતા, વળી પાપનો ભાર અહો!
આધિ-વ્યાધિ-ઉપાધિવાળા સંસારે શું સાર? અહો! શ્રી રાજ૦

એમ વિચારી, ગણી હિતકારી, આત્મહિત કરનાર અહો!
જગજનને ભાસે છે ગાંડો, સ્વાર્થી, બેદરકાર અહો! શ્રી રાજ૦

ધંધામાં ના ધ્યાન જરા દે, ભિક્ષુથી ભરમાય અહો!
કુટુંબ-કબીલાને કકળાવી, ઘર તજી ભટકી ખાય અહો! શ્રી રાજ૦

બન્નેની જુદી છે દૃષ્ટિ—જૂઠી, સાચી કે દીર્ઘ અહો!
આત્મ-હિતકારી તે સાચી, જૂઠી જગની અદીર્ઘ અહો! શ્રી રાજ૦

આત્મહિતમાં સૌનું હિત છે, મોહ ઘટ્યે સમજાય અહો!
દૈહિક હિત કરવા સૌ દોડે, આત્મહિત રહી જાય અહો! શ્રી રાજ૦

☆
☆☆

# ૮૭
# શ્રી શાંતિનાથ
## ભાગ-૧

(મન મધુકર મોહી રહ્યો—એ દેશી : સંભવ જિનવર વિનતી—એ રાગ)

★

રાજચંદ્ર ગુરુને નમું, શાંતિ-દાયક સ્વામી રે;
**શાં**તિનાથ-ભવ વર્ણવું, ધરી ભક્તિ નિષ્કામી રે. ૧

**ત્રિ**પૃષ્ટ વાસુદેવની **સ્વયં**પ્રભા પટરાણી રે—
**શ્રી**વિજયકુંવર તથા **જ્યો**તિપ્રભા રૂપ-ખાણી રે. ૨

વિદ્યાધરી માતા તણાં બાળક બન્ને ગુણી રે;
સ્વયંવરમાં તે વરી (૧)**અ**મિતતેજ-ગુણ સુણી રે. ૩

અમિતતેજની સહોદરી સ્વયંવરે **સુ**તારા રે
શ્રીવિજય-કંઠે ધરે માળા પ્રીતિધારા રે. ૪

સગાઈ-મૈત્રી-પ્રીતિથી ભગિની-દર્શન કાજે રે-
અમિતતેજ શ્રીવિજયને ઘેર પધાર્યો આજે રે. ૫

ઉત્સવ **પો**તનપુરમાં વિના પર્વ જણાતો રે,
કારણ પૂછતાં વર્ણવે શ્રીવિજય હરખાતો રે : ૬

''આઠ દિવસ ઉપર અહીં આવ્યો નિમિત્તવાદી રે,
'સ્વસ્તિ' કહી બોલ્યો : 'પ્રભુ, પોતનપુર-નૃપ-ગાદી રે- ૭

---

શ્રી શાંતિનાથ ભગવાનના નવ ભવો (૧) થી (૯) આંકથી દર્શાવ્યા છે.

ભોક્તાના શિર પર પડે વીજળી; જાણ્યું જોષે રે;
સાત દિવસ બાકી હજી, જીવશે તે સૌ જોશે રે. ૮

ઉપાય શોધી આદરો, જો જીવવાને ચાહો રે.'
યુવરાજા કોપે કહે : 'શા તુજ શિરે પ્રવાહો રે?' ૯

પ્રહાર-યોગ્ય ગણી પૂછે; કહે : 'મુજ શિર સુવર્ણે રે,
રત્ન-વૃષ્ટિથી શોભશે, વળી પુષ્પ ને પર્ણે રે.' ૧૦

આશ્ચર્ય-ચકિત થઈ પછી, પૂછ્યું મેં : 'શું શીખ્યા રે?
કોની પાસે? નામ શું? લીધી ક્યારે દીક્ષા રે?'૧૧

નિમિત્તવાદી કહે હવે : '**બળભદ્ર*** સાથે દીક્ષા રે
લીધી, સત્શાસ્ત્રો ભણ્યો, ચમત્કારી પણ શિક્ષા રે. ૧૨

સુગુરુ-શિષ્ય **વિ**શારદે દીધી નિમિત્ત-વિદ્યા રે,
આઠ પ્રકારે મુખ્ય તે :— [૧]અંતરિક્ષ-ગ્રહ-લક્ષ્યા રે. ૧૩

ભૂમિમાં દાટેલું દીસે, [૨]ભૌમ નિમિત્ત ગણાતું રે;
[૩]અંગોપાંગો પારખી, ભૂંડું-ભલું જણાતું રે. ૧૪

[૪]સ્વર-પરીક્ષા શબ્દથી સુણી પશુપક્ષી-અવાજો રે,
ચાઠાં, તલ [૫]વ્યંજન ગણો, ધ્વજાદિ [૬]લક્ષણ વાંચો રે. ૧૫

વસ્ત્રે, શસ્ત્રે [૭]છેદ જે ઉંદર આદિ યોગે રે,
શુભાશુભ [૮]સ્વપ્નો ફળે પૂર્વકર્મ સંયોગે રે. ૧૬

**અ**મોઘ-જિહ્વા નામથી મને જગત-જન જાણે રે,
મુનિપદ-દુઃખોથી ડર્યો, મામા નિજ ઘર આણે રે. ૧૭

કન્યા, ધન બન્ને દઈ, કર્યો મને ઘરબારી રે,
ધંધે મન ચોટ્યું નહીં, અંતે થયો ભિખારી રે. ૧૮

---

* ત્રિપૃષ્ટ નારાયણના ભાઈ બળભદ્ર

સ્ત્રી-ધન તો પૂરું થયું, કરી ન કાંઈ કમાણી રે,
ગ્રહ ગણવાની કોડીઓ પીરસી થાળે આણી રે. ૧૯

કાંતા કહે: 'હવે જમો, ધ્યાન તમારું આમાં રે.'
મુખ્ય કોડી માથે પડે સ્ફુલિંગ ઊડી એવામાં રે. ૨૦

હાથ ધોઈ છાંટ્યો મને તેથી મેં અનુમાન્યું રે,
જ્યોતિષના આધારથી, ધન મળશે મનમાન્યું રે.' ૨૧

વિદાય જોષીને દઈ, મંત્રી સહ વિચાર્યું રે,
ઉપાય કરવો શો હવે? એક પ્રધાને ધાર્યું રે—૨૨

'લોઢાની પેટી કરી નૃપ પૂરી દરિયે રાખો રે.'
બીજો કહે: 'ડર ત્યાં વળી મગર-મત્સ્યનો આખો રે.' ૨૩

ત્રીજો કહે: 'ગિરિની ગુફા શોધીને સંતાડો રે,'
'અજગર આદિ ત્યાં ઘણા, બીજો રસ્તો કાઢો રે.' ૨૪

મતિસાગર મંત્રી કહે: 'પોતનપુરના સ્વામી રે
સાત દિવસ સુધી બીજા, બનાવતાં શી ખામી રે?'૨૫

'મરે અરે! મારે લીધે બીજો તે ના સારું રે,'
બધા મળી કહે: 'યક્ષનું પૂતળું કરીશું, વારુ રે.' ૨૬

યક્ષ-મૂર્તિ સિંહાસને સ્થાપી સૌની સાખે રે,
આજ્ઞા તેની લઈ કરે કાર્ય, માન બહુ રાખે રે. ૨૭

ધર્મ-કાર્યમાં હું રહ્યો સાત દિવસ ભય છોડી રે,
ગઈ કાલે વીજળી પડી, યક્ષ-પ્રતિમા તોડી રે. ૨૮

દાન દીધું સો ગામનું વળી બ્રહ્માની ખેડી રે,
પૂજી કનક-રત્નાદિથી નિમિત્તવાદી તેડી રે. ૨૯

આજ મુજ અભિષેકનો ઉત્સવ નૂતન થાતો રે,
તમે પધાર્યા તો ઉરે હર્ષ હવે ના માતો રે.''૩૦

થોડા દિન રહીને ગયો અમિતતેજ નિજ પુરે રે;
સુતારા વિદ્યાધરી રમી રહી પતિના ઉરે રે. ૩૧

માતાની શિક્ષા વડે શ્રીવિજય વિદ્યા સાધે રે,
સુતારા સહ તે વને, ગગને જાય અબાધે રે. ૩૨

વન-ક્રીડા કરતો ફરે, પ્રેમ-મદિરા પીતો રે,
સિંહાદિના સ્થાનમાં ફરતાં તે ના બીતો રે. ૩૩

હરણું અવનવું દેખીને કહે સુતારા, ''ઝાલો રે,
રમવા લઈ જઈશું ભલું, જરૂર મને એ આલો રે.'' ૩૪

શ્રીવિજય ચતુરાઈથી તેની પાછળ ચાલ્યો રે,
તે પણ દોડે વળી ચરે, કાળ એમ બહુ ગાળ્યો રે. ૩૫

વિદ્યાધર કપટી બીજો શ્રીવિજય થઈ આવ્યો રે:
''હાથ ન આવ્યું હરણ તે, કોઈ રીતે ના ફાવ્યો રે; ૩૬

સાંજ પડી ચાલો હવે ઝટ બેસો વિમાને રે,''
એમ કહી તે હરી ગયો શ્રીવિજય-પ્રિયાને રે. ૩૭

સુતારા સ્થાને મૂકી વિદ્યા તેવાં રૂપે રે,
શ્રીવિજય આવ્યો દેખી તે સાપ ડસ્યો કહી રૂએ રે. ૩૮

શ્રીવિજય ધાયો છતાં મરી ગયેલી ભાળે રે,
મણિ-મંત્રાદિ ઔષધી યોજે તે તત્કાળે રે. ૩૯

નિષ્ફળ સર્વે લાગતાં, જીવન તજવા ધારે રે,
ખડકી ચિતા, સ્ત્રીને મૂકી લગાડી જ્યાં પગ ધારે રે– ૪૦

વિદ્યાધર આવી ચઢે, મંત્રિત જળ ત્યાં છાંટે રે,
લાત લગાવી તે સ્ત્રીને, વિદ્યા પડી ગઈ વાટે રે. ૪૧

શ્રીવિજય પૂછે, ''અહો! કોણ તમે ઉપકારી રે?
શું દેખું સ્વપ્ના સમું? કોણ હતી એ નારી રે?'' ૪૨

વિદ્યાધર બોલે હવે : ''અમિતતેજ અમ સ્વામી રે,
તેને પોકારી રડે, સુતારા શુભનામી રે. ૪૩

સ્વામી-ભગિની ઓળખી, પૂછ્યું : 'કોણ હરે છે રે ?'
બોલે **અશનિઘોષ** ત્યાં : 'લડવા હામ ધરે છે રે ? ૪૪

ચમરચંચા-પુરી-પતિ, શ્રીવિજયની કાંતા રે,
હરી લાવ્યો છોડાવ તું, જો નહિ જીવન-ચિંતા રે.' ૪૫

કહે સુતારા : 'મા લડો, મુજ પતિ પાસે જાઓ રે,
વિદ્યા મુજ વેષે છળે તેનો જીવ બચાવો રે.' ૪૬

તે સુણી આ આપની પાસે આવ્યો દોડી રે,
આજ્ઞા આપો તેમ સૌ કાર્ય કરું તન તોડી રે.'' ૪૭

શ્રીવિજય કહે : ''આપ તો મારા જીવન-દાતા રે,
અમિતતેજ સહ આવજો, બોલાવી મુજ માતા રે.'' ૪૮

અમિતતેજ-પ્રતાપથી અશનિઘોષ જિતાયો રે,
જીવ લઈ નાસી તે ગયો, શ્રીવિજય પૂઠે ધાયો રે. ૪૯

શ્રીવિજય તીર્થંકર-સભા દેખી તેમાં પેઠો રે,
અમિતતેજ પણ આવીને શ્રીવિજય સહ બેઠો રે. ૫૦

સભા વિષે તજી વૈર સૌ સુણે પ્રભુની વાણી રે,
અશનિઘોષની માજીએ સુતારા ત્યાં આણી રે. ૫૧

પુત્ર-દોષને ખમાવતી, સતી પતિને આપે રે,
જાતિ-વેર પશુ પણ તજે, ક્ષમા સહજ ત્યાં વ્યાપે રે. ૫૨

અશનિઘોષ ખમાવતો કહે : ''પૂર્વના દોષે રે,
હરી લાવ્યો આ બાઈને, પ્રભુ મુજ દોષો ખોશે રે. ૫૩

અખંડિત-શીલવંતી એ, ધર્મ-માત મુજ સાચી રે;
ભૂતકાળ ભૂલી જવા, ખરી ક્ષમા આ યાચી રે.'' ૫૪

અમિતતેજ વીનવે : ''પ્રભુ, ભગિની હરી મુજ શાથી રે ?''
કહે કેવળી : ''સૌ સુણો, કહું વાત એ આખી રે. ૫૫

**અ**ચળ ગામના વિપ્રનો **ક**પિલ પુત્ર દાસીનો રે,
બીજા બે પુત્રો ભણે, કપિલ ન ઉદાસી, જો રે. ૫૬

કપિલ અધિકારી નહીં, પણ સુણી કંઠે ધારે રે;
બુદ્ધિબળથી તે બન્યો પંડિત શાસ્ત્ર-વિચારે રે. ૫૭

'વેદ ન શોભે તુજને,' કહીને કાઢી મૂક્યો રે,
**ર**ત્નપુરમાં તે ગયો, પણ વિદ્યા ના ચૂક્યો રે. ૫૮

અખંડિત બુદ્ધિબળે પંડિત મુખ્ય મનાયો રે,
રાજ-પુરોહિતે દીધી કન્યા, અતિ પુજાયો રે. ૫૯

**સ**ત્યભામા સુનામની કન્યા બુદ્ધિશાળી રે,
પતિ પરમેશ્વર માનતી, સેવા કરે રસાળી રે. ૬૦

નાટક જોવા પતિ ગયો, થયું માવઠું ત્યારે રે,
કપડાં કોરાં લઈ જુએ રાહ સતી નિજ દ્વારે રે. ૬૧

કપિલ નગ્ન રાતે થઈ કપડાં કાખે રાખી રે,
દોડી ઘેર ગયો અને કહે સ્ત્રીને, 'વિદ્યાથી રે– ૬૨

કપડાં મુજ પલળ્યાં નથી'; પણ અજવાળે દેખે રે
શરીર પલળેલું બધું, નગ્ન થયેલો લેખે રે. ૬૩

ઉત્તમ જનને ના સૂઝે આવી વૃત્તિ નીચી રે,
સંશય મનમાં તે ધરે, મનોવૃત્તિ થઈ ઊંચી રે. ૬૪

નિર્ધન કપિલ-પિતા સુણે, કપિલ થયો ધનવાળો રે,
રત્નપુરમાં આવતાં, થયો કપિલ ભયવાળો રે– ૬૫

'રખે! વાત સાચી થતાં પ્રગટ, કપટ જગ જાણે રે,'
માટે રાજી રાખવા બહુમાન કરે આ ટાણે રે. ૬૬

વિનય ઘણો દેખાડતો, જુદી રસોઈ બનાવી રે,
સંશય સ્ત્રીનો ત્યાં વધ્યો, ધન દઈ પૂંછે મનાવી રે. ૬૭

એકાંતે તેણે કહ્યું : 'દાસી-પુત્ર અમારો રે,'
ધન લઈ રસ્તે તે પડ્યો; સતી ગણે ભવ ખારો રે. ૬૮

રાજાને જઈ તે કહે, કપિલને બોલાવે રે;
કહે સત્યભામા : 'મને આત્મ-હિત બહુ ભાવે રે; ૬૯

તજવા દે સંસાર તો દીક્ષા લઈને પાળું રે.'
કપિલ કહે : 'તેના વિના હું ના જીવન ગાળું રે. ૭૦

વેશ્યા-ત્યાગ કરાવવો, કહ્યો ધર્મ, નૃપ, માનો રે,
પરણેલી સ્ત્રીનો નહીં ત્યાગ કદી કરવાનો રે.' ૭૧

સ્પષ્ટ સત્યભામા વદે : 'દાસી-પુત્ર ન સેવું રે,
મરીશ ડૂબી કે બળી, નીચ બની નહિ જીવું રે.' ૭૨

**શ્રી**ષેણ નૃપ કહે : 'નહીં સુખ તમને સંયોગે રે,
ભલે રહે પુત્રી સમી થોડા દિન મુજ સંગે રે.' ૭૩

કપિલ કબૂલે તે રીતે સતી સોંપી રાણીને રે,
એક દિવસ મુનિ આવિયા, ભાવે તે જ્ઞાનીને રે– ૭૪

બે રાણી, નૃપ દાન દે; સતી અતિ અનુમોદે રે,
યુગલિક આયુ બાંધતા ચારે જીવ પ્રમોદે રે. ૭૫

નૃપ-પુત્રો બે એકદા લડે એક સ્ત્રી કાજે રે,
નૃપ વારે, માને નહીં; નૃપ લેવાયો લાજે રે. ૭૬

વિષ-પુષ્પ સૂંઘી મરે નૃપ સાથે બે રાણી રે,
કપિલ-પત્ની સાથે મરે નિજ અનાથતા જાણી રે. ૭૭

કપિલ બહુ ભવમાં ભમી અશનિઘોષ-ભવ પામે રે,
યુગલિક-સુર-ભવ ભોગવી સતી સુતારા નામે રે. ૭૮

તેમ જ શ્રીષેણ-જીવ તું અમિતતેજ ગણાતો રે,
તુજ પત્ની રાણી હતી પૂર્વે; એ ખરી વાતો રે. ૭૯

બીજી રાણી-જીવ આ ભવે શ્રીવિજયરૂપ જાણો રે,
યુગલિક-સુર-સુખ ભોગવી આજ રાજ-સુખ માણો રે. ૮૦

બે કુંવર લડતા હતા ત્યાં વિદ્યાધર આવી રે,
કહે : 'બેન કાજે નહીં ઝૂઝો પ્રીતિ લાવી રે.' ૮૧

બન્ને વીર પાછા હઠી પૂછે : 'શું તું બોલે રે?
કોણ? ક્યાંથી આવીને? હૃદય-દ્વાર અમ ખોલે રે?' ૮૨

તે વદતો : 'આજે ગયો, **અમિતયશ** જિન પાસે રે,
વિદ્યાધર શાથી થયો?' પૂછતાં પ્રભુ પ્રકાશે રે : ૮૩

'**વીતશોકા** નગરી વિષે **રત્નધ્વજ** નૃપ જાણો રે,
તેની તું રાણી હતો, પુત્રી ત્રણ પ્રમાણો રે. ૮૪

**પદ્મા** નામે જે હતી તે સાધ્વી-વ્રત પાળે રે,
એક દિવસ બે યુવકો, સ્ત્રી દેખી લડતા ભાળે રે. ૮૫

નિદાન તે સાધ્વી કરે : 'આમ મુજ કાજે હોજો રે,'
મરીને તે દેવી થઈ પછી સુંદરી થઈ, જોજો રે. ૮૬

બે બેનો બીજી હતી તે કુંવર થઈ ઝૂઝે રે,
આજે **રત્નપુરે**, અહો! જ્યાં સાધ્વી-જીવ જુએ રે. ૮૭

રાણીનો જીવ તું હતો, બન્નેની તું માતા રે,
દાનાદિ ધર્મે થયો વિદ્યાધર વિખ્યાતા રે. ૮૮

તુજ વચનો તે માનશે, દીક્ષા બન્ને લેશે રે;
વ્રત પાળી મોક્ષે જશે, જો તું જઈ ઉપદેશે રે.' ૮૯

તેથી તમને બોધવા, આવ્યો તુર્ત સુણીને રે,
સુણી બન્ને સાધુ થયા, માતા-ગુરુ ગણીને રે." ૯૦

અમિતતેજ પૂછે ફરી : “હે પ્રભુ! હું છું કેવો રે?
હોઈશ ભવ્ય અભવ્ય કે? કૃપા કરી દર્શાવો રે.” ૯૧

કહે પ્રભુ : “નવમા ભવે થશો તીર્થપતિ યોગી રે,
*ભરત-ચક્રવર્તી તણી પદવીના પણ ભોગી રે. ૯૨

તુજ અનુજ શ્રીવિજય થઈ ગણધર પદવી લેશે રે.”
ફરી પૂૅછે : “સદ્ધર્મ શું?” કેવળી વળી ઉપદેશે રે :– ૯૩

“ભવ-હેતુ તો કર્મ છે, તે મિથ્યાત્વાદિથી રે,
મિથ્યાત્વે વિપરીતતા જ્ઞાન વિષે દેખાતી રે. ૯૪

પાંચ ભેદ મિથ્યાત્વના : પ્રથમ ભેદ [1]અજ્ઞાની રે,
ભાન ન ધર્મ અધર્મનું, એ એની નિશાની રે. ૯૫

આગમ, આપ્ત સહાયથી, સુણી નિર્ણય ના લાવે રે,
સંશય[2] તત્ત્વ વિષે રહે, ભેદ બીજો બતલાવે રે. ૯૬

સમકિત-જ્ઞાનાચારમાં કે દ્રવ્યાદિ તત્ત્વે રે,
એકાંતે અંશો ગ્રહે, [3]એકાંતિક મિથ્યાત્વે રે. ૯૭

જ્ઞાન-જ્ઞાયક-જ્ઞેયનો નિર્ણય ઊંધો ધારે રે,
ત્યાં [4]વિપરીત મિથ્યાત્વ છે; અધર્મ-ધર્મ વિચારે રે. ૯૮

ત્રિવિધ [5]વિનય સઘળે કરે, વિના વિવેક અજાણ્યો રે,
મુક્તિ-હેતુ માને બધે, અંતિમ ભેદ વખાણ્યો રે. ૯૯

અસંયમ અવ્રતી-ક્રિયા મન-વાણી-તનુ યોગે રે,
ઇન્દ્રિય-અસંયમ અને પ્રાણી-અસંયમ ભંગે રે. ૧૦૦

ગુણસ્થાનક ચોથા સુધી અસંયમ બંધ-હેતુ રે,
વ્રતમાં દોષ પ્રમાદ છે, છઠ્ઠા સુધી સુણી લે તું રે. ૧૦૧

---

* ભરતક્ષેત્રમાં

પંદર ભેદ પ્રમાદના, કષાય સોળ પ્રકારે રે;
ગુણસ્થાનક દશમા સુધી બંધ કષાય-વિકારે રે. ૧૦૨

ત્રણે ગુણસ્થાને પછી સાતાવેદની આવે રે,
કંપે આત્મ-પ્રદેશ તે યોગ, કર્મને લાવે રે. ૧૦૩

પંદર ભેદે યોગ છે, પ્રકૃતિ-પ્રદેશ-હેતુ રે;
કષાયથી રસ ને સ્થિતિ; કર્મ પાકી રસ દેતું રે. ૧૦૪

મિથ્યાત્વ, અવિરતિ અને કષાય, પ્રમાદ, યોગે રે,
એક સો વીસ પ્રકૃતિઓ બાંધી કર્મ-સંયોગે રે. ૧૦૫

ભમે જીવ ભવમાં અતિ; લહી કરણાદિ લબ્ધિ રે,
મોક્ષમાર્ગ જે પામતા, તે પામે છે સિદ્ધિ રે. ૧૦૬

તુજ સમ ભવ્ય જીવો લહી રત્નત્રય શિવપંથે રે
ભવસમુદ્ર ઊતરી રહે શાશ્વત મુક્તાનંદે રે.'' ૧૦૭

અમિતતેજ સુણી પામિયો સમ્યગ્દર્શન-શુદ્ધિ રે,
શ્રાવકનાં વ્રત આદરી લહે ભાવની વૃદ્ધિ રે. ૧૦૮

☆
☆☆

# ૮૮
# શ્રી શાંતિનાથ
## ભાગ-૨

(સંભવ જિનવર વિનતિ અવધારો ગુણજ્ઞાતા રે—એ રાગ)

★

અશનિઘોષ સાધુ થયો, માતા સહ તે કાળે રે,
સ-સાસુ સુતારા ગ્રહે દીક્ષા, પ્રીતે પાળે રે. ૧

અમિતતેજ આદિ ગયા સર્વે નિજ નિજ સ્થાને રે,
પર્વે ઉપવાસો કરે, દેતા પાત્રે [1]દાને રે. ૨

જિન-પૂજા નિત્યે કરે, ધર્મ-કથા પણ સુણે રે,
ભવ્ય જીવોને બોધ દે, રાચે પરના ગુણે રે. ૩

વિદ્યાધર-ચક્રી સમો અમિતતેજ વિરાજે રે,
અનેક વિદ્યા સાધતો, શ્રીવિજય-મૈત્રી છાજે રે. ૪

**અમરગુરુ** મુનિને નમી બન્ને બેસી પૂછે રે :
“ત્રિપૃષ્ટના ભવ આગલા, વાસુદેવ-સુખ શું છે રે?”૫

ધર્મ-ફળો મુનિ વર્ણવે શ્રીવિજય તે યોગે રે,
ભોગ-નિદાન કરે અરે! ચિત્ત ધરી સુખ-ભોગે રે. ૬

એક દિવસ બન્ને સુણે **વિમલમતિ** મુનિ પાસે રે,
‘એક માસ આયુષ્ય છે’ મુનિ બની લે [2]સંન્યાસે રે. ૭

---

૧. દાન પણ ૨. સલ્લેખના પણ

[2]**આ**નત સ્વર્ગે ઊપજી, સુર-સુખ બન્ને માણે રે,
પૂર્વ પુણ્ય-ફળ બાકી તે, વિદેહ ક્ષેત્રે આણે રે. ૮

**પ્ર**ભાકરી નગરી વિષે જન્મે નૃપ-કુમારો રે,
**સ્તિ**મિતસાગર-ઘરે સ્ફુરે કુલ-દીપક સંસ્કારો રે. ૯

[3]**અ**પરાજિત નામે થયો, અમિતતેજ-જીવ મોટો રે,
**અ**નંતવીર્ય સુનામથી શ્રીવિજય-જીવ છોટો રે. ૧૦

બળભદ્ર, વાસુદેવ બે ઊછરે પુણ્ય પ્રમાણે રે;
***કિ**રાતી **બ**ર્બરી બે નટી નાચતી હતી જે ટાણે રે, ૧૧

અભિનય ભાવે સર્વનાં ચિત્ત હરી તે લેતી રે;
**ના**રદ ઋષિ આવ્યા છતાં, માન સભા ના દેતી રે. ૧૨

અપમાનિત પાછા ગયા, [1]દમિતારિની પાસે રે,
માન દઈ સામો જઈ ઋષિને તે ઉપાસે રે. ૧૩

પૂછે પછી : "આશ્ચર્ય શું અપૂર્વ આપે ભાળ્યું રે?"
"પ્રભાકરી નગરી વિષે નટી-નાટક નિહાળ્યું રે," ૧૪

એમ કહી આશ્ચર્યથી નારદ વદન વિકાસે રે—
"એ બે નટી ચક્રી-સભા માટે જન્મી ભાસે રે, ૧૫

તુજ સુખ-મંદિર-શિખરે કળશ ચઢે એ આવ્યે રે,
ત્રિખંડપતિને તે ઘટે," કહી ક્લેશ-બીજ વાવે રે. ૧૬

દમિતારિ દૂત મોકલે મગાવવા નટી બન્ને રે,
નટી-વેષે બે ભાઈઓ ગુપ્ત ગયા દૂત-સંગે રે. ૧૭

વિદ્યા-બળથી રીઝવે નાટક કરી રાજાને રે,
નૃપ નિજ કન્યા સોંપતા સુનૃત્ય શીખવવાને રે. ૧૮

---

* ચિલાતિકા—'ઉત્તરપુરાણ' ૧ પ્રતિવાસુદેવનું નામ

કળા શીખવતાં વર્ણવે, "અનંતવીર્ય રૂપાળો રે,
પ્રભાકરી પુરીનો પતિ જગશિરોમણિ ભાળો રે." ૧૯

પ્રીતિવંત બની ચહે પતિ કરવાને તેને રે,
વીનવે લજ્જા મૂકી કે સ્વરૂપ બતાવે એને રે. ૨૦

રૂપ-મુગ્ધ સાથે જવા તત્પર થઈ કે ચાલ્યા રે,
"કનકશ્રી નૃપ-કન્યકા હરી મેં" ગગને બોલ્યા રે. ૨૧

યુદ્ધ થયું ત્યાં કારમું, ચક્ર મૂકે દમિતારિ રે,
અનંતવીર્ય-કરે ઠરે, ચાલ્યા તેને મારી રે. ૨૨

વિમાન થોભે જ્યાં નભે નીચે સભા જણાતી રે,
**કી**ર્તિધર કેવળી દીઠા, દિવ્યધ્વનિ સુણાતી રે. ૨૩

દમિતારિના તે પિતા, નીચે જઈ સૌ વંદે રે,
દર્શન કરી સુણી દેશના, સૌનાં મન આનંદે રે. ૨૪

પૂછે પિતામહને પછી કનકશ્રી કર જોડી રે:
"કયાં પૂર્વિક પાપથી થઈ હું પાપી *છોડી રે?" ૨૫

કીર્તિધર કેવળી કહે: "પૂર્વ ભવે **શ્રી**દત્તા રે,
**શં**ખપુરે પુત્રી હતી, ગરીબ માતા-પિતા રે. ૨૬

મુનિ મળતાં દુઃખ ટાળવા ચક્રવ્રત તેં ધાર્યું રે,
દાન દીધું તેં સાધુને, સાધુ-વચન અવધાર્યું રે. ૨૭

મહાસતી આર્યા હતી તેને તેં બોલાવી રે,
ઉપવાસે ઊલટી થઈ, ગ્લાનિ તને થઈ આવી રે. ૨૮

દોષ ગુણીના દેખતાં પાપ-કમાણી કીધી રે,
પુણ્ય-ફળે નૃપતિ-કુળે પદવી આવી લીધી રે. ૨૯

---

* પુત્રી, છોકરી

પાપ-ફળે પિતા-વધે દુઃખ-દશા તું દેખે રે;
વાવે તેવું સૌ લણે, કશું ન જાય અલેખે રે.'' ૩૦

પ્રભાકરી નગરી ગયા, મળી સૌ રાજા સ્થાપે રે,
પુણ્યે અનંતવીર્યને અર્ધચક્રીપદ આપે રે. ૩૧

*બળભદ્ર-પુત્રી સુમતિ યૌવન વયમાં આવી રે
મહા-મુનિને દાન દે, પંચ દિવ્ય પ્રગટાવી રે. ૩૨

આવ્યા સૌ આશ્ચર્યથી, મહામુનિને વંદે રે;
ઉમ્મર-લાયક સુમતિ દેખી, નૃપ નિમંત્રે રે. ૩૩

સ્વયંવરા આવી ઊભી સભા વિષે લઈ માળા રે,
શોભા અધિકી ધારવા કરે કુમારો ચાળા રે. ૩૪

દેવી નભથી ઊતરી, કુંવરીને ઉપદેશે રે :
''અહો! **ધ**નશ્રી, યાદ છે? હતી તું દેવી વેષે રે. ૩૫

શરત કરેલી આપણે જ્ઞાન થતાં એ રીતે રે—
'ચ્યવે પ્રથમ તેને કરે, સુબોધ બીજી પ્રીતે રે.' ૩૬

કથા આપણી હું કહું, વિચાર તે સુણીને રે,
**અ**તિવિક્રમ નૃપ તો પિતા, માત **અ**નંતમતીને રે— ૩૭

બે કુંવરીઓ આપણે, નામ ધનશ્રી તારું રે,
**અ**નંતશ્રી મારું હતું; **નં**દન ગુરુ સંભારું રે. ૩૮

વ્રતો બોધ સુણી લીધાં; વિદ્યાધર હરી જાતાં રે,
વિદ્યાધરીને દેખતાં, વેણુવનમાં નાખ્યાં રે. ૩૯

સંન્યાસે મરી આપણે સ્વર્ગે ઊપજ્યાં જ્યારે રે
**ધૃ**તિષેણ મુનિને પૂછ્યું : 'મોક્ષ થશે અમ ક્યારે રે?'' ૪૦

---

* અપરાજિતની પુત્રી

'ભવ ચોથે ભવ છેદશો', કહ્યું હતું; છે સ્મૃતિ રે?
દુર્લભ નરભવ પામી તું; વાત કરી મેં વીતી રે." ૪૧

જાતિ-સ્મૃતિ ઊપજી, સુમતિ મૂર્છા છોડે રે,
દેવી તો ચાલી ગઈ; સૌ સામે કર જોડે રે– ૪૨

"હે નરપતિ! સૌ આવિયા મુજ કાજે, પણ મારે રે,–
દીક્ષા લેવા ભાવ છે, દુખ લાગ્યું છે ભારે રે. ૪૩

આજ્ઞા આપો સર્વ તો ભગવતી દીક્ષા ધારું રે,
ભવવ્યાધિની ઔષધી કરી, કર્મો સંહારું રે." ૪૪

'તથાસ્તુ' કહી હર્ષથી સર્વે આજ્ઞા દેતા રે,
અનુમોદન સુધર્મનું કરી પુણ્ય-ફળ લેતા રે. ૪૫

સાત સો સખીઓ લઈ દીક્ષા લઈ બની દેવી રે,
×વાસુદેવ નરકે ગયા; કર્મ તણી ગતિ એવી રે. ૪૬

અપરાજિત સંયમ ધરી થયા ઇન્દ્ર (૪)**અચ્યુતે** રે,
*સ્તિમિતસાગર મુનિ બની, થયા **ધરણેન્દ્ર** ચૂકે રે. ૪૭

નરકે પુત્ર કને ગયા, બોધી સુદૃષ્ટિ કરાવે રે,
નરકગતિ પૂરી થતાં, ખેચર-નૃપ-ઘર આવે રે. ૪૮

**મેઘનાદ** નામે થયા સૌ વિદ્યાધર-સ્વામી રે,
**અચ્યુતેન્દ્રે** આવીને બોધ દીધો નિષ્કામી રે. ૪૯

આત્મજ્ઞાની મુનિ થયા, પ્રતિમા યોગે ઊભા રે,
અસુર વેરી પૂર્વનો પીડે ત્યાં અક્ષુબ્ધા રે- ૫૦

રહ્યા, થાકીને તે ગયો; સંન્યાસે તજી કાયા રે,
પ્રતીન્દ્ર અચ્યુતે થયા, ભાઈને મન ભાયા રે. ૫૧

---

× અનંતવીર્ય, શ્રીવિજયનો જીવ. * અપરાજિત અને અનંતવીર્યના પિતા

અપરાજિત-જીવ જન્મતો **ક્ષે**મંકર નૃપને ત્યાં રે,
(૫)**વ**જ્રાયુધ ધરી નામ, સૌ દે સુખ પુણ્ય ફળે જ્યાં રે. ૫૨

**લ**ક્ષ્મીવતીને તે વરે, યૌવન ગાળે સુખે રે,
પ્રતીન્દ્ર-જીવ ત્યાંથી ચ્યવી વસે લક્ષ્મીવતી કૂખે રે. ૫૩

**સ**હસ્રાયુધ નામ દે; યૌવનવયમાં જેને રે
વરે **શ્રી**ષેણા કુંવરી, **ક**નકશાંતિ સુત તેને રે. ૫૪

સમકિત વજ્રાયુધનું ઇન્દ્ર વખાણે જ્યારે રે,
મિથ્યાત્વી સુર સુણીને ચળાવવાને ધારે રે. ૫૫

બુદ્ધ-યતિ બની આવિયો; વજ્રાયુધ સંઘાતે રે
વાદવિવાદ ચહી કહે : "ક્ષણિકવાદ વિખ્યાતે રે– ૫૬

નાશવંત વસ્તુ બધી, મોહ અહો! નૃપ, કેવો રે!
તેલ-દીપક-ધૂમ-ખેલ જો, આત્મા પણ ગણ એવો રે." ૫૭

કહે કુમાર વિવેકથી : "વસ્તુમાત્ર બે ભેદે રે–
તત્ત્વ, અવસ્થા સર્વમાં, રહે સ્વરૂપ અછેદ્યે રે. ૫૮

કર સંકોચ્યે મૂઠી, આ નાશ અવસ્થા કેરો રે,
કરનો નાશ થયો નથી; સમજી હર ભવ-ફેરો રે. ૫૯

તદ્દન નાશ થયો ગણે તે તો નભફૂલ છૂંદે રે
વંધ્યા-સુત શશ-શૃંગથી, મૂર્ખ-શિરોમણિ વૃંદે રે." ૬૦

ફરી વદે : "સર્વે કહે, સ્વપ્ન સમી આ સૃષ્ટિ રે,
કેમ તમે માનો નહીં? કેવી છે તમ દૃષ્ટિ રે?" ૬૧

કહે કુમાર : "અહો! જુઓ, સ્વપ્ન વિષે વિષ ખાધું રે,
મરે તેથી? સુભોજને થશે તૃપ્તિ? હે સાધુ! રે. ૬૨

સત્ય વિચારે જો ગ્રહો સ્યાદ્વાદ જિન-વાણી રે,
સંશય કોઈ રહે નહીં, સઘળું લેશો જાણી રે." ૬૩

દેવ-રૂૅપે પ્રગટી કહે : ''અહો ! અહો ! તુમ શ્રદ્ધા રે,
ઇન્દ્ર પ્રશંસે આપને, મને હતી અશ્રદ્ધા રે– ૬૪

ટળી તમારાં દર્શને, તીર્થંકર-સુત સાચા રે;
સંશય મુજ આપે હર્યા, અહો ! તમારી વાચા રે.'' ૬૫

ઇન્દ્ર કને જઈ તે કહે : ''તમે કહ્યું તેવા તે રે,
કરી પરીક્ષા આવિયો, શ્લાઘ્ય ગણું સૌ વાતે રે.'' ૬૬

ક્ષેમંકરને ચેતવે કહીં લૌકાંતિક દેવો રે :
''તીર્થ પ્રવર્તાવો, પ્રભુ, સંયમ-તપને સેવો રે.'' ૬૭

વજ્રાયુધને રાજ્ય દે, આરાધે તપ-યુક્તિ રે,
કેવળજ્ઞાન વરે ખરે ! જન-હિત કરીં લે મુક્તિ રે. ૬૮

વજ્રાયુધ ચક્રી બને છયે ખંડને જીતે રે,
સુખ અનુપમ ભોગવે, અવધિજ્ઞાન લહી તે રે. ૬૯

રાજ-સભામાં એકદા વિદ્યાધર ગભરાતો રે
શરણે આવીને ઊભો, શ્વાસ નથી મુખ માતો રે, ૭૦

સશસ્ત્ર વિદ્યાધરી પૂંઠે વેગે આવી બોલે રે :
''રક્ષણ દ્યો ના દુષ્ટને, પાપ-દંડ એ છો લે રે.'' ૭૧

વિદ્યાધર ઘરડો બીજો, કહે આવીને : ''સુણો રે,
**શાં**તિમતી મુજ પુત્રી આ, અનેક એના ગુણો રે. ૭૨

ગિરિ પર વિદ્યા સાધતી, દેખી ઊંચકી લીધી રે,
વિદ્યા પ્રગટી દેખીને, લાગી એને ભીતિ રે. ૭૩

જીવ લઈ નાઠો, આપને શરણે એ સંતાયો રે,
યમ-ઘરનો મે'માન એ, પાપ-ઘડો પુરાયો રે.'' ૭૪

અવધિજ્ઞાને જાણીને, ચક્રી કહે સમતાથી રે :
''કથા કહું હું તે સુણો, હરી સુંદરી શાથી રે ? ૭૫

**સુ**દત્ત-સ્ત્રી **પ્રી**તિંકરા વનમાં ફરતી દેખી રે,
કુમાર **ન**લિનકેતુએ અન્યાયે તે રાખી રે, ૭૬

*દત્ત વિરક્ત થઈ ગ્રહે દીક્ષા જિનવર પાસે રે,
સમાધિ-મરણે તે મરી, સ્વર્ગ-સુખો ઉપાસે રે. ૭૭

દેવ મરીને આ થયો ×વિદ્યાધર જો ખાસો રે,
પૂર્વ કર્મથી આ થયું; બન્ને મોક્ષે જાશો રે. ૭૮

નલિનકેતુએ એકદા તારો ખરતો ભાળ્યો રે,
નિંદા પાપોની કરી, મુનિ થઈ મોક્ષે ચાલ્યો રે. ૭૯

આર્યા પ્રીતિંકરા થઈ દેવગતિ તે પામી રે,
શાંતિમતી ત્યાંથી થઈ;'' સુણી વૃત્તિ વિરામી રે. ૮૦

[૧]કનકશાંતિ વસંતમાં વિલસે હિમગિરિ-શૃંગે રે,
બે રાણી સહ વિચરે વન, ગગને આનંદે રે. ૮૧

મુનિ **વિ**મલપ્રભ દેખીને વંદી સુણે વાણી રે,
વૈરાગ્યે મુનિ તે બને, તજીને બન્ને રાણી રે. ૮૨

રાણી બે આર્યા બની, કુલવતી સતીને છાજે રે;
કનકશાંતિ તો કેવળી બને, પિતામહ પૂજે રે. ૮૩

ક્ષેમંકર-પ્રભુની કને વજ્રાયુધ લે દીક્ષા રે,
અલ્પ કાળમાં તે થયા ગીતાર્થ ગ્રહી શિક્ષા રે. ૮૪

**સિ**દ્ધગિરિ પર એકલા વર્ષ-પ્રતિમાયોગે રે,
ઊભા બાહુબલી સમા અડોલ કાયોત્સર્ગે રે, ૮૫

શરીર પર વેલો ચઢી, ચરણ રાફડા ઢાંકે રે,
વાળ વિષે માળા કરે ચકલાં, પણ ના હાંકે રે, ૮૬

---

* સુદત્ત × અજિત. ૧ સહસ્રાયુધનો પુત્ર, જુઓ ગાથા ૫૪

ભમરી દર કર્ણે કરે, વર્ષામાં ભીંજાતા રે,
સૂર્ય તપે શિર ઉપરે, વાયુ ઠંડા વાતા રે. ૮૭

પૂર્વ વૈરી અસુર બે આવે દુઃખો દેવા રે,
નભે જતી રંભાદિએ વિઘ્ન ટાળી કરી સેવા રે. ૮૮

વર્ષ પછી તે વિચરે, સંયમ ઉત્તમ પાળે રે,
સહસ્રાયુધ યતિ બને, દેહ સંયમે ગાળે રે, ૮૯

સંન્યાસે મરી બે મુનિ [૬]**ગ્રૈ**વેયકમાં જાતા રે,
અહમિંદ્ર-સુખ ભોગવી **ઘ**નરથ નૃપ-સુત થાતા રે. ૯૦

પિતા-જીવ બંધુ વડો નામ [૭]**મે**ઘરથ ધારે રે,
**દૃ**ઢરથ નામ બીજા તણું; અવધિ ના વિસારે રે. ૯૧

કૂકડા બે લડતા હતા, સર્વ સભા-જન દેખે રે,
ઘનરથ ભવ તેના પૂછે, જ્ઞાની મેઘરથ ભાખે રે : ૯૨

"ખેડૂત બે પૂર્વે હતા, એક બળદને કાજે રે
લડી મર્યા; હાથી થયા, પૂર્વવૈરથી ઝૂઝે રે. ૯૩

મરી ફરી પાડા થયા, લડી મરી, મેંઢા થાતા રે,
લડી મરી મરઘા થયા," સુણી વૈર ભૂલી જાતા રે- ૯૪

શાંતિ ધરી, મરી દેવ બે થયા, એટલે આવે રે,
દર્શાવી ઉપકાર તે, વિમાન નિજ બતાવે રે. ૯૫

મેઘરથાદિ સર્વને વિમાનમાં બેસારી રે,
દ્વીપ-સમુદ્રો દાખવે, માનવ-સૃષ્ટિ સારી રે. ૯૬

યાત્રા પૂર્ણ કરાવીને પાછા લાવી મૂકે રે,
દિવ્ય અલંકારો દીધા, સુર ઉપકાર ન ચૂકે રે. ૯૭

કૂકડા કૃત ઉપકારનો બદલો વાળે દેખો રે,
માનવ ભૂલે તો પશુ કરતાં હલકો લેખો રે. ૯૮

ઘનરથ મનમાં ચિંતવે : ''શરીર વિષ્ટા-વાડો રે,
જીવ વિચારે કેમ ના? દુઃખ તણો ભવ ખાડો રે! ૯૯

પાપ-બીજરૂૅપ રાજ્યમાં જીવન જાય અલેખે રે,
મોહ-મદિરા-છાકમાં સુખ દુઃખે જન દેખે રે. ૧૦૦

જીૅવન અનિશ્ચિત જન્મથી, આત્મ-હિત કરીૅ લેવું રે,
બંધુ બંધન માનવા; સઘળું સ્વપ્ના જેવું રે.'' ૧૦૧

લૌકાંતિક સુર આવીૅને પૂજી, સ્તવીૅ ચેતાવે રે,
અવસર ત્યાગ તણો કહી, સ્વર્ગે તે સિધાવે રે. ૧૦૨

રાજ્ય મેઘરથને દઈ, દીક્ષા ગ્રહીૅ તપ ધારે રે,
કેવળજ્ઞાની તે થઈ, ધર્મમાર્ગ વિસ્તારે રે. ૧૦૩

પુણ્યકર્મથી ભોગવે રાજ્ય મેઘરથ મોટું રે,
ધર્માદિ પુરુષાર્થથી તજતા વર્તન ખોટું રે. ૧૦૪

નૃપ ઉપવાસ કરી કરે વાત ધર્મની જ્યારે રે,
એક કબૂતર કંપતું પાસે આવ્યું ત્યારે રે– ૧૦૫

વેગે ગીૅધ આવી કહે : ''દેવ, મને ઉગારો રે,
ભૂખે પ્રાણ જતા અરે! કબૂૅતર મુજ આધારો રે.'' ૧૦૬

દૃઢરથ પૂછે ભાઈને : ''પક્ષી નર-સમ બોલે રે,
શી આશ્ચર્ય-બીૅના અહો!'' રહસ્ય નૃપતિ ખોલે રે : ૧૦૭

''દેવ ધરી આ રૂપ બે, કરે પરીક્ષા મારી રે,
ઇન્દ્રે મુજ સ્તુતિ કરી ઉત્તમ દાતા ધારી રે.'' ૧૦૮

☆
☆☆

# ૮૯
# શ્રી શાંતિનાથ
## ભાગ-૩

(સંભવ જિનવર વિનતિ અવધારો ગુણજ્ઞાતા રે—એ રાગ)

★

કહે **મે**ઘરથ દેવને : ‘‘અવધારો, સંક્ષેપે રે,
કહું દાનાદિ-લક્ષણો : સ્વપર-હિત સમજે જે રે. ૧

નિજ ચીજ દે પાત્રને તો તે દાન ગણાતું રે,
શ્રદ્ધા, વિજ્ઞાન આદિથી દાતા-સ્વરૂપ જણાતું રે. ૨

કરે ન અવગુણ જે ચીજો, ગુણવર્ધક બન્નેને રે,
દેવા યોગ્ય ગણાય તે; ચાર ભેદ છે દાને રે. ૩

જ્ઞાન, દવા, આહાર ને અભય-દાન એ ચારે રે,
પરંપરાએ મોક્ષ દે, મનાય એ સુવિચારે રે. ૪

મોક્ષમાર્ગમાં સ્થિત જે, પોતે તરીને તારે રે,
દાન-યોગ્ય સુપાત્ર તે, બોધ દઈ ઉદ્ધારે રે. ૫

માંસાદિ ના દેય છે, પાત્ર ન તે જો યાચે રે,
દાતા નહિ દેનાર તે; નરક-હેતુ તે સાચે રે. ૬

તેથી ગીધ ન પાત્ર છે, કબૂતર દેય ન જાણો રે,’’
સુણી એ દેવ કરે સ્તુતિ, દાન-વિવેક વખાણ્યો રે. ૭

વસ્ત્રાભૂષણ દઈ ગયો, કરી કુસુમની વૃષ્ટિ રે,
ઇંદ્ર ફરી સ્તુતિ કરે : ‘‘ધન્ય! ધીર સુદૃષ્ટિ રે!’’૮

પ્રશ્ન પૂછતાં તે કહે: "મેઘરથ પરિણામો રે,
પ્રતિમા-યોગે સ્થિર છે, તેને કરું પ્રણામો રે." ૯

તે સુણી બે દેવીઓ ચળાવવાને આવે રે,
હાવભાવ-દેખાવથી નૃપને બહુ લલચાવે રે. ૧૦

મેરુ પર વીજળી પડે તોય ન તે તો ડોલે રે,
નૃપ-મન તેમ અડોલ છે, જાણી દેવી બોલે રે: ૧૧

"ધન્ય, ધન્ય! નૃપ ધન્ય તું, ઇંદ્ર-સ્તુતિ તુજ સાચી રે."
ક્ષમા યાચી પૂજા કરી, સ્વર્ગે ગઈ તે પાછી રે. ૧૨

ઇંદ્ર વદે વળી એકદા: "**પ્રિયમિત્રા** નૃપ-રાણી રે,
રૂપવતી અતિ સૃષ્ટિમાં," ગઈ જોવા ઇન્દ્રાણી રે. ૧૩

સ્નાનાર્થે જાતાં દીઠી, વાત ઇન્દ્રની માની રે;
કાયા-કાંતિ કારમી, પૂર્વ-પુણ્ય-નિશાની રે; ૧૪

કન્યા-રૂપ ધરી મળી, રૂપ પ્રશંસા કીધી રે,
કહે રાણી: "થોભો જરી;" કરી સ્નાનાદિ વિધિ રે, ૧૫

ધરી અલંકારો રૂડા આવી ગર્વ ધરી તે રે—
કહે કન્યા: "કાંતિ નથી, પ્રથમ સમાન શરીરે રે!"૧૬

મેઘરથ ભણી જ્યાં જુએ, કહે: "યથાર્થ કહે છે રે,
પૂનમ પછીના ચંદ્રની શોભા દેહ લહે છે રે." ૧૭

પ્રગટરૂપે ઇન્દ્રાણીએ કહ્યું કેમ તે આવી રે;
"ક્ષણભંગુર રૂપ-કાંતિ આ, દેહ-ગતિ તો આ'વી રે"- ૧૮

કહી, સન્માની તેમને સ્વસ્થાને તે ચાલી રે;
ખેદ-ખિન્ન રાણી થઈ, પતિએ ધીરજ આલી રે. ૧૯

**ઘનરથ** તીર્થંકર તણાં દર્શનની ઉત્કંઠા રે,
થતાં માળી આવી કહે: "ઉદ્યાને પ્રભુ બેઠા રે." ૨૦

પ્રજા સહિત નૃપ ત્યાં ગયા, પ્રદક્ષિણા દઈ વંદે રે,
સુણી પ્રભુની દેશના વીનવે નૃપ આનંદે રે :–૨૧

"રાજ્ય-ભાર બહુ મેં વહ્યો, હે પ્રભુ! વારસ સાચો રે
કરો, મોક્ષના માર્ગમાં; દીઠા બહુ ભવ-નાચો રે. ૨૨

ભોગ ભયાનક હું ગણું, જન્મ-કેદ સમ કાયા રે,
વિશ્વ તારનારા પ્રભુ, મુકાવો મુજ માયા રે." ૨૩

દૃઢરથને ક્હે : "ભાઈ, આ રાજ્ય તમે સંભાળો રે,
દીક્ષા લેવા હું ચહું, પ્રજા પ્રીતિથી પાળો રે." ૨૪

પણ દૃઢરથ એવું કહે : "રાજ્ય-દોષ હું દેખું રે,
ગ્રહણ કરી જે છોડવું, ના ગ્રહવું ઠીક લેખું રે; ૨૫

પંકે પગ ના મૂકવો ઠીક, ખરડી ધોયાથી રે;
મુક્તિ-માર્ગ ગમે મને, ભવ-સંકટ જોયાથી રે." ૨૬

મેઘસેન સુતને દઈ રાજ્ય, ધરે તે દીક્ષા રે,
સાત સહસ્ર રાજા બીજા, દીક્ષા લઈ લે શિક્ષા રે. ૨૭

એક મોક્ષના લક્ષથી, જીવ-અજીવ બે જાણે રે,
રત્નત્રય ઉપાસતા, નિષ્કષાયતા આણે રે. ૨૮

પંચ વિષય-વિષ તે તજે, છકાય જીવો રક્ષે રે,
સાતે ભય તે ટાળતા, આઠે મદ ઉપેક્ષે રે, ૨૯

બ્રહ્મચર્ય નવધા ધરે, યતિ-ધર્મ દશ આવે રે,
અગિયારે અંગો ભણે, બાર ભાવના ભાવે રે, ૩૦

+પ્રવચન-વ્રત તેરે ચહે, ચૌદમા ×ગુણ-લક્ષ્યે રે,
પ્રમાદ પંદર ટાળતા, સોળ ભાવના રક્ષે રે– ૩૧

---

+ ૮ પ્રવચન માતા અને ૫ મહાવ્રત=૧૩. × અયોગી ગુણસ્થાનકના લક્ષ્યે

તીર્થંકર-પદહેતુ તે : [૧]દર્શન-વિશુદ્ધિ ધારે રે
આઠે અંગ સહિત તે, [૨]વિનય સર્વ પ્રકારે રે, ૩૨

[૩]શીલવ્રતે અતિચાર ના લાગે, મન સત્શાસ્ત્રે રે,
[૪]અભીક્ષ્ણ શ્રુતે ભાવના, [૫]વિરાગ વસ્તુમાત્રે રે, ૩૩

જ્ઞાનાદિના દાનથી [૬]ત્યાગભાવના ભાવે રે,
યથાશક્તિ આજ્ઞા વડે બાર [૭]તપે મન લાવે રે, ૩૪

તપ-વિઘ્નોને ટાળતાં, [૮]સાધુ-સમાધિ સાચી રે,
અવદ્ય સૌ ઉપાયથી [૯]સેવા કરે અયાચી રે. ૩૫

[૧૦]જિન, [૧૧]સૂરિ, [૧૨]વાચક, [૧૩]શાસ્ત્રની વિવિધ ભાવે ભક્તિ રે
ષટ્ આવશ્યક[૧૪] ના તજે, કરે યથા-વિધિ-શક્તિ રે. ૩૬

કરે [૧૫]માર્ગ-પ્રભાવના જ્ઞાન - તપાદિ - યોગે રે,
ગાય-વત્સ સમ રાખતા પ્રેમ [૧૬]મુમુક્ષુ-લોકે રે. ૩૭

એ સોળે હેતુ વડે તીર્થપતિ-બીજ વાવે રે,
મેઘરથ મુનિ તે ભલા ઉત્તમ સંયમ ભાવે રે. ૩૮

દૃઢરથ સહ સંન્યાસથી દેહ તજી સુર થાતા રે,
[(૮)]**સ**ર્વાર્થસિદ્ધ વિમાનમાં અહમિંદ્ર પદવી લેતા રે. ૩૯

એક જ ભવ કરી મોક્ષમાં જનાર સુર વસતા ત્યાં રે,
લૌકિક સુખમાં ના મણા, સુદૃષ્ટિ સુર સૌ જ્યાં રે. ૪૦

રહ્યું જીવન અહમિંદ્રનું છ માસ બાકી જ્યારે રે,
**સૌ**ધર્મેન્દ્ર **કુ**બેરને બોલાવી કહે ત્યારે રે : ૪૧

"**હ**સ્તિનાપુરના પતિ **વિ**શ્વસેન વિખ્યાતા રે,
મહારાણી **અ**ચિરા રૂડી જિનપતિ-પિતામાતા રે. ૪૨

રત્નવૃષ્ટિ કરવી ઘટે હવે હસ્તિનાપુરે રે,
પંદર માસ સદા કરો.'' વચન ધરે સુર ઉરે રે. ૪૩

અચિરા રાણીની કૂંખે, મેઘરથ-જીવ આવે રે,
ભાદરવા વદ સાતમે, સ્વપ્ન સોળ દર્શાવે રે. ૪૪

ગર્ભ-મહોત્સવ જાણીને, ઇન્દ્રાદિ સુર આવે રે,
માતપિતાને પૂજીને પ્રભુને નીરખે ભાવે રે. ૪૫

સેવા કરતી દેવીઓ માતાની સૌ વાતે રે,
જેઠ માસ વદ ચૌદશે, જન્મ્યા પ્રભુ પ્રભાતે રે. ૪૬

જન્મ-મહોત્સવ કારણે દેવદેવી બહુ આવે રે,
ઇન્દ્રાણી પ્રસૂતિ-ગૃહે જઈ વંદે પ્રભુ ભાવે રે. ૪૭

જનનીને ઊંઘાડીને, માયા-બાળક મૂકી રે,
પ્રભુને પ્રેમે ઊંચકી, હર્ષ-ભારથી ઝૂકી રે. ૪૮

અર્પે ઇન્દ્ર-કરે શચી, મેરુ ઉપર લઈ જાતા રે,
સ્નાત્ર કરી ઉલ્લાસથી, લાવી મૂકે જ્યાં માતા રે. ૪૯

દિવ્ય વસ્ત્ર-આભૂષણે મંડિત નીરખે માતા રે
નિદ્રા ઇન્દ્રે ટાળી જ્યાં; નૃત્ય કરી સુર જાતા રે. ૫૦

(૯)**શાંતિ**નાથ સુનામ દે, ઊછરે તે આનંદે રે,
પૂર્વ પુણ્ય પૂરું કરે, સુર સહ રમે ઉમંગે રે. ૫૧

ત્રણ સુજ્ઞાને દીપતા, સુખશાંતિ ફેલાવે રે,
કનક-કાંતિ શરીરની ઉષા રવિ બતલાવે રે. ૫૨

દૃઢરથ-જીવ સુરતા તજી, વિશ્વસેન-સુત થાતો રે,
**ચક્રાયુધ**ના નામથી, ***યશવતી**-સુત પ્રખ્યાતો રે. ૫૩

---

* વિશ્વસેન રાજાની બીજી રાણી

યૌવનવયમાં આવતાં, ચંદ્ર-રવિ સમ ભ્રાતા રે,
પિતા પરણાવે હવે સુંદરીઓ, હરખાતા રે. ૫૪

વિશ્વસેન હિત સાધવા, શાંતિનાથને દેતા રે
રાજ્યભાર ભોગે ભર્યો, દીક્ષા પોતે લેતા રે. ૫૫

ચક્રરત્ન-ઉત્પત્તિથી આયુધશાળા શોભે રે,
છયે ખંડ સાધી લીધા, જ્ઞાને રહી અલોભે રે. ૫૬

ચૌદ રત્ન, નવ નિધિ ને ભરત-ભૂમિની ઋદ્ધિ રે,
સંન્યાસી સમ ભોગવે, ચૂકે ન આત્મ-સમૃદ્ધિ રે. ૫૭

દર્પણ સામે એકદા ઊભા રહી જ્યાં દેખે રે,
અનેક રૂપ નિહાળતાં, પૂર્વ ભવો નિજ પેખે રે. ૫૮

''પ્રતિબિંબ સમ મેં કર્યા અનેક ભવ હા! આવા રે,
આ ભવમાં ચૂકું નહીં,'' એ વિચારે આવ્યા રે. ૫૯

બ્રહ્મલોકથી દેવ ત્યાં સારસ્વતાદિક આવે રે,
''પ્રગટાવો પ્રભુ, તીર્થને'' સંદેશો દઈ, જાવે રે. ૬૦

ઇન્દ્રાદિ સુર આવીને કરે મહોત્સવ મોટો રે,
પ્રભુ પણ સૌ સંબંધીને, સમજાવે ભવ ખોટો રે. ૬૧

કુરુહરિ પુત્ર સ્થાપીને ગાદી પર, સૌ ત્યાગે રે,
દિવ્ય પાલખીમાં ગયા 'સહસ્રામ્ર-વન' બાગે રે. ૬૨

જેઠ વદિ ચોથે ધરે છટ્ઠ-નિયમ ઉપવાસી રે,
ખરે! ક્લેશરૂપ કેશનો લોચ કરે ત્યાં બેસી રે. ૬૩

વસ્ત્રાભૂષણ સૌ તજી, યથાજાત શિશુ જેવા રે;
ચક્રાયુધ સાથે થયા સહસ્ર નૃપ મુનિ તેવા રે. ૬૪

અપ્રમત્ત બનતાં પ્રભુ મન-પર્યય પ્રગટાવે રે,
ભક્તિ-ભાથું બાંધીને ઇન્દ્રાદિક સુર જાવે રે. ૬૫

**સુ**મિત્ર નૃપ-ઘર પારણું પ્રથમ કરે પ્રભુ, દેખો રે,
પંચાશ્ચર્ય થયાં, અહો! ધ્યાનમૂર્તિ મુનિ પેખો રે. ૬૬

સોળ વર્ષ છદ્મસ્થતા વીતતાં કેવળજ્ઞાને રે
દીપે હસ્તિનાપુરે પ્રભુ તે જ ઉદ્યાને રે. ૬૭

ઇન્દ્રાદિ આવી રચે સમવસરણ રૂપાળું રે;
કુરુહરિ આદિ ગયા કલ્યાણક જ્યાં ભાળ્યું રે. ૬૮

ચક્રાયુધ આદિ થયા છત્રીસ ગણધર જ્ઞાની રે,
ઇન્દ્રાદિ સઘળા સુણે ખરતી પ્રભુની વાણી રેઃ– ૬૯

"ભવરૂપ મોટું મૂળ છે દુઃખવૃક્ષનું જાણો રે,
કષાય-ભૂમિમાં ટકે, તે ખણવા મન આણો રે. ૭૦

કષાય જો પોચા પડે ભવ-દુઃખતરુ સુકાતું રે,
ઇન્દ્રિય-જય વિના નહીં કષાય-બળ જિતાતું રે. ૭૧

ઇન્દ્રિય-અશ્વો નાખતા દમ વગર દુઃખ ખાડે રે,
ઘાત, પાત, વધ આકરો દુર્ગતિમાં દેખાડે રે. ૭૨

ઇન્દ્રિયવશ શાસ્ત્રી છતાં બાળબુદ્ધિએ વર્તે રે;
**ભ**રત-**બા**હુબલી યુદ્ધ હા! લજ્જાસ્પદે પ્રવર્તે રે, ૭૩

ચરમશરીરી ભાઈ બે, ઇન્દ્રિયો જ લડાવે રે;
સુર, નર, પશુ સર્વે લડે ઇન્દ્રિય-મોહ નચાવે રે. ૭૪

ભક્ષ્યાભક્ષ્ય ગણે નહીં, ગમ્યાગમ્ય ન જાણે રે,
ઇન્દ્રિય-દાસ થયા પછી ગંદી વાત વખાણે રે. ૭૫

રે! ઇન્દ્રિય-વશ ઇન્દ્રથી કીડા સુધી સૌ જીવો રે,
વીતરાગ વિના બધા વિષય-વારુણી પીવો રે. ૭૬

ઇન્દ્રિય-વશ જાગ્યા નહીં, ઊંઘ્યા કાળ અતીતે રે,
મનશુદ્ધિથી ઇન્દ્રિયો મહામતિ જીવ જીતે રે. ૭૭

માત્ર ઇન્દ્રિયો રોકતાં જીત નહીં જીવ પામે રે,
રાગી-દ્વેષી ના થવું; આવે મુક્તિ સામે રે. ૭૮

જિતેન્દ્રિય-જિતમોહને મોક્ષપંથમાં માનો રે,
ઇન્દ્રિય-દાસ ભમે ભવે મોહપંથ પિછાનો રે, ૭૯

બંધ-મોક્ષના માર્ગને સમજી ગમતો લેવો રે,
બંધમાર્ગ દુઃખે ભર્યો, બીજો સુખ દે એવો રે. ૮૦

વિષયો ભવ ભવ ભોગવ્યા, આત્મસુખ નથી ચાખ્યું રે;
અપૂર્વ આત્માનંદથી કૃતાર્થ જીવન ભાખ્યું રે. ૮૧

સાંસારિક સુખ-લાલસા ટળતાં કષાય કંપે રે;
અક્ષય સુખ લીધા વિના કેમ મુમુક્ષુ જંપે રે?"૮૨

કુરુહરિ પ્રભુને નમી, પૂછે "હું પામ્યો શાથી રે
નૃપ-પદ, ઉત્તમ ભેટને ભોગવી શેં ન શકાતી રે?"૮૩

કહે કેવળી: "દાનથી નૃપ-પદવી આ લાધી રે,
અનેક-આધીન ભોગ ના ભોગવાય એકલાથી રે. ૮૪

પૂર્વભવ વિસ્તારથી કહું સુણો: **શ્રી**પુરે રે
**ધ**નેશ્વર, **ધ**નપતિ અને **સુ**ધન, **ધ**નદ એ ચારે રે. ૮૫

વણિક મિત્રો પ્રેમથી રહે સહોદર જેવા રે;
**દ્રો**ણ મજૂર-માથે મૂકી ભાથું, જાય ધન લેવા રે. ૮૬

મહા અટવીમાં મુનિને દેખી પાયે લાગ્યા રે,
ભાથું અલ્પ હતું છતાં દાનભાવ બહુ જાગ્યા રે. ૮૭

કહે વણિકો દ્રોણને: 'દાન મુનિને દે, દે રે,'
શ્રદ્ધા અધિકી આણી તે મુનિને આનંદે દે રે. ૮૮

સ્વાતિ નક્ષત્રે ટીપું જો, છીપે પડતાં મોતી રે,
તેમ સુપાત્રે દાનથી પ્રગટી પુણ્યની જ્યોતિ રે. ૮૯

દ્રોણ પૂર્ણ આયુ થયે થયો કુરુહરિ રાજા રે,
સુધન, ધનદ ધનાઢ્ય આ, સ્ત્રી થાતાં બે બીજા રે. ૯૦

સુધન-જીવ **વ**સંત આ **કાં**પિલ્યપુરે આવે રે,
ધનેશ્વર-જીવ **કે**સરા દેખી હર્ષિત થાવે રે. ૯૧

એક-બીજાના પ્રેમને દાસી નીરખી પોષે રે,
પ્રેમ-પાશ એ પૂર્વનો, વિરહ વડે તનુ શોષે રે. ૯૨

મંગળ વાજાં સાંભળી કરી તપાસ **વ**સંતે રે,
લગ્ન કેસરાનાં લીધાં, અન્ય સાથ સુણી ચિંતે રે. ૯૩

દાસી ત્યાં આવી કહે: 'કહે કેસરા એવું રે,—
થશો પ્રાણપતિ આપ કે મુજ મૃત્યુ ગણી લેવું રે.' ૯૪

વસંત સંદેશો કહે: 'પ્રતિજ્ઞા મુજ એવી રે,
જો કેસરા નહીં વરું કંઠે ફાંસી દેવી રે.' ૯૫

નિષ્ફળ સૌ યત્નો ગયા, જાન સવારે આવી રે,
પ્રિયા જરૂર મરશે ગણી, ડાળે ફાંસી બનાવી રે, ૯૬

**કા**મપાલ નર કાપીને ફાંસી તુર્ત જિવાડે રે,
સુણી વાત વસંતની હિત-વિશ્વાસ પમાડે રે: ૯૭

'હિંમત હાર નહીં હજી, કામ-મંદિરે આજે રે,
આ જ વને તે આવશે કુલાચારને કાજે રે.' ૯૮

કામ-પ્રતિમા પાછળે, સંતાયા તે સાંજે રે,
કન્યા અંદર એકલી પેઠી પૂજા કાજે રે. ૯૯

દ્વાર બંધ કરી તે કહે: 'વસંત ભર્તા થાજો રે,'
મરવા તૈયારી કરે, પ્રગટ વસંત જ થાતો રે. ૧૦૦

ધનદ-જીવ કામપાલ આ, ધનપતિ **મ**દિરા જાણો રે;
મદિરા મામા-પુત્રી છે, કેસરની મન આણો રે. ૧૦૧

કામપાલ ને કેસરા કપડાં બદલી લે છે રે,
કામપાલ નીચે મુખે, જઈ સખી-સંગ મળે છે રે. ૧૦૨

ઘેર જઈ એકાંતમાં બેઠો ત્યાં જ મદિરા રે,
સગી કેસરાની હતી, તે કહે બની અધીરા રેઃ—૧૦૩

'મને બચાવી જેમણે હાથીથી ઉદ્યાને રે,
ગઈ રાત્રે સ્વપ્ને મળ્યા, મળશે મન અનુમાને રે, ૧૦૪

દુઃખની વાતો દુઃખીને કરી આશ્વાસન પામું રે'—
કામપાલ મુખ ખોલીને જુએ તેના સામું રે. ૧૦૫

એકબીજાને ઓળખે, છાનાંમાનાં ફાવ્યાં રે
વસંતના નિવાસમાં જઈ, આ પુરમાં આવ્યાં રે. ૧૦૬

અદ્‌ભુત ભેટો તે ઘરે દેખી નહિ જે પૂર્વે રે,
વગર ઓળખાણે તમે સંઘરી; લ્યો સુખ સર્વે રે.'' ૧૦૭

અનેક દેશે વિચરી સમેત-શિખરે આવે રે,
પ્રભુ અયોગી-યોગથી મોક્ષનગર સિધાવે રે. ૧૦૮

દેવ મહોત્સવ આદરે, ભક્તિ કરી હરખાતા રે,
શાંતિનાથ-ગુણગાનથી પુણ્ય ખરીદી જાતા રે. ૧૦૯

Revised તા. ૧૪-૬-૧૯૪૨
દ્વિતીય જેઠ સુદ ૧, રવિ, ૧૯૯૮

☆
☆☆

## ૯૦

# અંતર્મુહૂર્ત

(સ્વામી સુજાત સુહાયા, દીઠા આનંદ ઉપાયા રે, મનમોહના જિનરાયા-એ દેશી)

★

શ્રી **રાજ**ચંદ્ર ગુરુ ઉરે, આનંદ અનુપમ પૂરે રે,
કરું વંદના બહુ ભાવે.
કળિકાળે અતિ ઉપકારી, મળી સત્ય સહાય તમારી રે, કરું૦

અંતર્મુહૂર્ત અમોને, પ્રભુ સમ્યગ્દર્શન દ્યોને રે, કરું૦
સત્સંગ **વ**શિષ્ટ ઋષિનો, અંતર્મુહૂર્ત સુધીનો રે, કરું૦

ધરણી અધ્ધર ધરી રાખે, અતિ આશ્ચર્યકારી ભાખે રે, કરું૦
રે! સમ્યગ્દર્શન તેવું, ભવ-ભાર હરે, ગણી લેવું રે, કરું૦

ચિંતામણિ નરભવ તેથી, હિત પૂર્ણ સધાતું એથી રે, કરું૦
એક અંતર્મુહૂર્ત માત્ર, કરે જીવને મુક્તિ-પાત્ર રે, કરું૦

વરે **ભ**રત કેવળજ્ઞાન, જ્યાં પ્રગટ્યું શુક્લ ધ્યાન રે, કરું૦
એક અંતર્મુહૂર્તે જાતા જીવ મોક્ષે, ધન્ય ગણાતા રે, કરું૦

બહુ અંતર્મુહૂર્તો ખોયાં, સુદર્શનાદિ નહીં જોયાં રે, કરું૦
ઉરે આજ્ઞા દૃઢ ધારું, હવે ગણું ન બીજું સારું રે, કરું૦

હીન ઉપયોગ એક પળનો, કૌસ્તુભ ગયાથી વધુ કળવો રે, કરું૦
ઘડી સાઠ-ગુણી જતી એવી, હાનિકારક ગણી લેવી રે, કરું૦

દિન, માસ, વર્ષ ને આયુ હીન ઉપયોગે ગળાયું રે, કરું૦
તો મહાન હાનિ ગણાય, અશ્રેયનું કારણ થાય રે, કરું૦

સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે કાળ, કહે 'સમય' દીન-દયાળ રે, કરું૦
સંખ્યાત તે સંખ્યા-યોગ્ય, અસંખ્યાત તે ઉપમા જોગ્ય રે, કરું૦

જેનો ના અંત પમાય, તે કાળ અનંત કહાય રે, કરું૦
થતાં 'સમય' શબ્દોચ્ચાર સમય વીતે અસંખ્ય ધાર રે, કરું૦

એક સમય કેવળી જાણે, વિશ્વાસે અન્ય પ્રમાણે રે, કરું૦
ગણ આઠ સમય ઉપરાંત, પ્રતિ સમયે અંતર્મુહૂર્ત રે, કરું૦

થાય ઘડી ન બે જ્યાં સુધી, અસંખ્ય ભેદ ત્યાં સુધી રે, કરું૦
બે ઘડીનું એક મુહૂર્ત, સમય કમ અંતર્મુહૂર્ત રે, કરું૦

ભવ ક્ષુદ્ર અંતર્મુહૂર્તે, જીવ કરે પાપ ઉત્કૃષ્ટે રે, કરું૦
છાસઠ હજાર ઉપરાંત, ત્રણ સો છત્રીસ ભવ-અંક રે, કરું૦

ત્રસભવ ધરે બસો ચાર, બાકી એકેન્દ્રિય ધાર રે, કરું૦
કાચી બે ઘડીનો એ કાળ, રે! જન્મ-મરણ વિકરાળ રે, કરું૦

પારમાર્થિક પુણ્ય કમાતાં, કહું કામ તે કેવાં થાતાં રે?- કરું૦
જીવ યથાપ્રવૃત્તિકરણે : સ્થિતિ-બંધ-અપસરણે રે, કરું૦

એક જ અંતર્મુહૂર્ત; પ્રતિ સમય શુદ્ધિ અનંત રે, કરું૦
વધે અનુભાગ પ્રશસ્ત, ઘટે વળી અપ્રશસ્ત રે, કરું૦

આ અંતર્મુહૂર્ત-લીલા, કરે અશુભ બંધો ઢીલા રે, કરું૦
પછી અપૂર્વ-કરણનો કાળ, તે આથી ય ઓછો ભાળ રે, કરું૦

સ્થિતિકાંડથી ઘટતી સ્થિતિ, અનુભાગની ય એ રીતિ રે, કરું૦
નિર્જરા-ક્રમ ગુણશ્રેણી, કર્મભારની કરતી હાણિ રે, કરું૦

પછી અનિવૃત્તિ-કરણ કાળ, તે એથી ય ઓછો ભાળ રે, કરું૦
ક્રિયા થતી પૂર્વોક્ત તેમાં, કરે અંતર-કરણ એમાં રે, કરું૦

કરે ઉપશમ સાત પ્રકૃતિ, સમકિત ઉપશમ લે તેથી રે, કરું૦
જે દર્શન-મોહ હઠાવે *તે સુચારિત્રે આવે રે, કરું૦

છદ્મસ્થ ઉપયોગ અપ્રમત્ત, રહે છે અંતર્મુહૂર્ત રે, કરું૦
તે સાતિશય અપ્રમત્ત થયે થતો શ્રેણી-રક્ત રે, કરું૦

ચઢી અંતર્મુહૂર્ત શ્રેણી, બને અમમ, કેવળજ્ઞાની રે, કરું૦
શૈલેશી - કરણ - યોગે, અયોગી સિદ્ધતા ભોગે રે, કરું૦

કૃતકૃત્ય થતા તે અંતે, રહે શાશ્વત સુખ અનંતે રે, કરું૦
ત્યાં દર્શન-જ્ઞાન અનંત, સુખ-વીર્યાદિ અનંત રે, કરું૦

માટે અંતર્મુહૂર્ત કરી સફળ લ્યો સમ્યક્ત્વ રે, કરું૦
તો નરભવ આવ્યો લેખે, તેથી સૌ શિવપદ દેખે રે, કરું૦

☆
☆☆

---

* પાઠા૦ તે સ્વરૂપ-રમણમાં આવે.

# ૯૧

## દર્શન-સ્તુતિ

(કવાલિ-ગઝલ. ચલાવા રાજતંત્રોને નીમે રાજા દીવાનોને—એ રાગ)

★

વીતી સૌ કૃષ્ણ રજનીઓ, ઊગ્યો આ **રાજ** તો ચંદ્ર,
નમાવે શિર કર જોડી, જનો ઉર ધારી આનંદ. ૧

બતાવે આંગળીથી કો, કહે : ''જો, સૂક્ષ્મ દૃષ્ટિથી''
રચાતી સ્તુતિઓ ગાતાં, ઝીલે સૌ રાગ-પુષ્ટિથી. ૨

સુદર્શન સત્પુરુષોનું, કળિ-કાળે ગણો એવું,
સફળ નેત્રો થયાં તેનાં, પત્યું રે! પાપનું દેવું. ૩

મળ્યા જો સંત ને સુણ્યું કથન સાચું કહ્યું તેનું,
અને જો માની લીધું તે, પતે તો પૂર્વનું લેણું. ૪

'છૂટું છૂટું અરે! ક્યારે?' થશે ભણકાર એ ઉરે,
ગમે ના સુખ સંસારી, પ્રથમ તો પાપ તે ચૂરે. ૫

ગણે બંધન સમા બંધુ, કનક કીચડ સમું લાગે,
ગણે નારી નરક-બારી, સ્તુતિ નિજ સુણતાં ભાગે. ૬

ઠરે ના ચિત્ત મિત્રોમાં, ન પુત્રો પ્રીતિ ઉપજાવે,
ભૂલે ના ભક્તિના ભાવો, ઉરે ગુણ ગુરુના લાવે. ૭

સજળ નેત્રે સ્તુતિ ગાતાં, ભૂલે સંસારી સૌ ભાવો,
ધરે દૃઢતા અતિ ઉરે, ડગે ના કષ્ટ સૌ આવો. ૮

ડરે સંસાર-વાસે તે, ગમે જ્ઞાની તણી સેવા;
મરણ તે નિત્ય સંભારે, ચહે નિજ હિત કરી લેવા. ૯

ધરે ઉર તત્ત્વ-વિચારે, ન શંકા અલ્પ પણ ધારે,
તજી ભય સાત આનંદે, થવા નિઃસંગ નિર્ધારે. ૧૦

ઘણી ધાર્યા ધુરંધર તો ખળે ના ક્ષુદ્ર ભાવોમાં;
સફળ નર-જિંદગી કરવા, રમે તે રમ્ય ભાવોમાં. ૧૧

ક્ષણેક્ષણ કામની જાણે, પ્રમાદે ના પળે ગાળે,
સમાગમ સુગુરુનો રાખે, સુગુરુ-આજ્ઞા સદા પાળે. ૧૨

વસંતે આમ્રતરુ ખીલે, નવા સૂૅર કોકિલો તાણે,
સુદર્શનથી જીૅવન પલટે, નવો ભવ આવિયો જાણે. ૧૩

નીૅરખતાં જ્ઞાનીૅને ભવ્યો, સમજતા નિજ શક્તિને,
પ્રગટ આદર્શને યોગે, સહજ લે સાધીૅ મુક્તિને. ૧૪

શિશુ જો સિંહનું હોયે અજા-ગચ્છે છતાં દેખે
બીૅજો કેસરીૅ વને જ્યારે, ખરી નિજ જાતને પેખે. ૧૫

ચહે સંસાર-વૃદ્ધિ જે, નથી દર્શન કર્યાં તેણે,
નથી જ્ઞાની તણી વાણી સુણી, એવું કહ્યું જિને. ૧૬

વચનરૂૅપ લાકડી વાગ્યે ફૂૅટે સંસાર-રસ-ગોળો,
પ્રથમની દોડ છોડી દે, રહે જો ભાવ, તો મોળો; ૧૭

પછી સત્સંગના રંગે ઉદાસીૅનતા વધે જ્યારે,
શરીૅર નારીતણું શબ શું નિહાળે સ્નેહ વણ ત્યારે. ૧૮

ઠરે જ્ઞાની વિના મન ના બીૅજે ક્યાંયે ઘડી વારે,
નિહાળી અલ્પ ગુણ પરના પ્રીૅતિ તેમાં અતિ ધારે. ૧૯

સ્વદોષો અલ્પ પણ ખૂંચે, ચહે તે ટાળવા ખંતે;
ટળ્યે દોષો, પ્રયત્નોને વધારે જ્ઞાનીૅના પંથે. ૨૦

કરે વૈરાગ્યની વૃદ્ધિ, તજે તે દેશ-પંચાતો,
સુણે ના સ્ત્રીકથા રાગે, ન ભોજન-નૃપ તણી વાતો. ૨૧

સદા સદ્ભાવના ભાવે, સુણેલી જ્ઞાનીની વાતો
વિચારે, હેય આદિનો કરી નિર્ણય, સ્વરૂપ ધ્યાતો. ૨૨

સુણી આત્મા, વિચારીને અનુપ્રેક્ષાથી અનુભવતો;
ચૂકે ના જ્ઞાની-આશ્રયને, સ્વહિતનો પંથ ઉર ધરતો. ૨૩

પ્રગટ આ મોક્ષની મૂર્તિ, ખરા ઉપકારી તો જ્ઞાની;
ગણે એવું સદા ચિત્તે, ત્રિરત્ને શોભતા માની. ૨૪

સુદર્શન મોક્ષ દર્શાવે, ખરો તે દેવ, ના દૂરે;
કરાવે સર્વ સંમત તે રહ્યું જે જ્ઞાનીના ઉરે. ૨૫

ગુરુ, સદ્જ્ઞાન, જ્ઞાનીમાં કરાવે એકતા સાચી,
સ્વરૂપે સ્થિરતા દેતું, મનાવે ધર્મ, એ કૂંચી. ૨૬

ઉઘાડે કર્મરૂપ તાળાં, અનાદિથી વસાતાં જે;
જવા દે ના અધોમાર્ગે, વળાવો ઠેઠનો આ છે. ૨૭

ગ્રહો જો હાથ તેનો તો, જરૂર મોક્ષે જવું પડશે,
ચહો કે ના ચહો તોયે, બધાંયે કર્મ-તુષ છડશે. ૨૮

ન સારું સ્વર્ગ એ વિના, સુદર્શન સહ નરકવાસો-
ભલો જ્ઞાની જનો માને; સુણી આ એ જ ઉપાસો. ૨૯

કરુણા, મૈત્રી, સમતાદિ, સુદર્શન સહિત ફળદાતા,
વિના તેના ન *છુટકારો, મીંડાં સૌ એકડો જાતાં. ૩૦

તપો તપ આકરાં તોયે, ભણો સત્શાસ્ત્ર સઘળાંયે,
જીતો યુદ્ધે બધું જગ આ, છતાં ના સત્ય સુખ થાયે. ૩૧

---

* મોક્ષ

કરોડો ઉપકારોથી, કરોડો જીવ-રક્ષાથી,
સુદર્શન માનજો મોટું; બનો તેથી જ મોક્ષાર્થી. ૩૨

બીજું કંઈ શોધ મા, શાણા! ખરા સત્પુરુષને શોધી,
ચરણકમળે બધા ભાવો સમર્પી, પામી લે બોધિ; ૩૩

પછી જો મોક્ષ ના પામે, અમારે આપવો એવું,
ઉતાર્યો માનજે વીમો; કહ્યું છે જ્ઞાનીએ કેવું! ૩૪

મઢી આ મોહની મૂકો, અનાદિ કેદથી છૂટો,
સુદર્શનનાં બધાં અંગો ઉપાસી કર્મને કૂટો. ૩૫

ચઢીને મોક્ષને પંથે મહા આનંદ રસ પામો,
વિસારી સર્વ વિકલ્પો, શમાજો જ્યાં નહીં નામો. ૩૬

☆
☆☆

# ૯૨

# વિભાવ

(રાગ- શા માટે તું સૂઈ રહ્યો છે, અચેત ચેતન પ્રાણી)

★

વિભાવ તજી શ્રી **રાજ**ચંદ્રજી સ્વભાવમગ્ન થયા છે,
તે માટે પ્રણમું ચરણે હું, સૌને ગમી ગયા છે.
તે પદ-પ્રાપ્તિ જે જન ઇચ્છે, તે તો તેને ભજશે,
થઈ લયલીન પરાભક્તિમાં સર્વ વિભાવો તજશે. ૧

કાટ સમાં રે! કર્મો વળગે, શક્તિ-વ્યક્તિ અટકે,
કર્મભાવ-વિભાવે રાચી જીવ ભવોભવ ભટકે.
વૈભાવિક શક્તિ જે જીવમાં કર્મ નિમિત્તે વર્તે,
સિદ્ધ - અવસ્થામાં તે શક્તિ, સ્વભાવરૂપ પ્રવર્તે. ૨

પુદ્‌ગલમાં પણ તેવી શક્તિ, અણુના સ્કંધ રચે તે,
પરમાણુ છૂટાં પડતાં તે, સ્વભાવરૂપે વર્તે;
અગ્નિયોગે જળે ઉષ્ણતા નિમિત્ત-આધીન જાણો,
તેમ નિમિત્તાધીન વિભાવો, વિકારરૂપે માનો. ૩

મદિરા-પાને જ્ઞાન-અવસ્થા વિભાવરૂપ ભજે છે,
તેમ જ મોહ-મદિરા યોગે, સ્વભાવ જીવ તજે છે;
બંધ-હેતુ સામગ્રી મળતાં જીવ સ્વયં અપરાધી,
પરાધીન તદ્રૂપ બને છે, તે જ વિભાવ ઉપાધિ. ૪

વિભાવ મોહ, દ્વેષ, રાગાદિ ભાવકર્મરૂપ ભાખ્યા,
આઠ કર્મનું કારણ બનતાં ભવ-કેદે જીવ રાખ્યા,
આઠ કર્મના ઉદય-નિમિત્તે જીવ વિભાવે વર્તે,
ફરી કર્મ બાંધીને ભટકે, એમ જ ભવ-આવર્તે. ૫

અશુદ્ધતાથી થતી બદ્ધતા, અવિનાભાવી બન્ને;
જીવ, પુદ્‌ગલ વિભાવે વર્તે, રહી[×] સ્વરૂપ અનન્યે.
સુવર્ણ-પારો સાથે ઘૂંટ્યે બન્ને શ્યામ બને છે;
જીવ પુદ્‌ગલ સંયોગે બન્ને સ્વભાવ નિજ તજે છે. ૬

પરગુણરૂપે પરિણમન તે સ્વરૂપ બંધનું સમજો;
એવી પરિણતિ તે જ અશુદ્ધિ, સ્વભાવ ત્યાં જીવ તજતો.
અશુદ્ધતામાં પણ ચિંતવતાં શુદ્ધપણું સમજાશે,
નીચેના દૃષ્ટાંતે વિચારો, શુદ્ધિ સાબિત થાશે. ૭

ચાંદી આદિ સાથે ભળી સોનું ભિન્ન ભિન્ન રૂપ ધારે,
અન્ય ભેળને અવગણી સોની કીમતી કનક વિચારે;
સુવર્ણ વર્ણ અનેક ધરે પણ શુદ્ધ સુવર્ણે દૃષ્ટિ
દેતાં, ભાસે ભેળ શૂન્યવત્, દેખે તેમ સુદૃષ્ટિ. ૮

ક્ષીર-નીરમાંથી ક્ષીર પીતા રાજહંસ ઉર ધારો,
તેમ કર્મ-સંયોગે તોયે આત્મા શુદ્ધ વિચારો;
સાધ્ય અર્થ અવિરોધ રીતથી બતાવતાં દૃષ્ટાંતો
વિચારવાં હિતકારી સર્વે, ભૂલવી વિભાવવાતો. ૯

પદ્મપત્ર જલમગ્ન છતાંયે જલથી ભિન્ન ગણાયે,
અસ્પૃશ્ય જલથી રહેવાનો તેમાં ગુણ જણાયે;
સંસારી જીવ તેમ શરીરે મગ્ન છતાં છે ન્યારો,
જીવ-પુદ્‌ગલના સ્વભાવ જુદા, ત્રણે કાળ ઉર ધારો. ૧૦

મેલું પાણી, મેલ ન પાણી, જો વિચારી જોશો,
પાણી નિર્મળ તે જ દશામાં સમજી, સંશય ખોશો;
તેમ પ્રતીતિ શુદ્ધ જીવની અત્યારે પણ આવે,
સ્વરૂપ વિચારો જીવ-પુદ્‌ગલનું; શુદ્ધિ કોણ છુપાવે? ૧૧

ઇંધન કે છાણાનો અગ્નિ વદે જનો વ્યવહારે;
કાષ્ઠાદિથી અગ્નિ જુદો, જો જીવ સત્ય વિચારે.

× પાઠા૦ રહે

કાષ્ઠ અગ્નિ નહિ, અગ્નિ કાષ્ઠ નહિ; અગ્નિ અગ્નિ દેખો;
તેમ જ દેહ ન દેહી કદીયે; શુદ્ધ જીવ જીવ લેખો. ૧૨

મયૂર દર્પણમાં દેખાયે, સામે આવે ત્યારે;
તોપણ દર્પણ દર્પણ માનો, છાયા જ્યારે ધારે;
તેમ વિભાવદશા જીવ ધારે, પુદ્‌ગલના સંયોગે,
તોપણ તે પરભાવ વિચારી, રહો શુદ્ધ ઉપયોગે. ૧૩

શ્યામ-રક્ત વસ્તુના યોગે સ્ફટિક દીસે તે રંગે,
યથાર્થ જોતાં, યથાર્થ નહિ તે; નિજ ગુણ ના ઓળંગે,
કર્મયોગથી તેમ જ આત્મા બને અનેક પ્રકારે,
ખરી રીતે તો વિભાવ ભાવો ભાસે છે વ્યવહારે. ૧૪

જે જ્ઞાને જન ઘટને જાણે, તે ઘટ-જ્ઞાન ગણાતું;
જ્ઞાન બને ના ઘટ, પટ કદીયે, જ્ઞાન જ જ્ઞાન જણાતું.
ઘટ-આકારે જ્ઞાન બને પણ, ઘટ સમ જડ ના જાણો;
તેમ જીવે રાગાદિ દેખી, મૂળ સ્વરૂપ પ્રમાણો. ૧૫

વાયુ-પ્રેરિત સાગર ઊછળે, એ સંબંધ અનાદિ,
તોપણ પવન, પયોધિ જુદા, નથી એકતા સાધી;
તેમ જીવ પુદ્‌ગલના સંગે, વિવિધ અવસ્થા ધારે,
તોય અભિન્ન બને નહિ બન્ને, સુજ્ઞ સ્વરૂપ વિચારે. ૧૬

ખારી કાંકરી મીઠાની તો, માત્ર લવણરસવાળી,
વિવિધ શાકમાં ભળતાં રસ દે ભિન્ન ભિન્ન લે ભાળી;
તેમ જ જીવના પુદ્‌ગલ-યોગે થાય અનેક વિકારો,
તોપણ શુદ્ધ સ્વરૂપ રસ લેવા નિશ્ચયનય વિચારો. ૧૭

શુદ્ધિ, અશુદ્ધિ સાપેક્ષિત પદ, તે જ સ્વભાવ, વિભાવો;
એકાન્તે નિશ્ચયનય મિથ્યા, એ પણ ઉરમાં લાવો.
સદ્‌ભૂત નિશ્ચયનય હિતકારી, દિવસ સમાન ગણાયે;
રાત્રિ વિના સંભવ નહિ દિનનો, તેથી અન્ય નય ન્યાયે. ૧૮

☆

# ૯૩

# રસાસ્વાદ

(ભુજંગપ્રયાત છંદ)

★

રસાસ્વાદની જે અખંડિત ધારા,
સદા સેવતા શ્રી ગુરુ **રાજ** મારા;
નમું પ્રેમથી તેમના પાદમાં હું,
કૃપા એ કૃપાળુ કરો એમ માગું. ૧

પરાભક્તિરૂપે રસાસ્વાદ તો ત્યાં,
પરાત્મારૂૅપે લીન આત્મા થતો જ્યાં;
કદી દેહધારી પરાત્મા મળે જો,
કૃપા-બી પરાભક્તિનું લે, કળે તો. ૨

પરાત્મા અને જ્ઞાનીંમાં ભેદ ના કો,
પરાત્મા સ્વરૂપે ગણો જ્ઞાનૉને તો;
ગણે ભેદ તે માર્ગથી દૂર જાણો,
પરાત્મા ગણ્યે ભક્તિ ઊગે પ્રમાણો. ૩

થતાં જ્ઞાનૉના સૌ ચરિત્રે સુલક્ષ,
અને ઐક્ય પામ્યે બને એક લક્ષ્ય;
પરાત્મા વિરાજે ઉરે જ્ઞાનૉને જે,
અજાણ્યા રહે ના, પરાભક્તિ છે તે. ૪

નમસ્કાર-મંત્રે અરિહંત આદ્ય,
પછી સિદ્ધ આવે; સદેહી સુસાધ્ય;
ઊૅગે ભક્તિ એથી પરાત્મા પમાય;
ગણો જ્ઞાનૉને મોક્ષ-મૂર્તિ સદાય. ૫

નમસ્કાર આદિથી ભક્તિ જગાવો,
પરાભક્તિના અંત સુધી લગાવો;
રસાસ્વાદ-વૃદ્ધિ અખંડિત ચાખો,
મનોવૃત્તિ એકાગ્ર જો ત્યાં જ રાખો. ૬

મળે મોક્ષ જો જ્ઞાનીના આશ્રયે તો,
બધાં સાધનો થાય સુલભ્ય એ તો-
સ્વયંસિદ્ધ જાણો, કહ્યું જ્ઞાનીએ એ;
કળિકાળ જાણી રહો સત્સમીપે. ૭

ન સત્સંગ-સામીપ્ય, લ્યો આશરો એ;
અસત્સંગ અત્યંત ત્યાગ્યા કરો રે;
સ્વહિતે પ્રવર્તે, મુમુક્ષુ થયો જે,
અખંડિત આ જ્ઞાનીના નિશ્ચયો છે. ૮

વિકલ્પો રહે ના, ઘણી સત્ય ધાર્યે,
રહે વર્તવું એક આજ્ઞાનુસારે,
ભૂલે સર્વ સંસાર ને વાસનાઓ,
ટળે દેહ-અધ્યાસ ને કલ્પનાઓ. ૯

મહાનંદ એ ભક્તિ-યોગે ઝરે જે,
રસાસ્વાદ તેનો સુભક્તો કરે છે;
કર્યે વાત મિષ્ટાન્નની, ના ધરાઓ;
ચહો, ભ્રાત, એ સુખ તો જાગી જાઓ. ૧૦

"અહો! આમ આવો, અહો! આમ આવો,"
કહે સંત સાચા, "બધા સુખી થાઓ!
બધા જન્મ રે! દેહ કાજે ગુમાવ્યા,
દયા કેમ ના જીવની અલ્પ લાવ્યા? ૧૧

અરે! વ્યર્થ કોલાહલોથી હઠીને,
ધરો ઉરમાં કાળજી આ કથી તે;

સુસંતો તણા આશયે ઉર ધારો,
રહેલો સ્વદેહે સ્વ-આત્મા વિચારો. ૧૨

પ્રકાશે ભૂમિને શશી શ્વેત તેજે,
ન ભૂમિરૂપે કોઈ કાળે બને તે;
સદા ભિન્ન છે વિશ્વથી તેમ પોતે;
પ્રકાશે બધાને, ન તેવો થતો તે. ૧૩

નભે વિશ્વનો વાસ તોયે અસંગી,
બધાં દ્રવ્યથી ભિન્ન આત્મા અનંગી.
અનુત્પન્ન આત્મા મરે કેવી રીતે?
સદા આત્મ-સુખે વસે સિદ્ધ નિત્યે. ૧૪

અહો! એવી ઉત્કૃષ્ટ શાંતિ વિષે જે,
અખંડિત લક્ષે સદા ઉલ્લસે છે,
નમસ્કારને યોગ્ય સંતો સદા તે,
રસાસ્વાદ આત્મા તણો ચાખતા તે. ૧૫

ધરો શક્તિ એવી તમે સર્વ ભાઈ,
રહ્યા ઊંઘમાં ભાન ભૂલી છુપાઈ;
ગણો છો સુખી શિર ઉપાધિ ધારી,
ધરાતા નથી, ભાર લ્યો છો વધારી. ૧૬

વધુ મેળવીને થવા સુખી માગે,
ભિખારી જ રાજાધિરાજા ય લાગે;
અહો! જ્ઞાનીએ માર્ગ જુદો જ જોયો;
'ગ્રહો કાંઈ તો સુખનો માર્ગ ખોયો.' ૧૭

સ્વ-આત્મા અહો! દેહ આદિથી ભિન્ન,
સદા જ્યોતિ રૂપે પ્રકાશે સ્વ-અન્ય;
સુ-ગુરુથી જાણી સ્વરૂપે સુમગ્ન,
રહો તો રસાસ્વાદ ચાખો, સુવિજ્ઞ.''૧૮

☆

# ૯૪
# અહિંસા અને સ્વચ્છંદતા

(દોહરા)

★

સર્વ ધર્મનું બીજ જે, ધારે ઉર ગંભીર,
**રાજ**ચંદ્ર-પદ તે નમું, સત્ય અહિંસક વીર. ૧

રાગાદિક દૂર થાય ત્યાં ખરી અહિંસા ધાર,
રાગાદિ પ્રગટાવતાં, હિંસા-સ્વરૂપ વિચાર. ૨

દ્રવ્યભાવરૂપ પ્રાણની, કષાય-યોગે ઘાત,
હિંસા કહીં સત્શાસ્ત્રમાં, અધર્મ એ સાક્ષાત. ૩

રાગાદિ આવેશ વણ સાવધાનતા હોય,
પ્રાણ-ઘાત પ્રત્યક્ષ હો, થતી ન હિંસા તો ય. ૪

રાગાદિક વશ વર્તતાં, પ્રમાદ જ્યાં સેવાય,
પ્રાણઘાત હો કે ન હો, જરૂર હિંસા થાય. ૫

આત્મઘાત પોતે કરે, કષાયનો કરનાર;
મરવું-જીવવું અન્યનું કર્માધીન બનનાર. ૬

હિંસાથી ના વિરમવું, પર હિંસા-પરિણામ,
પર હિંસાના ભેદ બે; પ્રમત્તતાનું ધામ. ૭

પરને લઈને અલ્પ પણ હિંસા નથી, વિચાર;
પણ પરિણામ ભલાં થવા, હિંસા-હેતુ નિવાર. ૮

નિશ્ચયને સમજે નહીં, નિશ્ચય ખેંચે બાળ;
સદ્‌વર્તનને ત્યાગતો, ક્રિયા-પ્રમાદી, ભાળ. ૯

'રાખું નિર્મળ ભાવ હું, વર્તન બાહ્ય ગણાય,'
વદે સ્વ-છંદે વર્તતાં, મોહે ઘણા તણાય. ૧૦

હિંસા, હિંસક, હિંસ્ય ને હિંસા-ફળનું તત્ત્વ
જાણી સંવર સાધવો, હિંસામાં ન મહત્ત્વ.* ૧૧

મોક્ષમાર્ગ-અજ્ઞાતને સમજ ન સર્વ પ્રકાર;
સર્વ અપેક્ષા સમજતા સદ્‌ગુરુ-શરણ વિચાર. ૧૨

એકાન્તે નિશ્ચય નયે માની આત્મા શુદ્ધ,
ઘણાય દુર્ગતિ સાધતા, મોહે રહી અબુદ્ધ. ૧૩

કહે, "જીવ મરતો નથી, માનો સાચી વાત;
વ્યવહારે શાસ્ત્રે દયા, માત્ર બંધ-પંચાત."૧૪

બંધદશા સમજે નહીં, તે શાથી મુકાય?
ભૂખ્યું પેટ ભલે રહે, શાને ખાવા જાય? ૧૫

મરણ વખતની વેદના જીવને કેવી થાય?
તેનો ખ્યાલ કરી જુઓ, તો હિંસા સમજાય. ૧૬

જે અજ્ઞાની જીવને દેહ ઉપર છે પ્રેમ,
તેને કચરી મારતાં હઠે ન સમજું કેમ? ૧૭

નથી આજ્ઞા ભગવંતની : 'વર્તો ફાવે તેમ';
પણ યત્નાથી વર્તતાં, પામો કુશળ-ક્ષેમ. ૧૮

સર્વ અધૂરા ધર્મના શોધો જો સિદ્ધાંત,
ન અહિંસા-હિંસા ઘટે, માને સૌ એકાંત—૧૯

---

* પાઠા૦ જાણી હિંસા સૌ તજો, યથાશક્તિ અપ્રમત્ત.

નાસ્તિક-મતિ એવું વદે : ''દેહ, જીવ તો એક;
જીૅવ નથીૅ, તો હિંસા નથી'' ત્યાં શાનો વિવેક? ૨૦

બ્રહ્મ એક જો વિશ્વરૂૅપ, નિત્ય; ન કદી હણાય;
સાધુ અહિંસા આદરે, સાર્થક કેમ ગણાય? ૨૧

તદ્દન તનથી ભિન્ન જીૅવ, એવો મત ધરનાર,
માંસાદિક ભક્ષણ કરે, નહિ હિંસા ગણનાર. ૨૨

આત્મા સદા અસંગ જે નભ સમ ગણે કૂૅટસ્થ,
પરિણામી માને નહીં; નહિ હિંસા-દોષસ્થ. ૨૩

સ્વયં ક્ષણ ક્ષણ જીૅવ મરે, એમ ગણે વળીૅ કોય;
મરતો મારે શી રીૅતે? હિંસા ત્યાં શી હોય? ૨૪

ખરી શૈલીૅ સ્યાદ્‌વાદ જો, આત્મા નિત્ય-અનિત્ય,
કાય-વિયોગે વેદના, હિંસા-હેતુ સત્ય. ૨૫

જીૅવ-વધ કષાય-હેતુ તે, આત્મઘાતરૂૅપ જાણ,
મંદ કષાયે જીૅવ બચે, નિજ રક્ષા તે માન. ૨૬

દેવ, અતિથિ શ્રાદ્ધ કે ઔષધ આદિ કાજ
હિંસા કરનારો ગ્રહે નરકે જતું જહાજ; ૨૭

તો જિહ્વા-લોલુપતા, યુદ્ધ-ગૃદ્ધતા, દ્વેષ
જીૅવ-વધનાં કારણ, અરે! દે કદીૅયે સુખ-લેશ? ૨૮

મૂઢ જનો વળીૅ માનતા : હિંસક સિંહાદિક
માર્યાથી બહુ જીૅવ બચે, હણતાં ધર્મ અધિક. ૨૯

એ ન્યાયે હિંસક બધા, હણવા યોગ્ય ગણાય;
માણસ પણ હિંસક ઘણા, સૌને કેમ હણાય? ૩૦

દુઃખે રિબાતા જીૅવો, માર્યે છૂટી જાય,
દયાળુ ના દેખી ખમે, એવાં દુઃખ જરાય. ૩૧

અવિચારી એવું ગણી જીૅવ-વધમાં પ્રેરાય,
માર્યાથી સુખ જીવને થશે, માત્ર કલ્પાય. ૩૨

નરક-કૂૅપે જીૅવ જો પડે, અધિક દુઃખી થાય,
અજ્ઞાની જીૅવને અરે! ક્યાંથી તે સમજાય? ૩૩

તરસી પાડી કૂૅપ-તટે જીૅભ કાઢી રિબાય,
ડોસી જળ ભરવા ગઈ, આણી હૃદય દયા ય—૩૪

પાડી પાડી કૂપમાં ધક્કો દઈ, હરખાય;
અજ્ઞાનીની એ દયા, પ્રાણ - હરણ - ઉપાય. ૩૫

પૂર્વાપર વિરુદ્ધ જે મિથ્યા વચન-વિચાર,
માન્યાથી મુક્તિ નથી; સદ્‌ગુરુ-આશ્રય સાર. ૩૬

☆
☆☆

# ૯૫
# અલ્પ શિથિલપણાથી મહા દોષના જન્મ

(વામાનંદન હો પ્રાણ થકી છો પ્યારા—એ રાગ)

★

**દે**વાનંદન હો **રા**જચંદ્ર પ્રભુ પ્યારા,
આ કળિકાળે હો અમને ઉદ્ધરનારા.

વંદન-વિધિ ના જાણું તો યે, ચરણે આવી વળગું;
અચળ ચરણનો આશ્રય આપો, મન રાખું ના અળગું.
દેવાનંદન હો રાજચંદ્ર પ્રભુ પ્યારા.

અહો! શિખામણ આપે આપી, સદા સ્વરૂપ ભજવાની,
અલ્પ શિથિલપણું પણ ત્યાગી, ટંકોત્કીર્ણ થવાની. દેવા૦

(૧)

લઘુશંકા સમ અલ્પ દોષથી ભવભ્રમણ અનુભવીને,
દુષ્ટ દોષ ઉઘાડો પાડ્યો, અનહદ દયા કરી એ. દેવા૦

"પ્રમાદમાં શું પડ્યા રહ્યા છો! અમૂલ્ય અવસર ભાળો,
વર્તમાનમાં માર્ગ અરે! આ અનેક કંટકવાળો. દેવા૦

ખસેડતાં કાંટા પરિશ્રમથી અમને થાક ચડે જે,
અંતર-આત્મા કે પ્રભુ જાણે; અનુસરતાં ન નડે એ. દેવા૦

વર્તમાનમાં જ્ઞાની હોત તો, કેડ ન છોડત તેની,
છેલ્લો શિષ્ય હતો **વી**રપ્રભુનો, સ્મૃતિ સુખદ છે એની. દેવા૦

અલ્પ શિથિલતાથી ભવ ભટક્યો, કોઈ શિથિલ ના થાશો,
નાનું છિદ્ર જહાજે પડતાં, ભર દરિયે ડૂબી જાશો. દેવા૦

'સમય માત્ર પ્રમાદ ન કરવો' કહ્યું, ન કાઢી નાખો,
રે! અત્યંત પ્રમાદ છતાંયે, કેમ ન કાળજી રાખો? દેવા૦

માત્ર જાગ્રત કરવા કહું હું, માટે જાગો, જાગો!
આખો લોક બળે છે દુઃખે, ચેતી ભાગો, ભાગો! દેવા૦

અલ્પ અરે! અગ્નિ સંઘરતાં કોઈ ન શાંતિ પામે,
સકલ વિશ્વને બાળી દે તે [1]શિથિલપણાને નામે.''દેવા૦

**(૨)**

**ધર્મઘોષ** નામે મંત્રીશ્વર, નાશવંત સૌ જાણી,
દીક્ષા લઈને ઉત્તમ પાળે, લોકે અતિ વખાણી. દેવા૦

વિહાર કરતા **વાસ્તકપુર**માં ધર્મઘોષ મુનિ આવ્યા,
**વાસ્તક**-મંત્રીની પત્નીએ દાનાર્થે બોલાવ્યા. દેવા૦

મધુમિશ્રિત ખીર દેવા જાતાં, મુનિ અયોગ્ય ગણી તે,
પાછા વળિયા, ભિક્ષા તજીને; ગોખે દીઠું ધણીએ. દેવા૦

વાસ્તક-મંત્રી નવાઈ પામ્યા, વિચાર કરવા લાગ્યા,
કેમ મુનિ આહાર લીધા વણ, પાછા તુર્ત જ ભાગ્યા? દેવા૦

ટપકેલું મધુ-બિંદુ દીઠું, જમીન પર જ્યાં જુએ;
માખી બણબણતી બહુ ભાળી, ઘરોળીનું બચ્ચું યે– દેવા૦

આવી અચાનક માખી ખાતું, આવે ત્યાં કાચંડો;
સિંહ સમો પકડી બચ્ચાને મારી ખાવા મંડ્યો. દેવા૦

આવી બિલાડી તેને પકડે, ત્યાં દોડ્યો જાફરિયો,
આવેલા મે'માન તણો એ હતો કૂતરો બળિયો. દેવા૦

શ્વાન મંત્રીનો તેની સાથે, બાઝ્યો લડવા દોડી,
પોતાના કૂતરાના પક્ષે, લડ્યા દાસ શિર ફોડી. દેવા૦

---

૧ પાઠા૦ શીતળપણાને

વાસ્તક-મંત્રી ચિંતવતો ત્યાં: દીર્ઘદૃષ્ટિ મુનિ કેવા!
કરુણા કાજે ભિક્ષા ત્યાગે, ધન્ય ધન્ય મુનિ એવા. દેવા૦

મંત્રી લીન થયા વિચારે, ગતભવ-સ્મરણે જાગ્યા,
સ્વયંબુદ્ધ થયા કેવળી ત્યાં, દેવો પૂજવા લાગ્યા. દેવા૦

મધુ-બિંદુસમ અલ્પ શિથિલતા, યુદ્ધ ભયંકર ભાળી,
વિચારવાન જીવો મંત્રી સમ, દે સૌ દોષો ટાળી. દેવા૦

**(૩)**

માયા-મંડપ **મ**યદાનવ-કૃત, સ્થળ-જળ એક જણાવે,
**દુ**ર્યોધન જળને સ્થળ જાણી, પટકુળ નિજ ભીંજાવે. દેવા૦

દ્રૌપદી યૌવન-મદમાં ભૂલી, સહજ હાસ્ય-સહ બોલી:
"અંધ પિતાના પુત્રો અંધા," વગર વિચાર્યે, ભોળી. દેવા૦

દુર્યોધન-ઉર વૈર વસ્યું તો, દ્રૌપદી દ્યુતે જીતી;
ભરી સભામાં માસિક-કાળે, ચીર તાણ્યાં; શી વીતી! દેવા૦

**ભી**મે દુર્યોધન હણવાની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી,
મહાભારતીય યુદ્ધે હિંસા અકથ્ય હાસ્યે કીધી. દેવા૦

**(૪)**

**ને**પોલિયન-જીવન વળી જોજો, મહાપ્રતાપી શૂરો,
યુદ્ધો સર્વે ધાર્યાં જીત્યો, બુદ્ધિમાં પણ પૂરો. દેવા૦

કૂચ કરે નિજ સૈન્ય મોખરે જરા વાર તે સૂતો,
છેલ્લા સૈનિકને દઈ હુકમ જગાડવા, તે ચૂક્યો. દેવા૦

વખતસર પહોંચી ના શકતાં, અંતિમ યુદ્ધે ખોયું
મહારાજ્ય લગભગ યુરપનું; અલ્પ ઊંઘ-ફળ જોયું? દેવા૦

**(૫)**

[૧]**મ**હાવીર - જીવનમાં જુઓ, ચક્રવર્તી - સુત - સુખો
ત્યાગે **ઋ**ષભપ્રભુના સંગે, ખમવા ભારે દુઃખો. દેવા૦

---

૧ મરીચિના ભવમાં

અલ્પ વચન ઉત્સૂત્ર કહ્યાથી, બહુ ભવ ઊભા કીધા,
અલ્પ શિથિલતાનાં ભારે ફળ, દીર્ઘ-કાળ લગી લીધાં. દેવા૦

**(૬)**

રાજા એક થયો બહુ માંદો, મટ્યું રસાયણ ખાધે,
'કેરી કદી ખાશો નહિ, નહિ તો તુર્ત મરણ તે સાધે.' દેવા૦

એવી આકરી [૧]કરી બતાવી; રાજા રાજ્ય બધામાં
આંબાનાં સૌ ઝાડ કપાવે, જાણી સર્વ નકામાં. દેવા૦

ગયો શિકારે જંગલમાં ત્યાં, આંબો સુંદર ભાળી,
'છાયાથી ના ઝેર ચઢે' કહી ત્યાં જ બપોરી ગાળી. દેવા૦

વૃક્ષ ઉપરથી સાખ પડી તે, સૂંઘી કરમાં ઝાલી,
'ખાઈશ નહિ હું' કહી, કરીને ચીરીઓ સહુને આલી. દેવા૦

'રહ્યો ગોટલો, આ નથી કેરી' ગણી મોંમાં જ્યાં મૂક્યો,
મૂર્છા પામી દેહ તજે તે; શિથિલ મને નૃપ ચૂક્યો. દેવા૦

**(૭)**

એરંડા-ડાળે કરી મંડપ, તરણે તરણે ઢાંકે,
ક્ષણે ક્ષણે તરણું ઉમેરે, છેલ્લે તરણે ભાંગે.* દેવા૦

તેમ અતિ અતિચારો સેવે નજીવા, જીવ પ્રમાદે,
મહાવ્રતો પણ ભાંગે કદી તો દુર્ગતિ-પથ તે સાધે.
દેવાનંદન હો રાજચંદ્ર પ્રભુ પ્યારા,
આ કળિકાળે હો અમને ઉદ્ધરનારા.

☆
☆☆

---

૧ ચરી.

* "It's the last straw that breaks the camel's back."—Proverb.

# ૯૬
# પારમાર્થિક સત્ય

(રાગ ધનાશ્રી-ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે)

★

સદ્‌ગુરુના ગુણ તો ઘણા, સ્મરું પારમાર્થિક સત્ય રે,
વંદન કરી ફરી ફરી કહું, મારે તો એની અગત્ય રે.
સદ્‌ગુરુના ગુણ તો ઘણા.

વસ્તુસ્વરૂપ યથાર્થ જે જાણી, અનુભવી બોલે રે,
સત્ય ગણ્યું તે બોલવું; સત્ય બ્રહ્મ-રત્ન ખોલે રે. સદ્‌ગુરુના૦

બે ભેદે તે જાણવું: એક તો સત્ય વ્યવહારે રે,
બીજું સત્ય પરમાર્થથી; આત્માર્થી તે અવધારે રે. સદ્‌ગુરુના૦

પારમાર્થિક હવે કહું, જ્ઞાનીનાં વચન વિચારી રે,
આત્માની આત્મા વિના કોઈ વસ્તુ ન થનારી રે. સદ્‌ગુરુના૦

નિશ્ચય એવું જાણી જે, ભાષા બોલે વ્યવહારે રે,
સ્ત્રી, પુત્ર, દેહાદિ વિષે અન્યત્વ નિરંતર ધારે રે. સદ્‌ગુરુના૦

બીજું કશું આત્મા વિના મારું નથી વિશ્વમાંહી રે,
એ ઉપયોગ રહે સદા બોલ્યા પહેલાં કાંઈ રે. સદ્‌ગુરુના૦

અન્ય સંબંધી બોલતાં, અન્યનો જીવ ન કાયા રે,
જાતિ, વેષ, આભૂષણો દેખે, લેખે માયા રે. સદ્‌ગુરુના૦

વ્યવહારનયથી તે વિષે ઉપચારે વર્ણન થાયે રે,
એવા ઉપયોગે વદ્યે, પરમાર્થે સત્ય ગણાયે રે. સદ્ગુરુના૦

સૌ આરોપિત વસ્તુ જે દેહ, સ્ત્રી, પુત્રાદિ વિષે રે,
વાત કરે પણ જાણતો ભિન્ન સ્વરૂપ ઉર દીસે રે. સદ્ગુરુના૦

મારાં નથી એ માનતો ભાન સહિત કહે કોઈ રે,
તો પરમાર્થે સત્ય તે; ભાષાસમિતિ લે જોઈ રે. સદ્ગુરુના૦

ગ્રંથ વિષે વળી વર્ણવે **શ્રે**ણિક, **ચે**લણારાણી રે,
બન્ને આત્મા તે હતા, ભવ-કર્મ અન્ય પ્રમાણી રે. સદ્ગુરુના૦

સંયોગો સૌ જુદા ગણી વર્ણવે, લખે વ્યવહારે રે,
તો પરમાર્થે સત્ય તે; સુદૃષ્ટિ એ આશય ધારે રે, સદ્ગુરુના૦

સમ્યગ્દૃષ્ટિ થયા પછી, અભ્યાસે બોલી શકાતું રે,
પરમાર્થ સત્ય સ્વરૂપ આ, પછીથી સહજ થઈ જાતું રે. સદ્ગુરુના૦

પછી ઉપયોગ રહ્યા કરે, વિશેષ અભ્યાસ સેવ્યે રે.
વ્યવહારથી ય સત્ય જે બોલવું મૂકે નેવે રે—સદ્ગુરુના૦

તેને બને ન બોલવું પરમાર્થ સત્યનું કાંઈ રે;
તેથી હવે વ્યવહારની વાત અલ્પ કહી આંહીં રે. સદ્ગુરુના૦

જેવી રીતે વસ્તુને જોઈ, વાંચી, અનુભવી, સુણી રે,
તેવી રીતે જ જણાવતા, બોલે વાણી સદ્ગુણી રે. સદ્ગુરુના૦

વ્યવહારે તે સત્ય છે; દૃષ્ટાંત તેનું ય આ છે રે—
અશ્વ બપોરે બાગમાં લાલ દીઠો જો આજે રે, સદ્ગુરુના૦

તેવું જ યથાર્થ બોલવું, પૂછે જો કોઈ આવી રે;
સ્વાર્થ વા ભીતિ કારણે વદે ન સત્ય છુપાવી રે. સદ્ગુરુના૦

વ્યવહારસત્ય તેને કહ્યું : તેમાં પણ આમ વિચારો રે,
જીવ-વધ હેતુ જો હશે, વા ઉન્મત્તતાથી લવારો રે—સદ્ગુરુના૦

સત્ય છતાં ય અસત્ય તે, આ હૃદયે દૃઢ ધારો રે,
સ્વ-પરની હિંસા સાધતું સત્ય ન હોય વિચારો રે. સદ્ગુરુના૦

દ્વેષ-રાગ-અજ્ઞાનથી જ્યાં જીવ વચન ઉચ્ચારે રે,
ત્યાં હિંસા નિજ જાણવી, સ્વરૂપ શુદ્ધ વિસારે રે. સદ્ગુરુના૦

પોતે પોતાનો અરિ અરે! વાત ખરી, સ્વીકારો રે,
દુઃખદ મુખ્યે મોહ છે, તેને વિચારી નિવારો રે. સદ્ગુરુના૦

'મુનિ' એ નામ જ સૂચવે—મૌન જ, બોલે તોયે રે;
પૂર્વોક્ત રીતે વિચારીને બોલે પણ 'મુનિપણું' હોયે રે. સદ્ગુરુના૦

ઉત્તમ મૌન ગણ્યું છતાં, સત્ય તો તેથી ય સારું રે,
પ્રિય વચન તેથી ચઢે, રે! બ્રહ્મ-વચન તો ન્યારું રે. સદ્ગુરુના૦

મૌન મહાત્મા સૌ રહ્યા તીર્થંકર એ જ વિચારે રે;
વર્ષો સાડા બાર જો, મૌન મહાવીર ધારે રે. સદ્ગુરુના૦

રાગાદિક રહિત તે પ્રભુ વસ્તુ યથાર્થ જણાવે રે,
તોપણ મૌન ગણાય તે, મુનિપણું અખંડ ટકાવે રે. સદ્ગુરુના૦

અતિ ઉત્કૃષ્ટ વિચારથી ફરી ફરી વિચારી રે,
ટાળી મોહનીય કર્મનો સંબંધ, સ્થિરતા ધારી રે. સદ્ગુરુના૦

કેવળ દર્શન-જ્ઞાન તે અંતે અહો! ઉપજાવે રે,
પરમાર્થ સત્યરૂપ દેશના દેતા ભવ્યોને ભાવે રે. સદ્ગુરુના૦

આત્મા જો ધારે બોલવા સત્ય, નથી એ ભારે રે,
ભાષા સત્ય ઘણાખરા બોલે સજ્જન વ્યવહારે રે. સદ્ગુરુના૦

પરમાર્થથી સત્ય તો નથી હજી સુધી ય બોલાયું રે,
ભવે ભ્રમણ તેથી ટક્યું; હજી નથી મમત્વ ભુલાયું રે. સદ્ગુરુના૦

માયાના પાયા ગણો અસત્ય વચન-પ્રપંચો રે,
વિશ્વાસ-ઘાત કરે અરે! વળી ખોટા દસ્તાવેજો રે. સદ્ગુરુના૦

માનાર્થે તપ આદરે, દર્શાવે આત્મ-હિતાર્થે રે,
એ સૌ અસત્યમાં ગણો, કદી ન ગણાય આત્માર્થે રે. સદ્‌ગુરુના૦

અખંડ સમ્યગ્દર્શને સંપૂર્ણ બોલી શકાતા રે
પરમાર્થ-સત્ય-શબ્દ સૌ અસંગતા સમજાતાં રે. સદ્‌ગુરુના૦

ભિન્નપણે ઉપયોગની જાગૃતિસહ ઉચ્ચારે રે,
પરપદાર્થના શબ્દ, તો પરમાર્થ સત્ય આકારે રે. સદ્‌ગુરુના૦

મુનિ અને ઉપાસકો પરમાર્થસત્યના લક્ષે રે,
મહાવ્રતી કે દેશથી વ્રતી છે વ્યવહારનય પક્ષે રે. સદ્‌ગુરુના૦

સત્ય વિષે ઉપદેશ આ, સૌ વારંવાર વિચારો રે,
યથાશક્તિએ તે ક્રમે નરભવ-સાર્થકતા ધારો રે. સદ્‌ગુરુના૦

☆
☆☆

# ૯૭

# આત્મ-ભાવના

(છંદ-આખ્યાનકી વા ભદ્રાવૃત્ત : ઉપજાતિનો ભેદ)

★

શ્રી **રાજચંદ્ર** પ્રભુ-પાદ વંદું,
અનાથ(મુમુક્ષુ)ના જે પરમાર્થ-બંધુ;
આ યુગમાં જે પ્રગટાવનારા,
યથાર્થ શુદ્ધાત્મ-વિચાર-ધારા. ૧

સંતાન જે મોહ-મલિનતાનાં,
કષાય-અજ્ઞાન હવે જવાનાં;
ચૈતન્યમૂર્તિ પ્રભુ શુદ્ધતાની,
રહે ઉરે તો ભ્રાંતિ હોય શાની? ૨

આત્મ-સ્વભાવે ન વિકલ્પ કોઈ,
વિભાવથી ભિન્ન, સુખી, અમોહી,
×નિર્બંધ, અસ્પૃષ્ટ, અનન્ય ભાળો,
સદાય આત્મા સ્થિરતા જ વાળો. ૩

સંયોગ ના મોહ - મલિનતાનો,
રહે અસંયુક્તપણે, પ્રમાણો;
દૃષ્ટાંત અંબુજ-જળે વિચારું,
ન બંધ કે સ્પર્શ, જળે ય ન્યારું. ૪

દેખાય નિત્યે જળમાં રહેલું,
સદાય કોરું રવિ-તેજ-ઘેલું;

---

× અબદ્ધ

માટી તણાં વાસણ ભિન્ન તો યે,
દરેક છે માટી રૂપે જ જો એ. ૫

આદ્યંત-મધ્યે કદી માટી વિના,
રહે નહીં, દૃષ્ટિ ગણો નવી ના;
વારિધિ મોજાંથી જણાય ક્ષુબ્ધ,
અનિલ-યોગે, ન વિચાર-સિદ્ધ. ૬

ગોળે રહેલું જળ શાંત નિત્યે,
સહાય વિના સ્વરૂપે રહે તે;
આકાર સોનું ધરતું ઘણાયે,
ન કોઈ આકાર રૂપે સદાયે. ૭

સામાન્યતા સર્વ વિષે જ સાચી,
રહો ન તત્કાળ-રૂપે ય રાચી;
વિરોધી અગ્નિ-જળના સ્વભાવો,
ઊના જળે એક, ન ચિત્ત લાવો. ૮

પાણી પડે ઉષ્ણ છતાં ય લાળા
બુઝાઈ જાતા નજરે નિહાળ્યા;
તેવી રીતે સર્વ વિશેષણો એ;
સદાય આત્મા સ્વરૂપે ગણ્યો છે. ૯

જેવા થવું હોય, સદાય તેવો,
વિચાર-અભ્યાસ અનન્ય સેવો;
દેહાદિ-ચિંતા-ફળ દેહ ભાળો,
સ્વરૂપ-સંગે પરમાત્મતા લ્યો. ૧૦

જ્ઞાનાદિ ગુણે પરિપૂર્ણ હું તો,
સદા અરૂપી સુવિશુદ્ધ છું, જો;
ના અન્ય મારું પરમાણુ માત્ર,
ઠગાય સર્વે ગણી નિજ ગાત્ર. ૧૧

હું શુદ્ધ જ્ઞાની મમતા રહિત,
સુ-દર્શને પૂર્ણ, સમાધિ-ચિત્ત;
તેમાં રહી સ્થિર, બધાંય કર્મ—
હણી, લઉં હું શિવ-ધામ-શર્મ. ૧૨

જો પીંપળે લાખ સમાન કર્મો,
નિબદ્ધ ઘાતે જીવ—શુદ્ધ ધર્મો;
ચૈતન્ય છે ધ્રુવ વધે-ઘટે આ,
મૃગી તણા વેગ સમાન લેખ્યાં. ૧૩

કર્મો ક્રમે થાય, જતાં જણાય,
શીતાદિ પેઠે જ્વરમાં મનાય;
આત્મા સ્વયં નિત્ય રહે ત્રિકાળ,
અચૂક વિજ્ઞાનરૂપે નિહાળ. ૧૪

આત્મા સ્વયંરક્ષિત નિત્ય જાણો,
અનાથ કર્મો ન ટકે પ્રમાણો;
રોકાય ના કાળ કદાપિ જેમ,
ખરી જતાં કર્મ અરોક તેમ. ૧૫

આકુળતાપૂર્ણ, અસુખ-ધામ,
સ્વભાવ કર્મોદયનો પ્રમાણ;
આત્મા નિરાકુલ સદા વિચારો,
અપાર સુખે પરિપૂર્ણ ધારો. ૧૬

આગામી કાળે ફળદાયી કર્મો,
ધરે ઉરે ગર્ભિત દુઃખ-ધર્મો;
આત્મા નથી પુદ્‌ગલ-ભાવ-હેતુ,
અદુઃખકારી, ભવ-અંબુ-સેતુ. ૧૭

આવા વિચારે જીવ ભેદ-જ્ઞાને,
શિથિલ કર્મોદયથી પિછાને—

ચૈતન્ય-ભાનુ, ખસતાં કુકર્મો;
અમાપ તેજે પ્રગટે સ્વધર્મો. ૧૮

હું મુક્ત સર્વે પરભાવથી છું,
અસંગ છું દ્રવ્યથી એકલો હું,
ક્ષેત્રે અસંખ્યાત ધરું પ્રદેશો,
સ્વદેહ-વ્યાપી અવગાહના શો. ૧૯

કાળે સ્વપર્યાય પરિણમંતો,
અજન્મ ને શાશ્વત-ધર્મ-વંતો
છું શુદ્ધ ચૈતન્ય, વિકલ્પ-હીન,
સ્વ-ભાવ-દ્રષ્ટા જ, વિજ્ઞાનલીન. ૨૦

જ્ઞાની ક્રમે આત્મ-વિચાર અર્થે
કહે શરીરે નિજ ભાવ વર્તે,
ત્યાંથી ક્રમે પ્રાણ નિજાત્મ ધારો,
પછી ગણો ઇન્દ્રિયના પ્રચારો. ૨૧

ઇન્દ્રિયથી આગળ ચિત્ત-વૃત્તિ,
વિકલ્પ - સંકલ્પ તરંગ - મૂર્તિ;
અંતે સ્થિર જ્ઞાનની ભાવનામાં,
ન અન્ય આલંબન એકતામાં. ૨૨

વાણી અને કાય સ-ઉપયોગે
યમે રમે જો સ્થિરતા-પ્રયોગે,
સમ્યક્ત્વ ધારી જીૅવ આત્મ-અર્થે
પ્રશાંત આત્મા કરવા પ્રવર્તે. ૨૩

વિકલ્પ સૌ જ્ઞેય તણા વિસાર્યે,
બને રહેવું અનુભૂતિ-સારે;
આત્મા રહે જ્ઞેયરૂપે જ એક,
અનન્યરૂપે પરિણામ છેક. ૨૪

તેવી દશામાં સ્ફુરી ઊઠતી કો,
અપૂર્વ આનંદ-ઝરા સમી, જો
ઊર્મિ ઉરે; વિસ્મૃત થાય અન્ય,
સ્વરૂપનું ભાન અકથ્ય, ધન્ય! ૨૫

એવો ન આનંદ જરાય ભોગે,
કહ્યો અતીન્દ્રિય મહાજનોએ;
ના એ અનુમાન, ન માત્ર શ્રદ્ધા,
અનુભવે તે સમજે સ્વ-વેત્તા. ૨૬

સમ્યક્ત્વધારી સમજે સ્વભાવ,
વિભાવ તો કર્મ-જનિત ભાવ;
દેહાદિ ના જાણી શકે જરાય,
સ્વરૂપ તે ના કદીયે મનાય. ૨૭

જાણી તજે કર્મ-વિપાક-દોષો,
રહે સ્વભાવે તજી રાગ-રોષો;
રાગાદિ ના તે પરમાણુ માત્ર
ઉરે ધરે ઇષ્ટ રૂપે સુપાત્ર. ૨૮

આત્મા-અનાત્મા પણ ઓળખે ના,
ગણાય સમ્યક્ત્વી વિવેકી તે ના;
જ્ઞાની, મુનિ, કેવળી, શુદ્ધ નામે
ગણાય આત્મા પરમાર્થ માન્યે. ૨૯

તેમાં સ્વભાવે સ્થિતિ ધારનારા
મુનિ ભવાબ્ધિ તરી તારનારા.
રાગાદિથી બંધ, વિરાગતાથી
મુકાય જીવો, જિન સર્વ સાક્ષી. ૩૦

જ્ઞાની ગણે ના પર વસ્તુ મારી,
સ્વ સર્વ આત્મા જ, અસંગ ધારી;

છેદાય તેથી પર વસ્તુ તોયે,
બગાડ મારો ન જરાય હોયે. ૩૧

ભેદાય દેહાદિ ભલે, ભણું ના—
'મને પડે દુઃખ' *મને ગણું ના;
ચોરાઈ જાયે ધન સર્વ તોયે,
'બધું ગયું મુજ' ઉરે ન હોયે. ૩૨

જાઓ બળી સર્વ વિનાશ-પાત્ર,
યથેચ્છ છૂટો પર વસ્તુ માત્ર;
મારું બળે ના પરમાણુ માત્ર,
ન રોમ મારું ફરકાય અત્ર. ૩૩

આત્મા નથી છેદ્ય, અભેદ્ય નિત્ય,
અજન્મ, વૃદ્ધિ-મરણે રહિત;
એવું ગણી ત્યાં રત-ચિત્ત થાઉં,
સ્વભાવ-સંતુષ્ટ બની શમાઉં. ૩૪

તૃપ્તિ સ્વભાવે ધરી ઉર રાખું,
સદા મહા ઉત્તમ સુખ ચાખું.
આધાર આત્મા તણી ભાવનાનો,
ટકાવતાં કેવળજ્ઞાન પામો. ૩૫

જ્ઞાની ધરે ભાવ સદાય એવા,
ઉપાસકે તે ન વિસારી દેવા;
શક્તિ પ્રમાણે સમજી વિચારો,
પરોક્ષ - પ્રત્યક્ષ તણા પ્રકારો. ૩૬

☆
☆☆

---

* મનથી

# ૯૮

# જિન-ભાવના

(વસંતતિલકા વૃત્ત)

★

શ્રી **રાજચંદ્ર**-ચરણે કરીં વંદના હું,
અલ્પજ્ઞ તોય જિન-ભાવ ઉરે ધરું છું;
જોકે કળા ન તરવા તણીં જાણીં તોયે,
નૌકા તણી મદદથી જલધિ તરાયે. ૧

ચારે ગતિ ભટકતાં બહુ થાક લાગ્યો,
પામ્યો અચાનક સુયોગ, વિચાર જાગ્યો :–
હે જીવ! શાંત-રસ-પૂર્ણ વિભુ ભજી લે,
દુઃખો અનંત છૂૅટશે, હિત આ સજી લે. ૨

આર્તિ હરો ત્રિ-જગની જિનનાથ, વંદું,
ક્ષિતિ-તલે અમૅૂલ ભૂષણ, શું પ્રશંસું?
સંપૂર્ણતા વરીં તમે પરમાત્મ-ભાવે;
ઇચ્છું ભવાબ્ધિ-જલ-શોષણ-લાભ આવે. ૩

હે નાથ! મોક્ષ-પથ-નાયક, હાથ ઝાલો,
કર્મો કઠિન ચૅૂરનાર સહાય આલો;
હે વિશ્વ-તત્ત્વ સમજી સમજાવનારા!
ગુણો થજો પ્રગટ વંદનથી અમારા. ૪

આશ્ચર્ય સર્વ ધરતા પ્રભુ, ઉર આવો,
સંપૂર્ણ આત્મ-ગુણ દાસ તણા જગાવો;
આત્માર્થી સર્વ હીન છે, નથી માગવું તે,
શ્રી બોધરૂપ બનવા પ્રભુ, જીવવું છે. ૫

હે મોક્ષ-મૂર્તિ! સહજાત્મરૂપી સુખાબ્ધિ,
સિદ્ધાંત સર્વ ઉર ધારી રહ્યા અરૂપી;
આનંદ-કંદ જગમાં જયવંત વાણી—
આપે કહી, ભવ-દવે બની મેઘ-પાણી. ૬

સંસાર-હેતુ ઘનઘાતી તરુ ઉખેડી,
બંધુ બન્યા સકલ ભવ્ય જીવો જગાડી;
જ્ઞાને ભર્યા પરમ સુખ અનંત ભોગી,
કામે હણાય જગ સર્વ, તમે અભોગી. ૭

દેખો ત્રિલોક, તમને નહિ કોઈ દેખે,
છો હિતકારી જગને, પણ કોક લેખે;
ના જાણિયે હિત-અહિત, ભલા તમે તો
છો બાળ-વૈદ્ય સમ, મંદમતિ અમે તો. ૮

સાચા પુરુષ, પુરુષાર્થ ખરો તમારો,
આધાર એક જગના, અમને ઉગારો;
*નિર્મોહ-જ્ઞાન-નયને ×સઘળું નિહાળો,
ત્રૈલોક્ય-હિત-કરતા, ભવ-દુઃખ ટાળો. ૯

આરાધના-ચતુર બોધ વડે કરાવો,
છોડાવી ચાર ગતિ, પંચમીમાં ઠરાવો;

---

* કેવળજ્ઞાન × લોક-અલોક

ષડ્‌રિપુ-ઘાત* કરવા બળ આપનારા,
સાતે ભયો દૂર કરો દઈ બોધ-ધારા. ૧૦

આઠે ગુણો અકળ સિદ્ધ તણા કળાવો,
ને બ્રહ્મચર્ય નવવિધ વળી પળાવો;
ધર્મો દશે યતિતણા પ્રગટાવી દેતા,
અગ્યાર શ્રાવકતણી પ્રતિમા કહેતા; ૧૧

બારે ય અંગ, વળી તેર કહી ક્રિયા તે,
ચૌદે ય પૂર્વ, ગુણસ્થાન બધાં કહ્યાં જે,
તે માર્ગ પૂર્ણ કરુણા કરતા બતાવો,
ને શુદ્ધ ભાવ ઉરમાં નિશદિન લાવો. ૧૨

સ્તુતિ કરે સુરપતિ પ્રભુજી, તમારી,
સંતોષ, પુણ્ય ઉભયે ઉરમાં વધારી;
જો છત્ર સૂર્ય ભણી કોઈ ધરે બપોરે,
છાયા પડે નિજ શિરે, સુખ-શોખ હોયે. ૧૩

દેતા ન આપ, પણ ભક્તિથી સુખ લાધે,
જે આપથી વિમુખ તે જન દુઃખ સાધે;
આદર્શની નજીક કો ધરતાં પદાર્થ,
સૌંદર્ય કે વિરૂપતા ઝળકે યથાર્થ. ૧૪

મોટાઈ આપની અકિંચન તોય કેવી?
શ્રીમંત આપી ન શકે ચીજ આપ જેવી;

---

* [1]कामः [2]क्रोधस्तथा [3]लोभो [4]मदमोहौ[5] च [6]मत्सरः ।
गणोऽयमरिषड्वर्गो वेदान्ते परिभाषितः ॥

**અર્થ :** ૧ કામ, ૨ ક્રોધ, ૩ લોભ, ૪ મદ (અહંકાર), ૫ મોહ (વિપરીત માન્યતા, અવિદ્યા) અને ૬ મત્સર (ઈર્ષા, અદેખાઈ) વેદાંતમાં એ છ શત્રુસમૂહ ષડ્‌રિપુના નામથી જણાવ્યા છે.

ઊંચા ગિરિથી નદીઓ પથરેય ફૂટે,
વારિધિથી ન નદી એક કદી વછૂટે. ૧૫

ચિત્તેય દર્શન તણો અભિલાષ જાગે,
કે કૂંપળો ફૂટતી *પુણ્ય-રસાલ-અગ્રે,
આંબો પ્રફુલ્લ બનતો ચરણે નમું જ્યાં,
પાકે ફળોય કરુણા નજરે જુઓ ત્યાં ૧૬

ઉત્પાદ આદિ વચને કરી જો કૃપા તો,
સૌ **ગૌ**તમાદિ ગણ-નાથ રચે સુશાસ્ત્રો;
×રાજા ગ્રહે કર, બને મહિષી દરિદ્રી,
સર્વજ્ઞની નજર ચૂરતી કર્મ-અદ્રિ. ૧૭

નિર્મોહી નાથ, અમને શરણે સદાય,
રાખો બની જનની, આત્મિક હિત થાય;
બોધામૃતે ઊછરીએ, ન કમી કશાની,
શ્રદ્ધા-પ્રીતિ શિશુ-સમી ગણજો નિશાની. ૧૮

☆
☆☆

---

* પુણ્યરૂપી આંબાની ડાળીઓએ.

× ગરીબ કન્યાનું રાજા પાણિગ્રહણ કરે અર્થાત્ રાજા તેને પરણે તો તે રાણી બને, તેમ કર્મથી પીડાતા પ્રત્યે પ્રભુની કરુણાનજર થાય અર્થાત્ ભક્તિ-સંબંધ જોડાય તો કર્મરૂપી પર્વતનો ચૂરો થાય અર્થાત્ સર્વ કર્મ નાશ પામે.

# ૯૯
# શ્રી ઋષભ જિનેશ્વર
## ભાગ-૧

(શિવસુખ કારણ ઉપદિશી, યોગતણી અડદિટ્ઠી રે—એ રાગ)

★

શ્રીમદ્ સદ્ગુરુ **રાજજી**, વિનય ઉરે ભરનારા રે,
વંદન વાર અપાર હો, અમને ઉદ્ધરનારા રે,
પ્રભુ પરમ ઉપકારી રે.

**આ**દિ જિનેશ્વરની કથા અતિ સંક્ષિપ્ત ઉતારું રે,
શુદ્ધ સ્વરૂપ ઉરે રહો, બનજો ભવજળ તારું રે. પ્રભુ૦

**ક્ષિ**તિપ્રતિષ્ઠિત નગરી છે, વિદેહ ક્ષેત્રે સારી રે,
સાર્થવાહ (૧)**ધન**શેઠ ત્યાં, ધનાઢ્ય છે વ્યાપારી રે. પ્રભુ૦

**વ**સંતપુર જવા કરે, જ્યારે તે તૈયારી રે,
**ધ**ર્મઘોષ સૂરિ આવિયા, 'ધર્મ-લાભ' ઉચ્ચારી રે. પ્રભુ૦

કહે : "અમે પણ આવીશું", શેઠે વાત સ્વીકારી રે,
ધન કહે : "ધન્ય અમે અહો ! થશો આપ ઉપકારી રે." પ્રભુ૦

સંઘ સમુદ્ર સમો વહે, ધૂળ જળ સમ ઉછાળે રે,
જળચર સમ નર, પશુ, શકટ; વને ચોમાસું ગાળે રે. પ્રભુ૦

સૂરિ-સ્મૃતિ થઈ શેઠને, ખેદ કરે : વિસાર્યા રે,
જાતે જઈ સૂરિને નમી, દોષ ખમાવી નિમંત્ર્યા રે. પ્રભુ૦

---

શ્રી ઋષભદેવ ભગવાનના તેર ભવો (૧) થી (૧૩) આંકથી દર્શાવ્યા છે.

ગોચરી-કાળે મુનિ ગયા, અન્નાદિ ના દેખે રે,
તાજું ઘી હતું તે દીધું, શેઠે બહુ બહુ હરખે રે. પ્રભુ૦

શેઠ બોધિ-બીજ પામિયા, દાન થતાં સુપાત્રે રે,
અપૂર્વ ભક્તિ ઉલ્લસી, વળી રોમાંચિત ગાત્રે રે. પ્રભુ૦

કહે : "કૃતાર્થ કર્યો મને"; મુનિને નમી વળાવે રે,
મુનિ જતાં નિજ સ્થાનકે, "ધર્મલાભ!" સુણાવે રે. પ્રભુ૦

રાત્રે શેઠ ફરી ગયા, મુનિને વંદી, બેસે રે,
મુનિવર કરુણા આણીને, ધર્મતત્ત્વ ઉપદેશે રે. પ્રભુ૦

"ઉત્તમ મંગલ ધર્મ આ : સંયમ-તપ-અહિંસા રે,
સદા ધરો મન ધર્મમાં; સુર પણ કરે પ્રશંસા રે. પ્રભુ૦

ધર્મ જ પોષે જીવને મા સમ દયા બનીને રે,
રક્ષણ પિતા સમું કરે, સંગતિ મિત્ર તણી તે રે. પ્રભુ૦

ધર્મ જ ભૂપ-પદે ધરે, દે દેવાદિક ઋદ્ધિ રે,
તીર્થંકર-પદ ધર્મ દે, ધર્મ વડે સૌ સિદ્ધિ રે. પ્રભુ૦

દાન, શીલ, તપ, ભાવથી ધર્મ ચતુર્વિધ જાણો રે,
દરેકના વળી ભેદ છે, હિતકારક ઉર આણો રે. પ્રભુ૦

જ્ઞાન અભય આહાર ને ઔષધ આદિ દાને રે—
ઉજ્જ્વળ કેવળજ્ઞાન લઈ, જાય જીવ શિવ-સ્થાને રે. પ્રભુ૦

ધર્મ-તત્ત્વ સમજાવીને મોક્ષમાર્ગમાં જોડે રે,
આત્મજ્ઞાનનું દાન આ દેતા મુનિવર કોડે રે. પ્રભુ૦

તેવી શક્તિ ના હોય તે શાસ્ત્રો દે, અનુમોદે રે,
જ્ઞાની-ગુણ વખાણતા ભક્તિ-ભાવ-પ્રમોદે રે. પ્રભુ૦

ત્રિવિધ હિંસા જે તજે, અભય-દાન તે આપે રે,
પ્રાણ-નાશ, દુઃખ, ક્લેશ એ ત્રિવિધ તાપ ઉત્થાપે રે. પ્રભુ૦

અન્ન-દવાદિ દાનના પ્રકાર પાંચ ગણાતા રે :
ભાવ, કાળ, ગ્રાહકદશા, શુદ્ધ દેય ને દાતા રે. પ્રભુ૦

ન્યાયોપાર્જિત દેય દે, રહિત બેંતાળીસ દોષે રે,
સુબુદ્ધિ દાતા હર્ષથી કૃતાર્થતા નિજ જોશે રે. પ્રભુ૦

જ્ઞાની ત્યાગી સુપાત્ર છે જિતેન્દ્રિય સમદ્રષ્ટા રે,
ગોચરી કાળ સુકાળ જો, સુભાવ નિઃસ્પૃહ શ્રદ્ધા રે. પ્રભુ૦

વ્રતરૂપ શીલના ભેદ બે : મુનિ, ગૃહી ઉપાસે રે,
સમકિત સહ વ્રત બાર તો પાળે જન ગૃહવાસે રે. પ્રભુ૦

આત્મજ્ઞાની મહાવ્રતી સર્વ-વિરતિ આરાધે રે,
શિવ-મંદિરની શ્રેણીએ આત્મ-સિદ્ધિ તે સાધે રે. પ્રભુ૦

તપ ઇચ્છા-નિરોધ છે, કર્મ-મેલ તે ગાળે રે,
બાહ્યાભ્યંતર ભેદ બે આત્માર્થી જન ભાળે રે. પ્રભુ૦

ઉપવાસાદિ બાહ્ય તો દેખાદેખી ય પાળે રે,
સ્વાધ્યાયાદિ અન્યથી સુજ્ઞ જ વૃત્તિ વાળે રે. પ્રભુ૦

રત્નત્રય-ધારી તણી અનન્ય ભક્તિ વાળા રે,
સેવા - શુશ્રૂષા ચહી ધરે ભાવ રૂપાળા રે. પ્રભુ૦

ભવ-સુખ જાણે દુઃખ તે, ભવ-મુક્તિ તે ભાવે રે,
શુદ્ધ ભાવ જ્યાં ના ટકે સદ્વિચાર ઉર લાવે રે. પ્રભુ૦

ચાર ભેદમય ધર્મ આ ભવના ફેરા ટાળે રે,
સાવધાન થઈ સાધતાં સર્વ કર્મ-મળ બાળે રે." પ્રભુ૦

ધનશેઠે હર્ષે કહ્યું : "ધર્મ ન સુણ્યો આવો રે,
વ્યર્થ જીવન વહી ગયું, શ્રવણે આજે આવ્યો રે." પ્રભુ૦

શરદ્ઋતુ આવી હવે, પંથે પંક સુકાતા રે,
મહા અટવી તે ઊતર્યા, મુનિ અન્યત્ર જાતા રે. પ્રભુ૦

**વ**સંતપુર જઈ શેઠ તો વેચે માલ, ખરીદે રે,
દ્રવ્ય વધે વ્યાપારથી ધનિક-**ધન**-**મન** રીઝે રે. પ્રભુ૰

નિજ નગરે પાછા વળ્યા; કાળ અચાનક પામી રે,
ઉત્તરકુરુમાં અવતરે, (૨)યુગલિક-સુખના સ્વામી રે. પ્રભુ૰

મુનિ-સેવા-ફળ ભોગવે; કલ્પવૃક્ષ દશ જાતિ રે,
જે માગે તે આપતાં; અંતે સુરગતિ થાતી રે. પ્રભુ૰

સુર (૩)**સૌ**ધર્મ વિષે થયા, સુર-સુખ પૂરાં થાતાં રે,
મહાવિદેહે અવતરે, **શ**તબલ-સુત વિખ્યાતા રે. પ્રભુ૰

**ગં**ધસમૃદ્ધિ નગરના વિદ્યાધર-નૃપ-ધામે રે,
**મ**હાબલ(૪) નૃપ-કુમાર તે, નામ અનુપમ પામે રે. પ્રભુ૰

શશી સમ સર્વ કળા ગ્રહે, લહે વૃક્ષ સમ વૃદ્ધિ રે,
**વિ**નયવતી સાથે વર્યા; **શ**તબલ ચહે સ્વ-સિદ્ધિ રે. પ્રભુ૰

એકાંતે એ ચિંતવે : ''અશુચિભરી આ કાયા રે,
વસ્ત્રાભૂષણ, ચામડી ભૂલવે મન-ભ્રમ-છાયા રે. પ્રભુ૰

અંતે પોત પ્રકાશતી, કપટી નરના જેવી રે,
વિષ્ટા - મૂત્ર - કફાદિથી વાનગી દેખી લેવી રે. પ્રભુ૰

ચામડી દૂર કરી જુઓ, હાડમાંસનો માળો રે,
મોહ પમાડે ચામડી, ચામડીઆ-ભૂલ ભાળો રે. પ્રભુ૰

વૃક્ષ-કોટરે જઈ વસે વીંછી આદિ પ્રાણી રે,
તેમ જરાવસ્થા વિષે રોગ વસે લે જાણી રે. પ્રભુ૰

ભોગ ભુજંગ-ફણા સમા, સ્વપ્ન સમા સંયોગો રે,
ક્રોધ-લોભ-કામાગ્નિમાં કાષ્ઠ સમા વિયોગો રે. પ્રભુ૰

અંધ સમો જીવ ના જુએ, પગ પાસેનો કૂવો રે,
તેમ મરણ-ભય ના ગણું; ગયા કેટલા, જુઓ રે. પ્રભુ૰

વિષય-વિષ વ્યાપી જતાં હિત-વિચાર ન આવે રે,
ધર્મ-મોક્ષ જીવ વીસરે, કામ-અર્થ મન લાવે રે. પ્રભુ૦

નરભવ સફળ કરું હવે, રાજ્યભાર આ છોડી રે,
પુત્રોત્સવ-ફળ આ ગણું, વત્સલતા સૌ તોડી રે.'' પ્રભુ૦

અભિષેક કરી, પુત્રને નૃપ-પદવી શુભ દીધી રે,
શમ-સામ્રાજ્ય વધારવા પોતે દીક્ષા લીધી રે. પ્રભુ૦

★

મહાબળ નૃપ યૌવને પૂર્ણચંદ્ર સમ શોભે રે,
સભા વિષે મંત્રી વદે, વંદન કરી અક્ષોભે રે:- પ્રભુ૦

''અગ્નિ સમ તૃષ્ણા વધે વિષય-ભોગ રૂપ કાષ્ઠે રે,
દુર્જન, વિષ, વિષયો, અહિ નાખે જીવને કષ્ટે રે. પ્રભુ૦

કામ-પરિચય-પ્રિયતા, દદ્રુ-સુખ વલૂર્યે રે,
પરિણામે દુઃખ-વૃદ્ધિ દે, આત્મ-દિવ્યતા ચૂરે રે. પ્રભુ૦

કામ નરકનો દૂત છે, પાપ-તરુને પોષે રે,
ભવ-ખાડે પાડે, અરે! મદન મદાદિ દોષે રે. પ્રભુ૦

મૃગ વીણા-સ્વર સુણતાં, મરણ-શરણ આરાધે રે,
સ્ત્રી-દર્શન કે સ્પર્શથી, નર અનર્થને સાધે રે. પ્રભુ૦

હાસ્ય-સખા સ્ત્રી-સુખ ને ખાન-પાન ઉત્તેજે રે,
સ્વામીને આત્મા ગણી, હિત-શિક્ષા ના દે તે રે. પ્રભુ૦

મોહ ખુશામતથી વધે, તેવો સંગ ન સારો રે,
કેળ કને કંથાર તો, દે દુઃખો વિચારો રે. પ્રભુ૦

વૃક્ષ જેમ છાયા વિના, વર સર વારિ વિનાનું રે,
પુષ્પ સુગંધ વિના વને, મંદિર દેવ વિનાનું રે. પ્રભુ૦

રજની ચંદ્ર વિના વળી, મંત્રી-મદદ વિણ રાજા રે,
સાધુ સમકિતના વિના, અશસ્ત્ર સૈનિક સાજા રે. પ્રભુ૦

હાથી દંતૂશળ વિના, આંખ વિના મુખમુદ્રા રે,
ધર્મ વિના તેવી રીતે, શોભા જાણે *શૂદ્રા રે. પ્રભુ૦

ઉચ્ચ કુળ જે પામીને, ધર્મ તજે [૧]ધન-પ્રેમે રે,
શ્વાન બની બીજા ભવે, પામે એંઠ ન કેમે રે. પ્રભુ૦

ધર્મ બંધુ સમ જાણવો, બન્ને લોક સુધારે રે,
નાવ સમાન સુધર્મ છે, ભવ-દુઃખોથી તારે રે. પ્રભુ૦

અગ્નિને જળ બૂઝવે, તેમ ધર્મ દુઃખ ટાળે રે,
ધર્મ-નિસરણીએ ચઢી, મોક્ષ-સુખ જીવ ભાળે રે. પ્રભુ૦

વિદ્યાધર-નૃપતિ થયા, પૂર્વે ધર્મ ધરીને રે,
તો આ ભવમાં ના ચૂકો, કહું હું હિત સ્મરીને રે.'' પ્રભુ૦

**સ્વ**યંબુદ્ધ મંત્રી પછી, **સં**ભિન્નમતિ ય બોલે રે :
''મંત્રી-મુખ્ય તમે ખરા, કોઈ નહિ તમ તોલે રે; પ્રભુ૦

સ્વામી સરળ પ્રસન્ન છે, તમે જ તેમની ચક્ષુ રે,
આમ અકાળે ત્યાગનો, દ્યો ઉપદેશ હિતેચ્છુ રે. પ્રભુ૦

ભોગ નથી તજતા તમે, પર-ઉપદેશે શૂરા રે,
પ્રાપ્ત ભોગ તજતા જનો, મૂર્ખશિરોમણિ પૂરા રે. પ્રભુ૦

અંજલિમાં અમૃત ભર્યું તજી, રેલો તે ચાટે રે,
કોણી સુધી ચાટતાં, ઢોળે સૌ એ વાટે રે. પ્રભુ૦

પરલોકે સુખ ધર્મથી કહે, અસંગત લાગે રે,
જણાય તે પરલોક ના; કોણ પ્રગટ તજી માગે રે? પ્રભુ૦

---

* શૂદ્ર સ્ત્રી     ૧ પાઠા૦ જો પ્રેમે

મહુડાં, ગોળ, જળાદિથી મદ-શક્તિ દેખાતી રે,
તેમ જ પૃથ્વી-જળાદિથી જીવ ઉત્પત્તિ થાતી રે. પ્રભુ૦

શરીરથી જીવ ના જુદો, શરીર ન પરભવ જુએ રે,
તેથી સુખ સૌ શરીરનાં, ભોગવવાં સમજુએ રે. પ્રભુ૦

શંકા ધર્મ-અધર્મની વિઘ્ન કરે સુખ-ભોગે રે,
નિઃશંક હે મહારાજ! હો, કહું ઉઘાડે છોગે રે. પ્રભુ૦

જ્યાં સુધી આયુષ્ય આ, વિષય-સુખથી જીવો રે,
ધર્મ-અધર્મ કશું નથી, મંત્રી-બોધ નજીવો રે.'' પ્રભુ૦

સ્વયંબુદ્ધ મંત્રી કહે : ''સ્વ-પર-શત્રુ નાસ્તિકો રે,
અંધ અંધ-નેતા સમો, મૂર્ખોમાં મૂર્ખ અધિકો રે. પ્રભુ૦

કૂપે ખેંચી પાડતો, દુર્બુદ્ધિ દોરે કેવો રે!
સુખ-દુઃખો સમજાય છે સ્વ-સંવેદનથી એવો રે- પ્રભુ૦

આત્મા પણ સમજાય છે; અબાધ્ય અનુભવ માનો રે,
મડદું ના જાણે કશું, જ્ઞાન ગુણ આત્માનો રે. પ્રભુ૦

બુદ્ધિપૂર્વક જો ક્રિયા, પર દેહે દેખાતી રે,
પર દેહે આત્મા તણી સિદ્ધિ તેથી થાતી રે. પ્રભુ૦

બાળ મટી યુવા બની, વૃદ્ધ થતા જે રીતે રે,
મરણ પછી જન્માંતરે જાય જીવ તે રીતે રે. પ્રભુ૦

વગર શીખવ્યે ધાવતું બાળક, તે બતલાવે રે,
પૂર્વજન્મ સંસ્કાર તે; દુઃખ રડી દર્શાવે રે. પ્રભુ૦

પૂર્વ કર્મ જો ના ગણો, રાય-રંક છે શાથી રે?
વિચિત્રતા ઘટતી નથી; પંચભૂત પક્ષપાતી રે! પ્રભુ૦

જીવ વિના ભૂતો રચે, કેવી રીતે કાયા રે?
પાંચે ભૂત રસોઈમાં, તોય ન *કાયા-છાયા રે. પ્રભુ૦

* કાયાની આકૃતિ

મેળ મળે ના ભૂતનો, ગુણ વિરોધી દેખો રે,
ભારે સ્થિર ધરતી, અને ચપળ પવન લઘુ, લેખો રે. પ્રભુ૰

અગ્નિને જળ ઓલવે, તેજે જળ શોષાતું રે,
કપોલ-કલ્પિત વાતથી સત્ય નથી પોષાતું રે. પ્રભુ૰

ક્રિયા ધર્મ-અધર્મની, ફળ દેશે પરલોકે રે,
પૂર્વે જે ક્રિયા કરી, ફળી આ સુજ્ઞ વિલોકે રે. પ્રભુ૰

ભીખ માગતો એક, તો અન્ય ભીખ જો આપે રે,
વાહન અશ્વાદિ બને, સ્વાર ઘણા સંતાપે રે. પ્રભુ૰

પુણ્ય-પાપ પ્રત્યક્ષ છે, અવિચારી ના માને રે,
વિષય ભુલાવે ભાન રે! ભૂપ, ન ચેતો શાને રે? પ્રભુ૰

કાવ્યો ભોગ-વિલાસનાં રચી ગાય ભૂતવાદી રે,
મોહી-મન ખેંચાય ત્યાં, એ તો ઢાળ અનાદિ રે. પ્રભુ૰

વિવેક વિણ સમજાય ના, સત્ય વચન સંતોનાં રે,
દુર્જન-સંગતિ જે તજે, સદ્ભાગ્યો તેઓનાં રે.'' પ્રભુ૰

**શ**તમતિ મંત્રી ઉચ્ચરે : ''ક્ષણભંગુર સૌ જાણો રે,
દીસે સ્કંધ-વિનાશતા, નદી-પ્રવાહ વખાણો રે. પ્રભુ૰

માત્ર વાસના ચિત્તમાં, નિત્યપણું દર્શાવે રે,
આત્મા નિત્ય ન માનવો, કોણ કર્મ બંધાવે રે?'' પ્રભુ૰

સ્વયંબુદ્ધ મંત્રી કહે :– ''અસંબદ્ધ વિચારો રે,
ટકે કેટલી વાર આ? કેવળ નાશ ન ધારો રે. પ્રભુ૰

ગાય ખાય જે ઘાસ તે, દૂધરૂપે વળી દેખો રે,
માખણ દૂધ-દહીં વડે, ઘીરૂપે વળી પેખો રે. પ્રભુ૰

દ્રવ્ય માત્ર પલટાય, જો; કેવળ નાશ ન પામે રે,
કેવળ નાશ ગણ્યે, બધા વ્યવહારો ય વિરામે રે:- પ્રભુ૰

પિતા-પુત્ર સંબંધ શો? વંધ્યા-સુત સમ દેખો રે,
ગગન-કુસુમ સમ ધર્મ એ; કારણ-કાર્યો લેખો રે. પ્રભુ૦

ક્ષણિક કેમ ન વાસના? જો ક્ષણિક સૌ માનો રે,
ક્ષણમાં નાશ થનારને, મોહ ન હોય કશાનો રે. પ્રભુ૦

વાદ કરો, નાણું ધીરો, સ્મૃતિ વિષે સૌ માંડો રે,
સ્મૃતિ ઘટે ના ક્ષણિકને, લગ્ન કરો કે રાંડો રે.'' પ્રભુ૦

**મ**હામતિ મંત્રી કહે: ''માયા સર્વ નિહાળો રે;
સ્વપ્ન સમાન બધું ગણો, મૃગજળ જેવું ભાળો રે. પ્રભુ૦

વ્યવહારે ગુરુ-શિષ્ય સૌ, તત્ત્વ-વિચારે મિથ્યા રે,
ધૂતારા ધર્મી બન્યા તેની ન રાખો ઇચ્છા રે. પ્રભુ૦

માંસ કિનારે મૂકીને મચ્છી દેખીને દોડે રે,
શિયાળ પામે મચ્છી ના, ગીધ માંસ લઈ ઊડે રે. પ્રભુ૦

ઐહિક સુખ તજી ઇચ્છતો સુર-સુખ, તેવો જાણો રે,
નરક તણાં દુઃખે ડરી, તપ કરનાર ઠગાણો રે:—પ્રભુ૦

જેમ ટિટોડી સાંભળી, આભ નીચે પડવાનું રે,
સૂતી પગ ઊંચા કરી, તેમ બધાં તપ માનું રે. પ્રભુ૦

ખોટી શિખામણ ના સુણો, મિથ્યા વાત જવા દ્યો રે,
ધરી નિત્ય નિશ્ચિંતતા, સુખે સર્વ થવા દ્યો રે.'' પ્રભુ૦

પછી **સ્વ**યંબુદ્ધે કહ્યું: ''કારણ કાર્ય ન માનો રે,
કૂપે કોઈ ધકેલતાં, ડર રાખો છો શાનો રે? પ્રભુ૦

માયારૂપ અસત્ય સૌ, જો માનો એકાન્તે રે,
લગ્ન આદિ મહોત્સવે કે અકાળ પ્રાણાંતે રે— પ્રભુ૦

ગીત, વિલાપની યોગ્યતા, શાને મનમાં આણો રે?
કેમ સભ્યતા સાચવો? સારું કેમ વખાણો રે? પ્રભુ૦

સ્વપ્ન સમાન જ જો બધું, તો નહિ તું, હું, સ્વામી રે,
શબ્દો પણ મિથ્યા ઠર્યા; બોલ્યા તે મૂર્ખામી રે. પ્રભુ૦

કુશળ વિતંડા-વાદીઓ, વિષય-ગુલામી પોષે રે,
પરાઙ્મુખ શુભ ભાવથી રહી, અરે! શું જોશે રે? પ્રભુ૦

મહારાજને વીનવું, સુધર્મ-આશ્રય લેવા રે,
વિવેકના અવલંબને, વિષયો છોડી દેવા રે.'' પ્રભુ૦

ચર્ચા મંત્રીઓ તણી સુણી નૃપ રાજી થાતા રે,
કહે પ્રસન્ન મુખે હવે : ''સ્વયંબુદ્ધ, હે ભ્રાતા! રે. પ્રભુ૦

ઘણું સારું તમે કહ્યું, 'ધર્મ-કાર્ય કરવાનું રે,'
દ્વેષી નથી હું ધર્મનો, અંતે ત્યાં ઠરવાનું રે. પ્રભુ૦

અવસર આવ્યે નાખવું, પત્તું 'સર'નું તાકી રે,
તેમ ધર્મ આરાધીશું, દેખીને વય પાકી રે. પ્રભુ૦

મળે મિત્ર બહુ દિવસે, તેમ યુવાવય આવી રે,
ઘટતો આદર આપવો, યોગ્ય ભાવ ઉર લાવી રે. પ્રભુ૦

વીણા વાગતી હોય ત્યાં, વેદોચ્ચાર ન છાજે રે,
તેમ તમે દ્યો બોધ તે, લાગે મુજને આજે રે. પ્રભુ૦

સુધર્મ-ફળ સુર-લોક તે, લાગે સંશયવાળું રે,
પ્રત્યક્ષ સુખ નિષેધતા આપે શું હિત ભાળ્યું રે?''
પ્રભુ પરમ ઉપકારી રે.

☆
☆☆

# ૧૦૦
# શ્રી ઋષભ જિનેશ્વર
## ભાગ-૨

(રાગ : દર્શન તારા દૃષ્ટિમાં, મનમોહન મેરે)

★

સ્વયંબુદ્ધ મંત્રી કહે : ''ખરી વાત સુણાવું,''
નમી નૃપ સન્મુખ રે; ''ખરી વાત સુણાવું;
સત્ય ધર્મનાં ફળ વિષે, ખરી વાત સુણાવું;
શંકા ટાળે સુખ રે, ખરી વાત સુણાવું.

શંકા-શલ્ય નિવારવા, ખરી૦ વાત કરાવું યાદ રે, ખરી૦
નંદનવનમાં દેખિયા, ખરી૦ દેવ વિના વિવાદ રે, ખરી૦

દેવે વાત કરી હતી : ખરી૦ 'અતિબળ-જીવ હું દેવ રે, ખરી૦
પિતામહ તારો હતો, ખરી૦ ફળ દીઠું સ્વયમેવ રે. ખરી૦

પેઠે નઠારા મિત્રની, ખરી૦ તજ્યા હતા મેં ભોગ રે, ખરી૦
ગ્રહીં દીક્ષા બહુ ભાવથી, ખરી૦ વિષય-સુખો ગણ્યાં રોગ રે. ખરી૦

વ્રત-મંદિરના કળશ સમ, ખરી૦ કરી મરણ સંન્યાસ રે, ખરી૦
ધર્મ - પ્રભાવે પામિયો, ખરી૦ લાંતવ-દેવ-વિલાસ રે. ખરી૦

તમે હજી સંસારનું- ખરી૦ નથી સમજતા રૂપ રે— ખરી૦
છતાં પ્રમાદી ના રહો, ખરી૦ ભવ માનો દુઃખ-કૂપ રે.' ખરી૦

અંતર્ધાન પછી થયા— ખરી૦ ઘનમાં વીજળી જેમ રે. ખરી૦
સ્મરણ પિતામહનું કરી, ખરી૦ પરભવ માનો એમ રે.'' ખરી૦

કહે નૃપતિ : ''સારું કર્યું, ખરી૦ પ્રસંગ આવ્યો યાદ રે. ખરી૦
ધર્મ-અધર્મ-ફળો મળે— ખરી૦ પરભવે નિર્વિવાદ રે.'' ખરી૦

સ્વયંબુદ્ધ ફરીથી કહે :– ખરી૦ ''પૂર્વજ નૃપ **કુ**રુચંદ્ર રે- ખરી૦
નિર્દય પાપી તે હતો– ખરી૦ થયો સુત **હ**રિશ્ચંદ્ર રે. ખરી૦

કુરુચંદ્રને રોગથી– ખરી૦ પીડા જાગી અપાર રે– ખરી૦
ભોજન કડવાં લાગતાં, ખરી૦ મૃદુ શય્યા શૂળ-સાર રે. ખરી૦

કાને ભણકારા થતા– ખરી૦ ક્લેશકારી સદાય રે; ખરી૦
વાત ગમે ના કોઈની, ખરી૦ સુખ સ્વપ્નેય ન થાય રે. ખરી૦

દાહજ્વરે નિશદિન બળે– ખરી૦ અધિક ઔષધે થાય રે; ખરી૦
માકણ મસળી નાખતાં– ખરી૦ શીતળ લોહી જણાય રે. ખરી૦

કહ્યું પુત્રને : 'લોહીનો– ખરી૦ કુંડ કરી ન્હવરાવ રે;' ખરી૦
લાલ લાખના રંગથી– ખરી૦ પાણી કરી કહ્યું, 'ન્હાવ રે.' ખરી૦

સ્નાન કરે આનંદથી, ખરી૦ પાણી ગયું મુખમાંય રે, ખરી૦
કપટ જાણીને ક્રોધથી– ખરી૦ નિજ સુત હણવા ધાય રે. ખરી૦

ઠોકર લાગ્યાથી પડ્યો, ખરી૦ નિજ શસ્ત્રે જ હણાય રે, ખરી૦
હરિશ્ચંદ્રને લાગિયું– ખરી૦ કુમાર્ગ શત્રુ ગણાય રે. ખરી૦

કહે **સુ**બુદ્ધિમંત્રીને : ખરી૦ 'કરી જ્ઞાનીનો સંગ રે, ખરી૦
તારે મને સમજાવવો'– ખરી૦ વધે **સુ**બુદ્ધિ-ઉમંગ રે. ખરી૦

પુર બહાર ઉદ્યાનમાં– ખરી૦ **શી**લંધર મુનિ-રાય રે, ખરી૦
કેવળજ્ઞાન વર્યા સુણી– ખરી૦ સુબુદ્ધિ નૃપ-સહ જાય રે. ખરી૦

નમસ્કાર કરી બેય તે– ખરી૦ બેઠા સુણવા બોધ રે, ખરી૦
સુણી દેશના વીનવે– ખરી૦ હરિશ્ચંદ્ર ધરી મોદ રે : ખરી૦

'પ્રભુ, મુજ પિતાની ગતિ– ખરી૦ સુણવા થાય વિચાર રે.' ખરી૦
કહે કેવળી : 'તે ગયા– ખરી૦ સાતમી નરકે, ધાર રે.' ખરી૦

રાય વૈરાગ્ય પામિયા, ખરી૦ દઈ પુત્રને રાજ્ય રે– ખરી૦
કહે મંત્રીને : 'હું ગ્રહું– ખરી૦ દીક્ષા શિવ-સુખ-સાજ રે. ખરી૦

મુજ સમ દેજો પુત્રને– ખરી૦ ધર્મ-બોધ સુખકાર રે.' ખરી૦
કહે મંત્રી : 'હું આપની– ખરી૦ સાથે વ્રત ધરનાર રે. ખરી૦

મુજ સમ નૂતન નૃપને– ખરી૦ મુજ સુત દેશે બોધ રે.' ખરી૦
બન્ને કર્મો ટાળીને– ખરી૦ પામ્યા અનંત બોધ રે. ખરી૦

હરિશ્ચંદ્ર-વંશે તમે, ખરી૦ સુબુદ્ધિ-વંશે હું ય રે; ખરી૦
ક્રમ-આગત કુલ-કાર્ય આ, ખરી૦ ફરજ ગણીને કહું ય રે– ખરી૦

અવસર સિવાય ત્યાગને, ખરી૦ આદરવાને કાજ રે– ખરી૦
કહું, સકારણ તે સુણો– ખરી૦ હે સમજુ મહારાજ! રે. ખરી૦

નંદનવન આજે ગયો, ખરી૦ દીઠા બે મુનિરાય રે; ખરી૦
જ્ઞાની ચારણ મુનિને, ખરી૦ વંદી લાગ્યો પાય રે. ખરી૦

સુણી દેશના પૂછિયું- ખરી૦ નૃપ-આયુષ્ય-પ્રમાણ રે, ખરી૦
કહે મુનિ કરુણા કરી– ખરી૦ 'એક જ મહિનો જાણ રે.' ખરી૦

ત્વરા તેથી ધર્મે કરો, ખરી૦ કહ્યું સર્વ એ કાજ રે, ખરી૦
ભલે બીજા નિંદે છતાં, ખરી૦ ચહું હિત, મહારાજ રે.'' ખરી૦

કહે મહાબળ : ''આપ તો, ખરી૦ સાચા બંધુ સમાન રે; ખરી૦
વિષય-મગ્ન હું તો હતો, ખરી૦ મોહે મત્ત અભાન રે. ખરી૦

આપે આજ જગાડિયો, ખરી૦ આપે કર્યું સુકાર્ય રે, ખરી૦
હવે કહો હું શું કરું? ખરી૦ કયો ધર્મ છે *આર્ય રે? ખરી૦

'ઘર લાગ્યું, કૂપ ખોદવો,' ખરી૦ હવે જીવવું અલ્પ રે.'' ખરી૦
કહે મંત્રી : ''હે ભૂપતિ! ખરી૦ તજો ખેદ વિકલ્પ રે. ખરી૦

આશ્રય યતિ-ધર્મો તણો, ખરી૦ એક દિવસ પણ થાય રે– ખરી૦
તો દીક્ષા તે મોક્ષ દે; ખરી૦ સુગતિની શી શંકાય રે?'' ખરી૦

---

* ઉત્તમ, પૂજ્ય, સાધ્ય

નૃપ-પદવી દઈ પુત્રને, ખરી૰ [1]દાન-પૂજા કરી સાર રે; ખરી૰
ખમી, ખમાવી સર્વને, ખરી૰ લે [2]સદ્ગુરુ-આધાર રે. ખરી૰

દીક્ષા લઈને તે ઘરે, ખરી૰ અનશન ને વૈરાગ્ય રે; ખરી૰
બાવીસ દિવસ જીવીને, ખરી૰ કરે દેહનો ત્યાગ રે. ખરી૰

**ઈ**શાન(૫) સુર-લોકે લહે, ખરી૰ સમૃદ્ધિ-ભોગ અપાર રે; ખરી૰
**સ્વ**યંપ્રભા દેવાંગના, ખરી૰ હતી સર્વમાં સાર રે. ખરી૰

પળ સમ વર્ષ વહી ગયાં, ખરી૰ દેવી-મરણે દુઃખ રે; ખરી૰
મિત્રો મળી સમજાવતા, ખરી૰ લેશ ન લે સુર સુખ રે. ખરી૰

સ્વયંપ્રભા સંભારીને, ખરી૰ **લ**લિતાંગ દુઃખપૂર્ણ રે; ખરી૰
રડે, રડાવે સર્વને, ખરી૰ અશ્રુ વહે ચોખૂણ રે. ખરી૰

સ્વયંબુદ્ધ મંત્રી સુણી, ખરી૰ મિત્ર-મરણની વાત રે; ખરી૰
દીક્ષા લઈ, પાળી, થયો– ખરી૰ ઈશાન-સુર સાક્ષાત્ રે. ખરી૰

લલિતાંગ પાસે ગયો, ખરી૰ પૂર્વ - પ્રેમ - પ્રેરિત રે; ખરી૰
કહે : ''માત્ર દેવી ગયે, ખરી૰ કેમ બનો દુઃખિત રે ? ખરી૰

પ્રાણ જતાં પણ ધીરને, ખરી૰ દશા ન આવી થાય રે.'' ખરી૰
લલિતાંગ તેને કહે :– ખરી૰ ''વિરહ સહી ન શકાય રે. ખરી૰

પ્રાણ-વિરહ તો સહી શકું, ખરી૰ કાંતા-વિરહ અપાર રે; ખરી૰
સૌ વૈભવ દેવી વિના, ખરી૰ લાગે મને અસાર રે.'' ખરી૰

**દૃ**ઢધર્મા સુર-મિત્ર આ, ખરી૰ દે અવધિ-ઉપયોગ રે; ખરી૰
કહે : ''મિત્ર, જાણી લીધું, ખરી૰ થશે દેવીનો યોગ રે. ખરી૰

સ્વસ્થ થઈ જરી સાંભળો, ખરી૰ ધાતકી ખંડ-વિદેહ રે; ખરી૰
**નં**દીગ્રામે બાઈ છે, ખરી૰ દુર્ભગ ને નિઃસ્નેહ રે. ખરી૰

---

૧ અટ્ઠાઈ-મહોત્સવ પ્રસંગે    ૨ સદ્ગુરુ-આજ્ઞાનો આધાર

**નિ**ર્નામિકા નામ છે, ખરી૰ સાતમી નાની બે'ન રે; ખરી૰
ગરીબ-ઘરે બહુ બાળકો, ખરી૰ પડે ન માને ચેન રે. ખરી૰

માગે મોદક ને રડે, ખરી૰ માતા અતિ ખિજાય રે; ખરી૰
'ગિરિ પર જઈ જો લાકડાં, ખરી૰ લાવે તો જ ખવાય રે.' ખરી૰

વચન સુણી માતા તણું, ખરી૰ દોરડી લઈ તે જાય રે; ખરી૰
ભારો લઈને આવતાં, ખરી૰ લોકો બહુ દેખાય રે. ખરી૰

સુણે, કેવળી-દર્શને ખરી૰ નગરજનો સૌ જાય રે. ખરી૰
કષ્ટ-ભાર સમ કાષ્ઠને, ખરી૰ નાખી દઈ હરખાય રે. ખરી૰

ગિરિ પર ચઢી કરી વંદના, ખરી૰ ગતિ-યોગ્ય મતિ થાય રે; ખરી૰
સુણી દેશના તે ગમી, ખરી૰ પૂછે : 'હે જિનરાય! રે— ખરી૰

રાય-રંક સરખા ગણો, ખરી૰ તેથી તજી હું બીક રે, ખરી૰
પૂછું : દુખિયા પૃથ્વીમાં, ખરી૰ હશે મુજથી અધિક રે?' ખરી૰

કેવળી ભગવંતે કહ્યું : ખરી૰ 'સાંભળ, દુઃખી બાળ રે— ખરી૰
તારાથી પણ દુઃખિયા, ખરી૰ જીવો બહુ કંગાલ રે. ખરી૰

નરકગતિના જીવનાં— ખરી૰ તન યંત્રે પિલાય રે; ખરી૰
કરવતથી વે'રાય, રે! ખરી૰ અંગોઅંગ કપાય રે. ખરી૰

ઊકળતા તેલે તળે, ખરી૰ સીસાના રસ પાય રે; ખરી૰
પૂર્વ-પાપ સંભારીને— ખરી૰ રચે દુઃખ-ઉપાય રે. ખરી૰

નિશદિન દુઃખો ભોગવે, ખરી૰ કેમે છૂટે ન કાય રે, ખરી૰
સાગર સમ આયુષ્ય ત્યાં, ખરી૰ દુઃખે મરણ ન થાય રે. ખરી૰

દૂર રહો એ દુઃખ તો, ખરી૰ જનાવરો દેખાય રે, ખરી૰
જળચર જીવો ત્રાસમાં— ખરી૰ જીવે, બીજા ખાય રે. ખરી૰

બગલાં ગળતાં માછલાં, ખરી૰ માછીથી પકડાય રે, ખરી૰
કાપે, રાંધે, નિર્દયી, ખરી૰ શેકી, તળીને ખાય રે. ખરી૰

ચરબી અર્થે મારતા, ખરી૦ ચામડી અર્થે કોય રે; ખરી૦
રમત નિમિત્તે મારતા— ખરી૦ જે જન નિર્દય હોય રે. ખરી૦

બળદ વગેરે પ્રાણીઓ— ખરી૦ સહે તરસ, ભૂખ, ભાર રે; ખરી૦
ટાઢ, તાપ ને મારનાં— ખરી૦ અસહ્ય દુઃખ, વિચાર રે. ખરી૦

પક્ષી પણ સુખી નથી, ખરી૦ જાળ વિષે સપડાય રે, ખરી૦
શર, પથ્થર આદિ વડે, ખરી૦ હણાય ને રંધાય રે. ખરી૦

ઇંડાં ફોડીને તળે, ખરી૦ પીછાં કાજ હણાય રે; ખરી૦
પકડી પૂરે પાંજરે, ખરી૦ પરાધીન રિબાય રે. ખરી૦

માણસમાં પણ આંધળા, ખરી૦ મૂગા જન્મથી હોય રે; ખરી૦
રોગી આખી જિંદગી— ખરી૦ બાળ-વિધવા કોય રે. ખરી૦

જીવતા સુધી કેદમાં— ખરી૦ જન્મ-ગુલામો ધાર રે; ખરી૦
પશુ પેઠે સ્વામી તણાં— ખરી૦ સહે વચન, દુઃખ, માર રે. ખરી૦

પરાભવે* ક્લેશિત ને— ખરી૦ સુરપતિને આધીન રે; ખરી૦
પશુ સમ વાહન સુર બને— ખરી૦ દેવપણામાં દીન રે. ખરી૦

કિલ્વિષ આદિ કુદેવ તો— ખરી૦ અંત્યજ જેવા જાણ રે, ખરી૦
સુખ નથી સંસારમાં; ખરી૦ સુધર્મ સુખની ખાણ રે. ખરી૦

નાવ ડૂબે અતિ ભારથી, ખરી૦ તેમ જ હિંસા-ભાર રે, ખરી૦
નરક - સમુદ્રે જીવને- ખરી૦ ડુબાડે, વિચાર રે. ખરી૦

તૃણ ઊડે વંટોળીએ— ખરી૦ જીવ અસત્યે તેમ રે; ખરી૦
ભમે ભવે ચિરકાળ રે! ખરી૦ જૂઠ ન દેતી ક્ષેમ રે, ખરી૦

સ્પર્શ +કૌચનો દુઃખ દે— ખરી૦ તેમ અદત્તાદાન રે, ખરી૦
પરધન-દારા પ્રીતિ દે— ખરી૦ ચિંતા ચિતા સમાન રે. ખરી૦

---

* બીજાની ઋદ્ધિ વિશેષ જોઈ કે ઇન્દ્રાદિ બળવાનથી હારી જઈ ક્લેશ દેવલોકમાં થાય છે. + કૂચના કાંટા કરડ્યા કરે.

મૈથુન મન્મથ-દાસને– ખરી૦ નરકે ઢસડી જાય રે; ખરી૦
જેમ જમાદારો વડે– ખરી૦ કેદી જન ઢસડાય રે. ખરી૦

પરિગ્રહ-કુગ્રહે સહે– ખરી૦ ભારે દુઃખો સર્વ રે; ખરી૦
કાદવમાં [૧]કરીવર કળે– ખરી૦ તેમ [×]રસાદિ-ગર્વ રે. ખરી૦

દેશે પણ પાપો તજે– ખરી૦ તે વ્રતી લે કલ્યાણ રે.' ખરી૦
સમકિત સહ નિર્નામિકા– ખરી૦ અણુવ્રતો લે, જાણ રે. ખરી૦

વંદન કરી પાછી ફરી– ખરી૦ ભારો લઈને જાય રે; ખરી૦
બહુ દિન ધર્મ ધરી હવે– ખરી૦ અનશન-ધારી થાય રે. ખરી૦

લલિતાંગ, જાઓ તમે– ખરી૦ દ્યો દર્શન સુખકાર રે; ખરી૦
તમને સ્નેહે નીરખી– ખરી૦ દેવી-પદ લેનાર રે.'' ખરી૦

દેવે તેમ કર્યું જઈ, ખરી૦ રાગવતી સતી થાય રે; ખરી૦
મરણ કરી નિર્નામિકા– ખરી૦ **સ્વયં**પ્રભા બની જાય રે. ખરી૦

સુર-સુખ બન્ને ભોગવે, ખરી૦ કાળ ઘણો વહી જાય રે; ખરી૦
લલિતાંગના અંગનાં– ખરી૦ માળાદિક કરમાય રે. ખરી૦

માત્ર છ મહિના જીવવું– ખરી૦ જાણી થાય ઉદાસ રે; ખરી૦
થાય અનાદર ધર્મનો, ખરી૦ ઇચ્છે સુર-સુખ ખાસ રે. ખરી૦

કીડીને પાંખો સમી– ખરી૦ દીનતાથી ઘેરાય રે, ખરી૦
જાણે ગર્ભાવાસનો– ખરી૦ ભય ધ્રુજાવે કાય રે. ખરી૦

ઊંચું મન દેખી વદે– ખરી૦ સ્વયંપ્રભા ગ્રહી હાથ રે, ખરી૦
''શો મારો અપરાધ છે? ખરી૦ સ્પષ્ટ કહો હે નાથ! રે, ખરી૦

''અપરાધી નથી તું પ્રિયા! ખરી૦ અપરાધી તો હું જ રે; ખરી૦
પૂર્વ ભવે તપ ના થયું, ખરી૦ અલ્પાયુષી છું જ રે. ખરી૦

---

૧. મોટો હાથી × રસગારવ, રિદ્ધિગારવ, સાતાગારવ.

વિદ્યાધર રાજા હતો, ખરી૦ ભોગ વિષે આસક્ત રે, ખરી૦
સ્વયંબુદ્ધ મંત્રી તણા, ખરી૦ ઉપદેશે જિન-ભક્ત રે. ખરી૦

એક માસના ત્યાગથી, ખરી૦ ભાવો કર્યા પવિત્ર રે; ખરી૦
પ્રભાવ આ સુધર્મનો, ખરી૦ ધન્ય! એ મંત્રી-મિત્ર રે.'' ખરી૦

સુર કહે, ત્યાં આવિયો– ખરી૦ દૃઢધર્મા સુર-મિત્ર રે; ખરી૦
આજ્ઞા ઇન્દ્ર તણી કહે :– ખરી૦ ''અષ્ટાહ્નિકા[1] પવિત્ર રે. ખરી૦

નંદીશ્વર દ્વીપે જવા– ખરી૦ આમંત્રે છે ઇન્દ્ર રે; ખરી૦
પૂજા-ભક્તિ ભલી થશે, ખરી૦ વંદીશું જિનેન્દ્ર રે.'' ખરી૦

લલિતાંગ સુણી, કહે :– ખરી૦ ''સમયોચિત પ્રસંગ રે; ખરી૦
મળ્યા મિત્ર સંભારતાં– ખરી૦ ઉરે વધ્યો ઉમંગ રે.'' ખરી૦

હર્ષ સહિત સૌ ચાલિયા, ખરી૦ પ્રભુ-પૂજનના ભાવ રે; ખરી૦
નૃત્ય-ગીત-આનંદથી– ખરી૦ લીધો સુરગતિ-લા'વ રે. ખરી૦

[2]ચ્યવન-કાળ ભૂલી ગયો, ખરી૦ આયુષ પૂરણ થાય રે, ખરી૦
બુઝાતા દીવા સમો– ખરી૦ ઝબકી ના દેખાય રે. ખરી૦

જંબુદ્વીપ – વિદેહમાં, ખરી૦ પુરી **લો**હાર્ગલ નામ રે; ખરી૦
**સુ**વર્ણજંઘ ભૂપાળ છે, ખરી૦ **લ**ક્ષ્મી રાણી ગુણધામ રે. ખરી૦

**વ**જ્રજંઘ(૬) નામે થયો– ખરી૦ સુર-જીવ રાજકુમાર રે; ખરી૦
સ્વયંપ્રભા પતિને સ્મરી– ખરી૦ ઝૂરણા કરે અપાર રે. ખરી૦

દૃઢધર્માના બોધથી– ખરી૦ બને ધર્મ-ઉદ્યુક્ત રે; ખરી૦
**પું**ડરીકિણી પુરીમાં– ખરી૦ **ગુ**ણવતી સતી શ્રીયુક્ત રે. ખરી૦

**વ**જ્રસેન ચક્રી તણી– ખરી૦ પટરાણી સુહાય રે– ખરી૦
તેની કૂખે કુંવરી– ખરી૦ સ્વયંપ્રભા-જીવ થાય રે. ખરી૦

---

૧ આઠ દિવસનો ઉત્સવ ૨ મરણ

**શ્રી**મતી નામે ઊછરે— ખરી૦ પામે યૌવન-કાળ રે; ખરી૦
સ્વપ્ને તીર્થપતિ જુએ, ખરી૦ સુર-સમૂહ વિશાળ રે. ખરી૦

જાતિ-સ્મૃતિ પામી તે— ખરી૦ પલંગથી પડી જાય રે; ખરી૦
'હા ! લલિતાંગ,' વદી ઝૂરે, ખરી૦ આવી માતા ×ધાય રે. ખરી૦

શીતોપચારે સેવતાં— ખરી૦ સ્વસ્થ થઈ તે જ્યાંય રે— ખરી૦
ધાય-માતા ય પૂછતી— ખરી૦ મૂર્છા-કારણ ત્યાંય રે. ખરી૦

પ્રાયશ્ચિત્ત લેનાર સમ— ખરી૦ સદ્‌ગુરુની સન્મુખ રે— ખરી૦
યથાર્થ વાત કહે બધી :— ખરી૦ નિર્નામિકા - દુઃખ રે. ખરી૦

સ્વયંપ્રભા-ભવનાં સુખો, ખરી૦ પતિ - પ્રેમ - વિસ્તાર રે, ખરી૦
નંદીશ્વર દ્વીપ-મંદિરો, ખરી૦ ભક્તિમહોત્સવ સાર રે. ખરી૦

ચિત્ર-કુશળ તે **પં**ડિતા— ખરી૦ પટ પર કરે ચિતાર રે; ખરી૦
શ્રીમતીને દર્શાવીને— ખરી૦ દૃશ્ય કર્યું તૈયાર રે. ખરી૦

ચક્રીની વર્ષ-ગાંઠનો— ખરી૦ ઉત્સવ-દિન ગણી લાગ રે— ખરી૦
રાજાઓના માર્ગમાં— ખરી૦ મૂક્યા ચિત્ર-વિભાગ રે. ખરી૦

પંડિતા પાસે ઊભી, ખરી૦ રાજા જોતા જાય રે; ખરી૦
કોઈ વખાણે રંગને, ખરી૦ કોઈ કળા-ગુણ ગાય રે. ખરી૦

કોઈ મંદિરો દેખતા, ખરી૦ કોઈ જુએ જિન-નાથ રે; ખરી૦
કોઈ દેવ-દેવી જુએ, ખરી૦ કોઈ સઘળો સાથ રે. ખરી૦

વજ્રજંઘ કુમાર ત્યાં, ખરી૦ દેખે જ્યાં ચિતાર રે; ખરી૦
મૂર્છા પામીને પડે, ખરી૦ દાસ કરે ઉપચાર રે. ખરી૦

કારણ પૂછે પંડિતા— ખરી૦ કુમાર થાતાં સ્વસ્થ રે; ખરી૦
કહે કુમાર : "અમારી આ— ખરી૦ ચિત્રે વાત સમસ્ત રે. ખરી૦

---

× ઉછેરનારી ધાય માતા (Nurse)

ઈશાન સુર-લોકે હતી— ખરી० સ્વયંપ્રભા રૂપ-ખાણ રે; ખરી०
લલિતાંગ સુર હું હતો, ખરી० પ્રિયાની ઓળખાણ રે— ખરી०

મૂર્છા-કારણ જાણ તું; ખરી० મળે મને એ કેમ રે?'' ખરી०
કહે પંડિતા, ''સત્ય છે— ખરી० વાત કહો છો તેમ રે. ખરી०

ચક્રવર્તીની પુત્રી તે— ખરી० ધરે આપ પર પ્રેમ રે; ખરી०
વજસેનને આ બીના— ખરી० કહીશ બની છે, તેમ રે.'' ખરી०

ચક્રવર્તી સુણી હર્ષથી ખરી० તેડે તે કુમાર રે— ખરી०
**શ્રી**મતી-કન્યા-દાન દે— ખરી० કરી મહોત્સવ સાર રે. ખરી०

ચંદ્ર, ચાંદની રૂપ તે— ખરી० વરકન્યાનો યોગ રે; ખરી०
લોહાર્ગલ પુર તે ગયાં; ખરી० ત્યાં યોગાનુયોગ રે— ખરી०

સુવર્ણજંઘ નૃપાળને— ખરી० વાદળથી વૈરાગ્ય રે— ખરી०
ઊપજ્યો, તેથી પુત્રને— ખરી० નૃપપદ દે, લે ત્યાગ રે. ખરી०

ચક્રવર્તી કમળે જુએ— ખરી० ભ્રમર મરેલો જ્યાંય રે, ખરી०
નાશવંત ગણી, સૌ તજી ખરી० તીર્થંકર તે થાય રે. ખરી०

વજજંઘ ને શ્રીમતી— ખરી० પુંડરીકિણી જાય રે; ખરી०
વનમાં મુનિ-તપ-પારણું— ખરી० દાન આપતાં થાય રે. ખરી०

મુનિ-દર્શન-ઉલ્લાસથી— ખરી० રાજા કરે વિચાર રે: ખરી०
''અહો! નિર્મમ મુનિ મહા— ખરી० નિષ્કષાય, ઉદાર રે. ખરી०

ધન્ય એ, હું અધન્ય છું— ખરી० ધરું ન પિતા-પંથ રે, ખરી०
ઔરસ પુત્ર અનુસરે— ખરી० જેમ સતી નિજ કંથ રે. ખરી०

હજીય વ્રત જો આદરું, ખરી० નહીં અયોગ્ય ગણાય રે; ખરી०
સ્વપુર જઈ દઉં પુત્રને— ખરી० રાજ્ય, એમ મન થાય રે.'' ખરી०

લોહાર્ગલ પુરે જઈ— ખરી० નિદ્રાવશ સૂઈ જાય રે; ખરી०
ધૂપ-ઘટે ધૂપ નાખીને; ખરી० નોકરને મન થાય રે— ખરી०

ઠંડો વા વાતો બહુ— ખરી૦ વાસું સઘળાં દ્વાર રે; ખરી૦
છિદ્રરહિત કરી ઓરડો— ખરી૦ નોકર ગયો બહાર રે. ખરી૦

રાજા, રાણી મરી ગયાં— ખરી૦ ધૂપ-ધૂમ્ર લે પ્રાણ રે; ખરી૦
આયુ ક્ષય થાતાં બને— ખરી૦ તૃણ પણ કારણ, જાણ રે. ખરી૦

મુનિ-દાને બાંધ્યું હતું— ખરી૦ આયુ-કર્મ યુગલિક રે; ખરી૦
ઉત્તરકુરુમાં(૭) ઊપજે— ખરી૦ બન્ને તે મંગલિક રે. ખરી૦

કલ્પવૃક્ષ આદિ સુખો— ખરી૦ ભોગવતા નિશ્ચિંત રે; ખરી૦
દૃઢધર્મા-જીવ સાધુ છે— ખરી૦ ચારણ-લબ્ધિ-મંત રે. ખરી૦

સ્મરી સ્નેહ તે પૂર્વનો, ખરી૦ આવી દે ઉપદેશ રે: ખરી૦
"સમ્યગ્દર્શનના વિના ખરી૦ પાત્રદાન-ફળ લેશ રે, ખરી૦

મુનિ-દાને સુખ પામિયા, ખરી૦ શુદ્ધ ધરો સમકિત રે; ખરી૦
મોક્ષવૃક્ષનું બીજ તે— ખરી૦ શુદ્ધ પદાર્થ-પ્રતીત રે. ખરી૦

મહાબલ-મંત્રી હું હતો— ખરી૦ સ્વયંબુદ્ધ, છે યાદ રે? ખરી૦
જૈનધર્મ પામ્યા હતા— ખરી૦ દેવ-ભવે પણ સાથ રે. ખરી૦

ભોગ-વાસનાથી હતા— ખરી૦ ત્યારે ભાવ મલિન રે; ખરી૦
ધરી વૈરાગ્ય ભવે હવે— ખરી૦ બનો સ્વરૂપે લીન રે." ખરી૦

શ્રીમતી આર્યાને કહે— ખરી૦ "તું પણ આ સ્વીકાર રે, ખરી૦
ખેદ-ખિન્ન શાને રહે— ખરી૦ ધરી નારી-વિકાર રે? ખરી૦

સમ્યગ્દર્શન - યોગથી— ખરી૦ ટળે નિંદ્ય પર્યાય રે— ખરી૦
થોડા ભવમાં પામશો— ખરી૦ મુક્તિ બેય સુખદાય રે." ખરી૦

મંત્રી-ઉપકારો સ્મરી— ખરી૦ બન્ને ગદ્ગદ્ કંઠ રે— ખરી૦
પામે સમકિત શુદ્ધ તે— ખરી૦ મોક્ષાર્થે ઉત્કંઠ રે. ખરી૦

☆
☆☆

# ૧૦૧
# શ્રી ઋષભ જિનેશ્વર
## ભાગ-૩

(રાગ : ત્રીજી દૃષ્ટિ બલા કહી જી, કાષ્ઠ અગ્નિ સમ બોધ)

★

**પ્રી**તિંકર ચારણ મુનિ જી, દઈ સત્શ્રદ્ધા-બોધ,
ભોગભૂમિ તજી તે ગયા જી, ગગન વિષે અવિરોધ રે.
ભવિજન ધન્ય ધન્ય આ અવતાર.

આર્ય-યુગલ આયુ-ક્ષયે જી, થાય **ઈ**શાને દેવ,
સ્ત્રી-વેદ તજી શ્રીમતી જી, **સ્વ**યંપ્રભ સ્વયમેવ રે. ભવિજન૦

**શ્રી**ધર[૮] સુર જીવ આર્યનો જી, કરે બે ય આનંદ,
શાશ્વત્ પ્રતિમા પૂજતા જી, કલ્યાણક સુખકંદ રે. ભવિજન૦

અવધિ-જ્ઞાને જાણિયું જી : પ્રીતિંકર મુનિરાય,
ધ્યાને શ્રેણી માંડીને જી, કેવળજ્ઞાની થાય રે. ભવિજન૦

આવી કેવળી પૂજતા જી, મુનિવર દે ઉપદેશ,
સુર, નર, પશુ, પક્ષી સુણે જી, રાખી લક્ષ અશેષ રે : ભવિજન૦

“પ્રાણી માત્ર પર સૌ ધરો જી, સદા દયા અવિરોધ,
ક્ષમા મોક્ષનું દ્વાર છે જી, ધરો ભાવ નિર્લોભ રે. ભવિજન૦

જ્ઞાન અને વૈરાગ્યની જી, સંપત્તિ હિતકાર,
કહે જ્ઞાનીજન ધર્મ તે જી, પાળ્યાથી ભવ પાર રે. ભવિજન૦

એથી ઊલટો અધર્મ છે જી : વિષયવાસના-દગ્ધ,
દુઃખકારક સુખ ઇચ્છતાં જી, પડે પાપમાં મુગ્ધ રે. ભવિજન૦

દ્વેષ ધર્મ પર તે ધરે જી, વરે અધોગતિ-દુઃખ,
કારણ સેવે દુઃખનાં જી, ક્યાંથી નીકળે સુખ રે? ભવિજન૦

**શ**તમતિ આદિ મંત્રીઓ જી, સહે નરકનાં દુઃખ,
નરકગતિનાં કારણો જી, સુણો કહું હું મુખ્ય રે—ભવિજન૦

જીવ-હિંસા, જૂઠ, ચોરી ને જી, પરની સ્ત્રીનો ભોગ,
મિથ્યાદર્શન, રૌદ્રતા જી, બહુ આરંભક યોગ રે. ભવિજન૦

બહુ પરિગ્રહ, ક્રૂરતા જી, દારૂ-માંસ-મધ-ટેવ,
મુનિ-નિંદા-ધિક્કારતા જી, વળી અધર્મની સેવ રે. ભવિજન૦

અધર્મની ઉત્તેજના જી, ઈર્ષા સૌની સાથ,
એવાં પાપ વડે પડે જી, નરકે જીવ અનાથ રે.''ભવિજન૦

શ્રીધર-સ્વયંપ્રભ સાંભળી જી, ધરે અતિ વૈરાગ્ય,
ધર્મ વિષે મન ધારતા જી, કરે દેવ-ભવ-ત્યાગ રે. ભવિજન૦

**ક્ષિ**તિપ્રતિષ્ઠિત પુરમાં જી, **સુ**વિધિ વૈદ્યને ઘેર,
**જી**વાનંદના(૯) નામથી જી, શ્રીધર-જન્મ-ઉછેર રે. ભવિજન૦

તે જ નગરમાં મિત્ર છે જી, બીજા પાંચ, વિચાર :
**સુ**બુદ્ધિ મંત્રી-પુત્ર છે જી, **મ**હીધર રાજકુમાર રે. ભવિજન૦

**ગુ**ણાકર સુત શેઠનો જી, **પૂ**ર્ણભદ્ર કુમાર
સાર્થવાહનો પુત્ર છે જી, છેલ્લો **કે**શવ ધાર રે—ભવિજન૦

સ્વયંપ્રભ-સુર-જીવ છે જી, **ઈ**શ્વર-શેઠ-કુમાર;
સાથે સર્વે એકદા જી, બેસી કરે વિચાર રે. ભવિજન૦

મુનિ ભિક્ષાર્થે આવિયા જી, કૃમિ-કુષ્ટ-પીડિત,
મહીધર જીવાનંદને જી, કહે : ''વૈદ્ય શિક્ષિત રે, ભવિજન૦

મુનિ આ ઉત્તમ પાત્ર છે જી, તમે દવાના જાણ,
વેશ્યા સમ પૈસા વિના જી, લહો ના ઓળખાણ રે.''ભવિજન૦

પ્રવીણ વૈદ્ય કહે : ''તમે જી, મદદ કરો તો થાય,
લક્ષપાક આ ઔષધી જી, મુનિને યોગ્ય ગણાય રે. ભવિજન૰

ચંદન ઉત્તમ જોઈએ જી, રત્નકામળી સાર,
લાવી દ્યો તો આપણે જી, કરીએ મુનિ ઉપચાર રે.''ભવિજન૰

વૃદ્ધ વણિક કને ગયા જી, લાખ, લાખની ચીજ
મૂલ્ય દઈ લેવા કહી જી, પૂછે પછી વણિક રે : ભવિજન૰

''શા અર્થે લઈ જાવ છો જી ?'' કહે મહીધર કુમાર :
''રોગી મુનિ કાજે લીધાં જી, વૈદ્ય મગાવે સાર રે.'' ભવિજન૰

વિસ્મય પામી તે વદે જી : ''અહો ! ધર્મ કરનાર,
યૌવન વય ક્યાં આપનું જી ! ક્યાં ઉત્તમ વિચાર રે !''ભવિજન૰

મફ્ત દીધી બન્ને ચીજો જી, ધર્મ-મૂલ્ય ગણી સાર,
પરમપદ તે પામિયો જી, દીક્ષા ગ્રહી ઉદાર રે. ભવિજન૰

છયે મિત્ર પછી આવિયા જી, વનમાં સાધુ સમક્ષ,
વંદન કરીને પૂછતા જી : ''પ્રભુ, ચિકિત્સા-લક્ષ રે. ભવિજન૰

થશે વિઘ્ન સુધર્મમાં જી, પણ સેવા દ્યો સાર;
આજ્ઞા આપો તો અમે જી, કરીએ આ ઉપચાર રે.''ભવિજન૰

*'મૌન' મુનિની સંમતિ જી ગણી, લાવે મૃત ગાય,
લક્ષપાક તેલે કરે જી મર્દન, તન પી જાય રે. ભવિજન૰

ઉગ્ર તેલથી મુનિને જી, મૂર્છા આવી જાય,
ઉગ્ર રોગની ઔષધી જી, એવી ઉગ્ર ભળાય રે. ભવિજન૰

આકુળ કૃમિકુળ તેલથી જી, ઉપર આવી જાય,
જેમ દરે જળ પેસતાં જી, કીડીઓ સૌ ઊભરાય રે. ભવિજન૰

---

* 'Silence is half consent'—મૌન અર્ધસમ્મતિસૂચક છે.

રત્નકંબલે વીંટતા જી, મુનિને **જી**વાનંદ,
કૃમિ તેમાં પેસી ગયા જી, લેવા સ્પર્શાનંદ રે. ભવિજન૦

ધીમેથી લઈ કામળી જી, ગાયનીં પાસે જાય,
મૃત કલેવરમાં મૂંકે જી, વીણી કૃમિ-સમુદાય રે. ભવિજન૦

ચંદન ચર્ચી મુનિને જી, દે થોડો આરામ,
વળી ફરી કાઢે બીંજા જી, માંસથી કૃમિ તમામ રે. ભવિજન૦

છેલ્લે અસ્થિમાંહિથી જી, કૃમિ કર્યા સૌ દૂર,
ચંદન-લેપનથી પછી જી, દે શાંતિ ભરપૂર રે. ભવિજન૦

નીરોગી મુનિ થયા જી, છ યે પુણ્ય-ભંડાર,
ખમાવી મુનિને ગયા જી; કરે મુનિ ય વિહાર રે. ભવિજન૦

બાકી ચંદન જે વધ્યું જી, રત્નકામળી તે જ,
વેચી ધન તે વાપરે જી, દેરાસર ખાતે જ રે. ભવિજન૦

એક વખત વૈરાગ્યમાં જી, વૃદ્ધિ પામી મિત્ર,
સઘળા દીક્ષા ધારતા જી, પાળે બની પવિત્ર રે. ભવિજન૦

દ્રવ્ય-ભાવ સલ્લેખના જી, કરીં લે અનશન સાર,
છયે દેહ તજીં ઊપજ્યાજી,(૧૦) **અચ્યુત** સ્વર્ગે, ધાર રે. ભવિજન૦

જીંવાનંદ-જીંવ હવે ચ્યવે જી, **ધા**રિણીં રાણી માત,
વિદેહે **પું**ડરીકિણી જી, **વ**જસેન નૃપ તાત રે. ભવિજન૦

**વ**જનાભના(૧૧) નામથી જી, ઊંછરે; વળીં તે ચાર,
અનુક્રમે ત્યાં ઊપજ્યા જી, સગા ભાઈ, વિચાર રે. ભવિજન૦

કેશવ-જીંવ **સુ**યશા થયો જી, અન્યત્ર રાજપુત્ર,
બાળપણાથી ઊછરે જી, સર્વે સાથે મિત્ર રે. ભવિજન૦

વજસેનને વીનવે જી, જો, લૌકાંતિક દેવ,
વજનાભ નૃપતિ કરી જી, લે દીક્ષા સ્વયમેવ રે. ભવિજન૦

ચાર દેશ દે ભાઈને જી, વસે સર્વ સંઘાત,
**અ**રુણ સમો એ પાંચમો જી, સારથિ સુયશા-ભ્રાત રે. ભવિજન૦

ચક્રરત્ન પણ એકદા જી, પ્રગટે શસ્ત્રાગાર,
ખબર મળ્યા તે દિવસે જી, પિતા કેવળી-સાર રે. ભવિજન૦

છયે ખંડ સાધ્યા પછી જી, ચક્રવર્તી નરેશ,
થયા પછી ત્યાં આવિયા જી, વજ્રસેન તીર્થેશ રે. ભવિજન૦

સમવસરણ દેવો રચે જી, ચક્રી ઝટ ત્યાં જાય,
પ્રભુ-વંદન કરી બેસતાં જી, હર્ષ ઉરે ના માય રે. ભવિજન૦

મનમાં એવું ચિંતવે જી : 'દુસ્તર ભવ દેખાય,
પિતા નાવ સમ તારશે જી, જો દીક્ષા લેવાય રે. ભવિજન૦

આજ સુધી હું મોહથી જી, રહ્યો પ્રમાદે મગ્ન,'
ગદ્ગદ્ કંઠે વીનવે જી : ''અહો! અહો! સર્વજ્ઞ રે, ભગવન્૦

મોહતિમિરને ટાળવા જી, આપ જ સૂર્ય સમાન,
અર્થ-કામ-ચિંતાભર્યું જી રાજ્ય દુઃખનું સ્થાન રે, ભગવન્૦

કડવી તુંબડી દૂધને જી, કરે બગાડી અપેય,
રાજ્ય-કુયોગે ધર્મને જી, ધાર્યો એવો હેય રે, ભગવન્૦

ભવજળમાં ના હું ડૂબું જી, બની આપનો પુત્ર,
દીધું રાજ્ય દીપાવિયું જી, શીખવો સંયમ-સૂત્ર રે.''ભગવન્૦

રાજ્ય-ભાર દઈ પુત્રને જી, દીક્ષા લે સૌ મિત્ર,
તપ-અભ્યાસે દીપતા જી, સુણે વાણી પવિત્ર રે. ભવિજન૦

વજ્રનાભ આરાધતા જી, વીશે સ્થાનક પૂર્ણ,
તીર્થંકર-પદ-બીજનાં જી, કરવા કર્મો ચૂર્ણ રે. ભવિજન૦

વજ્રનાભ પ્રશંસતાં જી, **બાહુ સુ**બાહુ ભાઈ,
સેવા-તત્પર તે હતા જી, અતિશય પુણ્ય કમાય રે. ભવિજન૦

**પીઠ મ**હાપીઠ જે ભણે જી સુણી મનમાં દુભાય,
ઈર્ષા મનમાં રાખતા જી, પણ ના કહી શકાય રે, ભવિજન૦

માયા-મિથ્યા-ભાવથી જી, બે બાંધે સ્ત્રી-વેદ,
અનશન આદરી સર્વ તે જી, આણે આયુ-છેદ રે. ભવિજન૦

**અ**નુત્તર(૧૨) વિમાનમાં જી, ઊપજે સુર સૌ તેહ,
ભોગ-કર્મ પૂરાં થયે જી, ધરતા માનવ-દેહ રે. ભવિજન૦

**ના**ભિ કુલકર છે પિતા જી, **મ**રુ-માતાની કૂખ,
વજ્રનાભ શોભાવતા જી, સ્વપ્ન ચૌદ* દે સુખ રે. ભવિજન૦

**અ**યોધ્યા ય ઇન્દ્રે રચી જી, કલ્પવૃક્ષના ભોગ,
સુર રત્નો વર્ષાવતા જી, જાણી નિજ નિયોગ રે. ભવિજન૦

ઇન્દ્રાદિ સુર આવીને જી, કરતા ઉત્સવ સાર,
માત-પિતા-પ્રભુને સ્તવી જી, ભક્તિ કરે અપાર રે. ભવિજન૦

ત્રણે જ્ઞાન સહ ગર્ભમાં જી, દેખે અવધિજ્ઞાન,
ગર્ભ વિષે પણ તે સુખી જી, આત્મા સુખ-નિધાન રે. ભવિજન૦

આષાઢી વદિ ચૌદશે જી, ઉત્સવ કરી સુર જાય,
પ્રભુ વધે ગર્ભે સદા જી, માતા બહુ હરખાય રે. ભવિજન૦

પ્રભાતે વિદ્વાનની જી, બુદ્ધિ વધતી જેમ,
ગર્ભ-પ્રભાવે માતની જી, શોભા વધતી તેમ રે. ભવિજન૦

શીતળ જળ હિમ-સંગથી જી, અતિશય શીતળ થાય,
વિશ્વ-વત્સલ અતિ બને જી, ગર્ભયોગથી માય રે. ભવિજન૦

ચૈત્ર વદિની આઠમે જી, જન્મે (૧૩)**ઋ**ષભ જિણંદ,
ઇન્દ્રાસન પણ કંપતાં જી, આવે સૌ સુર-વૃંદ રે. ભવિજન૦

---

* પાઠા૦ સોળ

સ્નાત્ર-મહોત્સવ મેરુએ જી પ્રભુને આણી થાય,
જગ-ઉદ્ધારક જન્મિયા જી માની સૌ મલકાય રે. ભવિજન૦

ભક્તિ ઉલ્લાસે કરી જી, સ્વર્ગે સૌ સુર જાય,
નાભિ નરેશ વધામણી જી, સુણી ઘણા હરખાય રે. ભવિજન૦

પ્રભુ-સંગે દેવો રમે જી, ધરી અનેક સ્વરૂપ,
કૂકડા બની કો બોલતા જી, ધરે મોરનું રૂપ રે. ભવિજન૦

વાનર બની હસાવતા જી, લે શશ-શિશુ-આકાર,
પોપટ બની પ્રશંસતા જી, કરી કોયલ-ટુહૂકાર રે. ભવિજન૦

ઊંઘાડે સુર ગીતથી જી, સેવા કરે અપાર;
અતુલ-બલી, કરુણા-ધણી જી દૂભવે નહીં લગાર રે. ભવિજન૦

વગર ભણ્યે જાણે બધું જી, સકળ કળા-નિપુણ,
અવધિ-શ્રુત-મતિ-માન તે જી, પામે યૌવન પૂર્ણ રે. ભવિજન૦

નાભિનૃપ કહે એકદા જીઃ "હે દેવાધિદેવ!
કમલ કાદવે ઊપજે જી, કનક ઉપલ* સ્વયમેવ રે, ભગવન્૦

છીપે મોતી ઉદ્ભવે જી, ઊગે પૂર્વમાં ભાણ,
તેમ પિતા હું આપનો જી, ઘટે નહીં અભિમાન રે. ભગવન્૦

જ્ઞાનનિધાન તમે પ્રભુ જી, નભથી કોણ મહાન?
તો ય અલ્પબુદ્ધિ ભણું જી, સ્નેહ-વશે બેભાન રે. ભગવન્૦

લોકગતિ વર્તાવવા જી, કરો હવે વિવાહ,
કુમારવય વીતી ગઈ જી, ઇચ્છું કુળ-પ્રવાહ રે."ભગવન્૦

વિનય કરી પ્રભુ બોલતા જી, મોહ-વિરોધી વાત,
"અજ્ઞાની જન ઇચ્છતા જી ભવવૃદ્ધિ, હે તાત! રે. ભવિજન૦

---

* સ્વર્ણપાષાણમાં

વિષયસુખ તો દુઃખ છે જી; માયા-મંડપ રૂપ
ઉપરથી લલચાવતું જી, શરીર તો ભવકૂપ રે. ભવિજન૦

અસ્થિ-માળો બાંધિયો જી, સ્નાયુ-રજ્જુ બંધ,
માંસાદિકથી લીંપિયો જી, કૃમિ વસે અનંત રે. ભવિજન૦

મઢી ચામડી રોમથી જી, અંદર ગંધ ખચીત,
મળમૂત્રે ભરપૂર છે જી, નવે દ્વાર કુત્સિત રે. ભવિજન૦

નિદ્રા-મદિરા ટેવથી જી, રાત્રે મૃતક સમાન,
ઊઠી અન્ન-ધનાદિની જી, ચિંતા-ચાનું પાન રે. ભવિજન૦

વ્યાધિનું ઘર જાણવું જી, વાત પિત્ત કફ માત્ર,
યંત્ર સમું અટકી પડે જી; સુંદર સ્ત્રીનું ગાત્ર રે—ભવિજન૦

સેવ્યાથી સુખ ના લહે જી, જ્ઞાની જન ગુણવંત,
પરંપરાએ દુઃખની જી, વૃદ્ધિ જીવ લહંત રે. ભવિજન૦

પરાધીન, બાધા ઘણી જી, બંધન-હેતુ, અનિત્ય,
વિષમ સુખ ઇન્દ્રિયનાં જી, દુઃખ દાવાનલ સત્ય રે.''ભવિજન૦

અભિપ્રાય પ્રભુનો સુણી જી, વદતા નાભિરાય :
''સુરનર સૌના પૂજ્ય છો જી, તમે કહ્યું તે ન્યાય રે. ભગવન્૦

નર-જન્મે નહિ રમ્ય તે જી, ઇચ્છે સુખ લે દુઃખ;
માથે મરણ વિચારતાં જી, ચઢે ન નજરે સુખ રે. ભગવન્૦

શરીર અશુચિ-ખાણ છે જી, અસાર છે સંસાર,
ઇન્દ્રિય-સુખ ના સુખ છે જી, તોપણ કરો વિચાર રે. ભગવન્૦

આગ્રહ મારો માનીને જી, આપ કરો સ્વીકાર
કન્યા-યુગલ સુલોચના જી,'' શરમાતા કુમાર રે. ભવિજન૦

નીચું મુખ કરી રહ્યા જી, લે અવધિ-વિચાર,
ચરણ-મોહ અવશેષ છે જી, હજી દુર્લંઘ્ય અસાર રે. ભવિજન૦

અંતરંગને ઓળખી જી, મંત્રી પાસે જાય,
**ક**ચ્છ-**મ**હાકચ્છેશની જી, કુંવરી યોગ્ય ગણાય રે. ભવિજન૦

માગું કરવા મોકલે જી, પછી મંત્રીને રાય,
સુરપતિ ઉત્સવ આદરે જી, સુરનર સૌ હરખાય રે. ભવિજન૦

**સુ**નંદા ને **ય**શોમતી જી, પરણાવે વિધિ સાથ,
મોં-માગ્યાં દે દાન ત્યાં જી, જનને નાભિનાથ રે. ભવિજન૦

યશોમતીના ગર્ભમાં જી, બાહુ-પીઠના જીવ,
સ્વર્ગથી આવીને રહ્યા જી, સુખે વધે સદીવ રે. ભવિજન૦

**ભ**રત, **બ્રા**હ્મી રૂપે થયાં જી પ્રથમ ઋષભ-સંતાન;
**બા**હુબલિ ને **સું**દરી જી સુનંદાનાં, માન રે— ભવિજન૦

સુબાહુ - મહાપીઠના જી જીવ બન્ને વિચાર;
બીજા અઠ્ઠાણું થયા જી, યશોમતી-સુત ધાર રે. ભવિજન૦

ઋષભદેવ શોભે અતિ જી, જાણે તરુ-વિસ્તાર,
જ્ઞાન-કળા શીખવે ઘણી જી, પુત્ર-પુત્રીને સાર રે. ભવિજન૦

ગણિત, ગીત ને અક્ષરો જી, વાચન લેખન સાર,
નરનારીનાં લક્ષણો જી, નાટક-ભાવ-વિચાર રે. ભવિજન૦

ભાષણ, ભૂષણ, સભ્યતા જી, બ્રહ્મચર્યના ભેદ,
મંત્ર તંત્ર યંત્રાદિથી જી, સૈન્ય-વ્યૂહ-વિચ્છેદ રે. ભવિજન૦

રત્ન શસ્ત્ર ગજ આદિની જી, પરીક્ષા, ઉપયોગ,
દેશ-દેશી ભાષા લિપિ જી, રસિક કાવ્ય-રસ-ભોગ રે. ભવિજન૦

તર્ક, વ્યાકરણ, ઔષધી જી, ચિત્ર-શિલ્પ-આકાર,
સર્વ લોક-વ્યાપારમાં જી કરે કુશળ પરિવાર રે. ભવિજન૦

યુદ્ધ અનેક પ્રકારનાં જી, અર્થ-શાસ્ત્ર, નીતિ સાર,
સર્વ જન-હિત સાધતાં જી, યુક્તિ ને ઉપકાર રે. ભવિજન૦

મંત્રી-મિત્ર-ધીર-વીરનો જી, આદર ને સહકાર,
પવન વહાણ-શઢે ભરે જી, તેમ બને જયકાર રે. ભવિજન૦

સામ - દામ - દંડાદિની જી રાજ - નીતિનું જ્ઞાન,
સજ્જનરક્ષા, દુષ્ટને જી શિક્ષાદિનું દાન રે. ભવિજન૦

પ્રજાધન-ભંડારની જી, આવક-જાવક સ્પષ્ટ,
યોગ્ય કર ઉઘરાણીથી જી, ટળે સર્વજન-કષ્ટ રે. ભવિજન૦

*ચાર-પુરુષની માહિતી જી, દે જન-મતનો ખ્યાલ,
જાતે જન-મન-રંજને જી, રાજા પ્રગતિ-પાલ રે. ભવિજન૦

નાભિ કુલકર પુત્રને જી, નૃપ-પદ દે સાક્ષાત્,
ઉત્સવ ઇન્દ્રાદિ કરે જી, ગમી પ્રજાને વાત રે. ભવિજન૦

★

કલ્પવૃક્ષ ફળ દે નહીં જી, જાણે પડ્યો દુકાળ,
ઋષભ નરેશ બચાવતા જી, લે સૌની સંભાળ રેઃ—ભવિજન૦

ખાદ્ય વનસ્પતિ દાખવે જી, શીખવે ધંધા સર્વ,
ઘડતાં, વણતાં શીખવે જી, રસોઈ-શાસ્ત્ર અપૂર્વ રે. ભવિજન૦

ખોટ કલ્પતરુની પૂરે જી, શિક્ષા પ્રભુની સાર,
વિદેહક્ષેત્ર સમ આ બન્યું જી, ભરતક્ષેત્ર સુખકાર રે. ભવિજન૦

સુશિક્ષિત સઘળા બને જી પૂછી પૂછી વારંવાર,
ક્ષેત્રાદિક વહેંચી દીધાં જી, વર્તે આજ્ઞાધાર રે. ભવિજન૦

કાળાં વાદળ દેખીને જી, પ્રભુ પાસે તે જાય,
ભય પામી પૂછે "કહો જી, અવાજ શાના થાય રે?" ભવિજન૦

વર્ણન મેઘ તણું કરે જી : "દે જળ, પાકે અન્ન,"
ખેતીની દે સૂચના જી, શીખવે થઈ પ્રસન્ન રે. ભવિજન૦

---

* છૂપી બાતમી મેળવનાર, detective, spy

અસિ-મસિ-શિલ્પ-કળા બધી જી, શીખવે જાણી યોગ્ય,
યુગલિક યુગ ગયા પછી જી, કરતાં નવા પ્રયોગ રે. ભવિજન૦

ઇક્ષુ—સાંઠા ઘણા થયા જી, કોલુથી રસ થાય;
ઘેર ઘેર ઇક્ષુ દીસે જી, કુલ **ઇક્ષ્વાકુ** ગણાય રે. ભવિજન૦

ઘણો કાળ સુખમાં ગયો જી, પ્રજાપતિ-રૂપ યથાર્થ;
સુરપતિ મનમાં ચિંતવે જી, અવધિથી લોક-હિતાર્થ રે, ભવિજન૦

**નીલંજસા** દેવી તણું જી, જાણી આયુષ્ય અલ્પ,
પ્રભુ પાસે ઝટ મોકલે જી : સ્વપર-હિત સંકલ્પ રે. ભવિજન૦

નભમાર્ગે આવી નમે જી, આજ્ઞા લઈ લે લાભ,
નૃત્ય અપ્સરા આદરે જી, શોભાવે શું આભ રે! ભવિજન૦

નૃત્ય-વાદ્ય-ગીત-એકતા જી, કર્ણ-નયન-સંધાન;
સભા વિસ્મય મહા ધરે જી, જાણે ધરતી ધ્યાન રે. ભવિજન૦

રંગ-સરોવર-પદ્મિની જી, રે! **યમ**-કરે કપાય,
બીજ-ચંદ્ર-રેખા સમી જી, જાણે ઝટ સંતાય રે. ભવિજન૦

ઇન્દ્ર-ધનુષ્ય *સમીરથી જી, એકાએક અલોપ,
તેમ શૂન્ય દેવી વિના જી, સભા પામતી ક્ષોભ રે—
ભવિજન, ધન્ય ધન્ય આ અવતાર.

☆
☆☆

* પવનથી

# ૧૦૨
# શ્રી ઋષભ જિનેશ્વર
## ભાગ-૪

(રાગ-ચોથી દૃષ્ટિનો : મનમોહન જિનજી મીઠી તાહરી વાણ)

★

ઋષભ જિનેશ્વર ચિંતવે જી : જગમાં ધ્રુવ ના કોય,
નીલંજસા રસ દાખવી જી, ગઈ તેવું સૌ હોય–
જીંવ, જોને ક્ષણ ક્ષણ નરભવ અવસર જાય.

### બાર ભાવના : (૧) અનિત્યભાવના

દ્વાદશ ભાવો જાગતા જી, પ્રકાશતા જિનરાય :–
"ધન તો મેઘધનુષ્ય શું જી, જોતજોતામાં જાય. જીંવ, જોને૦

પુત્ર, કલત્ર ન શાશ્વતાં જી, હય, ગજ, રથ, રખવાલ,
ચામર સમ ચંચળ ગણો જી, વિમાન કે સુખપાલ. જીંવ, જોને૦

વૈભવ સંધ્યા-રંગ શા જી, યૌવન અંજલિ-નીર,
મરણ-મધુકર ચૂસતો જી રૂપ-મધુ પુષ્પ શરીર. જીંવ, જોને૦

પરણે પ્રાતઃકાળમાં જી, સાંજે પડતી પોક,
રંગ-રાગ પલટાય સૌ જી, હર્ષ હતો ત્યાં શોક. જીંવ, જોને૦

એવી અધ્રુવતા ગણી જી, નિર્જન વનમાં વાસ,
શાશ્વતપદને પામવા જી, કરવો નિશ્ચય ખાસ. જીંવ, જોને૦

## (૨) અશરણભાવના

આ અશરણ જગ માનવું જી, ના નૃપ-રક્ષણ થાય,
*અસિ-પિંજર યોદ્ધા રચે જી, મરણ હરણ કરી જાય. જીૅવ, જોને૰

સર, સરિતા, ગિરિની ગુફા જી, જલધિ કે પાતાળ,
સ્વર્ગ, દુર્ગમ ગઢ નહીં જી, જ્યાં ન પહોંચે કાળ. જીૅવ, જોને૰

ઔષધિ અમી સમી મળે જી, ઇન્દ્ર સમા સ્વામી હોય,
વજ્ર સમા આયુધ છે જી, મરે ઇન્દ્રાણી તોય. જીૅવ, જોને૰

હરે હરણ ×હરિ જંગલે જી, તેમ મરણની ફાળ
અચૂક, જાણી ચેતવું જી, તજી અવર જંજાળ. જીૅવ, જોને૰

ત્રિગુપ્તિ આરાધવા જી, જે ન કરે પુરુષાર્થ,
મડદા સમ નર તે ભમે જી અશરણ, ચૂકી આત્માર્થ. જીૅવ, જોને૰

અનિત્ય નરદેહે રહે જી, આત્મા નિત્ય સુગુપ્ત,
શાશ્વતતા પ્રગટાવવી જી, રહું નહીં સુષુપ્ત. જીૅવ, જોને૰

## (૩) એકત્વભાવના

સ્વજન-મિત્ર-સંયોગના જી, થાય વિયોગો જરૂર,
જીવે જગમાં એકલો જી, ભમે સ્વકર્મે દૂર. જીૅવ, જોને૰

અબુધ, જન્માંધ, હીજડો જી, ગરીબ ને ગુણહીન,
દયામણો જીૅવ એકલો જી, ચંડ, ચંડાલ, દીન. જીૅવ, જોને૰

વનમાં ભીૅલ એ એકલો જી, સ્વર્ગે સુર પણ એક,
પુણ્યહીન પીડા ખમે જી, સ્થલ-જલ-નભ-ચર છેક. જીૅવ, જોને૰

નરકે નારકી એકલો જી, ત્યાં સંતાપ અમાપ,
વૈતરણી, અસિપત્ર ને જી, અતિ શીત ને તાપ. જીૅવ, જોને૰

---

* તરવારથી રક્ષા કરે × સિંહ

ભવ-કાદવમાં એકલો જી, રતિસુખ-પંકજ-લીન
ભમરા સમ, કે મોક્ષમાં જી એક સુખી સ્વાધીન. જીવ, જોને૦

### (૪) અન્યત્વભાવના

સકલ લોકમાં એકલો જી, માનો સૌથી ભિન્ન,
જીવ ભિન્ન પરમાણુથી જી, પિંડથી પણ ન અભિન્ન. જીવ, જોને૦

પાપ-પુણ્યથી ભિન્ન છે જી, ભિન્ન જ કર્મ-વિપાક,
પત્નીથી પણ ભિન્ન છે જી, ભિન્ન અન્ન ને શાક. જીવ, જોને૦

જીવ ભિન્ન સુત-મિત્રથી જી, મારાં કહે અબુધ,
સર્વે ત્યાગી ચાલશે જી, ભલે નરેન્દ્ર, વિબુધ. જીવ, જોને૦

મોહવશ સુખ-કલ્પના જી, ઇન્દ્રિય-વિષયે અન્ય,
સ્વ-સુખ જે ના જાણતા જી, દુઃખો ખમે અધન્ય. જીવ, જોને૦

### (૫) સંસાર ભાવના

ચાર-કષાય-રસે ભર્યો જી, મિથ્યા સંયમ-વાસ,
જન્મ જરા ને મૃત્યુનો જી, સંસારે છે ત્રાસ. જીવ, જોને૦

*૧ નરકગતિ*

જીવ નરકમાં ઊપજે જી, તલતલ તન છેદાય,
દશે દિશામાં વેરી દે જી, પણ મળી આખું થાય. જીવ, જોને૦

મરવા ઇચ્છે નારકી જી, પણ ના મરી શકાય,
અસંખ્ય વર્ષો જીવતા જી, દુઃખદ નિત્યે કાય. જીવ, જોને૦

પછાડતા પગ ઝાલીને જી, વે'રે કરવત શિર,
ઘાણીમાં ઘાલી પીલે જી, પરમાધર્મી વીર. જીવ, જોને૦

પૂર્વ પાપ સંભારીને જી, તાંબું ગાળી પાય
'મદિરા પી' કહી બાળતા જી, તળે તેલમાં કાય. જીવ, જોને૦

નિમેષમાત્ર ન સુખ ત્યાં જી, દે મન-ઇંદ્રિય દુઃખ,
કહી શકે ના કેવળી જી, સહે સદાયે ભૂખ. જીંવ, જોને૦

*૨ તિર્યંચ ગતિ : જનાવર*

જનાવરોના જીવને જી, ક્ષુધા, તરસ ને ક્લેશ,
ત્રાસ ભાર ને મારનો જી, કહી શકે નહિ લેશ. જીંવ, જોને૦

શૃંગ-પાંખ-નખ-દાઢને જી, છેદે અંગ અનેક,
પાપીં શિકારી પીડતા જી, નહિ હિતાહિત-વિવેક. જીંવ, જોને૦

*૩ નરગતિ*

કર્મ વશે માનવ છતાં જી, ભીલ, ભંગી કદીં થાય,
મ્લેચ્છાદિ હિત ચૂકતા જી, પાપે જીંવે સદાય. જીંવ, જોને૦

નરકગતિને નોતરે જી; કદીં કુળ સારું હોય,
સભ્યતા, નીંતિ-નિયમો જી, સંયમ ધરતા કોય. જીંવ, જોને૦

સંત-સમાગમ ના મળે જી, કુમાર્ગે મૂંઝાય,
શ્રદ્ધે ના સન્માર્ગને જી, નહીં વાસના જાય. જીંવ, જોને૦

પાડાદિ પશુ હોમીંને જી, પશુ-યોનિમાં જાય,
દુઃખ દીંધે દુઃખી થતા જી, સુખ દીધે સુખ થાય. જીંવ, જોને૦

મુનિ અવગણીં, માયાવીંને જી માની, હિંસા-રક્ત
ભવ તરવા ભવ જે મળ્યો જી, ખોવે ભવ-આસક્ત. જીંવ, જોને૦

*૪ દેવગતિ*

કંઈ સુકૃત્ય કરી મરે જી ધરી અસમ્યક્ ભાવ,
નીચ દેવ પદ પામતા જી, અંત્યજ જેવા સાવ. જીંવ, જોને૦

વૈભવ પરના દેખીંને જી, ઈર્ષા-ખેદ-વિચાર,
મરતાં ઝૂરે તે ઘણું જી, કંપે કાય અપાર. જીંવ, જોને૦

'કલ્પવૃક્ષ-સુખ હા! જશે જી, વૈભવ દિવ્ય જનાર,
માળા આવી ક્યાં મળે જી? જશે દિવ્ય શણગાર.' જીંવ, જોને૦

સુંદર સુર કે ઇન્દ્રની જી, રક્ષાના કરનાર,
ગંધાતા સ્ત્રી-ગર્ભમાં જી, કૃમિ સહ જઈ વસનાર. જીંવ, જોને૦

વસમી કેદ વિષે વસી જી, દુઃખે નીકળનાર,
માંસલસ્તન-પય પી જીંવે જી, મળ-મૂત્રે સૂનાર. જીંવ, જોને૦

'હાડ-માંસ-રુધિરમાં જી, ઇચ્છું હું ના વાસ,
ચંદનતરુ તેથી ભલું જી, નરતન મસાણ ખાસ.' જીંવ, જોને૦

એમ આર્ત્ત-નિદાનથી જી, સુર તરુવર પણ થાય,
સુધર્મ-વિમુખ કુમાર્ગથી જી, ભવવનમાં ભટકાય. જીંવ, જોને૦

### (૬) લોક-ભાવના

જીવાજીવ વડે ભર્યો જી, ચૌદ [૧]રજ્જુભર લોક,
અનંત આકાશે રહ્યો જી, જુએ જ્ઞાન -[૨]આલોક. જીંવ, જોને૦

છયે દ્રવ્યથી પૂર્ણ છે જી, કોઈ નહીં કરનાર,
પરિણમે તે કાળથી જી, કોઈ નહીં ધરનાર. જીંવ, જોને૦

દાનવ - નરક - નિવાસનો જી, અધોલોક નિહાળ,
ઊંધા શંકોરા સમો જી, સાત રાજ-ભર ભાળ. જીંવ, જોને૦

જન - જનાવર જ્યાં વસે જી, મધ્યલોક વિચાર,
ઊર્ધ્વલોક ગણ દેવનો જી, મૃદંગનો આકાર. જીંવ, જોને૦

લોક-શિખરે મોક્ષ છે જી, સિદ્ધ-સદન સુખકાર,
સંસારે સુખ અંશ ના જી, છે સુખ મોક્ષે અપાર. જીંવ, જોને૦

જડ-સુખ-દુઃખો દેખિયાં જી, જગમાં વારંવાર,
ચાર ગતિમાં ફરી ફરી જી, તોય ન પામ્યો પાર. જીંવ, જોને૦

---

૧ રજ્જુભર=રાજભર. મધ્યલોક એક-રજ્જુપ્રમાણ છે, તેથી ચૌદગણો. ૨ પ્રકાશ.

## (૭) અશુચિભાવના

દેહ-પુરી પુરીષથી જી પૂૅરી *અપુનિત વિચાર,
કર્મ-કેદમાં પૂરિયો જી, જીવ શબે નિર્ધાર. જીૅવ, જોને૦

અસ્થિ-ભીંતની કોટડી જી, વાળે છાઈ ધાર,
સ્નાયુ-બંધે તે ટકે જી, ચામડીૅ લીંપણ-ગાર. જીૅવ, જોને૦

સાંધે સાંધા સાંધિયા જી, પીઠ-વાંસ આધાર,
શિરા-જાળરૂૅપ વેલડી જી, સર્વાંગે ચડીૅ, ધાર. જીૅવ, જોને૦

માંસ-મૂત્ર-કફ આદિનો જી, અંદર ભરિયો માલ,
નવે દ્વારથી નીકળે જી, જીવ કરે સંભાળ. જીૅવ, જોને૦

રુધિર-સંગ સૌ દ્વારને જી, દુર્ગંધી - ભંડાર,
અંદર ખદબદતા કૃમિ જી, વાત-પિત્ત-વિકાર. જીૅવ, જોને૦

પંચભૂતનું પૂતળું જી, અશુચિ એનું બીજ,
વમન-યોગ્ય રસથી વધે જી, ઝરે અશુચિ ચીજ. જીૅવ, જોને૦

મત્સ્ય, મગર ગંગાજળે જી વસે સદા ન પવિત્ર,
તો મરતા નરને મુખે જી, રેડ્યાથી શું, મિત્ર? જીૅવ, જોને૦

ક્રોધ-લોભ-માયા-મદે જી, મોહે જીૅવ લેપાય,
દેહાધ્યાસ ઘટાડતાં જી, આત્મા નિર્મળ થાય. જીૅવ, જોને૦

દ્વિવિધ સમ્યક્ તપે કરી જી, શોભાવે જે દેહ,
અશુચિ નરતન તેમનું જી, પૂજા લાયક એહ. જીૅવ, જોને૦

## (૮) આસ્રવભાવના

જીૅવ ઇન્દ્રિય અને મને જી, વર્તે વિભાવ-યુક્ત,
આસ્રવ કર્મ તણો થતો જી, આત્મિક વીર્ય-પ્રયુક્ત. જીૅવ, જોને૦

---

* પાઠા૦ અસ્પર્શ્ય

મૂર્તિ પર પડદા સમાં જી, [૧]જ્ઞાનાવરણીય કર્મ,
પાંચ ભેદથી રોકતાં જી જ્ઞાન, જીવનો ધર્મ. જીૅવ, જોને૦

દર્શન[૨] ગુણને રોકતા જી, કર્મ-ભેદ નવ દેખ,
રાજ-દર્શને રોકતા જી દ્વારપાળ સમ લેખ. જીૅવ, જોને૦

મધુ-લિપ્ત તરવાર જો જી, [૩]વેદનીૅનું દૃષ્ટાંત,
સુખ-દુખ બે ભેદે ભણે જી, મીૅઠાશ ને જીૅભઘાત. જીૅવ, જોને૦

અઠ્ઠાવીૅસ ભેદે ભણે જી, મદ્ય સમ [૪]મોહનીય,
બેડી સમ [૫]આયુષ્ય છે જી, ગતિભેદે મનનીય. જીૅવ, જોને૦

ત્રાણું ભેદો [૬]નામના જી, ચિત્રકાર દૃષ્ટાંત,
ઉચ્ચ, નીચ બે [૭]ગોત્ર છે જી, ઘટાદિ વાસણ-જાત. જીૅવ, જોને૦

અંતરાયના[૮] પાંચ છે જી ભેદો; વારે જેમ
ઇનામ દેતાં નૃપને જી પ્રધાન, વિઘ્નો તેમ. જીૅવ, જોને૦

પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ ને જી પ્રદેશ એવા ચાર,
મુખ્ય બંધના ભેદ છે જી; વિશેષથી વિસ્તાર. જીૅવ, જોને૦

અરૂપી ગુણ જીવનો જી, સર્વ શરીર-રહિત,
કર્મબંધ ટાળી વરે જી, સિદ્ધિ તે જીૅવ-હિત. જીૅવ, જોને૦

## (૯) સંવરભાવના

સંવર જે ના સાધતા જી, સહે ચાર ગતિ-દુઃખ;
કર્મ આવતાં રોકશે જી, તે લેશે શિવ-સુખ. જીૅવ, જોને૦

સુ-ધ્યાને મન રોકવું જી, તજી સ્પર્શ-વિલાસ,
જમીન પર સૂવું ભલું જી, ગોચરી-વૃત્તિ ખાસ. જીૅવ, જોને૦

સુંદર-કર્કશ શબ્દમાં જી, રાગ-રોષનો ત્યાગ,
સુગંધ-દુર્ગંધે સદા જી, સમતા - સેવન - રાગ. જીૅવ, જોને૦

વિકાર રૂપ-વિરૂપથી જી, મનમાં કદી ન થાય,
ચિત્ત-વચન-કાયા તણી જી, દુરિચ્છા રોકાય. જીૅવ, જોને૦

બાળે ક્રોધ ક્ષમા ધરી જી, વિનયે વાળે માન,
માયા મૂકે ઋજુ બની જી, લોભ તજે દઈ દાન. જીૅવ, જોને૦

સર્વસંગના ત્યાગથી જી, જિનગુણ-ચિંતન-યુક્ત
ઘોર તપે દહીઁ કામને જી, બને કષાયથીઁ મુક્ત. જીૅવ, જોને૦

આસ્રવદ્વારો વાસતાં જી, નવાં ન આવે કર્મ,
જૂનાં જાય તપાદિથી જી, પ્રગટે આત્મિક ધર્મ. જીૅવ, જોને૦

## (૧૦) નિર્જરાભાવના

યથાકાળ ફળ પાકતાં જી, પકવે કરી ઉપાય,
તેમ નિર્જરા ઉદયે જી, ઉદીરણા પણ થાય. જીૅવ, જોને૦

સકામ-અકામ નિર્જરા જી વળીઁ બે ભેદો મુખ્ય,
જનાવરો, વૃક્ષાદિ જે જી, સહે પરાણે દુઃખ—જીૅવ, જોને૦

અકામ કહીઁ એ નિર્જરા જી; બીઁજી કરે મુનિરાય
જ્ઞાન અને વૈરાગ્યથી જી સંવર સહિત થાય. જીૅવ, જોને૦

તપ-અગ્નિમાં તાવતા જી, જીવ-સુવર્ણ અશુદ્ધ,
શરીર-કુલડી સોનીઁની જી, શ્વાસ-ફૂંકે પ્રબુદ્ધ. જીૅવ, જોને૦

મન-ગજ તો જ્ઞાનાંકુશે જી કુપંથથી રોકાય,
વ્રત-વૃક્ષો ઉખેડશે જી, જો તે વશ નહિ થાય. જીૅવ, જોને૦

પરિષહ સહતા સંયમી જી, અનિયત કરે વિહાર,
કેશ-લોચ ને નગ્નતા જી, સમતા ધરે અપાર. જીૅવ, જોને૦

કનક-તૃણ, શત્રુ-સખા જી, રોગ-શ્વાસ સરખાં જ,
જ્ઞાની મુનિવર માનતા જી, તો મોક્ષ અહિંયાં જ. જીૅવ, જોને૦

પાળે નવ જળ રોકતાં જી, તાપે સર સુકાય,
તેમ જ નિયમિત જીવને જી, તપે કર્મ સૌ જાય. જીવ, જોને૦

## (૧૧) ધર્મ-ભાવના

મુક્તિ-ફલ દે નિર્જરા જી, સુધર્મ - તરુ - ઉપકાર,
[૧]ક્ષમા *ક્ષમાતલથી ઊગે જી, [૨]માર્દવ પલ્લવ સાર. જીવ, જોને૦

[૩]સત્ય, [૪]શૌચ બે મૂળ છે જી, [૫]આર્જવ-શાખા, માન,
દ્વાદશ મહા [૬]તપ-પુષ્પ છેજી, પરિમલ[૭] ત્યાગરૂપ દાન. જીવ, જોને૦

+દ્વિજ-સમૂહ કલ્લોલતો જી, સુર નર-સુખ-ફળ આમ,
[૮]બ્રહ્મચર્ય-છાયા ભલી જી, શ્રમિતોનો વિશ્રામ. જીવ, જોને૦

[૯]સંયમ થડ અતિ શોભતું જી, [૧૦]અકિંચનત્વ-સુહંસ,
નિર્મળ નિર્મમ આવતા જી, નહીં પરિગ્રહ અંશ. જીવ, જોને૦

જીવ-દયામય વાડથી જી, રક્ષા કરવી યોગ્ય,
રખા રહે સુધ્યાનના જી, મિથ્યાત્વ-મૃગ-અભોગ્ય. જીવ, જોને૦

શીલ-સલિલે સિંચતાં જી, તે તરુ મોટું થાય,
કોપાનલથી જો બચે જી, શિવ-ફલ દે સુખદાય. જીવ, જોને૦

## (૧૨) બોધિદુર્લભ-ભાવના×

ચહું સમાધિ બોધિ હું જી, ભવે ભવે હે નાથ!
જન્મું જ્યાં જ્યાં વિશ્વમાં જી, પ્રભુજી, ગ્રહજો હાથ. જીવ, જોને૦

પ્રભુ - આજ્ઞા ઉપાસવા જી, ગર્વ-રહિત સદાય,
માનવભવ આ વાપરું જી, પ્રમાદ કેમ કરાય? જીવ, જોને૦

---

* પૃથ્વી. સુધર્મતરુ ક્ષમારૂપી પૃથ્વીતલથી ઊગે છે, + દ્વિજ=પક્ષી, મુનિ. (યોનિ અને ઇંડામાંથી જન્મનાર પક્ષી; સમ્યક્ત્વરૂપ નવો ભવ ધરનાર આત્મજ્ઞાની મુનિ. દ્વિજ—બ્રાહ્મણ, બ્રહ્મચારી) × અહીં લેખક કથાનક વસ્તુ થોડી વાર ભૂલી, પોતાના ભાવ-પ્રવાહમાં વહી ગયેલ છે.

[×]અસત્ માન્યતા છોડીને જી, સત્શાસ્ત્રે મન લીન,
નિર્મળ બુદ્ધિ ઊપજે જી, ન ઇન્દ્રિય-આધીન. જીવ, જોને૦

ભવોભવની માગણી જી : વિષય-કષાય-વિરક્ત,
સેવા સંતની આદરું જી, ત્રિગુપ્તિ-સંયુક્ત. જીવ, જોને૦

આશા-પાશ છૂટી જજો જી, તૂટો મોહના બંધ,
કુશળ સંયમી સંતનો જી, ભવ ભવ હો સંબંધ. જીવ, જોને૦

સમ્યક્ત્વી કુટુંબમાં જી હો તો હો અવતાર,
અબુધને પણ બોધતા જી, મળજો સદ્ગુરુ સાર. જીવ, જોને૦

દીન ભણી કરુણા કરું જી, સદ્ગુણી ભણી પ્રેમ,
નિર્દય ભણી મધ્યસ્થતા જી, સૌ ભણી મૈત્રી-ક્ષેમ. જીવ, જોને૦

દેહ મહાવ્રત-યોગ્ય હો જી, ભવભવ તપ આધાર,
ધન, પરિજન, ઘર ના હશો જી, હો ઉર ઉપશમ સાર. જીવ, જોને૦

નારી ના પ્યારી થશો જી, નિષ્પાપી, નિર્લોભ,
ઉર સદા નિઃશલ્ય હો જી, નહીં પ્રમાદે ક્ષોભ. જીવ, જોને૦

સ્વાધ્યાયે દિવસો જજો જી, જ્ઞાન-દર્શનાધીન,
ચારિત્રે હો સ્થિરતા જી, સમાધિ-મરણે લીન. જીવ, જોને૦

જીવો જીવો વૈરાગ્યથી જી, બોધિ-સમાધિ સમેત,
ભવજળ-તારક ધારજો જી, સ્મરણ ચિત્તે સચેત.'' જીવ, જોને૦

ભવ-વૈરાગ્ય-ભીના પ્રભુ જી, ગણી લૌકાન્તિક દેવ,
બ્રહ્મલોકથી આવીને જી, સ્તવે દેવાધિદેવ :—જીવ, જોને૦

''સર્વ વ્યવસ્થા લોકની જી, વર્તાવી જે રીત,
ધર્મ-તીર્થ વર્તાવવા જી, અવસર આ તે રીત. જીવ, જોને૦

× પાઠા૦ અન્ય માન્યતા, ધૂર્ત સિદ્ધાન્ત.

જે અર્થે જન્મ્યા, પ્રભુ જી, તેનો આવ્યો લાગ;
કર્મો ગૃહસ્થ-વાસનાં જી પૂર્ણ થયાં, વીતરાગ.''જીવ, જોને૦

કરી પ્રેરણા તે ગયા જી, પ્રભુ બોલાવે પુત્ર,
કહે ભરતને : ''સુજ્ઞ છો જી, સંભાળો સૌ તંત્ર. જીવ, જોને૦

પંચમગતિ છે સાધવી જી, હવે ઘટે વનવાસ.''
ભરત ખેદ સહ બોલતા જી : ''અણઘટતું આ ખાસ; જીવ, જોને૦

આપ એંઠ ગણી છોડતા જી, તેમાં હોય ન સુખ,
ચરણ-સમીપે સુખ છે જી, સિંહાસને અસુખ. જીવ, જોને૦

આપની આગળ ચાલવું જી, દેશે સુખ અપાર,
હાથી-હોદ્દે બેસવું જી, મને ગમે ન લગાર. જીવ, જોને૦

શિર-છત્ર છો સર્વના જી, આપ સમીપ સુખ સાર,
રાજ્ય-ચિહ્ન છત્રાદિ સૌ જી, દેશે દુઃખ અપાર. જીવ, જોને૦

સેનાપતિ, મંત્રી છતાં જી, આપ વિના ન સુહાય,
સ્વામી વિના સૌ સંપદા જી, સતીને નહિ સુખદાય.'' જીવ, જોને૦

વિશેષ હિત જાણી કહે જી, ૠષભ જિનેશ્વર દેવ :–
''પૃથ્વી-પાલન કરો તમે જી, એ જ અમારી સેવ. જીવ, જોને૦

ન્યાયાન્યાય નિહાળજો જી, આજ્ઞાધારક આપ,
રાજ્ય તજી સર્વે જતાં જી, વધશે જન-સંતાપ. જીવ, જોને૦

રૌદ્ર બની વર્તાવશે જી, બળવંતો બહુ ત્રાસ.''
ભરત નિરુત્તરતા ગ્રહે જી, બને પ્રજાના દાસ. જીવ, જોને૦

☆
☆☆

# ૧૦૩
# શ્રી ઋષભ જિનેશ્વર
## ભાગ-૫

(રાગ : દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે)

★

**બા**હુબલિ આદિ પુત્રોને, દેશો પોતે આપે રે,
સર્વ જનોને સંતોષી તે **ભ**રત નરેશ્વર થાપે રે.
પરોપકાર-કારક પરમાત્મા ઊઠ્યા જગ ઉદ્ધરવા રે,
ઇન્દ્રાદિકનાં આસન કંપે, આવે ઉત્સવ કરવા રે. પરોપકાર૦

સ્નાન, વિલેપન, વસ્ત્રાભૂષણ, નૃત્ય, ગીત સુરસંગે રે,
જતી જ્યોતિ ઝબકે તે રીતે વૈભવ-ત્યાગ સુરંગે રે. પરો૦

સુદર્શના-શિબિકામાં બેસી ઉપવનમાં પ્રભુ આવે રે,
અશોકવૃક્ષ નીચે શિલા પર આસન ઉચિત લગાવે રે. પરો૦

કુટિલ, ધૂર્ત વિલાસ-વાસ ગણી, કેશ-લોચ તે કરતા રે,
તજી શણગાર, બની અણગાર તે મહાવ્રતો ઉચ્ચરતા રે. પરો૦

મોહજાલ સમ પટ પરિત્યાગે, નગ્નભાવ ઉપાસે રે,
કચ્છ - મહાકચ્છાદિ રાજા, નગ્ન બની રહે પાસે રે. પરો૦

પ્રદક્ષિણા દઈ નમન કરી સૌ, સુર-નર પાછા જાતા રે,
મહામુનિ નિર્ગ્રંથ બનીને ધ્યાન વિષે સ્થિર થાતા રે. પરો૦

છ માસની મન-મર્યાદાથી નિરાહાર તપ સાધે રે,
ઊભા સ્વામી પ્રતિમા યોગે, આત્મહિત આરાધે રે. પરો૦

બીજા રાજા સહી શકે ના, વિષય-વશ ભૂખ-દુઃખો રે,
કહે : "પ્રભુ તો સહે, અહો હો! દુઃખો જાણે સુખો રે. પરો૦

પગ ના થાકે વજ્રકાય એ, શીત-તાપ ના લાગે રે,
બોલે, ચાલે, જુએ ન કાંઈ, સ્નાન, પાન સૌ ત્યાગે રે. પરો૦

રાત-દિવસ નિદ્રા ના લેતા, નથી કોઈની આશા રે,
આવું તપ તો એ જ કરે રે! વનચર જુએ તમાસા રે.'' પરો૦

બધા મળીને કરે વિચારો, શું કરવું ના સૂઝે રે,
પ્રભુને વનમાં મૂકી એકલા, જવું ન મનમાં રુચે રે. પરો૦

રોકી શકે ના હવે હાજતો, શું મુખ લઈ પુર જાવું રે,
ભરત-ભૂપતિ-ભય પણ લાગે, વને વૃક્ષ સમ વસવું રે. પરો૦

ભરત-પુત્ર **મ**રીચિ આદિ તે, તાપસ-વેશે ફરતા રે,
કંદમૂલ ભક્ષણ કરી જીવે, વલ્કલ, જટાદિ ધરતા રે. પરો૦

કચ્છ-મહાકચ્છ તણા તનુજો, **ન**મિ-**વિ**નમિ બે નામે રે,
વીનવે પ્રભુ પાસે જઈ પોતે, વદી 'જય' શબ્દ સકામે રે : પરો૦

''દૂર દેશમાં દૂત તરીકે અમને મોકલી આવ્યા રે,
રાજ્ય બધાંને દીધાં આપે, અમને ના બોલાવ્યા રે. પરો૦

ગો-ખરી માત્ર ન પૃથ્વી પામ્યા, શા દોષે વિસાર્યા રે?
બોલો પણ નહિ શાને આજે? 'નાથ' અમે મન ધાર્યા રે.'' પરો૦

વારંવાર પગે પડી વીનવે : ''આશ અમારી પૂરો રે,
આપ જ એક અમારા સ્વામી, દુઃખ અમારાં ચૂરો રે.'' પરો૦

જિન-પુણ્ય-પરીક્ષા જાણે કરતા, શ્રદ્ધા ધારી સેવે રે,
આસન કંપે **ના**ગરાજનું, જાણ્યું અવધિથી દેવે રે : પરો૦

'દેશપતિ દે ગામ માગતાં, ક્ષેત્રપતિ મણ કણ દે રે,
ઘરપતિ દે માગણને મૂઠી, ત્રિભુવનપતિ શું ના દે રે? પરો૦

કુમાર બે માગે છે તે તો, આ કિંકર પણ આપે રે,'
એમ ગણી આવે પ્રભુ પાસે, શિર પ્રભુ-પદમાં સ્થાપે રે; પરો૦

સ્તવન કરી, કહે કુમારને તે : "હે નમિ, વિનમિ! ચાલો રે,
પ્રથમ પ્રભુએ મને કહેલા બે દેશો સંભાળો રે." પરો૦

એમ કહી વિમાન વિષે તે લઈ બન્નેને ચાલ્યા રે,
વિદ્યાઓ આપી, વિદ્યાધર-ગિરિ-પ્રદેશો આલ્યા રે. પરો૦

વસાવી નગરો ઉત્તર-દક્ષિણ શ્રેણી વિદ્યાધરની રે,
દેવ-મદદથી પાળે, પોષે; સુર-સુખ દેતી ધરણી રે. પરો૦

ઉગ્ર તપે પ્રભુ ઊભા ઊભા, સહે પરીષહ ભારે રે,
મનઃપર્યય સંયમથી ઊપજે, ગર્વ ન તેથી લગારે રે. પરો૦

શીત, તાપ, વરસાદ વીજળી, વાઘ વરુ ભયકારી રે,
ભૂખ, તરસ, નિદ્રાદિ હાજતો અર્ધ વર્ષ વિસારી રે. પરો૦

પછી ચિંતવે : "દીવો તેલે, તરુ જળથી પોષાયે રે,
આ કાયા આહારે ચાલે, ભિક્ષા-શુદ્ધિ સહાયે રે. પરો૦

તે માટે વસ્તીમાં ફરવું એક વખત મધ્યાહ્ને રે,
દોષ-રહિત ભિક્ષા ના પામું, તો તપ થાશે ધ્યાને રે. પરો૦

હું તો હજી ખેંચું તપ તોયે કાયા ચાલે તેવી રે,
પણ મુનિ-માર્ગ તણી રીતિને હવે પ્રગટવા દેવી રે. પરો૦

શરીર સાધન તપનું ટકતું મુનિજનનું આહારે રે,
તપથી ઇંદ્રિય-જય, પછી સમતા, મોક્ષ એ જ આધારે રે." પરો૦

મૌનપણે ભિક્ષાર્થે વિચરે, પ્રતિમા-યોગ તજીને રે,
જગ-ઉપકારક ઋષભ જિનેશ્વર, સમિતિ-યોગ સજીને રે. પરો૦

નગરજનો નમીને બોલાવે : "સ્વીકારો મે'માની રે,
અમ ઘર પગલાં જરૂર કરો પ્રભુ, પ્રીતિ-રીતિ પિછાની રે. પરો૦

આપે બહુ ઉપકાર કર્યા છે, રત્ન-ભેટ લ્યો મારી રે,"
વસ્ત્ર, વાહનો અનેક ધરતા, વળી કન્યા દે સારી રે. પરો૦

માળા, પાન-સોપારી આપે, પાકી કેરી દેતા રે,
"શા અપરાધ અમારા દેખો? બોલો નહિ, નહિ લેતા રે!" પરો૦

અકલ્પ્ય જાણી કશું ન લેતા, ઘર ઘર નિત્યે ફરતા રે,
બીજા માસ છ ભૂખે વીત્યા, ગજપુર પછી વિચરતા રે. પરો૦

બાહુબલિના સુત **સો**મપ્રભ, રાજ્ય કરે તે પુરે રે,
તે રાત્રે **શ્રે**યાંસકુમારે સ્વપ્ન દીઠાં શુભ ઉરે રે. પરો૦

પ્રભાતમાં તો પ્રભુ પધાર્યા, લોક મળી વીનવતા રે,
કોલાહલનું કારણ જાણી કુમાર દર્શન કરતા રે. પરો૦

ગ્રંથાભ્યાસે બુદ્ધિ જેવી જાતિ-સ્મૃતિ જાગે રે,
શ્રીમતી-વજ્જંઘ આદિ ભવ, આ ભવ જેવા લાગે રે. પરો૦

શેરડી-રસનું દાન સરસ દે, પ્રભુ પોશે સ્વીકારે રે,
વર્ષીતપનું થયું પારણું, સુર *આશ્ચર્ય વધારે રે. પરો૦

અક્ષયતૃતીયા દાન-દિન તે, હજી પણ મંગલકારી રે,
પ્રભુ વિહાર કરી ગયા બીજે પુર, કુમાર-કીર્તિ વધારી રે. પરો૦

**ત**ક્ષશિલા બાહુબલિ-નગરી, આવ્યા સાયંકાળે રે,
ખબર કરી બાહુબલિ નૃપને તુરત બાગ-રખવાળે રે. પરો૦

પ્રજાજનો સહ જવા પ્રભાતે ઠાઠ-માઠથી ધારે રે,
પ્રભુ પ્રભાતે વિહાર કરીને બીજે ગામ પધારે રે. પરો૦

પ્રજા સહિત ઉત્સાહે આવે, ઉજ્જડ બાગ નિહાળે રે,
માળી બતાવે પ્રભુનાં પગલાં, શુભ લક્ષણ સહ ભાળે રે. પરો૦

વિરહ-વેદના કહી ન જાતી, પોક મૂકીને રૂએ રે,
પ્રભુ-વિહારની દિશા બતાવી, ઊંચે ચઢીને જુએ રે. પરો૦

તા. ૧૬-૪-૧૯૪૧ ચૈત્ર વદ ૫, બુધ, સં. ૧૯૯૭

* પંચ આશ્ચર્ય—સુવર્ણવૃષ્ટિ, પુષ્પવૃષ્ટિ, જયજયકાર, દુદુંભિ, દાતાની સ્તુતિ-ધન્યવાદ.

નાખોં નજર ના ક્યાંયે પહોંચે, શોક સમાય ન ઉરે રે,
મંત્રી આદિ દે આશ્વાસનઃ "પ્રભુ ઉરે, નહિ દૂરે રે; પરો૦

પ્રભુનાં પગલાં ઉપર સ્મારક સુંદર આપ રચાવો રે,
નિત્યપૂજાનું સ્થાનક કરીને, ભક્તિ ભાવ જમાવો રે." પરો૦

બાહુબલિને ગમી વાત તે, શરૂઆત કરી નાખી રે,
ચરણબિંબ પર કોઈ ન ચાલે, એવી બુદ્ધિ રાખી રે. પરો૦

ધર્મ-ચક્ર કરી દીધું સુંદર સૂર્ય-બિંબ સમ શોભે રે,
પૂજા-રક્ષા કરનારા નીમી, પૂજે ભૂપ અક્ષોભે રે. પરો૦

ભરતભૂપ શ્રેયાંસ-યશ સુણી, આવે તેની પાસે રે,
કરે પ્રશંસા દાન-વિધિની, સુણી મુનિ-નિયમ પ્રકાશે રે. પરો૦

સર્વ જનો ભક્તિસહ વિધિથી, દેતા દાન વિવેકે રે,
દાન-યોગ તો મળે કોઈને, ભાવ કરે બહુ, લેખે રે. પરો૦

★

પ્રભુ પણ કર્મ ધર્મથી કાપે, પચીસ ભાવના ચિંતે રે,
માતા સમ સંભારે સ્નેહે સમિતિ-ગુપ્તિ નિશ્ચિંતે રે. પરો૦

નારી - કથા - દર્શન - સંસર્ગે મન સંયમ સંભારે રે,
પૂર્વ-રતિ તજી નીરસ ભોજને, બ્રહ્મચર્ય દૃઢ ધારે રે. પરો૦

ઇન્દ્રિય-ઠગ તજી, પરમ પદાર્થે મનની વૃત્તિ વાળે રે,
જ્ઞાનગમ્મતે મન ઋષિ રોકે, મન-ચંચળતા ટાળે રેઃ– પરો૦

"હે મન-બાળક! નારી-રૂપ કૂપ પાસે *રમવા ના જા રે,
મોહ-સલિલે ડૂબી મરશે, એવી દોડ ભૂલી જા રે. પરો૦

જીવાજીવ-વિચારે રમજે, +ઇન્દ્રિય-રમત વિસારી રે,
સંયમ-બાગે વ્રત-વૃક્ષોમાં, ધ્યાન-રમત બહુ સારી રે. પરો૦

---

* પાઠા૦ ભમવા +પાઠા૦ ઇન્દ્રિય-વિષય

પરિષહ-શ્રમ નહિ તને જણાશે પંચાચાર-રસે ત્યાં રે,
શલ્યરહિત તપ શુદ્ધિ દેશે, સ્વરૂપ-સુખ મળે જ્યાં રે." પરો૦

એમ વિચરતાં પૃથ્વી-તલ પર હજાર વર્ષો વીતે રે,
કેવલ-શ્રી વરવા વરઘોડે જાણે ફરતા પ્રીતે રે. પરો૦

પુરિમતાલ પુરના ઉદ્યાને નિર્મલ, વિશાલ શિલા રે
વડ નીચે દેખી પ્રભુ બેઠા, રચી ધ્યાનની લીલા રેઃ— પરો૦

સંસારે સુખ અલ્પ ન લેખે, દુઃખ દીસે સુખ-વેશો રે,
અલંકાર તનુ-ભાર, ખરેખર! ગાયન રુદન-વિશેષો રે. પરો૦

દેહ - ઘસારો કામ - વિકારો, જન્મ-મરણના હેતુ રે;
ગર્ભાવાસ ટળે જે ભાવે તે જ મોક્ષસુખ-કેતુ રે. પરો૦

કર્મરહિત નિરંજન આત્મા, સિદ્ધ સમાન વિચારે રે,
સમ્યગ્ભાવે મોક્ષ-ઉપાયે અપ્રમત્ત મન ધારે રે. પરો૦

મોહ-ક્ષય કરી, ઘાતી કર્મ સૌ ક્ષણમાં ક્ષય જ્યાં કરતા રે,
લોક-અલોક-પ્રકાશક રવિ સમ, જ્ઞાન પરમ તે વરતા રે. પરો૦

ઇન્દ્રાસન કંપે સ્વર્ગે પણ, સુર-તરુ-શાખા નાચે રે,
જાણે હર્ષે વર્ષે પુષ્પો, ગગન પુરાય અવાજે રે. પરો૦

અવધિજ્ઞાને ઇન્દ્ર વિચારે, જ્ઞાન-મહોત્સવ કાજે રે,
સૌ દેવો સહ હર્ષે આવે, શોભા દિવ્ય વિરાજે રે. પરો૦

ઋષભ જિનેશ્વર દર્શન કાજે, સ્પર્ધા દેવો કરતા રે,
અન્ય વિમાન ઘસાતાં મળીના ડાઘા મૃગસમ ધરતા રે. પરો૦

ચંદ્ર-વિમાને હજી પણ દેખો, જિન-જાત્રા-એંધાણી રે,
શ્યામ રંગ પણ ગર્વે ધારે, ધર્મ-ભાવના જાણી રે. પરો૦

સમવસરણ-રચના સુર કરતા, ચમત્કાર-ભરી કેવી રે!
કનક-રત્નની કરી ગૂંથણી, સુખકર જોવા જેવી રે. પરો૦

પૂર્વાભિમુખ પ્રભુ બિરાજ્યા, દીસે સર્વ દિશામેં રે,
રચના દેવો એવી કરતા, જાણે પ્રભુ છે સામે રે. પરો૦

ફાગણ વદ અગિયારસ દિને જ્ઞાન-કલ્યાણક કરતા રે;
સુર, નર, પશુ એકત્ર મળી ત્યાં, હર્ષ ઉરે અતિ ધરતા રે. પરો૦

કષાય શમાવી, જાતિ-વેર તજી, સૌ શાંતિ ઉર ધારે રે,
મૃગ-મૃગપતિ, નકુલ-નાગ ત્યાં ભય તજી, બેસે હારે રે. પરો૦

**ભ**રત ભૂપને મળે સામટા સમાચાર ઉત્સવના રેઃ—
કેવળજ્ઞાન પિતા પામ્યાના, ચક્ર - પુત્ર - પ્રસવના રે. પરો૦

પ્રથમ મહોત્સવ શાનો કરવો? તે માટે વિચારે રે,
ધર્મ-કર્મથી સૌ સંપત્તિ, ચક્રાદિક પ્રકારે રે. પરો૦

પુત્ર-કલત્રે ધર્મ ભૂલે તે, તરુ છેદી ફળ ખાતા રે,
મોહ-બળે વિચાર ઊગે ના, ભજવા પ્રભુ પ્રખ્યાતા રે. પરો૦

અયોધ્યાવાસી સર્વ જનો સહ ભરત ગયા પ્રભુ પાસે રે,
સમવસરણ-જીવ-જલજ રવિ-પ્રભુ નીરખે સૌ ઉલ્લાસે રે. પરો૦

શશી સમ છત્ર ત્રણ શિર શોભે, સેવે પદ ઇન્દ્રાણી રે,
ચોસઠ ચમર ઇન્દ્રગણ વીંઝે, ઋદ્ધિ ન જાય વખાણી રે. પરો૦

દઈ પ્રદક્ષિણા ભરત ભૂપ તો વંદન કરીને સ્તવતા રે :
''અહોભાગ્ય અમારાં કે પ્રભુ, રહ્યા આજ લગી જીવતા રે. પરો૦

જાણે આજે સિદ્ધ થયો હું, પરમાનંદ ન માતો રે,
નિરુપમરૂપે તમને દીઠા, સફળ કંઠ ગુણ ગાતો રે. પરો૦

કૃતકૃત્ય આ ચરણ થયા જે, આપ સમીપે લાવ્યા રે,
નયન સફળ આ પ્રભુ-દર્શનથી, કર સેવામાં આવ્યા રે. પરો૦

ઝીલે કર્ણ જે ધ્વનિ દિવ્ય તે ધન્ય! ધન્ય! અતિ ગણવા રે,
વાણી સુણી સદા વખાણે પ્રશસ્ત તે પણ ભણવા રે. પરો૦

નામ રટે તુજ તે જીભ સાચી, તુજ સન્મુખ મુખ સાચું રે,
કૃતકૃત્ય મન તે હું માનું, જે તુજ પદ-કજ રાચ્યું રે. પરો૦

તમને ધ્યાવે તે જ યોગી છે, કવિ જે સ્તવતા તમને રે,
સુર ખરા જે ભક્તિ-રાગી, શિર જે ઝૂકે નમને રે. પરો૦

તુજ વચનો માને તે મુનિ, નમસ્કાર તે સહુને રે,
તુજ શરણે જીવે તે જીવો, વરશે મુક્તિ-વહુને રે.'' પરો૦

નમસ્કાર કરી ઇન્દ્ર સમીપે જઈ નરેન્દ્ર બિરાજે રે,
ઋષભ જિનેશ્વર કરુણા કરીને વદતા જગજન કાજે રેઃ પરો૦

''જીવ અજીવ બે તત્ત્વો મુખ્યે, વિશ્વ વિષે, ઉર ધારો રે,
યોગ અનાદિ કર્મ રૂપે પણ, સ્વરૂપ શુદ્ધ વિચારો રે.''
પરોપકાર-કારક પરમાત્મા વદતા જગ-જન કાજે રે....

''એક દેહ દેખાતો તેમાં ષટ્ તત્ત્વો નિહાળો રે,
સર્વ-વ્યાપી આકાશ વસે ત્યાં, દેહ-વ્યાપી જીવ ભાળો રે. પરો૦ વ૦

જીવ એકલો જાણી શકતો, પાંચ અજીવ પ્રમાણો રે,
ધર્મ-અધર્મ ગતિ-સ્થિતિ-હેતુ, પુદ્ગલ મૂર્તિક જાણો રે.
પરોપકાર-કારક પરમાત્મા વદતા જગ ઉદ્ધરવા રે.....

વર્તન-હેતુ કાલ સમજવો; દ્રવ્ય છ કાયા-ભાંડે રે,
સ્વરૂપ લોકનું આ સંક્ષેપે, પિંડે તે બ્રહ્માંડે રે. પરો૦ વ૦

ક્ષીર-નીર સમ સેળભેળ એ; નાશ ન પામે કોઈ રે,
ચેતન જડ કે જડ ચેતનરૂપ થાય ન, સ્થિતિ જોઈ રે. પરો૦ વ૦

પુદ્ગલ-પુંજ-સંગથી ભૂલ્યો, ભટકે જીવ અજાણ્યો રે,
જ્ઞાને દેહ દેખી, પોતાને મોહે તે રૂપ માન્યો રે. પરો૦ વ૦

દેહાધ્યાસે દેહ-સુખાદિ, શોધે જીવ અનાદિ રે,
દેહ વેદના-મૂર્તિ માનો, દે ક્ષણિક સુખાદિ રે. પરો૦ વ૦

સદ્‌ગુરુ - સેવા - યોગે, બોધે, મોહ-જોર હઠી જાતું રે,
વિપર્યાસ અનાદિ ટળતાં, સ્વરૂપ શુદ્ધ સમજાતું રે. પરો૦ વ૦

પરને પર જાણ્યે પર-સુખની ઇચ્છા સહજે છૂટે રે,
દુઃખદાયી જો યથાર્થ જાણે, વ્યર્થ કોણ શિર કૂટે રે ? પરો૦ વ૦

જન્મ-જરા-મરણાદિક દુઃખો મોહ-વશે જીવ વેઠે રે,
જીવ નિરંતર રાગ-દ્વેષથી દુઃખી, કેદી પેઠે રે. પરો૦ વ૦

ચારે ગતિમાં દુઃખો દેખો, ક્યાંય નથી સુખી આત્મા રે,
મુક્ત-દશામાં સુખ નિરંતર પામે છે પરમાત્મા રે. પરો૦ વ૦

નરક-દુઃખ સમ ગર્ભાવાસે મુક્ત જીવ નહિ પેસે રે,
આધિ, વ્યાધિ, ઉપાધિ ત્યાં ના, જરા-મરણ નહીં લેશે રે. પરો૦ વ૦

પરમાનંદ સતત શાશ્વતો, રવિ સમ કેવળજ્ઞાની રે,
સિદ્ધિમાં સિદ્ધો બિરાજે, તહીં મણા છે શાની રે ? પરો૦ વ૦

મોક્ષમાર્ગ શ્રદ્ધાથી પ્રગટે,– સમ્યગ્દર્શન નામે રે,
આત્મિક સુખ જીવ અનુભવે ત્યાં, જ્ઞાન સત્ય ત્યાં પામે રે. પરો૦ વ૦

સત્‌શ્રદ્ધાનાં પાંચ લક્ષણો લહે ભવ્ય નરનારી રે :–
[૧]શમ, [૨]સંવેગ, [૩]નિર્વેદ, [૪]આસ્થા, [૫]અનુકંપા દે તારી રે. પરો૦ વ૦

અનંતાનુબંધી ક્રોધાદિક શમતાં [૧]શમ ગુણ આવે રે,
ઘણા જીવો તરતા તે માર્ગે ×દ્વેષાદિ ના લાવે રે. પરો૦ વ૦

માત્ર મોક્ષ-અભિલાષા પોષે, તે [૨]સંવેગી વખાણો રે,
પરિભ્રમણથી થાક્યો ત્યારે, [૩]નિર્વેદે જીવ જાણો રે. પરો૦ વ૦

*પરમ નિઃસ્પૃહ જનનાં વચને તલ્લીનતા તે [૪]આસ્થા રે;
ભવ-દુઃખે ડૂબતા જીવોની કરુણા-પાત્ર અવસ્થા રે– પરો૦ વ૦

---

× પાઠા૦ અભાવાદિ * પાઠા૦ પરમ પુરુષે કહેલ તત્ત્વે તલ્લીન મન તે આસ્થા રે.

દેખીં, ઉપાય શોધીં આદરે, [૫]અનુકંપા તે જાણો રે,
સ્વ-પર દયા દિલમાં રાખે તે તારે, તરી પ્રમાણો રે. પરો૦ વ૦

સમ્યગ્દર્શન તણા પ્રતાપે, જ્ઞાન-દોષ દૂૅર થાતો રે,
કુશ્રુત આદિ સુશ્રુત બનતાં, મોક્ષ-માર્ગ સમજાતો રે. પરો૦ વ૦

વિપરીૅત વર્તન પણ પલટાતું, સુવ્રત આદિ આવે રે,
સર્વ-સંગ-પરિત્યાગ કરી તે સિદ્ધ-ભાવના ભાવે રે. પરો૦ વ૦

જીૅવતા સુધી પાંચ મહાવ્રત મુમુક્ષુ મુનિ પાળે રે,
ત્રસ કે સ્થાવર જીવ હણે ના, જીૅવન [૧]અહિંસક ગાળે રે. પરો૦ વ૦

પ્રિય, હિતકારી, મિત, અહિંસક, [૨]સત્ય વચન મુનિ બોલે રે,
આપ્યા વિના કાંઈ ન લેતા, વ્રત [૩]અચૌર્ય તે પાળે રે. પરો૦ વ૦

બ્રહ્મચર્ય[૪] વ્રત તન-મન-વચને પાળીં પળાવે હર્ષે રે,
મમતા કરે ન કોઈ પદાર્થે, વ્રત [૫]અપરિગ્રહ રક્ષે રે. પરો૦ વ૦

અંશે વ્રત તે પાંચે પાળે, અણુવ્રતી તે જાણો રે,
યથાશક્તિ ગૃહી ઉપાસક, મહાવ્રતે મન આણો રે. પરો૦ વ૦

સતીૅ, પત્ની-વ્રતીૅ, સંતોષી તે, સત્ય વચન ઉચ્ચારે રે,
ત્રસ જીૅવને ના હણે કદી તે, સ્થાવર વ્યર્થ ન મારે રે. પરો૦ વ૦

પરધન-પરદારા ના ચોરે, દાન દયા શીૅલ પાળે રે,
જે ત્યાગ્યું તેની તજીૅ ઇચ્છા, વ્રત-અતિચારો ટાળે રે. પરો૦ વ૦

સમતા-મુનિ-આચારો શીખે, કરીૅ ભોગ-સુખ-ઘટાડો રે,
વ્યર્થ પાપ-હેતુ તજીૅ જીવે, ધર્મભાવ ધરીૅ ગાઢો રે. પરો૦ વ૦

સર્વ ક્રિયા-ફળ મોક્ષ ઉરે ધરીૅ, રત્નત્રય આરાધે રે—
ગૃહસ્થ કે મુનિ-દશા વિષે જે, તે આત્મિક *હિત સાધે રે.'' પરો૦ વ૦

---

* પાઠા૦ સુખ

એ પ્રભુ-વાણી પ્રેમે સુણી બહુ જન દીક્ષા લેતા રે,
**ઋ**ષભસેન, **પું**ડરિક, **અ**નંતજી આદિ ગણધર થાતા રે. પરો૦ ઊ૦

**બ્રા**હ્મી આદિ બને સાધવી, માત્ર **મ**રીચિ ન પલટે રે,
દેશવ્રતી બહુ નર, પશુ બનતાં, મોહ ઘણાનો વિઘટે રે. પરો૦ ઊ૦

ચોરાશી ગણધર ગ્રહીં ત્રિપદી, શાસ્ત્રરૂપે વિસ્તારે રે,
શીખવે સૌ મુનિજનને મુખે, પ્રભુ અન્યત્ર પધારે રે.
પરોપકાર-કારક પરમાત્મા વિચરે જગ ઉદ્ધરવા રે.

ચક્રાધારે ભરતક્ષેત્રને **ભ**રત ભૂપ પણ જીતે રે,
છતાં અયોધ્યામાં ના પેસે, ચક્ર હજી કોઈ રીતે રે. પરો૦ વિ૦

સતી-મન પરપુરુષે ના પેસે, સ્વતંત્ર દાસ્ય ન ધારે રે,
પાત્રદાન પ્રતિ પાપી મન સમ, ચક્ર ખસે ન લગારે રે. પરો૦ વિ૦

પુરોહિત પૂછ્યાથી બોલે : ''જિતાયા નહિ ભાઈ રે,
તેથી ચક્ર પુરે ના પેસે, ચક્ર સહે ન સગાઈ રે.''પરો૦ વિ૦

અઠ્ઠાણું ભ્રાતાની પાસે, દૂત મોકલી બોલાવે રે,
ભરત-આજ્ઞા કોઈ ન માને, પ્રભુને પૂછવા આવે રે. પરો૦ વિ૦

વિનયસહિત નમીને સૌ પૂછે : ''રાજ્ય દીધાં,પ્રભુ, આપે રે,
આણ મનાવે ભરત હવે શી? મોટા થઈ સંતાપે રે. પરો૦ વિ૦

આપ કહો તે સર્વ કરીશું, આપ જ પૂજ્ય અમારે રે,
એક જ ધણી ધાર્યા તે ધાર્યા, તે તારે કે મારે રે.''પરો૦ વિ૦

# ૧૦૪
# શ્રી ઋષભ જિનેશ્વર
## ભાગ-૬

(રાગ : છટ્ઠી દૃષ્ટિનો, ભોળીડા હંસા રે વિષય ન રાચિયે)

★

ઋષભ પ્રભુને રે કુટુંબી વિશ્વ સૌ; વદતા પૂર્વ-પ્રયોગ :–
''માનવભવ આ રે દુર્લભ આવિયો, ફરી ફરી આવે ન યોગ.
જાગો હે જીવો ! રે મોહ કરો પરો.

ચારે ગતિમાં રે ભય મરણાદિનો, દુર્લભ ત્યાં સુવિવેક,
અજ્ઞાને જો રે જીવ બહુ આથડે, સુખ ઇચ્છે પ્રત્યેક. જાગો૦

દુઃખે બળતો રે આખોય લોક આ, સ્વકર્મ જ વૈરી-વર્ગ,
વેશ ધરાવે રે વિપરીત ભાવના, બહુ કરતાં ઉપસર્ગ. જાગો૦

વીર પુરુષો રે શત્રુ શોધીને, આણે તેનો જ અંત,
અનર્થકારી રે જન્મોજન્મ જે, દે દુઃખ રે ! અત્યંત. જાગો૦

કષાય-અગ્નિ રે આશ્રિતને દહે, નિર્મૂળ કરવા વિચાર,
રાખો સર્વે રે, આ અવસરે હવે, નહિ સંસારે સાર. જાગો૦

રાજી રાજ્યે રે શૂરવીર ના થતા, ઇચ્છે ન મોહ-વિલાસ,
પરિભ્રમણનાં રે પુષ્પો ધરે ખરે ! તૃષ્ણા-લતિકા ખાસ. જાગો૦

તૃષ્ણા ખાડી રે સ્વર્ગ-સુખો વડે, જો જરીયે ના પુરાય,
તો આશા શી રે અહિંયાં રાખવી ? લ્યો અવિનાશી ઉપાય.'' જાગો૦

સમજી સર્વે રે દીક્ષા ગ્રહી રહે, જનક જિનેશ્વર પાસ,
સુણી ચક્રી તે રે હર્ષથી લે કરે સૌની વ્યવસ્થા ખાસ. જાગો૦

**બાહુ**બલિને રે દૂત હવે મોકલે સ્વીકરાવા ભાઈ-આણ,
પણ બળ-ગર્વે રે નમવા ન ઇચ્છતાં, માંડે યુદ્ધ-મંડાણ. જાગો૦

રણશિંગાંના રે નાદો દશે દિશે આકાશે ઊભરાય,
નોબત, ભેરી રે, હય-ગજ-ગર્જના, સુભટ-હુંકારા થાય. જાગો૦

દિવ્યાયુધો રે ચક્રાદિ ચળકતાં, રથચક્રે ચિત્કાર,
રજ ઊડ્યાથી રે રવિ ઢંકાય ત્યાં, કરે ચારણ જયકાર. જાગો૦

વિદ્યાધર ને રે સુર-નર-અગ્રણી વીર-યશ વરવા જાય,
સેના સાથે ભરત નૃપ ચાલિયા, જીતવા બાહુબલિ રાય. જાગો૦

બાહુબલિએ રે નૃપ બહુ નોતરી, કરી તૈયારી સાર,
સામા ચાલ્યા રે નિજ સીમા સુધી, ધરી ઉત્સાહ અપાર. જાગો૦

સેના સર્વે સમક્ષ બાહુબલિ, બોલે બોલો વિશાળ :—
"મોટી સેના રે **ભર**તેશ્વરે ભરી, તેમાં માનો ન માલ. જાગો૦

રાત્રે તારા રે ગગને બહુ દીસે, રવિ ઊગ્યે રહે કોય?
મોટા વનમાં રે વૃક્ષો બહુ છતાં, ડરે દાવાનલ તોય? જાગો૦

કામ-વિકારો રે કલ્પિત સુખના, વિવિધ બતાવે વેશ,
ધ્યાની-મુનિ રે ધ્યાન-હુતાશને, બાળે ક્ષણમાં અશેષ. જાગો૦

ટોળેટોળાં રે હરણ, શિયાળનાં ટકે ન સિંહ સન્મુખ,
નાગ-આકારે રે રસ્તા રોકીને, દીપાવો જનની-કૂખ." જાગો૦

પાસે સૈન્યો રે બન્ને ય આવતાં, ચળકે આયુધ સર્વ,
મહાસાગરે રે જાણે રવિ-કરે, મોજાં ઝળકે અપૂર્વ. જાગો૦

સેના ભારે રે ધરા ધ્રુજાવતી, જાણે જળમાંહિ નાવ,
ગર્વ-મદિરા રે સર્વ પીવે શૂરા, બન્યા મરણિયા સાવ. જાગો૦

સેનાપતિના રે હુકમનીં જ જુએ, સેના સઘળી ય રાહ,
ત્યાં તો ગગને રે મોટો ધ્વનિ થયો, વાળે વૃત્તિ-પ્રવાહ. જાગો૦

બન્ને સેના રે હમણાં સુણે સ્વરો : ''જે કોઈ છોડે રે બાણ,
તેને દેવો રે દે છે મહાસ્વરે ઋષભ પ્રભુની રે આણ.'' જાગો૦

સજ્જ કરેલી રે ધનુષ્યનીં દોરીઓ, સુભટ ઉતારી દે ય,
ઘોડા ખેંચી રે સર્વે ય રાખતા, અસિ પેસે મ્યાને ય. જાગો૦

ભેરી, નગારાં રે હવે વાગે નહીં, ચારણ-સૂર ના સુણાય,
શિર કર જોડી મુકુટ-ધર દેવતા વીનવે બન્ને રાય. જાગો૦

સુશબ્દોથી રે રોષ શમાવતા : ''સૌ વિનયીંને વીનવે ય,
જય-લક્ષ્મીના રે સ્વામી અખંડ છો, ચરમશરીરી બે ય. જાગો૦

જગના ચક્ષુ રે જેવા બે ય છો, પૂજ્ય પિતાના સુભક્ત,
વાત અમારી રે બન્ને ય સાંભળો, દયાધર્મે આસક્ત. જાગો૦

સુતીક્ષ્ણ શસ્ત્રે રે કાં કિંકરો હણો, સ્ત્રીજન બહુ રંડાય,
બન્ને ભાઈ રે યુદ્ધો ભલે કરો, સૌ દ્રષ્ટા થઈ જાય. જાગો૦

ધર્મ-ન્યાયે રે ત્રિવિધ તમે લડો, તજી અનાર્ય વિચાર,''
સુણીંને બન્ને રે સંમતિ આપતા, થાય બે ય તૈયાર. જાગો૦

પ્રથમ લડાઈ રે દૃષ્ટિ વડે કરે, સન્મુખ ઊભા બે ય,
સામા-સામી રે સ્થિર તાકી જુએ, નહિ પાંપણ હાલે ય. જાગો૦

યોગી જેવા રે બન્ને ય સ્થિર ત્યાં, રવિ-શશીં સંધ્યાકાળ,
અંતે ભરતે રે આંખ મીંચી દીધી, બાહુબલિ લે જયમાળ. જાગો૦

ભીષણ શબ્દે રે બન્ને ફરી લડે, કરે ભરત સિંહનાદ,
ગગન-ગુફામાં રે તે અતિ ગાજતો, ભરે ત્રિભુવન-પ્રાસાદ. જાગો૦

બાહુબલિએ રે કરીં મહા ગર્જના, સર્વ ચકિત થઈ જાય,
દુઃશ્રવ સૌને ભયંકર લાગતી, વિશ્વ બધું વલોવાય. જાગો૦

ચડતા ચડતા રે નાદે વધે હવે, બાહુબલિ જીતી જાય;
બાહુ-યુદ્ધે રે ભેટે મલ્લ સમ, ત્રીજી બાજી રચાય. જાગો૦

ઉપર નીચે રે યુક્તિ-બળે થતા, પરવશ કરવા ચહાય,
બાહુબલિએ રે ભરત વશમાં લીધો, ફેંકે નભ અસહાય. જાગો૦

સુર પુષ્પોની રે વૃષ્ટિ કરી વદે : "બાહુબલિનો જયકાર!"
બાહુબલિને રે ચિત્ત ચિંતા થઈ, ઝીલે ભરતને ઉદાર. જાગો૦

ચક્રી ચિંતે રે ચક્ર-ઉપાયને, આવી ઊભું જ પાસ,
ભાઈ ઉપર તે રે! ફેંકે, છતાં ફર્યું પાછું, જાણે ઉદાસ. જાગો૦

કુટુંબીને રે તે ના હણી શકે; બાહુબલિ આણે ક્રોધ,
'ન્યાય તજી તે રે ચહે શિર છેદવા, તો હું હણું અવિરોધ.' જાગો૦

એમ વિચારી રે મુષ્ટિ ઉગામીને ભરત ભણી દોડી જાય,
યમદૂત જેવો રે અતિ વિકરાળ તે, અહો! વળી થંભી જાય. જાગો૦

દાવાનલથી રે અર્ધ વિદગ્ધ શું વિરૂપ વૃક્ષ-અનુમાન,
નિર્બળ દેખે રે ભરત-મુખ મ્લાન તે, હિમ-હત કમળ સમાન. જાગો૦

ચિત્તે ચિંતે રે બાહુબલિ હવે : "હું લઘુ ભ્રાતા તો ય,
ભૂમિ માટે રે ભાઈ હરાવિયા, મુજ સમ અધમ ન કોય. જાગો૦

ભુજબલ મારું રે આ નહિ કામનું, રાજ્ય મને હો ત્યાજ્ય,
કોણે કોણે રે ભૂમિ નથી ભોગવી? તૃણ સમ સૌ સામ્રાજ્ય. જાગો૦

ભૂંડા મોતે રે વિષ દઈ મારતા ભાઈ, પિતા કે પુત્ર;
રાજ્યો માટે રે રણ રુધિરે પૂરે, સહે નરકાદિ *અમુત્ર. જાગો૦

તાતે ત્યાગ્યું રે જે દુઃખ જાણીને, તેમાં શું હોય સુખ?
મૃત્યુ-મુખે રે સકળ જગ આ પડ્યું, દેખે ના નિજ દુઃખ. જાગો૦

---

* પરલોકે

સ્વજન ન કોઈ રે અંતે બચાવશે, ન મંત્રી, પુરોહિત સૈન્ય,
પૃથ્વી-પાલો રે પૃથ્વી તજી ગયા, જ્યાં તૃષ્ણા ત્યાં દૈન્ય.'' જાગો૦

એમ વિચારી રે પ્રગટ વદે હવે : ''ખમાવું હું, હે ભ્રાત!
અવિનય રોષે રે મેં બહુ આદર્યો, હું જઈ સેવું રે તાત.'' જાગો૦

નભથી વૃષ્ટિ રે ફરી દેવો કરે, વંદે સૌ એક સાથ,
ભરતેશ્વર તો રે આગ્રહ કરી કહે : ''તમે થયા નૃપ-નાથ. જાગો૦

હું તો હાર્યો રે સૌની સમક્ષ આ, [1]પરિભવ-દૂષિત રાજ્ય,
ન રુચે કરવું રે, ચક્રી તમે ખરા, ખમજો મુજ અપરાધ. જાગો૦

પડતાં ઝીલ્યો રે કરુણા કરી તમે, નહિ તો મૃત્યુ જ થાત,
ચક્રાદિ ના રે રક્ષા કરી શકત, દીધું જીવન સાક્ષાત્. જાગો૦

પુરી અયોધ્યા રે ચાલો હવે તમે, કરી રાજ્યાભિષેક,
શિરે તમારે રે મુકુટ મૂકીશ હું, લઈશ પછી સાધુભેખ. જાગો૦

સૌ ઇંદ્રિયો રે વશ કરી વિચરું, તજી પાપ-પુણ્ય-બંધ,
પ્રાણ સમર્પું રે યોગવિધાનમાં, સદાય રહું નિર્બંધ. જાગો૦

'મોકલી વનમાં રે ભરત સૌ ભાઈને, રાજ્ય કરે નિષ્ઠુર',
એ અપવાદે રે રહેવું ના ગમે, કહ્યું માનો હે શૂર!'' જાગો૦

તે સાંભળતાં રે બાહુબલિ વદે : ''બાળલીલા છે કે યાદ?
ઉછાળી હું રે ઝીલતો આપને, ધરો ન કાંઈ વિષાદ. જાગો૦

મારી તમારી રે વચ્ચે ન હારજીત, સઘળું ય માનો ફોક;
બાળક-બુદ્ધિ રે મારી વિસારી દ્યો, પૂજે તમને ત્રિલોક. જાગો૦

જેણે દીધું રે તેને જ આપવું રાજ્ય, જો ભાસે દોષ;
વિષ સમ લાગે રે ભોગો મને બધા, આપ ઉપર ના રોષ.'' જાગો૦

---

૧. અપમાનકારી

ભરતેશ્વરને રે સમજાવી મંત્રીઓ, અયોધ્યા તેડી જાય,
વનમાં ચાલ્યા રે બાહુબલિ હવે, કેવળી બનવા ચહાય. જાગો૦

કૈલાસે તે રે પથ્થર સમા ઊભા, કાયોત્સર્ગે અકંપ,
ઠંડી, વર્ષા રે તડકો સદા સહે, તપ તપતા તે મહંત. જાગો૦

ઋષભ સમીપે વિચાર જવા હતો, પણ પકડે દુષ્ટ માન,
નમવું પડશે રે નાનાય ભાઈને, મુનિ-નિયમો બળવાન. જાગો૦

બારી શોધે રે : કેવળી થઈ, જવું; ત્યાં નહિ નમન-આચાર,
દેવ-ગુરુને રે વંદી સ્તવી ધરે ભાવે મુનિ-વ્યવહાર. જાગો૦

ભવ-મૂળ જેવા રે જાણી ઉપાડતા, શિર-દાઢી-મૂછ-કેશ,
ધરી પ્રતિજ્ઞા રે મહાવ્રત આદિની, ઉત્તર ગુણનીય અશેષ. જાગો૦

પરિષહ સઘળા રે સહવા ઊભા રહ્યા, તજી શરીર-સંભાળ,
વન-તરુ જેવા રે ચર્મ-તરુ તેમને ગણે પશુ-પંખી-બાળ. જાગો૦

શિર પર બેસી રે કાગ ‘કા-કા’ કરે, વેલો વીંટે શરીર,
હરણાં ખણતાં રે શૃંગ ઊગતાં ઘસી, સૌ સહતા શૂરવીર. જાગો૦

કીડી, મંકોડી રે ડાંસ ડસતા ઘણા, નાગ વળી વિકરાળ,
વેલી-ફૂલે રે શીત-સુગંધમાં વીંટાય જાણે વાળ. જાગો૦

જાણે સઘળું રે પણ નહિ લેખવે, સિંહનાદ સંભળાય,
વીજળી પડતાં રે વજ્રશિલા તૂટે, નહિ ભય-શંકા થાય. જાગો૦

વાવાઝોડે રે વેલા તૂટી જતા, સહે જળધારા-માર,
આંગળીઓમાં રે દર્ભાંકુરો ઊગે, તોય ખસે ના લગાર. જાગો૦

તનુ પર બાઝે રે જાળ શેવાળની, વસતાં જંતુ અનેક,
ઋષભપ્રભુને નિરંતર અંતરે રાખે, ધરીને વિવેક. જાગો૦

નિદ્રા ત્યાગી રે વર્ષ પૂરું રહ્યા, નિર્બળ કરી બહુ કર્મ,
ઋષભપ્રભુની રે દિવ્યધ્વનિ સ્ફુરે : “બાહુબલિ શોધે ધર્મ. જાગો૦

વિચાર જાગ્યે રે કેવળ પામશે, **સુંદરી-બ્રાહ્મી**-નિમિત્ત,
'ઊંચા કરીથી રે ઊતરો' એટલું સુણી પલટાશે ચિત્ત.'' જાગો૦

હર્ષે બેનો રે બાહુબલિ શોધીને, વદતી પ્રભુ-આદેશ,
'ઊંચા કરીથી રે ઊતરો' સુણતાં, વિચારે સાધુ-વેશ. જાગો૦

સ્વર બેનોનો રે ઓળખી ચિંતવે : ''ઉચ્ચ કરી તો માન,
આ ઉપકારી રે બેનો ય વંદ્ય છે, નાના ભાઈ સમાન. જાગો૦

પ્રભુના યોગે રે ઋષભ સમાં બધાં, નથી આત્મામાં ભેદ,
શાને કાજે રે દૂર રહી હું સહું, નહિ નમવામાં ખેદ.'' જાગો૦

જ્ઞાન-રવિ ત્યાં રે પૂર્ણ પ્રકાશિયો, ઉત્સવ કરતા દેવ,
આવ્યા ભાઈ રે ભરતચક્રી તહીં, કરે ઉત્સાહે સેવ. જાગો૦

ઋષભ સભામાં રે પછી સહજે જતા, સર્વે કેવળી સાથ;
અતિ આનંદે રે પ્રભુને હવે સ્તવે, ભરતેશ્વર ભૂપ-નાથઃ—જાગો૦

''આ સંસારે રે હું હજી ડૂબિયો, પામ્યો ન કેવળજ્ઞાન,
ક્યારે ક્યારે રે હે પ્રભુ! આપશો, આ બાળકને ય ભાન? જાગો૦

ભાર ઉતારો ગહન ભવ-ચક્રનો, ગમતા નથી આ ભોગ,
તારો તારો વિભાવ-પ્રવાહથી, દ્યો નિત્ય-શુદ્ધ-ઉપયોગ. જાગો૦

એક અટૂલો રે રડવડું રાજ્યમાં, દુઃખી અંધા સમાન,
દીધું આપે રે ભૌતિક રાજ્ય આ, દ્યો હવે કેવળજ્ઞાન.'' જાગો૦

અશ્રુ સાથે રે સ્તુતિ કરી બેસતાં, પ્રગટ્યું અવધિજ્ઞાન,
તેથી જાણ્યું રે કર્મ હજી ભોગનાં બાકી અલ્પ પ્રમાણ. જાગો૦

પ્રભુના બોધે રે વધી જાગૃતિ અતિ, પછી નિજ પુરે જાય,
સેવક રાખે રે માત્ર ચેતાવવા, કરી તોરણ રચના ય. જાગો૦

દર દરવાજે રે ઘંટડીઓ તણું તોરણ કરતું નાદ,
મુકુટ અડતાં રે જગવે પ્રવેશતાં સત્સંગતિની યાદ. જાગો૦

રાખે નિરંતર લક્ષ સ્વહિતનો, આજ્ઞા નહીં ચુકાય,
ઋષભ-ચરણમાં રે સ્થિર મન રોપીને કાર્યો ત્રિયોગે થાય. જાગો૦

મંદિરોથી રે કરી ભૂમિ શોભતી, ભક્તિ કરે તે સદાય,
દાનાદિથી રે વ્રતીજન પોષતાં, ભવ તરવા તે ચહાય. જાગો૦

સત્શાસ્ત્રોનું શ્રવણ, ચર્ચા કરે, પ્રભુદર્શનના ભાવ,
સંઘ સકળની રે સેવા બહુ કરે, વધારી ધર્મ-પ્રભાવ. જાગો૦

વિહાર કરતા રે પ્રભુ બહુ દેશમાં, આવે સુગુર્જર દેશ,
પુનિત પગલે રે પાવન ભૂમિ કરે, દે ઉત્તમ ઉપદેશ. જાગો૦

લેતા લોકો રે દીક્ષા, વ્રતો ઘણાં, **શત્રુંજય** સંઘ જાય,
ભક્તિભાવે રે ગુર્જર ભૂમિ હજી, ગાંડી જગમાં ગણાય. જાગો૦

વળી સૌરાષ્ટ્રે રે પ્રભુ દે દેશના, ગિરિ પર સૌ સ્થિર થાય,
કહે પ્રભુ ત્યાં રે **પુંડરિક** આદિને : ''ખેદ ધરો ના જરાય. જાગો૦

થોડા કાળે રે મુક્તિ મળી જશે, અજબ આ ગિરિ-પ્રભાવ,''
અનશન કરીને રે બહુ મુનિઓ રહ્યા, લેવા અંતિમ લા'વ. જાગો૦

શશીની સાથે રે તારા સમા મુનિ રહેતા પુંડરિક પાસ,
સર્વ જીવોને ખમાવી સર્વ તે ધ્યાને કરતા નિવાસ. જાગો૦

કેવળ પામ્યા રે ચૈત્રની પૂનમે ગણધર આદિ રે સર્વ,
આઠે કર્મો ખપાવી તે ગયા મોક્ષે; તેથી સુપર્વ. જાગો૦

શત્રુંજયનું રે તેથી યથાર્થ છે **સિદ્ધાચલ** શુભ નામ,
પ્રથમ પ્રભુનું રે પ્રથમ સુતીર્થ એ, સિદ્ધિદાયક ધામ. જાગો૦

ભરતપતિ ત્યાં રચાવી મંદિરો, સ્થાપે પ્રતિમા અનેક,
ગણધર આદિ રે મુનિવર સર્વની, **આદિ**પ્રભુની ય એક. જાગો૦

વિહાર કરીને રે **અષ્ટાપદે** પ્રભુ, જગહિત કરતા જાય,
ભરત પધારે રે તે ગિરિ-શિખરે, આનંદ અતિશય થાય. જાગો૦

વાણી સુણીને રે પ્રભુની નિર્મળી, પ્રશ્ન પૂઁછે છે ય રાય :
"આ પરિષદમાં રે કોઈ એવો હશે જે તીર્થંકર થાય?" જાગો૦

દિવ્ય ધ્વનિથી રે પ્રભુ બોલે હવે : "તુજ સુત **મરીચિ** નામ,
થશે આ ભરતે રે **ત્રિપૃષ્ટ** નામથી પ્રથમ કેશવ ગુણધામ. જાગો૦

મહાવિદેહે રે ચક્રવર્તી થશે, થશે અહીં **મહાવીર**;
તીર્થંકર તે રે ચોવીસમા થઈ, સિદ્ધપદ લેશે સ્થિર." જાગો૦

આજ્ઞા લઈને રે મરીચિ વંદવા, વંદતાં વદતા રાય :
"પ્રભુ કહે કે રે મહાવીર નામના, તમે થશો જિનરાય. જાગો૦

મહાવિદેહે રે ચક્રવર્તી થશો, આદિ નારાયણ આપ,
તીર્થંકરની રે શક્તિ ગણી નમું, વરશો પૂજ્ય પ્રતાપ." જાગો૦

જાય અયોધ્યા રે ભરત ભૂપાલ તે; મરીચિ અતિ મલકાય,
નાચે, કૂદે રે કુલમદ પોષતાં, સમ્યક્ ભાવો ભુલાય :—જાગો૦

"આદિ દાદા, પ્રથમ ચક્રી પિતા, હું ચક્રી, વાસુદેવ,
તીર્થંકરની રે પદવી ય આવશે, અહો! દેવાધિદેવ." જાગો૦

એમ મદે તે રે ચઢીને બાંધતા, કર્મો લાંબાં અપાર,
ગિરિથી ગંગા રે પડી ઉદધિ જતાં શતમુખ બનતી, વિચાર. જાગો૦

ભરતે સ્વપ્ને રે મેરુગિરિ ડોલતો દીઠો અચાનક એમ,
પૂછે પ્રભાતે રે પુરોહિત-રત્નને : "આવ્યું સ્વપ્ન આ કેમ?" જાગો૦

પુરોહિતે રે જ્યોતિષથી કહ્યું : "થશે પ્રભુનું નિર્વાણ,"
ભરત પધારે રે અષ્ટાપદે હવે, પગપાળા મૂકી માન. જાગો૦

ઇન્દ્ર પધારે રે પ્રભુ પાસે હવે, આવે દેવો અનેક,
પ્રભુ-મુદ્રા તો રે ગંભીર, મૌન છે, પરમ શાંત, સ્થિર છેક. જાગો૦

અનશન-ધારી રે હજારો મુનિવરો, ધ્યાને સર્વે ય લીન,
શ્રેણી માંડી રે કેવળી સૌ થઈ, કર્મ કરે સૌ ક્ષીણ. જાગો૦

સુખ-આસને રે પ્રભુ બેઠા હતા, શુક્લ ધ્યાને વિલીન,
સ્તુતિ નિઃશબ્દે રે કરી સૌ ઉરમાં, રહે પ્રભુ-ચરણે લીન. જાગો૦

સુંદર ગિરિ તે રે નીર-ઝરણાં ઝરે; પ્રભુ નિર્જરા સહિત,
શોભે ગિરિ તે રે મૃગ-યૂથ મધ્યમાં, તેમ મુનિસમૂહે સ્થિત. જાગો૦

ગિરિ પર નાચે રે મયૂર કળા કરી, પ્રભુ-ગુણ દીપે અનંત,
બીજાં કર્મો રે આયુષ્યથી વધુ હોવાથી એ ભગવંત— જાગો૦

અપૂર્વ રીતે રે કર્મ સરખાં કરે, સમુદ્ઘાતે વિખ્યાત—
શરીર પ્રમાણે રે દંડ-આકારથી, સ્પર્શી રહે લોકાંત, જાગો૦

બીજે સમયે રે કપાટરૂપે બને, બેય પડખે વિસ્તાર,
ત્રિભુવન ચીરતો રે ભીંત-આકાર તે, સન્મુખ -[1]પૂંઠે ય ધાર— જાગો૦

તેવા રૂપે રે સમય ત્રીજે બને પ્રતર જાણે મંથાન,
ચોથે સમયે રે લોક પૂરો પૂરે; વિપરીત રીતે સ્વસ્થાન. જાગો૦

આઠ સમયમાં રે ક્રિયા બધી બને; પછી તો અયોગી થાય,
ત્રણે શરીરનાં રે પિંજર છતાં રહે અડોલ ઋષભ જિનરાય. જાગો૦

પંચાક્ષરના રે લઘુ ઉચ્ચારનો કાળ અયોગી ગણાય,
એક સમયમાં રે ઋજુગતિથી ગયા લોકાગ્રે જિનરાય. જાગો૦

સાદિ-અનંતો રે કાળ એ મોક્ષનો, આત્મિક સુખે ગળાય,
શુદ્ધ ગુણો સૌ રે પ્રગટ દીપે સદા, કેવળજ્ઞાને ભળાય. જાગો૦

ઉત્સવ છેલ્લો રે ઇન્દ્રાદિ ઊજવે, સંસ્કારી જિન-દેહ,
ઉત્તમ શિબિકા રે રચી તેમાં ધરી, શિખરે લઈ જાય તેહ. જાગો૦

કલ્પવૃક્ષનાં રે નવ-કુસુમો વડે વધાવે દેવી-દેવ,
પુષ્પપુંજથી રે પ્રભુનો દેહ તો, ન દેખાતો; શી સેવ! જાગો૦

---

૧ પાઠા૦ પીઠે ય

**કિન્નર**-લલના રે ભક્તિ તણાં ગીતો કરુણરસે શું ગાય!
**ના**ગ-કુમારી રે નાચે કળા-ભરી, સૌને આશ્ચર્ય થાય. જાગો૦

ચંદનકાષ્ઠે રે ચિતા કરી રૂડી, પધરાવે જિનદેહ,
**અગ્નિ**-કુમારે રે મુકુટમણિ ઘસી પ્રભુ-પદે, લગાડી ચેહ. જાગો૦

માનવભવ ના રે જાણે મળ્યો ગણી, થરથરે ભવ-ભયભીત,
ત્રાસી સંસારે રે જ્વાળા-પ્રભુ-પદે વળગે વાર અગણિત. જાગો૦

જમણી બાજુ રે ગણધરોની ચિતા પૂજ્ય, મનોહર રચાય,
ડાબી બાજુ રે સર્વે મુનિ તણી ઉત્તર ક્રિયા કરાય. જાગો૦

કપૂર તથા ઘી રે જ્વાળા વધારતાં ચિતામાંહિ હોમાય,
જાય ધૂમાડો રે ગગનમાં ઊડતો, શું અગ્નિ-મલ મુકાય! જાગો૦

×ચૌદશ કાળી રે માહ માસે હતી, મશાલ સમો કૈલાસ,
દૂર દૂરથી રે દર્શન ઘણા કરે, જાણી કલ્યાણક ખાસ. જાગો૦

શિખર ફરતી રે પ્રદક્ષિણા કરે સુર નર ભક્તિ-યુક્ત,
લોક ત્રણેમાં રે થોડી પળો લગી ઝબકે સુખ-વિદ્યુત. જાગો૦

સાગર-જળથી રે શાંત ચિતા કરી, રાખ, અવશેષ પવિત્ર—
લેતા લોકો રે ભાવ વિશેષથી, હરવા કર્મો વિચિત્ર.
જાગો હે જીવો! રે મોહ કરો પરો.

☆
☆☆

× નિર્વાણ મહા વદી ૧૩. મહાશિવરાત્રિએ—નિર્વાણકલ્યાણક ચતુર્દશી.

# ૧૦૫
# શ્રી ઋષભ જિનેશ્વર
## ભાગ-૭

(રાગ : અર્કપ્રભા સમ બોધ પ્રભામાં, ધ્યાન-પ્રિયા એ દિઠ્ઠી)

★

પિતા-વિયોગે **ભ**રતભૂપ તો શોક-સમુદ્રે ઝીલે,
શૂન્ય મને દેખે દેખાવો, રીઝે ન ગીત રસીલે રે–
પ્રભુજી, બોધબળે ભવ તરીએ.

વદે વિલાપે શોકાતુર તે : ''આપ વિના ના ગમતું;
**યુ**ગાદિદેવ હવે ના બોલે, અનાથ મુજ મન ભમતું રે. પ્રભુજી૦

ત્રિભુવનના આધાર હતા, પ્રભુ, આપ વિના અંધારું,
કોણ હવે આધાર અમારો ? શાથી શ્રેય અમારું રે ? પ્રભુજી૦

ઉત્તમ કુળમાં અધમ રહ્યો હું આ સંસારે સડતો,
કરુણા કરી ઉદ્ધાર કરો મુજ, રાખો નહીં રખડતો રે.'' પ્રભુજી૦

**ઋ**ષભસેન ગણધર કરી કરુણા, આશ્વાસન દે : ''ભાઈ,
શોક તણો અવસર ના આજે, ઉત્સવ કરો અઠ્ઠાઈ રે. પ્રભુજી૦

ભવ ધરવા મરતા તે મૂઆ, પ્રભુ તો જીવે નિત્યે,
અજર-અમરતા પામ્યા તેનો ઉત્સવ કરવો પ્રીતે રે. પ્રભુજી૦

નિરુપમ મોક્ષ-પદે પ્રભુ પહોંચ્યા, ભવસંકટ ઓળંગી,
સમજુ છો, સંતોષ-સમયમાં ન રહો વિષાદ-રંગી રે. પ્રભુજી૦

ચરમ-શરીરી છીએ આપણે, સમજ્યા સ્વરૂપ કૃપાથી,
તે જ રીતે સિદ્ધિપદ વરીશું અંતર-કાળ જવાથી રે. પ્રભુજી૦

મોક્ષ-ભાવના ફળી પિતાની, શોક ઘટે નહિ જરીયે,
માત્ર શત્રુજન શોક કરે કદી, સ્વજન સર્વ સુખ ધરિયે રે. પ્રભુજી૦

પિતા-સ્નેહ તો અલ્પ સમયનો, સ્નેહ દેવનો લાંબો,
ગર્ભ-કાળથી સેવા કરતા, જાણી અમૃત-આંબો રે. પ્રભુજી૦

ગાઢ ભક્ત સુર ભસ્મ કરી તન, નૃત્યાનંદ કરે એ,
વીતી વાત વિસારી, ભક્તિ કરતાં શોક ટળે છે રે. પ્રભુજી૦

પિતા પ્રથમ જિન, તમે ત્રિજ્ઞાની, શાને શોક વધારો ?
શીઘ્ર ઇન્દ્ર અગાઉ મોક્ષે આપ જનાર, વિચારો રે. પ્રભુજી૦

તમે સંસાર-સ્વરૂપ સમજો છો, હે ભરતેશ્વર ભાઈ !
કર્મ-ભારથી ભૂલો શાને ? કોને કોની સગાઈ રે ? પ્રભુજી૦

અનંતકાળથી ભવ ભમતાં બહુ માતપિતા તો મળિયાં,
મોહવશે મારાં માન્યાથી, નહિ ભવ-ફેરા ટળિયા રે. પ્રભુજી૦

ઋષભદેવ ત્રિભુવનપતિનું તન કર્માધીન હતું તે,
સદા રહે નહિ તે તો જાણો, કર્મો ગયે જતું તે રે. પ્રભુજી૦

જ્ઞાની ત્યાજ્ય ગણે શરીરાદિક, શરીર જણાતું નજરે,
દર્શન હૃદયે નિત્ય કરીને, સુજ્ઞ શોક પરિહરે રે. પ્રભુજી૦

એમ યથાર્થ વિચારી ઉરે વિમલ બોધ-ધારાથી,
દાવાનલ સમ શોક શમાવો, વાત વીતી વીસર્યાથી રે.'' પ્રભુજી૦

ગણધર-વાણી મધુરી સુણી, ભરતજી શોક શમાવે,
ચિંતા તજી, શિક્ષા અંતર સજી, શિર ગુરુ-પદે નમાવે રે. પ્રભુજી૦

સુર સુરપતિ સહ મુનિ સૌ વંદી, સ્તૂપ રચી ચિતા-સ્થાને
ગયા સ્વસ્થાને, ભરતપતિ પણ ધન્ય ભાગ્ય નિજ માને રે. પ્રભુજી૦

જિનપતિ - પિતા - સ્મારક કાજે, વર્ધકિ-રત્ન-મદદથી,
સિંહ-નિષદ્યા નામે મંદિર, બાંધે ધન બેહદથી રે. પ્રભુજી૰

ચોવીસે જિન - રત્ન - પ્રતિમા, મૂળ દેહના માપે,
ભક્તિ કરતી ભરત-પ્રતિમા, **અષ્ટાપદ** પર સ્થાપે રે. પ્રભુજી૰

દંડ-રત્નથી પર્વત છોલી, સ્તંભ સમો તે ઘડતા,
યોજન ઊંચાં આઠ પગથિયે ગિરિ અષ્ટાપદ વદતા રે. પ્રભુજી૰

તેથી તીર્થ અગમ્ય થયું તે સ્ફટિક-શિખર જન દેખે,
સ્ફટિકાદ્રિ, કૈલાસ કહે જન, અતિશય તીર્થ જ લેખે રે. પ્રભુજી૰

પ્રથમ પૂજા કરી ભરતજી હર્ષે સ્તવે ઋષભ સ્વામીને,
જાણે પ્રગટ પ્રભુની સામે બોલે ઊભા રહીને રે : પ્રભુજી૰

''જગ-સુખ-સાગર અતિ ઉપકારી, સૂર્ય સમા હિતકારી,
સચરાચર-જગ-ઉન્નતિ-કર્તા, અમને લ્યો ઉદ્ધારી રે. પ્રભુજી૰

નરકે પણ ક્ષણ સુખની લ્હાણી, પ્રતિ-કલ્યાણક કાળે,
પહોંચે પ્રભુજી આપ પ્રભાવે; સુદૃષ્ટિ તમને ભાળે રે. પ્રભુજી૰

આર્ય-અનાર્ય જનોને સરખા, પવન સમા ઉપકારી;
મોક્ષ વિષે ઉપકારી કોને? ત્યાં ગયા શું વિચારી રે? પ્રભુજી૰

આપ પ્રતાપે ઉત્તમ તે સ્થળ, મર્ત્ય-લોક આ સાચો,
વિશ્વ-હિતકર બોધ તમારો, તેમાં મુજ મન રાચો રે. પ્રભુજી૰

બોધરૂપી કર લંબાવીને પ્રગટ હજી, પ્રભુ, તારો,
રૂપસ્થ-ધ્યાને પ્રગટ દીસો છો, એ આધાર અમારો રે. પ્રભુજી૰

મમતારહિત થઈ પ્રભુ, આપે સૌ સંસાર તજ્યો છે,
તોપણ મુજ મન તમે તજો ના, મેં વિચાર ભજ્યો એ રે.'' પ્રભુજી૰

ચોવીસે જિન સ્તવી **અયોધ્યા**, ગયા ઉદાસીન મનથી,
સમજાવે મંત્રી સૌ મળીને, નૃપને શાંત વચનથી રે : પ્રભુજી૰

"હે ભરતેશ્વર, ઋષભપિતાએ, વ્યવહારનીતિ ચલાવી,
પશુ સમ જનને શિખામણ દઈ, દયા ઉરે અતિ લાવી રે. પ્રભુજી૦

દીક્ષા લઈ, કેવળપદ પામી, બહુ જન ધર્મી બનાવ્યા,
કૃતકૃત્ય થઈ, બહુ જન સંગે, મોક્ષનગર સિધાવ્યા રે. પ્રભુજી૦

પરમ પ્રભુને પગલે ચાલો, શોક કર્યે શું વળશે?
ઉત્તમ ગુણ અંગીકૃત કરતાં, દોષ આપણા ટળશે રે." પ્રભુજી૦

શોકાકુલ મન શાંત કરીને, ભક્તિમાં મન રાખે,
'જિનપતિ, જિનપતિ' જપતાં જપતાં, સ્વરૂપ-સુખ તે ચાખે રે. પ્રભુજી૦

વાદ્ય, નૃત્ય, નાટક, સંગીતે વચન તનુ વર્તાવે,
વૈરાગ્યે ભરપૂર ભરત-ઉર, ક્યાંય મીઠાશ ન લાવે રે. પ્રભુજી૦

એક દિવસ આદર્શ-ભુવનમાં, પૂર્ણ શરીર શણગારી,
ભરતેશ્વર નિજ રૂપ નિહાળે, સમજણની બલિહારી રે. પ્રભુજી૦

મયૂર કળા કરી નીચું જોતાં, તુચ્છ પિચ્છ સમ સરતી
અંગુલીથી રત્ન-મુદ્રિકા, કાર્ય અપૂર્વ સૂચવતી રે. પ્રભુજી૦

ચંદ્ર-કલા ચંદ્રિકા વિના, દીસે દિવસે જેવી,
દર્પણમાં અંગુલી દેખી, ભરતે અશોભ્ય એવી રે. પ્રભુજી૦

કારણ શોધી નીચે જોતાં પતિત મુદ્રિકા દેખે,
વિચાર-માળા ત્યાં ઊભરાતી, સમજણ લાવે લેખે રે. પ્રભુજી૦

અદ્‌ભુત વિચાર-પ્રેરક થઈ તે : "અશોભ્યતા છે શાની?
પ્રમાણ-ભૂત કરી સમજું આજે, વીંટી શાની નિશાની રે?" પ્રભુજી૦

એમ વિચારી અન્ય અંગુલી, વીંટી રહિત કરે તે,
તે પણ તેવી અડવી લાગે, અશોભ્ય હાથ ઠરે છે રે. પ્રભુજી૦

મણિ વિનાના ફણી સમા કર દેખી, મુકુટ ઉતારે,
કલશ વિના દેવાલય જેવી શરીર શોભા ધારે રે. પ્રભુજી૦

દૂર ગળચવો કરતાં ગ્રીવા, સલિલ વિના નદીં કેવી?
હાર ઉતાર્યે ઉરની શોભા, તારા વણ નભ જેવી રે. પ્રભુજી૦

ચરણ - સાંકળાં કાઢી લેતાં પગ દંતૂશળ જાણે,
પાનરહિત તરુ સમ સર્વાંગે ભૂષણ તજી પ્રમાણે રે. પ્રભુજી૦

હવે વિચારે : "વીંટી માટી ખાણ તણી, રૂપાળી
મુદ્રિકા બની તેની શોભા કરી કલ્પના ભાળી રે. પ્રભુજી૦

સરી પડી ત્યાં જુદું દીઠું : સૌ સંયોગો એવા,
પ્રયોગ કરી આ જાણી લીધું, પંખી-મેળા જેવા રે. પ્રભુજી૦

અલંકારિત અંગુલીથી શોભા હાથ તણી છે,
હાથ વડે તન-શોભા માની, શોભા મારીં ગણી એ રે. પ્રભુજી૦

અતિ વિસ્મયતા! મારીં મનાતી, સુંદર કાંતિ કેવી?
રત્ન-ભૂષણો, પટ બે-રંગી ધરતાં શોભે તેવી રે. પ્રભુજી૦

ત્વચા મનોહર દેખાડે એ, શરીંર-ગુપ્તતા ઢાંકે,
નગ્નપણું ના ગમતું તેથી, કળા કરી રાય-રાંકે રે. પ્રભુજી૦

શરીંર ખરેખર! મળ-મૂત્રાદિક મલિન માલનો બોજો,
હાડ-માંસના માળા ઉપર, નાડીં-વેલ ચઢીં, જોજો રે. પ્રભુજી૦

શી વિપરીંતતા! પુદ્ગલ-પુંજે, મમતા શાની માનું?
પરથી શોભે શરીર તો પર, માનું મારું શાનું રે? પ્રભુજી૦

વિચિત્રતા શી! મમતા માની, વૃથા વેઠતો દુઃખો;
શરીંર તજી આત્મા ઊડીં જાશે, સ્વપ્ન સમાં સૌ સુખો રે. પ્રભુજી૦

અંતે શબ બનીં પડી રહે આ, શંકા એમાં શાની?
અત્યારે પણ એ ના જાણે; શબમાં મમતા માની રે. પ્રભુજી૦

પૂર્વે હતીં નહિ કાયા મારી, ભાવિમાં ન થવાની,
વર્તમાનમાં મારી માની, પણ તે જરૂર જવાની રે. પ્રભુજી૦

થઈ ના, છે નહિ, થશે નહીં મુજ, મૂર્ખપણે મુજ માનું,
કાયા-માયા કરી પરી આ, માનું જે ન જવાનું રે. પ્રભુજી૰

મારી કદીયે થતી નથી તો, ઉચિત ન એના થાવું,
'મારી મારી' કરી મરું પણ, અંતે તજીને જાવું રે. પ્રભુજી૰

જ્યારે મારી નહિ એ ત્યારે હું એનો નહિ, ધારું;
વિવેકબુદ્ધિ એમ કહે છે, દૃઢતા કરી વિચારું રે. પ્રભુજી૰

જગમાં જે પર અતુલ્ય પ્રીતિ, તે ના નીકળી મારી,
તો પરની કાયા પર માયા, ભ્રાન્તિની બીમારી રે. પ્રભુજી૰

અહો! બહુ હું ભૂલી ગયો આ, મોહ-મદિરા-છાકે,
શા શા મેં સંબંધો બાંધ્યા? માથે મૃત્યુ તાકે રે. પ્રભુજી૰

અહો! કેટલીય યુવતી-સંખ્યા, સંખ્યાબંધ તનુજો,
અઢળક લક્ષ્મી, અસંખ્ય વૈભવ, રાજ્ય છખંડ તણું જો રે. પ્રભુજી૰

લેશ માત્ર મારું નહિ એમાં, ભોગવતો કાયાથી,
તે કાયા ના મારી ઠરી તો, સર્યું સર્વ માયાથી રે. પ્રભુજી૰

સૌને માથે મરણ નિહાળું, વિયોગ નજરે તરતો,
નદીનાવ-સંયોગ સમું સૌ, મોહે મારું કરતો રે. પ્રભુજી૰

પુત્ર મિત્ર લલના લક્ષ્મીને, નથી માનવાં મારાં,
હું એનો નહિ, એ મારાં નહિ; લાગે સર્વે ન્યારાં રે. પ્રભુજી૰

પુણ્યાદિ સાધી જે પામ્યો, તેમાં કશું ન મારું,
મારાપણું જો ના મૂક્યું તો, ફળ નહિ આવે સારું રે. પ્રભુજી૰

રૌદ્ર નરકનો ભોક્તા કરવો નથી મારા આત્માને;
હજી પણ જો ના ચેતું હું તો, મળ્યો ન પરમાત્માને રે. પ્રભુજી૰

ત્રેસઠ શ્લાઘ્ય જનોમાંનો હું, પ્રભુતા પ્રાપ્ત ગુમાવું,
શરમાવા જેવું તે જેવું,—જગમાં શું? ઉર લાવું રે. પ્રભુજી૰

એ પુત્રો, પ્રમદા, એ વૈભવ, નહિ સુખનાં દેનારાં,
કોઈ ઉપર અનુરાગ ન રાખું; મારાં નથી થનારાં રે. પ્રભુજી૦

મુક્તિફળ દેનારાં તપને તપતા તે વિવેકી,
તત્ત્વવેદી ફળ તનનું પામે, ધન્ય! મુનિવર ટેકી રે.'' પ્રભુજી૦

મમતા-સાંકળ તૂટી ત્યાં તો, શ્રેણી નિર્મળતાની
ચઢતા શ્રી ભરતેશ્વર ભૂપતિ, બનતા કેવળજ્ઞાની રે. પ્રભુજી૦

આસન ઇન્દ્ર તણું કંપ્યાથી, અવધિજ્ઞાને જાણે :
'ભરત ભૂપતિ થયા કેવળી, વિચરે ઉદય પ્રમાણે રે.' પ્રભુજી૦

સ્તવે ઇન્દ્ર આવીને ભાવે : ''ધન્ય! કેવળી જ્ઞાની,
પિતા સમ જગને ઉપકારક, અહો! નિરભિમાની રે. પ્રભુજી૦

જ્ઞાન પરમ પામ્યા તપ વિના, ગૂઢ તપસ્યા-ધારી,
ઇન્દ્રપદ - સંતાપ શમવવા, સેવા મેં સ્વીકારી રે. પ્રભુજી૦

ચરણ-કમળમાં ચિત્ત રહો, પ્રભુ, વિષય-વાસના ટાળો,
હરી કષાય-કલંક હવે ઝટ, જન્મ-મરણ મુજ બાળો રે. પ્રભુજી૦

રાજ્ય પિતા પાસેથી પામી, વૃદ્ધિ કરી દીપાવ્યું,
તેમ જ કાળ યથાર્થ પાકતાં, કેવળજ્ઞાને આવ્યું રે. પ્રભુજી૦

ધર્મ-વારસો હવે દીપાવો, સહજ સ્વભાવી સ્વામી,
અત્યુત્તમ ઉપદેશે અમને ન્હવરાવો, નિષ્કામી રે.'' પ્રભુજી૦

સહજ સ્વભાવે ભરત-કેવળી નિર્મમતા ઉપદેશે,
સમતા-રસ બહુ જીવો ચાખે, જીવન નવું પ્રવેશે રે. પ્રભુજી૦

ગ્રામ, નગર, પુર, પાટણ ફરતાં અષ્ટાપદ પર આવે,
વૈરાગ્યે ભરપૂર કરીને શ્રોતાને સમજાવે રે. પ્રભુજી૦

શરદમેઘ સમ વૃષ્ટિ કરતા, કૈલાસે શૈલેશી
અંતિમ ક્રિયા કરતા દીસે મુનિવર ભરત અલેશી રે. પ્રભુજી૦

ત્રણે યોગની ક્રિયા રોકી નિઃસ્પૃહ સિંહ સમા તે,
તન-પિંજરમાં સ્થિર થઈ ઊભા, સુખી સર્વે વાતે રે. પ્રભુજી૦

આયુ-અંતે એક સમયમાં લોક-શિખર સિધાવ્યા,
ઇન્દ્રાદિ દેવો તે જાણી, ઉત્સવ કરવા આવ્યા રે. પ્રભુજી૦

ઋષભસેન આદિ ગણધર પણ સિદ્ધિ પામ્યા સર્વે,
અર્કકીર્તિ આદિ રાજાઓ ધારે ધર્મ અગર્વે રે. પ્રભુજી૦

ભરત-પવિત્રિત અરીસાભવને, અનેક વંશજ બૂઝ્યા,
સર્વ કર્મ હણવા તે વીરો, પૂર્ણ શક્તિએ ઝૂઝ્યા રે. પ્રભુજી૦

આદિ દેવના ઉત્તમ ચરિતે, જે જન વૃત્તિ વાળે,
તે વૈરાગ્યાદિ સૌ પામી સ્વરૂપ નિજ સંભાળે રે.
પ્રભુજી, બોધબળે ભવ તરીએ

☆
☆☆

# ૧૦૬
# હિતાર્થી પ્રશ્નો
## ભાગ-૧

(રાજ સમર તું, રાજ સમર તું, રાજ હૃદયમાં રાખીને—એ રાગ)

★

**શ્રી**મદ્ સદ્ગુરુ **રાજ**ચંદ્ર-પદ, ચંદ્ર-ચંદ્રિકા સમ ચળકે,
સૌ સંશય ટાળક બાળકના, વંદન કરું હું ઉમળકે;
ત્રિવિધ તાપ બાળે કળિકાળે, મહામોહ મૂંઝવી મારે,
સુરતરુ સમ સદ્ગુરુ જીવને ત્યાં, આશ્રય દઈને ઉગારે. ૧

'કોણ અરે! હું?' તે ના જાણું, જે જે જાણું તે જૂદું,
દિગ્મૂઢતાનો દોષ મહા આ, હું અજ્ઞાન-વને કૂદું;
દૂર કરી દુષ્કાળ તણો ભય, ઘન ગર્જે નભમાં જેવો,
સદ્ગુરુ-બોધ શ્રવણપથ આવે, સૌ સંશય-હરતો એવો : ૨

''દેહ-દેવળે દેવ અરે! તું, મોહ-મદિરાથી ઘેલો,
કાયા-માયા પરસ્ત્રી-પ્રીતિ, તોડી આવ અહીં વ્હેલો;
શરીર-ગર્તમાં આળોટે તું, ભૂલી ભાન નિજ મંદિરનું,
જ્ઞાન-મંદિર અહો! આપણું, આવ બતાવું અંદરનું. ૩

કષાય-કીચડ, વિષય-ગટર-જળ, ગંધાતું તજી ઊઠ જરી,
બોધતીર્થમાં સ્નાન કરી ઝટ નિર્મળ થા, ઉત્સાહ ધરી;
નિંદ્યકર્મ-મચ્છર કરડે આ, જન્મમરણરૂપ રોગ કરે;
ત્વરા કરી જો જાગી ઊઠે, સર્વ દુઃખ-બીજ બોધ હરે. ૪

શુદ્ધ, બુદ્ધ ચૈતન્યસ્વરૂપ તું સુખ-સાગર જો સમજે તો;
વેષ ભિખારીનો લે રાજા, પણ ભિક્ષુક નથી એ તો;
તેમ વસે તું ભવ-નાટકમાં, પુદ્ગલ ભીખ સદા માગે,
વેષ તજી નિજ પદ સંભાળે તો તૃણ સમ સૌ જગ લાગે. ૫

દેહ-જાળમાં સપડાયો છે, દૃશ્ય દેહ નિજ રૂૅપ માને,
દેહ ગણી ચિંતામણિ રક્ષે, રહે સદા તેના ધ્યાને;
રાખૉ રહે નહિ, જરૂૅર જવાની કાયા, તોપણ તે દૃષ્ટિ–
પરભવમાં લઈને જીૅવ જાતો; દેહ ગણે નિજ કુદૃષ્ટિ.'' ૬

''પરભવ કેવો? શાને લેવો? સમજું ના હું મંદમતિ,
કૃપા કરી હે કરુણાસિંધુ! સમજાવો.'' એવી વિનતિ.
આ ભવ પરભવ સ્વાનુભવથી જાણી સદ્ગુરુ એમ કહે :
''હોય યોગ્યતા કે આરાધન પૂર્વતણું તે મર્મ લહે. ૭

મતિજ્ઞાનનો સ્મૃતિ ભેદ છે, તેની નિર્મળતા જેને,
પૂર્વભવોના પ્રસંગ આવે સ્ફુરી આ ભવ સમ તેને;
ગિરિ, ગુફા, વન, ઉપવન જોતાં પરિચિત લાગે, મળી રહે
કોઈ કોઈ તે ધન્ય કાળની નિશાનીઓ, પ્રત્યક્ષ લહે. ૮

પુનર્જન્મની સિદ્ધિ સહજે અથવા યોગાભ્યાસ વડે,
સદ્ગુરુ-શાસ્ત્રે શ્રદ્ધા આવ્યે, સાત્ત્વિકતા તેવી સાંપડે;
સાત્ત્વિકતા તેવી આ કાળે દુર્લભ, તેથી ન નિઃશંકા,
ત્રિવિધ તાપની મૂર્છા ઝાઝી, નહિ સત્સંગતિ-ઉત્કંઠા. ૯

સ્વમાન ને વિપરીત માન્યતા પરભવ-પ્રતીતિ ખાળી દે,
જિજ્ઞાસુ જીવો એ વાતો અતિ ઉત્સાહે ટાળી દે;
નિઃશંક પ્રતીતિ પરભવની જો ઊૅપજે જીૅવને કોઈ રીૅતે,
આત્મહિત કરવા પ્રેરાશે, દીર્ઘદૃષ્ટિથી તે પ્રીતે. ૧૦

એમ વિચારી અનુમાનાદિ પ્રમાણથી સુજ્ઞો સાધે
પરભવ-સિદ્ધિ બુદ્ધિબળથી, જિજ્ઞાસુ તે આરાધે;
જાતિ-વૈર જીવોમાં દેખો, વિચિત્ર રૂૅપ-ગુણ-સંપત્તિ,
પરભવને જો ના માનો તો કયા કારણે ઉત્પત્તિ? ૧૧

કહો, વારસો! તે ના સાચું; સમાન વારસ ના ભાળો,
ભાવ વડે સૌ ભેદ કહો તો, ભાવ-હેતુ પણ નિહાળો.

કર્મ વિના નહિ સાચો હેતુ વિચારતાં બીજો જડશે;
પૂર્વકર્મ માનો તો પરભવ પરાણે ય ગણવો પડશે. ૧૨

વૃક્ષ બીજથી, બીજ વૃક્ષથી, પરંપરાનો પાર નહીં;
તેમ શુભાશુભ ભાવે ભવ ભવ કરતો જીવ સંસાર મહીં;
અશુદ્ધ ભાવ શુભાશુભ જાણો બીજ પુણ્ય ને પાપ તણાં,
સુખ-દુઃખરૂપ ફળ સંસારે ચાખી બાંધે કર્મ ઘણાં. ૧૩

નરકગતિમાં દુઃખ એકલાં, નિરંતર બહુ કાળ સહે,
નિગોદમાં નિશ્ચેષ્ટપણે તે જન્મમરણ કરતો જ રહે;
સુર-સુખ કોઈક કાળે પામે, આત્મિક સુખ તો ત્યાંય નહીં,
દુર્લભ નરભવ મહા પુણ્યથી પામે, ત્યાં તક ખરી કહી. ૧૪

જે જે મોક્ષ ગયા ભૂતકાળે, તે તે નરભવ લહી ગયા;
વર્તમાનમાં મોક્ષ જતા તે, નરરૂપે જ કૃતાર્થ થયા;
ભાવિકાળે જનાર જે જન મોક્ષે તે પણ નર બનશે;
એવો યોગ કદાચિત્ આવે, આવેલો વહી જાય નશે :—૧૫

ધનમદ, રૂપમદ, બળમદ, કુળમદ, જ્ઞાનાદિક-મદથી ભૂલે,
તે જન નરભવ હારી પાછા લખ-ચોરાશીમાં રૂલે;
દુર્લભ આવો યોગ ફરીથી મળવો દુર્લભ ગણી કરો
સફળ, સુધર્મ આરાધી પ્રીતે, ભવ-સંકટ સૌ પરિહરો. ૧૬

સમ્યગ્જ્ઞાન તણી ગંગામાં સ્નાન કરીને શુદ્ધ બનો,
સદ્‌ગુરુ-સેવા અમૂલ્ય મેવા-ભક્ષણ, ભૂષણ ગુણ ગણો;
સુંદર સમતા-શય્યા વિષે, આત્મ-રતિ-સતી-ઉપભોગે
કૃતકૃત્યતા સમજુ સમજે; ચૂકે નહિ ઉત્તમ યોગે.'' ૧૭

''ઘર, ધંધા, ધન, સ્વજન ગણી હું મારાં, માયા ધરી ફરતો;
તે તો સાથે કોઈ ન આવે; બંધ નિરંતર હું કરતો.
પણ સમજું ના, હવે કરું શું? શાને માનું સાચું હું?
આપ કૃપાળુ, બોધ-દાનથી સમજાવો એ યાચું છું.'' ૧૮

ત્રિવિધ તાપ ટાળી, શીતળતા દેતી વાણી ગુરુ વદતા :–
"ઘણા જીવો સંસાર તજીને ઘોર વનોમાં જઈ વસતા,
ફળ-ફૂલ ખાતા, તપ બહુ તપતા, ખેડેલી ભૂમિ ના સ્પર્શે,
જ્ઞાન વિના વનમાં વનચર સમ, વિકાર મનને આકર્ષે. ૧૯

સમજ વિના સંતોષ રહે નહિ, જ્ઞાન નહીં વૈરાગ્ય વિના,
ત્યાગ ટકે વૈરાગ્ય વિના ના; વિચાર કરવા યોગ્ય બીના.
જ્ઞાન પૂર્ણ ત્યાં મહાત્યાગ છે, ત્યાગ સમજવા યોગ્ય ગણો,
પરભાવે તન્મયતા-ગ્રંથિ ત્યાગ્યે ત્યાગ યથાર્થ ભણ્યો. ૨૦

બાહ્ય પદાર્થો તજવા અર્થે અંતર્‌ત્યાગ ન આમ કહ્યો;
અંતર્ત્યાગ થવાને અર્થે બાહ્યત્યાગ ઉપકારી લહ્યો.
બાહ્યયોગમાં મીઠાશ માની વર્તે ત્યાં ન વિચાર વસે,
આકર્ષણ એ ઓછું કરતાં, સદ્‌ગુરુ-બોધ ઉરે સ્પર્શે. ૨૧

વિષયાદિ તો તુચ્છ મનાશે અંતર્ત્યાગ પછી બનશે,
સદ્‌ગુરુ-ચરણે સ્થિર થશે મન, ભક્તિ-માર્ગે ગમન થશે;
પરિષહ આદિ આવી પડતાં પણ નહિ મન ભક્તિ તજશે,
'પ્રભુ, પ્રભુ' લય લાગે ત્યારે આત્મા સહજપણું ભજશે. ૨૨

કોઈક વાર વિચારે આવી વાતો તેથી ન કામ થશે,
અનાદિના અભ્યાસ તણું બળ પ્રયત્ન પોચે નહિ ઘટશે;
પણ દિન દિન ફરી ફરી સંભારે, વારંવાર વિચાર કરે,
તો ઊંધો અભ્યાસ તજી જીવ સુલભ ભક્તિમાર્ગ વરે. ૨૩

વિપરીતતામાં જે જે માને તે તે વિપરીત પરિણમતું,
માટે જ્ઞાનીના આશ્રયથી, બોધે સાચું પણ ગમતું;
અલ્પ પરિચય વિષયાદિનો કરી, સત્ય પરિચય સાધે,
દોષ ટળી, દૃઢ ભક્તિ જાગ્યે જ્ઞાનદશા જીવ આરાધે." ૨૪

☆
☆☆

# ૧૦૭
# હિતાર્થી પ્રશ્નો
## ભાગ-૨

(રાગ ઉપરનો ચાલુ—દૃષ્ટિ આઠમી સાર સમાધિ)

★

" 'દુર્લભ નરભવ!" 'ભક્તિ કરવી' આપ કહો છો ઉત્તમ જો,
કેમ જગત-જીવ કરતા નથી સૌ, ગણી સરસ ને સુગમ તો?"
સદ્ગુરુ કરુણા આણી વાણી, દઈ દૃષ્ટાંત, હવે વદતા :—
"રત્ન મનોહર રસ્તામાં જો, ખુલ્લું છે જ્યાં જન ફરતા. ૧

મદિરા-મદથી મસ્ત બનીને ટોળું મોટું ત્યાં આવે,
તડકે રત્ન ચળકતું ભાળી, ભડકે, મણિધર મન લાવે;
મસ્તી કરતા કોઈ ગયા વહી, કોઈ કાચરૂપ જાણે રે!
આંખો મીંચી અંધ-રમતમાં કોઈ અન્યને તાણે રે! ૨

કુતૂહલથી કોઈ ઠોકર મારી, બાળક પેઠે ગયા વહી,
રમવા ખાતર કરમાં કોઈ લે, પણ કીમતી ગણે નહીં;
ત્યાં ને ત્યાં તજી સર્વે ચાલ્યા; વાત સમજવા યોગ્ય કહી,
મોહ - મદિરાથી જગ ગાંડું, સત્ય - પરીક્ષા થાય નહીં. ૩

સર્વસ્વાર્પણ ભક્તિ-માર્ગે ત્યાગ નાગ સમ જાણીને,
દૂર દૂર ભક્તિથી ભાગે કોઈ કોઈ ડર આણીને;
વિષય-કષાયે રક્ત જનો ના ભક્તિ ભણી જરી નજર કરે,
ભોળા જનનું કામ ગણી કો સમજણનું અભિમાન ધરે. ૪

ધન-ધંધામાં મગ્ન જનો બહુ, બીજાને પણ ઉપદેશે,
'વગર કમાયે દુઃખી થાશો, માન ધનિકને સૌ દેશે.
યુવાનીમાં ઉદ્યોગ ઘટે છે; છે ભક્તિ ઘરડાં માટે'
કુળયોગે કો ભજનારાને આવા વાળે કુવાટે. ૫

દેખાદેખી ભક્તિ કરતા, ધંધે વળગી ભૂલી જતા,
કાળ ગાળવા કીર્તન કરતા, કોઈ રહસ્ય ન ઉર ધરતા;
ગાન-તાન, મિષ્ટાન્ન મળે છે, એમ ગણી ટોળે મળતા,
પણ આત્માની ઉન્નતિ કાજે ભક્ત-મંડળે ના ભળતા. ૬

વળી વળે કોઈ સન્માર્ગે, પ્રતિકૂળ પરિષહ સહી ન શકે,
તુચ્છ વિષયમાં તણાય કાં તો માન મળે ત્યાં સુધી ટકે;
લોકલાજ કે સ્વજન-કુટુંબી ખેંચે ત્યાં ખેંચાય વળી,
દેહ-દુઃખ ના ખમી શકે કો, નીચે ઢાળે જાય ઢળી. ૭

અપૂર્વ મોક્ષ-મહાત્મ્ય ટકે ના, લૌકિક ભાવે મન ભમતું,
જેની મનમાં શ્રદ્ધા બેઠી, તેમાં ચિત્ત રહે રમતું;
મોહ વિષે મન રોકાતું ત્યાં ભક્તિ-ભાવો મંદ થતા,
ઉત્તમતા જેની મન માને, તેના ભાવ સ્વયં સ્ફુરતા.'' ૮

''મને બતાવો ક્રમ એવો કે ત્રિવિધ તાપથી હું ઊગરું,
આ સૌ સુણી મૂંઝાયો છું; આપ વિના કહે કોણ ખરું?
જીતી બાજી હારી બેસે, તેમ ગયો નર ભવ હારી,
જે જીવવાનું બાકી હો તે હવે લઉં હું સુધારી.'' ૯

કરુણા-મૂર્તિ કરી કરુણા, બોધ-દશા દર્શાવે છે,
સંક્ષેપે આઠે દૃષ્ટિને ક્રમે કરી સમજાવે છે:
''**મિ**ત્રાદૃષ્ટિ હિત વર્ષાવે, સદ્‌ગુરુ-યોગ કરાવી દે,
દ્વેષ તજી જીવ વંદન-દાને યોગ-બીજ ઉલ્લાસે લે. ૧૦

તૃણના ભડકા સમો બોધ ત્યાં, અસર રહે ના પછી ઝાઝી,
અપૂર્વકરણની નિકટ જતો જીવ મોહનીંદ બનતી આછી;
સદ્‌ગુરુ-યોગે યોગ અવંચક, બોધબળે અવ્યક્ત બને;
વ્રત પણ પાળે, શુભ કાર્યોમાં ખેદ ધરે ના, પ્રબળ મને. ૧૧

**તા**રાદૃષ્ટિ પ્રેમ જગાવે, યોગ-કથામાં લીન કરે,
નિયમ ધરે, નિજ દોષો દેખે, ગુણીજન-ગુણો ઉર ધરે;

આગ્રહ શાસ્ત્ર તણો તજી, માને શિષ્ટ શિખામણ સજ્જનની,
ભવ-ભય જાગે, નિજ હઠ ત્યાગે, સવિનય છાપ સુવર્તનની. ૧૨

છાણાના અગ્નિ સમ છૂપો બોધ ટકે છે **તા**રામાં,
**બ**લાદૃષ્ટિમાં કાષ્ઠઅગ્નિ સમ, બળવાળો વાગ્ધારામાં;
વિચારણા જાગે છે એથી, શ્રવણ-ભાવ વળી વધતો રે,
વ્યસની સમ સંકટ ના લેખે, દૃઢ આસન-જય કરતો રે. ૧૩

દીપ-પ્રભા સમ **દીપ્ત**ાદૃષ્ટિ, ભવ-ઉદ્વેગ બહુ ધારે,
પ્રાણાયામ લહે જીવ ભાવે: રેચક તે પાપ નિવારે;
સદ્‌વિચારરૂપ પૂરક જાણો, કુંભક તે બોધ ટકાવે,
સદ્‌ગુરુ સેવે, વ્રત ના તોડે, પ્રાણ જતાંયે નિભાવે. ૧૪

સૂક્ષ્મ બોધનો અભિલાષી તે, 'મેં જાણ્યું' એમ ન માને,
સત્સંગતિ સત્શાસ્ત્રો સેવે, નહિ તણાય કુતર્ક-તાને;
કદાગ્રહોના ઝઘડા તજી તે સત્ય શોધ ભણી વળતા રે,
શબ્દાડંબર કે કીર્તિના કાદવમાં નહિ કળતા રે. ૧૫

**સ્થિર**ાદૃષ્ટિમાં સૂક્ષ્મ બોધ છે, રત્ન-તેજ સમ સમજણમાં;
રાચે મન ના વિષય-વિકારે, હતી ભ્રાન્તિ અણસમજણમાં;
ઉદયબળે વર્તે કદી પાપે, અરતિ-પશ્ચાત્તાપે રે—
સદા નિર્જરા નિશદિન તો યે, મોક્ષમાર્ગ તે માપે રે. ૧૬

ચારે ગતિથી ઊંચા આવે, સમ્યગ્જ્ઞાન-વિરાગે રે,
સમ્યગ્દૃષ્ટિ બહુ બળવંતા, વર્તે અંતર્-ત્યાગે રે;
ધર્મ-જનિત ફળ સુખ-સામગ્રી, ચંદનના અગ્નિ જેવી,
પુણ્યવંત સમ્યગ્દૃષ્ટિને લાગે છે બાળે તેવી. ૧૭

મળ-મૂત્રે રમતાં, માટી ખાતાં બાળક સમ સૌ અજ્ઞાની,
ગંદી ચેષ્ટામાં રુચિ રાખે, લે લૌકિક વાતો માની;
સમજુ મોટા માણસ તજતા તેવી ટેવો, તે રીતે—
સમ્યગ્જ્ઞાની તુચ્છ ગણી તે તજવા ચાહે સૌ પ્રીતે. ૧૮

સમ્યગ્દૃષ્ટિ સાચો યોગી **કાં**તાદૃષ્ટિ આરાધે,
તારક-તેજ સમાન બોધ છે, તત્ત્વવિચારણા સાધે;
સતી પતિમાં જેમ ધરે મન, સત્શ્રુતમાં પ્રેમે રમતું,
ધરે ધારણા દૃઢ ગુરુ-યોગે, ભોગે મનને ના ગમતું. ૧૯

**પ્ર**ભાદૃષ્ટિમાં રવિ-તાપ સમ બોધ સુનિર્મલ ધ્યાને રે,
પરવશતા રૂપ દુઃખ ટળે ત્યાં સ્વાધીન સુખ તે માણે રે;
ક્રિયા અસંગ કરે ત્યાં યોગી, કષાય શાંત થવાથી રે,
જાગે જ્ઞાન-દશા ત્યાં જુદી, પ્રમાદ-દોષ જવાથી રે. ૨૦

**પ**રાદૃષ્ટિમાં હોય સમાધિ, બોધ શશી સમ શોભે રે,
અપ્રતિપાતી, ઊંચે ચઢતી દશા વધે અક્ષોભે રે;
શુક્લધ્યાને શ્રેણી માંડે, કરે કર્મ-ક્ષય ઝટકે રે,
મોહરહિત મુનિવરકંઠે કેવલશ્રી-માળા લટકે રે. ૨૧

દિવ્ય ધ્વનિથી અતિ ઉપકારી, દે ઉપદેશ ઘણા જનને,
જીવન-જાગૃતિ અર્પે વિચરી, ઉત્સાહિત કરી જનમનને,
સમ્યગ્દર્શન બહુ જન પામે, વ્રતી બને શક્તિ દેખી,
અવધિ આદિ જ્ઞાન જગાવે, સમાધિ-સુખ પરમ લેખી. ૨૨

કર્મ-શત્રુ સૌ ક્ષય કરવાને અયોગી પદ તે આરાધે,
શૈલેશીકરણે સ્થિરતા લે, સહજ નિત્ય નિજ પદ સાધે;
અનંત અવ્યાબાધ સુખે તે મોક્ષ અનુપમ અનુભવતા,
અજર, અમર, અવિનાશી પદને કેવળી પૂર્ણ ન કહી શકતા. ૨૩

અનુભવ-ગોચર એ પદ પામો સૌ સ્વાનુભવથી ભવ્યો!
સદ્ગુરુ-બોધ સુણી વિચારી કરતા જે જન કર્તવ્યો,
આશ્રયભક્તિ તેને ઊગે, શિવ-સુખ-સુખડી-સ્વાદ લહે,
કરી કલ્પના-જય તે પ્રેમે પામે પદ તે કોણ કહે?" ૨૪

☆
☆☆

# ૧૦૮
# પૂર્ણમાલિકા મંગલ

(શિખરિણી છંદ)

★

લઘુ લાંબી માળા, પ્રભુ-ચરણ-સેવા મન ધરી,
રચી ઉત્સાહે આ, પરમ-ગુરુ-ભક્તિ-રસ-ભરી;
સદા મારે ઉરે સહજગુણધારી ગુરુ રહો,
કૃપાળુ **રાજેન્દ્ર**, પરમ ઉપકારી પ્રભુ અહો! ૧

ન જાણું હું શાસ્ત્રો, પ્રવીણ નહિ કાવ્યાદિ-કલને;
ન ભાષા-શાસ્ત્રી હું, રસિક રસ-અભ્યાસ ન મને;
ન પૂર્વાભ્યાસે હું નિશદિન રહું મગ્ન કવને,
છતાં ચેષ્ટા આવી, ગુરુગુણગણે રાગથી બને. ૨

ઘણી ઝીણી તો યે રજ પવનથી વ્યોમ વિચરે,
બની મોટા મેઘો ઉદધિ-જળ વ્યોમે બહુ ફરે,
રવિ-તેજે કેવા મનહર ધરે રંગ ધનુષે,
વળી વિદ્યુતે તે કરી રવ મહા વારિ વરસે. ૩

કૃપા-વારિ વર્ષ્યે, ઉર-ધરણી લીલી મુજ બની,
નદી-નાળાં પૂરી, ખળખળ વહે ભક્તિ-સરણી;
મહાત્માના ગ્રંથો ગહન બીજ ઓરે ઉર વિષે,
ખરા ખેડૂતો તે હળ-કુશળતા-સાધન દીસે. ૪

સુસંસ્કારો સાથે ઊગી નીકળતી ટેવ હલકી,
ઘણી નીંદી કાઢી સુગુરુ-સમજૂતી-સ્વબલથી;
મળ્યા માળી તેણે સરસ રચના બાગની કરી
ઘણાં રોપ્યાં વૃક્ષો, અનુપમ લતાઓ ય ઊછરી. ૫

કરી રક્ષા-વાડો, સુનીતિ-નીકમાં પુણ્ય-નીરના
પ્રવાહો રાખે તે સતત વહતા, યોગ્ય ઘટના;
ખરે પાનાં જૂનાં, નવીન ઊભરાતાં પ્રતિ-ઋતુ,
ભુલાતી વાતો ત્યાં નવીન રચના-ચક્ર ફરતું. ૬

વીતે વર્ષો એવાં, નવીન વય જેવા સમયમાં,
રૂડાં ખીલ્યાં પુષ્પો, વિવિધ વિટપે દૃશ્ય બનતાં;
ભલા ભાવો ભાળી ગુરુજન રીઝે એ જ કુસુમો,
દયાળુ સંતો તે નિજ કર વિષે ધારી વિરમો. ૭

ધરે અંગે કોઈ, સુખકર ગણી રમ્ય રમણી,
વળી માળી કોઈ, ભરી કુસુમ-પાત્રે [૧]નરમણિ
કને લાવી દેતો, મનહર ઋતુ-વર્ણન કરી;
ભલા ભાવે ભક્તો પ્રભુ-ચરણ પૂજે ફૂલ ધરી. ૮

ઘણાંયે વેરાતાં કુસુમ ભૂમિ સુવાસિત કરે,
સુસંગે શોભે તે, બહુ વરસ હર્ષો સહ સરે;
ગયાં વર્ષો સર્વે, પલક સમ સત્સંગતિ-સુખે,
રહેલાં થોડાં તે, યુગ સમ વિયોગે, [૨]વળી દુખે. ૯

વ્યવસ્થા યોજેલી પરમ ગુરુએ જોઈ કરીને,
સુલક્ષે વિતાવા સમય, ગુણ-આધાર ધરીને,
ગ્રહી સુસંતોનાં વર કુસુમ, માળા પૂરી કરી,
યશસ્વી સુયોગી મુનિવરની ઉરે સ્મૃતિ ધરી. ૧૦

૧. નૃપતિ, રાજા. ૨. પાઠા૦ યમ-કૂખે.

દીસે દોષો જો ત્યાં અરસિક મને જાણી ભૂલજો,
સુધારી સદ્ભાવે, નિજ રસિકતામાં જ ફૂલજો;
વધે ભાવો તેવી મદદ મળતાં, સંત જનના–
ગણો ગુણો એવી વિનતિ મુજ માનો *ગુણીજના. ૧૧

કરી રંગોળીથી નિયમિત સુશોભિત રચના,
રચી પંક્તિ ભાણાં, વિધિસર મૂકેલાં પીરસવાં,
રસોડેથી લાવી રસવતી રૂડી યોગ્ય સમયે,
ન તેમાં મોટાઈ; રસિકજનના પુણ્ય-ઉદયે. ૧૨

દીધેલા સોનાની કનક-ઘડનારા ઘડી કરે–
રૂપાળી માળા, ત્યાં વિવિધ રૂપ સોનું નિજ ધરે.
ગણાતી મોંઘી તે, કનક-ગણના ચોકસી ગણે–
ઘડેલા ઘાટો કે લગડીરૂપ તે એક જ ભણે. ૧૩

ગણું, 'પ્રજ્ઞા-માળા' સુજન-રસ-દાતા કદી બની–
મહંતોની વાણી અચૂક ફળ દેનાર જ ગુણી;
મહંતોની સેવા સફળ સઘળે સુજ્ઞ સમજે,
કરે સેવા તે સૌ લઘુ બની અહંતા નિજ તજે. ૧૪

ખરી રીતે જોતાં, નથી મુજ જરા ગ્રંથ-ભરમાં,
ભલે સોનેરી કે મનહર, સુવર્ણે પ્રસરતાં–
હશે તેમાં વાક્યો, મધુર રવ-વાળી સુરચના;
લખે લેખિની તે જડ, સમજતી ના જીવ વિના. ૧૫

લખેલું તેનું સૌ, જડ-જનિત, મારું નહિ બને,
રહું હું ચૈતન્યે, પરમરસ-આનંદિત મને.
ગણે જે કાયા ને વચન નિજ તે સર્વ ભૂલતા,
અનાદિ આ ભૂલે, ભવ-વન વિષે જીવ રૂલતા. ૧૬

---

* પાઠા૦ ધૃતિ-ધના.

કહેલું જ્ઞાનીનું મુખર જન મુખે કહીં જતા,
રહે ના જો ઉરે, અમીરસ બને છે વમનતા;
જમેલા પક્વાન્ને શૂળ સમ ઊઠે ચૂંક અપચે,
પચે ના જો શિક્ષા, ભ્રમણ નિજ હાથે ભૂરિ રચે. ૧૭

જવા એવી ભૂલો, સુગુરુ શિર રાખો સુ-નર, હો!
ગુરુની આજ્ઞાનું મરણ સુધી આરાધન રહો!
ગુરુમાં ખામી તો, કથન પણ તેનું વિષમ લે,
કહે તે દેવોયે, વિતથ સમજો, સત્ય ન મલે. ૧૮

(દોહરો)

વેઠ કરી આ વેઠીએ, નિજ હિત કાજે સર્વ,
લૂંટંલૂટ લો લાભ સૌ, કરશો કોઈ ન ગર્વ.

તા. ૯-૬-૧૯૪૧
જેઠ સુદ ૧૫, સોમ, સં. ૧૯૯૭

Revised
આષાઢ વદ ૨, સં. ૧૯૯૮

**॥ श्री सद्गुरु-चरणार्पणमस्तु ॥**

☆
☆☆

# પૂર્તિઓ

## પૂર્તિ ૧ : બંધયંત્ર (પુષ્પ ૫૯ વિષે—પૃષ્ઠ ૩૩૦)

| ગુણસ્થાનોનાં નામ | મૂળ પ્રકૃતિઓ | ઉત્તર પ્રકૃતિઓ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુ | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ ઓઘે (સામાન્યપણે) | ૮ | ૧૨૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ મિથ્યાત્વમાં | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ સાસ્વાદનમાં | ૮ | ૧૦૧ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ |
| ૩ મિશ્રમાં | ૭ | ૭૪ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૬ | ૧ | ૫ |
| ૪ અવિરત (સમ્યગ્દૃષ્ટિ)માં | ૮ | ૭૭ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૩૭ | ૧ | ૫ |
| ૫ દેશવિરતમાં | ૮ | ૬૭ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| ૬ પ્રમત્તમાં | ૮ | ૬૩ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| ૭ અપ્રમત્તમાં | ૮/૭ | ૫૯/૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૧/૦ | ૩૧ | ૧ | ૫ |
| ૮ અપૂર્વકરણમાં | | | | | | | | | | |
| વિભાગ ૧ | ૭ | ૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| ” ” ૨ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| ” ” ૩ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| ” ” ૪ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| ” ” ૫ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| ” ” ૬ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| ” ” ૭ | ૭ | ૨૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૯ અનિવૃત્તિકરણમાં | | | | | | | | | | |
| વિભાગ ૧ | ૭ | ૨૨ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ |
| ” ” ૨ | ૭ | ૨૧ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ |
| ” ” ૩ | ૭ | ૨૦ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ |
| ” ” ૪ | ૭ | ૧૯ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ |
| ” ” ૫ | ૭ | ૧૮ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૧૦ સૂક્ષ્મસાંપરાયમાં | ૬ | ૧૭ | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૧૧ ઉપશાંતમોહમાં | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ ક્ષીણમોહમાં | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ સયોગી ગુણસ્થાનમાં | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ અયોગી ગુણસ્થાનમાં | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

## પૂર્તિ ૨ : ઉદય-યંત્ર (પુષ્પ ૬૦ વિષે—પૃષ્ઠ ૩૩૮)

| ગુણસ્થાનોનાં નામ | મૂળ પ્રકૃતિઓ | ઉત્તર પ્રકૃતિઓ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુ | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ ઓઘે (સામાન્ય) | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ મિથ્યાત્વમાં | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ સાસ્વાદનમાં | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| ૩ મિશ્રમાં | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| ૪ અવિરત સમ્યગ્દૃષ્ટિમાં | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| ૫ દેશવિરતમાં | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ |
| ૬ પ્રમત્તમાં | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| ૭ અપ્રમત્તમાં | ૮ | ૭૬ | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૪૨ | ૧ | ૫ |
| ૮ અપૂર્વકરણમાં | ૮ | ૭૨ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૯ અનિવૃત્તિકરણમાં | ૮ | ૬૬ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ સૂક્ષ્મ સાંપરાયમાં | ૮ | ૬૦ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ ઉપશાંત મોહમાં | ૭ | ૫૯ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ ક્ષીણ મોહમાં | ૭ | ૫૭/૫૫ | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ સયોગી કેવળીમાં | ૪ | ૪૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ |
| ૧૪ અયોગી કેવળીમાં | ૪ | ૧૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૯ | ૧ | ૦ |

## પૂર્તિ ૩ : ઉદીરણાયંત્ર (પુષ્પ ૬૦ વિષે—પૃષ્ઠ ૩૪૧)

નોંધઃ— ૬ઠ્ઠા ગુણસ્થાન સુધી ઉદય પ્રમાણે

| ગુણસ્થાનોનાં નામ | મૂળ પ્રકૃતિઓ | ઉત્તર પ્રકૃતિઓ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુ | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ અપ્રમત્તમાં | ૬ | ૭૩ | ૫ | ૬ | ૦ | ૧૪ | ૦ | ૪૨ | ૧ | ૫ |
| ૮ અપૂર્વકરણમાં | ૬ | ૬૯ | ૫ | ૬ | ૦ | ૧૩ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૯ અનિવૃત્તિકરણમાં | ૬ | ૬૩ | ૫ | ૬ | ૦ | ૭ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ સૂક્ષ્મ સાંપરાયમાં | ૬ | ૫૭ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ ઉપશાંત મોહમાં | ૫ | ૫૬ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ ક્ષીણ મોહમાં | ૫ | ૫૪/૫૨ | ૫ | ૬/૪ | ૦ | ૦ | ૦ | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ સયોગી કેવળીમાં | ૨ | ૩૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૮ | ૧ | ૦ |
| ૧૪ અયોગી કેવળીમાં | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**પૂર્તિ ૪ :**

| ક્રમ | ગુણસ્થાનોનાં નામ | વિભાગ | મૂળ પ્રકૃતિઓ | ઉત્તર પ્રકૃતિઓ | ઉપશમ શ્રેણી (ક્ષ શ્રેણી શરૂ કરનાર) |
|---|---|---|---|---|---|
| ૦ | ઓઘે (સામાન્ય) | | ૮ | ૧૪૮ | ૦ |
| ૧ | મિથ્યાત્વમાં | | ૮ | ૧૪૮ | ૦ |
| ૨ | સાસ્વાદનમાં | | ૮ | ૧૪૭ | ૦ |
| ૩ | મિશ્રમાં | | ૮ | ૧૪૭ | ૦ |
| ૪ | અવિરતિમાં | | ૮ | ૧૪૮ | ૧૪૧ |
| ૫ | દેશવિરતિમાં | | ૮ | ૧૪૮ | ૧૪૧ |
| ૬ | પ્રમત્તમાં | | ૮ | ૧૪૮ | ૧૪૧ |
| ૭ | અપ્રમત્તમાં | | ૮ | ૧૪૮ | ૧૪૧ |
| ૮ | અપૂર્વકરણમાં | | ૮ | ૧૪૮<br>૧૪૨ | ૧૩૯ |
| ૯ | અનિવૃત્તિકરણમાં | ૧ | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૩૯ |
| | | ૨ | ૮ | ,, | ,, |
| | | ૩ | ૮ | ,, | ,, |
| | | ૪ | ૮ | ,, | ,, |
| | | ૫ | ૮ | ,, | ,, |
| | | ૬ | ૮ | ,, | ,, |
| | | ૭ | ૮ | ,, | ,, |
| | | ૮ | ૮ | ,, | ,, |
| | | ૯ | ૮ | ,, | ,, |
| ૧૦ | સૂક્ષ્મ સાંપરાયમાં | | ૮ | ૧૪૮<br>૧૪૨ | ૧૩૯ |
| ૧૧ | ઉપશાંત મોહમાં | | ૮ | ૧૪૮<br>૧૪૨ | ૧૩૯ |
| ૧૨ | ક્ષીણ મોહમાં | | ૭ | ૧૦૧<br>૯૯ | ૦ |
| ૧૩ | સયોગી કેવળીમાં | | ૪ | ૮૫ | ૦ |
| ૧૪ | અયોગી કેવળીમાં | | ૪ | ૮૫<br>૧૩<br>૧૨ | ૦ |

**સત્તાયંત્ર** (પુષ્પ ૬૦ વિષે—પૃષ્ઠ ૩૪૧)

| ક્ષપક શ્રેણી (કે શ્રેણી શરૂ કરનાર) | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુ | નામ | ગોત્ર | અંતરાય | ગુણસ્થાન સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૦ |
| ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧ |
| ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ | ૨ |
| ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ | ૩ |
| ૧૪૫ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૪ |
| ૧૩૮ | | | | ૨૧ | ૧ | | | | ,, |
| ૧૪૫ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૫ |
| ૧૩૮ | | | | ૨૧ | ૧ | | | | ,, |
| ૧૪૫ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૬ |
| ૧૩૮ | | | | ૨૧ | ૧ | | | | ,, |
| ૧૪૫ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૭ |
| ૧૩૮ | | | | ૨૧ | ૧ | | | | ,, |
| ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૮ |
| | | | | ૨૪ | ૨ | | | | ,, |
| | | | | ૨૧ | ૧ | | | | ,, |
| ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૯ ૧ |
| ૧૨૨ | ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૮૦ | ૨ | ૫ | ,, ૨ |
| ૧૧૪ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૮૦ | ૨ | ૫ | ,, ૩ |
| ૧૧૩ | ૫ | ૬ | ૨ | ૧૨ | ૧ | ૮૦ | ૨ | ૫ | ,, ૪ |
| ૧૧૨ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૮૦ | ૨ | ૫ | ,, ૫ |
| ૧૦૬ | ૫ | ૬ | ૨ | ૫ | ૧ | ૮૦ | ૨ | ૫ | ,, ૬ |
| ૧૦૫ | ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૮૦ | ૨ | ૫ | ,, ૭ |
| ૧૦૪ | ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૮૦ | ૨ | ૫ | ,, ૮ |
| ૧૦૩ | ૫ | ૬ | ૨ | ૨ | ૧ | ૮૦ | ૨ | ૫ | ,, ૯ |
| ૧૦૨ | ૫ | ૬ | ૨ | ૨૮ | ૨ | ૯૩ | ૨ | ૫ | ૧૦ |
| | ૫ | | | ૨૪ | ૧ | ૮૦ | | | ,, |
| | ૫ | | | ૨૧ | | | | | ,, |
| | ૫ | | | | | | | | ,, |
| ૦ | ૫ | ૬ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૧ |
| | ૫ | | | ૨૪ | ૧ | ૮૦ | | | ,, |
| | ૫ | | | ૨૧ | | | | | ,, |
| ૧૦૧ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૨ |
| ૯૯ | ૫ | ૪ | | ૦ | | | | | |
| ૮૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૦ | ,, |
| ૮૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૦ | ૧૪ (૧) |
| ૧૩ | ૦ | ૦ | ૧ | | | ૧૦ | ૧ | ૦ | ૧૪ (૨) |
| ૧૨ | | | | | | ૯ | | | |

ૐ

શ્રી લઘુરાજ-સ્મારક-ગ્રંથમાળા પુષ્પ સાતમું

# પ્રજ્ઞાવબોધ

(મોક્ષમાળા પુસ્તક ચોથું)

લેખક

**સદ્ગત શ્રી બ્રહ્મચારીજી ગોવર્ધનદાસજી**

પ્રકાશક

**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ**

અગાસ

------ૐ------

પ્રકાશક :-
**વિનોદરાય એમ. શેઠ**
પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટે. અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ ૩૮૮ ૧૩૦ (ગુજરાત)

**ટાઈપ સેટિંગ**
ડિસ્કેન કૉમ્પ્યુ આર્ટ, આણંદ
ફોન : (૦૨૬૯૨) ૨૫૫૨૨૧

**મુદ્રક :–**
ઈન્ડિયા બાઈન્ડીંગ હાઉસ
દિલ્લી

☆



| | | |
|---|---|---|
| પ્રથમાવૃત્તિ | ઈ.સ.૧૯૫૫ | પ્રત ૧૧૦૦ |
| દ્વિતીયાવૃત્તિ | ઈ.સ.૧૯૬૬ | પ્રત ૧૧૦૦ |
| તૃતીયાવૃત્તિ | ઈ.સ.૧૯૮૧ | પ્રત ૧૫૦૦ |
| ચતુર્થાવૃત્તિ | ઈ.સ.૧૯૯૨ | પ્રત ૨૦૦૦ |
| પંચમાવૃત્તિ | ઈ.સ.૨૦૦૫ | પ્રત ૧૨૦૦ |



☆

**Cost Price :**
**Sale Price :**

**● પ્રાપ્તિસ્થાન ●**

**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ**
સ્ટે. અગાસ,
વાયા આણંદ
પોસ્ટ બોરીઆ ૩૮૮ ૧૩૦
(ગુજરાત)

**શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ**
રૂમ નં.૧૮ હાથી બિલ્ડીંગ,
'એ' બ્લોક, બીજે માળે, ભાંગવાડી,
૪૪૮ કાલબાદેવી રોડ,
**મુંબઈ ૪૦૦ ૦૦૨**

# પ્રથમાવૃત્તિનું નિવેદન

પરમકૃપાળુદેવ અને તેમની વાણી સંબંધી પરમ પૂજ્ય પ્રભુશ્રીજી વારંવાર કહેતા : ''અહોહો! વાની મારી કોયલ.'' એમ કહેતાં એમને જે આનંદ થતો તે આપણે કેવી રીતે સમજી શકીએ? તેઓશ્રી પોતાનો પરમકૃપાળુદેવ પ્રત્યેનો પ્રેમ આમ પ્રગટ કરતા. પૂ. શ્રી બ્રહ્મચારીજીને પ્રભુશ્રીનાં બોધ-વચનોથી તથા પરમકૃપાળુદેવનાં વચનામૃતોના વાચન, મનન ને નિદિધ્યાસનથી પરમકૃપાળુદેવ ઉપર અનન્ય પ્રેમ પ્રગટ્યો અને આપણને વારંવાર એ પ્રત્યે લક્ષ કરાવ્યો : ''ભૂલ ખાવા જેવું નથી. એક પરમકૃપાળુદેવ પ્રત્યે લક્ષ રાખવો.....આ જ કરવાનું છે.'' અને એમનાં રોમેરોમ પરમકૃપાળુદેવ સિવાય બીજી વાત ન હતી. જે કંઈ અનુવાદો કરે, પદો લખે તેમાં પરમકૃપાળુદેવનું માહાત્મ્ય હોય જ. 'પ્રજ્ઞાવબોધ'માં તો તે પ્રેમભક્તિની પરાકાષ્ઠા જોવા મળે છે. તેના પુષ્પે પુષ્પે પરમકૃપાળુદેવની વંદના અને તેમની વાણીનું માહાત્મ્ય હોય જ. ખરેખર—

**''મારા રાજપ્રભુની વાણી રે, કોઈ સંત વિરલે જાણી રે,**
**જાણી તેણે માણી રે, માણી તેણે વખાણી રે. મારા૦''**

પૂ. શ્રી બ્રહ્મચારીજીએ 'પ્રજ્ઞાવબોધ' ઘણાં વર્ષો પહેલાં લખ્યો હતો. અને તેમાં તારીખોની નોંધ તેમણે કોઈ કોઈ સ્થળે કરી છે તે પણ પુસ્તકમાં આપી છે. લગભગ સં. ૨૦૦૪માં પ્રભુશ્રીના બોધની નકલ કરી રહ્યા બાદ તેની નકલ કરવાનો મારો વિચાર જણાવતાં મને પ્રજ્ઞાવબોધ ઉતારવા મળ્યો. આખું ય પુસ્તક વૈરાગ્ય-ભક્તિથી ભરપૂર! દરરોજ હું તો એક-બે કલાક ઉતારતો, પણ દિવસભર મને તેની અસર રહેતી. પ્રસંગોપાત્ત મેં 'પ્રજ્ઞાવબોધ' છપાવવાની ભાવના બે-ત્રણ વખત જણાવેલ ત્યારે તેમણે કહેલું કે હમણાં નહીં; ઉતાવળ નથી, થશે.

તેમની વૃત્તિ પ્રભુશ્રીનો બોધ પ્રથમ છપાવવાની હતી. આશ્રમમાં 'પ્રજ્ઞાવબોધ' સભામાં વંચાયેલો. એટલે અવારનવાર મુમુક્ષુઓ એ છપાવવાની વાત છેડતા. સં. ૨૦૦૯ના અંતમાં તો પાંચ-સાત મુમુક્ષુઓએ તે છપાવવા માટે લગભગ રૂ. ૨૫૦૦) મંડળમાં નોંધાવ્યા. મેં પણ 'પ્રજ્ઞાવબોધ' સંપૂર્ણ ઉતારી લીધેલ, એટલે મૂળ પુસ્તક મારે તેમને સુપરત કરવાનું હતું. હું તથા મંડળના બે-ત્રણ ભાઈઓ તેમની પાસે ગયા, અને વિગત જણાવી. તેમણે છાપવાની સંમતિ આપી. તે વખતે ત્યાં શાંતિભાઈ પણ બેઠા હતા. તેમને શ્રી બ્રહ્મચારીજીએ કહ્યું કે 'આ પુસ્તક રાખો; એને બરાબર તપાસી જજો.' એમ એ કાર્યનો આરંભ ત્યારથી થયો. પણ અત્યંત ખેદની વાત છે કે પૂ. શ્રી બ્રહ્મચારીજીએ ત્યાર બાદ થોડા સમયમાં જ સં. ૨૦૧૦ના કાર્તિક સુદ સાતમને દિને પરમકૃપાળુદેવ સમક્ષ કાયોત્સર્ગમાં ઊભા રહી અપૂર્વ સમાધિપૂર્વક દેહત્યાગ કર્યો.

પાછળથી શાંતિભાઈએ તે પુસ્તકનું સંપાદન બહુમાનપૂર્વક સેવાભાવથી કરી, પ્રસ્તાવના તથા પૂ. શ્રી બ્રહ્મચારીજીનું ટૂંકું જીવન લખી આપ્યું. શ્રી સાકરબહેન તથા શ્રી સુમેરુએ પણ તેમાં યથાશક્તિ સેવા અર્પી. એક અજ્ઞાતવાસીનાં અગત્યનાં સૂચનો પણ તેમાં ઉપયોગી નીવડ્યાં. તે સૌનો હું મંડળ તરફથી ખૂબ આભાર માનું છું. આ ગ્રંથ છપાવવામાં જે મુમુક્ષુઓએ સદ્‌ભાવે યથાશક્તિ આર્થિક મદદ કરી છે તેની યાદી સાભાર આપી છે.

શ્રી બ્રહ્મચારીજીના સમાધિ-સપ્તમી-દિને આ ગ્રંથનું પ્રકાશન થવા પામ્યું છે તે તેમને ચરણે એક નિવાપાંજલિરૂપ હો!

સુરત — લિ. સંતચરણસેવક

કાર્તિક સુદ ૭, ૨૦૧૨ — **મનહરલાલ ગો. કડીવાલા**

ૐ

# પ્રસ્તાવના

"શ્રી રાજચંદ્ર પ્રભુ-પાદ વંદું,
મુમુક્ષુના જે પરમાર્થ-બંધુ,
આ યુગમાં જે પ્રગટાવનારા
યથાર્થ શુદ્ધાત્મ-વિચારધારા."

—શ્રી બ્રહ્મચારીજી

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકલ માર્ગ નિર્ગ્રંથ."

"સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ મોક્ષ કહે છે. સહજસ્વરૂપથી જીવ રહિત નથી, પણ તે સહજસ્વરૂપનું માત્ર ભાન જીવને નથી, જે થવું તે જ સહજસ્વરૂપે સ્થિતિ છે." "તે જીવ આત્મારૂપ પુરુષ વિના જાણ્યો જાય એવો નથી." "કોઈ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદજાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી."

**—શ્રીમદ્ રાજચંદ્ર**

આમ આ મોક્ષમાળાના હેતુરૂપ મોક્ષનો લક્ષ થઈ જેને પ્રજ્ઞા જાગ્રત થઈ છે, અંતર્ભેદ-જાગૃતિ થઈ છે તેને નિજસ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે તદર્થે શું કર્તવ્ય? અથવા પ્રજ્ઞા જાગ્રત થવા શું કર્તવ્ય?

"જેમ છે તેમ નિજસ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે ત્યાં સુધી નિજસ્વરૂપના નિદિધ્યાસનમાં સ્થિર રહેવાને જ્ઞાનીપુરુષનાં વચનો આધારભૂત છે, એમ પરમપુરુષ શ્રી તીર્થંકરે કહ્યું છે, તે સત્ય છે. બારમે ગુણસ્થાનકે

વર્તતા આત્માને નિદિધ્યાસનરૂપ ધ્યાનમાં શ્રુતજ્ઞાન એટલે મુખ્ય એવાં જ્ઞાનીનાં વચનોનો આશય ત્યાં આધારભૂત છે. એવું પ્રમાણ જિનમાર્ગને વિષે વારંવાર કહ્યું છે. સર્વોત્કૃષ્ટ ભૂમિકામાં સ્થિતિ થવા પર્યંત શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને સત્પુરુષો પણ સ્વ-દશામાં સ્થિર રહી શકે છે, એમ જિનનો અભિમત છે તે પ્રત્યક્ષ સત્ય દેખાય છે—સર્વોત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં શ્રુતજ્ઞાન (જ્ઞાનીપુરુષનાં વચનો)નું અવલંબન જે જે વખતે મંદ પડે છે તે તે વખતે કંઈ કંઈ ચપળપણું સત્પુરુષો પણ પામી જાય છે, તો પછી સામાન્ય મુમુક્ષુ જીવો કે જેને વિપરીત સમાગમ, વિપરીત શ્રુતાદિ અવલંબન રહ્યાં છે તેને વારંવાર વિશેષ વિશેષ ચપળપણું થવા યોગ્ય છે. એમ છે તોપણ જે મુમુક્ષુઓ સત્સમાગમ, સદાચાર અને સત્શાસ્ત્રરૂપ અવલંબનમાં દૃઢ નિવાસ કરે છે તેને સર્વોત્કૃષ્ટ ભૂમિકા પર્યંત પહોંચવું કઠણ નથી, કઠણ છતાં કઠણ નથી.''

''જ્ઞાનીપુરુષનાં વચનનો દૃઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે.''

''જ્ઞાનીપુરુષનાં વાક્યના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો જીવ ચેતન-જડને ભિન્નસ્વરૂપ યથાર્થપણે પ્રતીત કરે છે, અનુભવે છે, અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે.''

''સત્શ્રુતનો પરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે. શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવાં શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.'' (૮૨૫) **—શ્રીમદ્ રાજચંદ્ર**

આ પ્રજ્ઞાવબોધમાં તો શાંતરસથી ભરપૂર એવી એક અનુપમ અધ્યાત્મસૃષ્ટિ છે. સમસ્ત તત્ત્વજ્ઞાનના લક્ષ્યબિંદુસમી પ્રજ્ઞાને જાગ્રત કરનાર અને પ્રાજ્ઞને નિરંતર જાગૃતિ આપનાર એવું જે સત્શ્રુત આમાં વાણી દ્વારા ભિન્ન ભિન્ન ભાવાનુસાર વિવિધ છંદોમાં સરલ, પ્રાસાદિક,

મનોરમ શૈલીમાં આ અધ્યાત્મપ્રેમી મહાપુરુષે (બ્ર. શ્રી ગોવર્ધનધરજીએ) વહાવ્યું છે એ કંઈ વૈખરીનો વિલાસ નથી, પણ અનુભવ-પૃથિત શાંતસુધારસનો સાહજિક આવિર્ભાવ છે. અને તે પણ એવા તો અનર્ગલ ભક્તિભાવથી સ્ફુરેલ છે કે એમાંથી જાણે લેખકના અધ્યાત્મ-જીવનમાં ચરિતાર્થ થયેલો એક અનાહત નાદ ઊઠે છે કે—

''પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું (!) તે પરાભક્તિની છેવટની હદ છે. એક એ જ લય રહેવી તે પરાભક્તિ છે. પરમ-મહાત્મ્યા ગોપાંગનાઓ મહાત્મા વાસુદેવની ભક્તિમાં એ જ પ્રકારે રહી હતી; પરમાત્માને નિરંજન અને નિર્દેહરૂપે ચિંતવ્યે જીવને એ લય આવવી વિકટ છે, એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે. તે જ્ઞાનીપુરુષનાં સર્વ ચરિત્રમાં ઐક્યભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં વિરાજમાન પરમાત્માનો ઐક્યભાવ હોય છે; અને એ જ પરાભક્તિ છે. જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ—જ્ઞાનીરૂપ પરમાત્માની-ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે. આ વિષે શ્રીમદ્ભાગવતમાં, ભગવદ્ ગીતામાં ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ્ય પ્રશંસ્યો છે; અધિક શું કહેવું ? જ્ઞાની તીર્થંકરદેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચપરમેષ્ઠી મંત્રમાં 'નમો અરિહંતાણં' પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે; એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ; અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.'' (૨૨૩)

**—શ્રીમદ્ રાજચંદ્ર**

આ 'પ્રજ્ઞા-માળા'ના પુષ્પે પુષ્પેથી ઊઠતા આવા અનાહત નાદથી એવી સૌભાગ્ય-આકાંક્ષી પ્રતીતિ થાય છે કે સાચે જ ''જેને લાગી છે તેને જ લાગી છે, અને તેણે જ જાણી છે; તે જ 'પિયુ પિયુ' પોકારે છે. એ બ્રાહ્મી વેદના કહી કેમ જાય?.... વધારે શું કહેવું? લાગી છે તેને જ લાગી છે. તેના જ ચરણસંગથી લાગે છે; અને લાગે છે ત્યારે જ છૂટકો હોય છ. એ વિના બીજો સુગમ મોક્ષમાર્ગ છે જ નહીં.'' (૨૪૧)

શ્રીમદ્ રાજચંદ્રે પ્રસંગોપાત્ત જણાવ્યું છે : ''અતિશય વિરહાગ્નિ હરિ પ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે. તેમ જ સંતના વિરહાનુભવનું ફળ પણ તે જ છે.'' ''આત્મદર્શન પામ્યા છતાં પણ વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા; કારણ કે હરિરસ અખંડપણે ગાયો નહોતો.'' ''જે રસ જગતનું જીવન છે તે રસનો અનુભવ થયા પછી હરિ પ્રત્યે અતિશય લય થઈ છે. અને તેનું પરિણામ... જ્યાં જેવે રૂપે ઇચ્છીએ તેવે રૂપે હરિ આવશે.''

આ ગ્રંથના સર્જનમાં ય એવી અલૌકિક ઘટના કામ કરી રહી છે. સં. ૧૯૯૨ના વૈશાખ સુદ અષ્ટમીએ બોધિ-સમાધિના નિધિ સંત-શિરોમણિ લઘુરાજસ્વામીનો દેહોત્સર્ગ થતાં લેખકને અનુભવાયેલ અત્યંત વિરહવેદનાનું ભક્તિમોઘું અનિવાર્ય પરિણામ તે લેખકના અધ્યાત્મ-જીવનના પ્રથમ પરિપાકરૂપ 'પ્રજ્ઞાવબોધ'.

'વિવેચન' રૂપ ત્રીજા પુસ્તકના સર્જન પહેલાં જ મોક્ષમાળાના આ ચોથા પુસ્તકનું સર્જન કેમ કર્યું? તેનો ઉત્તર ઉપરની ઘટના જ આપી દે છે. આ 'પ્રજ્ઞાવબોધ'ના સર્જન-સંકલનમાં કેવા ઉત્તમ પ્રકારની સૂઝ કામ કરી રહી છે તેનો લેખકના પોતાના નીચેના શબ્દોથી કંઈક ખ્યાલ આવશે :—

''એક પ્રૌઢ અનુભવી કેળવણીકાર જેમ પોતાની પહેલાંના જમાનાનો વિચાર કરી પૂર્વે થઈ ગયેલા કેળવણીકારોનો અનુભવ લક્ષમાં લઈ, પોતાના જમાનાની જરૂરિયાતો તથા ભાવિ જમાનાની જરૂરિયાતો

ઉપર પહોંચે તેટલી દીર્ઘ-દૃષ્ટિ મૂકી માનવસ્વભાવને લક્ષમાં લઈને માર્ગ-દર્શક ગ્રંથો ગૂંથે તથા શિક્ષણપદ્ધતિ યોજે, તેથી પણ વિશેષ યોગ્યતા અને વિશેષ દીર્ઘ-દૃષ્ટિથી શ્રીમદે મોક્ષમાળાની યોજના વિચારી તેની શરૂઆત કરી. સામાન્ય કેળવણી લઈ શાળામાંથી ઊઠી ગયેલાં કે વિશેષ કેળવણી પામેલાં નર-નારીઓ તથા જેમણે લખવા-વાંચવાનો પણ અભ્યાસ ન કર્યો હોય તેમ છતાં વિચાર કરી શકે તેવી શક્તિવાળાં નરનારીઓની વિચારશક્તિનો પ્રવાહ કઈ દિશામાં વાળવો હિતકારી છે, શું વિચારવાથી પોતાને અને પરને ઉપકારી જીવન તે ગાળી શકે, મનુષ્યજન્મની મહત્તા અને સફળતા સમજવા તથા સાધવા તેમણે કેમ વર્તવું, મનુષ્યભવ પામેલો હારી જવાય તેવી ભૂલવણીનાં કયાં સ્થાનકો છે અને તે કેમ તજવાં—આદિ અનેક પ્રશ્નોના ઉકેલરૂપે મનુષ્યધર્મ અથવા આત્મધર્મની ઓળખાણ કરાવવા મોક્ષમાળાની તેઓએ સંકલના વિચારી ત્વરાથી તેની શરૂઆત કરી.''

**—'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા'**

વળી અન્યત્ર તેઓશ્રી જણાવે છે : ''કોઈ પણ શાસ્ત્ર લખનારે લક્ષમાં રાખવા યોગ્ય ત્રણ પ્રકાર, ગ્રંથની રચનાની સત્યતામાં પ્રમાણભૂત હોય છે. એક તો શ્રુત એટલે સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનથી વિશ્વનું સ્વરૂપ જાણી શબ્દો દ્વારા કહી શકાય તે પ્રકારે પ્રદર્શિત કર્યું છે તે સત્શ્રુત છે; તેનો આધાર ગ્રંથને પ્રમાણભૂત બનાવે છે. તેથી વિપરીતપણે કલ્પના કરનાર, નથી પોતાનું હિત કરી શકતો કે નથી બીજાને સત્ય માર્ગ દર્શાવી શકતો. બીજું, અનુમાન-શાસ્ત્ર પણ બુદ્ધિપૂર્વક સત્યની તુલના કરનાર છે; જેમાં પૂર્વાપર વિરોધ ન આવે તેવું વચન અનુમાનશાસ્ત્રની કસોટીએ પ્રમાણભૂત મનાય છે. ત્રીજું, યથાશક્તિ શાંત અંતઃકરણે જે અનુભવમાં આવ્યું હોય તે પણ સત્ય સંભવે છે. છેલ્લી (final) કસોટી અનુભવની છે.'' (ગ્રંથ-યુગલ)

''શાસ્ત્રજ્ઞાનથી નિવેડો નથી; અનુભવજ્ઞાનથી નિવેડો છે.''

**—શ્રીમદ્ રાજચંદ્ર**

આમ આ લેખકવર્ય ગ્રંથરચના પરત્વે પૂરતા જાગ્રત છે. પ્રસંગવશાત્ તેઓશ્રીએ અન્ય મુમુક્ષુઓને પણ તત્સંબંધી આપેલી નિખાલસ સત્શિક્ષા અત્ર ઉલ્લેખનીય છે : ''આત્મજ્ઞાન થયા પછી લખવું; આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી એવું કશું લખવું નહીં.'' વળી, ''એ તો અનુભવીનું કામ; સ્વાધ્યાય માટે વિચારવું તે જુદી વાત, પણ પરમકૃપાળુદેવે સંકલના (પ્રજ્ઞાવબોધની) યોજી છે તેમ લખવું તે તો અનુભવનું કામ; બાકી વાણી ને વા પાણી.''

આ 'પ્રજ્ઞાવબોધ' જૈન-જૈનેતર ગુજરાતી ધર્મ-સાહિત્યમાં એક અપૂર્વ ગ્રંથ છે. ઉચ્ચ પ્રકારની પ્રજ્ઞાશક્તિના બળે ધર્મકથાનુયોગનો, ચરણકરણાનુયોગનો અને દ્રવ્યાનુયોગનો એમાં અનોખો સમન્વય સધાયો છે, એ પ્રજ્ઞાપુરુષે આમાં સાગરને જાણે ગાગરમાં સમાવી દીધો છે; તેમ છતાં તેમણે વ્યોમ વસુધાને સુધામય પ્રકાશમાં ઝિલાવતા શરદના પૂર્ણ શશીની સાહજિક લીલામયતાથી પરમ શાંત સુધારસમય વાણીનો અનુપમ પ્રાસાદિકતાથી અને હૃદયંગમ ચારુતાથી રેલાવી છે. આપણે તેનું કંઈક વિહંગાવલોકન કરી લઈએ.

મનુષ્યજન્મરૂપ પ્રભાતકાળે ભવ્યાત્માના હૃદયકમળના એક પછી એક દલેદલ ખોલતા 'હિત-પ્રેરણા' (૧)ના શિખરિણીની વરેણ્યભર્ગા ચારુતા માનવજન્મની સફલતાનો રાહ ચીંધે છે. પ્રભાતે અને સંધ્યાએ દેવદિવાળી પ્રગટાવતા 'જિનદેવ-સ્તવન' (૨)નો સાગરની ભરતીઘેરો પેલો ભીમપલાસી ભવ્યાત્માની આરજૂના આરતીનાદે દિગ્‌દિગંતમાં વ્યાપી જાય છે. 'નિર્ગ્રંથ ગુરુગીત'(૩)નો હરિગીત ગુરુકૃપાબળ ફોરવતો પ્રભુ-પ્રેમરસમાં ઝિલાવે છે. 'દયાની પરમ ધર્મતા' (૪) ના રંગે રંગાઈ જતાં, ઋચારોચક ધીરગભીર અનુષ્ટુપ જૈન-બૌદ્ધ અને વૈદિક દર્શનોત્થ 'સાચું બ્રાહ્મણપણું' (૫) ખડું કરે છે. તો 'મૈત્રી આદિ ચાર ભાવના' (૬) અહિંસાચક્રી જૈનશાસનનું અનોખું કૂચગીત છે. 'સત્શાસ્ત્રનો ઉપકાર' (૭) સત્શ્રુતરૂપ સરસ્વતીની શબ્દબ્રહ્મશક્તિનો પરિચય કરાવે છે. 'પ્રમાદના સ્વરૂપનો વિશેષ વિચાર' (૮) અજ્ઞાન અને મોહને સર્વથા

વિદારનાર ઇન્દ્રવજ્રા દૃઢતા પ્રગટાવે છે. પછીથી જ તો 'મહાવીર દેવ' (૯-૧૦-૧૧)ની વીરતા આત્મસાત્ થાય ને? મહાવીરને પંથે પળનાર ઇંદવછંદે 'ત્રણ મનોરથ' (૧૨) રૂપી ત્રણ ડગલાં ભરી ચોથે ડગલે તો મુક્ત બને છે. ચાર દુઃખશય્યા તજી 'ચાર સુખશય્યા' (૧૩) ના અવલંબનની પ્રેરણા અગાધ વિવેકનું ભાન કરાવે છે. 'વ્યાવહારિક જીવોના ભેદ' (૧૪) જ્ઞાનીના અભિપ્રાયે બોધ પમાડી વિચક્ષણને સમ્યગ્દૃષ્ટિ બનાવવા ઉદ્યુક્ત છે. 'ત્રણ આત્મા' (૧૫) તો આખા ય 'સમાધિશતક'ને બ્રહ્માનંદ સુધાસાગરના સ્નાનની ભાવનાભર્યા અપૂર્વ અવસરી રાહમાં વહાવે છે. 'સમ્યગ્દર્શન'(૧૬)નો ઇંદવ છંદ બોલે બોલે પદે પદે સમ્યગ્દર્શનની પ્રતીતિ કરાવી તેના માહાત્મ્યની અપૂર્વતા સાધે છે. અભેદધ્યાની 'પાર્શ્વનાથ પરમાત્મા' (૧૭-૧૮-૧૯) સુદર્શન, મૈત્રી અને ક્ષમાની મંગલતા પ્રગટાવે છે. સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠપદ-સેવાના રાહે 'મહાત્માઓની અસંગતા' (૨૦) પ્રગટી સૌ સત્સાધન અને સર્વ ક્રિયાનું સફળપણું સિદ્ધ થાય છે. ત્યાં જ ચિત્તસ્થિરતા થતાં મનમંદિરિયે કહેવા જેવી એક અનન્ય વાત—'સર્વોત્કૃષ્ટ સિદ્ધિ' (૨૧) સાંપડે છે. વાદવિવાદથી પર એવું જે સહજાત્મસ્વરૂપ સ્યાદ્‌વાદરૂપ 'અનેકાંતની પ્રામાણિકતા' (૨૨)થી અનુષ્ટુપના ઋતમંગલ સ્વરે સિદ્ધ થાય છે. સ્વરૂપ-રમણતા થવા મનને લઈને આ બધું 'મન-ભ્રાંતિ' (૨૩) રૂપ સમજાવી મન વશ કરવાનો ઉપાય જાણે સદ્‌ગુરુ-ચરણે સ્વાર્પણતારૂપ યજ્ઞ-આહુતિના ઘોષમય વસંતતિલકામાં સૂચવાયો છે. તપોમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્રની કેવળ નિષ્કામ અંતર્ચર્યામાં 'તપ' (૨૪)ની પરાકાષ્ઠા મૂર્ત થાય છે. 'જ્ઞાન' (૨૫) અને 'ક્રિયા' (૨૬)માં જ્ઞાનયોગ અને કર્મ-યોગ તથા તેનો અપૂર્વ સમન્વય બતાવી ज्ञानक्रियाभ्याम् मोक्षःની સિદ્ધિ બતાવી છે. પછી જ્ઞાન પ્રગટવામાં અંતરાયભૂત 'આરંભ અને પરિગ્રહ, તેની નિવૃત્તિ ઉપર જ્ઞાનીએ આપેલો ઘણો ભાર' (૨૭) સમજાવી તેને નિર્મૂળ કરવા બ્રહ્મચર્યરૂપ અનન્ય ઉપાય દાખવી તેના ઉદાહરણરૂપ બ્રહ્મનિષ્ઠ 'શ્રી નેમિનાથ પ્રભુ' (૨૮-૨૯-૩૦)નું ચરિત્ર ગૂંથ્યું છે. ગમે

તેવા કંજૂસનો ય જીવનપલટો કરી નાખે તેવી 'દાન' (૩૧)ની સાર્થકતા છે. સાચે જ, આરંભ-પરિગ્રહની વૃત્તિને બ્રહ્મચર્યની એક થપાટ દઈ દાનના તાનમાં પલટાવનાર મૃદંગબાજની ગાંધર્વ-વિદ્યાસમી રોમાંચક પરમશ્રુતતાનો આમાં અપૂર્વ પરિચય લાધે છે. 'નિયમિતપણું' (૩૨) તો નિયમસાર આદિ અનેક ગ્રંથમણિઓના અને સમસ્ત સંયમધર્મના રહસ્યને અંતરમાં પ્રગટાવી ચરિતાર્થ કરાય તેવી પ્રેરક હલકે ખમાજના ધૂમાલી તાલમાં અનન્ય રીતે ખીલી ઉઠેલ છે. પછી તો જાણે નિયમિતપણાને તાલ આપનાર જ્ઞાનગંગાસમ 'જિનાગમ સ્તુતિ' (૩૩) પ્રવહે છે. 'નવતત્ત્વનું સામાન્ય સંક્ષેપ સ્વરૂપ' (૩૪) તો સમસ્ત જિનાગમના સારરૂપ દ્રવ્યાનુયોગનું માત્ર સરળ દોહન છે. 'સાર્વજનિક શ્રેય' (૩૫)માં આ યુગને ખાસ સ્પર્શતા શ્રેયપ્રેયના મનનીય દાવાનો ન્યાય ચુકવાય છે. સમગ્ર અધ્યાત્મસાધનાના ધ્યેય અને કારણરૂપ એવા 'સદ્ગુણ' (૩૬)નું ભાન કરાવી વિનય દ્વારા પ્રગટાવવાનો રાહ બતાવી તે સાધનામાં 'દેશ ધર્મ વિષે વિચાર' (૩૭) દ્વારા જિજ્ઞાસુને યોજે છે. પરમાત્મસ્વરૂપ પામવાના ટૂંકા રાહરૂપ બાહ્યાભ્યંતર 'મૌન' (૩૮)નું રહસ્ય સમજાવી, અશરીરીભાવ પ્રગટાવવા 'શરીર' (૩૯)નો વિચાર પ્રેરે છે અને 'પુનર્જન્મ'(૪૦)માં તે વિચારની પરાકાષ્ઠા બતાવે છે. આમ જાણે મન-વચન-કાયાની ગુપ્તિની યોગ્યતા લાધી જાય તો તેને દેહદૃષ્ટિ દૂર કરી નિશદિન સહજાત્મસ્વરૂપના વિચારના વ્યાપારમાં સુજ્ઞાને-ધ્યાને રમણ થઈ શકે તેવા પરમ આચાર રૂપ 'પંચ મહાવ્રત વિષે વિચાર' (૪૧) પ્રેરે છે; તો બીજી બાજુ જગતમાં નિર્લેપ રહેનાર 'નિર્દોષ નર : શ્રી રામ' (૪૨-૪૩-૪૪-૪૫)નું સ્મરણ કરાવે છે. 'સ્વ-દેશ-બોધ' (૪૬)થી સ્વભાન પ્રગટાવે છે. પરમયોગ પ્રગટાવવા અવંચક યોગ કરી 'પ્રશસ્ત યોગ' (૪૭)ના પ્રભાવે શુભભાવ આરાધી શુદ્ધભાવની શ્રેણિનો લક્ષ કરાવ્યો છે. વિભાવનું વક્રપણું જઈ સહજાત્મસ્વરૂપ થવા 'સરળપણું' (૪૮) અને સર્વ ગુણગણના ભારને ઝીલવા, જીરવવા 'નિરભિમાનપણું' (૪૯) બોધ્યું છે. 'બ્રહ્મચર્યનું સર્વોત્કૃષ્ટપણું (૫૦) તો પરબ્રહ્મ પદે લય

લગાડે તેવી બ્રહ્મખુમારીભર્યું છે. બાર ઉપાંગના સારરૂપ 'આજ્ઞા' (૫૧)ની અપૂર્વતા જીવનકૃતાર્થતાનો સરળ, નિર્ભય રાહ બતાવે છે. 'સમાધિ-મરણ' (૫૨-૫૩)માં જીવનસાર્થકતાની મૃત્યુંજયી સાધના છે. 'વૈતાલીય અધ્યયન' (૫૪) અપૂર્વ જાગૃતિ-પ્રેરક છે. હાથતાળી રમતા છંદની હલકે 'સંયોગનું અનિત્યપણું' (૫૫) દ્વાદશ ભાવનાનું મૂળ નાખી જાય છે. 'મહાત્માઓની અનંત સમતા' (૫૬)માં મૂર્ત થતું સંવરસ્વામીત્વ અને 'માથે ન જોઈએ' (૫૭-૫૮)નું ટેકીલું પૌરુષ અખૂટ ધીરજ અને આત્મશ્રદ્ધામાંથી જન્મતી સજગ શૂરવીરતાનાં દ્યોતક છે. '(ચાર) ઉદયાદિ ભંગ' (૫૯-૬૦)થી આત્માના ઉત્તરોત્તર પુરુષાર્થની અરોક બલવત્તરતાની ઝાંખી થાય છે. 'જિનમત-નિરાકરણ' (૬૧) સંશય ટાળી સન્મતિ આપી માર્ગાનુસારી કરે તેવું છે. 'મહામોહનીય સ્થાનક' (૬૨)નો ખ્યાલ આવતાં કેવી ન્યાયનીતિમય અનુપમ સજ્જનતા પ્રગટે! 'તીર્થંકરપદ-સંપ્રાપ્તિસ્થાનક' (૬૩) તો સર્વતોભદ્ર—સ્વ-પર-હિતકારક જીવનની કેવી ધન્યતા પ્રગટાવે છે! આમ બન્ને પરસ્પર વિરોધી પાઠથી જાણે આત્માના પૌરુષને ઉપાલંભ દઈ પોતાની સાથે ચાલી નીકળવા કેવું મીઠું આહ્વાન આપ્યું છે! તરલ એવા હરિણી છંદે 'માયા' (૬૪)ની ગહન ગતિને તાદૃશ કરી બતાવીને હૈયાસોંસરી ઊતરી જાય તેવી, કદી ન ભુલાય તેવી અપૂર્વ સમજ બંધાવી છે. 'પરિષહ જય' (૬૫) અર્થે 'વીરત્વ' (૬૬) અદ્ભુત પ્રેરણાદાયી, ધીરતાદાયી છે. પણ ભલા, એ બધું પુરુષાર્થબળ કોના પ્રતાપે? 'સદ્ગુરુ-સ્તુતિ' (૬૭) વિના બીજો જવાબ પણ કેમ સ્ફુરે? સહજાત્મસ્વરૂપ એવા પરમગુરુનાં 'પંચ પરમપદ' (૬૮)ના વિચારમાં ચિત્ત-પ્રસન્નતા લાધે છે. મહાબળવંતી હરિની માયાના છંદે ચાલતી 'અવિરતિ' (૬૯) ઓળખાતાં પૂર્ણ પવિત્ર સ્વરૂપરૂપ ભગવાનની ઓળખાણ લાધે છે. જડ-યુગમાં 'અધ્યાત્મ' (૭૦)નું પ્રતિપાદન આત્માની ઊરધતાને સત્પુરુષાર્થના આહ્વાનસમું છે. 'મુનિ-સમાગમ' (૭૧-૭૨-૭૩)ની વીતક વાત ભણતરની મૂઢતા ટાળી ગણતાં શીખવી, લોકકલ્યાણને નામે છેતરાતી

લૌકિકદૃષ્ટિ ટાળી અલૌકિક દૃષ્ટિ પ્રગટાવી સ્વ-પર-હિતનું ભાન કરાવે છે, અને તત્ત્વ-વિવેકથી પરમ અધ્યાત્મ-યોગનો લક્ષ કરાવે છે. પરમગુરુની વાણીની મંત્રત્વશક્તિનો અપૂર્વ ખ્યાલ તો 'મંત્ર' (૭૪)થી મંત્રાઈ જતાં જ પમાતો હશે ને? માત્ર પોતે સાચા થવું પડે, શરત માત્ર એટલી! ષટ્દર્શનના સાર સમાં, આત્માના અનન્ય નિવાસસ્થાનક સમાં 'છ પદનો નિશ્ચય' (૭૫) સ્વ-સ્વરૂપ સમજવાને અર્થે પ્રકાશ્યો છે. 'મોક્ષમાર્ગની અવિરોધતા' (૭૬) સમજાય તો 'સનાતન ધર્મ' (૭૭) સાંપડે. પછી 'સૂક્ષ્મ તત્ત્વ પ્રતીતિ' (૭૮) લાધે છે. ત્યાં 'સમિતિ-ગુપ્તિ' (૭૯)નું વીર્ય પણ કેવું સ્ફુરે! કર્મ-મુક્ત થવા સિદ્ધાન્તરૂપ 'કર્મ-નિયમો' (૮૦) સમજીને શમાવવાની અનિવાર્યતા વિસ્મરણીય નથી. 'મહત્પુરુષોની અનંત દયા' (૮૧) આત્મસ્વભાવ પ્રગટાવે તેવી છે. 'નિર્જરા-ક્રમ' (૮૨)માં આત્માની અચિંત્ય શક્તિનું માહાત્મ્ય સમજાઈ પુરુષાર્થની પ્રેરણા લાધે તેવું છે. 'આકાંક્ષા સ્થાનકે કેમ વર્તવું?' (૮૩)—સદ્ગુરુ સેવવા. 'મુનિધર્મ-યોગ્યતા' (૮૪)માં જરૂરની ચેતવણી અને સાચો ઉપાય બન્ને છે. 'પ્રત્યક્ષ અને પરોક્ષ' (૮૫)માં પ્રમાણનું અને આજ્ઞાનું ભાન થાય છે! 'ઉન્મત્તતા' (૮૬)નું ખરું ભાન ભલભલા ડાહ્યા અને સંયમી ગણાતાને પણ આવવું મુશ્કેલ છે, તેમને સવળીએ લાવે તેવાં બળવાન વચનો એમાં છે. કરુણાબળે સિદ્ધિને પામેલા 'શ્રી શાંતિનાથ' (૮૭-૮૮-૮૯)નું ચરિત્ર શું સૂચવતું હશે? દાનનો વિવેક અને અભયદાનની સર્વોત્તમતા? 'અંતર્મુહૂર્ત' (૯૦)માં એક પછી એક એવાં અનેક મુક્તિસોપાનો ઉલ્લાસથી સર કરવા સમકિતસાધક વિક્રમ સ્થાપક પરાક્રમભાવના છે. 'દર્શન-સ્તુતિ' (૯૧)નો તો ઉલ્લાસ જ કોઈ ઓર છે!—માત્ર સત્પુરુષના દર્શન પામેલાને ય છેક ક્ષાયિકદર્શન કરાવી મુક્ત કરાવવા જાણે નીકળી ન હોય! 'વિભાવ' (૯૨)ની સૂક્ષ્મ સમજ તે કેવી સ્વભાવપ્રેરક છે! વિરલા યોગીઓને ય દુર્લભ તે 'રસાસ્વાદ' (૯૩) અત્ર સુલભ કરી બતાવ્યો છે. 'અહિંસા અને સ્વચ્છંદતા' (૯૪)માં અહિંસાનું સૂક્ષ્મ સ્વરૂપ સમજાવી ભલભલા દુનિયા-ડાહ્યાઓની અને

અલખનિરંજનો કે યોગાવતારી થઈ બેઠેલાઓની અહિંસાને જ નામે પોષાતી સ્વચ્છંદતાને ઠીક ટકોર કરી છે. 'અલ્પ શિથિલપણાથી મહાદોષના જન્મ' (૯૫)નું ભાન થતાં અચળ ચરણનો નિરંતર આશ્રય લઈ ટંકોત્કીર્ણ થવાની રોમેરોમ ઝંખના જાગે એવી આમાં સંવેદનભરી હલક છે. 'પારમાર્થિક સત્ય' (૯૬)ની અગત્ય સમજાવી તેના ક્રમથી નરભવની સાર્થકતા બતાવી છે. કેટલાંય દર્શનોની વિપરીત આત્મ-માન્યતાને આલિંગી સમ્યક્ કરી લેતી 'આત્મભાવના' (૯૭) કુબ્જાને ભેટી રાધા જેવી બનાવનાર કૃષ્ણની યાદ આપે છે. 'જિનભાવના' (૯૮)થી જિન ભગવાન પણ ભોળવાઈ જાય તો નવાઈ નહીં. અરે! બન્યું છે ય તેવું તો—'શ્રી ઋષભ જિનેશ્વર' (૯૯ થી ૧૦૫) ઠીક હાથ આવી ગયા છે, ભલા-ભોળા ખરા ને ? એ તો ભૂતદયાથી આખી સૃષ્ટિ સર્જી બેઠેલા. તો પણ મોડા મોડાય, જોકે આમ તો સૌથી પહેલા, એ પરોપકાર-કારક પરમાત્મા ઊઠ્યા જગ ઉદ્ધરવા રે!—એ પ્રસંગ પર તો લોમહર્ષણ હલકે વારી જવાય છે. અને એમનો પેલો કરુણાર્દ્ર પોકાર તો હજી ય સંભળાય છે: 'જાગો હે જીવો! રે મોહ કરો પરો.' એ તો ચેતાવીને ચાલ્યા ગયા. પાછળ ભરતની વિવશતા પથ્થરોને ય પિગળાવી જાય તેવી છે. 'હિતાર્થી પ્રશ્નો' (૧૦૬-૧૦૭) સાચા ગરજવાનને મુઝવણ પ્રસંગે માતાની ગોદસમી હૂંફ આપી બાલદશામાંથી પૌરુષ પ્રગટાવે છે. 'પૂર્ણમાલિકા મંગલ' (૧૦૮)માં તો એ પ્રજ્ઞાપુરુષનું સદાય સરલ નિર્દોષ બાલકસમું પ્રફુલ્લિત સુધાધવલ હૃદયપુષ્પ એક પછી એક પોતાનાં અંતર્ દલ ખોલી પરમ ચૈતન્યે લીન બને છે. આપણું તેવું બનો, એમાં જ એ મંગલ પ્રત્યેની અને સમગ્ર 'પ્રજ્ઞાવબોધ' પ્રત્યેની કૃતજ્ઞતા છે.

આ ગ્રંથમાં કેટલેક સ્થળે વીતરાગ ભગવંતનાં સૂત્રો અને દિગંબર-શ્વેતાંબર અને ઇતર મહાન આચાર્યોના ગ્રંથમણિઓમાંથી તથા પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રનાં વચનોમાંથી કરેલી ગૂંથણીની સમીક્ષા કરવાની શક્તિ કે યોગ્યતા નહીં હોવાથી એનું દિગ્દર્શન કરાવી શકાય તેમ નથી. પરંતુ લેખકની સપ્રજ્ઞ સરળતા, કૃતજ્ઞતા અને જાતવિલોપનની,

સ્વાર્પણની ભાવનાને અન્યાય ન થવા માટે એક-બે વાત જણાવું તો અસ્થાને નહીં ગણાય. છૂટાંછવાયાં સાચાંખોટાં રત્નો અને હીરામોતીની કોઈ ઝવેરી પોતાના અનુભવ-બળે પરીક્ષા કરી વિવેકપૂર્વક તેઓની મૂલ્યવત્તાનુસાર સુયોગ્ય સ્થાને સેરવીને માળાઓ ગૂંથે તો તે રત્નો સુસંવાદી ગૂંથણીમાં પરસ્પરની શોભાથી અધિક શોભી સાર્થકતા સાધે છે. તેમાં ઝવેરીનું વ્યક્તિત્વ ગૌણ લાગતાં છતાં ગૂંથણીમાં ખાસ અનિવાર્ય અગત્યનાં ઝવેરીની સૂઝ, અનુભવ અને કલારસિકતા ઇત્યાદિની તો કૃતાર્થતા છે. તેમ પોતાની જાતને ગૌણ કરીને સત્શ્રુતની ગૂંથણીમાં લેખકવર્યની નિઃસ્પૃહ, નિરપેક્ષ કૃતાર્થ-બુદ્ધિ આમાં પણ કામ કરી રહી છે. વળી કર્તૃત્વબુદ્ધિને તો જાણે ગુરુ-ચરણે રમતી મૂકી દીધી ન હોય તેમ પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રની સુધામય અનુભવવાણીમાં લેખકવર્ય કૃતજ્ઞતાથી ઝીલ્યા છે. તેની સુયોગ્યતા શ્રીમદ્‌ના જ પોતાના નીચેના અવતરણથી સમજાશે :—

''અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે, તે તો આત્માની સ્વરૂપ-પરિણતિ વર્તતી હોવાને લીધે છે...બંધ-મોક્ષની યથાર્થ વ્યવસ્થા જે દર્શનને વિષે યથાર્થપણે કહેવામાં આવી છે તે દર્શન નિકટ મુક્તપણાનું કારણ છે. અને એ યથાર્થ વ્યવસ્થા કહેવાને જોગ્ય જો કોઈ અમે વિશેષપણે માનતા હોઈએ તો તે શ્રી તીર્થંકરદેવ છે. અને એ જે શ્રી તીર્થંકરદેવનો અંતર-આશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઈને વિષે આ ક્ષેત્રે વર્તતો હોય તો તે અમે હોઈશું, એમ અમને દૃઢ કરીને ભાસે છે. કારણ કે જે અમારું અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનું કારણ લાગે છે.''

''જગતના અભિપ્રાય પ્રત્યે જોઈને જીવ પદાર્થનો બોધ પામ્યો છે; જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઈને પામ્યો નથી.'' એટલે આ ગ્રંથમાં દૃષ્ટિગોચર થતી નવીનતાઓ કે વિશિષ્ટતાઓ સંબંધી ગેરસમજૂતી થવા ન પામે તે માટે શ્રીમદ્‌નાં વિચારવા યોગ્ય હિતકારી સૂચનો ટાંકું છું : ''દૃષ્ટિવિષ ગયા પછી ગમે તે શાસ્ત્ર, ગમે તે અક્ષર, ગમે તે કથન, ગમે

તે વચન, ગમે તે સ્થળ પ્રાયે અહિતનું કારણ થતું નથી.'' ''વળી મારી સમજણ તો એમ રહે છે કે શાસ્ત્રકારે બધાં શાસ્ત્રમાં ન હોય એવી પણ કોઈ શાસ્ત્રમાં વાત કરી હોય તો કંઈ ચિંતા જેવું નથી. તેની સાથે તે એક શાસ્ત્રમાં કહેલી વાત સર્વ શાસ્ત્રની રચના કરતાં શાસ્ત્રકારના લક્ષમાં જ હતી, એમ સમજવું. વળી બધાં શાસ્ત્ર કરતાં કંઈ વિચિત્ર વાત કોઈ શાસ્ત્રમાં જણાવી હોય તો એ વધારે સમ્મત કરવા જેવી સમજવી, કારણ એ કોઈ વિરલા મનુષ્યને અર્થે વાત કહેવાઈ હોય છે, બાકી તો સાધારણ મનુષ્યો માટે જ કથન હોય છે.'' ''નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો માત્ર મનનો આમળો.''

''અજ્ઞાનીઓ 'આજ કેવળજ્ઞાન નથી, મોક્ષ નથી;' એવી હીન-પુરુષાર્થની વાતો કરે છે. જ્ઞાનીનું વચન પુરુષાર્થ પ્રેરે તેવું હોય; અજ્ઞાની શિથિલ છે, તેથી એવાં હીન-પુરુષાર્થનાં વચનો કહે છે. પંચમકાળની, ભવસ્થિતિની, દેહ-દુર્બળતાની કે આયુષ્યની વાત ક્યારે ય પણ મનમાં લાવવી નહીં. અને એવી વાણી પણ સાંભળવી નહીં.''

''જીવે ધર્મ પોતાની કલ્પના વડે અથવા કલ્પનાપ્રાપ્ત અન્ય પુરુષ વડે શ્રવણ કરવા જોગ, મનન કરવા જોગ કે આરાધવા જોગ નથી. માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવા જોગ છે, યાવત્ આરાધવા જોગ છે.''

''જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે તે તે પ્રકાર ધર્મના છે. આત્મા જે પ્રકારે અન્યભાવ પામે, તે પ્રકાર અન્યરૂપ છે; ધર્મરૂપ નથી.'' ''આત્મા અર્હતપદ વિચારે તો અર્હત્ થાય, સિદ્ધપદ વિચારે તો સિદ્ધ થાય, આચાર્યપદ વિચારે તો આચાર્ય થાય, ઉપાધ્યાયનો વિચાર કરે તો ઉપાધ્યાય થાય, સ્ત્રીરૂપ વિચારે તો સ્ત્રી અર્થાત્ જે સ્વરૂપને વિચારે તે રૂપ ભાવાત્મા થાય.'' ''આત્માપણું એ ધ્વનિ સિવાય બીજો કોઈ ધ્વનિ કોઈ પણ પદાર્થના ગ્રહણત્યાગમાં સ્મરણજોગ નથી. અનવકાશ આત્માપણું જાણ્યા વિના, તે સ્થિતિ વિના અન્ય સર્વ ક્લેશરૂપ છે.''

"આત્માપણે કેવળ આત્મા વર્તે એમ જે ચિંતવન રાખવું તે લક્ષ છે, શાસ્ત્રના પરમાર્થરૂપ છે." "પરમાત્મસ્વરૂપ કે સત્ એ પોતાનું યથાર્થ સ્વરૂપ છે. તેની જેને માન્યતા થઈ છે એવા સંસ્કારી અંતરાત્માએ તો તે પૂર્ણપદની વારંવાર ભાવના કરી તે પરમાત્મપદના સંસ્કાર અચળ કરવા યોગ્ય છે. તેથી આત્મસ્થિરતા કે આત્મચારિત્ર પ્રાપ્ત થાય છે." "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે."

'મોક્ષમાર્ગમાં આત્મભાવના એ જ સત્ય પુરુષાર્થ છે.' પ્રજ્ઞા એ તત્ત્વજ્ઞાનનું લક્ષ્યબિંદુ છે. તે જાગ્રત થઈ આત્મભાવના સ્ફુરે, દૃઢ થાય અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામે એવું આ 'પ્રજ્ઞાવબોધ'નું કૌવતદાયક ભાવનાત્મક સ્વરૂપ છે. જેના મનન-મંથનથી માથું ફરી જાય તેવા અગમ્ય તત્ત્વાવબોધને પણ સરળ ભાવનાત્મક સ્વરૂપ આપવામાં 'પ્રજ્ઞાવબોધ'ની સાર્થકતા છે. ભાવનાનું સર્વોત્તમ વાહન પદ્ય હોવાથી 'પ્રજ્ઞાવબોધ' વિશિષ્ટ પદ્યાત્મક સ્વરૂપ પામ્યો એમાં જ એની સાહજિકતા છે, તે સમજી શકાય તેવું છે. જેને 'પ્રવેશિકા' અને 'બાલાવબોધ' મોક્ષમાળાના મનન-નિદિધ્યાસન દ્વારા યોગ્યતા પ્રાપ્ત થઈ છે તેવા સદ્ભાગ્યવાન જીવોનું આ 'પ્રજ્ઞાવબોધ' કંઠાભરણ બનો, હૈયાનો હાર બનો એ જ અભ્યર્થના!

સદ્ગત સાક્ષર શ્રી મનસુખભાઈ કિરતચંદ-સંપાદિત મોક્ષમાળા પુસ્તક બીજાની પ્રસ્તાવનામાં છપાયું છે કે "આ મોક્ષમાળાનાં ચાર પુસ્તકો થવાની યોજના હતી. એમાંનું આ બીજું પુસ્તક છે....આ પુસ્તક બાલાવબોધ છે. 'વિવેચન' અને 'પ્રજ્ઞાવબોધ' ત્રીજા અને ચોથા ભાગમાં આવવાની યોજના હતી." મોક્ષમાળા વિષે સં. ૧૯૫૫માં શ્રીમદે પોતે જણાવ્યું છે : "મોક્ષમાળા અમે સોળ વર્ષ અને પાંચ માસની ઉમ્મરે ત્રણ દિવસમાં રચી હતી....જૈનધર્મને યથાર્થ સમજાવવા એમાં પ્રયાસ કર્યો છે. જિનોક્ત માર્ગથી કાંઈ પણ ન્યૂનાધિક તેમાં કહ્યું નથી. વીતરાગ માર્ગ પર આબાલવૃદ્ધની રુચિ થાય, તેનું સ્વરૂપ સમજાય, તેનું બીજ હૃદયમાં રોપાય તેવા હેતુએ બાલાવબોધરૂપ યોજના તેની કરી છે. તે શૈલી તથા તે બોધને અનુસરવા પણ એ નમૂનો આપેલ છે. એનો

પ્રજ્ઞાવબોધ ભાગ ભિન્ન છે તે કોઈ કરશે.'' સં. ૧૯૫૬ના ભાદરવામાં એક પત્રમાં તેઓશ્રી લખે છે : ''પ્રજ્ઞાવબોધ ભાગ મોક્ષમાળાના ૧૦૮ મણકા અત્રે લખાવશું.'' મોક્ષમાળા પુસ્તક બીજાની ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં શ્રી મનસુખભાઈ લખે છે : ''....આ ગ્રંથના પહેલા, ત્રીજા અને ચોથા ભાગો રચી, તૈયાર કરી પ્રગટ કરવા કોઈ વીર પુરુષ બહાર નથી આવ્યો એ ખેદજનક છે...'' આમ આ મોક્ષમાળાના ચાર ભાગની યોજના જાણવા મળે છે. તેમાં પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્ર બાલાવબોધ ભાગ—પુસ્તક બીજા—સંબંધી લખે છે તેમ તે ભાગ 'એક સ્યાદ્વાદ-તત્ત્વાવબોધ વૃક્ષનું બીજ છે.' જ્યારે તે બાલાવબોધ મોક્ષમાળા સમજાઈ તે બીજના અંકુર તેમના હૃદયમાં ફૂટે તે માટે શ્રી બ્રહ્મચારીજીએ પ્રવેશિકા (મોક્ષમાળા : પુસ્તક પહેલું) રચી. એમાં શ્રીમદ્‌ની 'બાલાવબોધ'માં નમૂનારૂપે અપાયેલ શૈલી પણ યથાયોગ્ય અનુસરાઈ છે. અને સ્યાદ્વાદ તત્ત્વાવબોધના વૃક્ષરૂપ 'વિવેચન' જાણે એ અધ્યાત્મ-પ્રેમીના હૃદયમાં પ્રફુલ્લિત હોઈ ગ્રંથારૂઢ ન થતાં તેના અમીરસમય પરિપક્વ ફલરૂપ આ 'પ્રજ્ઞાવબોધ' સં. ૧૯૯૪ થી ૧૯૯૭ સુધીમાં લખાઈ ઘણાં વિઘ્નોમાંથી પસાર થઈ મોડો મોડોય આપણને સાંપડ્યો છે એ આપણું મહદ્ ભાગ્ય છે.

આ ગ્રંથમાં જ્યાં 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તકનો ઉલ્લેખ છે ત્યાં તે આશ્રમપ્રકાશિત આવૃત્તિનો છે.

આ ગ્રંથના સંપાદનમાં મારી કાચી સમજ અને યોગ્યતાની ખામીને લીધે જે કંઈ ક્ષતિઓ થઈ હોય તે માટે તે સદ્‌ગત પ્રજ્ઞાપુરુષની અને સુજ્ઞજનોની ક્ષમા ઇચ્છું છું. સંપાદન કાર્યમાં મને દોરવણી આપી મદદરૂપ નીવડેલ પૂ. સાકરબેન તથા ભાઈ સુમેરુનો હાર્દિક આભાર! એક અજ્ઞાતવાસીનાં સૂચનો માટે તો અત્યંત આભાર! શ્રી બ્રહ્મચારીજીના જીવનની વિગતો ખૂબ ઉલ્લાસથી પૂરી પાડનાર સજ્જનોનો તો હું ખૂબ ઋણી છું. ચેતના પ્રેસની આત્મીયતા એ તો એક મજાનો અનુભવ છે.

------૨૦------

સમાધિ-બોધિના નિધિ શ્રી લઘુરાજ સ્વામીની કૃપાથી આ 'પ્રજ્ઞાલાપ' ગાઈને મુમુક્ષુઓનાં અંતઃકરણમાં પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્રના અલૌકિક સ્વરૂપની, તેમણે ઉદ્ધારેલ સનાતન વીતરાગ માર્ગની અપૂર્વ પ્રતિષ્ઠા કરનાર પૂજ્યપાદ શ્રી બ્રહ્મચારીજીના વિસ્તૃત જીવનની અપેક્ષા રહે છે; છતાં યત્કિંચિત્ સ્મૃતિરેખા આ સાથે બાલીશ પ્રયત્ન જેવી આપી છે તે સજ્જનોને ચિત્ત-પ્રસન્નતાનું કારણ નીવડો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

આત્મસિદ્ધિ-દિન
આસો વદ ૧, ૨૦૧૧ **શાન્તિ પટેલ**

ૐ

# શ્રી બ્રહ્મચારીજીની જીવન-રેખા

•

પ્રભો, તારે જ્ઞાને સહજ જગ વિરાટ લસતું,
પ્રભો, તારે ધ્યાને મન પરમ યોગીનું વસતું,
પ્રભો, તારે પાદે હૃદય ઢળતું ભક્તજનનું,
પ્રભો, તારે નામે દુરિત બળતું દુષ્ટ જનનું. ૧

નવાઈ તેની કૈં મમ તરલ ચિત્તે ન લસતી,
નવાઈ! સંતોની પરમ સરલા મૂર્તિ વસતી.
ઉરે સારે મારે, તવ સકલ વિભૂતિ ઝીલતી,
સુધા-જ્યોત્સ્ના જેને વિમલ નયને દિવ્ય ખીલતી. ૨

અને યોગી-ચિત્તે ધૃતિ મરજીવાની વિતરતી.
કૃપા સંતોની એ પતિત-ઉર શ્રદ્ધા જગવતી
અને શ્રદ્ધાળુને ઉર પરમ ભક્તિ ખીલવતી,
નવાઈ સાચી એ, જીવ-શિવતણા ભેદ હરતી. ૩

અહો! અંશે શાતા થકી પૂરણ સિદ્ધિ ય સુધીની
સમાધિ સર્વેનું સતપુરુષ છે કારણ ખરું
છતાં કૈં ના સ્પૃહા ઉર ગરવ કે ગારવ નથી;
નથી વા ઉન્મત્ત, નવ જરીય પોતાપણું ધર્યું. ૪

પ્રભો, એવા સંતો સરલ અતિ તારાથી અદકા
કૃપાળુ, દેતા એ તવ શરણ, આશ્ચર્ય-પ્રતિમા!
'સ્મૃતિથી સંતોની સકલ દુખનાં કારણ ગળે,
સદા સેવા ચાહું સમીપ વસવા સંત-પગલે.' ૫

આવા અલૌકિક વિરલ સંતો સંબંધી જગત ઘણું જ ઓછું જાણે છે. સાચે જ, ગુપ્ત ચમત્કાર સૃષ્ટિના (જગતના) લક્ષમાં નથી. તથાપિ કુદરત તો સંત પુરુષોના જીવનની મહત્તા પિછાને છે, અને એને અનેક સંકેતોથી પ્રદર્શિત કરે છે. શ્રી બ્રહ્મચારીજીનો જન્મ ચારુતરના બાંધણી ગામમાં વિ.સં. ૧૯૪૫ના

જન્માષ્ટમી-દિને એક વૈષ્ણવજનને ત્યાં થયો એ પણ કુદરતનો એક સંકેત હતો. જન્માનુસાર એમનું નામ ગોરધનભાઈ (ગોવર્ધનધર) રાખવામાં આવ્યું. પરમ પૂજ્ય પ્રભુશ્રી તો ઉલ્લાસથી તેમને કોઈક કોઈક વાર 'ગિરધરભાઈ' પણ કહેતા, એમનાથી શું અજાણ્યું હોય!

એમના પિતાશ્રીનું નામ કાળિદાસ દ્વારકાદાસ હતું. તેમનું જીવન ધર્મના રંગે રંગાયેલું હતું. ત્રણ ત્રણ વાર તે ગોકુળ-મથુરાની યાત્રા કરી આવેલા, પ્રથમ વખત તો પગપાળા જ કરેલી. મંદિરનો જીર્ણોદ્ધાર ઇત્યાદિ દાનની પ્રવૃત્તિ ત્યાગની વૃત્તિમાં પરિણમી અને છેલ્લે યાત્રામાંથી મર્યાદ (મરજાદ) લઈને જ આવ્યા. આમ આયુષ્ય થોડું બાકી રહ્યું હતું ત્યારથી તે ચેતી ગયા અને બળતા ઘરમાંથી જેટલું બચાવાય તેટલું બચાવવા કુટુંબથી દૂર જઈ બેઠા અને ભગવદ્-ભક્તિમાં જોડાયા.

માતુશ્રી જીતાબાને તો ઘરના બાલમુકુંદમાં જ આશ્વાસન લાધ્યું. જન્માષ્ટમીએ જન્મ અને જન્મથી જ શાંત અને આનંદી એટલે એમને મનમાં એમ જ રહેતું કે આ કોઈ દૈવી પુરુષ છે. એક વખત એક જોષીએ એમની એ માન્યતાને અધિક દૃઢ કરી દીધી. જમણા પગના ઢીંચણે લાખું જોઈને જ એણે તો ઉમળકાથી કહ્યું કે આ તો કોઈ મહાપુરુષ છે. પગની ઊર્ધ્વરેખા સાબિતીરૂપ બની. વિશાળ ભાલ, ગાલે ખંજન, કાનની ભરાવદાર બુટ્ટીઓ અને ગૌર વદન પર આછું આછું સ્મિત એમના સૌમ્ય વ્યક્તિત્વમાં રહેલ મહત્તાનો ખ્યાલ આપતાં. શાંત, સરલ, વિનયી, આજ્ઞાંકિત, આનંદી અને સમજુ હોવાથી સ્વજન-સમુદાયમાં તે ખૂબ પ્રિય હતા, કોઈની સાથે લડવા-ઝઘડવાનું તો સમજે જ નહીં.

ફરજનું ભાન પણ એટલું જ તીવ્ર. જ્ઞાતે પાટીદાર એટલે ઘેર ખેતીનું કામ; બધું જ ઓછું મોટા ભાઈ (નરસિંહભાઈ) ને માથે નખાય છે? ચાર ગાઉ ચાલીને પેટલાદ ભણવા જાય, તોય બનતી મદદ કરી છૂટે, તે એટલા સુધી કે અભ્યાસમાં ખામી આવી અને થયા નાપાસ. અભ્યાસ છોડવો પડ્યો. પિતાશ્રીનો સ્વર્ગવાસ થયા બાદ એક વર્ષે તેર વર્ષની ઉંમરે લગ્ન તો થઈ ગયેલાં એટલે ફરજભાન વધેલું. ઘરડા માણસોને બળદની સાથે ઢોરની જેમ. વૈતરું કરતાં જોઈ કુટુંબની ભાવિ જવાબદારીના વિચારમાં ને વિચારમાં ક્યારેક રોઈ પડતાં. ભણવાથી કંઈક ઉદ્ધાર થાય એમ સમજાવાથી ભણવાની ઝંખના ખૂબ વધી અને ભગવાનને દરરોજ પ્રાર્થના કરતા કે હે ભગવાન, તું મને ભણાવ, મારે ખૂબ

ભણવું છે. પણ શરમના માર્યા મોટા ભાઈને કહી શકાતું નહીં. પ્રસંગવશાત્ પરગામથી આવેલા સગાએ 'કેમ ભણતા નથી?' એમ પૂછતાં, ભણવાની ઇંતેજારી બતાવી. એટલે તેમણે નરસિંહભાઈને કહ્યું કે ગોરધનને ભણાવો ને. ફરીથી પેટલાદ અંગ્રેજી પહેલા ધોરણમાં દાખલ થયા. અંગ્રેજી સારું હતું એટલે પરીક્ષા લઈ બીજામાં બેસાડ્યા. બોર્ડિંગમાં રહેવાની જોગવાઈ અને મોતીભાઈ અમીનની દેખરેખ એટલે દાઝ રાખી બીજું-ત્રીજું ધોરણ સાથે કરી ગુમાવેલા બે-ત્રણ વર્ષનો બદલો વાળ્યો.

પછી તો જીવનને નક્કર ઘાટ આપતી અભ્યાસ ઉપરાંત અધિક અગત્યની વસ્તુ તરફ તેમણે લક્ષ આપ્યું. પેટલાદ બોર્ડિંગમાં એમને વાંચન- વિચારણા અને જાત-ઘડતરનો સારો મોકો હતો. સ્વ.મોતીભાઈ સાહેબે પૈસા કમાવાની લલુતાઓને ઠોકર મારી આદર્શ શિક્ષક થવાનું સ્વીકારેલું એટલે જાત-ઘડતર માટે એમણે પોતે જે પરિશ્રમ ઉઠાવેલો તે અનુભવો તે મોકળા મને વિદ્યાર્થીઓ આગળ ઠાલવતા, અને યોગ્ય દોરવણી ઉત્સાહપૂર્વક આપતા. તે પોતે પણ સમયનો પૂરો કસ કાઢતા અને ખૂબ ચિન્તનમગ્ન રહેતા. આવા પ્રેરણામૂર્તિ મળતાં એમના સરળ, કર્તવ્યપરાયણ અને સચ્ચાઈભર્યા સ્વભાવનો વિકાસ ત્વરિત અને દૃઢ બન્યો. બૅન્જામીન ફ્રૅન્કલીનની જેમ ટાઇમટેબલ બનાવી નિયમિતતા કેળવી. નેપોલિયનના જીવનની જે એકાગ્રતા અને કામમાં તલ્લીન થઈ જવાની વૃત્તિ તે પોતાના સ્વભાવમાં એવી તો વણી લીધી કે ધાર્યું કામ ધાર્યા સમયે પાર પડતું. સદ્‌ગુણો અને દુર્ગુણોનું ટેબલ બનાવી દરરોજ તેની નોંધ રાખીને સદ્‌ગુણો ખીલવવા અને દોષો ટાળવાનો ઉદ્યમ સતત રાખ્યો. ઉપવાસ આદિ કરી પૈસા બચાવી નોટો-પેન્સિલો અને જમવા સિવાયનું પ્રવાસ આદિ પ્રવૃત્તિઓનું ઇતર ખર્ચ તેમાંથી જ કાઢતા. ઇનામ અને સ્કોલરશિપ મળતાં તેનો ઉપયોગ ગરીબ વિદ્યાર્થીઓને સહાય કરવામાં કરતા. આમ એક બાજુ 'योगः कर्मसु कौशलम्' ની શક્તિ કેળવાઈ તો બીજી બાજુ કવિ શ્રી કાન્તની પ્રબળ અસર નીચે આવેલા અને ચરોતરની જનતા તથા શિક્ષણ આલમમાં આદર્શ શિક્ષક તરીકે નામાંકિત થયેલા શ્રી કરુણાશંકર માસ્તરની પ્રેરણા અને દોરવણીથી તેમના નાજુક ઊર્મિશીલ સ્વભાવને સાહિત્ય-પ્રેમ અને ઉચ્ચ આદર્શોની ખીલવણી સુગમ થઈ, પોતે પણ સુંદર કાવ્યો લખતા થયા. મૅટ્રિક થઈ બરોડા આર્ટ્સ કૉલેજમાં જોડાયા. ત્યાં પણ પોતાના કામમાં એટલા બધા મશગૂલ રહેતા કે તેમની નિયમિતતાની છાપ બીજા વિદ્યાર્થીઓ ઉપર

પડતી. મિનિટે મિનિટનો ઉપયોગ કરી અભ્યાસ ઉપરાંત ખૂબ વાંચ્યું—વિચાર્યું. જ્ઞાન અને સંસ્કારસત્રસમા વિદ્યાર્થીજીવનની એક પળ પણ વ્યર્થ કેમ જવા દેવાય ? સમય અમૂલ્ય છે એ જાણે હૈયે વસી ગયેલું.

ઇન્ટર આર્ટ્સ પસાર કર્યા બાદ પેટલાદ બોર્ડિંગના જૂના મિત્રોને મળ્યા. વિદ્યાનગરની જાનપદ વિદ્યાપીઠ (ખ્રજ્ઞિઞણ ઘ્ઢ્ઢઠિજ્ઞિથઢ્ઢદી) સ્થાપવાની ધગશ ધરાવતા શ્રી ભીખાભાઈ એમાં મુખ્ય હતા. સ્વાયત્ત વિદ્યાપીઠનાં સ્વપ્ર તો એ ત્યારથી જ સેવતા; અને એટલેસ્તો ભાવિ જીવનની સંગીન તૈયારીની વિચારણા તે વખતે કરી લીધી. પેટલાદ બોર્ડિંગમાંથી જનસેવાની, દેશોદ્ધારની ભાવના પ્રગટેલી તેને કાયદાની કલમે નહીં (ત્યારે તો વકીલાત શાહી ગૌરવ પામેલી) પણ શિક્ષણ દ્વારા સક્રિય અને સફળ બનાવવાની ઉમેદ હોવાથી ઊંચા પ્રકારનું શિક્ષણ મેળવી દેશભરમાં સ્વાતંત્ર્યનું ખમીર રેડતા શિક્ષણનો—કેળવણીનો પ્રચાર કરવાનું વિચાર્યું. શિક્ષણમાં સર્વત્ર અંગ્રેજીનું મહત્ત્વ હોવાથી ‘બૉમ્બે પ્રેસિડન્સી’માં ખ્યાતનામ પ્રોફેસર સ્કૉટ પાસેથી ઉચ્ચ કક્ષાનું અંગ્રેજી જ્ઞાન મેળવવા મુંબઈની વિલ્સન કૉલેજમાં જોડાવાનું નક્કી કર્યું. ઘણી મુશ્કેલીઓ અને ભારે ખર્ચ વેઠીને શ્રી ભીખાભાઈ સાથે તે બે વર્ષ મુંબઈ ભણી ઈ.સ. ૧૯૧૪માં બી.એ. થયા. બી.એ.માં અંગ્રેજી સાહિત્ય મુખ્ય વિષય રાખી તેના ઉપર એવો તો સારો કાબૂ મેળવ્યો કે ‘ટાઇમ્સ ઑફ ઇન્ડિયા’માં પણ તેમના લેખો છપાતા. અવિભક્ત કુટુંબ (ઋતઢ્ઢત્દ ઇઝ્રણઢ્ઢણી) ઉપર તેમણે ઘણો જ સુંદર લેખ લખેલો.

ગ્રૅજ્યુએટ થયા એટલે માતા અને મોટા ભાઈને એવી આશા કે હવે તે મોટા અમલદાર બનશે. પણ એમને મન સરકારી નોકરી કરવી એ પરદેશી સરકારની ગુલામી કરવા જેવું લાગતું. અને દેશોદ્ધારની પ્રવૃત્તિ હાથ ધરવા માગનારને કુટુંબની ખાસ પડી પણ શી હોય ? તે જ વર્ષના ડિસેમ્બરમાં પેટલાદ બોર્ડિંગના જૂના વિદ્યાર્થીઓનું સમ્મેલન તેમના જ વતન બાંધણીમાં ભરાયું. તેમાં ચરોતરની ઉન્નતિને અર્થે મોતીભાઈ સાહેબની આગેવાની હેઠળ ચરોતર ઍજ્યુકેશન સોસાયટી સ્થપાય તો પોતે, ભીખાભાઈ અને અંબાલાલ એ ત્રણે મિત્રોએ સ્વયંસેવક તરીકે જોડાવાની તૈયારી બતાવી; તે સ્વીકારાતાં સોસાયટીની સંસ્થા પગભર થતાં સુધી ઈ.સ. ૧૯૧૫ ના જાન્યુઆરીથી ભીખાભાઈ અને અંબાલાલ બોરસદ અને પોતે વસોની સેવામાં જોડાયા. વસોની અંગ્રેજી શાળામાં તેમને છઠ્ઠું ધોરણ સોંપાયું. બીજી બાજુ મોતીભાઈ સાહેબની પ્રેરણા અને કાર્ય-દક્ષતાથી વસોમાં ગુજરાતનું સૌથી પ્રથમ બાલમંદિર

શરૂ થયું. તેમાં પોતે મૉન્ટેસોરી પદ્ધતિએ શિક્ષણ આપવા માંડ્યું, શિક્ષકોને પણ પોતે તૈયાર કર્યા. સોસાયટીના પ્રથમ રિપોર્ટમાં તેની પ્રસિદ્ધિ વિષે ઉલ્લેખ છેઃ ''આ પ્રયોગ આપણા પ્રદેશમાં તદ્દન નવીન જ હોવાથી દૂર દૂરથી તે જાતે નિહાળવાને કેળવાયેલા લોકો આવે છે.'' એ પ્રયોગ એવી તો સફળતા પામ્યો કે પછીથી શ્રી ગિજુભાઈ બધેકા વગેરેએ તેમાંથી પ્રેરણા મેળવી ગુજરાતભરમાં એના પ્રચારનું કાર્ય ઉપાડી લીધું.

ત્યાર બાદ બે-એક વર્ષમાં તો ચ. એ. સોસાયટીએ પોતાનું કેન્દ્ર આણંદમાં સ્થાપી સ્વતંત્ર કેળવણી સંસ્થા ચલાવવી શરૂ કરી. ત્યાં સ્વયં-સેવકોની જરૂર હોવાથી વસો છોડી ઈ. સ. ૧૯૧૯માં તે આણંદ ગયા. ઈ. સ. ૧૯૨૦-૨૧માં દા. ન. હાઈસ્કૂલના હેડમાસ્તર તરીકે કામ કર્યું. બન્ને વર્ષ 'વિનીત' વર્ગનું ૧૦૦ % પરિણામ આવેલું. વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રથમથી જ ખૂબ માયાળુ વર્તન રાખતા. અન્ય શિક્ષકોને ય ખાસ ભલામણ કરેલી કે કોઈ વિદ્યાર્થીનો ગમે તેવો ગુનો હોય તો પણ તાત્કાલિક શિક્ષા ન કરતાં બીજે દિવસે કરવી. આમ કરવાથી શિક્ષકનો તાત્કાલિક આવેશ શમાઈ જતો અને વિદ્યાર્થીને સુધરવાની તક મળતી, ક્યારેક અન્યાય થવો પણ અટકી જતો અને શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સંબંધ મીઠો બનતો. શીખવવામાં એ એટલા તો તલ્લીન થઈ જતા કે કેટલીક વખત પિરિયડને અંતે થતા ઘંટના ટકોરા તેમને સંભળાતા નહીં, બીજા શિક્ષકને બહાર બારીએ ઊભેલા જોઈ ચાલતા થાય. વિદ્યાર્થીઓની ટેવો સુધારવાની પદ્ધતિ પણ તેમની તો જુદી જ. છાત્રોને પરોઢિયે ઊઠી પરવારવાનો નિયમ. કેટલાંક વિદ્યાર્થીઓ કૂવે નાહીને પોતાનાં ધોતિયાં ધોયા વગર ત્યાં ને ત્યાં જ રહેવા દેતા. તે તેમના ધ્યાન બહાર નહીં. કેટલાક દિવસ એમ ચાલ્યું. એટલે એક-બે વખત છાનામાના ધોતિયાં બરાબર ધોઈ છોકરાઓની ઓરડીએ સૂકવી દીધેલ. આથી વિદ્યાર્થીઓ શરમથી પોતાની ટેવ સુધારતા.

આ અરસામાં અસહકારની પ્રવૃત્તિ ભારતવ્યાપી હતી અને ગાંધીજીએ રાષ્ટ્રીય કેળવણીના લક્ષ્યે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠ સ્થાપેલી. એટલે ગુજરાતની કેટલીક હાઈસ્કૂલો વિદ્યાપીઠ-માન્ય બની તેમાં ગૌરવ લેતી. સોસાયટીના કાર્યકરોને તો કેળવણીને એવા આંદોલનોથી ય પર રાખવી હતી પણ તેવી પરિસ્થિતિ નહીં હોવાથી મૅટ્રિક વર્ગ વિદ્યાપીઠ-માન્ય કરાવ્યો અને દા. ન. હાઈસ્કૂલ વિનયમંદિર બની, એટલે પોતે હેડમાસ્તર હોઈ 'આચાર્ય' કહેવાતા.

મન, વચન, અને વર્તનની જીવનમાં એકરૂપતા—સંવાદિતા સાધનાર ગોવર્ધનભાઈને 'આચાર્ય' નામે ચેતાવી દીધા. તેમને લાગતું કે સેંકડો વિદ્યાર્થીઓના આચાર્ય થવા માટે તો કેવું સાચું જ્ઞાન અને કેવા ઉત્તમ આચાર જોઈએ, તે વિના આચાર્ય ગણાવું એ તો શરમાવા જેવું. આમ આચાર્યપદ ખૂંચવા લાગ્યું. અને શ્રી અરવિંદ કે કોઈ મહાપુરુષ પાસે જઈ જીવન ઉન્નત કરવાની ઝંખના જાગી. પણ તેવો યોગ નહીં બનતાં મૂંઝવણ વધી.

આખરે સં. ૧૯૭૭ની દિવાળીની રજાઓમાં બાંધણી આવેલા ત્યારે ભગવાનભાઈ પાસેથી શ્રી લઘુરાજસ્વામી (પ્રભુશ્રી) સંબંધી જાણવા મળ્યું, એટલે આશ્રમમાં આવવાનું ગોઠવ્યું. દશેરાના દિવસે વહેલી સવારે ઘેરથી નીકળતાં ભગવાનને પ્રાર્થના કરી કે હે ભગવાન, હવે કંઈક માર્ગ સુઝાડજે. આશ્રમમાં આવ્યા ત્યારે બોધિસત્વસમા રાયણના વૃક્ષ નીચે પ્રભુશ્રીએ 'મૂળ મારગ સાંભળો જિનનો રે' એ પદ એક છોકરાને ગાવાનું કહ્યું—જાણે પ્રભુશ્રીએ તેમની પ્રાર્થના ન સુણી હોય! તેથી એમના આનંદનો પાર ન રહ્યો. 'જ્ઞાનીની પાસેથી જ્ઞાન ન ઇચ્છવું પણ ભક્તિ ઇચ્છવી'—એ એમને પૂર્વના સંસ્કારથી સ્ફુર્યું હોય તેમ પ્રભુશ્રીનાં દર્શનથી જ તેમને થયું કે પિતાની સેવા તો ન થઈ શકી પણ આ મહાપુરુષની સેવા કરી હોય તો જીવન સફળ થઈ જાય. પછી પ્રભુશ્રીએ તેમને પૂછ્યું કે 'ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ' એટલે શું? પ્રતિબંધનો અર્થ તેમને ન આવડતાં પ્રભુશ્રીએ સમજાવ્યો. એમણે તો ગાંઠ વાળી કે પ્રભુશ્રીની સેવામાં રહેવા સ્વચ્છંદ અને પ્રતિબંધ ટાળવા. પ્રભુશ્રીએ તે કાળીચૌદશને દિવસે તેમને એવા તો અપૂર્વ વાત્સલ્યથી મંત્ર આપ્યો કે પોતાની સેવામાં રહેનાર ભગતજીને તેમણે ઉલ્લાસથી કહ્યું કે આવું સ્મરણ (મંત્ર) હજી સુધી અમે કોઈને ય આપ્યું નથી. ખરેખર! 'પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ એ જ સમ્યગ્દર્શન છે.' તો બીજી બાજુ પોતે પણ પ્રભુશ્રીએ આપેલા 'તત્ત્વજ્ઞાન'માં એવા જ અલૌકિક ઉલ્લાસભાવથી નોંધે છે : 'મંત્રદીક્ષા'! કાળીચૌદશ જેવા સિદ્ધિયોગદિને આવા મહાપુરુષના હસ્તે 'મંત્રદીક્ષા' મળે તે કેવી અપૂર્વ ઘટના! 'પ્રજ્ઞાવબોધ'માં ય કૃતજ્ઞ હૈયે તે ગાય છે઼

**"જ્ઞાની ગુરુ શ્રી રાજપ્રભુજી શરદ્-પૂર્ણશશી સમા,**
**લઘુરાજ રૂડી વાદળીરૂપ બોધ-જળ-ભારે નમ્યા,**
**સંસારસાગરમાં મુમુક્ષુ છીપ સમ મુખ ખોલતા,**
**ને મંત્ર જળબિંદુ ગ્રહી રચતા જીવન-મુક્તા-લતા."(પુષ્પ ૨૫)**

પ્રભુશ્રીએ તેમને 'તત્ત્વજ્ઞાન'માં મંત્ર ઉપરાંત કેટલાંક વચનો લખી આપેલા. તેમાંથી 'સ્વચ્છંદ ટાળી અપરમત થા, જાગ્રત થા. પરમાદથી મુક્ત થઈ સ્વરૂપને ભજ' ઇત્યાદિ અને આત્મસિદ્ધિનાં 'પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગથી સ્વચ્છંદ તે રોકાય; અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય' એ વચનો ખ્યાલમાં એટલે પ્રભુશ્રી વિના બીજે ક્યાંય ગમતું નહીં. વ્યવહાર-કાર્યમાંથી બચતો સમય ભક્તિમાં જ ગાળતા. એવી ભક્તિની લય લાગેલી. સોસાયટીના મિત્રોમાં તો એ ગોરધનભાઈ ભગતને નામે જ ઓળખાતા. રજા કે અવકાશ મળતાં આશ્રમમાં આવી જતા. 'તત્ત્વજ્ઞાન'માં એ પોતાનો નિશ્ચય નોંધે છેϕ—

૧.ϖપ્રભુશ્રીના દર્શનની—સેવાની સદૈવ ઇચ્છા.
૨.ϖગુરુદેવની આજ્ઞાનું સ્મરણ.. ... .
ϖϖϖ(સહજાત્મસ્વરૂપની પ્રાપ્તિ—સ્વચ્છંદ ને પ્રતિબંધ તજી.
ϖϖϖશ્રીમદ્ રાજચંદ્રનું વાંચન, પ્રભુશ્રીના લેખનું મનન...)
૫.ϖઅહંભાવ ટાળવા બનતો પ્રયત્ન કરું.

ક્યારેક તો વિરહાગ્નિથી રહ્યું ન જાય ત્યારે પ્રભુશ્રી અમદાવાદ જેવા સ્થળે હોય તો ત્યાં ભાડાના પૈસાની પૂરી ગણતરી વિના દોડી જતા. અમદાવાદથી બે-એક વખત તો આણંદ ચાલતા આવેલા. એક વખત તો પ્રભુશ્રીએ ઉતારે જવાનું કહેલું તે ઘેર જવાનું સમજીને ગાડીનો ટાઇમ નહીં હોવાથી રાત્રે ચાલતા આણંદ આવેલા, એવી સરલતા અને આજ્ઞાંકિતપણું.

તે અરસામાં એમના ચિરંજીવી જશભાઈનાં ('બબુ'નાં) બા જશભાઈને અઢી વર્ષના મૂકીને જ સ્વર્ગસ્થ થયેલાં, એટલે સંસ્કારઝીલનના અગત્યના કાળમાં તેના ઉછેરનું કામ કોઈને સોંપવું યોગ્ય નહીં લાગવાથી પોતે પોતાના સસરા સાથે આણંદમાં રહેતા. પ્રભુશ્રી ક્યારેક કહેતા કે બહુ ઉતાવળનો માર્ગ નથી એટલે અને પ્રભુશ્રીએ આચરવાના ગુણમાં પણ પ્રથમ 'દયા' લખી આપેલું એટલે 'બબુ' પ્રત્યેની ફરજ સમજી રહ્યું જતું; કંઈક ધીરજ રહેતી. સગાં-સ્વજનો તરફથી ફરી પરણાવવાની સહજ તૈયારી થયેલી, છતાં પ્રભુશ્રીની સેવામાં તે પ્રતિબંધરૂપ જણાતાં ન પરણવાનો વિચાર મક્કમ રાખ્યો.

એક બાજુ પોતાને ફરજનું તીવ્ર ભાન તો બીજી બાજુ ત્યાગ-વૈરાગ્યની વૃત્તિ પણ પ્રબળ. તેનો તેમના મોટા ભાઈને લખેલ પત્રનાં થોડાં અવતરણોથી ખ્યાલ આવશે :

“આ બબુના જન્મ પહેલાં તેનો મોટો ભાઈ વિઠ્ઠલ હતો તે વખતે મને ઉપરની (આત્મકલ્યાણની) ભાવનાઓએ... સંસાર છોડીને નાસી જવા જેવો પ્રયત્ન કરવા એકબે વખત પ્રેરેલો. એક વખત તો રાત્રે ત્રણ વાગ્યે બાંધણીથી લોટો લઈને નીકળી પડેલો. તે એવા વિચારથી કે ચાલતાં ચાલતાં કોઈ જંગલ આવે તો તેમાં સંતાઈ રહેવું અને ઉત્તમ જીવન માટે તૈયાર થવું. પણ બે કલાક સીમમાં... આડાઅવળી...ફરતાં ફરતાં સવાર થવા આવ્યું ત્યારે...લાગ્યું કે હજી તો હું બાંધણીની પાસે જ છું ને કોઈને (મને) પકડી પાડવો સહેલું થઈ પડે તેમ છે; તેથી....ઘેર પાછો મનની વૃત્તિઓ દબાવીને આવતો રહ્યો, આવી ત્યાગવૃત્તિ ઘણી વાર ઊછળી આવતી. પણ સંસાર ભોગવવાનું કર્મ પણ તેટલા જ વેગથી કે તેથી વધારે વેગથી જીવ ખપાવતો. એ મોટો દીકરો ત્રણ જ વર્ષ જીવ્યો; પણ તમે એક છોકરો ઉછેરી ત્રીસ વર્ષનો મોટો કરો ત્યાં સુધી જે ચિંતા કરો તેટલી ચિંતાઓ તેણે મને કરાવેલી અને તેની કેળવણી માટે શું શું કરવું, શી ગોઠવણ કરવી, મારે કેટલી તૈયારી કરવી, વગેરે બન્યું તેટલું વિચાર્યું હતું. અને દુનિયાની કોઈ પણ વસ્તુ કરતાં તેના ઉપર વિશેષ મોહ રાખેલો, તેમ છતાં તેનું શરીર ક્ષણભંગુર છે એટલું ય સમજાયેલું નહીં—એ જ દીવા તળે અંધારું—અને આપણાં સંસારીનાં બધાં કામોમાં આ જ ધબડકો હોય છેઃ વાતો ડાહી ડાહી કરીએ પણ મન જ ચોખ્ખું નહીં. તેને વારસામાં શું આપી જવું તેનો વિચાર પણ મેં કરી મૂક્યો હતો; અને ઉત્તમ જીવન પિતા ગાળે એ પુત્રને માટે જેટલું ઉત્તમ છે તેના જેટલો ઉત્તમ વારસો કોઈ પણ પિતા પુત્રને આપી ન શકે એ મારા મનમાં સ્વાભાવિક રીતે કોઈ પૂર્વ કર્મના બળે સ્ફુરેલું, જાગ્રત રહેલું. તેથી પૈસાદાર તેને જોવાનાં સ્વપ્નો મેં કરેલાં નહીં, કારણ કે મેં જેને સારું માનેલું તેવું ઉત્તમ જીવન જ વારસામાં તેને મળે એવી મારી ઇચ્છા હોય જ. મારું અધૂરું રહેલું કામ પૂરું કરે તેવો પુત્ર થાય એવી મેં ઇચ્છા રાખેલી. અને તે પ્રમાણે મારે આપણા પિતાએ અધૂરું મૂકેલું કામ પૂરું કરવું એમ પણ મનમાં હતું અને હજી છે....”

આમ પરમાર્થ જ જીવનના કર્તવ્યરૂપ લાગેલ એટલે જશભાઈ ૫-૬ વર્ષની ઉંમરના થતાં (બ્રહ્મચારીજી) અઠવાડિયે આશ્રમમાં આવતા એને બદલે પાસ લઈ દરરોજ રાત્રે આશ્રમમાં આવી સવારે આણંદ જવાનું રાખ્યું. રાત્રે મોડા સુધી વાંચન-લેખન અને પરોઢિયે વહેલા ત્રણ વાગ્યે ઊઠી પ્રભુશ્રી આગળ વાંચનમાં રહેવાનું એટલે ઊંઘ ન પજવે અને પ્રમાદ ન થાય તે માટે સાંજનો ખોરાક પણ

નજેવો રાખતા. પ્રભુશ્રીએ તે વિષે એક દિવસ જણાવેલું : ''આ ગિરધરભાઈ રોજ પાસ લઈ આવે છે, વાંચન કરે છે તેમાંય પહેલાંના કરતાં કેટલો ફેર છે?... બધું મૂકી દીધું. એમ આ પ્રમાણે કોઈ કોઈ કંઈ કામ કાઢી જશે.''

એક મુમુક્ષુને એ વાતની ખૂબ અસર થઈ ગઈ એટલે બીજે દિવસે પ્રભુશ્રીને પૂછ્યુંઃ– ''જી પ્રભુ, કોઈ જીવને મૂકવું હોય પણ મુકાતું ન હોય, સમજાતું ન હોય કે કેમ મૂકવું, તેનું કેમ?''

પ્રભુશ્રીઃ– ''કંઈક એ જ રહ્યું છે. મૂકવાનું એવું ક્યાં દેખાય એવું છે કે નખ વધેલો હોય તો તેને કાપી નાખીએ તેમ દૂર થાય? પણ જે જ્ઞાનીની દૃષ્ટિએ સાચું નથી તેને સાચું માનવું નહીં. પછી ભલેને બધું પડ્યું રહ્યું. એ તો એનો કાળ આવ્યે જશે....મમતા ઓછી થાય તેમ કરવું. ઠાર ઠાર મરી જવા જેવું છે.''

પણ આમ દરરોજનો અવરજવર એ તો દૂધમાં ને દહીંમાં પગ રાખવા જેવું લાગતું, એટલેથી પોતાને સંતોષ ન વળ્યો. એમને તો 'મૂળમાર્ગ'નાં 'ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ' એ વચનો 'ક્યારે છૂટું? ક્યારે છૂટું?' ના ભણકારા જગવતાં હતાં, એટલે પ્રતિબંધ રહિત થવાની અદમ્ય ઇચ્છા દર્શાવતો એક પચ્ચીસેક પાનનો પત્ર પોતાના મોટા ભાઈને લખેલો, તેનાં નીચેનાં અવતરણોથી ભાગેડુ વૃત્તિની નહીં પણ તેમની સર્વતોભદ્ર–સ્વપરહિતની વિશાળ ભાવના, ઊંડી સમજ અને હૃદયની સચ્ચાઈની પ્રતીતિ થાય છેઃ–

''ટૂંકામાં કહું તો આજ સુધી અભ્યાસ કરીને, દુનિયાનો અનુભવ લઈને, ઘણા લેખકોએ પોતાનો અનુભવ પુસ્તકોમાં લખેલો છે તે સમજીને, જીવતા-જાગતા સત્પુરુષોની દશા મારા ગજા પ્રમાણે સમજીને મને જે કંઈ સમજાયું છે તે ટૂંકામાં આ પત્રમાં મારા જાત-અનુભવના કંઈ સાર જેવું તમારા આગળ તમારી આશિષ માટે રજૂ કરું છું, ભેટ ધરું છું. અને તે દ્વારા તમારું ચિત્ત– આત્મા–સાચી વસ્તુ સમજીને તમારું અને મારું કલ્યાણ જે રસ્તે થાય તેનો વિચાર કરી...તેમાં સંમતિ સહાય આપે એટલો જ હેતુ આ પત્ર લખવાનો છે.

હું.... પરમાર્થની શોધમાં અને તેને પ્રાપ્ત કરવાના પ્રયત્ન માટે જીવું છું. તેને માટે સર્વસ્વ અર્પણ કરીને પણ સંપૂર્ણ ઉન્નતિ સાધી શકાય તે માટે તૈયાર થવા મારું ચિત્ત તલપાપડ થઈ રહ્યું છે...

જેવા અનુકૂળ સંજોગો (નિઃસ્પૃહી અને આત્માના અનુભવી સદ્‌ગુરુની સેવા અને સમાગમ) અગાસમાં છે તેવા અનુકૂળ સંજોગોમાં રહેવાથી મને બબુ કે કુટુંબ સાંભરી શકે નહીં, કે એક વાર તેનો ત્યાગ કર્યા પછી તેની કોઈ કાળે મને ફિકર કે ઇચ્છા થાય નહીં. મારી જાત ઉપર ગમે તેટલાં સંકટ પડે તો પણ મને સાંસારિક સગવડો કે સુખની ઇચ્છા પણ નહીં જાગે એ પણ લાગે છે, અને બધા કરતાં મુશ્કેલ વાત હાલ જે સાંસારિક સુખ છે તે કરતાં વિશેષ બાહ્ય સુખમાં ઘેરાઈ જવાનો કદી ઉદય આવે તોપણ ગુરુકૃપાથી અને તેમને શરણે રહેવાથી તથા તેમના હાથે હજી તાલીમ લેવાશે તેથી નહીં ચળી જવાય એવી અત્યારે ખાતરી લાગે છે...

કુટુંબને સદાને માટે છોડીને, આખી દુનિયાને કુટુંબ ગણી મારા પ્રારબ્ધ ઉપર આધાર રાખીને આ ભવનાં બાકી રહેલાં વર્ષો પરમકૃપાળુદેવનાં ચરણકમળમાં અર્પણ કરવા તત્પર થયો છું. સંસાર છોડી આશ્રમમાં રહેવાની આજ્ઞા ન મળે તો મારે કાંઈ કહેવાતા સાધુ થઈ ફર્યા કરવું નથી, પણ તે યોગ્યતા પ્રાપ્ત કરવા જે જે ઉપાય દીર્ઘદૃષ્ટિથી બતાવે તે મારે માન્ય હોવાથી પહેલાં હું બીજી જવાબદારીઓમાંથી મુક્ત થઈ, ચોખ્ખો થઈ તેમને (પ્રભુશ્રીને) વાત કરવા વિચાર રાખું છું...

ભલે મને કાશી જઈ શાસ્ત્ર-અભ્યાસ કરવાની આજ્ઞા મળે કે આશ્રમમાં પૂંજો વાળવા કે ઘંટ વગાડવા જેવું નજીવું કામ સોંપે તોપણ મને તો પરેપૂરો સંતોષ થવાનો, કારણ કે મારું કલ્યાણ તે પુરુષની આજ્ઞા ઉઠાવવા માટે જ જીવવામાં છે...

મારે વહેલું મરી લેવું છે એટલે જે ચિન્તા મર્યા પછી થવાની તે પહેલેથી થવાની હોય તેટલી થઈ જાય અને પછી જે વર્ષ બચ્યાં તેટલા વર્ષ મારા આત્માની કહો, આશ્રમની કહો, કે જગતની કહો, પણ જેમાં સર્વની સાચી સેવા સમાય તેવી ફરજ બજાવવા માટે હું ઘરબાર છોડી અણગાર થવા ઇચ્છું છું...સંત, મહંત કે ગાદીપતિ થવાની ગંધ પણ મારી ઇચ્છામાં નથી. પણ સર્વનો સેવક અને આત્માર્થી થવાની ઇચ્છા ઘણા કાળથી બાંધી રાખી છે, તેવા થવું છે.

નથી હું સોસાયટીના કામથી કંટાળ્યો કે નથી સોસાયટીવાળાઓએ મને કાઢી મૂકવાનો વિચાર કર્યો કે જેથી મારે બીજું કોઈ સ્થળ શોધવું પડે. જો તેમ હોય તો આજે બસો-પાંચસો રૂપિયા મહિને મળે તેવી નોકરી હું શોધી શકું

એટલી મારામાં મને શ્રદ્ધા અને શક્તિ જણાય છે, પણ તે બધાં ગુલામ  કે નોકર બનાવનારાં કારખાનાં હોવાથી, માત્ર સ્વતંત્ર જીવન સમજવું, સ્વતંત્ર થવું અને યથાશક્તિ સ્વતંત્ર થવા ઇચ્છતા હોય તેવા અન્ય જનને આંગળી બતાવી, માર્ગ દેખ્યો હોય અને તેના કલ્યાણનો જણાય તે દેખાડવો એટલું જ કામ બની શકે તો આટલા ટૂંકા જીવનમાં તે ઓછું નથી એમ અત્યારે લાગે છે. જે વસ્તુ માલ વગરની લાગે છે તેમાં ને તેમાં જ ગોચલા ગણવા અને તેના તે વિચારોમાં ગૂંચાયા કરવું તે હવે અસહ્ય લાગે છે. તેમાં જીવવું તે સાક્ષાત્ મરણ દેખાય છે. જેને માટે જીવવું છે તે જો ન બને તો હાલતા-ચાલતા મડદા જેવી સ્થિતિમાં જીવવા જેવું જ છે.''

બીજી બાજુ પ્રભુશ્રીને પણ વિનંતિપત્રોમાં લખે છેઃ—

''ગમે તે ક્ષણે જો આપના તરફથી એક સૂચના માત્ર મળે કે મારે સેવામાં આવી ખડા થવું, તો કોઈ પણ વસ્તુ કદી પણ મેં મારી ન ગણી હોય તેમ તેને છોડી આપની સેવામાં હાજર થવાનો ઘણા વખતનો મારો નિશ્ચય છે...કોઈ કોઈ વાર એમ થઈ આવે છે કે કાવિઠાના કલ્યાણજી ડોસા તથા મગનભાઈ તારમાસ્તરને આપ સ્પષ્ટ શબ્દોમાં જંજાળ છોડી સત્પુરુષને આશરે આવવાનું કહો છો તેમ મને પણ કહેશો જ, એવી આશા રાખીને હું પણ બેઠો છું અને જ્યારે આજ્ઞા મળશે ત્યારે વિના વિલંબે આપની સેવામાં હાજર થઈ જવું, એવો નિશ્ચય કરી રાખ્યો છે; કારણકે આપની આજ્ઞા થઈ એટલે તેમાં કોઈ પણ જાતનું વિચારવાનું જ રહેતું નથી એવું હું ભણ્યો છું. 'आज्ञा गुरुणामविचारणीया' ગુરુની આજ્ઞા મળતાં તે યોગ્ય છે કે કેમ તેનો વિચાર જ ન આવવો જોઈએ, માત્ર તેને અમલમાં મૂકવી ઘટે.''

''પવિત્ર સેવાનો કે તે ન બને તો પરમ સત્સંગનો કે જ આજ્ઞા થાય તે ઉઠાવવાનો પ્રસંગ મેળવી પ્રયત્ન કરવા તત્પર આ દીનદાસના સવિનય સાષ્ટાંગ નમસ્કાર પવિત્ર સેવામાં પ્રાપ્ત થાય.''

**''અલ્પ આયુષ્યમાં કલ્પના મનુષ્યને : આજ કીધું વળી કાલ કરવું;**
**શ્વાસનો નાથ વિશ્વાસ નહિ નિમિષનો, આશ અધૂરી અને એમ મરવું.**
**હે પ્રભુ, મુજને ભક્તિ દેજો સદા, દીન જાણીને સંભાળ લેજો.''**

આવી સર્વસ્વાર્પણની તત્પરતા છતાં મનમાં એક સંકોચ રહેતો કે કામ વિના આશ્રમમાં રહી બોજારૂપ થવું તેના કરતાં બહાર નોકરી કરી પૈસા

મોકલવા, એટલે પ્રભુશ્રીએ જણાવેલું કે અહીં તો કામના ઢગલા છે. પછી તો તેમનાથી રહ્યું જ ન ગયું. પ્રભુશ્રીની આજ્ઞા મેળવી, ઘેરથી મોટા ભાઈની રજા મેળવી, ચ. એ. સોસાયટીમાં રાજીનામું આપી (જૂન ૧૯૨૫) પ્રભુશ્રીની સેવામાં જોડાયા. અને ''સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને માટે, મોક્ષ સંબંધી સર્વ પ્રકારનાં સાધનના જયને અર્થે બ્રહ્મચર્ય અદ્ભુત અનુપમ સહાયકારી છે અથવા મૂળભૂત છે.'' એટલે બ્રહ્મચર્યદીક્ષા અંગીકાર કરી. પછી તો પ્રભુશ્રી એમને માટે 'બ્રહ્મચારી' સંજ્ઞા જ વાપરતા; એટલે એ સામાન્ય નામ પણ વિશિષ્ટતા પામ્યું. ગોવર્ધનદાસજી સર્વત્ર 'બ્રહ્મચારીજી'ના નામથી જ ઓળખાતા.

તા. ૧૧-૧-૨૬ની રાત્રે સવા દસ વાગ્યે પ્રભુશ્રી પાસે પોતે વાંચન કરી રહ્યા કે મોહનલાલજી મુનિ ભક્તિમાંથી પ્રભુશ્રી પાસે આવ્યા એટલે પ્રભુશ્રીએ કહ્યું : ''અમારી તો હવે કૃપાળુદેવે જણાવ્યું છે તેમ તેના ઉપર જેને દૃષ્ટિ હોય તેમણે (અમારી) સંભાળ રાખવી. 'એમને–મુનિને સાચવી લેજો, સંભાળ રાખજો.' એમ જણાવ્યું છે તેમ કરવું ઘટે. જેમ નાના બાળકની, લઘુની તેમ આ 'લઘુરાજ'ની સંભાળ રાખવી ઘટે કે છોકરા જેમ ડોસાની અવસ્થા થતાં સંભાળ લે તેમ કરવું જોઈએ. હવે કંઈ બોલાય છે? નહીં તો દોડ પણ કરીએ, પણ પહેલાંની તો અમારી તો ભાવના જ એવી છે કે કંઈક સાંભળીએ; કોઈ સંભળાવે. સાંભળ સાંભળ કરીએ એવું રહેતું અને હજી ય રહે છે. કાળ તો જાય છે ને? બીજું હવે શું કરવું છે?'' આવા પ્રભુશ્રીના ઉદ્ગારો સાંભળીને અંતરથી રોવાઈ ગયું.

પ્રભુશ્રીની સેવામાં જોડાયા પછી તો રાતદિવસ જોયા વિના સંતસેવાનું કામ કર્યે જ રાખ્યું. રાત્રે ભક્તિ પછી અગિયાર વાગ્યા સુધી વાચન, બાર-બે વાગ્યા સુધી ડાયરી, ઉતારા, પુસ્તકોની સંકલના, ભાષાંતરો, પત્રલેખન ઇત્યાદિ કાર્યો અને પરોઢિયે ઊઠીને ત્રણ વાગ્યે તો પ્રભુશ્રી સમીપ ગોમટ્ટસાર આદિનું વાચન, પછી ભક્તિ અને આખો દિવસ પ્રભુશ્રીની સેવા, આમ ઊંઘ-આરામ માટે સમય ન જેવો જ મળતો. મજબૂત શરીર, ઉત્તમ નૈષ્ઠિક બ્રહ્મચર્ય, મનની સ્વસ્થતા, ઉપયોગની તીક્ષ્ણતા અને સંયમમય નિયમિત જીવન તથા 'નિશદિન નૈનમેં નીંદ ન આવે, નર તબહિ નારાયણ પાવે' એ મુદ્રાલેખથી જાગેલો અપૂર્વ

ઉલ્લાસ એટલે આવો અવિરત શ્રમ પણ ચિત્તપ્રસન્નતામાં પરિણમતો. પ્રભુશ્રીની છત્રછાયામાં રાતદિવસ ચાલતાં સ્વાધ્યાયભક્તિમાં કેટલાંય શાસ્ત્રોનું વાંચન, મનન, નિદિધ્યાસન, ચર્ચા થતાં તેના અવગાહનમાં મહિનાઓના મહિના વીત્યે જતા. પોતે બધું શ્રવણ-મનન કરી પચાવ્યે જ જતા, ક્યારે ય તે જ્ઞાનને વૈખરીની વાટે વહેવા દીધું જ નહીં– વિક્રમની ત્રણ પૂતળીઓમાંની એકની જેમ કાનેથી સાંભળી કોઠામાં શમાવી દેતા; મુખેથી નીકળે જ શાનું? પત્ર-લેખનાદિ કરવાં પડે તે પણ માત્ર પ્રભુશ્રીની આજ્ઞાથી જ. 'હું કંઈ જ નથી' એવા ભાવથી આત્મવિલોપન કરી દીધું, આખું જીવન પલટાવી દીધું. અંગ્રેજીના ઉપર સુંદર કાબૂ હતો છતાં તે પણ ભુલાઈ ગયા જેવું થઈ ગયું. ''ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.'' એ જાણે ચરિતાર્થ કરી બતાવ્યું. પ્રભુશ્રી ક્યારેક કહેતા કે એ તો કુન્દન જેવો છે; વાળ્યો વળે જેમ હેમ તેવો સરલ છે, જેવો ઘાટ ઘડવો હોય તેવો ઘડાય.

એવામાં પ્રભુશ્રીએ પરમ કૃપા કરી એમને 'સમાધિશતક' સ્વાધ્યાયાર્થે આપ્યું. છ છ વર્ષના સ્વાધ્યાયથી એ 'સમાધિશતક' તેમણે એવું તો પચાવ્યું કે પ્રભુશ્રીએ પ્રસન્ન થઈ એવી એક અપૂર્વ વસ્તુ જણાવી કે જે વસ્તુની માગણી મોટા અગ્રણી ગણાતા મુમુક્ષુઓ ય ક્યારેક અધીરજથી ખૂબ આજીજીપૂર્વક કરતા. પણ પ્રભુશ્રી તો લાગ જોઈ માર્મિક શબ્દોમાં જણાવતા કે ''બેટો થઈને ખવાય, બાપ થઈને ન ખવાય.'' ''યોગ્યતા વિના વસ્તુ મળે નહીં. જ્ઞાનીઓ તો રસ્તે જનારને યોગ્યતા હોય તો બોલાવીને આપે એવા કરુણાળુ હોય છે. 'ઉપમિતિભવપ્રપંચ'માં કેટલી વાત આવે છે! તેમાં ભારે કરી છે. એક સત્પુરુષ ઉપર દૃષ્ટિ રાખવાની જ વાતો આવે છે. એ જ હું તો જોયા કરું છું કે આ શું લખી ગયો છે! પણ યોગ્યતા વગર કેમ સમજાય?'' આમ યોગ્યતા વિના ભલભલાને ય ન મળે તેવી અપૂર્વ વસ્તુ તે *'ગુરુગમ' પ્રભુશ્રીએ શ્રી બ્રહ્મચારીજીને સં. ૧૯૮૮ના જેઠ સુદ ૯ને દિને જણાવેલ. પ્રસંગોપાત્ત શ્રી બ્રહ્મચારીજીના સંબંધી પ્રભુશ્રીએ જણાવેલું કે એને સમ્યગ્દર્શન છે તે જ તેને છાપ છે, છાપની જરૂર નથી.

ઘણી વાર પોતાની હયાતીમાં પણ પ્રભુશ્રી મુમુક્ષુઓને નિત્યનિયમ, વ્રત, મંત્રાદિ આપવાનું કામ શ્રી બ્રહ્મચારીજીને ફરમાવતા. સં. ૧૯૯૨ના મહા સુદ

---

* પૂ.શ્રી બ્રહ્મચારીજીની નોંધના આધારે.

પૂર્ણિમાથી તો પ્રભુશ્રીની તબિયત ખૂબ નરમ થઈ ગઈ. પોતાની જીવનલીલા સંકેલી લેવા માગતા હોય તેમ સં. ૧૯૯૨ના ચૈત્ર વદ પાંચમના પવિત્ર દિને, પરમકૃપાળુદેવે ઉદ્ધારેલા સત્ય ધર્મને પોતે પ્રવર્તાવેલો તેની સોંપણી શ્રી બ્રહ્મચારીજીને ટ્રસ્ટીઓની હાજરીમાં કરે છેઃ–

''આ બધું આશ્રમખાતું છે; શેઠ, ચુનીભાઈ, મણિભાઈ, દાળ વાંહે ઢોકળી. કહેવાય નહીં; સોંપણી જાણવી. મણિભાઈ, શેઠ, બ્રહ્મચારી. ઘણા કાળે, જો કે શરીર છે ત્યાં સુધી કંઈ કહેવાનું નથી; પણ મુખ્ય બ્રહ્મચારી સોંપણી. (બ્રહ્મચારીજીને) કૃપાળુદેવ આગળ જવું, પ્રદક્ષિણા દઈને સ્મરણ લેવા આવે તો ગંભીરતાએ લક્ષમાં રાખી લક્ષ લેવો, પૂછવું. કૃપાળુદેવની આજ્ઞાએ અને શરણાએ આજ્ઞા માન્ય કરાવવી.''

આ મંગલમય પ્રસંગ સૌ આશ્રમવાસીજનોને પરમ બંધવરૂપ, પરમ આનંદોલ્લાસરૂપ બની રહ્યો. સં. ૧૯૮૦માં જ્યારે પ્રભુશ્રી આશ્રમમાંથી પૂના વિહાર કરી ગયા ત્યારે પ્રભુશ્રીનાં દર્શન અર્થે કેટલાંક મુમુક્ષુજનો આણંદ ગયેલાં તેમણે નિરાશાથી સાશ્રુ નયને ઉદ્‌ગાર કાઢેલા : ''પ્રભુ, અમારો હવે કોણ આધાર ?'' પ્રભુશ્રીએ આશ્વાસન આપતાં કહેલું કે અમારી સેવામાં જેની આણે જમનાજી માગ દે એવો એક કૃષ્ણ જેવો બાલબ્રહ્મચારી આવશે; તેને આશ્રમમાં મૂકતા જઈશું. અન્ય પ્રસંગે પણ શ્રી માણેકચંદજી શેઠ, શ્રી જીજીકાકા, શ્રી કલ્યાણજીકાકા વગેરેએ આશ્રમના ભાવિ આધાર માટે ચિંતા વ્યક્ત કરતાં, પ્રભુશ્રીએ જણાવેલું કે એક બ્રહ્મચારી પાછળ મૂકતા જઈશું જે અમારી સેવામાં ૧૧ વર્ષ રહેશે. તે વચનો સૌ મુમુક્ષુને આજે પ્રત્યક્ષ થતાં સર્વત્ર આનંદ આનંદ વ્યાપી ગયો.

બીજે દિવસે પ્રભુશ્રી ધર્મ અને આજ્ઞા સંબંધી સમજાવે છે‌–

''આત્મા ધર્મ–આજ્ઞાએ ધર્મ. કૃપાળુદેવની આજ્ઞા...... આજ્ઞા કૃપાળુ-દેવની જે છે તે. 'आणाए धम्मो, आणाए तवो'. પરમકૃપાળુદેવનું શરણું છે તે માન્ય છે..... સૌ સંપે મળીને રહેજો.''

પ્રભુશ્રીએ ફરીથી શ્રી બ્રહ્મચારીજીને ખાનગીમાં પણ આ સોંપણી સંબંધી જણાવ્યું તે પ્રસંગે ''પ્રભુશ્રીની વીતરાગતા, અસંગતા, તેમની મુખ-મુદ્રા આંખ વગેરેના ફેરફારથી સ્પષ્ટ તરી આવતી અને જાણે તે બોલતા નથી, પણ દિવ્ય ધ્વનિના વર્ણનની પેઠે આપણે સાંભળીએ છીએ એમ લાગે. ''મંત્ર આપવો. વીસ

દોહરા, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ, સાત વ્યસન, સાત અભક્ષ્ય જણાવવાં. તને *ધર્મ સોંપું છું.!' ''

(શ્રી બ્રહ્મચારીજીની ડાયરી)

પછી તો પ્રભુશ્રી સમાધિ-આરાધનામાં લીન બન્યા. તત્સંબંધી શ્રી બ્રહ્મચારીજી જણાવતા : ''પ્રભુશ્રીની દશા આખર વખતે અવધૂત જેવી હતી. રાગ-દ્વેષ જેવું કંઈ મળે નહીં. કપડું પણ શરીર ઉપર રાખતા નહીં. તેટલા માટે બારણાં બંધ રાખવાં પડતાં. જ્યારે દર્શન કરાવવાં હોય ત્યારે જ ઉપર કપડું નાખવામાં આવતું, બાકી દિગંબર અવસ્થામાં જ રહેતા.'' સં.૧૯૯૨ના વૈશાખ સુદ આઠમની રાત્રે ''મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને' તે મહાપ્રભુ સમાધિ વર્યા.

હવે શ્રી બ્રહ્મચારીજીની પરિસ્થિતિ વિકટ થઈ પડી. એક બાજુ સમસ્ત સંઘની જવાબદારી ઉઠાવવાની તો બીજી બાજુ પ્રભુશ્રીનો વિરહ. વિરહાગ્નિ શાંત પાડવા પ્રભુશ્રીના સ્મરણમાં જ લીન રહેવા તેમનું જીવનચરિત્ર લખવા માંડ્યું અને પ્રભુશ્રી જે તીર્થસ્થળોએ ફરેલા તેની યાત્રા કરી. પણ તેમ તો ગાઢ સંસ્મરણોથી વિરહાગ્નિ અધિક તેજ થતો ગયો. આખરે તેનું ફળ શ્રીમદ્ રાજચંદ્ર લખે છે તેમ સુખદ આવ્યુંઃ ''અતિશય વિરહાગ્નિ હરિ પ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે. તેમ જ સંતના વિરહ-અનુભવનું ફળ પણ તે જ છે.'' (૨૪૬) યાત્રાની અંતિમ રાત્રિએ સં. ૧૯૯૩ના જ્યેષ્ઠ વદ

* ધર્મ, ધર્મશ્રવણ, ધર્મબોધ અને ધર્મ પમાડવા સંબંધી આજે ગમે તે પ્રકારની ગોટાળાભરી વિચારણા વહેતી મુકાય છે ત્યારે પ્રભુશ્રીએ અને શ્રીમદે તે વાતની ગંભીરતા ઉપર મૂકેલો ભાર નીચેનાં સ્પષ્ટ વચનોથી લક્ષમાં આવશે :–

''મુમુક્ષુઓએ તો સત્પુરુષના ગુણગ્રામ કરવા; પણ ધર્મ તો સત્પુરુષથી જ સાંભળવો. કંઈ ડહાપણ કરવા ગયો તો ઝેર ખાધા જેવું છે.''

–પૃષ્ઠ ૨૬૩, ઉપદેશામૃત

''આત્મપરિણામની સહજસ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર 'ધર્મ' કહે છે.''
–પત્રાંક ૫૬૮, શ્રીમદ્ રાજચંદ્ર

''જીવે ધર્મ પોતાની કલ્પના વડે અથવા કલ્પનાપ્રાપ્ત અન્ય પુરુષ વડે શ્રવણ કરવા જોગ, મનન કરવા જોગ કે આરાધવા જોગ નથી. માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવા જોગ છે, યાવત્ આરાધવા જોગ છે.''
–પત્રાંક ૪૦૩, શ્રીમદ્ રાજચંદ્ર

છઠને દિને તેમને અપૂર્વ બ્રહ્મ-અનુભવ થયો. તેને ધર્મરાત્રિ નામના કાવ્યમાં પોતે ગાયો છે :–

**ધર્મરાત્રિ+**

**યાત્રાની અંતિમ રાત્રીએ જાગ્રતભાવ જણાયો રે;**
**માંગલિક શુભ અધ્યવસાયે અંધકાર ગમાયો રે.**
***ધર્મધ્યાન જે શ્રેયરૂપ છે શ્રેષ્ઠ જ્યેષ્ઠમાં સાધ્યું રે,**
**છઠ્ઠી રાત્રિ કૃષ્ણપક્ષની બ્રહ્મચર્યબળ વાધ્યું રે.**
**ગૌરીપૂજામાં કરે જાગરણ કુમારિકા વ્રતધારી રે.**
**લૌકિક રૂઢ રિવાજ ભૂલી આત્માર્થે નીંદ નિવારી રે.**
**સ્મૃતિ આત્મસિદ્ધિની ધારી સદ્ગુરુ સદા ઉપકારી રે,**
**જ્યાં જ્યાં જે જે યોગ્ય જણાવે તે આતમહિતકારી રે.**

\+ \+ \+

**શાંત સુરાત્રિ આત્મહિતમાં ધર્માત્મા જન ગાળે રે,**
**તો કળિકાળ નડે નહિ તેને બ્રહ્મ અપૂરવ ભાળે રે.**

થોડા સમય બાદ જાણે એ અનુભવજ્ઞાનની દૃઢતાનું દ્યોતક ન હોય તેવું 'સ્વ-પર-વિચાર'-પ્રેરક 'વિવેકબાવની' નામનું કાવ્ય 'મોક્ષમાર્ગપ્રકાશ' ઉપરથી લખ્યું. ત્યાર બાદ 'જ્ઞાનસાર' અને 'જ્ઞાનમંજરી'નો અનુવાદ કર્યો. પણ તેથી કંઈ મન માન્યું નહીં. એક કાવ્યમાં એ લખે છે૯–

**'નથી નાથ જગમાં સાર કંઈ, સાર સદ્ગુરુ-પ્યાર છે.'**

શ્રીમદ્ રાજચંદ્ર મહાત્મા વ્યાસજી સંબંધી લખે છે : ''આત્મદર્શન પામ્યા છતાં પણ વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા; કારણકે હરિરસ અખંડપણે ગાયો નહોતો.'' (૨૮૨) તેવી અ-લૌકિક ઘટના જાણે આ મહાપુરુષના જીવનમાં બની ચૂકી હોય તેમ તેમણે એ આનંદસંપન્નતા માટે જાણે 'પ્રજ્ઞાવ-બોધ' લખવો શરૂ કર્યો; એમાં એક શાંતરસમાં પરિણમેલો એવો હરિરસ વિવિધ પ્રકારે ગાયો છે. તેમાં ય વળી પરમકૃપાળુદેવની અનેકાનેક દશાઓની આપણને એ ઝાંખી કરાવે છે, જેથી એક એવી રોમાંચક પ્રતીતિ થાય છે કે ''જે રસ જગતનું જીવન છે, તે રસનો અનુભવ થવા પછી હરિ પ્રત્યે અતિશય લય થઈ છે. અને તેનું પરિણામ.....જ્યાં જેવે રૂપે ઇચ્છીએ તેવે રૂપે હરિ....આવશે.'' (૨૪૭) ખરેખર ! પ્રજ્ઞાવબોધના પુષ્પે પુષ્પે પરમકૃપાળુદેવ વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે.

---

\+ પૂજ્યપાદ શ્રી બ્રહ્મચારીજીની ડાયરી

* જુઓ શ્રીમદ્ રાજચંદ્ર : પત્રાંક ૬૨, પૃષ્ઠ ૧૮૮

એ સમયની તેમની ચર્યા સંબંધી તેમની સેવામાં રહેનાર મુમુક્ષુએ જણાવેલું કે પ્રજ્ઞાવબોધ તો મોટે ભાગે એ રાત્રે લખતા, મોડા સુધી રાત્રે જાગતા. ક્યારેક થોડી વાર સૂઈ જાય, વળી ઊઠીને લખે, વળી પાછા તેના ને તેના વિચારમાં સૂઈ જાય, થોડી વારે પાછા ઊઠીને લખવા માંડે! આમ એક બાજુ એવી એક પ્રકારની ઘેલછા તો બીજી બાજુ એવો જ દૃઢ સંયમ—ત્રણ વર્ષ સુધી એના સર્જનનું કાર્ય ચાલ્યું, બીજા એકાદ વર્ષ સુધી તેનું 'રિવીઝન' ચાલ્યું અને આખો ય ગ્રંથ પદ્યમાં, ભલભલા ડોલી ઊઠે એવી એમાં છંદોની વિવિધ હલક; પણ ક્યારે ય કોઈએ તેમને મુખે તેનો એક સ્વર સરખો ય સાંભળ્યો નથી. વૈખરીએ ડાહીડમરી બની જઈ એ અધ્યાત્મયોગીને સર્જનસમયની ધ્યાનાવસ્થામાં લીન જ રહેવા દીધેલા!

સં. ૧૯૯૬ના વૈશાખ વદ નવમી ને ગુરુવારે પોતે નોંધે છેઃ—

**આજ ઊગ્યો અનુપમ દિન મારો,**
**તત્ત્વપ્રકાશ વિકાસે રે,**
**સદ્‌ગુરુ સ્વરૂપ અભેદ અંતરે,**
**અતિ અતિ પ્રગટ પ્રભાસે રે. આજ૦**

પછી તો એમનું આખું ય જીવન એક આનંદવર્ષણ બની રહ્યું. પરીખજીએ તેમને નિવાપાંજલિ અર્પતાં એ ધન્ય જીવનનું સુંદર સંસ્મરણ કર્યું હતુંઃ ''પરમકૃપાળુ લઘુરાજજીના દેહાવસાન પછી લગભગ સત્તર વર્ષ સુધી પરમાત્મપદના આનંદમાં અતિ ઉત્સાહપૂર્વક પોતે ઝીલ્યા અને આપણ સર્વ મુમુક્ષુને ઝિલાવ્યા. તે માટે સ્વપરહિતાર્થે જ અપ્રમત્તપણે જેણે જીવન ગાળ્યું એવા આ પાવન આત્માની ગુણસ્મૃતિ શું કરી શકાય?''

આમ એમના એ આનંદી ગૌર વદનથી પરમાત્માના સચ્ચિદાનંદ સ્વરૂપની ઝાંખી થતી; ધર્મ પરમ આનંદરૂપ છે, પૂજન ચિત્તપ્રસન્નતારૂપ છે એ સહજ સમજાતું. એમના એ આનંદવર્ષણમાં એક જ્ઞાતા-દ્રષ્ટા-મંત્રદ્રષ્ટા કવિની દૃષ્ટિનું દર્શન થતું. ગમે તેવી ઊંચી કે સૂક્ષ્મ સૈદ્ધાન્તિક વિચારણામાં જ્યારે કેટલાક મુમુક્ષુઓ ડાહ્યા ઠાવકા ગંભીર બનીને નય-પ્રમાણનાં છોતરાં-છોલાં ઉખાડતાં કે કાંતણપીંજણ કરતા અથવા સત્પુરુષની અગમ્ય દશા સંબંધી નાને માથે મોટી પાઘડી પહેરી ગંભીરતાથી ગુણઠાણાં ઇત્યાદિનાં એક પછી એક કોકડાં ગૂંચવ્યે જતા ત્યારે એ તો એ સૈદ્ધાન્તિક જ્ઞાન જેને તીવ્રપણે આત્મસાત્ થયેલું છે તેવા સત્પુરુષમાં વૃત્તિને તન્મય કરી પ્રસન્નચિત્ત રહેતા. ક્યારેક કોઈ કોઈ કથા પ્રસંગે અધમવૃત્તિના જીવોનું ચરિત્રવર્ણન આવતું ત્યારે ય તે તો બાલધૂલિ ઘરલીલા

સરખી ભવચેષ્ટાને સુજ્ઞ વડીલની અદાથી હસી કાઢતા.

એમના સ્વભાવમાં એવી તો નિર્દોષતા હતી કે એમના અંતરમાંથી અખંડ એવું વિશ્વબંધુત્વ ઊભરાતું અને હરકોઈને તેમનામાં એક પ્રકારની આત્મીયતા અનુભવાતી; એમના રોમેરોમમાં એવી એક આત્મીય સચ્ચાઈ હતી કે એમને કોઈનાથી ભેદભાવ અનુભવાતો નહીં. સાગરના જેવી ગંભીરતા અને બાલકના જેવું નિરભિમાનીપણું—બન્નેનું એમનામાં એક સાથે દર્શન થતું. વિશાળ શાસ્ત્રજ્ઞાન, માનવસ્વભાવનું ઊંડું સૂક્ષ્મ જ્ઞાન અને ચેતનાની અધમાધમ સ્થિતિથી માંડી સર્વોત્કૃષ્ટ ભૂમિકા સુધીની ઊંડી અ-લૌકિક સમજ હોવા છતાં સદાય શમાયેલા રહેતા. બધું જાણે પરમકૃપાળુદેવના યોગબળના પ્રતાપે જ છે એમ માનતા. ક્યારે ય જ્ઞાન કે મહત્તા બતાવવાનો પ્રયત્ન સરખો કર્યો નથી; ઊલટું સરળતાથી નિખાલસતાથી વાત કરતા. એમનો એ સ્વભાવ અક્ષય ભગતની એક ઉક્તિનું ભાન કરાવે છે :

**"જ્ઞાની ગુરુ ન થાયે કેનો;**
**સે'જ સ્વભાવે વાત જ કરે.**
**અખા, ગુરુપણું મનમાં નવ ધરે."**

છતાં તેમના સાન્નિધ્યમાં સૌની સત્ત્વશીલતા, સાત્ત્વિકતા ખીલી ઊઠતી. પોતે ગમે તેવા દુષ્ટ પ્રત્યે પણ અજોડ કરુણાથી મૈત્રીભાવ દાખવતા. ક્યારેક કૃપાળુદેવના વચનની યાદ કરાવતા કે કોઈથી ભિન્નભાવ અનુભવાતો નથી. અને એથી એમનામાં પરમ વિશ્વસનીયતા પ્રગટેલી કે બાળકની જેમ તેમની આગળ હૃદય ઠાલવી શકાતું. તો બીજી બાજુ વજ્રથી પણ અધિક કઠોર હૃદયનો અણસારો મળતો કે જેના સ્મરણ માત્રથી ગમે તેવા દોષ થવાના પ્રસંગથી બચી જવાતું. એમને ગમે તેવા રેઢિયાળને સુધારવા ક્યારે ય ગુસ્સે થવું પડ્યું નથી, એ સહેજ ગંભીર થાય એટલું જ બસ હતું. એ જ્યારે ગંભીર બની જતા ત્યારે પાછળ રહેલ છૂપા પ્રતાપની સખ્તાઈનો ખ્યાલ આવતાં જ ધ્રૂજી ઉઠાતું. છતાં ય એ ગંભીરતામાંથી જ એક પ્રકારની કરુણા વર્ષતી, એવું હૃદયનું ઔદાર્ય હતું.

તેમણે હજારો મુમુક્ષુઓને કૃપાળુદેવનું શરણ ગ્રહણ કરાવેલું. સેંકડો મનુષ્યોને તેમનો નિકટનો પરિચય મળેલો. દરેકનાં નામ, ઠામ અને કામધંધા, પ્રવૃત્તિ-નિવૃત્તિ તથા અંગત મુશ્કેલીઓથી તે પૂરા વાકેફ રહેતા. એટલી બધી તીવ્ર સ્મૃતિ અને આત્મીયતા છતાં એવી તો ઉદાસીનતા કે ઝીણવટથી જોનારને

તેમની આંખ ગમે તે દશામાં પણ ન્યારી જ લાગતી. એવો આંખમાં ચમકાર હતો. શ્રીમદ્ યથાર્થ લખે છેઃ "...નિરંજનપદને બૂઝનારા નિરંજન કેવી સ્થિતિમાં રાખે છે, એ વિચારતાં અકળગતિ પર ગંભીર, સમાધિયુક્ત હાસ્ય આવે છે!" (૧૮૭)

એક વખત મને મારી ભાણી-ભત્રીજીઓએ પ્રશ્ન પૂછેલો કે બ્રહ્મચર્ય એટલે શું? ત્યારે મેં જણાવેલું કે બ્રહ્મચારીજી આવે ત્યારે તેમને જ પૂછજો. થોડાક સમય બાદ તે સુણાવ પધારેલા ત્યારે પેલા પ્રશ્નનો ઉત્તર મેળવવા અમે બધાં એમની પાસે ગયાં. સમાગમ કરી આવ્યા પછી અમે ઘેર આવ્યાં ત્યારે તેઓ અંદરોઅંદર વાતો કરતાં હતાં કે "...એમની આંખ કેવી! એવી તો કોઈની જોઈ જ નથી. હસે, બોલે, જુએ પણ ન્યારી ને ન્યારી!" પછી મેં પૂછ્યુંઃ "એમના હાવભાવ કેવા હતા? અમારા—પુરુષો—જેવા હતા?" તો કહેઃ "ના." "ત્યારે શું તમારા જેવા હતા?" તો કહે : "ના, ના, એવા કોઈના ય જેવા નહીં." એટલે મેં કહ્યું : "એનું નામ બ્રહ્મચર્ય." બ્રહ્મચર્યના અનુપમ લક્ષણસમી એમની પરમ અમીભીની દૃષ્ટિ पूर्णानन्द सुधास्निग्धा दृष्टिरेषा मनीषिणाम् ની સ્મૃતિ કરાવતી.

એ પૂર્ણાનંદસૂચક પ્રસન્નતાભર્યાં, શ્રાવણનાં સરવડાં સમાં તેમનાં હાસ્યવર્ષણ તો પ્રભુશ્રીના કૃપાકટાક્ષભરી યોગશ્વરી લીલાને આભારી છે! જૂનાગઢના જોગીશ્વર, ગિરનારના અવધૂત એવા પ્રભુશ્રીએ ગોપાંગનાઓ જેવી પ્રેમખુમારી સં. ૧૯૭૫-૭૬ની ભક્તિઓમાં થોડી વહાવી ગોપવી દીધી હતી, તે આષાઢી મેઘ જેવા ભક્તિવિનમ્ર સ્નેહઘટાછાયા હૈયાના મિલનટાણે પ્રગટતા વીજસમા કૃપાકટાક્ષથી પ્રગટી યોગીશ્વરના હાસ્યરૂપે!

ઈસુની વીસમી સદીનું એકવીસમું વર્ષ વિદાય લઈ રહ્યું હતું. તેની જીવનસંધ્યા નવા વર્ષ માટે કંઈક અદ્ભુત-રમ્ય ભેટ મૂકી જવા માગતી હતી. મંદ શાંત શનૈશ્ચર ચિરંતનતાનું તત્ત્વ સંક્રાન્ત કરવા માગતા હતા.

સાંજનો સમય છે. પ્રભુશ્રી આજે કોઈ અલૌકિક આનંદોલ્લાસના ભાવાવેશમાં છે. આજે પ્રભુશ્રી પ્રભુશ્રી નથી, પણ જાણે જૂનાગઢના જોગેશ્વર છે! ચરોતરને વૃન્દાવનમાં ફેરવ્યા બાદ આજે તેને નંદનવનમાં ફેરવવા પુનઃ જાણે અસલી પોત પ્રકાશી રહ્યા હોય તેવા આનંદાવેશમાં છે. શ્રી બ્રહ્મચારીજી તો ભક્તિભરપૂર હૈયે, ભક્તિભારે નમેલ નયણે વિદાય લઈ રહ્યા છે. પ્રભુશ્રી વિદાય આપવા સ્ટેશને સાથે સાથે જઈ રહ્યા છે. 'गुरोस्तु मौनं व्याख्यानम्' આજે

કટાક્ષગિરારૂપે સ્ફુરે છે : ''મુખ પર પ્રસન્નતા કે હાસ્ય કેમ નથી?'' ભર્યા ભર્યા બંધનાં આગળા ખૂલે તેમ શ્રી બ્રહ્મચારીજીના હૈયાના બંધ છૂટી ગયા! ગાડીમાં બેઠાં ને એમના નેહ-ઢળ્યાં નેનાં સજલ બની ગયાં. ગાડીના એન્જિને ધ્રુસકાં લીધાં. ત્યાં તો પ્રભુશ્રી ખિલ-ખિલાટ અદ્‌ભુત-રમ્ય કૃપાવરસતું હાસ્ય વેરી રહ્યા. આ તો લીલા હતી! ગાડી રીમઝીમ કરી વેગ પકડી ચાલી ગઈ. વર્ષની છેલ્લી સંધ્યા પ્રભુશ્રીના એકલ પંથને સોનલ-ગુલાબી લીલામયતાથી નવાજતી આરતીટાણે દેવ-દિવાળી પ્રગટાવી વિદાય થઈ.

ખરેખર! આ તો મહાપ્રભુની અકલિત લીલા હતી. પણ કાવ્ય વિના તેની વેધકતા શી? વિદાય લેતા વર્ષનો ઉપાલંભ હતો નવા વર્ષને—ભેટ ધરે કાવ્ય, મહાપ્રભુની લીલાને અમર કરતું. નવા વર્ષે પડકાર ઝીલી લીધો. ઈ.સ. ૧૯૨૨ના વર્ષનું એ પ્રથમ પ્રભાત હતું. રવિકિરણો આજે નૂતન પ્રકાશ રેલાવી રહ્યાં હતાં. શ્રી રાજપ્રભુની અધ્યાત્મલીલાને પ્રગટ કરતું, એ કવિવરની ગિરાને ઝીલતું 'વચનામૃત' પ્રભુશ્રીએ શ્રી બ્રહ્મચારીજીને 'ભેટ'માં આપ્યું. પણ ભેટમાં તો મહાપ્રભુને ઝીલતું અંતર બેઠું છે ને? લીલાની વેધકતા કાવ્યમાં સ્ફુરી પણ એ કાવ્યના, એ અંતરબોલના પડઘા ઊઠે કોઈની હૃદયગુફામાંથી તો જ સાર્થક ને? તો જ તેની વેધકતા ને?

આ રહ્યા એ વિદ્ધ હૃદયના સરળતાથી રણકતા જીવંત પ્રતિધ્વનિ પૂ. શ્રી બ્રહ્મચારીજીની ડાયરીમાં :

''શ્રી સદ્‌ગુરુદેવની પૂર્ણ કૃપા છેજી.

શનિવારે આપેલો, ને રવિવારે મળેલા ભેટના પુસ્તકમાંથી આજે સોમવાર, તા. ૨-૧-૨૨ ને રાજ નીચેનો ઉત્તમ સંદેશ સમજાયો. સ્વામીશ્રી કહે છેઃ

હે સખી! પતિને પ્રસન્ન કરવાના તો ઘણા પ્રકાર છે. અનેક પ્રકારનાં શબ્દ-સ્પર્શાદિ ભોગથી પતિની સેવા કરવામાં આવે છે. એવા ઘણા પ્રકાર છે. પણ તે સૌમાં ચિત્તપ્રસન્નતા એ જ સૌથી ઉત્તમ સેવા છે અને ક્યારે પણ ખંડિત ન થાય એવી સેવા છે. કપટરહિત આત્મા અર્પણ કરીને પતિની સેવા કરવાથી ઘણા આનંદના સમૂહની પ્રાપ્તિનો ભાગ્યોદય થાય. ભગવાનરૂપ પતિની સેવાના પ્રકાર ઘણા છે... પણ તેમાં સર્વોત્કૃષ્ટ તો ચિત્ત-પ્રસન્નતા એટલે ભગવાનમાં ચૈતન્યવૃત્તિ પરમ હર્ષથી એકત્વને પ્રાપ્ત કરવી તે જ છે. તેમાં જ સર્વ આનંદ સમાય છે. તે જ અખંડિત પૂજા છે.'' અને પછી પોતાની મિતાક્ષરી શૈલીમાં શીર્ષકે તે કૃપાકટાક્ષને

અંકિતપૂર્વક સ્મૃતિરૂપ કરે છેઃ "મારા મુખ પર પ્રસન્નતા કે હાસ્ય નથી તે શબ્દમાં પ્રભુશ્રીએ શનિવારે કહ્યું હતું ને ગાડી ઊપડતાં પોતે હસ્યા હતા." ખરેખર ! એ ચિત્તપ્રસન્નતાદ્યોતક હાસ્યની જ એમણે જીવનભર અમીભરી લહાણી કરી છે, એ કૃપાપ્રસાદનાં સૌને ભાગીદાર બનાવી ધન્ય કર્યાં છે. એ તો ખરેખર પરમમહાત્મ્યા ગોપાંગનાઓનું ભાગવતી શીલ હતું.

આવા ઉત્તમ શીલની સાથે સખ્ય દાખવતી એમની વચનાતિશયતા હતી. એ બોલતા ત્યારે કલાકોના કલાકો સુધી મુમુક્ષુઓ સાંભળ્યા જ કરતા, થાકતા જ નહીં. "અઠ્ઠિઝઠઅટ્ઠી ૐઠણ્ણ" ની જેમ તેમને સાંભળવા તેઓ તૈયાર જ– બસ, સાંભળ્યા જ કરીએ એમ રહેતું. એમાં હૈયાસોંસરી ઊતરી જતી વેધકતા નહોતી; છતાં એમાં શરદપૂર્ણિમાના ચંદ્રની પવિત્ર અમીભરી શીતળતા હતી, જે રોમેરોમ પસરી જઈ ચેતના પૂરતી, આત્માને શાંતભાવનાથી રસી દેતી, અંતરને અજવાળતી, હૃદયને પવિત્ર કરતી. એમને સત્ય બોલવા આયાસ નહોતો કરવો પડતો; એમની સ્વાભાવિક વાણી જ સત્ય બની જતી. ભૂત-ભાવિની ઘટનાઓના એમાંથી અણસારા મળતા. પરમાર્થને ફળીભૂત થવામાં અનુકૂળ-પ્રતિકૂળ નિમિત્તોની વર્ષો અગાઉથી સૂચના મળી જતી. ક્યારેક એમનો એક જ પ્રશ્ન અનેક બાબતોને છેડતો તો એક જ ઉત્તર અનેક પ્રશ્નોનું સમાધાન કરી દેતો. કેટલાય મુમુક્ષુઓના અંતરમાં ચાલતાં મનોમંથનો એમની એક જ વાતથી સાર મેળવી લેતાં; ક્યારેક પાંચ-સાત મુમુક્ષુઓને અંતરમાં ઉગેલ માર્મિક પ્રશ્નોનું તેમાં સમાધાન મળી જતું. એમ કોઈ નય ન દુભાય અને દરેકને પોષણ મળે તેવી વાણીની ઋતમંગલા શક્તિ હતી.

એમની વાણીમાં ક્યારેક મર્માળુતા અને વિનોદ ભળતાં. ઘણુંખરું એ સૂચનાત્મક બોલતા, આદેશાત્મક નહીં; છતાં એમાં સચોટતા અધિક આવતી. ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં બોર્ડિંગના વિદ્યાર્થીઓ શિયાળાની ઠંડી મોસમમાં ઓઢવા માટે ચાદર, કામળી, શાલ વગેરે લાવે. કોઈ બે રૂપિયાની ચાદર લાવે, કોઈ પાંચની કામળી લાવે તો કોઈ પચીશ-પચાશની શાલ લાવે. ત્યારે એક વખત પૂજ્ય બ્રહ્મચારીજીએ વિનોદમાં જણાવેલું કે જેમ વધુ પૈસા તેમ વધારે ટાઢ વાય! એક વખત મેં પૂછેલું કે હવે થોડાં અંગ્રેજી પુસ્તકો વાંચું ને? ત્યારે જણાવેલું કે મરચા વિના ન ચાલતું હોય તો તેમ કર. તે અરસામાં મેં ઘણા મહિને ફરી મરચું ખાવું શરૂ કરેલું. એમણે તો એક કાંકરે બે નિશાન લીધાં. એક વખત કોઈએ જણાવેલું કે આફ્રિકા જવા વિચાર છે, ત્યારે તેમણે કહ્યું કે એ તો

લગ્ન કરવા જેવું. એ ભાઈ ખરા અંતઃકરણથી લગ્ન ન કરવાના વિચારના હતા પણ કંઈક બહારના દબાણથી કંટાળીને મૂંઝવણમાં રહેતા તે આ વચનથી ચેતી ગયા અને આનંદ પામ્યા, આફ્રિકાનું ય માંડી વાળ્યું. એક વખત તો ખૂબ ગંભીર અને નાજુક પ્રસંગ હતો. એક મોટા ગણાતા મુમુક્ષુ માનતા કે એમને જ્ઞાન હોય તો નહીં, પણ લાવોને એમને જ પૂછીએ, જેવું હશે તેવું કહેશે; એ તો પહોંચ્યા બ્રહ્મચારીજી પાસે, ને હસતા હસતા મર્મમાં ટકોર કરી : ''કંઈ (જ્ઞાન) થયું હોય તો કહેજો; અમને બફમમાં ના રાખતા.'' એમણે તો તરત જ માર્મિક જવાબ સંભળાવ્યો : ''જેને થશે તેને અહીંથી થશે; કંઈ બીજેથી થવાનું છે ?''

એમની વાણીમાં બીજી એક એવી ખૂબી હતી કે ગમે તેવી વ્યવહારની વાતને એ પરમાર્થમાં પલટાવતા. એક વખત એમના ચિરંજીવી જશભાઈનાં પત્ની આશ્રમમાં આવેલાં. પ્રસંગોપાત્ત ઘરની વાત નીકળી. પરસ્પર સંસ્કાર સારા પડે અને સમૂહમાં ભક્તિવાચન થઈ શકે એ લક્ષ્યે બ્રહ્મચારીજીએ પૂછ્યુંઃ 'બધું ભેગું છે ને ?' તરત વિનોદમાં ઉત્તર મળ્યો કે ઘેર આવીને અમને વહેંચી આપો. ત્યાં તો એમણે કહ્યુંઃ ''બધું સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પહેલેથી વહેંચાયેલું જ છે. હવે દેહ અને આત્મા બેનો વિવેક કરવાનો છે; આત્માને બધાથી જુદો કરવાનો છે.''

એમની વાણી કરતાં એમના મૌનમાં અધિક સામર્થ્ય હતું; મૌનમાં તો એ બોધમૂર્તિ સમા લાગતા. તેમને જોતાં જ સંકલ્પ-વિકલ્પ અને કષાયો મંદ પડી જતા; વડલાની છાયા નીચે 'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનમ્' ની ઝાંખી થતી અને અસંગ, પૂર્ણકામ સ્વરૂપનો લક્ષ થતો. તબિયતને કારણે છેલ્લા વર્ષમાં નાસિક ત્રણેક માસ રહેલા. ત્યારે એવી તો અસંગદશામાં રહેતા કે એમની પાસે જતાં મૌન જ થઈ જવાતું અને ઘડીભર સઘળું સ્વપ્નવત્ લાગતું.

વાણીના સંયમન જેવું એમનું કાયાનું સંયમન હતું. કાયાને તો એમણે કમાન જેવી રાખેલી. ઊંચા ડુંગરાઓની કોતરો અને કરાડોમાં એકલા નીકળી પડે અને ક્યારેક મુમુક્ષુઓ સાથે હોય તો યુવાનોની ય આગળ જ હોય, એમની સાથે થવું ભારે પડી જાય. ચોસઠમા વર્ષ સુધી એ જ જોમ અને એ જ ખુમારી. બ્રહ્મચર્યવ્રત લીધું ત્યારથી નહીં સ્નાન, નહીં સ્પંજીંગ[૧], નહીં મર્દન[૨] કે માલિશ[૧], છતાં શરીરની શીળી સૌમ્ય કાન્તિ જાણે બ્રહ્મતેજ જેવી નિર્મળ અને

૧. છેલ્લા વર્ષે વૈદ્યના ઉપચાર થતા ત્યારે કરવાનું રાખેલું.

૨. આંખના ઉપચાર માટે ક્યારેક છેલ્લા વર્ષોમાં થતું.

સતેજ. એ કાયાએ ઊંઘ આરામ તો જાણે જાણ્યાં જ નથી—ક્યારેક પદ્માસન ધ્યાનમાં કે ઊભા કાયોત્સર્ગમાં રાત્રિ વહી જતી; માંડ એકાદ-બે કલાક આરામ મળે. છતાં છેક સાઠમા વર્ષ સુધી તો એમનું વ્યક્તિત્વ એવું અનોખું લાગતું જાણે નહીં યુવાન, નહીં વૃદ્ધ, નહીં બાલક!

પોતે સ્વાધ્યાય, ધ્યાન, ભક્તિમાં અપ્રમત્ત રહેતા અને મુમુક્ષુઓને તેમાં યોજતા. દરેકની યોગ્યતા, ભાવના અને શક્તિ અનુસાર તેને ધર્મ-આરાધનમાં જોડતા. દર વર્ષે પ્રવાસ-પર્યટન દ્વારા ચરોતર, મારવાડ, ધામણ (સુરત ડિસ્ટ્રીક્ટ) વગેરે પ્રદેશોમાં મુમુક્ષુઓને ધર્મ-આરાધનમાં પ્રેરતા. તેમના હસ્તે કાવિઠા, ધામણ, ભાદરણ, સડોદરા, આહોર વગેરે સ્થળોએ તે તે પ્રદેશનાં ભક્તિકેન્દ્ર સમા શ્રીમદ્ રાજચંદ્રના આશ્રમો સ્થપાયા. તીર્થયાત્રાનો ય એમનો ઉત્સાહ અનેરો, બે-ત્રણ વર્ષે યાત્રામાં નીકળી પડતા. સાથે સો-બસોનો, ક્યારેક તો ચારસો-પાંચસોનો ય સંઘ થઈ જાય. દેલવાડા, શેત્રુંજય, ગિરનાર, વવાણિયા, રાજકોટ, કેસરિયાજી, નાકોડા, પંચતીર્થ, જેસલમેર, ઇન્દોર, ઉજ્જૈન, સંમેતશિખર, કાશી, અયોધ્યા, મથુરા, ચંપાપુરી, પાવાપુરી, રાજગૃહી, મુડબિદ્રી, શ્રવણબેલગોલ, કારકલ, ભદ્રાવતી, પાર્શ્વનાથ, રમણાશ્રમ, નાસિક, મહાબળેશ્વર વગેરે તીર્થોએ ફરી આવેલા. ત્યાં તીર્થોનું માહાત્મ્ય બતાવી ચતુર્થકાળનું સ્મરણ કરાવતા. મુસાફરીમાં ય 'તત્ત્વાર્થસાર'નું ભાષાન્તર અને 'Self Realization' જેવા ગ્રંથોનું કામ ચાલુ રાખતા.

જે પદાર્થના અનુભવમાંથી સાચાં નીતિ, ભક્તિ, ધર્મ અને આધ્યાત્મિકતા પ્રગટે છે તે પદાર્થનો અનુભવ જેને થયેલ છે તેવા આ અલૌકિક પુરુષના જીવનને યથાર્થ સમજવાની શક્તિ નથી, છતાં એટલું એક ભાન તો રહ્યું જ છે કે આ પુરુષ ઇન્દ્રિય-મનનો કે જર-જોરુનો ગુલામ નહોતો, એ એથી પર હતો; એટલું જ નહીં પણ અલૌકિક દૃષ્ટિ હોવાથી એણે જીવનમાં એવો સાચો પુરુષાર્થ દાખવ્યો છે કે જેની યત્કિંચિત્ ઝાંખી લાધતાં એટલું તો સાફ સાફ સમજાઈ જાય છે કે—ભક્તિ એ નરી વેવલાઈ નથી પણ જીવમાંથી શિવ બનવાની એક અવિરત સાધના છે; આધ્યાત્મિકતા એ નિશ્ચયનયના શબ્દો વાપરી જાણતું કેવળ શુષ્કજ્ઞાન નથી, પણ સચ્ચિદાનંદમય સજગ, સ-ઉપયોગી, પૌરુષમય જીવન છે; એ એક ખયાલી જીવન નથી પણ ખૂબ ઘનિષ્ઠ (Intense), નક્કર, વાસ્તવિક અને યથાર્થ એવું જીવન છે કે જે સામાન્ય માનવીની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની સીમાઓથી માપી શકાતું નથી. એમને મન પરમકૃપાળુદેવની ભક્તિ, એ

સહજાત્મસ્વરૂપ પ્રગટાવવાનો એક ભગીરથ પુરુષાર્થ હતો. એ જ એક પુરુષાર્થ આ પુરુષ પ્રભુશ્રીની કૃપાથી લઈ બેઠેલા. શ્રીમદ્ લખે છે : ''હું કોઈ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું એ ભૂલશો નહીં.'' ''જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે તે તે પ્રકાર ધર્મના છે. આત્મા જે પ્રકારે અન્યભાવ પામે તે પ્રકાર અન્યરૂપ છે; ધર્મરૂપ નથી.'' ''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય; સદ્ગુરુ-આજ્ઞા, જિનદશા નિમિત્ત કારણમાંય.'' ''સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી છતાં અનુભવમાં આવે એવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે, બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી.'' 'પાડે પાડા વઢે અને ઝાડનો ખોડો કાઢે' તેવા ગચ્છમતના ઝઘડાના કટોકટીના સમયે પણ જેનું રૂંવાડું ય ફરક્યું નથી; ઊલટું તે જ સમયમાં 'સમાધિશતક' જેવા શાસ્ત્રનું વિવેચન લખીને કળિયુગને માથે સત્પુરુષાર્થની વિજયમહોર મારી! એ જ સમાધિબોધિના નિધિની ગંભીરતા છે. એ વિવેચનમાં તો સત્પુરુષોનાં વચનોને આત્મ-અનુભવની સરાણે ચઢાવી પરસ્પરના સંદર્ભમાં ગોઠવી સાર્થક કર્યાં છે. સમાધિશતક સંબંધી તેઓશ્રીએ એક વખત નીચે મુજબ જણાવેલું તે વિચારતાં એ નીચી મૂંડી રાખીને રહેનારની અનુભવમૂલક ઊર્ધ્વગતિનો ખ્યાલ આવશે—

''તે પુસ્તક પૂજ્યપાદ સ્વામીનું રચેલું છે, સમાધિ પ્રાપ્ત કરાવે તેવું છે, જેને આગળ વધવું છે તેને ઘણાં હિતનું કારણ છે. સત્તરમા શ્લોકમાં ઘણું સરસ વર્ણન છે. એક માસ જો પુરુષાર્થ ખરા હૃદયથી કરવામાં આવે તો આત્મા પ્રાપ્ત થઈ જાય. શ્લોક પચાસ સુધીમાં તો હદ કરી દીધી છે. ટૂંકાણમાં વાત છે; પણ તે ઉપરથી ઘણાં શાસ્ત્રો બની શકે એમ છે.

'સમાધિશતક' છે તે એક કાયદાની ચોપડી માફક છે. અંતરના ઉકેલરૂપ છે. જ્યારે જરૂર પડે ત્યારે કામ લાગે તેમ છે. દેખાય સામાન્ય ટૂંકાણમાં પણ શાસ્ત્રનાં શાસ્ત્ર બને તેવું છે. જેમ જીવની યોગ્યતા વધે તેમ સમજાય છે. પોતાના અનુભવમાં કંઈ આવ્યું હોય તેવું શાસ્ત્રમાં કંઈ મળી આવે તો ઘણો ટેકો મળે છે, આનંદ થાય છે અને આગળ વધવાનું થાય છે.

**'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;**
**પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.' ''**

એ પુરુષની પરમશ્રુતતાની એક ચમત્કૃતિ એ હતી કે આગમ-સિદ્ધાંતની

શાસ્ત્રીયતાને ગાળી એને જીવનમાં વણી લેવાય તેવી ભાવનાત્મકતા અર્પતા. અને એ જ એમની જીવંત આધ્યાત્મિકતાના પુરાવારૂપ છે. 'પ્રજ્ઞાવબોધ', 'સમાધિશતક-વિવેચન' અને 'આત્મસિદ્ધિ-વિવેચન' એની પ્રતીતિ કરાવે છે. એવી એ વિરલ પરમશ્રુતતાની સિદ્ધિ તો એમની અનુભવપૂત, પરમ સત્યપૂત અનવદ્ય વિશુદ્ધ દૃષ્ટિ છે. એ દૃષ્ટિને ય સતેજ રાખનાર તો એમની પોતાની જાત પ્રત્યેની સચ્ચાઈ છે. એ સચ્ચાઈનો રણકો એમની વાણીમાં સર્વત્ર ઊઠે છે—ભલે પછી એ બોધ હોય, વિવેચન હોય, પત્રલેખન હોય કે પુસ્તકલેખન હોય. 'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા'ના મંગલવચનમાં તો એમણે સાફ સાફ જણાવી દીધું છે : ''સર્વતોભદ્ર—સ્વપરહિતકારી કાર્યની પ્રતીતિ થયા પછી આ કલમ પકડી છે.'' એમની વાણીનું સ્ફુરણ એમના જીવનના સત્ત્વમાંથી, ખમીરમાંથી પ્રગટ્યું છે. એ ખમીરનો અણસારો એમના મોટા ભાઈ ઉપરના પત્રનાં અવતરણોમાં ય આપણને સ્પષ્ટ લાધ્યો. થોડાં વર્ષ ઉપર જ એક ભાઈ એક નોટમાં પોતે પ્રજ્ઞાવબોધ રચી લાવેલા; બ્રહ્મચારીજીને મળ્યા અને કહ્યુંઃ ''અત્યાર સુધી પ્રજ્ઞાવબોધ બહાર પડ્યો નહીં એટલે થયું કે જેવું આવડે તેવું ચાલો લખીએ. આ લખ્યો છે તેમાં કંઈ સુધારા સૂચવવા યોગ્ય હોય તો જણાવશો.'' બ્રહ્મચારીજી તેને સામાન્ય જોઈ ગયા અને ખૂબ આત્મીયતાથી જણાવ્યું : ''એ તો અનુભવીનું કામ. સ્વાધ્યાય માટે વિચારવું તે જુદી વાત, પણ પરમકૃપાળુદેવે સંકલના યોજી છે તેમ લખવું તે તો અનુભવનું કામ; બાકી વાણી ને વા પાણી.'' આમ એમની અધ્યાત્મલેખન પ્રત્યેની દૃષ્ટિ જ જુદી હતી. એ કંઈ ધંધાદારી લેખક (Professional Writer) નહોતા. એમના હાથે મોક્ષમાળાનો 'વિવેચન' ભાગ લખાયો હોત તો માનવજાતને તત્ત્વદર્શનની એક સચ્ચિદાનંદમયી જુદી જ દૃષ્ટિ લાધત.

એમના અધ્યાત્મજ્ઞાનમાંથી જ સ્ફુરતો એમનો પુરુષાર્થ પણ અપૂર્વ હતો; એ સતત પુરુષાર્થરત રહેતા. ચારિત્રમોહને ટાળવામાં એમણે પાછી પાની કરી નથી. દેહને તો જાણે એમણે ફગાવી દીધેલો. ઈડર, ગિરનાર, આબુ ઇત્યાદિ સ્થળોએ યાત્રાએ જાય ત્યારે ભયંકર વનગુફાઓમાં છાનામાના રાત્રિઓ ગાળી આવતા. રાત્રિ તો એમની જ. મધ્યરાત્રિએ ઊંચા નોધારા એવાં સ્થળોએ ઊભા રહીને કાયોત્સર્ગ કરતા અને જો ઊંઘનું ઝોકું આવે કે પગે ખાલી ચઢે તો લચી પડે, અને પડતાં જ રામ રમી જાય. સીમરડાના નિવાસ દરમિયાન તો રાત્રિઓ ઉપર રાત્રિઓ કાયોત્સર્ગમાં જ વ્યતીત કરતા અને તે પણ તેવા જ નોધારા

સ્થળે. ઊંઘ-આરામ માટે કહીએ ત્યારે કહેતા કે ઊંઘ તો હેય છે, ઉપાદેય ઓછી છે? સહનશીલતા ય અજબ! મુંબઈથી બી. એ. ની પરીક્ષા આપીને ટ્રેનમાં આવતા હતા. વડોદરા શિષ્યપ્રેમી શ્રી મોતીભાઈ અમીન, મિત્રો અને મુરબ્બીઓ મળવા આવેલા. પોતે ડબ્બાના અધખુલ્લા બારણા આગળ ઊભેલા. કોઈએ એકદમ બારણું બંધ કર્યું. એમના હાથનો અંગૂઠો કપાઈ ગયો અને ટેરવું બારણે ચોટી રહ્યું. પણ તેમણે નહીં સીત્કાર ભર્યો કે નહીં પેલા ભાઈને એક શબ્દ ઠપકાનો કહ્યો! ત્યાં તાત્કાલિક તેમને દવાખાનામાં લઈ જવામાં આવ્યા. એક આંખ અકસ્માત્ ગઈ તે છ માસે અમને જાણવા મળ્યું. પગ-કેડનો સખત દુખાવો દોઢ વર્ષે પૂછતાં જણાવ્યો. વ્યંતરે માથામાં બન્ને લમણાંની બાજુએ બે મુક્કીની ચોટ લગાવ્યાથી આખું ય જ્ઞાનતંતુઓનું તંત્ર કથળી ગયેલું તે તો તેમના દેહોત્સર્ગ બાદ જાણવા મળ્યું.

પણ આ અધ્યાત્મજ્ઞાન, ફનાગીરીભર્યો પુરુષાર્થ અને સૌમ્યતાની પાછળ સંતાયેલું અખૂટ પૌરુષ એ બધાના આધારરૂપ હતું. એ સઘળામાં પ્રાણ પૂરતું જે પ્રેરક તત્ત્વ હતું તે તો તેમની અજોડ અનન્ય ગુરુભક્તિ. એ કહેતા કે જ્ઞાન તો નિરવધિ છે; પુસ્તકોથી તેનો પાર પમાય તેમ નથી. જ્ઞાન તો જ્ઞાનીમાં છે, આત્મામાં છે; બહાર નથી. આત્માની જેટલી શુદ્ધિ થાય તેટલું જ્ઞાન પ્રગટે. આત્માની, હૃદયની શુદ્ધિ માટે ભક્તિ સર્વોત્તમ અને સુગમ માર્ગ છે. જ્ઞાની પ્રત્યે સર્વાર્પણ બુદ્ધિ થાય, અહંભાવ ટળી અભેદબુદ્ધિ થાય તો જ્ઞાનીનું જ્ઞાન તેનું પોતાનું જ થઈ જાય. પરમકૃપાળુદેવથી જુદું મારે કંઈ કહેવાનું કે કરવાનું નથી એમ રહેવું જોઈએ. ''પરમકૃપાળુને પ્રગટાવે રોમ રોમ તે હીરલાજી.'' એની પ્રતીતિ તો તેમના સાન્નિધ્યથી તરત જ થઈ આવતી, એ જાણે પરમકૃપાળુદેવમાં ખોવાઈ ગયા ન હોય તેમ લાગતું અને એને લીધે તો એમની દશામાં એવી એક સાહજિકતા આવી ગયેલી કે ક્યારે ય કોઈ પણ કાર્યમાં એ આયાસ કરતા હોય તેવું લાગતું જ નહીં, બધું જાણે લીલયા થયે જતું હોય તેમ લાગતું. સાધનામાં કોઈ જાતનો આયાસ જ વર્તાતો નહીં, એવી તો ઉપયોગની સાહજિક સ્વસ્થતા હતી. જાણે એ બધાની પાછળ અચિંત્ય અખૂટ શક્તિ કામ ન કરી રહી હોય તેમ લાગતું. તેમના સાન્નિધ્યમાં પરમકૃપાળુદેવની હાજરી ચાલુ લાગ્યા જ કરતી—એમની પાસે એવું વાતાવરણ જ જામી જતું, આપણને જાણે કહી રહ્યા છે એમ ભણકાર લાગતા. પોતે પણ કહેતાઙ ''બધું કૃપાળુ-દેવના યોગબળે થાય છે. બધું એમની આજ્ઞા લઈને કરવું.'' ત્યારે પૂછ્યું કે ''પરમકૃપાળુદેવ કંઈ કહેવા આવવાના છે?'' ત્યારે કહેલું : ''હા, કહે પણ ખરા. પ્રભુશ્રી કહેતા કે કૃપાળુદેવ

હાજરાહજૂર છે. જ્ઞાની એની સાથે વાતો કરે છે. પરમકૃપાળુદેવે પ્રભુશ્રીને જણાવેલું કે મુનિ, અમારામાં અને વીતરાગમાં કંઈ ભેદ ગણશો નહીં. જીવને શ્રદ્ધા સિવાય શી રીતે માન્ય થાય?''

એક વખત તો એ વાતની સુંદર સ્પષ્ટતા થયેલી. એક વખત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં પરમકૃપાળુદેવના ભાણેજ તથા પૂ. જવલબહેન અને તેમની દીકરીઓ આવેલાં. તેઓએ પૂછ્યું–''પરમકૃપાળુદેવના થઈ ગયા બાદ પચાસ વર્ષે ધર્મની ઉન્નતિ કોણ કરનાર છે? અને તેમને કોણ પ્રગટમાં લાવનાર છે?'' ત્યારે બ્રહ્મચારીજીએ જણાવ્યું–''જે પરમકૃપાળુદેવને ઈશ્વરતુલ્ય માની તેમની ભક્તિમાં જોડાયા તે. બાકીના બધા તો તેમને પ્રગટમાં લાવનાર ન કહેવાય, પણ ઢાંકનાર કહેવાય. તેઓશ્રીનાં વચનો ઉપરથી ગમે તે અર્થ કરી વાત થતી હોય તોપણ પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે અમે મહાવીર સ્વામીનું હૃદય શું હતું તે જાણીએ છીએ. તેમ પરમકૃપાળુદેવનું હૃદય શું હતું તે જે જાણે તે જ તેમને પ્રગટમાં લાવી શકે તેમ છે. તેમનું હૃદય સહેજે ક્યાં સમજાય તેમ છે?''

તેઓશ્રી વારંવાર કહેતા કે બીજાં શાસ્ત્રો વાંચવાં છે તે ય પરમકૃપાળુદેવનાં વચનોને સમજવા માટે. પરમકૃપાળુદેવને સમજવા માટે જીવવું છે; પરમકૃપાળુદેવને શરણે જ જીવવું છે અને એમને શરણે જ મરવું છે. એમના દેહોત્સર્ગના આગલે દિવસે સં. ૨૦૧૦ કાર્તિક સુદ છઠે તે પ્રકાશે છેઃ

''સંસારનું સ્વરૂપ જ્ઞાનીઓએ અત્યંત ક્લેશમય દીઠું છે તે સત્ય છેજી. ગમે તેવા સમજુ માણસને પણ ઝંપવા ન દે તેવો સંસાર છે. તેથી જ્ઞાનીઓએ તેને પૂઠ દીધી છે. તેમાં કંઈ જોવા જેવું નથી એમ જાણી આંખો મીંચી દીધી છે. તેમાં કંઈ કરવા જેવું નથી જાણી હાથ પર હાથ રાખી નિષ્ક્રિયતા ધારી છે. ચરણને સંસારમાં પ્રવર્તાવવાનું બંધ કરી પદ્માસન વાળી બેઠા છે. આવા વીતરાગ પુરુષના ઉપાસકને માત્ર ઉદાસીનતા જ આરાધવી ઘટે છેજી. ...દુસ્તર સંસારને જ્ઞાની પુરુષોએ નિર્વિકલ્પ દશા આરાધી ગાયની ખરીમાં પાણી ભરાય તેવડો અલ્પ કરી ઓળંગી ગયા છેજી.''

''મરણ સમીપ જ છે એમ જાણી જ્ઞાનીપુરુષો કેવલજ્ઞાન થતાં સુધી વૈરાગ્યની વૃદ્ધિ કરી આત્માને બળવાન કરતા રહ્યા છે. તેમનું અવલંબન લઈ આપણે પરમાર્થમાં દૃઢ રહેવાનું છે...સમભાવ એ સર્વ પ્રસંગ વખતે બચવાનો સર્વોત્તમ ઉપાય છે.''–પત્રમાંથી

"રોજ મરણ સંભારવું, મહેમાન જેવા છીએ. જેનું આયુષ્ય પૂરું થાય તેને જવું પડે."–બોધ

ચોથના દિવસે તો સાંજના કહેલું : "ખમાવું છું. હવે તો કોઈને કંઈ કહેવું નથી, કોઈને દોષો કહેવા નથી, પૂછે તો ય કહેવા નથી. એવું ચિત્ત થઈ ગયું છે........મને હવે કોઈ કહેનાર નથી, મારે જ દોષો ટાળવાના છે એમ લાગે તો પછી દોષો કાઢે. હવે તો સમાધિમરણ કરવાનું છે. આપણે ય માથે મરણ છે ને ?"

દરરોજ સવારના પ્રભુશ્રીના બોધની પ્રેસ-કૉપી તપાસવા તેઓશ્રી અમારી સાથે બેસતા. પાંચમને દિવસે તો કહ્યું કે સાંજના ય હવે તો બેસવું છે, પૂરું થઈ જાય. મને કહ્યું કે તારે તારું લખવાનું પતાવવું. તું નહીં આવે તો ચાલશે. ઉપદેશામૃત સંબંધી સૂચના પણ આપી કે જેમણે રકમ આપી હોય તેમને પોસ્ટથી આપણે ખર્ચે ભેટ મોકલવામાં સૌજન્ય.

પછી તો સાતમને દિવસે સાંજના બોધનું કામ પતાવી દરરોજ જંગલ જતા તેમ જઈને જરા વહેલા આવ્યા. આવીને હાથપગ ધોઈ રાજમંદિરમાં પરમકૃપાળુદેવના ચિત્રપટની સામે જ કાયોત્સર્ગપૂર્વક સમાધિ વર્યા.

આજે એમની હયાતી અત્રે નથી, પણ એમના જીવનમાં અને કવનમાં વણાઈ ગયેલ પરમકૃપાળુદેવને ચરણે ફનાગીરીની ભાવનાના પડઘા હજી ય હાકલ દે છેઃ

"કૃપાળુની કૃપા ધારી, બનીશું પૂર્ણ બ્રહ્મચારી,
સહનશીલતા ક્ષમા ધારી, સજી સમતા નીતિ સારી.
કરીશું કાર્ય સુવિચારી, કષાયો સર્વ નિવારી,
ગણીશું માત પરનારી, પિતાસમ પરપુરુષ ધારી.
જીવીશું જીવન સુધારી સ્વપરને આત્મહિતકારી,
બનીને અલ્પસંસારી, ઉઘાડી મોક્ષની બારી.
ખણી કુબોધની ક્યારી, વિચરશું વાસના મારી,
સમર્પી સર્વ સ્વામીને, તરીશું સર્વને તારી."

નવરાત્રિ, ૨૦૧૧ **–શાન્તિ**

☆
☆☆

# અનુક્રમણિકા


| | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| | નિવેદન | | ૩ |
| | પ્રસ્તાવના | | ૫ |
| | શ્રી બ્રહ્મચારીજીની જીવનરેખા | | ૨૧ |
| પ્રજ્ઞાવબોધ પુષ્પાંક | | | |
| ૧ | હિત-પ્રેરણા | | ૧ |
| ૨ | જિનદેવ-સ્તવન | | ૪ |
| ૩ | નિર્ગ્રંથગુરુગીત | | ૯ |
| ૪ | દયાની પરમ ધર્મતા | | ૧૪ |
| ૫ | સાચું બ્રાહ્મણપણું | | ૧૯ |
| ૬ | મૈત્રી આદિ ચાર ભાવના | | ૨૬ |
| ૭ | સત્શાસ્ત્રનો ઉપકાર | | ૩૦ |
| ૮ | પ્રમાદના સ્વરૂપનો વિશેષ વિચાર | | ૩૫ |
| ૯ | મહાવીર દેવ : ભાગ | ૧ | ૪૪ |
| ૧૦ | ,, ,, | ૨ | ૫૩ |
| ૧૧ | ,, ,, | ૩ | ૬૨ |
| ૧૨ | ત્રણ મનોરથ | | ૭૨ |
| ૧૩ | ચાર સુખશય્યા | | ૭૫ |
| ૧૪ | વ્યાવહારિક જીવોના ભેદ | | ૮૦ |
| ૧૫ | ત્રણ આત્મા | | ૮૪ |
| ૧૬ | સમ્યગ્દર્શન | | ૯૦ |
| ૧૭ | પાર્શ્વનાથ પરમાત્મા : ભાગ | ૧ | ૯૯ |
| ૧૮ | ,, ,, ,, | ૨ | ૧૦૮ |
| ૧૯ | ,, ,, ,, | ૩ | ૧૧૬ |
| ૨૦ | મહાત્માઓની અસંગતા | | ૧૨૫ |
| ૨૧ | સર્વોત્કૃષ્ટ સિદ્ધિ | | ૧૩૧ |
| ૨૨ | અનેકાન્તની પ્રામાણિકતા | | ૧૩૬ |
| ૨૩ | મન-ભ્રાન્તિ | | ૧૩૯ |
| ૨૪ | તપ | | ૧૪૫ |

| પુષ્પાંક | | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૫ | જ્ઞાન | ૧૪૮ |
| ૨૬ | ક્રિયા | ૧૫૪ |
| ૨૭ | આરંભ-પરિગ્રહની નિવૃત્તિ ઉપર જ્ઞાનીએ આપેલો ઘણો ભાર | ૧૬૦ |
| ૨૮ | શ્રી નેમિનાથ પ્રભુ : ભાગ ૧ | ૧૬૫ |
| ૨૯ | ” ” ૨ | ૧૭૪ |
| ૩૦ | ” ” ૩ | ૧૮૩ |
| ૩૧ | દાન | ૧૯૨ |
| ૩૨ | નિયમિતપણું | ૧૯૯ |
| ૩૩ | જિનાગમ-સ્તુતિ | ૨૦૨ |
| ૩૪ | નવ તત્ત્વનું સમાન્ય સંક્ષેપ સ્વરૂપ | ૨૦૫ |
| ૩૫ | સાર્વજનિક શ્રેય | ૨૦૮ |
| ૩૬ | સદ્‌ગુણ | ૨૧૪ |
| ૩૭ | દેશ ધર્મ વિષે વિચાર | ૨૧૯ |
| ૩૮ | મૌન | ૨૨૨ |
| ૩૯ | શરીર | ૨૨૫ |
| ૪૦ | પુનર્જન્મ | ૨૩૧ |
| ૪૧ | પંચમહાવ્રત વિષે વિચાર | ૨૩૫ |
| ૪૨ | નિર્દોષ નર-શ્રી રામ : ભાગ ૧ | ૨૩૯ |
| ૪૩ | ” ” ૨ | ૨૪૭ |
| ૪૪ | ” ” ૩ | ૨૫૬ |
| ૪૫ | ” ” ૪ | ૨૬૫ |
| ૪૬ | સ્વ-દેશ-બોધ | ૨૭૧ |
| ૪૭ | પ્રશસ્ત યોગ | ૨૭૪ |
| ૪૮ | સરળપણું | ૨૭૭ |
| ૪૯ | નિરભિમાનપણું | ૨૮૦ |
| ૫૦ | બ્રહ્મચર્યનું સર્વોત્કૃષ્ટપણું | ૨૮૩ |
| ૫૧ | આજ્ઞા | ૨૮૬ |
| ૫૨ | સમાધિમરણ : ભાગ ૧ | ૨૯૦ |
| ૫૩ | ” ” ૨ | ૨૯૮ |

| પુષ્પાંક | | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૪ | વૈતાલીય અધ્યયન | ૩૦૨ |
| ૫૫ | સંયોગનું અનિત્યપણું | ૩૧૧ |
| ૫૬ | મહાત્માઓની અનંત સમતા | ૩૧૫ |
| ૫૭ | માથે ન જોઈએ : ભાગ ૧ | ૩૨૦ |
| ૫૮ | ” ” ૨ | ૩૨૬ |
| ૫૯ | (ચાર) ઉદયાદિ ભંગ : ૧ બંધ | ૩૩૦ |
| ૬૦ | ” ” : ૨ ઉદય, ૩ ઉદીરણા, ૪ સત્તા | ૩૩૮ |
| ૬૧ | જિનમત-નિરાકરણ | ૩૪૫ |
| ૬૨ | મહામોહનીય સ્થાનક | ૩૫૧ |
| ૬૩ | તીર્થંકર-પદ-સંપ્રાપ્તિ સ્થાનક | ૩૫૬ |
| ૬૪ | માયા | ૩૬૦ |
| ૬૫ | પરિષહ-જય | ૩૬૪ |
| ૬૬ | વીરત્વ | ૩૬૮ |
| ૬૭ | સદ્ગુરુ-સ્તુતિ | ૩૭૩ |
| ૬૮ | પાંચ પરમ પદ વિષે વિશેષ વિચાર | ૩૭૯ |
| ૬૯ | અવિરતિ | ૩૮૬ |
| ૭૦ | અધ્યાત્મ | ૩૮૯ |
| ૭૧ | મુનિસમાગમ (ચંદ્રરાજ) : ભાગ ૧ | ૩૯૫ |
| ૭૨ | મુનિસમાગમ (ચંદ્રરાજ) : ભાગ ૨ | ૪૦૧ |
| ૭૩ | મુનિસમાગમ (રાજમુનિ) : ભાગ ૩ | ૪૧૦ |
| ૭૪ | મંત્ર | ૪૨૦ |
| ૭૫ | છપદ-નિશ્ચય | ૪૨૪ |
| ૭૬ | મોક્ષ-માર્ગની અવિરોધતા | ૪૩૧ |
| ૭૭ | સનાતન ધર્મ | ૪૩૬ |
| ૭૮ | સૂક્ષ્મ તત્ત્વ-પ્રતીતિ | ૪૪૦ |
| ૭૯ | સમિતિ-ગુપ્તિ | ૪૪૫ |
| ૮૦ | કર્મના નિયમો | ૪૫૧ |
| ૮૧ | મહત્પુરુષોની અનંત દયા | ૪૫૭ |
| ૮૨ | નિર્જરાક્રમ | ૪૬૧ |

| પુષ્પાંક | | પૃષ્ઠ |
|---|---|---|
| ૮૩ | આકાંક્ષા સ્થાનકે કેમ વર્તવું ? | ૪૬૪ |
| ૮૪ | મુનિધર્મ-યોગ્યતા | ૪૬૮ |
| ૮૫ | પ્રત્યક્ષ અને પરોક્ષ | ૪૭૨ |
| ૮૬ | ઉન્મત્તતા | ૪૭૫ |
| ૮૭ | શ્રી શાંતિનાથ : ભાગ ૧ | ૪૭૯ |
| ૮૮ | શ્રી શાંતિનાથ : ભાગ ૨ | ૪૮૯ |
| ૮૯ | શ્રી શાંતિનાથ : ભાગ ૩ | ૪૯૯ |
| ૯૦ | અંતર્મુહૂર્ત | ૫૦૯ |
| ૯૧ | દર્શન-સ્તુતિ | ૫૧૨ |
| ૯૨ | વિભાવ | ૫૧૬ |
| ૯૩ | રસાસ્વાદ | ૫૧૯ |
| ૯૪ | અહિંસા અને સ્વચ્છંદતા | ૫૨૨ |
| ૯૫ | અલ્પ શિથિલપણાથી મહાદોષના જન્મ | ૫૨૬ |
| ૯૬ | પારમાર્થિક સત્ય | ૫૩૦ |
| ૯૭ | આત્મભાવના | ૫૩૪ |
| ૯૮ | જિનભાવના | ૫૪૦ |
| ૯૯ | શ્રી ઋષભ જિનેશ્વર : ભાગ ૧ | ૫૪૪ |
| ૧૦૦ | શ્રી ઋષભ જિનેશ્વર : ભાગ ૨ | ૫૫૪ |
| ૧૦૧ | શ્રી ઋષભ જિનેશ્વર : ભાગ ૩ | ૫૬૫ |
| ૧૦૨ | શ્રી ઋષભ જિનેશ્વર : ભાગ ૪ | ૫૭૬ |
| ૧૦૩ | શ્રી ઋષભ જિનેશ્વર : ભાગ ૫ | ૫૮૭ |
| ૧૦૪ | શ્રી ઋષભ જિનેશ્વર : ભાગ ૬ | ૫૯૮ |
| ૧૦૫ | શ્રી ઋષભ જિનેશ્વર : ભાગ ૭ | ૬૦૯ |
| ૧૦૬ | હિતાર્થી પ્રશ્નો : ભાગ ૧ | ૬૧૭ |
| ૧૦૭ | હિતાર્થી પ્રશ્નો : ભાગ ૨ | ૬૨૧ |
| ૧૦૮ | પૂર્ણમાલિકા મંગલ | ૬૨૫ |
| | પૂર્તિઓ | ૬૨૯ |